કેવલી ભગવાન શ્રી સમરાદિત્ય મહર્ષિનો બીજો ભવ

સિંહ અને આનંદ

—: વિવેચક :—

કર્મસાહિત્ય પરમ નિષ્ણાત સિદ્ધાન્તમહોદધિ સુવિહિત
શ્રમણસાર્થાધિપતિ પૂ. આચાર્યદેવ વિજય પ્રેમસૂરીશ્વરજી
મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર
પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર.

પ્રકાશક :
ચતુરદાસ ચીમનલાલ
મંત્રી
દિવ્યદર્શન સાહિત્ય સમિતિ
કાળુશીની પોળ, અમદાવાદ ૧.

પ્રથમાવૃત્તિ
પ્રત. ૧૦૦૦
વિ. સં. ૨૦૨૩

કિંમત ૩. ૪–૦૦

–: પ્રાપ્તિસ્થાન :–

૧. પ્રકાશ ટી. ડીપો
કાળુપુર પોસ્ટ ઓફીસ સામે
કાળુપુર અમદાવાદ ૧.

૨. જેઠાલાલ ચુનીલાલ ઘીવાલા
૩૫૫, કાલબાદેવી મુંબઈ ૨

૩. લલીતકુમાર ગોરધનભાઈ
બન્દર, શિવગંજ રાજસ્થાન

૪. બાબુલાલ પુનમચંદ
પટેલ બીલ્ડીંગ ઊંઝા
(ઉ. ગુ.)

૫. ચતુરદાસ ચીમનલાલ
કાળુશીનીપોળ અમદાવાદ–૧

સહાયકો :

૧૦૦૦) રા. શ્રી નવાડીસા જૈન સંઘ જ્ઞાનખાતું

૫૦૦) રા. શ્રી શાંતિનગર જૈન સંઘ જ્ઞાનખાતું

૫૦૦) રા. શેઠ વેણીચંદ ડોસાભાઈ સીપોરવાળા તરફથી

મુદ્રક :—
પેજ ૧ થી ૧૨૮ ચેતના પ્રેસ વડોદરા
૧૨૯ થી સંપૂર્ણ
મંગલ મુદ્રણાલય રતનપોળ, અમદાવાદ ૧.

પ્રકાશકીય

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર સ્વ-પર દર્શનોના પ્રકાંડ વિદ્વાન ૧૪૪૪ શાસ્ત્રના પ્રણેતા સૂક્ષ્મતત્ત્વદર્શી પૂજ્યપાદ યુગપ્રધાન આચાર્ય-પુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલ શ્રી સમરાદિત્યકથા શાસ્ત્ર પર પૂ. ગુરુદેવશ્રી પ્રભાવક પ્રવચનકાર પૂ. પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે પ્રવચનો આપેલ. એ પ્રવચનોના અવતરણ લેવાયેલ અને એ પરથી તૈયાર થયેલ સમરાદિત્ય કેવળીમહર્ષિના ચાર ભવના વિવેચન ક્રમશઃ દિવ્યદર્શન સાપ્તાહિકમાં પ્રગટ કરવામાં આવ્યા હતા. જે દિવ્યદર્શનના વાચકોને ખૂબ જ ગમી ગયા હતા. જેનો પ્રથમભવ " ગુણસેન-અગ્નિશર્મા " નામે વિ. સં. ૨૦૧૪ માં સળંગ પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

આજે અમને વિશેષ આનંદ થાય છે કે એ પ્રવચનોના આધારે બીજા ભવનું વિવેચન અમે સળંગપુસ્તકરૂપે જિજ્ઞાસુ જનતા સમક્ષ રજુ કરીએ છીએ. પુસ્તકમાં સમરાદિત્યકેવળી ભગવાનનો બીજો ભવ અને એની અંતર્ગત અમરગુપ્ત આચાર્યના ૧૩ ભવનું ચરિત્ર સંપૂર્ણ રજૂ થયેલ છે. આની પછીના ભવોનું વિવેચન પણ સંયોગ મળતાં પ્રકાશિત કરવાની ભાવના છે.

આ ગ્રંથના પ્રકાશનમાં પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનાં શિષ્યરત્ન તપસ્વી પૂ. પં. શ્રી રાજવિજયજી મહારાજશ્રીની પ્રેરણાથી મળેલ પ્રાથમિક સહાયે અમને પ્રબળ વેગ આપ્યો છે. તેમનો તથા સહાયકોનો આ તકે આભાર માનીએ છીએ. આ ગ્રન્થના પ્રૂફ શોધવામાં પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર-વિજયજી મહારાજ, તથા પ્રૂફશોધન-સંપાદનમાં પૂ. મુનિરાજશ્રી પદ્મસેન વિજયજી મહારાજ વગેરેએ સહકાર આપવા કૃપા કરી છે.

સર્વ કોઈ આત્માઓ આ પુસ્તકને વારંવાર વાંચી એના પર મનન ચિંતન કરી પરમ આત્મકલ્યાણના પંથે વિહરો એ મંગલ અભિલાષા સાથે ગ્રન્થકાર, વિવેચનકાર, સંપાદક તથા સહાયકોનો મહાન ઉપકાર માની વિરમીએ છીએ.

અસાડ વદ ૧૦ — આપનો

અમદાવાદ — ચતુરદાસ ચીમનલાલ શાહ

રાજા સિંહ અને આનંદ

(સમરાઇચ્ચ કહા – ભવ-૨જો)

અનુક્રમ

૧	ચરિત્ર ગ્રંથોનું પ્રયોજન	૧
૨	જયપુરનગર	૧૪
૩	સિંહકુમારનો જન્મ	૨૩
૪	કુસુમાવલિ	૨૬
૫	કુમાર-કુસુમાવલીનું મિલન	૫૧
૬	લગ્ન	૭૦
૭	આચાર્ય શ્રી ધર્મઘોષ	૮૩
૮	ધર્મદાસ-સુંદરી	૯૪
૯	અમરગુપ્તાચાર્યની જીવનકથા	૧૨૮
	ભવ ૧ સોમા-રુદ્રદેવ.	
	ભવ ૩ હાથી-પોપટ	૧૮૫
	ભવ ૫ ચક્રદેવ-યજ્ઞદેવ	૨૦૨
	ભવ ૭ ચન્દ્રસાર-અનઘક	૨૭૧
	ભવ ૯ અનંગદેવ-ધનદેવ	૩૫૬
	ભવ ૧૧ વીરદેવ-દ્રોણક	૩૭૨
	ભવ ૧૩ અમરગુપ્ત-નંદયંતી	૩૯૩
૧૦	સંસારમાં સુખ છે ?	૪૨૭
૧૧	અગ્નિશર્મા પુત્ર તરીકે	૪૪૩
૧૨	સિંહરાજાની ભવ્યચિંતારણા	૪૫૯
૧૩	સાચી મોટાઈ	૪૮૨
૧૪	પુત્રદ્રોહ કરે છે	૪૯૬
૧૫	સિંહરાજાનું અનશન	૫૨૦
૧૬	કુમારનો ગુસ્સો-રાજાની મૃત્યુ પર તત્ત્વવાણી	૫૨૬
૧૭	અંતિમ ઉપસર્ગ : રાજાસ્વર્ગે	૫૪૧

શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૯		છેલ્લી કે વળી	કેવળી
૧૬	૧	આચણ	આચરણ
૨૮	૫	અસ્ખલિપણે	અસ્ખલિતપણે
૪૩	૧૮	નિમત્ત	નિમિત્ત
૪૮	૮	સખી	સુખી
૬૨	૩	મોકવેલ	મોકલેલ
૬૩	૧૪	ખાલી	ખીલી
૬૬	૧૩	પુષ્પો	પુરુષો
૯૧	૬	માનવાના	માનવીના
૯૪	૭	વિશેષે	વિશેષ
૯૬	૧	યઈને	થઈને
૯૯	૧૮	સોધર્મીનો	સાધર્મિનો
૧૦૪	૧૨	આર્વજ્જક	આવર્જક
૧૦૯	૪	તપયાને	તપસ્યાને
૧૨૮	૯	કયું	કર્યું
૧૪૬	૨૧	ત્યાયે	ત્યારે
૧૪૯	૨૦	ઈન્દ્રય	ઇન્દ્રિય
૧૭૫	૧૪	કરો છે	કરો છો
૧૮૫	૧૮	હોવાની	હોવાથી
૨૩૨	૬	આપ્યા	આપી
૨૫૬	૧૪	બચ્ચાનો	બચ્ચાનો
૨૬૬	૧૩	નાળ	ઢાળ
૨૮૧	૧૫	જનધર્મ	જૈનધર્મ
૨૮૩	છેલ્લી	ચક્તિ	ચકિત
૨૮૮	૨૩	કરું	કરું

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૯૧	૨	લોભાઈ	લોભાયો
૨૯૫	૧૨	બંને	બંને ને
૩૦૨	૬	ખુદા	ખુદ
૩૦૮	૨૦	યામાં	હૈયામાં
૩૦૯	૧૧	આમગુણ	આત્મગુણ
૩૧૦	૧૪	વિચારતા	વિચરતા
૩૧૭	છેલ્લી	કહેતો	કહેતા
૩૧૯	૧૯	કોરું	કોરું
૩૨૨	૧૫	પવન	પતન
૩૨૩	૯	અરિહતાણં	અરિહંતાણં
૩૨૮	૧૪	એન	એના
૩૨૯	૭	બનાવાનું	બનવાનું
૩૨૧	છેલ્લી	સ્થૂભદ્ર	સ્થૂલભદ્ર
૩૩૭	૨	મત્રથી	માત્રથી
૩૪૧	૧૨	આત્યાગ્રહ	અત્યાગ્રહ
૩૪૫	૨૦	જીનવનું	જીવનનું
૩૪૬	૧૫	અશ્રર્ય	આશ્ચર્ય
૩૪૮	૧૨	થતું. નથી	થતું નથી.
૩૫૦	૧૨/૧૭	જાઈએ	જોઈએ
૩૫૧	૨૦	અ પૈસા	આ પૈસા
૩૫૩	૧	આતુષ્ય	આયુષ્ય
	૧૬	નરકમાં	નરકમાંથી
૩૫૬	૧૪/૧૭	અંગનદેવ	અનંગદેવ
૩૫૮	૧૯	જાઇએ	જોઈએ

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૫૯	૧૩	લાવવની	લાવવાની
૩૬૪	૧૮	ભુદ્ધિ	બુદ્ધિ
૩૭૮	૧૩	વિચારે	વિચાર
૩૮૧	૧૩	પરિણામે	પરિણામો
	૨૧	આત્માગુણ	આત્મગુણ
૩૮૩	૨૧	અદિ	આદિ
૩૮૯	૧૮	જીવનું પૂર્વ	પૂર્વ જીવનનું
૪૦૬	૫	ભાવતર	ભવાંતર
૪૧૪	૨૨	મોંમોં	મોંમાં
૪૧૬	૯	ધરખમ	ધરખમ
૪૧૭	૧૮	ઊઠયેા	ઊઠયેા.
૪૧૯	૧૧/૧૫/૧૬	સિદ્ધિગિરિ	સિદ્ધગિરિ
૪૪૦	૩	આયેાગ્ય	અયેાગ્ય
૪૪૧	૩	પેાંળા	ધેાળા
૪૪૫	૬	સંસ્વાર	સંસ્કાર
૪૪૫	૧૫	સુખરૂઃખ	સુખદુઃખ
૪૬૪	૬	ઇન્દ્રયેા	ઇન્દ્રિયેા
૪૬૫	૯	કંતુ	કિંતુ

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૬૬	૨૦	વિષયસક્તિ	વિષયાસક્તિ
૪૭૩	૧૬	શિક્ષક	શિક્ષક
૪૮૧	૧૯	કાંપ કયાં	કાંઇ કર્યા
૪૮૩	૩	સંગત	સંગત !
૪૯૮	૧૦	દષ્ઠિ	દષ્ટિ
૫૦૬	૭	તરીને	મૂકીને
૫૧૧	૯	કાળિકાળ	કલિકાળ
૫૧૫	૨૨	રાઝદ્વેષ	રાગદ્વેષ
	૨૪	બાનાવ્યેા	બનાવ્યેા
૫૧૮	૧૪	કૂસંસ્કારેા	કુસંસ્કારેા
૫૨૯	૨	ઇદ્ર	ઇન્દ્ર
૫૩૫	૪	પ્રભાવ	પ્રભાવ
૫૩૬	૬	મૃત્યુ	મૃત્યુપર
૫૩૯	૮	પાપેાપગમન	પાદપેાપગમન
૫૪૬	૭	જિણાણું	જિણાણું
	૧૦	અંદિરમાં	મંદિરમાં
	૧૦	પાષણના	પાષાણના

સમરાદિત્યના જીવ સિંહ રાજાને વૈરી પુત્ર તલવારથી મારી નાખવાનું કહે છે ત્યારે રાજા કહે છે :—

" હે નરવર ! આ દેહવાસને અશાશ્વત તે મરણ સુધીનો જ અને અસાર સમજનાર કયો મનુષ્ય અવશ્યંભાવી મરણ પ્રાપ્તિ વખતે ખિન્ન થાય ? પ્રતિ સમય જલનાશે સુકાતા સરોવરની જેમ જીવ ગર્ભથી માંડીને આયુષ્ય–ક્ષયરૂપી મૃત્યુ પામી રહ્યો છે. એને 'એ જીવી રહ્યો છે' એવું લોક કેમ કહેતું હશે ? સાર્થ–ગામીઓની જેમ પરલોક પ્રત્યે એક સાર્થથી નીકળેલામાં કોઈ આગળ જાય તો એમાં બીવાનું શું કારણ ?

જીવિત અનિત્ય છે અને મરણ અવશ્યંભાવી છે, એવો જેને મનમાં નિશ્ચય છે એ પોતાની જાતને કતલખાને બાંધેલા પશુની જેમ જાતો જીવિતની શી આશા કરે ?

અફસોસ ! મૃત્યુરૂપી પારધી હાથમાં જરારૂપી ધનુષ્ય રાખે છે અને સેંકડો વ્યાધીરૂપી બાણ ફેંકતો આવી મનુષ્યરૂપી મરગલાના જૂથનો શિકાર કરતો રહે છે,

એ મૃત્યુ એના પ્રત્યાઘાતને જોતો નથી, પ્રતિકારને ગણતો નથી, ચિરકાળ પૂંઠે લાગ્યો રહે છે, મરગલાના કુળોમાં વિચરતા સિંહની જેમ સ્વેચ્છાએ અબાધિત ભમે છે.

કેટલાક વારંવાર જન્મવા મરવાથી કંટાળેલા હોય છે અને જે ભવવાસ અને મૃત્યુથી ઉદ્વિગ્ન બન્યા છે તે ભવરોગ હરનારને અનુસરે છે.

જરા મૃત્યુ અને રોગને શમાવનાર અમૃત સરખું સમર્થ અને પરિણામે સુખકારી જિનવચન–રસાયણ પીઈને હું મરણથી બીતો નથી.

હિંસાદિ પાપો અને રાગાદિ મળ સાફ કરી કર્મબન્ધનરૂપી લોખંડી સાંકળ ફગાવી દઈને પાકું સંરક્ષણ કરી બેઠેલા મનુષ્યોને કાળ મરણ શું કરી શકે ?

તપોલક્ષ્મી ઉપાર્જી લઈ, દેહધામ પ્રત્યે પણ નિઃસ્પૃહ બની શરીર સંલેખન કરી ચૂકેલ સદનુષ્ઠાનનિષ્ઠ માટે તો મરણ પણ ઉત્તમ છે.

તપનું ભાતુ સંગ્રહી લઇ આત્માને નિયમ વડે નિયંત્રિત કરીને ધૈર્યભર્યા ધીર પુરુષો તો ઉચ્ચ મરણના મનોરથ કરે છે.

જેમને મૃત્યુ બાદ સ્વર્ગ યા મોક્ષ બેમાંથી એક અવશ્ય થનાર છે, એવા મનુષ્યને તો હે રાજન ! મરણ પણ ઉત્સવસમ છે.

મૃત્યુ તો સતત રોગ અને ભયંકર સંકટરૂપી વિષ ભરેલી દાઢવાળો કાળો નાગકણો છે. એના સપાટામાં આવેલો કોણ બચ્યો છે ?

મૃત્યુરૂપી હાથીની સાથે યુદ્ધ, કે એથી પલાયન, યા ભયનું કશું ઉપજતું નથી. એને હાથ દેખાતો નથી છતાં એ દૃઢ પકડે છે, અને એમાંથી છૂટાતું નથી.

જેવી રીતે ખેડૂત સમય આવ્યે પાકેલા ધાન્યને લણી લે છે, એ રીતે મૃત્યુ જન્મેલા જીવોને લણી લે છે.

જેઓને જરા કે રોગ વ્યાધિનો બિલકુલ સ્પર્શ નથી એવા ને દેવો પર પણ મૃત્યુના પાશ સ્વેચ્છાએ સહેલાઈથી ઊતરે છે, તો પછી વ્યાધિ–જરા–રોગ અને શોકથી હંમેશા પીડાતા મનુષ્ય પર તો પૂછવું જ શું ? માણસ પલકવાર પણ જીવી શકે છે એ મૃત્યુનો પ્રમાદ છે.

તેથી હે નરવર ! કાયર માણસોથી અપનાવાતા અપયશને અવકાશ ન આપ. મૃત્યુની દાઢમાં ચોંટેલાને બહાર કાઢવા માટે ઇંદ્ર પણ સમર્થ નથી.

માટે હે વત્સ ! મરેલાને (મૃત્યુથી પકડાયેલા) મારવા મંત્રથી કુળને કલંક શું કામ દે ? પોતાના વચનથી ત્યાગ કરેલા આહારને હું કેવી રીતે લઈ શકું ?

આ સાંભળી ક્રોધથી જળતી આંખે કુમારે 'હજી પણ કેમ બોલે છે ?' કહેતાંક પિતાના મસ્તક પર તલવાર ઝીંકી. તત્ત્વને સમજતા જ્ઞાનીએ 'નમો જિણાણં' ચિંતવતા વિશુદ્ધ ભાવે એટલું જ જોયું કે 'આનો આ પૂર્વકૃત કર્મનો દોષ છે. બધા જ જીવો પૂર્વકૃત કર્મનાં ફળવિપાકને પામે છે. ચાહ્યા નરસું થાઓ કે સારું, એમાં બીજો તો નિમિત્ત માત્ર હોય છે.' આ ભાવનામાં મગ્ન એમને દુષ્ટ ચિત્તવાળા પાપકર્મીએ ફરીથી ઘા કરી મારી નાખ્યા. મહાત્મા નિર્મળ ચિત્તવાળા હોઈ મરીને ત્રીજા દેવલોકમાં ગયા.

રાજા સિંહ અને આનંદ

(સમરાઇચ્ચ કહા, ભવ-૨ જો)

૧. ચરિત્ર ગ્રંથોનું પ્રયોજન

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજને, સાધુજીવનને અંગીકાર કર્યા પછી પણ, અર્થાત આત્મામાંથી ઘણે અંશે કષાયોની લાગણીઓને દબાવી મહાન શાન્તિનું-ક્ષમાનું જીવન અંગીકાર કર્યા પછી પણ, પોતાના ભાણેજ શિષ્યનો બૌદ્ધોના હાથે નાશ થવાના નિમિત્તે મહાગુસ્સો ચઢી આવ્યો ! સંયમજીવનની ઉચ્ચ સ્થિતિએ ચઢેલા એવા એમને પણ જો એવું નિમિત્ત મલ્યું તો એમનેય મહાન ગુસ્સો ચઢી ગયો, ત્યારે વિચારો કે નિમિત્તોની બળવત્તા કેવી ? અને કષાયોની ખંધાઈ કેટલી ? એવા તત્ત્વજ્ઞાની મહાત્મા પર પણ હલ્લો કરે, ત્યારે આપણે તો કેટલીય બધી એની સામે સાવધાની રાખવી ઘટે ? અવસરે બળવાનનેય દબાવી જાય એવા દુશ્મન સામે નિર્બળે તો એટલું બધું સાવધ રહેવું ઘટે કે બધાજ શક્ય પ્રયત્નો અજમાવી દુશ્મનને ઊઠવાની તક જ ન આપવી.

અંધા કષાયો :—માણસ અંધો શાથી કહેવાય છે ? અંધો એટલે પાકટ ! ઘરમાં એક વખત પેઠો કે નીકળેજ નહિ તે અંધો. તે રીતે કષાયોની કેટલી બધી અંધાઈ, કે જીવ સાધુપણાની ઉચ્ચ કક્ષાએ પહોંચવા છતાં, મહાનશાસ્ત્રોનું અધ્યયન અને નિર્માણ કરવા છતાં, અને પંચપરમેષ્ઠિના ત્રીજા પદે—આચાર્યપદે પહોંચવા છતાં, કષાયની અંધાઈ એવી, કે એમને પણ ગળચીમાંથી ઝાલે ! એક સામાન્ય દંડુકિયો દુશ્મન હોય તો પણ આપણે એનાથી બહુ સાવધાની રાખીએ છીએ, કેમકે બે જરાકે ગાફેલ બન્યા કે દંડુકી લગાવી જાય તેવો ભય છે; ત્યારે અહિંયાં આ કષાય એ દંડુકિયો દુશ્મન નથી, પણ ગળાવાઢ દુશ્મન છે ! પાછો એક વખતનો દુશ્મન નહિ, ભવોભવનો છે ! તો તેનો ભય કેટલો ! જરાક ક્રોધ કરો, લોભના લટ્ટુ બનો, કે મદ-માયામાં લપટાઓ, બસ ! તમારા પર એ ચઢી બેસી તમને દુર્ગતિમાં રોળી નાખવા તૈયાર છે ! ઉપરાંત ઊંચામાં ઊંચી સ્થિતિએ જાઓ, તોય એ કષાય દુશ્મનો તમને આક્રમવા તૈયાર છે ! માટે તે અંધા છે તેથી તેનો તો મહાભય જોઈએ.

ફોજદારથી ઓછું બળ છતાં આપણે મવાલીથી બચવા મથીએ છીએ :—એવા એ અંધા કષાયોનો આચાર્ય મહારાજ પર હલ્લો આવે, તો આપણે શું વિસાતમાં છીએ ? કોઈ વિસાતમાં નથી. પરંતુ એનો

અર્થ એ નથી કે "ભાઈ, થયું. આપણે એની આગળ કોઈ વિસાતમાં નહિ, તો હવે એને પગે લાગીને રહીશું !...." કેમ બરું કે નહિ ? જે મવાલી માણસ મોટમોટા ફોજદારને ગજવામાં રાખે, એની આગળ આપણે શું વિસાતમાં ? કંઈ નહિ;–એનો અર્થ એ થોડોકજ છે કે "થયું, ભાઈ ! આપણે કોઈ વિસાતમાં નહિ, માટે હવે એને પગે પડતા જઈએ ? એને શરણે જઈએ ? એનો માર ખાઈએ ?" 'તારે જેટલા ઠંડા લગાવવા હોય તેટલા લગાવ,' એમ કહીએ એને ? કે એનાથી ઊલટું મવાલીના ભયમાં પણ ફોજદાર તો રોન મારતો હોય, પરંતુ આપણે તો એ લુચ્ચાથી દૂર સુરક્ષિત ઘરમાંજ બેસી રહીએ ? બીજાને પણ "હમણાં ગુંડાઓનો ભય છે....બેસી રહો ઘરમાં....એ લુચ્ચા મહા-ખૂની છે....એ ગુંડાઓ...." આ કહીએ ને ? કેમ ? બળવાન માણસ પોતાના બચાવ માટે ઓછી સામગ્રી રાખે તો નિર્બળ પોતાના બચાવ માટે વધુ સામગ્રી રાખે છે. પરંતુ "નિર્બળ છીએ માટે મરો !" એમ કોઈ કરતું નથી.

કષાયોને શરણે ? કે એની સામે ?:–તેવી રીતે, આ જોદ્ધા જેવા કષાયો સામે આપણે, મહાપુરુષો કરતાંય વધારે બચાવ કરવો જોઈએ ? કે વધારે ખુલ્લાપાટ થઈને તેના શરણે જઈએ ? જો બચાવ કરવો જોઈએ,–એમ કહેતા હો તો બતાવો કે ક્રોધાદિને, ઈર્ષ્યા–વેરઝેરને, ચાડી–ચૂગલીને, અભ્યાખ્યાન વગેરેને અટકાવવા અને એના

પડછાયાથી દૂર રહેવા કેટલી તૈયારીઓ રાખી છે ? કે ચિત્તડું નિર્ભય થઈને એને વળગેા છેા ? સામે બચાવ કરેા તેા ત્યારે કહેવાય કે મનમાં એવા નિર્ધાર થઈ ગયા હેાય. " કષાયેા વાતવાતમાં ફૂંસેા લગાવી દેશે. માટે એની વાટે પગલાં ન માંડું. ગુસ્સાના સ્થાનમાંજ ન જાઉં. અભિમાનનાં એંધાણ દેખાય ત્યાં સંચાર માત્ર ન કરું, માયા-લેાભની લાલચેા દેખાતી હેાય ત્યાંથી મેાંજ ફેરવી નાંખું...." રાખી છે આ તૈયારીઓ ? ના ! કેમકે ' આચાર્ય મહારાજ જેવા આચાર્ય મહારાજનું ન ચાલ્યું, તેા અમારું શું ગજું ! અમે તેા ભાઇ એને ખલે લઈને ફરીયે ! ' કેમ ? એટલે ખરી રીતે કષાયનેા ભય નથી. તેનું મુખ્ય કારણ એ છે કે હજુ આપણે તેને ખંધા દુશ્મનેા માન્યા નથી. એની ભયંકરતા અને પીછેા પકડવાની કટ્ટરતા પિછાની નથી ! એનાથી નીકળતું જીવનું નિકંદન ખ્યાલમાં નથી ! એટલે બેફિકર થઈને ફરીએ છીએ. નહિતર તેા ચેલા મવાલી ગુંડાની જેમ એના પડછાયાથી દૂર ભાગતા હેાઈએ, પરમાત્મમંદિર અને ઉપાશ્રય જેવા નિર્ભય સ્થાનમાં નિરાંતે બેસતા હેાઈએ. બીજાને પણ, અરે ! કમમાં કમ કુટુંબને તેા જરૂર ચેતાવીએ કે આ કષાયેાથી દૂર રહેજો.

ભયના અનુભવના લૌકિક દાખલા :—જ્ઞાનીઓ તેા કહે છે પણ આપણું હૃદય શું કહે છે ખરું કે આ ક્રોધ એ પઠાણી દુશ્મન છે ? એના ફળ રૂપે નરકનું કાતિલ દુઃખ

જાણે સાક્ષાત્ નજર આગળ તરવરી રહ્યું છે ? ના, કોઈ જ ભય નહિ. પણ જો દૂધમાં સાકરને બદલે ભૂલથી મીઠું પડી જતું લાગે તો ભય લાગી જાય છે ! દવાની બાટલીનો બૂચ ખોલી દવા પીવા લીધી; હજુ ગ્લાસમાં કાઢી નથી, અને ત્યાં બાટલી પર લાગેલા લેબલ પર દેખાયું કે ' Poison " ! ઝેર ! ' ત્યાં ચોંકો છો ! ' અરેરેરે....મેં આ પીવા કર્યાં લઈ લીધું ? એમ વિચારી રૂવાંડાં ખડાં થઈ જાય છે ! એમ, સીડી ઉપરથી ઉતરતાં એકાદ પગથીયું ચૂકાતું લાગ્યું ત્યાં તો ' ઓહો....હો....' થઈ જાય છે. તેવું ક્રોધ, મદ, માયા વગેરે થઈ જતાં ' ઓહો...' નો અફસોસીભર્યો ચમકારો થાય છે ? ગાય રસ્તામાં દોડતી આવે છે, આપણે ખબર વિના નીચું જોઇને ચાલી જતા હોઈએ, અને જ્યાં ઉંચી નજર જાય કે ' આ ફલાંગ મારતી આવે છે....' એમ દોડતી ગાય દેખાઈ, તો ત્યાં ' એ....હે.... ' કરી તરતજ દોડી–કૂદીને બાજુએ થઈ જઈ " હાશ ! બચી ગયો....ઘેરથી નવકાર ગણીને નીકળ્યો હતો તે સારું થયું " એમ થાય છે. તો ભયના આ બધા જે ચમકારા હૃદયમાં થાય છે, **આંડને બદલે મીઠું, પગથીયા વિનાનું પગલું, ઝેરી શીશી પરનું લેબલ, સામે આવતી ગાય....એ નજરમાં આવતાં જ કંપ થાય છે, તેમ એ બધા કરતાં અનંતગુણ ભયંકર આંતર દુશ્મનો સામે આવતાં કે કલ્પનામાં આવતાં કોઈ ચોંકામણ ? કોઈ થડકાર ? કોઈ ભીતિ–ભડક થાય**

ખરી ? ના, કંઈ નહિ. તો શું લૌકિક નુકશાનની શ્રદ્ધા ખરી, અને આત્મિક નુકશાનની નહિ ? એના બોધક જિનવચન પર વિશ્વાસ નહિ ?

જૈન એટલે કષાયોરૂપી પરદેશી શાસકો સામે ઝંડો ઉંચકનાર :—ત્યારે જિનશાસનના અર્થની તમને ખબર છે ? " અમે જૈન છીએ જૈન શાસનને માનનારા છીએ...." એમ કહો છો, તો જિન એટલે શું ? કષાયોને જેમણે જિત્યા તે જિન; અને જૈન એટલે ? એનો ઝંડો લઈને ફરનારો ! તે જૈન. શું સમજ્યા ? કષાયોરૂપી પરદેશી શાસકોને ભગાડવા માટે ઝંડો લઇને ફરે તે જૈન ! તેની આંખો કષાયની સામે કેવી હોય ? વાંચો છો ને છાપામાં....હમણાં તૈયાર થઈ ગયા છે. ઝંડા લઈને, જીવ, હમણ ને ગોવા પર ! જેમને ભગાડવા છે તેમની સામે આમની આંખ, હૈયું અને મન–વચન–કાયા કેવા ? કહો ને લાલચોળ ! પાવરવાળા ! ખૂનસવાળા ! " બસ, બહમાસોને ભારતની બહાર ધકેલી નાખીએ ! " આ માટે ભાઈ આટલું બધું ? કહે છે એ માટે કે ' એ પરદેશીઓએ અમારો ખોડો કાઢી નાખ્યો છે, સેંકડો વર્ષોથી અમને કચરી નાખ્યા છે,' તો પછી શું કષાયો પરદેશીઓ નથી ? એણે શું આત્માના ભયંકર સત્યાનાશ નથી સર્જ્યાં ? પણ સમજો કે દુશ્મન-ભૂત કષાયોની સહાયથી બુડથલ આત્મા પોતે જ પોતાનું નિકંદન કાઢે છે ! એવા એ ભયંકર

કષાયોને રોકવા માટે, ઉઠતાં જ દાબવા માટે, સદાને માટે કાઢી મૂકવા માટે સબળ ને મહાન પુરુષાર્થ જોઈશે.

કષાયનું નિવારણ કરે તેવો ધર્મ ન સાધવાથી કેવી કંગાળ દશા ? :—જીવનમાં સાધના કરવી એટલે શું કરવું ? એ જ, કષાયોની અનંતકાલથી ચાલી આવતી કુટેવ સામે કિલ્લેબંધી કરવી. એનો અર્થ આ છે, કે આપણે કોઈ ધર્મ કર્યો તો જોવાનું કે 'મને કષાયની કુટેવ સામે કિલ્લેબંધી સહેજ પણ આ ધર્મે કરી આપી ? જો ના, તો એ ધર્મ બરોબર સાધ્યો ન કહેવાય. ઉપધાન-ઉજમણું ઉજવો કે સંઘ કાઢો, જે કાંઈ ધર્મપ્રવૃત્તિ કરો તેમાં આ કિલ્લેબંધી ઊભી થવી જોઈએ. સંઘ કાઢ્યો, ને લાખ રૂપિયા ખર્ચી કાઢ્યા, તો પૈસા પર મૂર્છાની કુટેવ મોળી પડી ? "સારું થયું, જે આમ આ પાપપૈસા પાપને પોષવામાં જાત, બિચારા ષટકાયજીવોનો વધ કરવામાં જાત, પોતાના આત્માને રાગદ્વેષ, કલહ, મદ-માયા કરાવવામાં જાત, તે સારું થયું, દેવ-ગુરુ અને સંઘ-સાધર્મિકની સેવામાં જઈ લેખે લાગ્યા !" આ પ્રમાણે થાય તો એ કષાય સામે કિલ્લેબંધી કરી. આવા સંસ્કારો ખૂબ જોગા થતાં એક દિવસ એવો આવશે કે ખર્ચવાની ઉદારતા તો જુદી, પણ મૂળમાં પૈસા લેવા જતાં જ પગ નહિ ઊપડે ! આજે તો ખર્ચવામાં પગ નથી ઉપડતા ! એ વિચારવું જરૂરી છે, કે "હું શું આ જીવનમાં પૈસાની

કિંમત આંકી એ લેવા જવાનું કરું ? પૈસા તો સાપના ભારા છે !" થાય છે આવો ચમકારો ? કેમ નહિ ? કષાયનું નિવારણ કરે તેવો ધર્મ સાધ્યો નથી માટે. આત્મા કંગાળ દશામાં હજી પણ સબડી રહ્યો છે. દુન્યવી સ્વાર્થ સાધવા સેંકડો હજારો રૂપિયા ખર્ચી નાખવા તૈયારી ખરી અને પોતાના જ આત્માના મહાકલ્યાણ સાધવાની દાનની વાત આવે ત્યાં ' હાય ! ખર્ચ ! ' એમ થાય એ શું ? પાછું કદાચ જીવ પૈસા તો ખર્ચશે, છતાં એ મોંમાંથી પાછી લાળ પાડે છે કે " આટલા મેં ખર્ચ્યા, તો એનાથી ડબલ કે ત્રબલ કયારે મળશે ? " દંડા મળશે, હા ! જ્યાં ત્યાં સોદાની જ વાત ? અરે એવું કેમ નથી વિચારતો કે જે પ્રભુની કૃપાએ તને ઊંચો માનવદેહ અને શક્તિઓ આપી છે એની કિંમત ચૂકવવામાંય આ ઓછું છે, પછી નવાની શી વાત ? ત્યાં કષાયને રોકવાનું સ્થાન કયાં રહ્યું ? આટલો ધર્મ કરું ને આટલા પૈસા મળે, '–આ લોભ આવ્યો ! ' આટલું ભણી લઉં એટલે વિદ્વત્તા ચાલાકી આવે '– આ માયા આવી ! આટલો તપ કરૂં કે તપસ્વી ગણાઉં, ' આ માન આવ્યું ! આ શું કર્યું ? કષાયને રોકવાને બદલે બંધા બનાવ્યા.

પ્રશસ્ત અપ્રશસ્ત કષાયોની હદ :—પરમ શાસન પ્રભાવક પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જેવાને પણ કષાયોએ કચડવા ! માંડ્યા. બૌદ્ધોની સામે પૂજ્ય આચાર્ય

ભગવંત ગુસ્સે ભરાયા, 'આવી નાઓ વાદ કરવા માટે. જે હારે તે કકડતા તેલના કઢાયામાં કૂદી પડે....' તેલમાં કૂદી પડવાનું એટલે શું ? ભજીયા અને પૂરીની જેમ તળાઈને મરવાનું ! અથવા બીજા કહે છે બૌદ્ધોને વાદમાં નિરુત્તર કરી બૌદ્ધોને ભયંકર સજા કરવાનો નિર્ધાર કર્યો. ત્યાં ગુરુ મહારાજને ખબર પડી ગઈ, કે આ મહાન ગીતાર્થ અને શાસનનો સુયોગ્ય પ્રભાવક આત્મા હમણાં ક્રોધનો ભોગ બન્યો છે. ભલે ક્રોધનો ભોગ બન્યો છે, ભલે ક્રોધ સાધુના નાશ અંગે થયો છે, પણ તે અપ્રશસ્ત છે. "તો શું ગુસ્સો ન કરવો ? પ્રાણપ્યારા અને મહાન વિદ્વાન શિષ્ય સાધુઓને કોઈ મારી નાંખે તો પછી તે જોઈને બેસી રહેવું ?" ના જોઈ ન રહેવું; સાધુનો પૂરો બચાવ કરવાનો. પણ એ મરી ગયા પછી શાનો બચાવ ? જીવતો હોય અને કોઈ મારવા આવે તો ઊભા થઈ રક્ષણ કરવા જવાનું. એ વખતે વિચાર નહિ કરવાનો કે 'મારું શું થશે....' ત્યાં તો એ વિચારવાનું કે "આ ખોળીયું દેવગુરુ ને ધર્મની રક્ષા માટે છે, એ રક્ષામાં જરૂર પડયે પ્રાણના બલિદાન આપી દેવાના...." પણ આ શિષ્ય તો મરી ગયો છે, હવે ગુસ્સો ? એટલે એ અપ્રશસ્ત ગુસ્સો રોકવા મહારાજે ત્રણ શ્લોક લખી એક ચિઠ્ઠિ હરિભદ્રસૂરિજી મહારાજ પર મોકલી. તે ચિઠ્ઠિમાં સમરાદિત્યકે વળી ભગવાનના નવ ભવો અને

એમના દુશ્મનના નવ ભવોની વાત હતી. એકની ઉત્તરોત્તર ક્ષમાવૃદ્ધિનો દિવ્ય ઇતિહાસ, ને બીજાની ક્રોધપુષ્ટિનો કરુણ હિસાબ એમાં હતો.

ઉપયોગ વિનાનું જ્ઞાન શું કરે?:—તો શું હરિભદ્રસૂરિજી મહારાજ એ નવ ભવ નહોતા જાણતા? જાણતા હોય, એમની અજાણમાં ન હોય. એ મહાન ગીતાર્થ, મહાન શાસ્ત્રવેત્તા હતા. પરંતુ બધું હમણાં તો એમનું એમ સ્ટોકમાં પડ્યું હતું. એના પર ઉપયોગ નહોતો. ઉપયોગ વિનાનું જ્ઞાન શું કરે? એ સ્ટોકમાંથી ગુરુમહારાજે ઉંચકીને સામે ધર્યું, ત્યાં આંખ ખુલી ગઈ!!! "આહા! લાખો પૂર્વના માસખમણી તપસી અગ્નિશર્માએ અંતકાળે જે ગુસ્સો કર્યો તો પછીથી એ ભયંકર દુષ્કૃત્યો કરનારો અને મહાત્માનો ઘાત કરી કરી નરકે જનારો બન્યો! ત્યારે મહાત્મા ગુણસેન તો ઉત્તરોત્તર દેવલોક અને ઉચ્ચ માનવના ભવો કરી કરી નવ ભવના અંતે સમરાદિત્ય કેવળી મહર્ષિ બની મોક્ષે ગયા! પેલો એ પછી અનંત સંસાર ભટકનારો બન્યો?" ધ્યાન રાખજો રાજાનો ગુનો હતો કે નહિ, તે પ્રશ્ન અહીં નથી. કષાયો જાણે કહે છે "તેં સામાના ગુન્હે પણ અમારી દોસ્તી કરી, તો આવ, તને સંસારમાં રઝળાવીએ! અને દોસ્તી જે છોડી તો તને અહિંથી છોડીને કહીએ કે જા ઉપર મોક્ષમાં."

આજનો કાળ આંતરશત્રુના વિકાસ પેરે છે

કે વિનાશ ?—તમારા સંસારમાં માપ કાઢજો કે આ આંતરદુશ્મનોની દોસ્તી કરવાના સંયોગો તમારી આસપાસ કેટલા ? તિજોરીમાં પાંચ હજારને બદલે પચાસ હજાર હોય તો મમતાની વધારે બાથ ભીડાવે ? કે મમતા ઓછી કરાવે ? રાગની ગાઢ દોસ્તી કરાવે, કે વૈરાગ્યની ? ત્યારે અભિમાનની દોસ્તી ઓછી કરાવે કે વધારે ? દુનિયાના બધા સંયોગો શું આપે છે ? એમાં વળી આગળ વધીને આજના કાળની કેળવણી શું આપે છે ? દુનિયાના સંયોગો અને કેળવણી મોહની મસ્તી અને કષાયોની દોસ્તી આપે છે. પૂર્વે તો વ્યવહારિક જ્ઞાન પણ થોડુંક અમૃત છાંટણાવાળું હતું, આજે તો બધુંયે વિષમય બની ગયું.... કોઈ ઠેકાણે કોઈ ચોપડીના પાને કોઈ બૂજેય એમ નથી લખ્યું કે "**આ આંતરદુશ્મનોની મસ્તી અને દોસ્તી નહિ કરતા, નહિતર અનંતા ભવે ય ઠેકાણું નહિ પડે...**" ત્યારે આજની બધી સોસાયટીઓ, કલબો અને રીતરિવાજો શું આપે છે ? જીવન પદ્ધતિઓ શું આપે છે ? ખાનપાનની પદ્ધતિઓ શું આપે છે ? વધુ વિષયમસ્તી અને કષાયની દોસ્તી કે તેનાથી છૂટાછેડા ? હરિભદ્રસૂરિજી મહારાજ ગુરુમહારાજની ચિઠ્ઠી વાંચી ચમકયા, "અહો ! આ કષાય સાથે દોસ્તી બાંધીને હું મહામૂલા સંયમને સળગાવી રહ્યો છું ! હું જ મારા આત્માની ઘોર ખોદી રહ્યો છું !...." વિચારણામાં ને વિચારણામાં ક્રોધની આગ ઉપર ઉપશમ જળના ધોધ

વહેવા માંડ્યા. એવા ઘોર કે એના પ્રતાપે ખૂબ જ ઉપશાન્ત બની, શ્રી સમરાદિત્ય કેવળી ભગવાનનું ચરિત્ર લખ્યું. હૃદયમાં ઊભરાતા પેલા ઉપશમના ઘોધમાંથી આ ચરિત્રનાં આલેખનનો પ્રવાહ નીકળ્યો; તેથી ચરિત્રમાં ઉપશમનો સંવેગ વૈરાગ્યનો, ઔચિત્યનો, મૈત્રી આદિ શુભ ભાવનાઓનો જાણે મહાસાગર ઊછળી રહ્યો છે!

શ્રી સમરાદિત્ય ચરિત્ર સાંભળતાં શું કરવાનું?:- આચાર્ય મહારાજ જેવાને પણ પગ નીચે કચડે તેવા રૌદ્રભયાનક કષાયોની શાન્તિ કરાવનાર જે સમરાદિત્ય કેવળી ભગવાનનું જીવન, તે કેટલું ઉચ્ચ કોટિનું હશે! તેમાં પહેલા ભવની વિચારણા પૂરી થઈ. હવે બીજા ભવની વિચારણા શરૂ થાય છે. પરંતુ તેમાં એટલું ન ભૂલાય કે આપણી પ્રત્યેક સાધના કષાયની કુટેવો સામે કિલ્લેબંધી કરનારી બને, તે સાર આમાંથી લેવાનો છે. દા. ત. નવકારવાળી ગણીને ઊઠ્યા, કે થવું જોઈએ, "કંઈક પણ કષાયને, આ અરિહંતાદિના સ્મરણરૂપી સાધનાથી ધક્કો લગાવ્યો? એટલું'ય થયું કે 'પ્રભુ વીતરાગના સેવક એવા મારે શું કષાય ખપે?" જો એવું થયું, તો એ સાધના ધર્મની થઈ. આ નવેય ભવની વિચારણામાંથી આપણા અંતરાત્મામાં મૂળ નાખીને પડેલી મહામલિન વૃત્તિઓ અને નાના-મોટા કષાયોને ખોદી ખોદીને ઊખેડી નાખવાના છે. જેમ જેમ વિચારણા થાય તેમ તેમ કષાયની જેખડો અને

ધરતીના ખોદકામ ચાલુ રાખજો. કેમ ? સારી નહેર થશે તો એમાં ક્ષમાદિના જલ વહેશે. ગંગાના પાણી છૂટ્યા હોય પણ ખોદકામ ચાલુ ન હોય તો પાણી સપાટ ભૂમિપરથી ચાલ્યા જ જાય ને ? તેમ જો તમે કષાયોનું ખોદકામ નહિ કરો તો કથા એમની એમ વહી જશે. માટે ખોદકામ ચાલુ રાખજો.



૨. જયપુરનગર

બીજા ભવની શરૂઆતમાં પૂ. આચાર્ય ભગવંત ફરમાવે છે, કે સમરાદિત્ય કેવળીનો અગ્નિશર્માના જીવ સાથે બીજો ભવ પિતાપુત્ર સિંહ અને આનંદનો; જેમાં ગુણસેન રાજા હવે રાજપુત્ર સિંહકુમાર થાય છે, અને અગ્નિશર્માનો જીવ પાછળથી એ સિંહરાજાનો પુત્ર આનંદ નામે થાય છે.

જયપુર નગર :—નગરનું વર્ણન કરતાં શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે આ જંબૂદ્વીપમાં, અપર મહાવિદેહમાં જયપુર નામનું એક નગર છે. કેવું છે નગર ? અપરિમિત ગુણોના ખજાનારૂપ છે, એક-બે ગુણ નહિ, પરંતુ ગણી ન શકાય તેટલા ગુણ ! માટેજ તે સ્વર્ગપુરીનું અનુકરણ કરનારૂં છે ! અનેક બાગ–બગીચાથી ભરપૂર છે અને પૃથ્વીના તિલક સમાન તે શોભી રહ્યું છે. ઉત્તમ જીવના સ્વાગત ઊંચા નગર અને શોભિતા જડ પદાર્થો ય કરે છે.

પ્રશંસનીય સ્ત્રીવર્ગ:—એ નગરમાં જે નરનારીઓ વસે છે, તેમાં નારીવર્ગ કેવો છે ? ઉજ્જવલ વસ્ત્રવાળો, કળામાં વિચક્ષણ અને લજ્જાળુ ગુણવાળો ! ઉદ્ભટ વસ્ત્ર નહિ. ઉજ્જવલ મર્યાદાસંરક્ષક વેશ જુદો, અને ઉદ્ભટ વેશ જુદો ! શરીરનાં અંગોપાંગને ગણિકાની જેમ લોકને બતાવવાના ચાળા હોય તે ઉદ્ભટ, અને

હાંકવાના હોય તે ઉજ્જવલ. કળામાં વિચક્ષણ છે, ચુડથલ નહિ. પરંતુ કળાઓ જાણે તેટલું જ. આચરવાનું તો પોતાની મર્યાદામાં રહીને. નૃત્યની કળા આવડે પણ ઉપયોગ કરવાનો નહિ ! સુશીલ સ્ત્રીઓ બહુ એકાંતમાં પતિની કે ભગવાનની આગળ નૃત્ય કરતી, એ જુદી વાત. બાકી જાહેર ચોગાનમાં કોઈપણ પરપુરુષ સામે આવવાની વાત નહિ. આવી હતી પૂર્વની કળા વિચક્ષણતા ! પરંતુ આજની વિચક્ષણતા જુદી છે ! આજે તો જલસા ચોજાય, ત્યાં ગમે તેવું માણસ હાલીમવાલી, સજ્જન ને દુર્જન બધું ભેગું થાય ! ત્યાં નૃત્યની કળા બતાવવાનું બને છે ! કોણ બતાવે છે ? જૈન છોકરીઓ ! તે નાની નહિ, મોટમોટી ૧૫-૧૭ વર્ષની ! આ યુગ ધોળો કે કાળો ? કાજળીયો યુગ કહેવાય કે સફેદ ? પોષણ પવિત્રતાનાં કે પાપનાં ?

લજ્જાળુપણાના ગુણમાં સહનશીલતા, ઉદારતા અને ગંભીરતાનાં પોષણઃ—જયપુર નગરની સ્ત્રીઓ લજ્જાળુ હતી. આ એક ગુણ એવો મહાન છે, કે જેમાં બીજા ઘણા ગુણો સમાઈ જાય. લજ્જાળુપણાને યોગે આત્મા સહનશીલ હોય, ઉદાર હોય, ને ગંભીર હોય. માત્ર એક જ લજ્જાળુતા ! એમાં આટલા ગુણ હોય ? હા, (૧) કુળની લાજ છે, વડેરાની લાજ છે, આબરૂની લાજ છે, બુદ્ધિમત્તાની શરમ છે, એના યોગે

કંઈ પણ અયોગ્ય આચરણ કરતાં શરમ આવે. મનને થાય કે 'આપણાથી આકળા-ઉતાવળા ન થવાય... આપણે ઢેઢ-ભંગીના કુળના નથી, કે વાતવાતમાં ઉછળી પડીએ.' એમ કરી સહનશીલ બને. (૨) આ રીતે ઉદારતા પણ એવી જ કે 'અમારું કુળ ખાનદાન! ત્યાં સામો જે માગે છે, તો 'લઈ જાઓ....' કરવાનું. લજ્જાળુને પ્રસંગ કે મોકો મળવો જોઈએ, બસ ઉદારતા જ રેલાવાની. તમને એ વિચાર આવે ને કે "અહિંયાં આ ઉદારતા નહિ કરીયે તો કયાં કરશું? આચાર્ય ભગવંત મારા નગરમાં કયાં વારે વારે પધારવાના છે? આટલું મોટું મુનિમંડળ! અને એમના દર્શનાર્થે વંદનાર્થે આવતા સાધર્મિકોનો લાભ મને કયાં મળવાનો?.... લાવ, મોકો છે, તો લાભ હું ઉઠાવું!" ઉદારતા હોય તો આ જરૂર થાય. લજ્જાળુતા ઉદારતા પોષનાર છે. (૩) ગંભીરતા પણ કુળ અને ધર્મની લાજથી, દેવ ને ગુરુની લાજથી પોષાય છે. એના યોગે જીવન ગંભીર બની જાય છે, "આપણે કુળવાન, સજ્જન, અને ધર્મી કહેવાઈએ, માટે બીજાનું હલકું જાણ્યું હોય, તે કોઈનીય આગળ બકાય નહિ....!" મોટામાં મોટી લજ્જા હોય એટલે આત્મામાં પાપભીરુતા આવે. "આપણાથી જૂઠું ન બોલાય...." કેમ ભાઈ? "આપણે એટલે ફલાણા આચાર્ય મહારાજના ભક્ત, શિષ્ય! માટે અસત્ય ભાષણ ન કરાય. કરીએ તો આચાર્ય મહારાજને પણ લોક નિંદે.

મારા જેવા અધમનું ગુરુપણું એમનામાં કયાંથી સંગત થાય ? તેથી ભાઈ, આપણાથી આવાં ખરાબ કામ ન થાય.” ગુરુની લાજ પાપથી પાછા હઠાવે છે. કેવી એ સ્ત્રીઓ હશે, કે નગરને જે મહા ઉજ્જવલ બનાવી રહી છે ! ત્યારે શું સ્ત્રીઓ જ લાયક હતી, ને પુરુષોમાં માલ નહોતો ? એવું નહોતું. પુણ્ય સ્થળમાં સારાને સારાનો સંયોગ મળે. અહીં પુરુષોય સારા હતા. પણ જુઓ કે ગ્રંથકાર મહર્ષિ કેવા શબ્દોમાં વર્ણવે છે.

પુરુષ વર્ગના ગુણમય દોષો :—પુરુષો તો બધા **નપુંસક હતા ! આંધળા હતા ! મુંગા હતા !** અને **એમના હાથ બહુ સંકુચિત !** ત્યારે પાછા એ **લંપટ** પણ હતા ! આ સારાપણું કે ખરાબપણું ? ઉપરથી જોતાં તો પાંચ દોષ બતાવ્યા. પરંતુ તેનું રહસ્ય જાણો છો ? નપુંસક તો હતા, પરંતુ પરસ્ત્રી માટે નપુંસક હતા. આંધળા હતા પણ પારકાના છિદ્ર જોવા માટે ! મુંગા હતા પણ બીજાની નિંદા કરવા માટે ! હાથ ટૂંકા હતા, પરંતુ બીજાનું લેવા માટે. ત્યારે લંપટ શામાં હતા ? પરોપકાર કરવામાં !

કેવું એ નગર સોભાગી ! કે ત્યાંના લોક (૧) પૂર્ણ સદાચારી ! (૨) કેવળ બીજાના ગુણ તરફ જ દૃષ્ટિ રાખનારા (૩) બીજાના ગુણનું જ ગાણું ગાનારા (૪) વળી ત્યાં અનીતિ અન્યાયનું નામ-નિશાન નહિ ! (૫) ઉલટું પરોપકારમાં આસક્ત બનેલા. જેમ બાવાનો

લંપટ વારેવારે જીભ લપકાવ્યા કરે, કામનો લંપટ જેમ વેશ્યાના ઘર જ શોધ્યા કરે, આંખો ભટકાવ્યા કરે, તેમ આ લોકો પરોપકારના લંપટ એટલે શોધ્યા જ કરે કે કયાં પરોપકાર કરવાનો મળે!

કેવું પુણ્યવંતુ જયપુર નગર! જયપુર નગરવાસી પુરુષવર્ગની પાંચ ખાસીયતો બહુ નોંધપાત્ર છે. એમ ન સમજતા કે આ તો લેખકની કલ્પના છે, કે મનઃસૃષ્ટિ છે. આજે પણ તમે સાંભળ્યું હોય તો જાપાનના એક પ્રદેશમાં સમસ્ત પ્રજા દયાળુ, સત્યવાદી, નીતિમાન વગેરે અદ્‌ભુત ગુણોવાળી હોવાનું બહાર આવ્યું છે. અને એ તો એવું છે કે મૂળથી જે મોટાઓએ, વડિલોએ સંસ્કૃતિ ટકાવી રાખી તો પછી આશ્રિત વર્ગમાં એનો વારસો સહેજે ઉતરે છે. ખરી રીતે જોતાં એ પણ વસ્તુ છે કે **જો પરસ્ત્રી, પરછિદ્ર, પરદોષ અને પરધન તરફ પ્રજાની ઇન્દ્રિયો નિષ્ક્રિય ન હોય, બંધ ન હોય અને પરોપકારમાં દેવાળું હોય, તો અનર્થનો પાર ન રહે!** આજે જે કોર્ટો ઘણી વધી જવા છતાંય ફરીયાદોથી ઉભરાઇ ઊઠે છે, તેનું શું કારણ છે? આજ, કે લોકોને અનાચાર, ઇર્ષ્યા, નિંદા, અનીતિ અને સ્વાર્થાંધતાના પાપની સુગજ નથી રહી. નહિતર વિચારો કે આ જયપુર નગરવાસી લોકના પાંચ તો શું પણ એકેક ગુણમાંય કેટલો બધો લાભ છે, અને એકેક દોષમાં કેટલુંય નુકસાન છે!!

પરસ્ત્રી:—(૧) માણસ પરસ્ત્રી માટે નપુંસક જેવા

હોય તો વેશ્યા જેવી સ્ત્રીઓને શહેરમાં સ્થાન જ ન હોય. ત્યારે, (૨) સારી સ્ત્રીઓને શીલ સામે કોઈ જાતનો ભય નહિ, તેમ (૩) એની પ્રજા પણ વર્ણસંકર નહિ, અશુદ્ધ નહિ, પણ સુવિશુદ્ધ હોય. પુરુષોને પણ એ પાપ નહિ. એટલે (૪) ભવિષ્યમાં ઘોર નરકની અગ્નિ-ધીખતી પુતળીઓ ભેટવાની નહિ; અને (૫) વર્તમાનમાં પરસ્ત્રી સામે જોવાનીય વાત નહિ. તેથી હૃદયમાં એ નિમિત્તના ખોટા વિકારો અને દુષ્ટ ભાવનાઓ તથા વર્તાવમાં અનેક દોષો પણ જાગવાના નહિ. જીવનમાં કેટલાય દોષો આવા પરસ્ત્રી-નિરીક્ષણ જેવા પાપમાંથી જન્મે છે. પછી તેથી બહાર ચઢીયાતું રૂપ જોઈ આવ્યો, એટલે સ્વસ્ત્રી ગમતી નથી. તેથી કલેશ-કંકાસ ઊભા થાય છે. પરસ્ત્રી-લંપટતાના લીધે એના પર સારા માણસો વિશ્વાસ કરતા નથી. સમાજમાં એ ચેપ વધવાથી અનેક અનર્થો, અને પાયમાલી સર્જવા સાથે ધર્મધ્વંસ થાય છે. પરસ્ત્રી ત્યાગી નગરમાં આવા કોઈ અનર્થ નહિ; પણ ઊલટું અનેક લાભો મળે છે.

પરછિદ્રઃ—ત્યારે, લોકમાં પારકાના દોષ જોવાની વૃત્તિ જ નહિ, એ પણ (૧) પરસ્પરના મહાન અનુરાગને પોષે છે. (૨) કુટુંબોમાંય કલેશ થવાનું એક કારણ આ છે કે કુટુંબીજનો પોતાના સગાનાંય દોષ જોયા ન જોયા કરવા તૈયાર નથી. પછી એ બહાર તો કેમ જ સખણા રહે ? ત્યારે બીજાના દોષ જોયા પછી શું હૈયામાં સ્વસ્થતા રહી શકે ? ના રે ના, એ તો (૩) એવી ઊથલ-પાથલ મચે છે કે

એના પર જાતનો ગર્વ, પરપ્રત્યે દ્વેષ, એમાંથી કલેશ, કલહ અને વૈર, એમાં અવસર આવ્યે ધનનાશ વગેરે કેટલું ય જન્મે છે ! તો પરદોષ તરફ અંધાપો હોય ત્યાં, વિચારો કે, આમાંનું કશું નહિ અને ઉપરથી કેટલા બધા લાભ !

પરનિંદા:—આ પાપ પણ ભયંકર છે. પારકાનાં છિદ્ર માત્ર જાતે જોવામાં ફક્ત પોતાને જ નુકશાન; પણ નિંદા કરવાથી તો (૧) બીજાઓ પણ એ જાણતા થવાથી, સમાજમાં દ્વેષ, ઇર્ષ્યા, કલહ વગેરે અનર્થોની વ્યાપકતા બને છે. વળી નિંદામાં (૨) જૂઠનો હિસાબ નથી રહેતો. ત્યારે નિંદા કરવા સાંભળવામાં (૩) આત્મામાં ક્ષુદ્રતા દોષ પોષાય છે, જે બહુ ભયંકર છે. નિંદા ન કરનારમાં આવાં કોઈ નુકશાન નહિ; પણ ઉલટું (૧) હૃદયમાં ઉદારતા, કોમળતા અને લઘુતા રહે છે. (૨) ગુણાનુરાગ સારો કેળવી શકાય છે. (૩) નિંદાનો સમય બચવાથી પરમાત્મધ્યાન વગેરે શુભ પ્રવૃત્તિ માટે અવકાશ મળે છે. (૪) પરસ્પરનો પ્રેમ ટકી રહે છે. (૫) પાપ ન બંધાતાં, (૬) ઉચ્ચ ગોત્ર, યશ જેવા પુણ્યના લાભ થાય છે. (૭) નિંદાના અભાવે આગળ-પાછળની વિચારણા બરાબ બનતી નથી.

ચોરી :—બીજાની વસ્તુની તફડંચી કરવી એ તો વળી ઓર ભયંકર છે. એમાં (૧) વિશ્વાસ ગુમાવાય છે. (૨) હૃદયમાં વિચારણા હલકી કોટિની ચાલે છે. (૩) કલેશટંટા પણ જન્મે છે. (૪) માયાચાર ખૂબ સેવાય છે. (૫) હૃદય તુચ્છ બને છે. (૬) ગુણો ગુમાવાય છે, ત્યારે પરધન

લેવામાં સંકુચિત હાથવાળા અર્થાત ચોરી–અનીતિ–અન્યાયની પડખે ન ચઢનારા જીવોની બલિહારી છે. એવી પ્રજામાં વિશ્વાસ, ઉત્તમ વિચારણા, સરલતા, શાંતિ, ઉદારતાદિ રહે છે. બહુ કાયદા અને કોર્ટનાં તોફાનો નથી હોતાં, હૃદયમાં પવિત્રતા સારી જળવાય છે, વ્યવહાર ઉજળો હોય છે.

સ્વાર્થાંધતા :—આ દોષ તો માણસને અંદરથી પશુ બનાવે છે. એને તો માત્ર પોતાનું જ જોવાનું, એટલે બીજા મરો કે જીવો, એની પરવા એને નહિ ! અવસરે ઉપકારીનોય દ્રોહ કરવા સુધી પહોંચાડનારો આ દોષ છે. ત્યાં જો સ્વશક્તિ સ્વસમ્પત્તિના પરલાભાર્થે સદુપયોગની વાત નહિ, તો પ્રસંગ આવે પોતાની સહાયમાં બીજા ય કોણ ઉભા રહેવાના ? આથી ઉલટું પરોપકારમાં (૧) હૃદયની વિશાલતા રહે છે; (૨) બીજાનું ભલું કરવાની પ્રવૃત્તિ સારી રહેવાથી પ્રેમ વધે છે; (૩) પોતાની આપત્તિના પ્રસંગે બીજા સહાયક મળે છે; (૪) સમાજમાં ગરીબી નડતી નથી; (૫–૭) જીવનમાં ઉન્નતિ, ઉમદા વિચારો, અને ઉદાર ગુણો પોષાય છે; (૮) જડ સંપત્તિના અંજામણ નથી રહેતા.....ઇત્યાદિ અનેક લાભો મળે છે.

કહો ત્યારે જયપુરના લોકો કેવા આબાદ અને સુખી હશે ! આવું જયપુર નગર કેવો જાણે સ્વર્ગમાંથી ખરેલો ટુકડો !



૩. સિંહકુમારનો જન્મ

તે નગરમાં પુરુષદત્ત નામે રાજા પણ એવો જ ગુણિયલ અને પરાક્રમી હતો. તો એની શ્રીકાન્તા નામે પટ્ટરાણી પણ કાંઈ ઉતરે એવી નહોતી. એ ય એવી જ ગુણોની ખાણ સમી હતી. એની કુક્ષીને વિષે ગુણસેન રાજાનો જીવ કે જે પહેલા દેવલોકમાં ચન્દ્રાનન વિમાનમાં ઉત્પન્ન થયો હતો, એ ત્યાંથી ચ્યવીને અવતર્યો. એ અવસરે રાણીને એક સુંદર સ્વપ્ન આવ્યું. એમાં એક સફેદ સિંહ જોયો. કેવો ? કે જેની કેસરા છે સોનેરી વર્ણની, સ્વયં દેખાય છે મોટો રૂના ગાભલા જેવો; પૂંછડું સહેજ વળેલું છે; છાતી વિશાળ અને કટી ટૂંકી છે; પ્રશાંત અને સર્વાંગી સુંદર છે ! એવા સિંહને આકાશમાંથી ઊતરી પોતાના મોં વાટે થઈ કુક્ષીમાં બેસી ગયેલો જોયો. ૧૪ સ્વપ્નમાંનું એક સ્વપ્ન આ હતું; કે જેના પ્રભાવે આવેલો જીવ મંડલિક રાજા થાય. ઉત્તમ પુરુષના આગમનનું સૂચન પુણ્ય આ રીતે કરે છે; પણ પોતાનેજ માણસ મોકલવાની જરૂર નથી રહેતી. ત્યારે શોભા પણ એમજ છે ને ? માટેજ કર્તવ્ય એક રહે છે, પુણ્ય પુષ્ટ રાખો. ધ્યાનમાં રાખજો કે આ પુણ્ય એટલે આત્માનાં બંધન નહિ, પણ મુક્તિસાધનાની સામગ્રી છે. સામગ્રી વિના સાધના કયાંથી ?

રાણીએ જાગીને પતિને આવેલ સ્વપ્નની વાત કરી.

પતિ કહે છે કે " અહો ! ધન્ય છે તમને ! સકલ રાજાઓ પર સામ્રાજ્ય ભોગવે તેવો પરાક્રમી પુત્ર તમને જન્મશે. " રાણીને હવે સ્વપ્ન મુજબના સુંદર–સુંદર દોહદ થવા લાગ્યા. આ દોહદ જન્મવામાં જોજો કે, રાણીની પોતાની કોઈ વિશેષતા નથી; પરંતુ ગર્ભમાં આવનાર જીવની વિશેષતા છે. પુણ્યશાળીનાં પગલાં બીજાઓને પણ શોભા–સમૃદ્ધિ આપે છે. ધનાજી કુટુંબ માટે એવા પુણ્યશાળી હતા. તો સાથે પોતે પણ એવા જ ઉદાર અને ત્યાગી હતા. જીવતત્ત્વ હોવાની આ મહાન સાબિતિ છે. જડમાં કયાં ભેદ પડવાનો હતો કે એક પુણ્યશાળી, ને બીજા નહિ; એક મોટા મનનું અને મળેલું સ્વેચ્છાએ બીજાને આપી દેનારું. આવો ભેદ જડમાં કયાં જડે ? એ તો ચેતનની વિશેષતાઓ છે. એમાં મોટા મનવાળા અને નિઃસ્પૃહી–નિસ્વાર્થી આત્મા જગતમાં હીરા જેવા ઝળકે છે. હવે જુઓ રાણીને કેવા દોહદ થવા લાગ્યા ? એવા એવા રાણીને કોડ થવા લાગ્યા કે " જગતના સર્વ જીવોને અભયદાન આપી દઉં ! શા માટે કોઈ કોઈ ને મારે ? વળી દીન–દુઃખીયાને સારી સંપત્તિ આપી દઉં ! બિચારાને શા માટે ભીખ માગવી પડે ? શા માટે જીવોને ઓશિયાળા બનવું પડે ? જાઓ, લઈ જાઓ ! જે જોઈ એ તે લઈ જાઓ...."

ધર્મીના દોહદઃ–દોહદ એટલે ઉમળકા. 'આમ કરવું જોઈએ,' એમ નહિ, પણ " હું આમ કરું " એ દોહદ છે. " હું જગતના દુઃખીયાઓને સંપત્તિના ઢેર આપી દઉં ! સાધુજનોને એમની સંયમસાધના માટે વસ્ત્ર–પાત્ર વગેરે

આપું ! સર્વ મંદિરોમાં ભવ્ય પૂજાઓ રચાવું.” ગર્ભમાં આવેલો જીવ કેવો ઊંચો, કે જેના આવવાનાં એંધાણ આ રીતે રજૂ થાય છે ! ધર્માત્માના આગમનસૂચક દોહદો ધર્મ-પરાક્રમનાં હોય. આ દોહદો તેણીએ રાજાને કહ્યાં. રાજાને એ સાંભળીને હર્ષનો પાર નથી. કેમકે પોતે ગુણિયલ છે એ આપણે જોઈ ગયા છીએ. ગુણિયલને આવા પરોપકારક અભયદાન, ધર્મોપકરણદાન, અનુકંપા, ને દેવભક્તિ જેવા ગુણોના પ્રગટીકરણ પર અનહદ આનંદ થાય એ સહજ છે. તોજ અંશે પણ ગુણિયલપણું સાચું છે. અનાદિના રાહ પલટાયા વિના આ વસ્તુ બનવી અશક્ય છે. અનાદિનો રાહ તો ખાનપાન ને રંગરાગ, સુખ-સગવડ અને યશકીર્તિનાં જ આકર્ષણ રખાવે છે.

અહીં તો રાજા તુર્ત દોહદો પૂરે છે. દીન-અનાથ જનોને રાણીએ છૂટે હાથે ધન-ધાન્યાદિ વહેંચવા જ માંડ્યું. જીવોને અભયદાનનું મહાસત્ર ઊજવ્યું. યતિપુરુષોને ધર્મ-સામગ્રીનું દાન કરી ખૂબ ભક્તિ કરવા માંડી. મંદિરોમાં દેવ પૂજના ઉત્સવ કર્યા. લોકમાં આનંદનો પાર ન રહ્યો. ત્યાં ગર્ભને બરાબર નવ મહિના અને સાડા સાત દિવસ પૂરા થયા. એવો પ્રશસ્ત મુહૂર્ત યોગ આવી લાગ્યો કે આ શ્રીકાન્તાએ પુત્ર-રત્નને જન્મ આપ્યો. એને હર્ષનો પાર નથી. દાસીએ રાજાને એની શુભ વધામણી આપી. તો અતિ આનંદિત થયેલા રાજાએ દાસીને મોટું ઇનામ આપી ખુશ કરી. બીજી બાજુ પુત્રજન્મનો મહોત્સવ શરૂ કરાવ્યો.

કેદીઓને છોડી દીધા. રાજમાર્ગો અને ગલીએગલીઓ શણગારાઈ. નગરજનોને પણ આ મહોત્સવમાં ભાગ લેતા કરી દીધા.

નામ સિંહકુમાર : મહિનો વીત્યો. બાળકનું નામ સ્વપ્નને અનુસારે 'સિંહકુમાર' રાખવામાં આવ્યું. કેવું સરસ નામ! નામ પણ અવસરે પ્રેરણા આપે છે. આગળ ઉપર જણાશે કે એ કેવું સિંહ જેવું પરાક્રમ કરે છે! પુણ્ય સાથે આવ્યું છે; રાજકુળમાં જન્મ છે; અને તે પણ ઊંચા રાજકુળમાં! ત્યાં સુખ–સામગ્રીનું પૂછવાનું જ શું! એની વચમાં બાલ્યકાળ જોતજોતામાં વ્યતીત થઈ ગયો.



૪. કુસુમાવલિ

સિંહકુમાર યૌવનમાં આવતાં અનેક પ્રકારની વિદ્યા-કળામાં નિપુણ બન્યો. એક વખત કુમાર વસંતઋતુના સમયે બહાર ફરવા નીકળ્યો છે, તે ઉદ્યાનમાં આવી પહોંચે છે. વસંતકાળ એટલે કેમ જાણે કામદેવે પોતાના બાણો તૈયાર ન કરી રાખ્યાં હોય, કે જે આવે તેને વીંધવાની જ વાત! હરિયાળી વનરાજી, સૃષ્ટિનું મનોહર સૌન્દર્ય અને માદક હવામાન લોકના શાંતહૃદયને વીંધી રહ્યું છે. કામની પ્રબળ વ્યાકુળતા જાગ્રત કરે છે. એવા અવસરે કામને વશ ન થાય એ આત્માઓને ધન્ય છે. સિંહકુમારને તેવી સ્થિતિએ પહોંચવાની વાર છે. છતાં એ મોહાંધ નથી; ઇન્દ્રિયો પર અંકુશવાળા છે. તો પણ જુઓ કે તેવા સંયોગનું નિમિત્ત કેવી વિહ્વલતા કરે છે! ત્યાં પુરુષદત્ત રાજાના એક લક્ષ્મીકાન્ત નામના સામંત રાજાની કુસુમાવલિ નામે કન્યા પણ ઉદ્યાનમાં આવેલી છે. આ પણ ગુણિયલ કુમારી છે, મર્યાદા-બદ્ધ છે. તેથી આમ તો એની ઇન્દ્રિયો અને મન પણ ઉચ્છૃંખલ નથી. છતાં સંયોગ એને પણ અસર કરે છે, એમાં વળી ઉંમર ઉંમરનું કામ કર્યે જાય છે. કાળ કાળનું કામ કરે છે. એક બાજુ યુવાની છે, બીજી બાજુ વસંત ઋતુ છે! તેમાં સ્ત્રી અને પુરુષનો સંયોગ થતાં માણસની ભાવના-

માં કેવું પરાવર્તન થઈ જાય છે, અને સિંહકુમાર તથા કુસુમાવલિનું શું બને છે તે જોઈ એ.

કામદેવનું સામ્રાજ્યઃ—વસંતઋતુ એટલે પૂછવાનું જ શું ? એ પણ પાછી પુણ્ય ક્ષેત્રમાં ! કાંઈ બાકી રહે ? ચારેકોર એવી વનરાજી ખીલી ઊઠી છે કે જાણે કામદેવ લોકોને રતિ દેખાડીને કુદરતના સૌન્દર્ય તરફ ખેંચી વિવિધ રંગના રમણીય પુષ્પોરૂપી બાણોથી હૃદય વીંધી રહ્યો છે. વાત સાચી છે. રતિપરવશ લોકો એ ફૂલોના દર્શનથી રાગમાં વધુ વ્યાકુલ થાય છે, એના વિજય પર જાણે કોયલો જયજયરવનો કોલાહલ મચાવી રહી છે ! ત્યારે સ્નેહીના વિરહાગ્નિથી બળતા પથિકોમાંથી જાણે નીકળેલા કાળા ધૂમાડા ભ્રમરાનું રૂપ ધરીને આંબાના વૃક્ષોની આસપાસ વીંટળાઈ રહ્યા છે ! પ્રવાસીને સ્નેહીઓની સ્મૃતિ તાજી થાય છે, તેથી સંતાપથી પીડાય છે. તો બીજી બાજુ લાલ કેસુડાંના ફૂલોથી દિશામંડલ જાણે સળગી ઊઠયું હોય એમ લાગે છે. કેમ વારુ ? તો કે પરદેશ ગયેલા પતિઓ પાછા ન ફર્યા હોવાથી પત્નીઓની જાણે એ ચિતાઓ સળગી રહી છે. કેવી સંગત અને સરસ કવિકલ્પના ! જગતની પરાધીનતા જુઓ. જડ વસંત ઉત્તમ ચેતન માનવને ભારે વિહ્વલ કરે છે ! એમાં વળી ઉદ્યાન-બગીચા તરુણ-તરુણીઓના ચિત્તમાં ઊછળતા તરંગોના ઉલ્લાસ જગાવી રહ્યા છે. સુગંધિત પવન મઘમઘાયમાન પ્રસરી રહ્યો છે; અને લતાઓના માથે કુસુમોના ભારને હલાવી હલાવીને લતાઓને ભાંગી રહ્યો છે !

ભ્રમરોની મંડળીઓ મદોન્મત્ત બનીને ગુંજારવમાં જાણે વસંતઋતુ અને ઉદ્યાનની શોભાનાં ગીત ગાઈ રહી છે ! શું છે આ બધું ? કામદેવનું એક છત્રી સામ્રાજ્ય ! એમાં ભલભલા આત્માઓ એને શરણે પડી જાય. જગત પર અનાદિ કાળથી આ ચાલ્યા કરે છે એટલે સંસારસ્રોત અસ્ખલિતપણે વહ્યા કરે એમાં શી નવાઈ ? નવાઈ તો એ છે કે જ્યાં કોયલો જેવા અજ્ઞાન જીવો ઉલ્લાસમાં આવી જાય અને કલબલાટ કરી મૂકે એ તો ઠીક, પણ સજ્ઞાન એવા માનવો પણ સમાનપણે ઉલ્લાસ ઉછરંગમાં ચડે છે ! શું આ આશ્ચર્યકારક નથી ?

ઓજસ–ગાંભીર્ય તત્ત્વદૃષ્ટિ ક્યાં ? :—

પ્ર૦ :—ત્યારે શું માનવોએ સૃષ્ટિસૌન્દર્યના આનંદ ન મ્હાણવા ?

ઉ૦ :—તો તમેજ કહો કે એ આનંદ અને ઉદાસીનતા બંનેમાંથી સદ્‌ગુણ કોણ ? બંનેમાં જ્ઞાનવૃદ્ધતા કયાં ? બંનેમાંથી શામાં આત્માનું ઓજસ, ગાંભીર્ય, તત્ત્વચિંતકતા વગેરે ગણાય ? કહેવુંજ પડશે કે ઉદાસીનતા જ સદ્‌ગુણ છે; ઉદાસીનતામાં જ્ઞાનીપણું છે, ઓજસ વગેરે છે, તત્ત્વદૃષ્ટિ છે. આનંદ તો ક્ષણિક છે, ઉચ્ચ વિચારણાનો અવરોધક છે, રાગદ્વેષનો પોષક – વર્ધક છે, ને જડદૃષ્ટિ – મોહદૃષ્ટિમાં જીવને ડૂબાવી, આત્મદૃષ્ટિ – જ્ઞાનદૃષ્ટિને ભૂલાવનારો છે. પુદ્‌ગલની ગમે તેવી ખીલવટ દેખાય છતાં એનું નિરીક્ષણ માત્ર સ્વરૂપદૃષ્ટિએ કરવામાં હર્ષના ઉછરંગમાં તણાયા વિના માત્ર તટસ્થ દૃષ્ટિએ કરવામાં, ઉદાસીનભાવે કરવામાં સાચું

આત્મસત્ત્વ છે, આધ્યાત્મિકતા છે. મૂઢતા નહીં પણ તત્ત્વ-વેત્તાપણું છે.

હવે જુઓ કે આ ઋતુ, આ ઉદ્યાન વગેરે મોહક સામગ્રીઓ સિંહકુમારને શી અસર કરે છે.

સિંહકુમાર ઉદ્યાનમાં કુસુમાવલીને જુએ છે:— વસંત ઋતુની મોજ મ્હાણવા સિંહરાજકુમાર ક્રીડાસુંદર નામના ઉદ્યાનમાં આવે છે. સાથે અનેક યુવાનો પરિવરેલા છે. તેમ નોકર – ચાકરો, વાહનો વગેરેનો ઠાઠ પણ કુમારના પુણ્યની જાણે ઘોષણા કરી રહ્યો છે. ઉદ્યાનમાં કુમાર વિવિધ ક્રીડાઓમાં મસ્ત છે. એવામાં એણે ત્યાં નિકટમાં સખીથી પરિવરેલી એક રાજકુમારી જોઈ. રાજકુમારીનું નામ કુસુમાવલી હતું. એ પણ યુવાવસ્થામાં આવી ચૂકી હતી; વળી, એ સિંહકુમારના મામાની જ પુત્રી હતી. મામા લક્ષ્મીકાન્ત પુરુષદત્ત રાજાના સામંત રાજા હતા. સુઘડ અને નાજુક અંગોપાંગથી શોભતી એ રાજકુમારી લાવણ્ય અને રુપથી ભરીભરી હતી! પુર બહારમાં ખીલેલા યૌવનની જાણે મૂર્તિ હતી. શરીર સુકોમળ અને પુષ્ટ હતું. જાણે ખુદ ઉદ્યાનદેવી જ આ માનવ સ્ત્રીનું રૂપ લઈ ન આવી હોય તેમ લાગતું હતું. એને જોઈ ને શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે, અનંત ભવોમાં સેવેલા રાગદોષના લીધે, કુમારે એના તરફ અભિલાષાવાળી દૃષ્ટિ નાખી.

વિજાતીયના દર્શનનો પ્રભાવ :— દર્શનનો શું

પ્રભાવ છે ! કે સિંહકુમાર એકજ વારના રાજકુમારીના દર્શનથી એના તરફ આકર્ષાઈ ગયેા ! જે રાગદોષનેા અનંત ભવેાથી અભ્યાસ કરેલેા છે તેને નિમિત્ત મળતાં ઊછળી પડવામાં વાર નહિ. એમાં વળી યૌવન એટલે તેા કામરાગની વૃષ્ટિનું ચેામાસું ! યૌવન અને નિમિત્તે રાજકુમારને રાજકુમારીનેા અભિલાષી બનાવી દીધેા. જેવી રીતે કુમારની દૃષ્ટિમાં કુમારી આવી ગઈ તેવી જ રીતે કુમારીની દૃષ્ટિમાં કુમાર પણ આવી ગયેા ! પરંતુ લજ્જા ! એટલે કુમારી કુમારની સામે ઊભી રહી શકી નહિ. આર્ય દેશની આ મર્યાદા છે, એટલે રાજકુમારી ધીરે ધીરે પાછા પગલે પાછી હઠવા માંડી. પરંતુ તેના મનમાં તેા થઈ ગયું કે "શું ઉદ્યાનની રમણીયતાથી આ ખુદ મહારાજા કામદેવ તેા આવીને ક્રીડાનેા આનંદ નહિ મ્હાણુતા હેાય !" અર્થાત્ એના મનમાં પણ કુમાર પ્રત્યે આકર્ષણ જાગી પડયું. રાજકુમારના અનુપમ સૌંદર્ય પર કુસુમાવલી મુગ્ધ બની ગઈ. વિજાતીયના આકર્ષણ જબરાં હેાય છે, વિજાતીય સમજો છેા ને ? સ્ત્રીને માટે પુરુષ અને પુરુષ માટે સ્ત્રી એ વિજાતીય કહેવાય. સુંદર પણ પુરુષને જોઈને પુરુષ નહિ આકર્ષાય. ત્યારે સ્ત્રી સુંદર તેા શું પણ સામાન્ય પુરુષને જોઇને ય આકર્ષાશે. એવું સ્ત્રીને જોતાં પુરુષને આકર્ષણ થાય છે.

શાબાશી કયાં ? :—આવી વાત બનવામાં કેાઈ આશ્ચર્ય નથી; અને એમાં જીવની કેાઈ શાબાશીયે નથી. કેમકે

આ બનવામાં અનંતકાળનો કામરાગનો અભ્યાસ એજ કારણ છે. આથી સૂચિત થાય છે કે પૂર્વના રાગદ્વેષ જેમાં કારણભૂત છે, એવી ક્રોડા–ચેષ્ટામાં જીવની કોઈ શાબાશી પરાક્રમ, બુદ્ધિમત્તા, પ્રયત્નશીલતા કે આશ્ચર્યકારિતા નથી. તેમ એથી કોઈ આત્મિક ઉદય નથી, કોઈ જીવનની સફલતા નથી. વિચારવું ઘટે છે કે જો વસ્તુસ્થિતિ આમ જ છે, તો પછી એની પાછળ શા માટે સારુંય જીવન ચાલ્યું જાય છે? જગતના પદાર્થ સામે આવી ગયા તો એની વિચારણા મનમાં ચાલી પડે છે, એને અનુસારે કંઈ પ્રકારના મનોરથ અને યોજનાઓ ઘડાય છે! તો આ બધું કયાં સુધી ચાલતું રહેશે એ એક વિચારણીય વસ્તુ છે! જે એવા અનાદિના આકર્ષણ જીવને વિહ્વલ અને પરાધીન બનાવે છે, એમાં સત્ત્વનો વિકાસ નથી થતો, **સત્ત્વનો વિકાસ વિજાતીય-આકર્ષણને ઓછા કરવામાં છે; એમાં શાબાશી છે.** એ કરવા માટે બે વસ્તુ મુખ્યપણે જરૂરી છે. એક તો વિચાર-સરણીમાં બને ત્યાં સુધી વિજાતીયને આવવા દેવા નહિ. બીજું, વિજાતીય સાથે દૃષ્ટિના પણ સંપર્કમાં બને એવા પ્રસંગમાં, એવા નિમિત્તમાં મૂકાવું નહિ.

આલંબન મુજબની ભાવના:—સિંહકુમાર અને કુસુમાવલી બન્ને છે તો મર્યાદાશીલ અને સુશીલ. જ્યાં સુધી એક બીજાની સામે નહોતા આવ્યા, ત્યાં સુધી તો પોતપોતાની વિચારણામાં હતાં, પરંતુ સામે આવી જવાથી મોહ ઉત્પન્ન થઈ ગયો, શું જોયું બન્નેએ? એકબીજાનો

આત્મા કે શરીર ? કહેતા નહિ કે 'આત્મા તો અદૃશ્ય છે.' કેમકે સામામાં ગુણસંપન્નતા આર્યમાનવતાદિ દેખાય તે પણ આત્મદર્શન છે. હમણાં આમણે તો શરીર એટલે કે માટીનું પૂતળું જોયું એની અસર શું થઈ? માનસિક વિચારણા એ જ દિશામાં શરૂ થઈ ગઈ! જેના પરિણામે હૃદયમાં આકર્ષણ, સ્નેહ, અને રાગ ઊછળવા લાગ્યો. આસક્તિ થવા લાગી! કેમ એમ? દર્શનનું આલંબન એવું છે. એટલે માટે તો **જગતમાં જે જે જડપદાર્થ આત્મામાં દુર્ભાવનાઓ અને મલીન વૃત્તિઓ પેદા કરે છે, તેને દૂર ત્યજીને, જે પદાર્થ સુંદર ભાવનાઓ અને સરસ વૃત્તિઓને ઉત્તેજિત કરે છે, એના સંસર્ગમાં ભવભીરુ આત્મા લાગ્યા રહે છે; કેમકે સુંદર ભાવના ટકાવવા માટે આલંબન પણ તેવું જ સુંદર જોઈએ.** જેવું આલંબન જીવને મળશે તેવી ભાવનાઓ થવાની. વ્યવહારમાં પણ શું છે? આ જ, રસ્તામાં તમે ચાલ્યા જતા હો. વચ્ચે જે જે બજાર આવશે, જો ધ્યાન ગયું તો પ્રાયઃ તેવા વિચારો મનમાં આવવાના. જો કોઈ બીજા વિચારમાં મન મશગુલ નહિ હોય તો કાપડનો બજાર આવ્યો તો એનો વિચાર, મીઠાઈનો બજાર આવ્યો તો એનો વિચાર, ઝવેરીનો બજાર આવ્યો તો તેના વિચાર! જેવું આલંબન આંખ સામે આવે એવી વિચારણા મનમાં ચાલે છે.

દાસીની સલાહઃ—અહીં કુસુમાવલી કુલવતી અને

વિશેષ કરીને સ્ત્રીજાતિ છે, તેથી લજ્જાથી ઝટપટ પાછી હઠે છે. તો એની પ્રિયંકરા નામની દાસી પૂછે છે "કેમ સ્વામિની ! પાછાં હઠો છો ? શું તમે આ રાજકુમારને નથી ઓળખતા ? એ તો આપણી ફોઈના પુત્ર સિંહકુમાર નામે છે. આપ તો એ કુમારના પહેલાં અહિંયા આવ્યા છો. અને એ તો પછીથી આવ્યા છે. તો પાછળથી આવનાર એ આપણા મેમાન થાય છે. તેથી આપે તો એમનું સ્વાગત કરવું જોઈએ ! એના બદલે જો આપ બેસી જશો તો આપની બેશરમ ગણાશે..." દાસી કેટલી ચતુર છે ? પોતાની માલિકણને વિનય અને મર્યાદાનો ખ્યાલ કરાવે છે ! પરિચારક આવા જોઈએ. તો શું કુમારી વિનયની અજાણ છે ? ના; પરંતુ **પોતાની સુશીલતાની ખૂબ કાળજી પર પુરુષના માર્ગમાંથી ખસેડી દે છે ! પોતાની લજ્જાશીલતા સામોસામ ઊભા રહેવાની ધિઠ્ઠાઈ નથી કરવા દેતી.** છતાં રાગ–પરવશતાને લીધે દૃષ્ટિ તો કુમાર પર જ છે ! અનાદિની પરવશતાથી જે વાત ચિત્તમાં આવી ગઈ, એ કેમ છૂટી શકે ? પરમાત્માની પ્રતિમાને યાદ કરવી હોય કે "પ્રભુની-મુખમુદ્રા કેવી હતી ? કેવું લાવણ્ય હતું ? કેવી ચક્ષુઓ હતી...." તો એ યાદ કરવા માટે પરિશ્રમ કરવો પડે છે. સહજભાવે તો એની રટણા મનમાં ચાલતી જ નથી. પરંતુ જગતના પદાર્થોનું રૂપ–લાવણ્ય એક જ વાર બરોબર જોઈ લીધા પછી યાદ કરવું પડતું નથી ! કેમકે

અનાદિના રાગાભ્યાસથી હૃદયમાં એ જકડાઈ જાય છે. માટે જ હવે સામા પૂરે જઈ દેવગુરુને હૈયે એવા વસાવવાના છે.

કુમારનો સત્કાર:—કુસુમાવલી પોતાની દાસીનાં આવાં શાણાં વચનો સાંભળી ઊભી રહી ગઈ; અને દાસીને પૂછે છે, " બોલ પ્રિયંકરા ! અહીંયા મારે શું કરવું જોઈએ ? તું આમાં હોંશિયાર છે તો તું જ કહે. "

દાસી કહે છે, " સજ્જનના સંબંધને પોષનારું ઉચિત સ્વાગત કરવું જોઈએ. એ માટે કુમારશ્રીને આપના સ્વહસ્તે અવસરોચિત તંબોલ અને ફૂલની માળા આપો. "

" એ તો હું નહિ કરી શકું ! " કુસુમાવલી જવાબ વાળે છે. " મને તો લજ્જા આવે છે....માટે તું જ મારા તરફથી એ કરી દે. " મર્યાદાનો પ્રભાવ કેવો છે ! બન્ને કુમાર અને કુમારિકા છે, બન્નેનો મામા-ફોઈના સંતાનનો સંબંધ પણ છે. પરંતુ કુમારીને કુમારની સાથે વાત કરવામાં પણ સંકોચ થાય છે. થાય જ. ધિઠ્ઠપણે સામસામે આ અવસ્થામાં ઊભા રહેવું કે વાતો કરવી એ નીચા કુળના ખેલ ! આજે એ ઉચ્ચ મર્યાદાઓના પુનરુદ્ધાર કરવા જેવા છે; સંરક્ષણ કરવા જરૂરી છે.

બોલવાની કળા:—દાસીને રાજકુમારીએ આગળ કરી. એટલામાં કુમાર પણ ત્યાં આવી પહોંચે છે. દાસી આગળ આવીને કહે છે.

" રતિથી વિરહિત એવા કામદેવનું હું સ્વાગત કરું છું. અહિંયા મહાનુભાવ ! બિરાજો. "

સંસારની ઘટના તરીકે આજ જોવામાં આવશે. દાસીની દૃષ્ટિ અત્યારે વિલાસ તરફ છે, તેથી એને બીજું સંબોધન માલુમ ન પડયું કે " મોટા ગુણવાન, ધર્મપ્રેમી..." આવાં વિશેષણ ન મલ્યાં. પરંતુ કહે છે " રતિ રહિત કામદેવ....! " કુમાર દાસીનાં ચતુર વચન સાંભળી ખુશી થાય છે; અને પોતેય ચતુરાઈમાં કયાં જાય એમ છે ? દાસીને ચતુરાઈથી કહે છે " આજ સુધી તો હું રતિથી રહિત હતો. પરંતુ હવે નથી ! " એનો કહેવાનો ભાવ એ છે કે રતિ એટલે આનંદ. " તો રાજકન્યાને જોઈ મને આનંદ થાય છે, માટે રતિ મારી પાસે જ છે. " તેમ જ, એ પણ ભાવ છે કે " મને તું કામદેવ ગણે છે. તો આ રાજકન્યા કયાં ઊતરે એવી છે ? એ, રૂપે રતિ છે. "

આ ભાવ કુમાર સ્પષ્ટ શબ્દોમાં કહેતો નથી. ત્યારે એમ કહેવા કરતાં ટૂંકમાં ગૂઢ શબ્દોમાં કહેવું ઉચિત પણ છે. એ ગૂઢ શબ્દોમાં ભાવ કેવો વિવેકભર્યો સૂચવ્યો ! પોતાની પ્રશંસા સામો કરે છે, તો પોતે અન્યની વિશેષતા વખાણે છે. અસ્તુ. કુમાર એની વિનંતિથી નીચે બેસે છે. દાસી લાવીને સોનાના પાત્રમાં તંબોલ ધરે છે, કુમાર તે સ્વીકારી લે છે. કુસુમાવલીને અને કુમારને કેટલો આનંદ હશે ! પણ આમાં શું નવું છે ? નવીન વયમાં આવેલા સુખી

સ્થિતિવાળા કુમાર કુમારિકાને મન આવા પ્રસંગ અદ્‌ભુત આલ્હાદ અને રાગની ઊર્મિઓ ઉછાળનારા બને એમાં નવાઈ નથી. નવાઈ તો, પરમાત્માનું શાસન પામી અંતરાત્મામાં સંવેગ વૈરાગ્યની છોળો ઉછળે એમાં છે. સુબુદ્ધ આત્મા જગતના દૃષ્ટાન્તથી એવી પ્રશસ્ત આનંદ, લાગણીઓ અને શુભ વલણોને અંતરાત્મામાં વ્યાપી દે છે. અર્થાત્ જગતના પ્રસંગોમાં જો મોહમય આનંદ, મોહમય લાગણીઓ અને મોહમય તરંગમાં ખેંચાઈએ છીએ તો દેવગુરુ-ધર્મના પ્રશસ્ત આનંદ, લાગણીઓ, તરંગો વગેરેમાં કેમ ન ખેંચાવું જોઈએ ?

અહીં પ્રસંગ એવો બને છે કે કુમારિકા દાસી દ્વારા કુમારના મુખેથી મનગમતો મોહગર્ભિત હાસ્યવિનોદ સાંભળવા ગમે તેટલી ઉત્સુક હોય, પણ કહે છે ને કે વિધિ વાંકો છે, તે કુસુમાવલીને બોલાવવા કંચુકી આવી ચઢે છે, એય કુમારી કુમારને રાગથી અર્ધદૃષ્ટિથી જોતી દેખે છે. એને મનમાં થાય છે કે ' કુમાર-કુમારી કામદેવ-રતિના જાણે અવતાર લાગે છે. હવે જો વિધિ અનુકૂળ થાય તો આ તો રતિને કામદેવ આવી મળ્યો છે. ' સુયોગ્યની કદર કોને ન થાય ? પ્રગટપણે કુમારીને એ કહે છે, " માતાજી કહેવરાવે છે કે ક્રીડા કરતાં તમને સમય ઘણો થયો માટે તમારા સુકોમળ શરીરને પરિશ્રમ ન પહોંચે માટે હવે જલ્દી પાછા આવી જાઓ. " જુઓ કેવું વિઘ્ન ! વિધિ કેમ જાણે કેટલીય વાર માણસને ચેલેન્જ કરે છે, પડકાર કરે છે કે ' તારું ધાર્યું

નહિ થાય.' આ વસ્તુ ખૂબજ સૂચક છે. આત્મકલ્યાણના કાર્ય ધર્મના કાર્ય બેારબે મૂકતા પહેલાં વિચારવા જેવું છે કે એમાં જે લાંબી મુદત નાખી એમાં વિધિ વચમાં વિઘ્ન ઊભું કરીને એ ધાર્યું આત્મહિત નહિ સાધવા દે તો પેાષાશે ?

કંચુકીએ તેા સંદેશ આપ્યેા. પણ કુસુમાવલીએ શું કરવું ? કુમારના રૂપમાં એ એવી આકર્ષાઈ ગઈ છે કે ત્યાંથી ખસવાનું મન થાય એવું નથી. બીજી બાજુ માતા બીજા કેાઈ ખાસ કારણે તેા બેાલાવતી નથી, તેા શું કરવું ? તાબડતેાબ જવું કે થેાડું'ક રેાકાઈને પછી જવું ? ધ્યાન રાખજો, આવા નજીવા દેખાતા પ્રસંગમાં માણસનું નૂર પરખાય છે, માણસનું મૂલ્ય સમજાય છે. અંતરાત્મામાં સ્વતંત્રપણે મનગમતી પ્રવૃત્તિ કરવાની વૃત્તિ મુખ્ય છે, કે વડિલની આજ્ઞાપ્રધાનતા છે, એ આવા પ્રસંગમાં ઝળકે છે. કુસુમાવલીને આકર્ષણ એટલું બધું છે કે હવે એને જો આ કુમાર સાથે વિવાહ–સંબંધ ન થાય તેા ચેન નથી પડવાનું, એ આગળ જણાશે. આવા આકર્ષણ અને રાગના ઉછાળાની સફલતા કરવાના રમ્ય પ્રસંગે માતા કહેવરાવે છે ' હવે થાકી જશેા, તેથી ઘેર આવી જાઓ.' ત્યાં શું કરવું ? શું જરાક પણ અહીં ન બેાલવું ? માતાને શું ન કહી શકાય કે " બગીચામાં મન જરા સારૂં આનંદમાં હતું તેથી આપનેા સંદેશેા મળ્યેા છતાં નીકળવાનું દિલ ન થયું. આપનેા આશય તેા થાક ન લાગે એવેા હતેા ને ? પણ મન તેા ઉલટું વધારે ને

વધારે પ્રફુલ્લિત થતું હતું.” અથવા શું એમ ન કહેવાય કે “ત્યાં કોઈના પુત્ર સિંહકુમાર આવેલા; તેથી એકદમ આવી જવામાં એમની અવગણના જેવું થતું હતું. તેથી જરા વધારે રોકાઈ.” આવા કાંઈ લોચા વળાય કે નહિ? કહોને કે એવું તો સહેજે બને? પણ ના, તમારા વર્તમાન બગડેલા યુગમાં. પૂર્વના સુવિકસિત યુગમાં નહિ. પૂર્વના લોકને મન વડિલની આજ્ઞાપ્રધાનતા અને સરળ ઉત્તરની બહુ કિમત હતી. તેથી એમના આત્મનૂર ઝળકતાં હતાં. પૂર્વે પાપના ભય હતા, એટલે તુચ્છ લાલચ-લંપટતામાં આજ્ઞા-ભંગ, માયાચાર વગેરે સેવવું પસંદ જ નહોતું. તેથી કુસુમાવલી તરત જ કંચુકી સાથે ‘જેવી માતાજીની આજ્ઞા’ એમ કહીને જવા માંડે છે. ત્યાં કુમાર પણ રોકાવાનું જરાય કહેતો નથી. કેમકે એ પણ એ જ યુગનો નરરત્ન છે ને? બાકી એનેય કુમારીનું આકર્ષણ ઓછું નથી જાગ્યું. છતાં સામાના વડીલની આજ્ઞા સામે સહેજ પણ ઊંધું શિક્ષણ કે આગ્રહ કરવાની વાત નહિ; અરે! મનમાં ઇચ્છવાનુંય નહિ કે એ આજ્ઞા વિરુદ્ધ વર્તે. આ સંસ્કૃતિના વારસા-ઉતાર તો ગયા, પણ નવેસરથીય આજે આ શિખવવાનું છે ખરું? જીવનને દિવ્ય બનાવે એવી એ સંસ્કૃતિની જરૂર નથી કેમ? નવી કેળવણી એટલે શાની? જડતા-જડલીનતા વધારે એની? કે ચૈતન્ય પ્રકાશાવે એની? શાના આ યુગને આગળ વધેલા કે વિકસેલા યુગ તરીકે લઈને ફરો છો?

કુસુમાવલીના દીલમાં આગ :-કુસુમાવલી ઘેર પહોંચી

તો ખરી, પણ એના ચિત્તમાં કામરાગની આગ ભભકી ઉઠી છે; તેથી માતાને પ્રણામ કરીને તરત હાથીદાંતના છજા પર ચઢી ગઇ. જુઓ ચિત્ત અસ્વસ્થ છે છતાં મર્યાદા કેવી ? માતાએ બોલાવી છે તો આવીને માતાને પ્રણામ કરવાના. આવી આવી મર્યાદાઓ ઉભયના પ્રેમ વધારે છે, તેથી મોટા નાનાની વધુ કાળજી કરતા બને છે, અને નાનડીઆ મોટાની કીર્તિ વધારે છે. હવે અહીં કુમારીના દીલમાં તો કુમારની જપમાળા ચાલી પડી છે. એ રૂપ, એ લાવણ્ય, એ ચતુરાઈ કેમ વીસર્યા જાય ? એનો વિયોગ થવાથી એ દીર્ઘ નિસાસા મૂકતી પલંગ પર બેસે છે. સામે રહેલ સખીજનને સન્માન-પૂર્વક વિસર્જન કરે છે. આ આંતર્દુ:ખ એવું છે કે બીજાઓની સમક્ષમાં દેખાડવું અનુચિત લાગે છે; અને રોકયું રોકી શકાય એવું નથી. હવે એ શય્યામાં સૂઈ ને શાંતિ અનુભવવા ઇચ્છે છે, પણ શાંતિ કયાંથી થાય ? કુમારના સ્મરણે કોમળ હૃદયનો કબજો લીધો છે, અને કામના બાણે મન વીંધી નાંખ્યું છે ! એટલે પોતાના ચાલુ કર્તવ્યો મૂકી લાંબા નિસાસા મૂકે છે. રોજના વિનોદના કાર્યો જેવા કે ચિત્રકર્મ, વિલેપન, નાસ્તાપાણી, મહેલમળા, પોપટને શિક્ષણ, ચંડોલ રાજહંસને રમાડવા, વાવડીસ્નાન, પત્રકોતરણી, દડાની રમત, નવ નવા શણગાર આભૂષણ વગેરે બધું છોડી દીધું છે. ક્ષણમાં શરીર નિશ્ચેષ્ટ બને છે તો ક્ષણમાં મુખકમળ બબડવા માંડે છે. મહાન ચિન્તાના સાગરમાં ડૂબી ગઈ.

આજસુધીમાં જાણે કશું જોયું–ભોગવ્યું નથી ? :—કામ–પરવશતા અને રાગવ્યાપિતાની કેવી સ્થિતિ ! કહે છે ને કે એ તો કામના બાણ જેને વાગ્યા હોય તે જાણે. અરે પણ એમાં શું વાગવાનું છે ? કામની રમત કયાં નવી છે ? **આ જીવે અનંતાકાળ કામની રમત કરી છે, છતાં કેમ જાણે કશું જોયું-ભોગવ્યું જ નથી એવી દશા નવ નવો જન્મ કરી મૂકે છે ! અરે ! એક જન્મમાંય નવનવાં કામપાત્ર એવા હાલ સર્જે છે. માટેજ જન્મરૂપી સંસાર અને વિષયનાં સાધનને જ્ઞાનીઓ મહાભયંકર કહે છે; આદરણીય નહિ પણ ત્યાજ્ય કહે છે; આત્માને સ્વસ્થ અને સુખી નહિ, પણ અસ્વસ્થ અને દુઃખી બનાવનારા કહે છે.** એમાંય બીજી વાતે મહાસબળ આત્માને પણ કામસાધન મહા નિર્બળ બનાવે છે. માટેજ એવા વિષયનાં અને કામનાં સાધનનાં દર્શન પણ ખોટાં ! એનાથીય દૂર રહેવું જોઈએ.

જાણો છો ને સિંહની ગુફા આગળ નીડરપણે ચોમાસું વીતાવનાર મુનિની કોશા વેશ્યા આગળ દશા ? સ્થૂલભદ્રજી-ની ચેષ્ટા કરવાનું એમને મન થયું. ગર્વ આવ્યો કે ' વેશ્યાને ત્યાં માલમલીદા ખાતાં ચોમાસું પસાર કરવું એમાં શી મોટી વાત હતી ? શું સ્થૂલભદ્ર એમાં દુષ્કર દુષ્કરકારક ? હું'ય ત્યાં જઉં. ' ગુરુ પાસે આજ્ઞા માગી રહ્યા છે, પરંતુ ગુરુમહારાજ જાણે છે કે એ માટે તો કેવળ સ્થૂલભદ્ર જ યોગ્ય છે; એટલે ગુરુમહારાજ રજા કેમ આપે ?

સિંહગુફાવાસી મુનિ તો રત્ન વિના ઉપડ્યા કોશા વેશ્યાને ત્યાં. સ્થૂલભદ્ર જ્યારે કોશાને ત્યાં હતા ત્યારે કોશા પૂર્વની લાડ લડાવેલી હતી; પાછી એ હવે સ્થૂલભદ્રજીની સામે અનેક પ્રકારના શૃંગાર સજીને અપ્સરા જેવી થઈને આવતી; વળી પ્રેમ અને વિવિધ હાવભાવને દર્શાવતી. કામના કાલાવાલા અને રુદન રીસામણાં કરતી. પરંતુ જ્યાં આ સિંહગુફાવાસી મુનિ ગયા ત્યાં તો કોઈ શૃંગાર સજ્યા નથી, કે કોઈ પ્રેમ, હાવભાવ, કે આકર્ષણ બતાવતી નથી. એમ જ બેઠેલી છે, છતાં સબળા મુનિ કેવા નબળા થાય છે, તે જુઓ. ત્યાં આ મુનિ જઈને કહે છે, "હું તારે ત્યાં ચાતુર્માસ કરવા ઇચ્છું છું; તો વસતિ આપ."

કોશા હવે શ્રાવિકા બની ગઈ છે. તેથી સાધુની ભક્તા છે. પરંતુ એને એમ થાય છે કે "બહારમાં હું વેશ્યા ગણાઉં, તેમ હું એકલી સ્ત્રી; તો મારા ઘરમાં સાધુ શાના રહેવા આવે? છતાં ગઈ વખતે સ્થૂલભદ્રજીની પછી તરત જ આ આવ્યા છે, તેથી લાગે છે કે એમનું અનુકરણ કરવા આવ્યા હોય. પણ સ્થૂલભદ્ર તે સ્થૂલભદ્ર." એમ વિચારી બહુ આદર કર્યા વિના જગા આપી. મુનિને કોશાનો કોઈ વિશેષ આદર ન મલ્યો. પરંતુ યૌવનવંતી રૂપાળી કોશાનું માત્ર રૂપ જ જોઈને મુનિ ચલાયમાન થઈ ગયા. મકાનમાં તો ગયા, પણ ચેન પડતું નથી. "હમણાં તો શૃંગાર નથી છતાં આટલું રૂપ-લાવણ્ય છે, તો શૃંગાર જ્યારે રચતી હશે ત્યારે તો કેવું યે લાવણ્ય હશે." એમ

અનેક વિકલ્પમાં મુનિ ચઢી ગયા, કેમ વારુ ? કહેા બીજી રીતે સબળા પણ આત્માને કામનાં સાધન નબળા બનાવી દે છે. મુનિ સ્થિર બેસી ન શકયા; ઊઠીને સ્વયં કેાશાની પાસે આવ્યા બીલકુલ લજ્જા છેાડી દીધી. કુળની, ધર્મની, કે ગુરુની, કેાઈ લજ્જાનેા ખ્યાલ ન કર્યો. અને બેાલવા લાગ્યાઃ—

" કેમ આમ એકલાં બેઠાં છેા ?.....હું તમારી સાથે ભેાગ ચા....હુ છું ! " મુનિના આ બેાલ સાંભળી શ્રાવિકા વેશ્યાને દુઃખ થવા લાગ્યું. " વેશ મુનિનેા ! અને બેાલ કેટલા ગંદા ? કેટલા બિભત્સ ? " પરંતુ કેાશાએ વિચાર્યું કે " જો હુમણાં શિખામણ દઈશ કે એમની માગણીનેા સીધેા ઇન્કાર કરી તડકારી દઈશ તેા એમના હૃદયમાં જે કામનેા ઉન્માદ જાગ્યેા છે, તે શાંત નહિ પડે. એ તેા કાંક એવું કરવું જોઈએ કે એ મૂળમાંથી પાપવિચારેા ઉખેડી નાખે. " એટલે કહે છે કે " શું આ શરીર મફતમાં ખુલ્લું થેાડું જ પડયું છે ? અમે તેા વેશ્યા ! ભેાગનાં મૂલ્ય લઈએ. આ તેા બજાર છે બજાર ! બજારમાં તેા માલ લેવા, મહારાજ ! પૈસા જોઈએ...." હવે શું થાય ? મુનિ દીનતા કરવા માંડયા. " તું જાણે છે, કે અમે સાધુ.... પૈસા કયાંથી લાવીએ ? " કેાણ કરાવે છે આ દીનતા ? કામ. સિંહની ગુફા આગળ ઉપવાસ કરીને ચેામાસું વીતાવવાનું બળ અહીં જાણે કુછ વિસાતમાં નથી. કામનાં આક્રમણ એવા ભૂંડા છે.

કુસંસ્કારેા શિકારી કૂતરા જેવાઃ—કુસુમાવલી પણ કામના દાહમાં બળવા લાગી છે. એ તેા વિચારવા લાગી કે

" કોણ એવી ભાગ્યશાળી કન્યા હશે કે એના આ કામદેવ જેવા રૂપવાન પતિ હશે ? " આંતરદાહનું કોઈ સારૂં પરિણામ નથી હોતું; અને એના પર માનવનો કોઇ અંકુશ પણ નથી રહી શકતો. જનમ જનમથી જે કુસંસ્કારો લઈ ને આવ્યા છીએ, તે કુંભકર્ણની નિદ્રા જેવા નથી, પણ કૂતરાની નિંદરડી જેવા છે ! જરાક તમે જોરથી જમીન પર પગ લગાવો કે એથી કૂતરો જાગી જવાનો ! એને ઉઠાડવા લાકડી–બાકડી, લગાવવાની જરૂર નહિ. એમાં પણ શિકારી કૂતરા તો જબરા ચાલાક અને ચપળ ! પાછા નીડર અને શિકારી ! જરાક નિમિત્ત મલી જવું જોઈએ, જાગી જતાં અને ઊછળતાં વાર નહિ. તેમ આ કુસંસ્કારો શિકારી કૂતરા જેવા છે, એને સહેજ બહારનું નિમિત્ત મલતાં જાગતાં, ઊછળતાં, અને આક્રમણ કરતાં વાર નહિ ! મોટી દાન–શીલ કે તપની ભાવનાઓ જગાવી હોય, પરંતુ જરાક દુનિયાનું આડું–અવળું કાંઈ નિમિત્ત મલ્યું, તો જીવના બાર વાગ્યા સમજો. બધું પલ્ટાઈ જાય છે ! દ્વેષના, ઈર્ષ્યાના, રાગના, મોહના ઇત્યાદિક અનેક કુસંસ્કારો અંદર આત્મામાં તો ભર્યા પડ્યા છે. માત્ર સામાન્ય સૂતા છે. પણ એને નિમત્ત મેળવી આપો, બસ તુર્ત જ જાગી ઉઠવાના ! સિંહગુફાવાસીને એક સુંદર રૂપનું નિમિત્ત મલતાં અંદરના કામરાગનો કુસંસ્કાર ઝટ જાગી ગયો ! કહે છે દીનતાથી.

' અમે તો સાધુ, પૈસા ન રાખીએ પાસે....'

"તો હું થોડીકજ સાધુ છું ? મારે તો પૈસા જોઈએ." વેશ્યાએ જડબાતોડ જવાબ આપ્યો.

ત્યાં શું કહી ન દેવાય કે 'ભૂલ્યો હું ! તું પૈસાના બપવાળી, તો હું સંયમના બપવાળો. તું તારામાં સત્તાવાળી, તો હું મારામાં.' પણ કામના હાર્યા કયાંથી કહી શકે ? આ તો કહે છે.

'પરંતુ પૈસા કયાંથી લાવું ?'

"જાઓ, નેપાળદેશમાં, ત્યાંનો રાજા સાધુ-સંતોને મફત રત્નકંબળનું દાન આપે છે. તે તમે માગશો તો તમનેય આપશે."

શું દેખાડયું ? ચોમાસાના ભરવરસાદમાં પાટલીપુત્રથી નેપાળ દેશમાં જવાનું. એમ કહેતાંય સમજી જાય છે ? 'હાય ! આ ભોગ તો મોંઘા છે ! તો એના કરતાં મારૂં સસ્તુ ચારિત્ર શું ખોટું ? જેમાં ન કોઈની ચપરાશી કરવાની, કે ન વિહ્વલ થવાનું.' આવું કાંઈ મુનિને થયું નહિ. એ તો ઉપડયા નેપાળ દેશમાં ! લાવ્યા કાંબળ ! રસ્તામાં કોઈ ઉપાય એને રક્ષવા કર્યો હશે ને ? વિવેક ભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતः शतमुखः—વિવેક એટલે સન્માર્ગનો વિચાર. એક વખત સન્માર્ગથી ભ્રષ્ટ થયેા આત્મા, કે હવે સેા પ્રકારે પતન થઈ જતાં વાર નહિ. વટલેલી બ્રાહ્મણી ! તો જો પતન ન કરવું હોય, તો એક વાર પણ પતન ન કરો; કોઈ એકાદાય સદ્-આચરણથી પણ ભ્રષ્ટ ન થાઓ એમ જ્ઞાની કહે છે. મુનિનું

કેટલું પતન ! કેટલો વિનિપાત ! ગુરુ મહારાજની આજ્ઞાનો ભંગ ! કામની ભાવના ! તેમાંથી દીનતા પ્રગટી ! ચોમાસામાં નેપાળનો પ્રવાસ, કેટલી જીવ વિરાધના ! તે પણ પૈસા માટે ! બીજીય કેટલી વિરાધના ! કામની આગમાં મહાઉન્નત સાધુ-અવસ્થા બાળી મૂકી. વેશ્યા પૈસા માગે છે તેથી 'પૈસા છોડી દઈ સાધુ થયા....' તેનો શોક ! એ પણ પાપ ! પછી પૈસા લાવવા માટે લોભનું ને પરિગ્રહ-બુદ્ધિનું પાપ ચોંટયું ! સમજી રાખો કે અંદરમાં મોહનું એકપણ શલ્ય ઘાલ્યું પછીથી આત્માનું રક્ષણ કરવું મુશ્કેલ છે. કામપાત્રના માત્ર દર્શન-વિષ પીધાં તોય બાર વાગી જવાના.

આ તો વિષય-સાધનની ભયંકરતા કયાં સુધી પહોંચે છે, એની વાત થઈ. પણ આપણો પ્રસંગ કાંઈ અનાચારનો નથી. છતાં કુમારના દર્શનથી જાગેલો રાગ કેવી વિહ્વલતા કરે છે તે વાત છે. અહિંયાં કુસુમાવલીને રાગનો દાહ લાગ્યો છે. એ કુમારની [illegible]ખનામાં ઝુરી રહી છે. ત્યાં ધાવમાતા એની અસ્વસ્થતા જોઈ દુઃખી થાય છે. પોતાની પુત્રી મદનલેખાને કહે છે કે "જો આ તારી સખી કુસુમાવલી બગીચામાંથી શ્રમિત થઈને આવી છે. તો તું કપુરના બીડા બાંધી ભીનો પંખો લઇ ને જા એની પાસે." એ ગઈ એ રીતે. ત્યાં રાજ-પુત્રીને ભારે ચિંતામગ્ન જુએ છે. આજ તો એ બોલતી નથી, તેથી એના મગજની શૂન્યતા જાણીને પૂછે છે "સ્વામિની ! કેમ આમ ખિન્ન ? શું દેવગુરુની પૂજા ન થઈ ? શું તારાથી સખીઓનું સન્માન થઈ શકયું નહિ ? શું યાચકોને દાન ન

દેવાયું ?" દુઃખનું કારણ પણ કેવું પૂછે છે ? સ્વાગત-સત્કાર નથી મલ્યા, ખાવાપીવા નથી મલ્યું, તેનું જે દુઃખ નથી તે દુઃખ ગુરુની દેવની પૂજા કરવા નથી મલી, દાન દેવા નથી મળ્યું, એનું લાગે છે. કેવાક એ કુળાચાર હશે ! જીવનમાં આદર્શ શાના હશે કે જ્યાં દુઃખ પરમાર્થ ન કર્યાના લાગે ? જવાબ ન મળ્યો. તેથી આગળ પૂછે છે 'શું વડીલ જન સંતુષ્ટ નથી ? એનાં દુઃખ મોટાં લાગે છે !' વળી પૂછે છે, "શું પરિવાર તારો અવિનયી છે ? તારું કંઈ અપમાન કર્યું છે ? અથવા શું સખીજન અનુરાગી નથી ? શું થયું છે એ તો કહે; જો અકથનીય ન હોય તો તારા મોંઢેથી મને જે હોય તે કહે."

કુસુમાવલી કહે છે, "પ્રિય સખીને શું કંઈ અકથનીય હોઈ શકે ?"

'તો બોલ.'

"દેખ, હું બગીચામાં ગઇ હતી ! આજે ફૂલ ભેગાં કરી રહી હતી, તેમાં બહુ શ્રમ લાગી ગયો છે ! તેથી સૂઇ રહી છું." સખી ગમે તેવી પ્રિય, છતાં આ સાચું કહી દેવા કુલીનની જીભ એકદમ કેમ ઉપડે ?

મદનલેખા કહે છે, "બસ, એટલું જ ? તો આ તંબોલ લઈ લે, અને હું પંખો વીંઝી રહું છું."

"આ અવસ્થામાં એ શું કરશે ? ચાલ નીચે બાગમાં કેળના ઘરમાં."

ગયા બાગમાં ! ત્યાં સુંદર પાથરણા પર એને સુવાડી વાતો કરતી પંખો ઢાળે છે. છતાં પાણીની બહાર કાઢેલી માછલીની જેમ કુસુમાવલી તરફડી રહી છે ! શાથી ? હૃદયમાં શલ્ય સમાન કુમારને યાદ કરી રહી છે. ત્યાં સખી પૂછે છે " અલી ! એ તો કહે, કે તને આટલું બધું શું થઈ રહ્યું છે ? પૂછું છું કે તેં જે વાત કરી તે તો ઠીક છે, પરંતુ જ્યાં તું ગઈ હતી ત્યાં કંઈ આશ્ચર્ય–બાશ્ચર્ય જોયું હતું ? "

" શું આશ્ચર્યનું પૂછે છે ! આજ તો ત્યાં મેં રતિવિરહિત કામદેવ સમાન સિંહકુમાર રાજપુત્રને જોયા ! "

' કેવો હતો એ ? ' એના ઉત્તરમાં કુમારના અંગ-પ્રત્યંગની સુંદરતાનું રોચક વર્ણન કરી બતાવ્યું. બધાનો સારાંશ એ બતાવી દીધો કે " એ કોઈ અનુપમ વ્યક્તિ હતી ! વધુ શું કહું ? એ રૂપનુંયે રૂપ હતું ! લાવણ્યનું યે લાવણ્ય હતું ! સૌંદર્યનું પણ સૌંદર્ય હતું ! મનોરથનો પણ મનોરથ હતો ! તેવા એ સિંહકુમારને મેં જોયો હતો. " કુમારે કુસુમાવલીનું હૃદય કેટલું પકડી લીધું છે ! જ્ઞાનીઓ કહે છે કે **જો ભવ્ય આત્માઓ પરમાત્માને પોતાના હૈયામાં આટલા પકડી લે તો એમનું કામ નીકળી જાય.**

મર્યાદા પાલનમાં સુખ કે મર્યાદાભંગમાં સુખ ?:- કુસુમાવલીને કુમારના રૂપ લાવણ્યના દર્શને કરેલા અજબ આકર્ષણે કવિવર્ણન કરાવ્યું. અર્થાત્ આજસુધીમાં રાજ-

કુમારને કદી પણ કુસુમાવલીએ નહિ જોયેા હેાય, ત્યારેજ આ પ્રમાણે કહી રહી છે, અને તેા સુશીલતાની મર્યાદાનું પાલન કેટલું બધું હશે ? કેાણ છે એ ? આમ તેા ફેાઇનેા પુત્ર છે. પણ એ કાળમાં કુમાર-કુમારીકાને જ્યાં-ત્યાં ભટકવાનું નહેાતું. બન્ને એક જ નગરમાં છે, છતાં એક બીજાને મળવાનેા મેાકેા નથી મલ્યેા તેા શું એવી કડક મર્યાદામાં એમને દુઃખ હતું ? ને આજે મર્યાદા છેાડી દીધી તેા લેાકેા શું સખી છે ? " આ શું બધાં બંધન ? જાતિ-કેામનાં રુઢીવાદનાં બંધન ! ફગાવી દેા બંધન !.... એમ હવે તેા આઝાદી મળી !.... " એમ કરી જેમણે બંધન ફગાવી દીધાં તે શું બધા સુખી થઇ ગયા ? આજના ભવાડા, સ્નેહભંગ, સ્વચ્છંદતા, ક્લેશ-ટંટા વગેરે કેટલું બધું ? વધારે સુખ કયારે હતું ? આજે છે, કે તે વખતે ?

માનવી એટલે અંદરની [redacted] કરનારેાઃ— આજની સંસ્કાર વિહેાણી મર્યાદા-રહિતતા કેટલી હદ સુધી પહેાંચી છે ? આખેા જીવન વ્યવહાર નિઃમર્યાદિત બનાવી દીધેા ! તેનાથી સુખનેા કેવેા નાશ થઈ ગયેા ! અને દુષ્ટ-વૃત્તિઓથી નાની પ્રજાના પણ દિલ કેવાં જલી રહ્યાં છે ! તે આપણને પ્રત્યક્ષ દેખાય છે. રાગ, વિલાસ, મેાહ, સત્તા, રંગરાગ અને ફેશનની વાસનાઓમાં જ સારેા દિવસ પસાર ! મનમાં કેાઈ પરમાત્માનું કે ગુરુનું સ્મરણ કરવાની વાત સરખી નહિ ! આમાં આત્માની મહત્તા છે કે લઘુતા ? ગુણ-વિકાસની દશા છે કે દેાષમાં પતનની દશા છે ? આજે તેા

કોઈ સ્વપ્નમાં નથી આવતું કે હું માનવી છું, તો બહારની શ્રેષ્ઠતા તો મલી ગઈ, પણ હવે આંતરિક શ્રેષ્ઠતા કયારે લાવીશ ? ના, આનો કોઈ વિચાર જ નહિ, કેમકે મર્યાદાનો લોપ કરી દીધો. પછી એમાં સુધરેલા પશુ જેવા અર્થાત્ વ્યવસ્થિત યોજનાબદ્ધ–કળાબદ્ધ વિષય–વિલાસની રમતો રમાય એમાં શી નવાઇ ? જુઓ આજના છાપા વગેરે; તો એમાં કયાંય શીલ ને તપની, અધ્યાત્મ અને પરલોકની વાતો જડે ?

સિંહકુમાર અને કુસુમાવલીનું મીલન આટલા વર્ષે પ્રથમવાર થાય છે, તે તેમની સંસ્કારી મર્યાદાનું પાલન બતાવે છે. સિંહકુમારના એકવારના જ દર્શનથી કુસુમાવલીને એનું આકર્ષણ એવું જાગી ગયું છે કે પોતાની સખી આગળ કુમારનું મોટું મોટું વર્ણન કરી ગઇ. તે સાંભળી તેની સખીને પણ લાગ્યું કે " વાહ ! એ રાજકુમાર તો આ મારી સખીને જ યોગ્ય છે ! રાજકુમારીએ જે અનુરાગ એમના પ્રત્યે કર્યો છે, તે યોગ્ય સ્થાને કર્યો છે....અને કમલાકર વિના લક્ષ્મી બીજે શાની રમે ? " મનમાં ખુશ થતી સખી કુસુમાવલીને કહે છે " જો આજ હું રાજમહેલમાં મહારાણીજીને મૂકવા ગઈ હતી. ત્યાં સુબુદ્ધિમંત્રી મહારાજાની સાથે કંઈક મંત્રણા કરી રહ્યા હતા. એ મંત્રણા એટલી સુંદર હતી કે જો એ વાત બની આવે તો રતિને કામદેવનો યોગ થવાથી सर्वं सुंदरं भविष्यति ! બધું સરસ બની જશે ! " સખી કેવી ઉસ્તાદ છે ? ગોળગોળ કહે છે. પણ કુસુમાવલીને તો એવા વિષયમાં ભારે રસ છે. તેથી,

"શું હતી એ મંત્રણા ?" એમ કુસુમાવલીએ ઉત્સુકતાથી પૂછ્યું.

પેલી જવાબમાં કહે છે "સુબુદ્ધિમંત્રીએ મહારાજાને કહ્યું કે 'જુઓ, પુરુષદત્ત મહારાજા પોતાના પુત્ર સિંહકુમાર માટે કુસુમાવલીની માગણી કરવામાં ભારે આગ્રહ સેવે છે. મને એમણે ભારપૂર્વક કહ્યું છે કે 'તમારે એવો પ્રયત્ન કરવો કે જેથી ચોકસપણે સુયોગ્ય અને સમાન ગુણવાળી કુસુમાવલી સિંહકુમારની સાથે લગ્ન સંબંધથી જોડાઈ જાય. અને મહારાજા! સિંહકુમાર સિવાય કુસુમાવલી માટે બીજું યોગ્ય પણ કોણ છે ?....' સખી આ સંભળાવી રહી છે, ત્યાં કુસુમાવલીની શું હાલત થવા લાગી હશે ? હર્ષ અને લજ્જા ઉભયથી મિશ્રિત કોઈ જુદી જ અવસ્થા અનુભવી રહી છે. પરંતુ બહારથી ક્રોધ દેખાડીને કહે છે, 'અરે અસંબદ્ધ પ્રલાપ કરનારી ! તું આ શું બોલે છે ? જૂઠી વાતનો બકવાટ કરે છે ?'

મદનલેખા જવાબ વાળે છે "સ્વામિની આમાં અઘટતું શું છે ? શું માનસરોવરના હંસને રાજહંસી યોગ્ય નથી ? હું સાચું જ કહું છું. સુબુદ્ધિમંત્રીએ જ્યારે ઉપર પ્રમાણે મહારાજાને કહ્યું, ત્યારે પિતાજીએ પણ કહ્યું કે 'મહારાજા તો મારા પ્રાણના પણ અધિકારી છે. તેથી એમને જે વાત ગમે તે વાત મને પણ પ્રિય જ છે!' ત્યારે મંત્રીજીએ પણ એ વાત ઝીલી લીધી."

૫. કુમાર–કુસુમાવલીનું મિલન

વિવેકીનાં બે કર્તવ્ય:—આનો શું અર્થ ? એજ ને કે કુસુમાવલીના મનને ગમતું થવાનું. ત્યાં એના હૈયામાં આનંદના સાગર ઉછળે એમાં નવાઈ હોય ? આની પાછળ મુખ્યપણે પુણ્ય કામ કરી રહ્યું છે, એ ન ભૂલશો. સિંહકુમાર પણ પુણ્ય લઈ ને આવેલ છે એટલે એને આવી સુયોગ્ય કન્યા પોતાના દિલમાં ધરે છે, અને વડિલો વિવાહની વિચારણા એની સાથે કરાવવાની કરી રહ્યા છે. જગતમાં પુણ્ય વિના સારૂં બની આવતું નથી. માણસના એકલા ધારવા ઉપર કશું થતું નથી; પાછળ પુણ્યની સહાય જોઈએ છે. આ તો પૂર્વનું પુણ્ય પહોંચતું નથી, ને લાંબાની પાછળ દોડવું છે. પરિણામ શું આવે ? કહેવત છે ને કે ' લાંબાની પાછળ ટૂંકો જાય, તે મરે નહિ તો માંદો થાય.' કેમ માંદો ? પૂર્વનું પુણ્ય ન હોવાથી મળ્યું તો નહિ, પણ દોડધામ કરવામાં નવું પુણ્ય ઉપાર્જવાનું'ય ગુમાવ્યું તેથી પરભવમાં આથીય વધુ ખરાબ દુર્દશા ! માટેજ **વિવેકીનાં બે કાર્ય છે; એક તો દુનિયામાં પોતાનું કપાળ માપીને પગલું ભરવું; અને બીજું એ કે નવા પુણ્યની કમાણીનું વ્યસન બનાવી દેવું.**

કુસુમાવલીના ઘરે સિંહકુમાર:—સખીના શબ્દે

કુસુમાવલી આનંદના સાગરમાં ઝીલી રહી હતી; ત્યાં ચંદ્રના ઉદય થવા સમાન વળી એક નવા સમાચાર એને સાંપડે છે. પલ્લવિકા નામની ઉદ્યાનપાલિકા આવીને એને કહે છે, " સ્વામિની માતાજી ફરમાવે છે કે ' હવે તમે ઉપર હાથી-દાંતની અટારીએ પધારો, કેમકે પિતાજીનો હુકમ છે કે મહારાજાના પુત્ર સિંહકુમાર પધારવાના હોઈ આજે મહેલનો, બગીચો વિશેષે કરીને શોભાયમાન કરવાનો છે." કુસુમાવલીને આ બીજા સમાચારે દૂધમાં સાકર ભળવા જેવું થયું, હર્ષ વધી ગયો. તરતજ ' જેવી માતાજીની આજ્ઞા; ' એમ કહીને ગઈ ઉપર. ઉદ્યાન વિશેષ દીપતું કરવામાં આવ્યું. સિંહકુમારને મનમાં કુસુમાવલીના દર્શનની ઉત્સુકતા તો હતી જ, એમાં વળી લક્ષ્મીકાન્ત રાજાએ આમંત્રણભેર એને પોતાના આંગણે તેડ્યો. ભોજનવિધિ ખૂબ ઠાઠથી અને સન્માનપૂર્વક થઈ. પછી તે મહેલના ઉદ્યાનમાં ઉતર્યો.

ભાવતું હતું ને વૈદે કહ્યું : કુમાર કુમારીના ગૃહેઃ- સખીના મોંઢેથી કુસુમાવલીએ સાંભળ્યું કે પોતાનો વિવાહ સિંહકુમારની સાથે થવાની વાતચીત ચાલી રહી છે. આનાથી એને મોહના દુઃખમાં મોટું આશ્વાસન મલ્યું. એમાં વળી પોતાના પિતા લક્ષ્મીકાન્તે સિંહકુમારને પોતાના મહેલમાં બોલાવ્યો, અને સારી સરભરા કરીને રાખ્યો ત્યારે તો કુસુમાવલીને કુમારના દર્શનાદિનો વધુ પરિચય મલશે એ બદલ હૃદયમાં ખૂબ જ આનંદ છવાયો, બંનેને ભાવતું હતું ને વૈદે કહ્યું !

આ ઉપરથી એ વસ્તુ સૂચિત થાય છે, કે પ્રાણીને જે વસ્તુની આશા, કે આતુરતા હોય છે, એ વસ્તુ પ્રાપ્ત થવાની માત્ર સંભાવના દેખાતાં જ આનંદ થાય છે, અને તો એને એના ઉપાય સેવવામાં ભારે રસ હોય છે. આ પરથી સમજી લ્યો કે મોક્ષાર્થી જીવે મોક્ષના ઉપાયભૂત દેવગુરુ અને ધર્મની સેવા કેવા ભારે રસથી અને કેવા વિવેકી ઢંગથી કરવી જોઈએ. શું જીવને ધર્મપ્રાપ્તિ થાય એ માટે શાસ્ત્રકારોએ અને સદ્‌ગુરુઓએ સમજાવવું પડે કે "દેવગુરુ અને ધર્મ પર શ્રદ્ધા, રુચિ વધારો, અને ભક્તિ-ઉપાસના આ-આ રીતે ખૂબ ઉછળતા આનંદથી કરો? પરમાત્માનાં દર્શન કરતાં કરતાં રોમાંચ ખડાં થઈ જવાં જોઈએ, સ્તુતિ પણ ગદ્‌ગદ કંઠે ભાવવાહી રીતે કરવી જોઈએ...." આ વિધિ બતાવવાની શાસ્ત્રકારોને શી જરૂર? ધારો કે આપણી સામે એવી કોઈ મહાન વ્યક્તિ આવી ગઈ, કે જે વ્યક્તિથી આપણને આ દુનિયાનો મહાન લાભ મળવાવાળો છે, તો એને દેખતાં જ રોમાંચ ખડા થાય કે નહિ? અરે! સંસારની તુચ્છ અને મામુલી સંપત્તિ કોઈ એ આપી હોય, તેને પણ જોતાં રુવાંઠાં ખડાં થઈ જાય છે, તો અહીંયાં તો દેવગુરુ અનંત સુખના દાન કરનાર છે; એમના દર્શન-પૂજનાદિમાં કેમ રુવાંડાં ખડાં નહિ? શરીરમાં કોઈ રોમાંચ-ઝનઝનાટી કે લાગણીનું સંવેદન કેમ નહિ? એમ નથી કે શું કરીયે ભાઈ! શાસ્ત્ર ભણ્યા નથી.... વિધિ જાણતા નથી....આ તો ઇષ્ટ કેટલું છે એની પરીક્ષા છે. દુનિયાની વાતમાં તો પૂરા

અનુભવી છો. હા, એટલું છે કે દુન્યવી વાતો અમારું જે ભલું નહિ કરે એવું ભવિષ્યના અનંત કાળનું અનંત સુખ પમાડવાનું ભલું દેવગુરુધર્મ કરશે એવી મુદ્દામ પહેલાં વસ્તુની સ્થુલ પણ ઓળખ જોઈએ, કિંમત સમજવી જોઈએ, અને વસ્તુની ગરજ જોઈએ, નહિતર બધી વિધિ શાસ્ત્રોના પાનામાં રહી જશે ! આત્મહિતની પ્રવૃત્તિમાં ઝણઝણાટી અને રસ કેમ ન થાય ? છોકરા પર પ્રેમ છે, અને છોકરો પડ્યો માંદો. તો એની સેવામાં સવારથી લાગી જવાય છે ! " ચાલો ભાઈ, એને માટે આ ઉપચાર કરો, આ કરો, દવા બરાબર આપો...." કેમ આમ ? શું આ બધી વિધિ નિશાળમાં શીખીને આવ્યા છો ? ના, પુત્ર પર મારાપણું રાખ્યું છે ! તો પછી ભગવાન પર કયાપણું છે ? પારકાપણું ને ? પૂજારીને ઓર્ડર આપી દીધો છે કેમ ? ' જેમ તને ઠીક લાગે તેમ કરજે ઘસડ-પુસડ ! ધાતુના પ્રતિમાજીને તારે માથેથી પકડી બીજી બાજુ ઠબાક ઠબાક ફેરવવા હોય તો પણ વાંધો નહિ ! અને વાળાકુંચીના શસ્ત્રથી ઘસવા હોય કે જેમાં ૨૫-૫૦ વર્ષે ધાતુબિંબના મુખ પરના આંખ, નાક, મોં ઘસાઈને સાફ થઈ જાય તોય અમારે તેમાં વાંધો નથી ! બસ, તું તારે બધું તૈયાર રાખજે, અમે આવીશું કે ટીલી કરી દઈશું ! ' જે પરમાત્મા બધાથી મહાન ઉપકારી છે, તેમના વિષે આવી સ્થિતિ ? આ મનુષ્ય જીવન આ જ રીતે આશાતનામાં પસાર કરશો તો ભગવાનની પૂજા કરવા છતાં ભવભ્રમણ ઊભાં રહેશે ! ખરી રીતે પૂજાનો અર્થ પણ કયાં

ધ્યાનમાં છે ? પૂજા એટલે તો આપણું કાંઈક ભક્તિમાં સમર્પણ થાય તે. કરો છો ને ? પૂજનાં દ્રવ્ય ઘેરથી લઈ જાઓ છો ને ? હું દૂધ પીઉં, હું શાક ફળ મિઠાઈ ખાઉં તો તે પહેલાં પ્રભુને પૂજવા દૂધ, ફલ, મિઠાઈ કેમ ન લઈ જાઉં ? આ તો ઢહેરાના દૂધ-કેસરે સસ્તી પખાળ-ટીલી ઠીક રાખી છે ! જેને ન પહોંચતું હોય એની જુદી વાત. પહોંચે એને ઉપેક્ષા કેમ થાય ? અસ્તુ.

કુમારને ભોજન કરાવી નીચે બગીચામાં લઈ જવામાં આવ્યો. ત્યાં મનોહર વિવિધવૃક્ષો જોયા પછી માધવી મંડપમાં કુમાર બેસે છે. એટલે અવસર જોઈને સખી કુસુમાવલીને કહે છે, " જુઓ સ્વામિની મહાપ્રભાવી આત્મા સાથે પૂર્વના બાંધેલા સંબંધ તાજા થાય છે, તે ઉચિત સંભાષણ પુષ્પતંબોલદાન વગેરેથી પ્રગટ કરાય છે. તો કુમારના કુશલ પૂછાવવાપૂર્વક અવસરોચિત તંબોલ-પુષ્પ મોકલ; અને સાથે કંઈક આશ્ચર્યકારી કળા મોકલો. "

" શી કળા ? "

" આ કુમાર ચિત્રકળાના શોખીન છે; માટે એક સરસ ચિત્ર બનાવીને મોકલ ! "

" એમ ? તો કોનું ચિત્ર બનાવું ? " કુમારી સુજ્ઞ છતાં લજ્જાળુ હોવાથી સખીનાં મોંઢે બોલાવવા પૂછે છે. કેવી સરસ મર્યાદાબદ્ધતા !

સખી કહે છે, " વાહરે વાહ ! મને મૂર્ખી બનાવે છે ?

તું તો જાણે કંઈ સમજતીજ નહિ હોય ! ઠીક, તું પૂછે છે, તો કહું છું, કે એવું ચિત્ર બનાવ કે જેમાં, એક સરોવર છે; તેમાં એક હંસી છે; તેનો હંસ હજુ એને મલ્યો નથી તેથી એના દર્શનની ઉત્સુકતામાં બિચારી ઝુરી રહી છે....!" રાજકુમારી કળાનિપુણ છે; પણ ઉછાંછળી નથી. તેથી જરા હસીને રમત રૂપે ચિત્ર તુરત બનાવી દીધું. અર્થાત્ એમાં બહુ રસ ન દેખાડ્યો. શું અંદર રસ નથી ? અંદર તો છલોછલ ભર્યો છે પરંતુ એવા એ પ્રેમના બાહ્ય દેખાવ બીજાની જાણમાં કરવામાં કુલીન જનોને સંકોચ થાય છે. એનું નામ ગંભીરતા છે. નહિતર તો ઉછળટતા કહેવાય.

ઉસ્તાદ સખી:—કુમારીએ ચિત્ર દોરી નાખ્યું. સખી ઉસ્તાદ છે. એણે ચિત્રની ઉપર બે શ્લોક લખ્યા. એમાં કહેવાનો આશય એ છે, કે "જેને અભિન્ન પ્રેમ જાગ્રત્ થઈ ગયો છે, તેથી જે પોતાની પ્રિયતમને મળવાને ઉત્કંઠિત છે, પણ પ્રિય ન મળવાથી મુખકાન્તિ જેની મ્લાન બની છે તેને ચરવા માટે કમળના કિસલય તૈયાર છતાં આ ઉત્કંઠામાં જે કમળ લેવામાં નિરુત્સાહ છે, દક્ષિણનો પવન કમળના જુથને નચાવી રહ્યો છતાં એ તરફ જે રાજહંસી દૃષ્ટિ નાખતી નથી, એવી એ ઉત્તમ રાજહંસી પ્રિયતમના સંગમ માટે કેમ તપતી ન હોય ?" દુન્યવી બાબતમાં હૈયાના ભાવ બોલવા જીવો કયાં હોશિયાર નથી ? રાજકુમારીનું મર્યાદાશીલ જીવન, પોતાની જવાબદારી સમજવાવાળું જીવન—એ કહે છે કે કોઈ અનુચિત વર્તાવ ન થવો જોઈએ; તેથી ચિત્ર

લઈને જાતે કુમાર પાસે નથી જતી. આનું નામ માનવતા છે. પશુને તો હૃદયના કામવાસનાના ખેલ બીજાના દેખતાં પ્રગટ કરવામાં આંચકો જ નહિ.

સખી રાજકુમાર પાસે:—સખી હવે બધું ભેટણું અને ચિત્ર લઈને ઉપડી રાજકુમાર પાસે. કુમારે પરિવાર પાસેથી એને રાજકુમારીની પ્રિયસખી તરીકે ઓળખી એનું આદરપૂર્વક સ્વાગત કર્યું. એટલે મદનલેખા પણ તરત કુમારના ચરણે પ્રણામ કરે છે. હવે જુઓ એનો બોલવાનો વિવેક !

ચરિત્રો તો મોટી કૉલેજ છે:— બોલવાનો વિવેક ન હોય તો કાં કુમારને અપમાનકારી કે અપ્રીતિજનક કાંઇક બોલી નાખે, અગર પોતાની સખીનું હલકું દેખાય એવું કંઈક ભરડી મારે. પણ આ તો ચકોર અને વિવેકી છે. આપણા ચરિત્રગ્રન્થો ઠામઠામ આવા વિવેક બહુ શિખવે છે. ચરિત્રનું વાંચન, શ્રવણ અને અભ્યાસ કરતાં આવડવો જોઈએ. તો આજે જે મહાન ગૌરવભરી સંસ્કૃતિ ભુંસાઈ રહી છે, આજે જે આત્મગુણો બીલવવાનાં શિક્ષણ વીસરાઈ ગયાં છે; બીજી પણ કેટલીય વ્યવહારુ ઔચિત્યની જે બાબતો ઠેઠ બી. એ. (B. A.) એમ. એ. (M. A.) ના કલાસના સુધી કયાંય ભણાવવામાં નથી આવતી, એવી પવિત્ર સંસ્કૃતિની, આત્મગુણોની, વિવેકની તથા સ્થળે સ્થળના અને પ્રસંગે પ્રસંગના ઉચિત વાણી-વર્તાવની અપૂર્વ વાતો ચરિત્ર ગ્રન્થોમાંથી સારા

પ્રમાણમાં શીખવા મળે છે. પણ તમારે કયાં એનો ખપ છે? નહિતર તો રોજ રાતે કુટુંબને ભેગું કરી ચરિત્ર ગ્રન્થો વાંચતાં ન હોત? હવે કહેજો કે આજના ધાંધલિયા યુગમાં કુરસદ કયાં છે? પણ સાથે વિચારજો કે તો શું ધાંધલિયા યુગથી પિશાચી કર્મો સામે, પરલોક સામે, બચાવ મળશે ને? ત્યારે શું ધાંધલથી અહીં પણ જીવન સારૂં સુખી અને પરસ્પરના સ્નેહ સદ્‌ભાવવાળું જીવો છો એમ? સંસ્કૃતિ, આત્મગુણો વગેરે વિના સુખશાંતિ હોય નહિ. એ બધું શિખવાડનાર ચરિત્રગ્રન્થો છે. ચરિત્રોમાં તો વ્યવહારની કળાઓ પણ આવે છે; જે જાણનારો માણસ ઠગાય નહિ, અને જશ લઈને આવે. બાકી તો તે કાળના સુંદર રિવાજનો પરિચય, સંવેગ વૈરાગ્યની પ્રેરણાઓ વગેરે ઘણું ઘણું મળે છે. ચરિત્રો તો મોટી કોલેજ છે. માત્ર ચરિત્રોનો અભ્યાસ કરવો જોઇએ.

મદનલેખાના વિવેકી બોલ :— સખી મદનલેખા કુમારને વિવેકથી કહે છે, " મહારાજાના ચિરંજીવી! આપ ચિત્રના પ્રેમી છો તેથી ચિત્રની રાગિણી એવી રાજપુત્રી કુસુમાવલીએ મને ચિત્ર સાથે આપના કુશળ પૂછવા અર્થે મોકલી છે. તેમજ પોતાના જ હાથે પ્રેમપૂર્વક રોપેલ તાજી ઉગેલી પ્રિયંગુમંજરી, તથા નાગરવેલના તાજા પાનનું કિંમતી તંબોલ અને કંકોલીના નવાં ફળ,—આ બધું ઈષ્ટ-વિશિષ્ટને અપાય, સ્નેહીને અને ખાસ મોટા માણસોને ધરાય, અને આપ યોગ્ય છો એમ કહીને—મારી સ્વામિનીએ

આપને આ મોકલ્યું છે. એમાં આ ચિત્રમાં બતાવેલી રાજહંસી બિચારી આપનું દર્શનસુખ પામો.” એમ કહીને કુમારને બધું ભેટ કર્યું. કુમારે એ સહર્ષ સ્વીકારી, મંજરી કાને ચઢાવી, તંબોળ મોંમાં મૂકયું. હૃદયને ઈષ્ટ વ્યક્તિના આ ભેટણાં છે તેથી એને ખૂબજ આનંદ થાય છે; અને ચિત્રમાંની રાજહંસીને નિહાળે છે; તથા ગાથા વાંચે છે.

કુમાર પર અસર : પ્રભુનો સંદેશ કેટલા હર્ષથી ઝીલાએ ? :—પ્રિયાના હાથનું તંબોળ ચાવતાં કુમારનું મોં વિકસ્વર બન્યું છે. સાથે ગાથા વાંચી કામનો વિકાર પણ જાગ્યો છે તેથી હવે જે જવાબ આપે છે તેના શબ્દોમાં મોહનો આવેગ અને મધુરતા સ્ફૂરાયમાન છે. **અંતરના સ્નેહીની સામાન્ય પણ ભેટ આકર્ષક બને છે.** જાણો છો ને પરદેશ ગયેલા દીકરાનો કાગળ માતા કેટલા હર્ષથી અને કેટલી વાર વાંચે છે ? **નવી પરણેલી પત્નીને પિયરમાં મળેલો પતિનો પ્રેમ-સંદેશ કેટલો રોમાંચક બને છે ? આપણે પણ જો આ વિકરાળ વિશ્વમાં વિશ્વોદ્ધારક પરમકૃપાળુ પરમાત્માને પરમ સ્નેહી માનતા હોઇએ, આપણા હૈયે એમને એવું સ્થાન આપ્યું હોય, તો શાસ્ત્રમાંના એમના સંદેશને કેવી ઉત્કંઠ આતુરતાથી, કેવા અપૂર્વ આકર્ષણથી, અને કેટલા મહાન હર્ષથી ઝીલાએ ?** ધ્યાન રાખજો, આ તો સહજ વસ્તુ છે. એમ

બનવું જ જોઈએ; નહિતર અંતરના સ્નેહમાંજ ખામી સમજવી.

ઉત્તરમાં કુમારની ગુણગ્રાહિતા :—કુમાર કહે છે, " અહો ! ચિત્રની કેવી સુંદર કુશળતા ! પરંતુ આ ઉપર ગાથા કેમ લખી છે ? ખરેખર, ચિત્ર દેખતાં જ અવસ્થાનો બરાબર ભાવ જણાઈ આવે છે. તો ગાથા તો પુનરુક્તિ કરી રહી છે. "

" કુમાર મહારાજ ! એ ગાથા રાજકુમારીએ નથી લખી. એ તો ચિત્રનો ભાવ જોઇને મેં લખી છે; "—સખી બોલી. કેમ વારૂ ? સ્વામિની ઉપર આવેલા દોષને ટાળવા. સેવકો એનું નામ કે સેવ્યને જરાય કલંક ન લાગવા દે. સેવ્યનું જરાય હલકું ન દેખાવા દે.

જ્યારે કુમાર કહે છે. " એમ ? પહેલું લખેલું જોઇને સ્નેહી સ્વજને અવસ્થાનું અનુકરણ કરવું ઉચિત છે. " કુમારે સખીનો કેવો બચાવ કર્યો !

હંસવૃત્ત-કાકવૃત્ત :—કેટલાકમાં આ કળા નથી હોતી એટલે બચાવ કરે છે કે ' આપણે એવું સારું લખાડવાનું શીખ્યા નથી ! ' પરંતુ બિચારા સમજતા નથી, કે આ તો સજ્જનતાસૂચક મધુર અને ઉચિત વ્યવહાર છે, જે લોકપ્રિયતા ગુણ માટે જરૂરી છે. નહિતર જો સામામાં ખામી જ જોવાની હોય તો આપણા હૃદયમાં બીજાના માટે માન શું ? અરી રીતે ભૂલમાં

પણ બીજાનો બચાવ કરવામાં તો બીજાની પ્રવૃત્તિમાં ગુણ કયાં છે. તે શોધી કાઢવાની હંસવૃત્તિ છે. જ્યારે દોષ જ જોવાની વૃત્તિ તો કાકવૃત્તિ ગણાય. એ તો કહો કે આપણા હૃદયની વિશાલતા કયારે ગણાય? એમાં બીજાનું થોડું પણ સારું સમાય તો, કે ન સમાય તો? કોઇનું પણ સારું તત્ત્વ આપણા દિલમાં સ્થાન પામે તો હંસવૃત્તિ લેખાય, વિશાલતા ગણાય. નહિતર તો આપણને પૂર્વના પુણ્યે જરા બુદ્ધિની ચાલાકી મળી હોય તેથી, કે એથીય આગળ વધીને હૈયામાં ઇર્ષ્યા-મત્સરની આગ સળગી રહી હોય તેથી, જો બીજાના જીવનમાં કે કાર્યોમાં ખામીઓ શી છે તે જ શોધ્યા કરીએ, અને તેનાં જ દર્શન-ભાષણ કર્યા કરીએ. તો તો એ હૃદયની ક્ષુદ્રતા જ ગણાશે. કાકવૃત્તિ જ લેખાશે. કુમારે મદનલેખાનો એ ગુણ શોધ્યો કે સ્વજન-સ્નેહી તરીકે સખીના ભાવનું અનુકરણ કરવું ઉચિત જ છે, તેથી સખીના ચિત્રના ભાવને મળતી જ ગાથા લખી એમાં પુનરુક્તિ દોષ નથી, પણ સ્નેહનું દૃઢીકરણ કર્યું છે.

કેટલું કર્યું એની કિંમત નથી કેવું કર્યું એ મહત્વનું છે: કુમારની ચતુર ભેટ:— કુસુમાવલીએ તો ચિત્ર મોકલીને પોતાનો પ્રેમ અને ચતુરાઈ દેખાડી. પણ સિંહકુમારનેય પોતાનો અધિક પ્રેમ તથા કળા દેખાડવી છે; તેથી એણેય પાન કાતરવાની એક કાતર

માગી લીધી; અને એનાથી નાગરવેલના પાનમાં ઉત્તમ રાજહંસનું ચિત્ર કોતરી કાઢયું. પણ કેવો ? કુસુમાવલીએ મોકલેલ ઝુરતી રાજહંસીની કષ્ટમય દશાનું અનુકરણ કરતો, અર્થાત દુઃખથી ઝુરી રહેલો ! કળામાં કચાં એ ઉતરે એવો છે ? અને કળાકારને અમુક જાતના રંગો અને ચિત્રના તેવા ઉંચા કાગળ પીંછી વગેરે હોય તો જ કળા દાખવી શકે એવું થોડું જ છે ? **કળાબાજ તો રસ્તા પર પડેલા એક પાંદડામાંય કળાની કારીગરી ઉતારી શકે છે.** માટે તો કહેવત છે ને કે **'ઠોઠ નિશાળીયાને વતરણાં ઘણાં.'** પૂર્વના કાળે પુસ્તક સામગ્રી ઓછી હતી ત્યારે જ્ઞાન ઘણું હતું; કેમકે થોડી સામગ્રીમાં અંતરાત્મામાં પિંજણ ઘણું થતું હતું આજે સામગ્રી વધી ત્યારે જ્ઞાન ? શું પૂછવાનું હતું ? કહોને ઘટી ગયું. જ્ઞાન લાયબ્રેરીઓમાં પુસ્તકોમાં રહ્યું. જરૂર પડે ત્યારે રીફર (Refer) કરવાનું. પૂર્વે તો ગ્રન્થોના ગ્રન્થો મોઢે ! કંઠસ્થ ! કળા કે જ્ઞાન એમજ ખીલે છે. માટેજ જે કહેવાય છે કે ' It doesn't matter how much you do; it is worthwhile how you do it ' તમે કેટલું કર્યું એની કિંમત નથી. કિંમત તમે કેવું કર્યું, કેવી રીતે કર્યું એની છે. મેમાનને દસ ચીજ જમાડો પણ અપમાનભરી રીતે કે ઢંગધડા વિના, તો એની કિંમત નહિ, ત્યારે પાંચ ચીજ ઢંગથી જમાડો તો ઘણી કિંમત ગણાશે. એવી રીતે ઘણું બાબાની જે

કિંમત નથી, તે કિંમત સારી રીતે ચાવીને અને વિવેકથી ખાધાની કિંમત છે. નવકારવાળી સામાયિક ઘણાં આરાધે પરંતુ જો વેઠીયા વેડની જેમ, અને ચિત્ત બહાર ભટકતું રાખીને, તો એની મામુલી કિંમત. ત્યારે થોડું પણ આદરથી, વિધિથી અને એમાંજ સ્થિર ચિત્ત પરોવીને કરો, તો એની મોટી કિંમત છે. એવું જ જ્ઞાનમાં અને કળામાં છે. ઘણું વાંચી કાઢવા કરતાં થોડું પણ ખૂબ સમજી વિચારીને, વાંચવાની અને હૃદયસ્થ કરવાની મોટી કિંમત છે. એમાંથી જ્ઞાનાવરણનો જે ક્ષયોપશમ થાય છે, અસાધારણ જ્ઞાનની જે શક્તિ ખીલે છે, વિચારણા શક્તિની જે ખીલવણી થાય છે, એ એવા કિંમતી હોય છે કે એનાથી વસ્તુતત્ત્વનું જ્ઞાન સચોટ અને ઉંડું થાય છે, સ્થિર ટકયું રહે છે; તેમજ નવા જ્ઞાનની શક્તિ એમાંથી ખાલી ઉઠે છે. એથી પછી તો ઇસારો જ બસ છે. આગળનું જ્ઞાન બહુ સરળતાથી વ્યાપકરૂપે અને સંગીન કોટીનું પ્રાપ્ત થાય છે. આનો એ અર્થ નથી કે ઘણું ન વાંચવું કે ઘણું ન ભણવું. અર્થ એટલો જ છે કે ભણેલું – વાંચેલું એમને એમ પડી ન જવા દેવું, પણ ગ્રહણ કરવા તરફ લક્ષ રાખવું. **માત્ર જાડી બુદ્ધિએ ન વાંચતાં સૂક્ષ્મ મતિથી તર્ક-યુક્તિ-હેતુ વગેરેના ઉપયોગ સાથે વાંચવું. ટૂંકમાં કહેવાનો સાર એ છે કે સારું કામ સંગીન રીતે અને સહૃદયતાથી કરવું.** એનોજ એ મહિમા સમજો કે માત્ર થાળી ખીરના દાનમાં આભીરપુત્ર

મહાપુણ્યશાળી **શાલિભદ્ર** બની મહાત્યાગનું પરાક્રમ કરી શક્યો ! માત્ર પાંચ કોડીના ફૂલની પૂજામાં અઢાર દેશના માલિક બનીને રાજા **કુમારપાળે** પરમ આર્હંતપણું ખીલવ્યું અને મહાન શાસન પ્રભાવના કરી ! 'ઉપશમ-વિવેક-સંવર'-માત્ર ત્રણ પદ સાંભળ્યા ઉપર ખૂની લૂંટારા **ચિલાતીપુત્રે** મહાબોધ મેળવી મહાત્મા સાધુપણું કેળવી ઘોર ઉપસર્ગ સહ્યો. કેવો ? આખુંય શરીર કીડાઓથી આરપાર વીંધાઈ જતાં, એની કારમી વેદનાઓ અઢી દિવસ સુધી ખૂબજ સમભાવે સહવાનો ! ! વાત એકજ છે, સારું કરો પણ તે દિલ દઈને કરો, ઢંગસર કરો.

આપઘાતમાં મૂર્ખાઈ :-સિંહકુમારે વળતાં રસ્તાના પાંદડા પર કળા તો કરી દેખાડી, પણ પાછો પ્રેમ દેખાડવા પાંદડા પર એક ગાથા લખી. એમાં ભાવ એ બતાવ્યો કે આ વિરહથી વિધુર રાજહંસ સમજે છે કે **"મરી જવાથી કાંઈ પ્રિયાની પ્રાપ્તિ નહિ થાય, તેથી જ મહાસુશ્કેલીએ (પ્રિયા મિલનની આશામાં) પોતાના પ્રાણ ટકાવી રહ્યો છે."** અર્થાત્ રાજહંસી તો પ્રિયવિરહના દુઃખમાં માત્ર ઝુરી રહી છે, ખાતી પીતી નથી, પરંતુ દુઃખી રાજહંસ તો જીવી જ શકે એમ નથી, એ તો આપઘાત કરવા જ ઇચ્છે છે, તૈયાર પણ છે, કિંતુ એક વાત જાણે છે કે એય મરવાનું શા માટે કરવું ? શું એથી પ્રિયા મળે ? ના, ઉલટું નિશ્ચિતપણે પ્રિયા ન મળે. તેથી જ જાણે મરવાના રૂપે જીવી રહ્યો છે. એમાં ડહાપણ છે ને ? આવેશમાં આપઘાત

કરી નાખવો સહેલો છે, પરંતુ પછી શું ? એથી કાંઈ કાર્ય સિદ્ધ થાય ? એથી બગડેલું સુધરે ? કેટલાક કહે છે કે 'પણ પછી આપણે જોવું'ય નહિ ને રોવું નહિ.' પરંતુ આ એમની અજ્ઞાનદશા અને અવિવેક છે. કેમકે દુર્ધ્યાનમાં મર્યા પછી દુર્ગતિમાં જવાનું. અને ત્યાં દુઃખની ભયંકરતા કેવી ? રોવાનું શું, મહારોવાનું કરાવે એવી ભયંકરતા ! બે નુકશાન, એક તો અહીંનું કાર્ય સિધ્યું નહિ, ને ૨. પરલોકમાં મહાત્રાસ ! અહીં માનો કે કોઈ કાર્ય બગડી ગયું, જગતમાં કોઈ અપકીર્તિ થઈ, છતાં જો જીવતા હોઈશું તો કંઈક પણ સારું કરવાનો અવકાશ રહેશે, એથી પેલા બગડેલાની નુકશાની અને આબરૂ પાછી વળવા સંભવ છે; અગર એથીય વધુ સારું કાર્ય થશે, પાછી વધુ યશ કીર્તિ સંગૃહિત થશે. ત્યારે મર્યામાં તો અપકીર્તિ હંમેશ માટે એમ જ ઊભી રહી. માનવજીવનનાં મહામૂલ્ય સમજવાં જોઈએ. આત્મહત્યા વગેરે સાહસ કરવામાં મહામૂર્ખાઈ છે. **ખરી રીતે કાર્ય બગડવાથી અંતરમાં થતા અસહ્ય પશ્ચાત્તાપનો પ્રતિકાર એ છે કે હવે વધુ સારા થવા માટે, ને વધુ સારું કાર્ય કરવા માટે ખૂબજ ઉત્સાહ અને જોમ વધારવા.** આત્મહત્યા કરવાથી જેમ અહીંનું બધું ગુમાવવાનું થાય છે, એમ જીવીને સમસ્ત સંસારનો ત્યાગ કરવાનું બળ અને ઉદ્યમ કેળવવાનું શકય રહે છે.

બડાઈ કે આશ્વાસન ? :—કુમારે આ વિવેક દાખવી બતાવ્યો કે રાજહંસને આત્મઘાત પછી પ્રિયા ન મળે, માટે

એ જીવતો રહેશે તો કયારેય પણ એ મળવાનો સંભવ છે, એ વિચારથી જીવી રહ્યો છે. બાકી એમ જીવવામાં પણ એના દિવસ પ્રિયાના વિરહ દુઃખની આગમાં મહામુશ્કેલીએ પસાર થઈ રહ્યા છે. કુમારે કેવો પ્રેમ દેખાડ્યો! કુમારી પણ સમજી જાય કે મારા કરતાં તો એ વધારે ઝૂરે છે. એમ સમજાવવામાં પણ, ધ્યાન રાખજો કે, પોતાની બડાઈ ગાવાનો કે વધુ ડહાપણ દેખાડવાનો ઉદ્દેશ નહિ, કિન્તુ સામાને આશ્વાસન આપવાનો ઉદ્દેશ જણાય છે. **સુજ્ઞ અને સહૃદય આત્માઓ જ્યાં ત્યાં અને જ્યારે ત્યારે શાબાશીના ભૂખ્યા નથી હોતા; સામાને સુખી કરવાના ઇચ્છુ હોય છે.** કેમકે એ શાબાશીને તુચ્છ ગણે છે. શાબાશીમાં કોઈ મોટી સિદ્ધિ નથી માનતા. પરોપકારમાં મહા સિદ્ધિ માને છે. એટલે જ સુજ્ઞ પુરુષો જે કાંઈ સારું કાર્ય કરે છે તેનો બીજાઓ સારામાં સારો લાભ કેમ ઉઠાવે એ જોનારા હોય છે. માટે જ પૂર્વે જમણ કરનારાઓ ભજીયા-કઢીયા અને આડંબરી પકવાન્ન જમાડવા કરતાં નક્કર ઘી-દૂધનો માલ જમાડવાનું પસંદ કરતા. શાબાશી વધુ કયાં મળે? કહો તીખા ટેસ-મસાલામાં! પણ એવી ખોટી શાબાશીના એ ભૂખ્યા નહિ. એ તો વિચારતા કે આપણા પૈસાના પૈસા જાય અને લોક બિચારું કાંઈક શક્તિ પામવાને બદલે માંદુ પડે એવું શા માટે કરવું?

શાબાશી લેવાની ભૂખ બહુ ભૂંડી છે. સારામાં સારા કાર્યને કે ઊંચામાં ઊંચી સાધન સામગ્રીને એ બગાડીને

વેડફાઈ નખાવે છે; અને સાથે જરૂર પડચે દંભ પણ ખેલાવે છે. વિચાર તો એ કરવો જોઈએ કે આ શાબાશી તો જાપાનીસ રમકડા જેવી અતિ તકલેદી છે; અને પાછી તુચ્છ છે. એ મેળવીને શો દિ' વળ્યો ? શાબાશીની ભૂખ ઓછી થાય અને પરોપકારની ભૂખ વધે તો જ (૧) અહીં મળેલી નાની કે મોટી **સામગ્રીનો સુંદર સદુપયોગ** દ્વારા સફલતા કરવાનું બની આવે. (૨) શાબાશી તરફ બેકાળજી રહે તો **આત્માના ગુણો મેળવવા**–ખીલવવા તરફ કાળજી જાગે અને એ માટે જ ઉદ્યમ થાય. (૩) દુનિયાની શાબાશીની કોડીની કિંમત મનમાં વસે તો જ એવી શાબાશી પાછળ કરાતા **કાળાં કામોથી બચાય** કે એની પૂંઠે ખર્ચાતી **અઢળક લક્ષ્મી, અઢળક શરીરશક્તિ,** અઢળક પુણ્યાઈ અને અમૂલ્ય **સમય વેડફાઈ જતા અટકાવાય.** એની પાછળ હૃદયમાં **મલિન વૃત્તિઓ ભરવાનું અડકાવાય.**

કુમારની કદરદાની :–કુમારનો ઉદ્દેશ કુમારી આગળ શાબાશી લેવાનો નહિ, પણ એના સંતપ્ત હૃદયને આશ્વાસન આપવાનો છે. કોમળ હૃદયના આત્માને સામાના દુઃખ જોઈને હૈયે મથામણ થાય છે, એટલું જ નહિ પણ એ દુઃખને દૂર કરવા શકય પુરુષાર્થ પણ એ સહેજે કરે છે. નહિતર પોતાનો માલ પોતાની પાસે, અને સામા ઉપર એકલી હમદર્દી ચિંતવવી એનો શો બહુ અર્થ છે ? એમાં કાંઈ હૈયે કુણાશ નથી આવતી. કુમાર કોમળ છે તેમ કદરદાન

પણ છે. કુમારીનો કિંમતી સંદેશો લાવનારી સખીને પોતે પોતાના ગળામાંથી મોંઘી મોતીની માળા કાઢીને ભેટ આપી.

વહાલી કરેલી લક્ષ્મી પરભવે ય કયાંથી જ પવા દે ?:—મુખ્ય વસ્તુની મોટી કિંમત સમજાયા પછી, હૃદયમાં કૃતજ્ઞતા હોય તો આ સહેજે બને છે. ઘણી ઝંખનાઓ પછી જન્મેલા પુત્રની જન્મ-વધામણી લાવનારને મોટું ઇનામ આપવાનું બને છે ને ? પૂર્વે મંત્રી વસ્તુપાલ જેવા મહા-શ્રાવકો ગુરુઆગમન, મંદિર નિર્માણ, વગેરે વધામણી ઉપર મોટાં મોટાં ઇનામ આપતા. અરે ! દેવ કે ગુરુના કોઈ માત્ર ગુણ ગાતો આવે, એને ય લક્ષ્મીથી નવરાવી દેતા. તીર્થંકર દેવના આગમનની વધામણી સાંભળી રાજા મહારાજાઓ લાખો કરોડોના ઇનામ આપતા. શું રહસ્ય છે આ બધા પાછળ ? એજ કે **મુખ્ય વસ્તુ દેવ-ગુરુની પોતાને મન ઘણી મોટી કિંમત છે. એટલી મોટી કિંમત કે એમની આગળ લક્ષ્મી કિંમત વિનાની લાગે છે. ત્યારે આત્મા ઊંચો ય તો જ આવી શકે ને ? પૈસાને કિંમતી ગણ્યા કરે, લક્ષ્મીને વધુ વહાલી કર્યા કરે, એને અહિં તો શું, પણ પરભવેય લક્ષ્મી કેમ જંપવા દે ? અર્થાત્ કયાંથી દેવગુરુ ધર્મમાં ઠરવા દે ?**

ત્રિપુટી માટે ત્રિપુટી કાઢો:—**જિનમાં ઠરવું હોય તો સંપત્તિ-પરિવારરૂપ જગતને કિંમતી ન ગણો. ગુરુમાં ઠરવું હોય તો પોતાના ગૌરવને તુચ્છ ગણો. ધર્મમાં સ્થિર થવું હોય તો દુન્યવી ધાંધલને કિંમત વિનાની ને અસાર સમજો.**

કુમારનો સંદેશ :—કુમારે મોતીની માળા અને રાજહંસનું પત્તું આપતાં જરા મોં મલકાવીને કહ્યું કે તમે કુસુમાવલીને આ પ્રમાણે કહેજો કે ' અમને ચિત્ર ઉપર દૃઢ પ્રેમ છે; અને તમે તે સમજી ગયા છો. તેમ અમને પણ તમારી ચિત્રકુશળતા પસંદ પડી છે. તો વળી ફરીથી આજ પ્રમાણે ચિત્રપ્રેમીજનને પોતાની ચિત્રચતુરાઈની વિશેષતાથી આનંદિત કરશો. ' કેવી કદર ! કેવો વિવેક ! કુમારીના ચિત્રની કદર કરી; ને ફરી ચિત્ર મોકલવાનો વિવેક દાખવ્યો. પાછી કહેવા કહેવાનીય ખૂબી છે. ' ચિત્ર મોકલતા રહેજો ' એમ કહેવું એ કંઈક ઓર્ડર જેવું છે. હુકમરૂપ છે, એમાં અભિમાન દેખાય છે. ત્યારે ચિત્રથી આનંદિત કરતા રહેશો એમ કહેવામાં વિનય-નમ્રતા, અને વિવેક જણાય છે, વળી એ પણ વિવેક બતાવ્યો કે ગાથામાં હંસની અવસ્થા બતાવી. પણ શબ્દથી પોતાનો રાગ કે ઝૂરવાની દશા ન કહી. ' અમને તમારા પર ઘણો રાગ છે. તમારા વિના અમે ય ઝૂરીએ છીએ ' ઇત્યાદિ ટાયલાં કુમારે ન દેખાડ્યાં. વિવેક એનું નામ છે કે અંતરના ભાવ યોગ્ય રીતમાં યોગ્ય શબ્દોમાં ગૂંથી લેવાય, પણ સ્પષ્ટ નાનકડા શબ્દોમાં કહેવાય નહિ. ત્યારે વળી કુમારે ચિત્ર મોકલવાનું કહ્યું પણ દર્શન દેજો એમ ન કહેવરાવ્યું ! આવી બધી મર્યાદાઓ, વિનય અને વિવેક આજે કોણ ભણાવશે ? એવા વિવેકમાં ડહાપણ પણ છે. કેમકે નથી ને સામી વ્યક્તિ પોકળ નીકળી અને અહિંથી પ્રેમ તોડી બીજે કર્યો, અગર તો સંદેશો લઈ જનારે બીજાની આગળ વાત મૂકી, તો પણ વિવેકી સંદેશ મોકલનારને બનવાનું થતું નથી; હલકા પડવાનું થતું નથી.

રાજકુમારને સખી ચિત્ર લઈને વિનયથી કહે છે કે 'જેવી મહારાજાના ચિરંજીવીની આજ્ઞા.' એમ કહીને કુમારને પ્રણામ કરી ત્યાંથી એ કુમારી પાસે જાય છે. અહીં એ જુઓ કે વિનય-મર્યાદા કેવી! **સામાના આદેશને આપણે મનમાં ગમે તેટલો ઝીલ્યો હોય; છતાં એ મર્યાદાની રૂએ શબ્દથી કહી બતાવવું જોઈએ કે 'જેવી આપની આજ્ઞા!'** સાધુનેય ગુરુનો આદેશ 'તહત્તિ' કહીને સ્વીકારવાનો હોય છે. નહિતર ભલે કદાચ પોતે આદેશ મુજબ કાર્ય કરી આવવાનો હોય, પણ તહત્તિ ન કહે તો નમ્ર નહિ ગણાય. સામાને શી ખબર પડે કે આ કાર્ય કરી આવશે? એ તો એમને કહી બતાવ્યું હોય કે 'ભલે જેવી આપની આજ્ઞા.' તો જ એ નિશ્ચિન્ત રહી શકે.

ઘરમાં દેવતા નીચે ઊતરે:—જે ઘરોમાં બચ્ચાને નાનપણથી આવી ઝીણી ઝીણી બાબતો પણ ખૂબ ધ્યાનપૂર્વક શિખવવામાં આવે છે, એ ઘરના વ્યવહાર જુઓ તો જાણે દેવતા નીચે ઊતર્યા જેવું લાગે! દેવતા નીચે ઊતર્યા એટલે? એ કુટુંબીઓ ઉમદા દેવ જેવા હોય. નાના બચ્ચા ય દેવ! બચ્ચાને શું? એને તો જેમ શિખવો તેમ શીખે, જેમ વાળો તેમ વળે. માત્ર આપણે પોતે પણ અમલની કાળજી રાખવી ઘટે. પછા પોતાની પ્રત્યે નાનાની વિનંતિ હોય તો એનેય

શબ્દથી કહેવાય કે 'ભલે જેવી તારી ઇચ્છા'! અગર 'ભલે, જોઇશું' **અન્યોન્ય પ્રત્યે આ અને બીજા મહાવિવેક અને સૌજન્યભર્યા વ્યવહારોના બચપણથી શિક્ષણ આપ્યા હોય તો તો આગળ ઉપર દેવ-ગુરુ-ધર્મ તરફ સુંદર રીતે ઢળવાનું ય સુલભ કરી આપે છે.** તેથી એ કુટુંબોમાં કલેશ નહિ કંકાશ નહિ, અશાંતિ નહિ! એવા એવા સારા વ્યવહારોમાં તો કેટલીય બાબતો આવે છે! દા. ત. જરાક પણ કષ્ટમાં બીજાને આશ્વાસન આપવાનો વ્યવહાર; તે પણ શબ્દથી અને અમલથી એવી રીતે બીજાના ગુણની પ્રશંસા કરવાનો વ્યવહાર. એના દોષ ખમી ખાવાનો અને ઢાંકવાનો વ્યવહાર. કદીય એની નિંદા ચાડી ચુગલી વગેરે નહિ કરવાનો વ્યવહાર. નાનો છોકરો મોટા છોકરાની નિંદા કરતો આવે, તો ઝટ મા એને દબાવે કે 'નિંદા કરે છે? ના કરાય. એથી મોં ગંધાય. પાપ લાગે!'

ભલભલાને વશ કરવાનો મંત્ર:—કુમારીની સખી 'જેવી આપની આજ્ઞા'નો શિષ્ટ વ્યવહાર કરવા સાથે કુમારને પ્રણામ કરીને નીકળી. આ પ્રણામ એ પણ એક ઉત્તમ વ્યવહાર છે. નાનો બહાર જાય ત્યારે વડીલને નમીને જો જાય તો એ વડીલની અદબથી ઉન્નતિ કરવાનું કરી શકે છે. ઘરની આબરૂ વધે છે. વડીલના દિલમાંય પ્રેમ વધે છે. ત્યારે પૂછોને કે વડીલ શું માનના ભૂખ્યા છે? એનો ઉત્તર એ છે કે ના, એમાં માનાકાંક્ષાનો સવાલ નથી પણ વડીલને હર્ષ એ થાય છે કે 'અહો! આ નાની પ્રજા વિનય મર્યાદાનું જો

ઠીક પાલન કરે છે, તો આગળ સારી વધી શકશે; એથી એ ભવિષ્યમાં સારી સુખી થશે.' કેમકે **વિનય તો જીવતું જાગતું વશીકરણ છે. વિનય એ ભલભલાને વશ કરવાનો કળિકાળનો એક જાગતો મંત્ર છે.** મોટા થયેથી બધે વિનયથી વર્તે તો માણસ આવકાર પામે, સહાય પામે, યશ પામે છે. ઉદ્ધત તો દિલથી બિચારો જ્યાં ત્યાં ફિટકાર પામવાનો. કદાચ શબ્દથી નહિ તો 'હટ હટ' થવાનો. વડીલ પ્રત્યેના વિનયમાં ઉંમરનો કે હોદ્દાનો સવાલ નથી. બાપ બે ચોપડી જ ભણ્યા હોય, અને દીકરો બેરિસ્ટર થયો હોય, તો પણ એણે બાપનો વિનય ઠેઠ સુધી જાળવવાનો. તો જ પોતાના છોકરા પણ પોતાનો વિનય શીખશે અને પાળશે, તેમ પોતાને બાપનો પણ પ્રેમ અને આશીર્વાદ મળશે. જાણો છો ને પેલા વકિલની દુર્દશા ?

વકીલનું દૃષ્ટાન્ત:—એક બાપે જાતે કષ્ટ વેઠી વેઠીને પુત્રને ઠેઠ વકીલાત સુધી ભણાવ્યો. પણ શિક્ષણ આજનું ને ? તે એમાં વિનય શાનો શીખવા મળે ? દીકરો વકીલ તો થયો; પણ સાથે અભિમાની થયો. વિચારે છે કે મારા બાપ બિચારા ત્રણ ચોપડી ભણેલા અને હું એટલે એલ. એલ. બી. ? શું ? એ એલ. એલ. બી. કે છોલેલ બી ? બીને છોલી નાખો એટલે થઈ રહ્યું; સારો પાક કરવાની લાયકાત ગઈ એમાંથી ! ડાંગરનો પાક ચોખા વાવવાથી થાય કે વગર છોલેલી ડાંગર વાવવાથી ? **એમ ગર્વિષ્ઠ અને સ્વાર્થાંધ બનેલા ભણેલા પણ માણસો સારું સર્જન કરવા**

માટે નાલાયક બને છે. નહિતર વિદ્યા તો આશીર્વાદ છે, પરંતુ આવાને પનારે પડેલી વિદ્યા શ્રાપરૂપ બને છે. છોકરો ગમે તે માને પણ બાપ ડાહ્યો માણસ છે, તે પ્રેમથી એની ઑફિસનું કેટલુંક કામકાજ પોતે સંભાળી લઈને એને રાહત આપે છે, તેમ ગુમાસ્તાના ખર્ચમાં બચાવ કરાવે છે. દીકરો ત્યારે, અભિમાનીની જેમ સ્વાર્થસાધુ છે, એટલે એને શું ? એણે કયાં કહેવું છે કે ' બાપુજી ! આપ તકલીફ ન લો. આપ હવે વિશ્રાન્તિ ભોગવો. બધું થઈ રહેશે ? ' એક વાર બન્યું એવું કે બાપ ઑફીસમાં છે ત્યાં આ વકીલને કોઈ યુરોપિયન મળવા આવ્યો. એને બિચારાને શી ખબર, કે આ બુઢ્ઢો આનો બાપ છે ? તે એણે તો વાત પર વાત નીકળતાં મિત્રભાવે પૂછ્યું કે.

" Why have you engaged such a wavering old man as a servant ? " અર્થાત્ ' શા માટે તમે આવા ધ્રુજતા બુઢ્ઢાને નોકર તરીકે રાખ્યો છે ? શું બીજા જુવાન ચપળ નોકર નથી મળતા ? "

આપણો વકીલ એમ સમજે છે કે બાપ કયાં એવું ખાસ અંગ્રેજી જાણે છે; અથવા બાપ એના કામમાં છે તે કયાં આ સાંભળે છે ? તેથી જવાબમાં કહે છે,

' He is well Serving ! ' અર્થાત્ એ નોકરી સારી બજાવે છે, તેથી રાખ્યો છે.

જોયું ? આ તે દીકરો કે દી' ફરેલો ? બાપ તો સાંભળીને સજ્જડ થઈ ગયો. ' જીવનભર કષ્ટ વેઠીને

દીકરાને આગળ વધાર્યો, એનો આ બદલો ?' એમ વિચારતાં એને એવો તો ગુસ્સો ચઢ્યો કે દીકરા તરફ એ ગાજી ઉઠ્યો.

'You my wife's insect ! don't you feel ashamed to call your father a servant ?' અર્થાત્ 'અરે મારી પત્નીના કીડા ! બાપને નોકર કહેતાં તને શરમ નથી આવતી ?'

વકીલને તો ભોંય ભારે થઈ પડી. મોં એવું કાળું પડી ગયું કે પેલા યુરોપિયનની સામે કે બાપની સામે શું ઊંચું રાખી શકે ? આ મારા પિતા છે એમ યુરોપિઅનને ન કહેવામાં એણે જશ લેવાનું માન્યું તો ભારે દુર્દશા થઈ. આજના ભારતવાસીઓના મનમાં આ એક ભયંકર ભૂત પેઠું છે કે યુરોપિયનો, અમેરિકનો વગેરે, એ બધા મોટા માણસો ! એમની રીતભાત, કેળવણી, સંસ્કૃતિ— બધું ઊંચું અને અનુકરણીય ! એમ માનીને પછી એ બધાને કેળવનારી મૂળ મહાસંસ્કૃતિ જે આર્યસંસ્કૃતિ એને હલકી ગણવા મંડ્યા ! પશ્ચિમનું બધું સારું સમજવા લાગ્યાં ! પશ્ચિમના માણસોની આગળ જશ લેવાની ભૂખ લાગી. 'અરે ! ભલા માણસ એ તો જો કે એના જશમાં ઢિ' શો વળ્યો ? શું એ હજારો લાખોની સંખ્યામાં તમારો ધર્મ, તમારી સંસ્કૃતિ માનતા થયા ? તમારા આચાર પાળતા થયા ? કે ઊલટું આ બહાને ખ્રિસ્તી ધર્મને વધુ વેગવંત બનાવનાર થયા ? પરદેશી બ્રિટિશ અમલ કરતાં આજે

ઘરના રાજ્યમાં ખ્રિસ્તીઓના મિશનો લગભગ બમણા થઈ ગયાં. ખ્રિસ્તીઓની સંખ્યા પણ વધી ગઈ. આ વેગ કેટલો આવ્યો ? કહો એક કારણ આ, કે પશ્ચિમનું બધું આપણા કરતાં સારું અને ઊંચું છે એવો ભ્રાન્તિભર્યો ખ્યાલ ભારતના મગજ પર પોષાયો. પરંતુ એમાં ભારત અધઃપતનના માર્ગે જઈ રહ્યું છે. ડાહ્યા માણસે એવા મોહ છોડી દેવા જોઈએ. વકીલે યુરોપિયનને સારું લગાડવા એના જવાબમાં બાપને નોકર તરીકે ઓળખાવ્યો તો બિચારાની દુર્દશા થઈ.

કુસુમાવલીનું વશીકરણઃ—આપણી વાત શી હતી ? ગમે તેટલું ભણેલા છતાં અને ગમે તેટલા મોટા થવા છતાં વડીલનો વિનય ન ચૂકવો. વકીલે જો વિનય સાચવ્યો હોત તો યુરોપિયનને કહી શકત કે " આ તો મારા પિતાજી છે. એ એટલા બધા ભલા છે કે હજી પણ મારી ખૂબ ચિંતા રાખે છે " વગેરે કહીને યુરોપિયનને પિતા તરફ બહુમાનવાળો કરી શકત. પણ આધુનિક શિક્ષણમાં આ વિનય લાવે ક્યાંથી ? મદનલેખા સખીએ નીકળતી વખતે પણ વિનયથી કુમારને પ્રણામ કર્યા; અને નીકળીને પહોંચી રાજપુત્રી કુસુમાવલી પાસે. પહેલાં તો એને બધી હકીકત કહી, અને પછી રાજહંસની કળાવાળું પાન આપી ને કુમારનો સંદેશો કહ્યો. રાજકુમારીને હવે આનંદનું પૂછવું જ શું ? કુસુમાવલીએ સંદેશો સાંભળ્યો; પાનમાં કોરી કાઢેલ ઝૂરતો રાજહંસ જોયો; અને ઉપર વળી ગાથા વાંચી. એથી એણે કોઈ અવર્ણનીય આનંદ અનુભવ્યો. પ્રિયતમની આ ભેટ, આ

સંદેશો, અને આ દિલ, એ ત્રણેએ એના હૃદયસાગરને વલોવી નાખ્યો. શું બહુ માલ હતો એમાં ? પણ કહો કે જેને જેના પર રાગ, એને એની વસ્તુ ડોલાવી નાખે. પરમાત્મા પર અનન્ય રાગ ભક્તને પરમાત્માની મૂર્તિ જોતાં ડોલાવી નાખે છે. રાજકન્યાને એમ થયું કે " અહો ! હું તો સમજતી હતી કે હું જ એકલી પ્રેમમાં ઝૂરી રહી છું. પણ આ તો એ વધારે ઝૂરી રહ્યાનું સૂચવે છે. પાછા એ કેવા ઉત્તમ કળાકાર ! કેવા કદરદાન ! **અરેખર ! મહાન પુરુષોનાં દિલ મહાન હોય છે.** આ મારા મહદ્ ભાગ્યની નિશાની છે. " કુમારીનું હૃદય કુમાર તરફ ખૂબ જ આકર્ષાઈ ગયું. હવે તો જબરું વશીકરણ થઈ ગયું; તેથી રાજકુમારની પાસે રોજ વિદ્યાધરી, ચકવાકી, ભમરી વગેરેના ચિત્રો દોરી દોરીને મોકલે છે; અને કુમાર પણ સામા ચિત્ર મોકલે છે. એમ કરીને પ્રેમની વૃદ્ધિ કરી રહ્યા છે.

મર્યાદાના ઉલ્લંઘન : સહશિક્ષણ : સહવિહરણ :— અહીં પણ બંનેની મર્યાદાબદ્ધતા ખાસ ધ્યાનમાં રાખવાની છે. પરસ્પરને ચિત્રો મોકલે છે, પણ કદી મળવાનું નથી કર્યું. આજના સહશિક્ષણ અને સહવિહરણમાં કયાં છે આ મર્યાદા-બદ્ધતા ? તો શું આજની વિપરીત પદ્ધતિના નુકસાન અજાણ્યા છે ? જૈનની છોકરી ખ્રિસ્તીને પરણી ગઈ ને ? વ્યભિચારના પાપ વધી ગયા ને ? કહે છે ને કે કેટલાય કૉલેજિયન યુવક યુવતીઓ સંતતિ-નિયમનનાં સાધનો વાપરે છે ? શા માટે ભાઇ ? શું સંતતિનું પ્રમાણ ન વધારવા

કે વ્યભિચાર છૂપાવવા ? સેવાનો આશ્રમ કેમ સંકેલી લેવો પડ્યો ? કેટલીક છોકરીના લગ્નો માબાપને કેમ એકદમ ઉતાવળથી લેવા પડે છે ? જાતીય વૃત્તિ કેમ નાનપણથી જાગવા માંડી ?....આ બધાના શા ઉત્તર આપશો ? શું આ બધું તમને પસંદ છે ? આમાં ઉન્નતિ માનો છો ? આ દિવ્યતા છે કે પશુતા ? જરા થોભો, વિચારો, આંધળીયા ન કરો. જગત ગાંડું થયું છે; તમે તો આર્ય છો, જૈન છો તો એની પૂંઠે ઘેલા ન થાઓ, કલ્યાણકારી મર્યાદાઓના પુનરુદ્ધાર કરો, એમાં જ આત્માનાં તેજ વધશે. મર્યાદાભંગમાં તો આત્માનાં નૂર હણાઈ જાય છે. નાની પ્રજાને ભલે ન ગમે, પણ આર્ય વડિલોની ફરજ છે કે એમણે એને ઠેઠ બાલપણથી મર્યાદાબદ્ધ અને શિસ્તબદ્ધ રાખવી. તો જ ભારતનું ભાવી ઉજળું બનશે.

સગપણ : લગ્નના આદર્શ શા ? :—કુમાર–કુમારિકા પરસ્પરને ચિત્રો મોકલે છે પણ મળવા કરવાનું નથી કરતા. એ એમની મર્યાદાબદ્ધતા છે. કેટલાક દિવસ વિત્યા પછી રાજા પુરુષદત્તની માંધી માગણીને અનુરૂપ રીતે લક્ષ્મીકાન્ત રાજાએ પોતાની કન્યા કુસુમાવલી સિંહકુમારને ઘેરે આપી. એના સમાચાર પ્રિયંકરા દાસીએ કુસુમાવલીને આપતાં એના અવયવોમાં પ્રસરેલી આનંદની ઝણઝણાટીથી અત્યંત રોમાંચ વિકસ્વર થઈ ગયા, અને હૃદયમાં નરરત્નનો જીવનસંબંધ મળવા પર મહાન આનંદ છવાઈ ગયો. આવા સગાઈના સંબંધમાં પણ એ સમજવાનું

છે કે ઉત્તમ આત્માઓ કામસુખને મુખ્ય ઉદ્દેશ ન બનાવતાં, એ મનોરથ સેવે છે કે "ચાલો, ઉત્તમની સાથે સંબંધ બંધાતા આપણે સદ્‌ગુણ અને સુકૃત પામીશું. સાથે સુયોગ્ય આત્માની સેવા કરવાનું, એમની આજ્ઞાને બદ્ધ રહેવાનું અને એમની સાથે માનવ જીવનના મહાન કાર્યો બજાવવાના દુર્લભ અને કીંમતી લાભ પામી શકીશું." આવા મુખ્ય ઉદ્દેશના હિસાબે સગાઈ-સંબંધનો આનંદ હોય છે. તેથી એ જીવનમાં એ પ્રમાણે અમલ કરી શકે છે. નહિતર તો રંગરાગ અને ભોગના મુખ્ય ઉદ્દેશના હિસાબે તો કેવળ એમાં જ મસ્ત થઈ જાય. **સગપણ-લગ્નના ઉત્તમ આદર્શના પ્રભાવે જ પશુસંબંધ કરતાં માનવસંબંધ વિશેષતાવાળો બને છે.**

લગ્ન:—અહીં બંનેના સગપણ થયા પછી તો બંને રાજાએ મોટાં વધામણાં ઉજવ્યાં; એમ અર્થીજનોને સારૂં દાન, વાજિંત્રોના નાદ અને લોકના મનને અતિશય આનંદ પ્રવર્તે છે. લગ્નનું મુહૂર્ત લેવામાં આવ્યું; અને દિવસ નજીક આવતાં એના મોટા ઉત્સવ મંડાયા. એમાં પણ અર્થીજનોને ખૂબ દાન આપવામાં આવ્યું! **સુખી માણસોના આનંદ-ઉત્સવ દુઃખીને પણ આનંદ ઉપજાવનારા બને છે.** એજ સુખીના સાચા પુણ્યની વિશેષતા છે, બલિહારી છે. નહિતર પોતે અને પોતાના સ્નેહીસ્વજનોએ મજા ઉડાવી એમાં શી મોટી બહાદુરી કરી?

ઉદારતા કેળવવા શું કરવું?:—ખરી રીતે, (૧)

માણસે, પોતાની જે દુઃખમય સ્થિતિ હોય તો કેવી દુર્દશામાં હોય અને સુખીઓના સુખની લૂંટ વખતે કેવી આશા ધરતો હોય, એનો વિચાર કરવો જોઈએ.

(૨) વળી દુઃખીના હૃદય ઠાર્યાથી એ જે હૈયાના આશીર્વાદ વરસાવે છે, દુઆ દે છે, એની ભારે સારી અસર પડે છે. એ બાબતની પાકી શ્રદ્ધા જોઈએ.

(૩) તેમજ, દુન્યવી કાયદાથી ભલે પોતાના ધનમાલ ઉપર ગરીબ માણસોના હક-અધિકાર ન હોય. પરંતુ આધ્યાત્મિકતાની રૂએ ગરીબોનો પણ ખાસ હક છે એવી સચોટ માન્યતા જોઈએ.

(૪) ' ધન દીધાથી વધે છે, ખાધાથી નહિ, ' એ વસ્તુ પણ આંખ સામે તરવરતી રહેવી જોઇએ.

(૫) લક્ષ્મીનાં ત્રણ પરિણામ :—દાન ભોગ અને નાશ,—એમાં શ્રેષ્ઠ દાન છે. ભોગ નહિ, એ બરાબર સમજી રાખી મોક્ષાર્થી જીવ શ્રેષ્ઠ માર્ગ કદી ન ચૂકે એ ધ્યાનમાં રહેવું જોઈએ.

(૬) દુનિયામાં કે ઇતિહાસમાં પણ નામના ભોગીની નહિ પણ દાનીની થાય છે, ત્યાગીની થાય છે, એ જરાય ભૂલવા જેવું નથી.

(૭) ભોગમાં પુદ્ગલ પુષ્ટ થાય છે, દાનમાં

આત્મા, આ વિવેકનો દીવો પણ સદા હૈયામાં પ્રકાશ પાથરતો રહેવો જોઈએ.

આવા આવા મુદ્દાઓ વિચારીએ તો દાન કરવું કાંઈ કઠીન નથી. એટલું જ નહિ પણ વાત વાતમાં દાન પહેલું, એવું વ્યસન લાગી જાય છે. ઉદારતા કેળવવા માટે એ મુદ્દા ખૂબ જ મન પર લેવાના છે. લેનારામાં કદાચ તેવી લાયકાત ન પણ હોય, કિન્તુ.

(૮) ૧. સાફ દિલે દેનારાનું હૃદય તો ગુણના માર્ગે દોડી રહ્યું છે, ૨. શુભ ભાવનાના ઉદ્યાનમાં રમી રહ્યું છે, ૩. જ્ઞાનીઓની કલ્યાણ આજ્ઞાનું પાલન ગજાવી રહ્યું છે, ૪. વિનશ્વર લક્ષ્મીમાંથી અવિનાશીની સાધના કરી રહ્યું છે—વગેરે વગેરે ન ભૂલશો.

કુસુમાવલીને એક નરરત્નની પ્રાપ્તિ થઈ. તેથી તે ખૂબ આનંદિત છે. લગ્ન નક્કી થયા; અને બન્ને પક્ષ તરફથી લગ્નોત્સવ પણ મંડાયા. કુસુમાવલીને જે અલંકારાદિથી શણગારવામાં આવી, તેનાથી તો તેનું સૌન્દર્ય ખૂબ જ વધી ગયું ! જાણે સ્વર્ગમાંથી અપ્સરા ઊતરી આવી ! ગ્રંથકારે એનું વિસ્તૃત વર્ણન કર્યું છે. લોકો સિંહકુમારને ધન્યવાદ આપતા હતા, કે " જુઓ ભાઈ, સિંહકુમાર કેવો ભાગ્યશાળી કે આવી અપ્સરા જેવી રાજકુમારી સાથે એનાં લગ્ન થાય છે ! " સિંહકુમારે પણ સારા અલંકાર વગેરે સજેલા છે એટલે એની પણ પ્રશંસા થાય છે કે " આવા કુમારને પતિ તરીકે મેળવવામાં કન્યા કેવી પુણ્યવંતી ! "

લગ્નવિધિમાં ચાર ફેરામાં કન્યાના બાપે સોનું, ઝવેરાત વગેરેની ભારે પહેરામણી કરી.

પ્ર૦:—અહીં પ્રશ્ન થશે કે આવા વૈરાગ્યભર્યા ચરિત્રમાં કુસુમાવલીના અંગપ્રત્યંગના શણગારનું વર્ણન કેમ ?

ઉ૦:—આનો ઉત્તર એ છે કે જીવો એને બહુ કીંમતી ગણે છે તેથી એના દ્વારા ધર્મનો મહિમા ગાવો છે. સિંહકુમાર રાજા ગુણસેન તરીકે પૂર્વભવમાં, માત્ર એક જન્મમાં, તે પણ જીવનનો જ્યાં લાખો વર્ષોનો કાળ રાજ્યપાટના વૈભવવિલાસ અને ખટપટમાં ગયો, અને અંતમાં બહુ થોડો જ કાળ ધર્મસાધનામાં ગયો; પરંતુ એટલા નાના શા કાળમાં એમણે પોતાના આત્માને એવો ધર્મમય બનાવી દીધો ! કે ત્યાંથી કાળ કરીને દેવલોકમાં ! અને ત્યાંથી ચ્યવીને અહીં રાજકુળમાં રાજકુમારપણે જન્મ્યા ! ત્યાં વળી આવી કુસુમાવલી જેવી પત્ની મલી ! આ શું સૂચવે છે ? **જગતમાં સારી મનાતી ચીજ કોને મલે છે, તે બતાવે છે. જગતનું સારું, ધર્મની જેમણે સેવા કરી છે, તેમને મલે છે; નહિ કે સંસારની સેવા કરનારને અથવા ધર્મના શેઠ થનારને !** એટલું સમજી રાખો કે જાતે જેટલી ધર્મસાધના કરશો, જાતના તન–મન–ધનને ઘસારો આપીને કરશો, તેટલો લાભ તમને મળશે; અને જેટલી આશાતના કરશો ધર્મની, તેનો પાપપોટલો પણ તમારે ઘેર જ આવવાનો છે. ધર્મના, દેવના કે ગુરુના શેઠ બનવામાં આશાતના નથી તો બીજું શું છે ? **ધર્મના જે**

સેવક બનીને તેની સેવા કરે છે એને જ મહાન પુણ્ય ભંડારનો સુંદર કોટિનો લાભ મલે છે. આ સૂચવવું છે ગ્રન્થકારને, તેથી શણગાર વગેરેનું વર્ણન કર્યું. તેમ એ પણ એક મુદ્દો છે કે આ મહાગ્રન્થ હોવાથી એમાં અનેક પ્રકારનાં વર્ણન આવી શકે છે. મહા ગ્રન્થકારોની ખૂબી એટલી હોય છે કે ભલે કયાંક વૈભવવિલાસનાં વર્ણન મૂકયાં હોય, પરંતુ એના ઉપર સંસારની અસારતાનાં, વૈરાગ્યનાં અને ધર્મમહિમાના એવાં વર્ણન કરી દે કે જેથી પેલાની અસર ભૂંસાઈ જઈ ઉપરથી વધુ ધર્મરંગ વધે છે.

સિંહકુમાર અને કુસુમાવલીને લગ્ન પછી લાખો વર્ષનો કાળ સંસારસુખમાં વીતે છે. એ મહાવિદેહ ક્ષેત્ર છે એટલે આયુષ્ય મોટાં છે; તેથી એક જ જીવનમાં આવા દીર્ઘ કાળ વીતે એ સ્વાભાવિક છે. અહીં હવે એક મહત્ત્વની ઘટના બને છે; એમાં સિંહકુમારના કેવાં તેજ પ્રગટ થાય છે એ જોવાનું છે.



૭. આચાર્યશ્રી ધર્મઘોષ

ઉદ્યાનમાં મુનિ : આત્મપ્રગતિ અને પરોપકારનું મૂળ:—એક વાર એવું બન્યું કે સિંહકુમાર નાગદેવ નામના ઉદ્યાનમાં ઘોડેસ્વારી ખેલવા ગયેલ છે; ત્યાં **ધર્મઘોષ** નામના આચાર્ય મહારાજ પધારેલા છે અને બહુ પ્રાસુક જગા પર ઊતરેલા છે, તેમને જુએ છે. **જૈનમુનિ એટલે પહેલી જીવરક્ષા અને જીવનપવિત્રતા સંભાળનારા,** ઝીણા પણ જીવજંતુને સહેજ કિલામણા ય ન થાય એની, તેમ જ મુકામ સંબંધી બીજા દોષ ન લાગે એની પૂરી કાળજી કરનારા હોય છે. **અહિંસા અને દોષરહિતતાથી પહેલાં પોતાના જીવનને વ્યવસ્થિત કરે છે. તો જ પછી એ પોતાની આગળની આત્મપ્રગતિ અને પરનો ઉપકાર કરી શકે છે.**

આચાર્ય ભગવંતના આશ્ચર્યકારી ગુણો:—આચાર્ય મહારાજ બુઢ્ઢા નથી, યુવાન છે. યૌવન પણ પ્રારંભનું છે. એવી નાની ઉંમરમાં જુઓ કે કેવા મહાન ગુણો ખીલવી કેવા ઉચ્ચ કોટિના પરોપકાર–સાધક એ બન્યા છે। ગુણસંપન્નતાના યોગે એમણે અનેક આત્માઓને ભવપંજરમાંથી છોડાવી સાધુપણામાં આણવાનો મહાન ઉપકાર કર્યો છે ! તે અહીં એમના અનેક મુનિઓના પરિવાર પરથી દેખાઈ આવે છે. ત્યારે ગુણસંપન્નતામાં તો પૂછવું જ શું ?

ઉંમર યૌવનના ઉધમાતની છતાં આચાર્ય ભગવાન મહા-પ્રશાંત છે, જાણે પ્રશાન્ત મહાસાગર જોઈ લ્યો ! ઉંમર યૌવનના ધખવખારા અને ઘમંડની છતાં એ મહાક્ષમા અને મહામૃદુતા–નમ્રતાનો ભંડાર છે ! ઉંમર તો પ્રચંડ કામદેવના ઉત્સવની છતાં નિર્મળ બ્રહ્મચર્યના માનસરોવરે ઝીલી રહ્યા છે ! એવા બીજા પણ સરલતા, નિસ્પૃહતા, તપ, સંયમ, સત્ય અને શૌચ (પવિત્ર મન), અપરિગ્રહ મળીને દશ પ્રકારના યતિધર્મના ગુણના એ ખજાના છે ! વળી એમનું અતિશય રૂપવાનપણું જાણે કહી રહ્યું છે કે એ કોઈ ઊંચા કુળ અને ઊંચી પુણ્યાઈમાંથી મુનિપણામાં આવેલા છે ! અહીં આવ્યા પછી પણ એશઆરામી નહિ કિન્તુ શાસ્ત્રાધ્યયનના એવા મહાપરિશ્રમ ખેડ્યા છે કે એ સંપૂર્ણ દ્વાદશાંગીના જ્ઞાતા બનેલા છે ! દ્વાદશાંગી એટલે શું ? સમજો છો ને ? એમાં માત્ર છેલ્લા બારમા દૃષ્ટિવાદ અંગમાં જ ચૌદે ય પૂર્વો સમાઈ જાય છે.

કેળવાયેલા કે કરમાયેલા ? :—મહાભાગ્યશાળીને જ આવા ગુણનિધિ ગુરુમહારાજનો સમાગમ મળે. સિંહ-કુમારના મહાભાગ્ય ખુલ્યા છે, એટલે આ આચાર્ય ભગવાન-નાં દર્શન પામે છે. એમને જોતાંજ એમના પ્રત્યે એને અતીવ બહુમાન જાગે છે ! એ કાળના રાજકુમારો કાંઈ કળા–વિદ્યા ભણ્યા હશે કે નહિ ? કે ભોટ હશે ? ના ભોટ નહિ, મહાસુબુદ્ધ, ભણેલા અને કળામાં નિષ્ણાત ! છતાં એમને ત્યાગી સંતો પ્રત્યે હૈયામાં ઘણું બહુમાન ઉભરાય

છે ! ત્યારે આજના જેને તમે કેળવાયેલા ગણો છો એને ત્યાગી મુનિઓ તરફ સુગ ચડે છે ! ઘૃણા ઉપજે છે ! એવા એ કેળવાયેલા ગણાય કે કરમાયેલા ? કરમાયેલા સમજો છો ને ? સવારનું તોડી લાવેલું ફૂલ સાંજે કે બીજી સવારે કરમાયેલું હોય છે; એવા. માણસને વિચાર નહિ આવતો હોય કે માનવતા અને જીવનનો વિકાસ દુષ્કર એવા ત્યાગના પુરુષાર્થમાં ? કે સુકર એવા રંગરાગના ખેલમાં ? આત્માની લગનીમાં કે જડના આકર્ષણમાં ? પવિત્રતા અને ઉચ્ચતા શામાં ? લક્ષ્મી-વિષયો વગેરેની અનાદિની જાળમાં જકડાયા રહેવામાં કે જાળ તોડીને સાચા સ્વતંત્ર થવામાં ?

આચાર્યશ્રીના દર્શને ઉત્તમ વિચારણાઃ—સિંહકુમારનો સંસ્કાર-વારસો જુદો છે; એ માનવતાના વિકાસવાળો છે, દૃષ્ટિની નિર્મળતા અને તેજસ્વિતાવાળો છે; તેથી આચાર્ય ભગવાન પ્રત્યે એ અત્યંત બહુમાનવાળો બની એમ વિચારે છે કે,

“ અહો ! કેવા આ મહાપુરુષ ! આમને ધન્ય છે કે જે સંસારથી વિરક્ત દશાવાળા બન્યા છે ! સકલસંગનો ત્યાગ કરી આ પ્રમાણે જે શ્રેષ્ઠ પરોપકારમાં રક્ત રહે છે ! તો લાવ એમની પાસે જઈને પૂછું કે કામદેવની લીલાના સમયમાં રહેલા આ આપને સંસારથી વિરક્ત થવાનું શું કારણ મળ્યું ? શું સંસાર એના વાસ્તવ સ્વરુપમાં દુઃખથી જ ભરેલો છે ? ”

સુખની ચાવી ત્યાગ-વિરાગ-પરોપકારમાંઃ— સિંહકુમારની આ ઉમદા વિચારણા છે. વૈરાગ્ય, ત્યાગ અને શ્રેષ્ઠ પરોપકારનિષ્ઠતાના એ ગુણ ગાય છે, એ ગુણસંપન્ન ધર્માચાર્યને ધન્યવાદ આપે છે. ધન્યવાદ કયારે અપાય ? એ વસ્તુ પ્રાપ્ત કરવા યોગ્ય ને સારભૂત લાગે ત્યારે. **મહા-વૈભવમાં જન્મેલા, ઉછરેલા અને હજીની ઘડી સુધી મહાલનારા રાજકુમારને મન ત્યાગ, વૈરાગ્ય અને પરોપકાર કેવા અગત્યના લાગ્યા હશે કે સહજભાવે એના પ્રત્યે નમ્ર બની આકર્ષાઈ હરખાઈ જાય છે !** આજ તો વૈભવમાં પડેલાના નસકોરાં ફૂલી જાય છે ! પછી ત્યાગી – વિરાગી તરફ આકર્ષાવા ઝુકવાની વાતેય શી ? વૈભવના કેફ એવા ચઢે છે કે જગતને આશીર્વાદભૂત એવા ત્યાગ, વૈરાગ્ય અને પરોપકારનાં મહામૂલ્ય સમજવા એની પાસે જાગ્રતિજ નથી. કહો તો ખરા કે જગતને આશીર્વાદ-ભૂત શું થાય ? આપણો રાગ કે વૈરાગ્ય ? ત્યાગ કે ભોગ ? પરોપકાર-રક્તતા કે સ્વાર્થાંધતા ? આજે મહાયુદ્ધમાં જોયું નહિ કે રાગ, ભોગ, અને સ્વાર્થનિષ્ઠતાએ જગત પર કેવા ઘોર શ્રાપ વરસાવ્યા ? હજી પણ યુદ્ધોત્તર કાલમાં એ કૂડી રમત ઊભી રહીને કેવા વિનાશ સર્જી રહી છે એ કયાં અજાણ્યું છે? **ત્યાગ-વૈરાગ્ય-પરોપકાર એજ સુખની ચાવી છે. માટે જ....જોજો, જે વ્યક્તમાં, જે કુટુંબમાં, જે સમાજમાં કે જે ગામ-દેશમાં અંશે અંશે પણ ત્યાગ, વૈરાગ્ય અને પરોપકારરક્તતા**

નહિ, તે સુખી સંપીલા અને આબાદ હોઈ શકે નહિ. આઝાદી તો આવી પણ આબાદી નથી આવી, એવી બૂમ શા માટે પાડે છે ? આઝાદી તો **બીજા** પાસેથી પડાવવાની હતી, પરંતુ ત્યાગ, વૈરાગ્ય અને પરોપકાર તો **જાતમાં** ઊભા કરવાના છે, અને તે પાલવતું નથી; પછી આબાદીને પગદામ ક્યાંથી મળે ? ત્યાગ, પરોપકાર વગેરેનો મૂળભૂત ગુણ વૈરાગ્ય છે; એને આજના જડવિકાસી યુગે દેશવટો દીધો છે; તેથી એની ઉપર રચી શકાનારા સત્ય, નીતિ, પ્રામાણિકતા, બન્ધુભાવ, અલ્પ પરિગ્રહ વગેરે ગુણોનો દુષ્કાળ વર્તી રહ્યો છે; અને અસત્ય, અનીતિ, લાંચ રૂશ્વત, વૈર-વિરોધ, સંગ્રહખોરી વગેરેની લાયો વરસે છે. આપણે એમાંથી બચવાનું છે. તો પહેલા નંબરમાં તો, ભલે દુનિયા રાગ-ભોગ વગેરે તરફ આકર્ષાય અને એના ગુણ ગાય; પણ આપણે ત્યાગ-વૈરાગ્યાદિના જ ગુણ ગાઓ; ત્યાગી-વિરાગીના અનુમોદન અને સન્માન કરો; ત્યાગ, વિરાગ, પરોપકારમાં ઉદ્યમી બનો.

સાચા સભાન-સક્રિય-શ્રેષ્ઠ ઉપકારી—સિંહકુમાર વિવેકી છે, વસ્તુસ્વરુપ બરાબર સમજી શકે છે. મહાત્મા યુવાવસ્થાના હજી પહેલા ગાળામાં છે. રૂપવાન દેખાય છે, તેથી તે પ્રમાણે પુણ્યાઈવાળા હોવા જોઈએ. એ અવસ્થા અને એ પુણ્યાઈમાં વિષયવિલાસ ચાલતા હોય કે વૈરાગ્યના રંગ હોય ? અરે ! વિના પુણ્યે પણ ચીંથરેહાલ યુવાન ભિખારી ય વાસનાથી ભરેલા હોય છે, ત્યાં સામગ્રીની

અનુકૂલતામાં શું પૂછવાનું ! કહેાને કે કામ-ક્રીડાની મસ્તીની મેાશમ હેાય, ત્યાં એને બદલે સાધુપણું લેવું એટલે તેા એ સંસારના સુખેા ઉપર કેટલેાય વૈરાગ્ય ઝળહળી ઊઠયેા હેાય ! સંસાર ઉપર કેટલેાય અવિશ્વાસ અને તિરસ્કાર છૂટયેા હેાય ? એમાં જ આત્માની બેભાન નહિ પણ સાચી સભાન અવસ્થા છે, પુરુષાર્થીપણું, સક્રિયપણું છે. ભેાગવિલાસમાં તેા બેભાન-દશા, ને પુરુષાર્થહીનતા છે. એથી જ સિંહકુમાર મુનિ પ્રત્યે આકર્ષાઈ ગયેા છે. બીજી વસ્તુ એ પણ જોઈ કે વૈરાગ્ય દંભનેા કે શબ્દનેા નથી, પણ અમલી છે. મુનિ સર્વસંગના ત્યાગી બન્યા છે. વૈરાગ્ય તેા જ સફલ થાય ને ? જ્યાંથી દિલ ઉઠી ગયું એવા એ સંગને શું વળગી રહેવું 'તું ? કાળનેા કે કર્મનેા શેા ભરેાસેા ? ત્રીજી વસ્તુ કુમારને એ લાગી કે બીજા પણ ભવ્ય જીવેાને કુટિલ સંસારની માયાજાળમાંથી છેાડાવી પવિત્ર તારક શાસ્ત્રેા ભણાવી સમ્યગ્જ્ઞાન દેવાનેા પરેાપકાર કરે છે એ શ્રેષ્ઠ પરેાપકાર છે. એનાથી હિત-અહિતનું ભાન થાય છે, તેા સાચેા આત્મહિતકર પુરુષાર્થ થાય છે. એનાથી જ જીવેાનેા આ અપાર સંસારથી ઉદ્ધાર થાય છે. ભવનાં ભ્રમણ મીટે છે. ત્યારે જગતના સુખ આપવાના ઉપકારમાં સંસાર ઊભેા જ રહે છે. જડસામગ્રી અને જડશિક્ષણ આપવાના ઉપકારમાં તેા જીવેા એ લઈ ને મેાહમૂઢ બને છે. એમાં ભવભ્રમણ કયાંથી અટકે ? એ નહિ તેા અનંતસુખ કયાંથી મળે ? જ્ઞાનદાન અને ધર્મદાન એ જ સાચેા ઉપકાર

છે. કુમારને મુનિ સાચા સભાન, સત્પુરુષાર્થી અને શ્રેષ્ઠ ઉપકારી લાગે છે. એમના પ્રત્યે સુંદર આકર્ષણ થાય છે.

ત્યાગીને મહાન તરીકે ઓળખવાની લાયકાતમાં શું આવે? :–સુયોગ્ય આત્માને દેખી સજ્જનને બહુમાન સહેજે જાગે. એમાંય ત્યાગી વિરાગીને અને આત્મોપકાર કરનારાને જોઈને વધુ આકર્ષણ થાય એમાં પૂછવાનું શું? પરંતુ એટલું ધ્યાનમાં રાખવાનું છે કે એ કયારે બને? ત્યાગીને મહાન તરીકે ઓળખવા માટે પોતાનામાં શી યોગ્યતા જોઈએ? **સંસાર પર પોતાનો ગળાબૂડ આંધળો રાગ હોય તો ત્યાગની એ મહત્તા નહિ સમજાય,** ત્યાગી સાધુ મહારાજ ઉપર પ્રેમ નહિ જાગે. એ તો પોતાને પણ સંસાર વિશેષતાવાળો ન દેખાતો હોય, કામભોગની રમત સુંદર ન લાગતી હોય તો જ ત્યાગીને જોતાં એમ થાય કે 'અહો! ધન્ય છે આ મહાપુરુષને કે જેમણે જગતમાં જે વસ્તુ ભારે કઠીન અને સુંદર છે તેવી ત્યાગ–વિરાગની વસ્તુને જીવનમાં અપનાવી છે! એ જ સાચા દુષ્કરકારી વીર પુરુષ છે! કામભોગની વૃત્તિ પર વિજય મેળવવો એ ઘણો દુષ્કર અને બહાદુરીની વાત છે.' સિંહકુમાર પોતે સંસારમાં અંધપણે ડૂબેલ નથી તેથી ત્યાગી મુનિને મહાન તરીકે ઓળખી શકે છે, અને એમના પરોપકારને પિછાણી શકે છે. હવે એ તત્ત્વ-ગવેષણામાં આગળ વધવા ધારે છે તેથી પ્રશ્ન કરશે. પણ એટલું સમજજો કે પ્રશ્ન કરવા પૂર્વે એના હૃદયમાં

કેટલો પ્રકાશ ભર્યો છે ! તો જ તત્ત્વજિજ્ઞાસા થાય છે. એ અદ્‌ભુત ગુણ છે. અતત્ત્વની જિજ્ઞાસામાં તો જીવ વધુ વિહ્વલતા અને મોહમૂઢતા તરફ ઘસડાય છે. ત્યારે જિજ્ઞાસા વિના તત્ત્વ મળે એની કદર રહેતી નથી. માટે **સાંભળવા પહેલાં જિજ્ઞાસા અવશ્ય જોઈએ; અને તે તત્ત્વની જોઈએ.**

કુમારનો ગુરુવિનય :- કુમાર તત્ત્વજિજ્ઞાસાથી હવે મુનિ પાસે આવે છે. પહેલાં તો મુનિને જોતાં સિંહકુમાર ઘોડા પરથી દૂરથી જ નીચે ઊતરી ગયો; અને આવીને ગુરુ મહારાજના ચરણોમાં નમસ્કાર કર્યા. ગુરુમહારાજે એને ધર્મલાભની આશીષથી નવાજ્યો. કુમારે પછી સર્વ સાધુઓને વંદના કરી; અને ગુરુ મહારાજના ચરણ આગળ બેઠો. ગ્રંથકાર કહે છે કે ચરણ કેવા છે ? સ્વભાવથી સુંદર ! કેમકે એ મુક્તિના અનંત સૌંદર્યને અપાવનાર છે. સમજજો જગતમાં વસ્તુ વસ્તુનાં મૂલ્યની તરતમતા. નહિ સમજો તો છેવટે કાળના પ્રવાહમાં તણાઈ જવાનું છે.

કુમાર હવે શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજને સંવેગરસથી નીતરતો પ્રશ્ન કરે છે :— "ભગવંત ! સકલ ગુણ અને સંપત્તિના ઘર સમા આપને આ નિર્વેદ શાથી આવી ગયો ? આપનું રૂપ અને આપની અવસ્થા કહી રહી છે, કે આપની પાસે મોટી સંપત્તિ હોવી જોઈએ. તો એ છોડીને આપે આ અકાલે સાધુપણું કેમ લઈ લીધું ? આ તો આપની પ્રથમ યુવાવસ્થા છે ! એમાં સાધુપણું ?"

આચાર્ય મહારાજ કુમારના પ્રશ્નનો જવાબ કરે છે; (૧) મૃત્યુ અકાળે આવે કે નહિ ? :— "ભો, મહાશ્રાવક, શું પૂછી રહ્યો છે, 'અકાલે સાધુપણું ?' અરે ભલા ભાઈ ! સાધુપણાને માટે આ અયોગ્ય કાળ છેજ નહિ. હું તને પૂછું કે, જે મૃત્યુએ સારા સુર-અસુર પર વિજય પ્રાપ્ત કર્યો છે, જે મૃત્યુ માનવાના સકલ મનોરથોરૂપી પર્વતનો પણ પળવારમાં ભાંગીને ભૂકો કરી નાખવા વજ્ર સમાન છે, જે મૃત્યુ સારામાં સારા પ્રિયજનોનો વિયોગ કરાવવામાં જ હેતુભૂત છે, તે મૃત્યુ શું અકાલે નથી આવી શકતું ? શું એ કોઈ નિયત દિવસે કે અમુક ઘડીએ જ આવે છે ? ના, કોઈ નિયમ નથી. મૃત્યુ કોઈપણ કાળે આક્રમણ કરી શકે છે. માટે એને જો કોઈ અકાળ નથી એટલે કે ગમે ત્યારે એ આવે, તો તેવા મૃત્યુથી આપણે હતપ્રહત થઇ ઉપડી જઈએ તે પૂર્વે શું સાધુપણું ઝટ ન લેવું ? તેના માટે અકાળ શું ? મૃત્યુ માટે અકાળ નહિ, અને એકાંત શુભ સાધુપણા માટે જ અકાળ ? અનંત મૃત્યુને મિટાવનારા સાધુપણા માટે જો કાળ-અકાળની મથામણમાં પડીએ તો સાધુપણું કયારે લેવાય ? મૃત્યુ તો વગર નોટિસે ગમે ત્યારે આવીને ઊભું રહે. ત્યાં મનની મનમાં રહી જાય અને સંયમજીવન વિના અસંયમમાં જ જીવન મરણ પૂરા કરીને જતાં તો દીર્ઘ દુર્ગતિ થાય."

(૨) ધર્મ શા માટે કરવાનો ? :— બીજું, ધર્મ સારો છે એ માટે કરવાનો ને ? તો પછી હું તને પૂછું છું કે

"જો તે ધર્મ સારો છે માટે છેવટે કરવાનો, પછીથી કરવાનો. તો તે પહેલો કરવામાં શું અયોગ્ય છે ? સારી વસ્તુ તો પહેલેથી જ કરવાની હોય. કોઇ દેવાદાર વ્યક્તિ લાખ રૂપિયા પહેલેથી જ આપવા તૈયાર હોય તો લેણદાર ત્યારે જ લઈ લેશે કે લેવાની ના કહીને વર્ષો પછી જિંદગીના છેડે લેવા કહેશે ? બીજો દાખલો જુઓ, કે તમારા શરીરમાં જૂનો રોગ છે. તેને તમે ખરાબ માની રહ્યા છો. ત્યાં કોઈ વૈદ્ય કહે કે " મારી દવા લ્યો, તો તમારા રોગને આજને આજ કાઢું બહાર ! " બીજો વૈદ્ય કહે કે " મારી દવા છ મહિના ખાવી પડશે. પછી રોગ જશે...." તો બે વૈદ્યમાંથી કયો વૈદ્ય ને કઇ દવા તમે પસંદ કરો ? તેવી જ રીતે ભાવરોગને કાઢનારા ધન્વંતરી સમા તીર્થંકર ભગવાન કહે કે ' ભવરોગને કાઢવા સંયમનું ઔષધ આઠ વર્ષની ઉંમરે લઈ લ્યો. માત્ર આ એકજ જન્મ જો તેનું બરાબર આસેવન કરશો અને જો પથ્યસેવન-કુપથ્યત્યાગની બરાબર સાચવણી રાખશો તો રોગ ગયો સમજો ! ' તો હવે તું જ બોલ, કે શું પ્રથમ ઉંમરમાં આ ચારિત્રનું ગ્રહણ કરવું અયોગ્ય છે ? '

મુનિનાં વચન સાંભળી સિંહકુમાર કહે છે કે " ભગવંત ! અયોગ્ય તો નથી. પણ તેવો વૈરાગ્ય નિમિત્ત વિના નથી થતો. અર્થાત્ ચારિત્ર પહેલાં ગ્રહણ કરવું ઉચિત તો છે જ, પરંતુ તે માટે ઉત્કટ વૈરાગ્ય થવો જોઈએ. સંસારનાં સુખ અકારાં લાગવાં જોઈએ. તે માટે કોઈ પ્રબળ નિમિત્ત મળવું

જોઈએ. સિંહકુમાર પૂછે છે કે આપને એવું વૈરાગ્ય કરાવનારું કારણ શું મળ્યું ?"

ગુરુ કહે છે "કારણ પૂછે છે ? **સંસાર એ જ નિર્વેદનું વૈરાગ્યનું કારણ છે. સંસારની દરેક વાત કે વસ્તુ વૈરાગ્ય કરાવી શકે છે. વિવેકીને, જાગેલાને સંસારની કોઈ પણ ચીજ રાગ કરાવી શકતી નથી.** એટલે મારા વૈરાગ્યમાં આમ તો સંસાર જ નિમિત્ત છે. પરંતુ વિશેષ નિમિત્ત તરીકે અવધિજ્ઞાની મુનિએ કરેલું પોતાના ચરિત્રનું કથન છે."

સિંહકુમાર ભારે જિજ્ઞાસુ થઈને પૂછે છે "ભગવંત ! કેવું એ ચરિત્ર છે ?"

અહીં મુનિનું કથન બરાબર ધ્યાનમાં રાખવા જેનું છે. મુનિએ ત્રણ મહત્ત્વની વાત કહી.

(૧) મૃત્યુ અકાળે એટલે કે ગમે ત્યારે આવે છે, અને દેવ દાનવ બધાનો કોળીયો કરી જાય છે. તો ધર્મ માટે અમુક યોગ્ય કાળ અને અમુક અયોગ્ય કાળ એ કેમ બને ?

(૨) જીવનના છેવટના સમયે પણ ધર્મ જો સારો છે માટે કરવાનો, તો તો શરૂઆતમાં જ એ કરવો શું ઉચિત નથી ? છે જ.

(૩) વૈરાગ્ય થવા માટે ખુદ સંસાર જ નિમિત્ત-ભૂત છે. સંસારની વિચિત્ર ઘટનાઓ અને સંસારનાં વિનશ્વર અંગોજ વૈરાગ્ય કરાવે એવાં છે.

સારી ગૃહસ્થાઈ માટે પણ આ ત્રણ બાબતોનો વિચાર જરૂરી છે :—નવે નવા આવેલા સિંહકુમારની આગળ પણ વસ્તુસ્થિતિ કહ્યા વિના ચાલતું નથી; અને બરી વાત એવી છે કે આ ત્રણેય બાબતો મન પર લઈ લેવા છતાંય કદાચ જો ચારિત્રનું જોમ ન જાગ્યું, તો પણ ગૃહસ્થ-જીવન આદર્શ બની શકશે. ધર્મના મૌલિક ગુણો અને વિશેષે ગુણો, ધર્મવાસિત સારા આચાર વિચારો, અને ધાર્મિક અનુષ્ઠાનો જીવનમાં સારા બીલશે. જીવન ધર્મમય, ગુણમય અને સંસ્કારી બનાવવા માટે ઉપરની ત્રણેય વાતોની શ્રદ્ધા-મય વિચારણા બહુ જરૂરી છે, ઉપયોગી છે.

હવે મુનિ વૈરાગ્યના વિશેષ કારણ તરીકે અવધિજ્ઞાની મુનિએ કહેલા જે પોતાના ચરિત્રનું શ્રવણ કરેલું તે બતાવે છે. તો જે ચરિત્રના શ્રવણ માત્રે એમનામાં એકદમ જ વૈરાગ્ય વધારી દીધો હશે તે ચરિત્ર કેટલું બધું રોચક અને વૈરાગ્ય ઝરતું હશે ? એવા ચરિત્રને કહેતાં પહેલાં ધર્મઘોષ મુનિ પોતાનું જન્મસ્થાન વગેરે બતાવી કેવા સંયોગમાં એ ચરિત્ર સાંભળવા પામ્યા તે પહેલું બતાવે છે.

૮. ધર્મદાસ–સુંદરી

ધર્મઘોષ આચાર્ય મહારાજ પહેલા પોતાનો અધિકાર બતાવતાં કહે છે કે 'મહાવિદેહ ક્ષેત્રની આજ વિજયમાં એક રાજપુર નામે શહેર છે. ત્યાં અરિમર્દન નામે રાજા છે. હું પણ રાજપુર નિવાસી હતો અને **સંસારનું તેવા પ્રકારનું અસાર સ્વરૂપ જોઈને સંસાર પ્રત્યે મારું મન વિરક્ત રહેતું.**

આચાર્ય મહારાજના આ પોતાની જાતના વર્ણન ઉપરથી એ જુઓ કે **સંસારને એના અસલી સ્વરૂપમાં આપણે જો જોવો હોય, જો જોવા ધારીએ તો જોઇ શકાય. માત્ર રાગનાં, સ્વાર્થાંધતાનાં, તૃષ્ણાનાં, અને મમતાનાં ચશ્મા ઉતારી નાખી એને જોવો જોઇએ.** 'સ્ત્રી, દુકાન, ઘર, કુટુંબ વગેરે મારાં નથી, એમની પાસેથી મારે કોઈ સ્વાર્થ નથી, એમની મારે ઈચ્છા નથી, એમનો મને રાગ કે પક્ષપાત નથી. હવે જોવા દે મને, કે એ કેવા છે;'–એમ જો દર્શન કરાય તો એ દર્શન એ બધાનું પોત પ્રકાશે. દા. ત. 'મારી સ્ત્રી વ્હાલ દેખાડે છે છતાં પોતાના સ્વાર્થની, પોતાની જાતની, સગવડની, મારા તરફથી માનની, કદરની, અને રાગની ઠીક ઠીક ગરજ રાખે છે;'–એ દેખાય કે નહિ? માત્ર બુદ્ધિ દોડાવવાની જરૂર છે.

બુદ્ધિનો શું ઉપયોગ ? માનવ થઈને બહું ઊંચી બુદ્ધિ મળી છે, તો તેનો ઉપયોગ વસ્તુના અજ્ઞાન દર્શનમાં કે સજ્ઞાન દર્શનમાં ? **અજ્ઞાન દર્શન તો કીડા મંકોડા કે પશુપંખીના ભવથી ઘણા કરી લીધા; પણ માનવ ભવમાં વીતરાગ ભગવંતને પ્રાપ્ત કરીને ય પાછું તેજ અજ્ઞાન દર્શન ?** કે આ સ્થિતિમાં તો સજ્ઞાન દર્શનજ કરવું ઘટે ? જો માનવભવનું ફળ સજ્ઞાન દર્શન કરવામાં છે તો સંસારના નગ્ન સ્વરૂપની, આંતરિક સ્વરૂપની જાણ કરવી પડશે. સંસાર બહારથી જે દેખાય છે તે " મુખમેં રામ બગલમેં છુરી " જેવો છે, ઝાંઝવાનાં નીર જેવો છે, સંધ્યાના રંગ જેવો છે.

સંસાર સ્થિર સુખ અને પાકો પૂર્ણ વિશ્વાસ દેવાવાળો છે કે નહિ ? પત્ની, પુત્ર, ઘર, સંપત્તિ, મિત્રમંડળ આ બધું સંસાર છે. જોવામાં શું આવે છે કે ' પત્ની, પુત્ર, મિત્ર પ્યાર કરે છે, તેનાથી સગવડ મળે છે. ' પણ આ બહારથી. અંદરથી શું ? **એ સંસારી સંબંધીઓ પ્યાર કરે છે તે સ્વાર્થથી કે સ્વભાવથી ?** છોકરો પ્રેમથી " બાપુજી, બાપુજી " કરતો દેખાય છે તે સ્વાર્થથી કે સ્વભાવથી ?

પ્ર૦–બન્નેથી ન હોય ?

ઉ૦–બંનેથી એટલે સ્વાર્થથી અને સ્વભાવથી, આ બે સાથે રહે ? પહેલાં એ કહો કે ' **સ્વભાવથી** ' એટલે શું સમજ્યા ? એનો અર્થ એ છે કે ત્યાં કોઈ સ્વાર્થની વાતજ

નહિ. સહજ ભાવે પ્રીતિ. ચંદન સ્વભાવથી શીતળ અને સુગંધદાયી છે. તો તમે એને લસોટો કે બાળો, તોય એ સ્વભાવજ દેખાડશે. અહીં **એવું છે ?** ના, અહીં તો આપણા તરફથી એમનું વારંવાર અપમાન થતાં, ગુસ્સો થતાં, અનેકવાર નુકસાન થતાં એમનો પ્યાર ઘવાય છે. તો સ્વભાવથી કયાં રહ્યો ? સાકર કડવી મીઠી બંને સાથે હોય ? લીમડો કડવો ય હોય અને સાથે એ જ પાછો મીઠો ય હોય ? ના. તેમ અહીં પ્રેમ જો સ્વભાવથી છે, તો સ્વાર્થથી નથી; અને જો સ્વાર્થથી છે, તો સ્વભાવથી નથી. દેખાય છે એવું કે સ્નેહીને મનગમતું કરતા રહો ત્યાં સુધી એ સ્નેહ કરશે. એની ઈચ્છા વિરૂદ્ધ વર્તો એટલે ખલાસ ! એનો સ્નેહ તૂટતાં વાર નહિ. આવી સ્વાર્થરસિક દુનિયામાં પ્યાર શું ? બે શબ્દમાં પત્ની કે પુત્રના દોષ પાડોશી સમક્ષ બતાવો, પછી જુઓ કે સ્નેહ કેટલો અખંડ ? એ સ્વભાવથી કે સ્વાર્થ પૂરતો ? **તમે ગમતો માલ આપો તો સ્નેહરૂપી નાણાં મળે નહિતર સોદા બંધ !** ધર્મઘોષ પોતે સંસારના આવા સ્વરૂપને જાણીને જ વિરાગમાં રમતા હતા. સંસારમાં સોદાના ખેલ વિવેકીને ચમકાવી મૂકે છે. એના પર એક દૃષ્ટાંત જુઓ.

ચતુર પત્ની :—એક નગરમાં વણિકનો પુત્ર હતો. નામ એનું ધર્મદાસ. છોકરો મોટો થયો. લક્ષ્મીના બળે બીજા એક વણિકની સુંદરી નામની કન્યા સાથે પરણાવ્યો.

થોડા વખતમાં માબાપ મરી પરવાર્યા. છોકરો હવે નાની ઉંમરમાં ઘરનો માલિક બન્યો. પત્ની સુંદરી બહુ ચકોર હતી. હવે એણે જોયું કે 'આમના માથે કોઈ મોટું નથી. ગમે ત્યાં હરશે ફરશે. એમાં નથી ને કોઈ બીજી વધુ રૂપાળી કન્યા નજરમાં આવી તો એને મારા માથે લાવી બેસાડશે. માટે હું પતિને એવા વશ કરી લઉં કે કયાંય હરેફરે નહિ.' વશ કરવા શું કરવાનું? કામણ-ટુમણ? ના રે ના, એ તો મૂરખી કરે. તેથી એણે તો સેવા અને પ્રેમથી વશ કરવાનું કર્યું. એમાં, પતિને એટલી બધી સુખ લીલા અને સાહ્યબીમાં એ મસ્ત રાખતી, તેમ સેવામાં પતિ બહાર જાય ત્યારે એને કપડાં પહેરાવવાથી માંડીને બહારથી આવે ત્યારે પતિના પગ ધોઈ પાણી માથે અડાડવું, પગ, માથું દાબવા વગેરે અનેક પ્રકારની એવી સેવા ઉઠાવતી કે હવે તો પતિ એના સિવાય બીજાને દેખે જ નહિ. શું કારણ? વિનય વૈરીને વશ કરે. આ ઝેરી કલિકાલમાં પણ સેવા એ મહાન વશીકરણ છે, સેવા એ મહાન મંત્ર છે. પણ તે નિઃસ્વાર્થ જોઈએ. આમાં સ્વાર્થ છે, પતિ બહાર બીજે કયાંય લોભાઈ ન જાય, અને માત્ર પોતાને જુએ એવો આશય છે.

પ્ર૦ – આમાં શું ખોટું છે? પતિ દુરાચારના માર્ગે જતો અટકે ને?

ઉ૦ – વાત સાચી છે. દુરાચારના માર્ગે જતો અટકે, તે સારું જ છે, પરંતુ એ જુઓ કે બાઇનો એ આશય

છે કે સ્વાર્થનો ? સ્વાર્થનો હશે તો કદાચ દુરાચાર અટકશે, પણ બીજી મહાનુકસાની લાવશે. ' પોતાના કરતાં બીજી સવાયી સ્ત્રી પર ખેંચાઈ ન જાય, અને પોતાને જ સારી રીતે જુએ. પોતાનામાંજ લુબ્ધ થઈને રહે ' એવું જો એને કરવું હોય તો એનું શું પરિણામ ? એજ કે પોતાના તરફ એવું આકર્ષણ કરવું કે પતિ માત્ર બીજી સ્ત્રી તરફ ન ખેંચાય એમ નહિ, પણ દેવ-ગુરુ-ધર્મ સામું પણ ન જુએ ! અને ખરેખર પરિણામ અહીં એ જ આવ્યું. ધર્મદાસ નામથી જ ધર્મદાસ રહ્યો. પણ વસ્તુ સ્થિતિએ સુંદરીદાસ બન્યો. દેવને ભૂલ્યો, ગુરુને ભૂલ્યો, ધર્મને ભૂલ્યો, ધર્મી-મિત્રનેય ભૂલ્યો. છતાં પત્ની એમાં કાંઈ અજુગતું નથી જોતી. એ તો ઊલટું ખુશી છે કે એની એ પ્રીતિ અને સેવા ઝીલવામાં પતિ બધું ભૂલ્યો; માત્ર ઘરથી દુકાન ને દુકાનથી ઘર. ધર્મ નહિ; ધ્યાન નહિ; કંઈ નહિ. કેમ ?

મનગમતામાં લંપટતા એ હૃદયને વિચારહીન બનાવે છે :—મનગમતું મળે પછી બીજો વિચાર કરવાનું શું કામ ? કહો જો, આવક પહોંચતી હોય, મજા ઊડતી હોય, તો સાધર્મીનો વિચાર આવે ? કદાચ મેમાન થઈ જમવા ગયા. સામેથી લાડુ અવરાવે છે, તો શું પૂછો ખરા " વેપાર કેવો ચાલે છે ? ખર્ચા કેવા છે ? " ભલે ભીડમાં હોય, આપણે એના લાડુ જમો ? કદાચ અગાઉથી ખબર પડી કે સ્થિતિ બરોબર નથી, તો કહો ખરા કે ' લાડુ નહિ, રોટલી લાવો. હું તો ઘરનો માણસ છું. તમે ઉદાર છો પણ

તે ઉદારતા મેમાન સાથે કરવાની. મને મેમાન સમજતા નહિ. કુટુંબીજ સમજો. અમારા કુટુંબીમાં અમે કેવો વ્યવહાર ચલાવીએ છીએ?" કોણ વિચારે આ? સ્વાર્થી ન હોય તે, વિષયાંધ ન હોય તે. બાકી મનગમતું મળે ત્યાં વિચાર કોને કરવો છે?

શેઠના છોકરાને વિચાર નહોતો, કેમકે વિષયાંધ બન્યો હતો. પણ એને એક ધર્મી મિત્ર હતો. એને ચિંતા થઈ કે 'આમ કેમ? આ મિત્ર પહેલાં તો બહુ મોટી ધર્મની ને જનકલ્યાણની વાતો કરતો હતો! હવે તો કયાંય દેખાતો ય નથી!' એકવાર રસ્તામાં એને એ ભેટી પડયો. પૂછે છે.

"કેમ કાંઈ દેખાતા નથી?"

"લ્યો પૂછે છે, કેમ દેખાતો નથી! કેમ જાણે નવરા બેઠા." ધર્મદાસ શ્રીમંતાઈના તાવમાં બકવાદ કરવા લાગ્યો. શ્રીમંતાઈનો તાવ સનેપાત જેવો હોય છે. ભાન વિનાનું બકાવે. કહે છે "તારી સાથે વાત કરવાનોય સમય નથી."

પેલો પૂછે છે "પણ એવું તે શું છે?"

આ ગર્વથી કહે છે "શું છે તે તને શી ખબર પડે? તું અમારા મોટા ઘરની વાત શું જાણે?"

"હા, ભાઈ! અમે ગરીબ એટલે અડબંગ; ગરીબ એટલે બુદ્ધુ. એને શી ખબર પડે?"

પેલો જરા ખચકાયો. "કહે છે, આવું શું બોલે છે, દોસ્ત? આ તો મારે જવાબદારીઓ કેટલી, એ તું સમજી શકે છે."

" પણ તે શું મોટા શહેનશાહ જેટલી ? શહેનશાહો પણ અનેકવિધ જવાબદારીઓ છતાં દેશભક્તિ, ગુરુસેવા અને ધર્મસાધના નિત્ય કરતા હતા. ઠીક, એ બધું તો ખરું, પણ એ તો કહે કે પત્ની કેમ છે ? સંસાર સુખશાન્તિથી ચાલે છે ને ? તું મારો મિત્ર છે, તું સુખી, તો હું રાજી. "

' એજ પૂછે છે ? તો હું તને શું કહું ? સારા શહેરમાં એવી પત્ની કોઇને નહિ મળી હોય, એવી છે એ. મહા સહિષ્ણુ, ઉદાર, પ્રેમાળ, અત્યંત સેવાભાવી અને મહાવિનય-સંપન્ન છે. પછી સંસારમાં સુખશાન્તિનું પૂછવું જ શું ? " મિત્ર વિચારે છે કે, ' બસ, નાડી હાથમાં આવી ગઇ ! આથીજ ભાઇસાહેબ એ રાણી સાહેબમાંથી ઊંચા નહિ આવતા હોય ! ' પેલાને કહે છે.

" ઓહો ! એમ ? તો મને કોઈ દિ' આમંત્રણ પણ નથી દેતો ? હાહા, હું તો ગરીબ ઘરનો અને તમે તો મોટા ઘરના ! અમે તમારા શા હિસાબમાં ?...." એમ થોડીઘણી વાત કરવા લાગ્યો ત્યાં કહે છે, " ભાઈ, એક વિચાર આવે છે, જો તને ખરાબ ન લાગે તો....."

" નહિ નહિ, એમાં શું ખરાબ લાગે ? "

" અરે ભાઈ ! લાગી જાય...."

" ઠીક, પૂછી લે, શું પૂછે છે ? "

" તેં એ શું વિચાર્યું છે કે પત્નીનો પ્રેમ સાચો છે કે જૂઠો ? "

" અરે, એ શું પૂછે છે ? પાગલ થઈ ગયેા છે કે શું ?"

" નહિ નહિ, એ તેા જાણવા માટે જ પૂછું છું, કે એનેા પ્રેમ કેવેા છે ?"

" અરે યાર, મહાસતી જેવેા ! એમાં પૂછવાનું શું ?"

સતીત્વ એટલે ? :—મિત્ર કહે છે, ' મહાસતી એટલે તું એને સીતા જ સમજે છે ને ? જાણે છે સીતાનું સતીત્વ ? રામે સીતાને જંગલમાં મૂકાવી, પણ એકે ય શબ્દ રામ વિરુદ્ધનેા સીતા બેાલતી નથી. સ્થિતિ કેવી છે ? મહારાણી હેાવા છતાં અત્યારે કેાઈ માણસ સાથે નહિ ! ભાતાનેા ડાભડેા ય નહિ હેાં ! જ્યાં જંગલી પશુએા ભમતાં હેાય એવા વિકરાળ વનમાં સીતાને એમને એમ અટુલી મૂકીને સેનાપતિ ચાલ્યેા ગયેા. **આવી સ્થિતિમાંય રામને ફિટકાર દેવાને બદલે સીતાએ માત્ર પેાતાના દૈવને અને પેાતાના પૂર્વકૃત પાપવાળા પાપી આત્માને ફિટકાર આપ્યેા !** કેવું ગજબનાક સતીત્વ ! ત્યાં ફરવા નિકળેલેા રાજા ' હું તમારેા ધર્મનેા ભાઈ છું ' એમ કહી પેાતાના રાજમહેલમાં લઈ જાય છે, ત્યાં પણ રામની વિરુદ્ધ કાંઈ વાતચીત સીતા કરતા નથી. જન્મ પામેલા પુત્રેા લવણ અને અંકુશ પણ મેાટા થયે સમજ્યા કે માતાને પિતાએ કાઢી મૂકયાં છે, ત્યારે **સીતાની ગંભીરતા કેવી ! પતિની બદબેાઈ કે જાતની બડાઇની વાત સરખી નહિ.** બેાલ, તું તારી પત્નિને આવી મહાસતી સમજે છે ? એ એવી હેાય તેા તેા હું બહુ ખૂશી

છું, પણ ન હોય તો તું ભ્રમમાં નથી ને ? જોજે એનો પ્રેમ સ્વાર્થનો છે કે સ્વભાવનો ?"

"અરે ! આ શું પૂછે છે ? જરાય સ્વાર્થી નથી એ. એ તો સાક્ષાત્ ગુણની મૂર્તિ છે !"

સ્વપ્ન અને જીવનમાં ફરક :—"જો ભાઈ આ જગતમાં ડગલું વિચાર કરીને ભરવા જેવું છે. તું એ જો કે તેં તરણતારણ ધર્મને કોની ખાતર વિસાર્યો ? જરાક તું એની પરીક્ષા કર. જીવન સ્વપ્ન-સમાન છે. સ્વપ્નમાં સોનાના મહેલના સાતમા માળે રતનના હીંડોળે હીંચ્યા, પણ સ્વપ્ન પુરું થયે શું ? **સ્વપ્નમાં આંખ ખૂલ્યા પછી મીંડું; તો જીવનમાં આંખ બંધ થયા પછી પણ મીંડું જ ને ?** જીવનમાં આંખ ખૂલ્લી છે ત્યાં સૂધી જ ધર્મસાધના શકય છે; અને એ જ તારણહાર છે; પત્ની નહિ. તારી પત્ની પ્રેમ સ્વભાવથી કરતી હશે. બાકી મને તો લાગે છે કે હવે તો તારે ત્યાં કોઈ મોટું ન રહ્યું એટલે ત્રિયારાજ્ય સ્થપાયું છે. રાણી સાહેબે તને પૂરો વશ કર્યો જણાય છે. ખેર ! તમારા બેનો પ્રેમ બન્યો રહે એમાં મારે કાંઈ કહેવાનું નથી. **પરંતુ એમાં તું દેવગુરુ-ધર્મને ભૂલે એવી પરવશતા ખતરનાક છે. માટે એક કામ કર. તું એના પર એવો એક પ્રસંગ ઊભો કર કે જેમાં પરીક્ષા ય થશે અને છેવટે એ ધર્મ પામે તો એ તને ય ધર્મમાં પ્રેરશે.**"

મિત્રના હૃદયવેધી શબ્દોએ ધર્મદાસને વિચાર કરતો

કરી મૂકયો. એણે જોયું કે 'મિત્રની સલાહમાં ઇર્ષ્યા નહોતી, સ્ત્રી પર તિરસ્કાર નહોતો, પ્રેમની નિંદા નહોતી. હતું માત્ર એક દેવગુરુ-ધર્મ ન ભૂલવાનું સૂચન. તો હવે મારે એ શી પરીક્ષા, શો પ્રસંગ સૂચવે છે તે પણ જાણી લેવો જોઈએ.' મિત્રની હિતસલાહ હવે વધુ સાંભળવા આકર્ષાયેા, પણ તે કચારે ? મિત્રે જરાય આવેશમાં આવ્યા વગર એની પરિસ્થિતિ સમજીને શુદ્ધ હિતની શકય સલાહ મૃદુભાવે આપી તેા. લાખ રૂપિયાની વાત પણ અનુચિત શબ્દોમાં અને અનુચિત ભાવથી કહેવાય તેા રાખની તુલ્ય બને. માટે જીવનમાં આ એક અતિ આવશ્યક કેળવણી છે કે **બોલતાં શીખેા. મોંમાંથી ઉદ્‌ગાર કાઢતાં પહેલાં વિચાર કરેા. ઉદ્‌ગાર એવા કાઢેા કે જે સામાને આર્વજક હોય. આકર્ષક હોય, અસરકારક હોય.** જોજો પછી એના અપરંપાર લાભ. વેણ નકામું ન જવું જોઈએ, કે સામેા તમારેા વિરૂદ્ધ બને એવું ન જોઈએ.

ધર્મદાસ મિત્રને પૂછે છે "બોલ ભાઈ ! શું પ્રસંગ ચેાજ્યું ?"

મિત્રે એને કાનમાં કાંઈક સમજાવી દીધું. ત્યાંથી એ ઘેર આવ્યેા. સ્ત્રીએ એને મેાડું થવાનું કારણ પૂછ્યું; કેમકે ભારે ચબરાક છે ને ? પણ પેલાએ વાત ટાળી દીધી. કેટલાક દિવસ બાદ એક વાર વહેલી સવારે એ ઊઠીને કહે છે 'આજે કેારટનું કામ છે તેથી વકીલને વહેલેા જ પકડવેા પડશે. વળી

કયાંક એ બીજા કાર્યમાં ગૂંથાઈ જાય કે બહાર નીકળી જાય તો ?' સ્ત્રી પૂછે છે.

" પણ તે તમારે એમ જ જવું છે ? " " તું હમણાં કાંઈ બોલીશ ના. બને તો હું થોડી વારમાં વચમાં આવી જઉં છું. પણ જો જે તું રાહ જોઇને બેસી ન રહેતી. તું તારે ખાઈ લેજે. "

" અરે એ શું બોલ્યા ? તમને મૂકીને ? તમે ભૂખ્યા રહો અને હું હોજરું ભરું ? "

" પણ હું તને કહું છું ને ? "

" તમે કહો છો એ તમારી ઉદારતા છે. પરંતુ અમારો સતીઓનો ધર્મ જુદો. આ તો તમો થોડી વારમાં આવવાના છો, પણ નથીને આખો દિવસ પણ લાગી જાય તોય શું થઈ ગયું ! કયાં અમે એમાં સુકાઈ જવાના હતા ? "

" ભલે ભલે, તારી રુચિ મુજબ કરજે. "

એમ કહીને ધર્મદાસ ઘરમાંથી નીકળી ગયો. સુંદરી અહીંયાં નાસ્તાપાણી તૈયાર કરીને રાહ જોતી બેઠી છે કે હમણાં પતિ આવશે. પણ પેલો તો દેખાતો જ નથી. તેથી ઉઠીને બારીએ જાય છે. કયાંય સુધી ઊભી ઊભી રાહ જુએ છે. એને ય ભૂખ લાગી છે. એટલે પાછી આવીને કોચ પર બેસે છે, આડી પડે છે. વળી ઊઠીને બારીએ જોવા જાય છે કે આવતા દેખાય છે ? પણ અહીં તો પારખું કરવું છે ને ? તે શાનો દેખાય ? નાસ્તો ઠરી જાય છે, પરંતુ સુંદરી

ખાતીપીતી નથી. કેમ ખવાય ? પણ મન વિકલ્પોમાં ચઢે છે 'આ મેં બહુ ચોળી ચોળીને ચીકણું કર્યું. એ તો કહેતા જ હતા કે તું તારે જમી લેજે. મેં ના પાડી. હવે શું થાય ? હશે. હવે રસોઈ બનાવવી છે. નાસ્તો ભોજન બધું ભેગું થશે.' એમ કરી એણે રસોઈ બનાવી.

છતાં અહીં પતિનાં દર્શન દુર્લભ છે ! તે પાછી કોચ પરથી બારીએ અને બારીએથી કોચ પર. એમાં બપોર થઈ ગઇ, પાછલો પહોર આવ્યો; ને સુંદરીની ભૂખ વધી પડી, અસહ્ય થઈ ગઈ. વિચારે છે " શું કરું ? જમી લઉં ? પણ ના. જો જમી લઉં અને એ આવીને કહે કે બેસ જમવા સાથે, તો એ વખતે શું કરું ? જો એ જાણે કે આણે તો મને મૂકીને જમી લીધું છે, તો એમને એમ થાય ને કે 'જોયું આનું સતીપણું ? એકાદ દિવસ પણ સહાયું નહિ ! સગવડપંથી જ લાગે છે.' માટે આજ તો નહિ જમું, સહન કરીશ. ભલે જરા મોડું થાય, પણ એ આવશે ત્યારે મને આખા દિવસની ભૂખી રહેલી જોશે. એ જાણીને મારા પ્રત્યે એ ખૂબ લાગણીમાં આવી જશે ! મને મહાસમર્પિત સમજશે, અને વશીકરણમાં કંઈક બધુરું હશે તો પૂરું થશે. મારા પર પૂર્ણ આકર્ષાયેલા બની મને જ પોતાના પ્રાણ સમજશે. રાત ને દિ, મારી જ રટણા કરતા રહેશે. આહાહા બસ ! પછી તો પૂછવાનું જ શું ? સવાર પડી, ને એમની આજ્ઞા મારે શી માગવાની ? એ મારી આજ્ઞા માગશે, વાતવાતમાં મારી સલાહ એ લેશે....અહાહા !

કેવી સરસ મઝા ! જીવન ઉન્નત બનશે. બીજી બાઈડીઓને શું આવડે છે ? પતિ આમ વશ કરાય. ”

ચઢી શેખચલ્લીના વિચારમાં. યાવત્ પોતાની જાતને મહારાણીપદે સ્થાપી પતિને એક ખરીદેલા ગુલામ અને ચાકર કરનારની સ્થિતિમાં કલ્પતાં એને હૈયે આંચકો ન લાગ્યો. કેટલી બધી એની સ્વાર્થાંધ વિચારસરણી ! ‘ પતિ ભૂખ્યા થયા હશે, એમને તકલીફ બહુ; ’ એ સંબંધનો કોઈ વિચાર નહિ ! માત્ર વિચાર પોતાનો. ‘ હું ભૂખી. હું એમની નજરમાં શાબાશી લેનારી બનું, ભૂખ અસહ્ય થઈ ત્યારે જમી લેવાનો વિચાર આવ્યો. પણ માત્ર એમાં પોતાની માનહાનિ થવાનું લાગ્યું, જો કે એય પોતાની કલ્પના માત્ર હતી, તોય તેથી ભૂખ વેઠવાનું રાખ્યું. પણ ‘ પતિ ભૂખ સહન કરવાના છે કે નહિ ? તો હું કેમ ન સહન કરું ? ’ એ કાંઈ વિચાર એને ન આવ્યો ! પછીથી પણ પતિ પોતાને ભૂખી રહેલી જોશે તેથી ખૂબ મમતાળુ અને આધીન બનશે, એની સુખદ કલ્પનામાં એને હૈયે આનંદ આનંદ ઉછળ્યો, આશ્ચર્ય શું ? માત્ર પોતાની વિશેષતાની ચાહના. પતિ એવા આકર્ષાયેલા બને બન્યા રહે કે પોતે પતિની આજ્ઞાંકિત નહિ, પણ પતિ પોતાના આજ્ઞાંકિત થઈ જાય એવા મનોરથ ઘડ્યા; એવા મનોરથ જાણે સિદ્ધ થતા દેખ્યા. એથી જ એ ખૂશી ખૂશી થઈ. જીવનને સફળ થતું માન્યું. બીજી સ્ત્રીઓને આવી આવડત ન આવડી માટે એમને

ગમાર ગણી. 'ધણી પોતાને આધીન ન થાય, પોતાનો ગુલામ ન બને તો શું કામનું ?' આ એની જીવનકરણી !

જેવા આદર્શ તેવી વિચારધારા :—માનવ જેવા ઉચ્ચ ભવમાં આ વિચારસરણી ? પણ એનું કારણ હતું. તે એ કે એનો આદર્શ પોતાના પતિને ઐચ્છિક ગુલામ બનાવવાનો હતો. માનસશાસ્ત્રનો આ નિયમ છે કે હૈયામાં ઊંડે ઊંડે જે આદર્શ, જે મુરાદ, જે ધોરણ ઘડી રાખ્યું હોય એને અનુસરીને વિચારધારા ચાલે. માટે જ **શુભ વિચારધારાનો જ જેને બચાવ છે એણે મલિન આદર્શો, ને મલિન માનસિક ધોરણો દૂર કરી નાખી એના સ્થાને હૈયામાં ઊંચા શુભ આદર્શો, શુભ આશયો અને ધોરણો ધરી રાખવાં જોઈએ.** જેમકે પ્રસ્તુતમાં બાઈએ પોતે પતિની પૂર્ણ આજ્ઞાંકિત અને એકાંત સેવાકારી બની રહે; પોતાનો સ્વાર્થ ભૂલીને માત્ર પતિના સુખને વધારવાનું જ લક્ષ રાખે; પોતે પતિની ગુલામડી બનીને રહે, એવો આદર્શ રાખ્યો હોત તો તો એ યુક્તિયુક્ત ગણાત; અને તો ઉપરની વિચારણા એને અનુસરીને સારી આવત. મનને એવું કંઈક થાત કે, 'એમાં શું ? એ ય ભૂખ્યા હશે ને ? અને કદાચ એમણે બહાર ખાઈ પણ લીધું હોય તોય એ માલિક છે, સ્વામી છે, સ્વામીમાં અને સેવિકામાં ફરક જોઈએ જ. હું તો એમની સેવા કરનારી. મારે તો પતિવ્રતા ધર્મ બજાવવાનો.—' આવી કોઈ વિચારણા આવી હોત તો પાછળથી જે

અનર્થ બને છે, તે ન બનત. અહીં તો હૈયામાં આદર્શ જ ખોટો, ત્યાં શું થાય ? ખેર ! આગળ જુઓ.

ધર્મદાસ ઠેઠ સાંજે મોડો આવ્યો. સૂર્યાસ્ત થઇ ગયો છે. સંધ્યા જવા માંડી છે, ત્યાં ઘણી તપશ્ચર્યાને અંતે (!) સુંદરીને આવતા પતિના દર્શન થયા ! એટલે પગમાં જોર આવ્યું. કેમ વારુ ? ખાવા ભેગી થશે એટલું જ નહિ, પણ ખરું તો પોતાની શાબાશી દેખાડવાનો ને પતિને પરવશ બનાવવ નો અવસર મળશે માટે.

જેવી દૃષ્ટિ તેવી કાર્યની અસર :—ઊઠીને પતિને સામે લેવા ગઈ. ઘરમાં લાવી એના કપડાં ઉતારે છે; કોચ પર બેસાડી પગ ધુએ છે; ' બહુ થાકી ગયા હશો. ભૂખ પણ પીડતી હશે. ' એમ કહી પગ અને માથું દાબે છે. રોજ તો ધર્મદાસને આથી ગીલગલિયાં થતાં; પણ આજે તો દૃષ્ટિ જરા ફરી છે, પારખ કરવાની છે, તેથી બહુ ઉમળકો નથી. **કાર્ય એનું એ હોય, પણ આપણી દૃષ્ટિ કેવી છે, તે પ્રમાણે કાર્યની અસર લઈએ છીએ.** એવું બને છે ને કે કોઈના ઉપર આપણને રીસ હોય, અને એણે આપણા માટે કાર્ય સુંદર પણ કર્યું; છતાં આપણને અસર સારી નહિ થાય. દૃષ્ટિ ફેરવીએ, સ્નેહથી રાખીએ, તો નુકશાનીના કાર્યની પણ અસર સારી રહેવાની.

સુંદરીનો ચાળો :—સુંદરી હવે કહે છે " અહો ! આજે ખૂબ મોડું થયું. ભૂખ્યા ને તરસ્યા એવા તે કેવા અગત્યના કામમાં અટવાઈ ગયા ? તમારું શરીર કેવું સુકોમળ !

દિવસમાં મારી સાથે દસ વાર તો જમનારા, અને આજે આખો દિવસ સાવ ભૂખ્યા ! આમ શરીર શી રીતે ચાલે ? ઘેર ગયું એવું કામ ને બામ ! શરીર છે તો બધું છે કે શરીર ગુમાવીને ? તમે એ બધું કષ્ટ મારી ખાતર કરો છો એ હું સમજું છું. પણ હુંય કેવી કે સ્વામીનાથને ત્રાસ આપાવનારી !....” એમ બોલતાં બોલતાં તો એ રડવા લાગી. તે પણ ધ્રુસકે ધ્રુસકે ! સાચું કે બનાવટી ? લાગણી કે જળ ? પણ ધર્મદાસ હમણાં ભોળવાય એવો નથી. જો કે આમાં એ સાચું ખોટું કલ્પી શકતો નથી; તેથી અંતિમ પરીક્ષા ઉપર આધાર રાખે છે.

એ કહે છે “ પણ રડે શા સારું ? તુંય કયાં સુકોમળ નથી ? મારા કરતાં વધુ કોમળ છે. તને મેં આજે ભૂખી રાખી. તને તો વધારે કષ્ટ પડયું.”

“ મને તો કંઈએ ઘા પડતા નથી. આ બીજું તો કાંઈ નહિ, પણ તમને જરા પણ તકલીફ પડે ત્યાં મારા તો પ્રાણ ચાલ્યા જતા લાગે છે. પછી રડવું કેમ ન આવે ! એમ થાય છે કે તમારી તકલીફ જોવા પહેલાં મારું મૃત્યુ કેમ નથી થતું ? ”

“ એવું શું બોલે છે ? લે ઊઠ, હવે તુંય ભૂખી હશે, જમી લઈ એ. ”

“ બળ્યું મારું જમવાનું. મને શું ઘા પડી જવાના છે. હા. તમને ઝટ જમાડી દઉં. જુઓને આ તમારું મોં, આજે કેટલું કરમાઈ ગયું છે ! લ્યો ઊઠો. રસોઈ તૈયાર છે. ”

"શું બનાવ્યું છે? આજે તો શીરો, પુરી, વડાનું જમણ જમવું છે."

"એમ? ધન્ય ભાગ્ય મારા! આજે ભોજનની આપે જ પસંદગી કરી! રોજ આ દાસીને ફરમાવતા હો તો કેવું સારું! હંમેશાં મને મુંઝવણ થાય કે એમને શું અનુકૂળ બનાવું? બહુ સારુ, હમણાં ઝટપટ બનાવી દઉં છું. ત્યાં સુધી તમે જરા આરામ કરો." એમ કહી સુંદરી ગઈ રસોઈ કરવા.

પતિને ભ્રમ:—ધર્મદાસ દિવાનખાનામાં જઈને સુતો. મનમાં એમ થાય છે કે "શું એનો વિનય! કેવો એનો પ્રેમ! આનામાં કયા ગુણની કમી છે? આ મિત્ર કહેતો હતો પણ અહીં તો જુદું દેખાય છે. આમાં શું સમજવું? મિત્ર બિચારો ભોળો લાગે છે. શાસ્ત્રોની વાતોને સર્વાંશે માની લે છે. શાસ્ત્રે કહ્યું છે કે નારી પ્રપંચની પુતળી અને સંસારના સંબંધીઓ બધા જ મતલબીઆ છે, સ્વાર્થી છે; તેથી મિત્રે બધે જ એવું માની લીધું. અહીં તો આ મારી પત્નીમાં જરાય વાંધો નથી દેખાતો. એક પણ અવગુણ નથી. આમાં કયાં એનો સ્વાર્થ કે પ્રપંચ દેખાય છે? એ તો બિચારી એકલી મારી જ ફિકર કરે છે. ભૂખી ને તરસી મારી મજૂરી કરે છે. જુઓ આ ભૂખી ને ભૂખી ફરી રસોઈ કરવા બેઠી..." આમ વિચારતરંગમાં છે ત્યાં અવાજ આવ્યો 'પધારો, રસોઈ થઈ ગઈ છે.'

વિચારે છે 'હવે શું કરવું? હજી મિત્રે કહેલી પરીક્ષા

પૂરી નથી થઈ. પણ આમાં પરીક્ષા કરવા જેવું શું છે ? નકામી મિત્રની ઘેલછાભરી વાતો છે. એમાં કયાં કૂચે મરવું ! ઊઠીને જમી લેવા દે.'

સચ્ચાઇનું એક પારખું :—પણ પાછું મનમાં થાય છે કે ' હા, એક વાત મિત્રની યાદ આવે છે કે અહીં ધર્મની કોઈ લેશ પણ વાત નથી દેખાતી. ત્યારે કાયિક પ્રેમ અને દેહધર્મ તો પશુપંખી ય બજાવે છે. અમે રાત્રિભોજન નહિ કરનારા આ બાઈના સામ્રાજ્યમાં તો સવારના ઊઠ્યા ત્યારથી રાતના સુઈ એ ત્યાં સુધી ઘંટી ઉઘાડી ! કલાકે કલાકે મોંમાં આ ને તે, આચડ કુચડ આરોગે જવાનું. ન કોઈ વ્રત ન પચ્ચકખાણ ! ન તિથિ, ન પર્વ ! એમ ધર્મની ગંધ ન હોવાથી સંશય પડે છે. ત્યારે પરીક્ષાનો પ્રસંગ તો પૂરો ભજવી લેવા દે. જોઉં શું થાય છે.

—એમ વિચારી એ મૌન પડ્યો રહ્યો. ઉત્તર ન આપ્યો, તેથી પત્નીએ ફરી અવાજ આપ્યો. તોય એ ન બોલ્યો. એટલે સુંદરી ઊઠીને ત્યાં આવી. જોઈને કહે છે " અહો ? ઊંઘી ગયા લાગે છે, કેટલા બધા થાકેલા ! લાવ જગાડું " બૂમ મારે છે પણ આ ઊઠતો નથી. તેથી પેલી આને ઢંઢોળે છે. તો આ તો ઢંઢોળાતાં જેમ એ ઉંચકે તેમ એ ઉંચકાઈ પડ્યો રહે છે. જેમ ફેરવે, તેમ ફરે છે. પણ જરાય બોલતો નથી, હાલતો નથી.

શું પતિ મરી ગયા ? :—બાઈ ને ફાળ પડી કે ' આ શું ? ઉંઘ કાંઈ આવી ન હોય. હાથ ઊંચો કરીને મૂક્યો તો નીચે

પછડાય છે, એકવાર બે વાર પાંચ વાર એમજ. વળી એમ પગ, એમ માથું ઉંચકી મૂકી દેતાં પટકાય છે. "ત્યારે શું આ મરી તો નહિ ગયા હોય ? લાવ, શ્વાસ જોવા દે." એમ કરી શ્વાસ જોવા નાકે આંગળી ધરે છે. પણ પેલો ય પક્કો છે. પ્રાણાયામનો અભ્યાસ કરી લીધો છે તેથી શ્વાસ સારી રીતે રોકી રાખે છે ! આ બિચારો આમ તો ગામડાનું માણસ, તેને નાડી અને હૃદય પારખવાની ગમ નથી. હાથ પગ પછડાતાં જોઈ અને શ્વાસ બંધ દેખી કલ્પી લે છે કે 'જરુર આ મરી ગયા.' પતિ મરવાના વિચારથી એને ફ્રાસકો પડે છે ! મોઢેથી બોલી ઉઠે છે કે

કામણની કલ્પના :— "અરે ! આ એકાએક શું થઈ ગયું ? આમ તો એમને નખમાંય રોગ નહોતો. ત્યારે કેમ બન્યું આ ? હા, હા, મને સમજાણું; અમારા બંનેનું સુખ અને પ્રેમ બીજાને ઈર્ષ્યા કરાવે એવાં હતાં. એમાં કોઈ દુષ્ટ સ્ત્રીને સહન ન થવાથી જરુર એણે આમના ઉપર કામણ કર્યું હશે. ને ભલે એમણે સવારે કોર્ટનું કામ કહ્યું, પણ કોઈ લુચ્ચીએ એમને પોતાના ઘેર ખેંચી ફસાવી કંઈક ખવરાવી – પીવરાવી દીધું લાગે છે. કેવી પાપિણી એ ?...." એમ બોલતી ચઢી જૂહા વિચારમાં. પોતાનું જ મન બગડેલું છે તેથી બહાર બીજાના ઉપર એવી બગડેલી કલ્પના કરી લે છે. પતિ બીજી પત્ની કરીને વધુ સુખી થાય એ એને ખટકે છે, એટલે ? કહો, પોતાને જ ઇર્ષ્યા છે. તેથી બીજામાં ઇર્ષ્યાની કલ્પના કરી લે છે. મનની છૂપી ગડમથલો

અંદરથી તેવી તેવી દુનિયા સર્જે છે. અહીં કાંઇ કામણુબામણુ નથી. મૃત્યુ નથી. છતાં **શંકાશીલ અને સ્વાર્થાંધ મન કલ્પનાઓ ભયંકર કરે છે.** માટે જ આ ઉપરથી પોતાની સ્થિતિ માપી લેવા જેવી છે. પહેલા નંબરમાં મનનું સંશોધન કરવાની જરૂર છે. કહ્યું છે,

'उचितमाचरणं शुभमिच्छतां, प्रथमतो मनसः खलु शोधनम्'– શુભ આચરણ કરવા ઇચ્છતા હોય તેણે પહેલાં તો મનનું સંશોધન, મનની શુદ્ધિ કરવી જોઇએ. **પોતાના મનના બિગાડાથી તો કેટકેટલાય સદ્વિચારના સ્થાનો પર દુર્વિચાર કરાય છે! ગુણને દોષરૂપ જોવાય છે! સુખને દુઃખમાં ફેરવી નખાય છે!** એ નુકશ નોથી બચવા, બહાર ગમે તેમ બન્યું હોય, બનનાર હોય, કે બનતું હોય પણ પોતાનું મન સ્વચ્છ રાખવું.

સુંદરીનું મન પહેલેથી જ સ્વાર્થરસિકતામાં એટલું બધું બગડેલું છે કે એ માત્ર કોઇએ કામણુટુમણુ કર્યાનો વિચાર **કરીને બેસી નથી રહેતી** પણ આગળ વધે છે. એમાં વળી એને મન આ માનેલો પતિમૃત્યુનો પ્રસંગ એટલો બધો ભયંકર લાગ્યો છે કે હવે દિલમાં બળાપો ઘણો ઉગ્ર થવા માંડ્યો છે, અને એ બળાપાને સ્ત્રી-સ્વભાવ મુજબ એકલી એકલી પણ મુખેથી બોલવા લાગે છે. એ કહે છે કે

સુંદરીનો સ્વાર્થ બળાપો : બાપ ગયેડો! પતિ કરમ ફુટલો! :—" હાય હાય! આ શું થઇ ગયું? હું ધારતી હતી કે પતિ ધરમ ધરમ બહુ કરતા તે મેં ભૂલાવી

દીધું. અને હવે એ રંગરાગમાં સારી રીતે મને વશ બની ગયા છે એટલે મારૂં બધું કહ્યું કરશે. અને હું મહારાણી બની દેવતાઇ લીલા ભોગવીશ ! એમાં આ શી મોંકાણ વળી ગઇ ? અરેરે ! મારૂં તો બધું જ લૂંટાઇ ગયું. મને હવે સંસાર-સુખ કયાં જોવાનું ? મારે તો હવે જુવાન જોડલાઓને આનંદ–મગ્ન જોઇને બળવાનું રહેશે. ઊંચા કુળમાં જન્મેલા અમારાથી હવે બીજું શું થાય ? કયાં હવે એકવાર પણ ભોગસુખ જોવા મળે ? આ મારા કરતાં તો ચકલા–ચકલી ભાગ્યશાળી કે નિરાંતે આનંદ કરતાં બેઠાં છે. હાયહાય ! આ મારો બાપ તે કેવો ગધેડો કે એટલી અક્કલ ન રહી કે લાવ પહેલાં આમની જનમકુંડલી બરાબર જોવરાવું. એ જોવરાવ્યું નહિ ને એકદમ ઉતાવળ કરીને આવા ટૂંકા આયુષ્યવાળા કરમફૂટલા સાથે ઘર મંડાવ્યું ? આના કરતાં કોઇ દીર્ઘાયુષી સાથે સંબંધ બાંધ્યો હોત તો કેવું સારું થાત ? ”

પતિ સજ્જડ :—સુંદરીનો બળાપો વધી ગયો. એમાં કંઇનું કઇ બોલવા ને બકવા મંડી. ધર્મદાસ પડચે પડચે સાંભળે છે. સાંભળતાં સાંભળતાં એ તો થીજી જ ગયો. એને એમ થાય છે કે ‘ અહો ! આ તે પત્ની કે વેશ્યા ! આ મારા પર અસીમ વહાલ દેખાડનારી પોતાનો સ્વાર્થ ઘવાતાં મને કરમફૂટલો કહે છે ! અને માત્ર પોતાનાં વિષય સુખનેજ ઇચ્છે છે ! ખરેખર શ્રાવક મિત્રની ખરેખરી નજર અને મારા પર લાગણી કે મને આ પરીક્ષા બતાવી ! હજુ જોઉં છું કે આ શું બકે છે. ’ સુંદરીએ વળી ચલાવ્યું;—

પતિના મડદા પર શીરાપુરી :— "હે ભગવાન ! આ તે તેં શો જુલમ કર્યો ? તને મારી જરા ય દયા ન આવી ? શાનો તને બધા જગત-દયાળુ કહે છે ? તું તો ક્રૂર છે. હવે મારે કમાનાર કોણ અને મનમાની મારી સેવા કરનાર કોણ ? હવે આ રાત પડી ગઇ છે, કાણિયા-બોંકાણિયા આવશે અને આખી રાત ધમાલ ચાલશે તે ઠેઠ સવ રે આ મડદું બાળવા લઇ જશે ત્યાં-સુધી ! એમાં મારે લોકને દેખાડવા ખાતર પણ રોકકળ કરવી પડશે; માથાં ને કપાળ કૂટવાં પડશે, છાતી પીટચે રાખવી પડશે; અત્યારે મારામાં જોર કયાં છે ? આખો દિવસ આ અભાગિયાને સારું લગાડવાના લોભમાં મેં ખાધું નથી. ભૂખમાં ને ભૂખમાં અડધી થઇ ગઇ છું. તે કેમ કરીને કુટાશે-પીટાશે ? ત્યારે ના, ના, એ તો બન્યું તે બન્યું. એમાં કંઈ ફેરફ પડવાનો નથી. હવે તો પેટ ભરીને ખાઇ લઉં; તિજોરી તાળાં સંભાળી લઉં, પછી પોક મૂકીને લોકને ભેગાં કરું....'

મિલ્કત-મૂડીનો આનંદ:—એમ બબડીને સુંદરી ઊઠી અને રસોડામાં જઇ બરાબર પલાંઠી મારીને શીરાપુરી-વડાં જમી ! જમીને બહાર આવી ! કબાટ, તિજોરી સ ભાળી લે છે. એમાં સારા સારા નાણાં જોઈને દરદાગીના જોઈ ને બબડે છે ' ખેર ! એ મર્યા પણ મારા માટે મિલ્કત મૂડી સારી રહી છે. આટલું સચવાય તોય ઘણું. પણ હા, મૂડીને એકલીને શું કરવાની ? ઉપાડવાની ? હવે દિલના મેલાપ કયાં કરવાના ? ' એમ બબડતી આવી ધર્મદાસ પાસે અને

ઘુમટો તાણી મોટી પોક મૂકીને આક્રંદ કરવા માંડયું.

સુંદરીની પોક :—" ઓ મારા બાપ રે !.... આ હું જીવતી મરી રે.... આ મારું કપાળ ફૂટી ગયું રે.... ઓ મારી મા રે.... આ હું કપાઈ મરી રે.... અરેરે મારું પેટ ફૂટયું રે.... ઓ મારા ભગવાન રે.... તેં તો મને આ જીવતી બાળી રે....હેંહેં.... હેંહેં.... હેંહેં.... "

લોક અને સુંદરી :—પોક સાંભળીને લોક એકદમ ભેગું થઈ ગયું. પૂછે છે " શું થયું; શું થયું ? "

" શું કપાળ પૂછો છો ? આ જુઓને કોઈ રાંડે આમને કામણ કર્યું કે શું થયું, આ મરી ગયા. મારું નસીબ ફૂટી ગયું. આ મને જહન્નમમાં ઉતારી, ઓ મારી મા રે.... હાય હાય ! આ મરતા ગયા ને મને મારતા ગયા. હવે મને ય કેમ મોત નથી આવતું ? "

લોકો સમજ્યા કે પતિ એનો મરી ગયો છે; તેની આ પોક છે. એને સમજાવે છે.

" બેન ! થયું તે થયું. હવે શોક કર્યે શું વળે ? ભગવાનને ગમ્યું તે ખરું. "

સુંદરી ભભુકે છે ' શું રાખ ભગવાનને ગમ્યું ? ભગવાને ય કેવો હરામી તે કોઈ દોસલા ન મળ્યાં તે અહીં ઘાડ લાવ્યો અને આ જીવતી મારી નાખી ? ' વળી કોઈ ડાહ્યો કહેનાર નીકળ્યો;

" બેન ! ભગવાન તો કશું કરતા નથી. પણ ભાગ્ય આગળ કોઈનું કંઈ ચાલે છે ? હવે તો શાંતિ પકડો. અને

લાવો ખાંપણ-બાંપણ, કરીએ ઠાઠડી. પણ પહેલાં આમને નીચે ઉતારવા પડશે. ”

ધર્મદાસના પગની થાંભલે આંટી :—એમ કરી બે જણા ધર્મદાસને ઉપાડવા જાય છે. પણ ત્યાં એક મુશ્કેલી થઈ. ધર્મદાસ સુતો હતો તે વચમાં રહેલા થાંભલાને બે પગની આંટી મારીને સુતેલો. એટલે પગ છૂટ્યા નહિ. પેલા જરા જોર કરે છે, પણ આ ય લઠ્ઠુબાજ છે; પગની આંટી પર જોર રાખે છે, તેથી પગ છૂટતા નથી. એટલે એ મસાણીયા ખાઈને કહે છે, “બેન! કરવતી હોય તો લાવો. તો આ થાંભલો કાપી નાખીએ અને આમને ઉપાડી લઈએ.” ત્યારે બાઈને મનમાં ફફડાટ થયો. એ પેલાને નજીકમાં બોલાવી કાનમાં કહે છે.

પગ કાપી નાખવાની સુંદરીની સલાહ :—“તમારામાં તે અક્કલ છે? આ હું વિધવા થઈ. હવે મને કોણ કમાવી દેનાર રહ્યું તે તમે આ રતનનો થાંભલો કાપી નાખો છો? એ તો હવે આમેય મરી ગયા છે; અને એમના મડદાને તો બાળી મૂકવાનું છે, પછી શું કરવું તે તમે એટલું ય સમજતા નથી?”

મસાણીયો બોલ્યો, “હા, હા, ખરી વાત તમારી. અમે સમજી ગયા, સમજી ગયા. લાવો પગ જ કાપી નાખીએ.”

ધર્મદાસ ઊઠે છે :—ધર્મદાસને મરેલો જાણી એની નજીક જ આ વાત થઈ. તેથી એના સાંભળવામાં આવી. એ સાંભળીને તો સજડ થઈ ગયો. એને એમ થયું કે “આ હું

શું સાંભળું છું ? આવી સ્ત્રીને હું મહાસતી સીતા ગણતો હતો ? ખેર ! પણ હવે જો પગ પર કરવત મૂકે તો મર્યો સમજો. હવે મિત્રે કહેલી પરીક્ષાવિધિ પણ પૂરી થઈ છે. તેથી હવે ઊઠું.” એમ વિચારી બાઈએ આપેલી કરવતી જ્યાં પેલા પગ પર મૂકવા આવ્યા કે ધર્મદાસ સડપ ઊઠ્યો. એથી કંઈક લોક ભડકયા ને નાઠા! અને કંઈક સમજ્યા કે આ તો ઘણીઘણી આણીએ આપણી મશ્કરી કરવાનો ઘાટ ઘડ્યો.– એમાં પગ પર કરવત મૂકવા સુધી આપણે પહોંચી મૂર્ખા બન્યા; તેથી શરમાઈ ગયા; એટલે ત્યાંથી ઝટપટ ઊઠીને નીચે ઉતરી ચાલતા થઈ ગયા.

ધર્મદાસ સુંદરીની જડતી લે છે :—પણ સુંદરી કયાં જાય ? હવે ધર્મદાસ એને ઉઘડી લે છે, “કેમ ? શું આ ? આ તમારો પ્રેમ અને આ તમારું સતીપણું ? કોઇએ કામણ કર્યું ? કે તમે જ કર્યું ? હું મર્યો માટે હું કપાળ-ફૂટલો અભાગીઓ, અને તમે જીવતા માટે આખા કપાળના ? બાપે બીજો સારો ધણી ન કર્યો માટે બાપ ગધેડો ? અને હું ખરાબ ?' ત્યારે તમારે તો માત્ર વિષયસુખ જોઈતાં હતાં, ચામડાની રમત ખપતી હતી તે તમારા કરતાં તમે ચકલા-ચકલી સારાં માન્યાં ? અને તમને આ બધું દુઃખ ભગવાને દીધું ? તે ભગવાનને ય હરામી કહેતાં તમને આંચકો ન આવ્યો ? આમ તો તમે મને કહેતા હતા કે ‘તમને જરા તકલીફ થાય ત્યાં મારા તો પ્રાણ જવા જેવું થાય, અને એ જોવા પહેલાં મારું મોત કેમ નથી થતું ?’ તો પછી મારા

મડદા ઉપર આ શીરા-પુરી, વડાં ગળે કેમ ઊતર્યા? અહીં તો મને સામાન્ય તકલીફ નહિ પણ આખું મૃત્યુ થઈ ગયું તોય તમને જરા ય તકલીફ પણ ન થઈ? તે શીરો ભાવ્યો! પુરી ગમી! વડાં ટેસથી ખાધાં! ઉપર પાછાં તિજોરી તાળાં સંભાળી મિલ્કત મૂડી બદલ ખુશી થયા! ધન્ય તમારા જનમને! આમાં કયાંય ધરમ યાદ આવ્યો? શાનો યાદ આવે? તમે તો મનેય ધર્મ ભૂલાવી દીધો! અને હું ધર્મ ભૂલી પાપમાં મસ્ત બન્યો એથી તમે રાજી થયાં! તો પછી તમારે જાતે શાનો ધરમ યાદ કરવાનો હોય? વળી લોકને જે કહેવા નીકળ્યા કે 'મારું કપાળ ફૂટી ગયું, મરનાર મને મારતા ગયા....' તે ય કેટલું જૂઠું? કપાળ તમારું ફૂટી ગયું કે મારું? તમે તો જીવતા બેઠા હતા તે હવે સમજીને મોહ દૂર કરીને ધર્મ કરીને ભવ સુધારી શકત પુણ્યવંતા બની શકત! કપાળ તો મારૂં ફૂટેલું ગણાય, કે હું તમારી મોહમદિરા પી, તમારા વિષયકીચડમાં ભૂંડની જેમ મહાલ્યો, ધર્મ ભૂલ્યો, અને એકલાં પાપ કર્યા; તે ખરેખર હાલ મર્યો હોત તો મરીને કયાંય દુર્ગતિમાં ગયો હોત! પાછું બાકી રહ્યું હતું તે મારા અત્યંત પ્રેમી કહેવરાવનારા તમે થાંભલાને બદલે મારા જ પગ પર કરવતી મૂકાવવાનું કર્યું? કયાં છે આમાં પ્રેમનો છાંટો સરખો ય? દંભ તે કેટલો બધો? ભલું થજો કે સુઝાડનારે સાચી બુદ્ધિ સુઝાડી ને આ તમારી બધી દંભલીલા જોવા મળી. કોના પેટનાં તમે? તમારી તે કઈ જાત ને કઈ ભાત?...."

સુંદરી સજ્જડ થઈ ગઈ છે. આજ બધું પોકળ પોતેજ અજાણમાં ખૂલ્લું કરી દીધું છે. પતિ હવે એનો શબ્દે શબ્દ જોખીને પાછો આપે છે. તેથી પોતાની ભયંકર ભૂલ સમજી ઊઠીને પતિના પગમાં પડે છે; ચોધાર આંસુએ રડે છે. પોતાનું કપટ કબૂલે છે; હવે કહે તેમ વર્તવા તૈયારી બતાવે છે.

અંતે ધર્મદાસ એને ધર્મ સમજાવે છે. ગુરુ મહારાજના ઉપદેશના સંપર્કમાં લઈ જાય છે. ચારિત્રજીવનની તૈયારી માટે ઉચ્ચ શ્રાવકના વ્રત નિયમો લઈને પળે છે. દેવભક્તિ, ગુરુભક્તિ, ધર્મની અનેક ક્રિયાઓ, ત્યાગ, તપસ્યા, જ્ઞાન ધ્યાનમાં લીન બને છે. બ્રહ્મચર્ય પાળે છે, અને અવસર આવતાં બંનેય બળીયા બની ચારિત્ર માર્ગે સંચરી આત્મ-કલ્યાણ સાધે છે. શ્રાવક મિત્ર પણ એમનું જ દૃષ્ટાન્ત લઈ સંસારને અસાર અસ્થિર સમજી સાધુ બને છે., સ્વપરના મહાન ઉપકારને કરી સદ્ગતિ પામે છે. ત્રણેય જણે જીવનને એમ ધન્ય બનાવ્યું.

સંસાર આવો છે, એ ઉપલક નજરવાળાને અનુભવ પછી સમજાય છે, ત્યારે ધર્મઘોષ જેવા સૂક્ષ્મદર્શી આત્મા પહેલેથી જ એને તેવો ઓળખી લે છે. તેથી એ સંસાર પ્રત્યે વિરાગી દશામાં વિહરે છે. એમાં એકવાર શું બને છે તે હવે જુઓ.

ધર્મઘોષ આચાર્ય મહારાજ કહે છે કે "હું રાજપુરમાં સંસારથી વિરક્તદશામાં રહેતો હતો. કેમકે સંસારનું કોઈ

સ્વરૂપ સારવાળું દેખાતું નહોતું. અંદર–બહારનું રૂપ જુદું હતું ! બહારથી વહાલ, અને અંદરથી વિશ્વાસઘાત ! લક્ષ્મી–ઘર-દુકાન–કુટુંબ બધા જ એક દિ' ધોખો આપશે એ ખબર છે ? જેને આ બધું વિશ્વાસઘાતી હોવાનો પત્તો લાગી ગયો, તે નિરાંતે બેસી ન શકે. ”

રાજપુરમાં એક દિવસ એક **અમરગુપ્ત** નામે મહાન આચાર્ય ભગવંત પધાર્યા. એમને અવધિજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. સાથે ઘણા સાધુઓ હતા. લોકમાં વાત ફેલાઈ ગઈ કે “ અહો, આચાર્ય ભગવંત મહાન તપસ્વી છે ! જેમણે પાપના સર્વ રસ્તા બંધ કરી દીધા છે. જેથી પાપનો પ્રવેશ જ ન થઈ શકે ! વળી સાથે એ નિર્મળ અવધિજ્ઞાનને ધરનારા અને દેશનાની મહાન લબ્ધિવાળા છે. ”

દેશનાની લબ્ધિ અને નંદિષેણ મુનિ:—દેશનાની આવડત જુદી અને દેશના ની લબ્ધિ જુદી. નંદિષેણ મુનિ પાસે દેશનાની લબ્ધિ હતી. મરિચિ પાસે દેશનાની લબ્ધિ હતી. કેઈ લોકોને પ્રતિબોધીને મોકલતા હતા ભગવાનની પાસે. ખૂબી કેવી, કે પોતે કઈ દશામાં ? મરિચિ હતા ચારિત્રભ્રષ્ટ અને નંદિષેણ મુનિ વેશ મૂકી બન્યા હતા વેશ્યા–સંગી ! પરંતુ વેશ્યાના ઘરમાં બેસી રોજ દસ-દસ માણસોને ઉપદેશ આપીને બોધ પમાડતા ! પછી જ ભોજન કરતા. બોધ ઉપાશ્રયમાં નહિ ! દુરાચારિણીના ઘરમાં રહીને બોધ ! તેય આપવાનો કોને ? દુરાચારીને ! વેશ્યાને ભોગવવા આવનારને ! વ્યાખ્યાન સાંભળવા આવનારને નહિ હોં !

ખ્યાલમાં આવે છે કાંઇ ? કેવી હશે એ દેશનાની લબ્ધિ ? શું કહેતા હશે એ દેશનામાં ? કહેવાની શૈલી નહિ આવડે આપણને. પણ કહેતા હશે કંઇક એવું કે :—" જન્મ પામ્યા ત્યારથી મૃત્યુની ફાંસી તૈયાર છે. ખબર છે ? અસંખ્ય દેવોનો સ્વામી હો કે રસ્તાનો રખડતો ભિખારી હો; મૃત્યુની ફાંસી બન્ને માટે તૈયાર છે ! સરકારની ફાંસી અને આ ફાંસીમાં ફરક એટલો કે સરકાર જાહેર કરે દા. ત. " ઓગસ્ટની ૧૬મી તારીખની સવારે ફાંસી અપાશે ! " ત્યારે આ ફાંસીમાં તો ખબર નથી, કે કયારે મૃત્યુ છે. મૃત્યુ હોવાની ખબર છતાં માની લીધું છે કે મૃત્યુની ફાંસી માટે આપણે બહુ મોટી મુદત છે. તેથી મજા કરી લો ! માટે તો સાલગીરીમાં કંસાર-લાડુ અને દૂધપાક પુરી જમાય છે. ત્યાં એ ખબર છે, કે નવી સાલગીરી એટલે મૃત્યુની નજીક થયા ? ભૂલો નહિ કે માનવ જીવનનું સુવર્ણ રસસમાન આયુષ્ય ક્ષણે ક્ષણે ઢળી રહ્યું છે. જાણો છો સુવર્ણ રસને ?

સુવર્ણરસ પર શ્રીપાલનો પ્રસંગ :—ગુફામાં સાધકો સુવર્ણરસની સિદ્ધિ કરી રહ્યા હતા, વનસ્પતિઓ વગેરે હાજર હતું, પણ રસ નહોતો બનતો. એવામાં ત્યાં પરોપકારી શ્રીપાલ આવી પહોંચે છે. સાધકે જોયું કે આ કોઇ વ્યક્તિ ભારી તેજસ્વી દેખાય છે. જોઇને ખૂશ થઇ ગયા. એ શ્રીપાલને આવકારે છે. શ્રીપાલ કહે છે.

" કેમ શી મૂઝવણમાં છો ? "

" આ સુવર્ણરસ બનતો નથી. "

" કેમ ન બને ? બનાવો મારી સામે. "

બનાવ્યો. ઉત્તમ આત્માની મંત્રતુલ્ય દૃષ્ટિથી રસસિદ્ધિ થઇ ગઇ ! સાધક ખુશ થઇ ગયા શ્રીપાલને એ કહે છે.

" લઈ જાઓ આ સુવર્ણરસ. આપને લઈ જ જવો પડશે. એના એકેક ટીપામાંથી ઢગલો સોનું બનશે. "

શ્રીપાલ કહે છે " ના રે ભાઈ ! મારે શું કરવો છે ? મારે જરૂર નથી. એ વેઠ વળી સાથે કયાં સંભાળું ? લક્ષ્મી તો દેશાટનની મજા લૂંટવામાં રુકાવટ કરવાવાળી છે. "

શું શ્રીપાલનું હૃદય છે ! **જ્યાં લોભ નથી, લાલસા નથી, એ હૃદય ખૂબ ફોરું, ખૂબ હલકું ફૂલ જેવું !** દગાબાજ ધવલે વહાણમાં બીલા વિનાના ગોબામાં ચઢાવ્યા, ને શ્રીપાલકુમાર પડ્યા સમુદ્રમાં ! પણ ત્યાં શું ? " નમો અરિહંતાણં. " " ઓ બાપરે મરી ગયો " નહિ. તો પણે મત્સ્ય તૈયાર છે ઝીલવા. શ્રીપાલ એની પીઠ પર બેઠા અને થાણા બંદરના કાંઠે ઉતર્યા. કેવો સેવક મત્સ્ય ! આ તો નકામા આપણે લોભથી ભારે થઈ એ છીએ. પુણ્ય એની મેળે યથાયોગ્ય કરી દે છે. આજે આપણે કહીએ છીએ ખરા કે " નવપદ ચમત્કારિક કહેવાય છે, પણ કાંઈ ફળ મળતું નથી. ત્યારે શ્રીપાલને કેમ મળતું હતું ? " પણ એ નથી વિચારતા કે **નવપદ પ્રત્યે શ્રીપાલ જેવું હૃદય બનાવ્યું છે ?**

આપણી વાત છે સુવર્ણરસની. શ્રીપાલે સુવર્ણરસ ન લીધો. પણ માનો કે તમે જ ત્યાં હો અને તમને પેલાંએ

સુવર્ણરસની તુંબડી ભરી આપી; પણ કમભાગ્યે તુંબડી સહેજ ફૂટેલી નીકળી. સુવર્ણરસના ટીપાં ઘરે જતાં વચમાં ઢળી રહ્યાં છે, તો કેવી લાગણી પેદા થાય હ�ૃદયમાં ? "કયારે ઝટ જઉં ને લોટો બદલી નાખું. હાય હાય ! આતો ટીંપુ નહિ પણ ઢગલે ઢગલા સોનું ઢળી રહ્યું છે !" એમ થાય ને ?

અરે સુવર્ણરસ શું ? દૂધનો લોટો પણ કાણો હોય તો ઘેર પહોંચી લોટો બદલી નાખવા કેટલી ઉતાવળ થાય ? કેટલી હાયવોય ને ચિંતા થાય ? તો ઢળી જતાં સુવર્ણરસના ટીપાંનું પૂછવું જ શું ? તો પ્રશ્ન એ છે કે **માનવ જીવનના અતિ મોઘેરા આયુષ્યરૂપી સુવર્ણરસમાંથી મિનિટ મિનિટ કે સેકંડ-સેકંડરૂપી ટીંપાં ઢળી રહ્યાં છે તે બદલ કેટલી હાયવોય, ચિંતા અને ઉતાવળ છે ?** અહિં કદાચ પાંચ મિનિટ વ્યાખ્યાન બંધ રહે તો શું કરો તમે ? ઈધર-ઉધરનાં ગપ્પાંને ! એમાં ઘોંઘાટ એવો કરી મૂકો કે જાણે શેર બજારના સોદા ! કે ઝટપટથી એક ચિત્તથી નવકાર ગણવા માંડો ? ખબર છે ને એક પણ નવકાર ગણવાનું કેવું મહાન ફળ છે ? એવા એ ધર્મકાર્યમાં ખર્ચેલી આયુષ્યની એક મિનિટ સુવર્ણરસના બિંદુની જેમ દેવતાઈ સુખનું વિપુલ પુણ્ય પેદા કરી આપે છે. કમઠના બળતા લાકડામાંથી નીકળેલા સાપે ફક્ત મરતાં મરતાં નવકારમાં ચિત્ત લગાવ્યું તો એ મરીને ધરણેન્દ્ર થયો ! સાધુ-મુખેથી સમડીએ મરતાં મરતાં નવકાર સાંભળતાં એમાં મન જોડયું તો રાજકુમારી થઈ !

સુવર્ણરસથી કંઈગુણી કિંમતી માનવભવના આયુની એકેક ક્ષણ છે. એના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સદુપયોગથી સદ્ગતિના મહાસુખરૂપી સુવર્ણ સર્જાય છે. રસ્તે ચાલતાં રેતીની ગાડી જોઈ તેમાંથી રેતી ઢળી રહી છે, તો પણ હૃદયમાં થાય છે કે ' અરે કાણી ગાડી ! રેતી ફોગટ ઢળી રહી છે ! ' તો રેતી ઢળી રહ્યાનું ય દુઃખ થાય છે, પણ સુવર્ણરસથી ય અતિ ઊંચી કિંમતવાળું આયુષ્ય ઢળી રહ્યું છે, તેની જરાય ફીકર નથી ?

વિચાર આવે કે " અગિયારથી પાંચ વાગ્યા લગી સામાયિક, નવકારવાળી,- સ્વાધ્યાય કર્યો હોત તો અપરંપાર લાભ થાત, પણ બજારમાં તેટલો આયુષ્યનો સમય બગાડ્યો, પૈસા મળ્યા નહિ, ને પાપ માથે ચઢયું. ઘીનો ડબો કોઈ લાડુ વગેરે બનાવવાના કામમાં તો નહિ આવ્યો પણ ઘરમાં કાંઈક સળગી રહ્યું હતું એમાં ઢળીને પડયું. ત્યાં ઘીનો નાશ થયો અને આગ વધી ! એમ આપણા આયુનો ઉપયોગ પાપસ્થાનોને પોષવામાં કર્યો; ત્યાં આયુષ્યનો નાશ થયો અને પાપ વધ્યું. "

નંદિષેણમુનિ વેશ્યાના ઘરમાં બેઠા પણ એવું જ કાંઈક બતાવતા લોકોને કે; " કાં હોમો છો આ માનવ આયુષ્યના સુવર્ણરસને અગ્નિમાં ? સ્વપ્ન જેવું આયુષ્ય છે. જોતજોતામાં પુરું થઈ જશે. સ્વપ્ન અને આયુષ્ય જીવન બેય ઈન્દ્રજાળ. ફરક માત્ર એટલો કે સ્વપ્નમાં આંખ ખૂલ્યા પછી કાંઈ નહિ, ને જીવનમાં આંખ બંધ થયા પછી કાંઈ નહિ. ત્યારે હજી આંખ

ખુલ્લી છે. ને આયુષ્ય બાકી છે, ત્યાં સુધી માનવ આયુષ્યના સુવર્ણરસથી મહાચારિત્ર સાધના કરી પુણ્ય-સુવર્ણ બનાવી લ્યો; આત્મશુદ્ધિનું સુવર્ણ સાધી લ્યો.” નંદિષેણની આવી કોક ધર્મપ્રેરણા પામી વેશ્યાના ઘરે આવેલા કામાંધ માણસો પ્રતિબોધ પામી જતા. એવી લબ્ધિ હતી એમની દેશનાની.

એમ અહીં પણ અમરગુપ્ત આચાર્ય મહારાજ મહાન અવધિજ્ઞાનના ધારક તો હતાજ, ઉપરાંત યથાસ્થિત ધર્મ-દેશનાની લબ્ધિવાળા હતા. એમનો યોગ મળવામાં ત્યાંના નગરનિવાસી ધર્મઘોષના કેવા મહાન પુણ્યોદયની જાગૃતિ! સાચું પુણ્ય આ છે કે જેના પ્રભાવે આત્મામાં પૂર્વના પુણ્ય ખૂટે નહિ, અને નવાં પુણ્યના મોટા ભંડાર ભરાય.

મહાજ્ઞાની પધાર્યા એટલે તો શું રાજા અને શું પ્રજા, સૌ દર્શન, વંદન અને ઉપદેશ-શ્રવણ માટે આવે છે.



૯ : અમરગુપ્તાચાર્યની જીવનકથા

" હે ભગવંત! આપશ્રીને ભૂત, ભવિષ્ય અને વર્તમાન પદાર્થોનું પ્રત્યક્ષ કરનારું અવધિજ્ઞાન પ્રગટ થયું છે. તો મારા પર અનુગ્રહ કરીને આપ આપનું ચરિત્ર સંભળાવો. આપશ્રીએ કયારે અને કેવી રીતે શાશ્વત શિવસુખરૂપી વૃક્ષનું જ એક બીજ સમાન સમ્યકત્વ પ્રાપ્ત કર્યું ? કયારે દેશવિરતિ પ્રાપ્ત કરી? યાવત્ અહીં કે બીજા ભવોમાં આપે કયારે અને કેવી રીતે સાધુપણું પ્રાપ્ત કર્યું ? "

જડવાદી પાપ જિજ્ઞાસાની પોકળતા શાથી !- પૂર્વના રાજા મહારાજા જેવાઓની જિજ્ઞાસાઓ જોવા જેવી છે ! ' અવધિજ્ઞાની મુનિ હજુર હજુર છે, તો લાવો કંઈક આર્થિક ઉન્નતિ, સામાજિક ઉન્નતિ વગેરેના ઉપાય પૂછી લઈ એ, ભવિષ્ય પૂછી લઈ એ. ' આવી કોઈ **જડવાદી પાપ જિજ્ઞાસા નહિ, કિન્તુ ચૈતન્યવંતી ધર્મજિજ્ઞાસા ઊઠે છે !** એ માનવ જીવનના મહા દીર્ઘ દૃષ્ટિવાળા વિવેકી લક્ષ્ય સમજીને શા ધોરણ નક્કી કરતા હશે કે જેથી આવી જિજ્ઞાસા ઉઠે ? એજ ને કે,

(૧) વર્તમાન જીવનની ખાનપાનાદિ તથા રંગરાગની વસ્તુ તો ચાલ્યા જ કરવાની છે, એ કાંઈ નવી શીખવાની નથી. અનાદિની એ કાર્યવાહી તો ચાલુ જ છે.

(૨) વળી એની અનુકૂળતા-પ્રતિકૂળતા પણ આપણા પૂર્વના સુકૃત-દુષ્કૃતના આધારે રહેવાની.

(૩) ત્રીજી વાત એ કે પૂર્વના પુણ્યથી કદાચ સારી અનુકૂળતા મળી જાય. તો પણ એના પર પરલોકના સુધારા બિગાડાનો આધાર નથી. એનો આધાર તો સારી દુન્યવી સગવડ કે અગવડને બદલે આપણા **માનસિક ચિંતન, હાર્દિક વલણ** અને **આત્મિક પરિણતિ** ઉપર છે. **એ મન-હૃદય-આત્માની જો સ્થિતિ શુભ, તો પરલોકનો સુધારો; અને જો પરિસ્થિતિ ખરાબ, તો ભવાન્તરનો બિગાડો.** એટલે કે,

(૪) ભોગના સાધન મળવામાં પૂર્વ કર્મનું જોર; તથા ભોગવવામાં એની એ અનાદિ અનંતકાળની પશુરમત.

ત્યારે પરલોકના સુધારાનો આધાર તો પાછો આપણા મન-હૃદય-આત્માની શુભ ભાવના-વલણ-પરિણતિ ઉપર જ છે. તો પછી એ જડ સુખના સાધનોની કે જડ સુખની શી બહુ ચિંતા કરવી? એમાં તો આત્માને મફત ટીચાવાનું રહે. એના કરતાં પરલોકહિતકારી શુભ ભાવનાઓ, શુભ વલણ અને શુભ પરિણતિ કેમ ઘડાય, કેમ ટકાવાય, અને કેમ અધિકાધિક ઉજ્જ્વલ કરાય, એના માર્ગ કાં ન શોધવા? એમાં વળી ઘેર બેઠે એવા કોઈ મહાજ્ઞાની મળી જાય તો પછી એજ વસ્તુ કાં ન પૂછી લેવી? પાછું ત્યાં મહાજ્ઞાનીના પોતાના અનુભવેલા અનુભવ જાણવા મળે,

એ તો મહાન પ્રેરણાદાયી વસ્તુ! મહાન ધર્મશ્રદ્ધા કરાવનાર પ્રબળ નિમિત્ત ગણાય! તેથી અહીં અરિમર્દન રાજા અવધિજ્ઞાની મુનિનું પોતાનું જ અનેક ભવોનું ચરિત્ર પૂછે છે. કયારે સમકિત મળ્યું, શ્રાવકપણું મળ્યું, સાધુપણું મળ્યું, વળી એ બધું કેવી રીતે મળ્યું, ઇત્યાદિના પ્રશ્ન પૂછી લે છે.

યોગ્યની પાસે યોગ્ય માંગાય :—ચક્રવર્તી પાસેથી કોઈ અદ્‌ભુત સંપત્તિ વૈભવ માગી લીધા તો તો ચક્રવર્તીની કદર કરી ગણાય; પણ ફાસકુસીયા ચાર ચીંથરા અને દસ પાંચ રૂપીઆ માગ્યા, તો એમાં શું માગ્યું ગણાય? એ તો એની મજાક કરવા જેવું થાય, અને પોતાને અપૂર્વ લાભથી વંચિત રહેવાનું થાય.—આ પણ વસ્તુ ખૂબ વિચારવા જેવી છે, કે **કોની પાસેથી શી આશા રાખવી?** કયું શું માગવું? અરિમર્દન રાજા અહીં અવધિજ્ઞાની મહર્ષિ પાસેથી **એવું** માગી લે છે, કે જેમાંથી સાંભળનાર મલીન આત્માના આખાને આખા પરાવર્તન થઈ જાય! અંતકાળના અંધકાર ઉલેચાઈ જાય! ભાવી અનંતકાળ ઉજ્જવળ કરવાના નિર્મળ પ્રકાશ, પ્રેરણા અને પુરુષાર્થ પ્રાપ્ત થઈ જાય!

ભવ-૧. સોમા-રુદ્રદેવ

રાજાના પ્રશ્નના ઉત્તરમાં હવે અવધિજ્ઞાની મહર્ષિ શ્રી અમરગુપ્ત આચાર્ય મહારાજ પોતાનું ચરિત્ર કહે છે.

"રાજન્! સાંભળ, આજ વિશ્વમાં એક ચંપાવાસ નામે નગર છે. ત્યાં પૂર્વકાળને વિષે **સુધનુ** નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તેની **ધનશ્રી** નામની પત્ની હતી. એની હું

સોમા નામની પુત્રી થઇ. વખતને જતાં શી વાર? જોતજોતામાં તો હું યુવાવસ્થાને પામી ગઈ. તેથી મને તે જ નગરના રહેવાસી નંદ નામના સાર્થવાહના પુત્ર રુદ્રદેવની સાથે પરણાવવામાં આવી."

'અમે અનેક' અને 'હું એકલો':—સંસારની આ સહજ વસ્તુ છે કે 'ઉંમરમાં આવો એટલે એકત્વની ભાવનાની નજીક જવાને બદલે અનેકત્વની ભાવનાના વિસ્તાર તરફ આગળ વધો. સંસારમાં જન્મીને માત્ર એટલું હતું કે **'અમે અનેક'** એટલે કે 'અમેમાં મારા પિતાજી, મારી બા, મારા ભાઇઓ, મારી બેનો, એટલું હતું, પણ એમાં તો અવસર આવ્યે માતાપિતા ચાલી જવાના હતા, બેનો પરણી જવાની હતી, અને ભાઈઓ પોતાની પત્ની વગેરે કુટુંબને ઊભા કરી લેવાના હતા. એટલે પોતે ને જાતે એકલા પડી પોતાને કેવળ આત્મચિંતન કરવાનો મોકો હતો, એકત્વની ભાવનાને ઠીકઠીક આત્મસાત્ કરવાનો અવકાશ હતો. પરંતુ અહીં તો એ મોકો આવવા દેતાં પહેલાં જ યુવાનીનો અવસર જે આવે છે, તે **"અમે અનેક'** ની ભાવના દૃઢ રહે એવો વિસ્તાર કરી આપે છે, જાઓ તમે લગ્ન કરો, બાપ બનો એટલે હવે 'અમે અનેક'માં મારી પત્ની, મારા પુત્ર, મારી પુત્રવધુઓ, મારી પુત્રીઓ, મારા જમાઈ, મારા પૌત્રો....એમ અનેકપણાનો વિસ્તાર કરો."—આવું આ સંસાર કહે છે. પાછું એ બધા નાનડીયા એટલે એ પત્ની, પુત્રો, પુત્રવધૂઓ, પોતરા એની સાથેની અનેકત્વની ભાવના જીવનભર માટે દૃઢ કરી આપે છે. આ સંસારમાં વાસ્તવિક

રીતે જ્યારે જીવનું એકત્વ છે, **એકલો જ** જન્મે, **એકલો જ** કર્મની પીડાઓ ભોગવે, **એકલો** માંદો પડે, અનેકની ખાતર **એકલો** પાપ કર્મોના થોક ઉપાર્જે, અંતે **એકલો** મરે. **એકલો** ક્યાંય અગમ અગોચર પ્રદેશમાં અર્થાત્ સંસારની અટવીમાં **સરનામું ન જડે** એવા સ્થાને પહોંચી જાય, અને ત્યાંથી પણ **એકલો** અનેક ભવોમાં ભટકે! આવું બધું જ્યારે જીવનું એકત્વ છે, ત્યારે અનેકત્વના જીવનભરના ખ્યાલમાં અટવાઈ જવું, એ શું અજ્ઞાનતા નથી? પાછું **એ બધું વારંવાર એકલા જન્મવાનું-મરવાનું રઝળવાનું જે અનેકત્વની ભાવનાથી ઊભું થાય છે, કપાળે ચોંટે છે, તે અનેકત્વની ભાવના તારક કહેવાય કે મારક?** મિત્ર કહેવાય કે શત્રુ કહેવાય? અહીં પ્રશ્ન થવાનો કે,

પ્ર૦-પરંતુ એમ અનેક થયા પછી ધર્મસાધનાની અનુકૂળતા થાય છે ને? અને 'અમે અનેક'ના કુંડાળામાં આવેલાને પણ ધર્મ પમાડાય એ ય શું લાભ નથી?

ઉ૦-આમાં બે વાત છે.

(૧) એટલું તપાસો કે જાતે ધર્મ સાધવાની મોટી અનુકૂળતા અને અન્યને ધર્મ પમાડવાનું, આ બે ખરેખર સારી રીતે ક્યાં થાય છે? અનેકત્વની ભાવનામાં-'અમે **અનેક**'માં-થાય છે કે 'હું એકલો'માં? **ધર્મ** સાધવા-સાધાવવામાં તમે આગળ પડતા છો કે સાધુ મહાત્માઓ? સાધુઓએ અનેકત્વનો ખ્યાલ છોડી દીધો છે. ઇન્દ્રિયો સહિત શરીરને પણ તદ્દન પરાયું અને ધોખાભર્યું એ ગણે છે.

દેવ-ગુરુને પોતાના કર્યા છે. તેમાંય અન્ततો ગત્વા (છેવટ જઈને) તો પોતાના શુદ્ધસ્વરૂપી આત્માને દેવ તરીકે અને પોતાના પ્રેરક જીવને જ ગુરુ તરીકે સમજે છે. આમ વસ્તુ-ગત્યા એકલા બનીને એકત્વની ભાવના દૃઢ કરી જાતે મહા-ધર્મ સાધે છે, અનેકાનેક ભવ્ય જીવોને **ધર્મ પમાડે છે,** ધર્મમાં **આગળ વધારે** યાવત્ પોતાના જેવા એકાકી બન-વામાં અને **એકત્વની ભાવના દૃઢ કરવામાં એવા ચઢાવી દે છે,** કે જેથી એ પાછા **મહાધર્મની પરંપરા આગળ ચાલુ રાખે. હવે કહો, તમારા 'અમે અનેક'ના પોલાદી ચોકઠામાં આ બધું શક્ય છે ?** ના ના, તો પછી લગ્ન અને સંસાર વગેરે એ ધર્મ સાધવા-સધાવવાની અનુકૂળતા માટે નહિ ને ?

(૨) બીજી વસ્તુ એ તપાસો કે (i) સાંસારિક અનેકત્વના કુંડાળાને પામ્યા-વધાર્યા પછી એમાં **મુખ્યતા કોની** રહે છે ? **વિશેષ કાર્ય કોનું** ચાલે છે ? **શું ધર્મ સાધવા-સધાવ-વાની** મુખ્યતા અને બહુપણું ? **કે શું વિષય-ક્રીડાઓ ખેલવા-ખેલાવવાની મુખ્યતા અને વિશેષપણું ?** (ii) શું પહેલું કાર્ય એનાં સાધન-સંપાદનનું કે ધર્મના સાધન-સંપાદનનું ? (iii) ઘણો સમય શામાં જાય ? (iv) **'અમે અનેક'**ના જીવનમાં શું વધારે ચાલે છે ?-કષાયો, અવિવેક અને આશ્રવો ? કે ઉપશમ, વિવેક, અને સંવર ? (v) જોર શાનું રહે છે ? કુવિકલ્પો, કુલેશ્યાઓ અને દુર્ધ્યાનનું જોર ? કે સુવિકલ્પો, સુલેશ્યાઓ અને શુભધ્યાનનું ? કાઢ્યું છે માપ, કાઢ્યું છે કોઈ વાર ? કે એમ જ માની લીધું છે કે....

'અમે અનેક'ના વિસ્તારથી જીવનમાં ધર્મ સાધવા-સધાવવાનું વધે છે? લગ્ન અને સંસાર શું એ માટે છે? અલબત્ એમાં તમે વધુ ધર્મ સાધો-સધાવો એ ખુશી થવા જેવું છે; પરંતુ પહેલાં હૃદયને તપાસજો કે આપણે રોજના ચોવીસ કલાકમાં મોટા ભાગે શું કરી રહ્યા છીએ? ત્રાસ છૂટશે ત્રાસ.

જો ઊંડું વિચારશો તો દેખાશે કે આપણે તે જન્મ-મરણ-વ્યાધિસહન-પરલોકગમન-ભવભવભ્રમણ વગેરેમાં આપણાજ આત્માના એકલા અટુલા અને નિરાધાર હાલને લંબાવી રહ્યા છીએ કે ટૂંકાવી? બાકી એટલું જરૂર છે કે આ બધું લક્ષમાં રાખીને પછી જ્યાંસુધી એકત્વને અનુરૂપ અમલમાં ન અવાય અર્થાત્ સાધુ ન બનાય ત્યાંસુધી પણ ગૃહસ્થ જીવનમાં તમારા 'અમે અનેક'ના કુંડાળામાં આવેલા કુટુંબીઓ પ્રત્યે ધર્મવાત્સલ્ય કેળવાય, એને ધર્મ માર્ગે ચઢાવાય, એમ કરવાનું ભૂલવા જેવું નથી. વેપારાદિમાં જાતે અસત્ય-અનીતિ વગેરે પાપો આચરવાનું તદ્દન બંધ કરવું ઘટે. જેથી આપણા બચાવ સાથે એ અનેકને પણ એ પાપની અનુમોદનાના ભારમાંથી બચાવાય. અર્થાત્ પોતાની તો શું પણ એ બધાની ખાતર પણ અસત્ય અને અનીતિ, મહારંભ અને મહાપરિગ્રહ, લાલસા અને મમતા વગેરે પાપો કરવા જેવા નથી. **જ્યાં મોટું સામ્રાજ્ય જીવના એકત્વનું છે, ત્યાં ક્ષણિક અનેકત્વમાં તણાયા ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા, અભિમાન, અસત્ય, અન્યાય, વગેરે દુષ્કૃત કોણ કરે?**

સોમાનો ભાગ્યોદય :-અમરગુપ્ત આચાર્ય મહારાજ

કહે છે કે "મારા સોમાના ભવમાં રુદ્રદેવ સાથે લગ્ન થયા, અને અમે વિષયસુખ અનુભવતા કાળ પસાર કરીએ છીએ. એમાં એકવાર એવું બન્યું કે હું મારા સાસરેથી પિયેર જતી હતી ત્યાં ભાગ્યોદયે ચંપાવાસ નગરમાંજ પધારેલા **શ્રી** આલયચન્દ્રા-ગણિની નામે સાધ્વીજી મહારાજને મેં રસ્તે જતાં જોયા. અહો ! કેવા હતા એ ? **પોતાના કલ્પ મુજબ વિચરનારા-વિહાર કરનારા, તપથી ઓગાળી નાખેલી** કાયાવાળા અને સિદ્ધ કરેલા શ્રુતજ્ઞાન રૂપી રત્નને ધરનારા એ જાણે **સાક્ષાત્ મૂર્તિમાન શાસન દેવતા ન** હોય !"

માનવભવમાં ત્રણ વસ્તુ મોટી:—જીવનચર્યા, મનનું ઘડતર અને સમજક્ષેત્ર. એ સારા ય હોય અને ખરાબ પણ બને. જો એકલી આહાર-નિદ્રા-વિષય-પરિગ્રહની વાતો ચલાવી, તો ચર્યા તેવી પશુસાધારણ-પશુસમાન રહેવાની; મનનું ઘડતર કુસંસ્કારોથી ઠીક ઠીક વાસિત થવાનું; **અને** સમજક્ષેત્ર અજ્ઞાન-મિથ્યાજ્ઞાનનું અર્થાત્ જડપદાર્થોની સમજનું વિસ્તરવાનું. કયાંય આધ્યાત્મિક ચર્યા-ઘડતર-જ્ઞાનવૃદ્ધિને અવકાશ નહિ. એ તો જીવોના સામાન્ય જીવન કરતાં પોતે પોતાનું જીવન ઊંચું બનાવે અને એકલું ખાન-પાન, રંગરાગ, વગેરે મઝા ઉડાવવાનું નહિ પરંતુ ઇન્દ્રિયસંયમ, સાદાઈ અને ત્યાગ શીખે; ધન એકલું ભેગું કરવાનું નહિ, પણ દાનમાં દેવાનું ને પરમાર્થમાં ખર્ચવાનું શીખે; એકલી એશઆરામી અને સગવડ-પંથ નહિ પણ આત્મજાગૃતિ, ધર્મસાધનાનો પુરુ-

પાર્થ, સહિષ્ણુતા, પ્રતિકૂળ સહન કરવાની વૃત્તિ તથા તત્ત્વજ્ઞાન અને સારી સારી ભાવનાઓ કેળવવાનું શીખે. એવું કાંઇક જીવનમાં રાખ્યું હોય તો જીવન પૂર્વના કરતાં ઉચ્ચ બને. તો જ, સારી જીવનચર્યા. મનનું સારૂં ઘડતર અને સમજક્ષેત્ર ઊંચું આવે. સાધ્વીજી મહારાજે તો જીવનને ખૂબ ઊંચે લીધું હતું. એમની જીવનચર્યા જિનાજ્ઞાએ ફરમાવેલા સંયમ માર્ગે ચાલી રહી હતી ! અનેક પ્રકારના તપો આચરીને મનનું ય સુંદર ઘડતર કર્યું હતું, ને હજીએ કરી રહ્યા હતા ! તેમજ મહાન શાસ્ત્રજ્ઞાન મેળવીને તત્ત્વ-સમજનું ક્ષેત્ર સારૂં વિસ્તાર્યું હતું ! માનવભવની ત્રણ મહાન વસ્તુ પ્રાપ્ત કરી હતી.

જિનવચનનો મહિમા :—અનંતજ્ઞાની અને અનંત-ઉપકારી શ્રી જિનેશ્વરદેવોના પ્રકાશેલા ધર્મ-માર્ગ સિવાય જીવનચર્યા સારી બને કયાંથી ? જિનોકત અનેક પ્રકારના બાહ્ય અભ્યન્તર તપો તપ્યા વિના અનાદિના દુષ્ટ મનના શિષ્ટ ઘડતર થાય કયાંથી ? શ્રીસર્વજ્ઞ પ્રભુના શાસ્ત્રે ઉપદેશેલા તત્ત્વના વિસ્તૃત જ્ઞાન વિના સમજક્ષેત્ર વસ્તુ-સ્વરૂપના પરમાર્થને રહસ્યને અવગાહનારૂં બને કયાંથી ? આ બહુ ધ્યાનમાં રાખી લેવાની ત્રણેય વસ્તુ છે. નિજના આત્માને અનાદિના અજ્ઞાનતામય ભૂતાવળમાંથી ઉદ્ધરી ઊંચે પ્રકાશના, પવિત્રતાના અને પાવન પુરુષાર્થના પંથે ચઢાવવો હોય તેણે આ ત્રણેય ઉપર ધ્યાન આપવું પડશે. એ માટે જિનવચનની ઉપાસનામાં લાગી જવું જોઈશે.

સાધ્વીજીના દર્શને સોમા પર અસર :–સોમાને એવા ગુણસંપન્ન સાધ્વીજીના દર્શન મળ્યા કે જેમનામાં ત્રણેય શુભનો સુંદર યોગ હતો. સોમા પિયેર જઈ રહી હતી. સ્ત્રીને પિયેરનો રાગ સારો હોય છે. એવા રાગથી જતી એવી પણ એ, જુઓ કે, સાધ્વીજીને દેખતાં કેવો અનુભવ કરે છે! શ્રી અવધિજ્ઞાની મહર્ષિ પોતે કહે છે કે "મને (સોમાને) સાધ્વીજીના દર્શન થતાં હૃદયમાં આનંદ ઊછળ્યો! મારી આંખો વિકસ્વર બની! પાપ તો દૂર જ ભાગી ગયું! શરીરના ગાત્રો ઉચ્છ્વાસ લેવા મંડ્યા; અને ધર્મચિત્ત સ્ફુરાયમાન બની ગયું!"

પરમાત્માના દર્શન નિષ્ફળ જવાનાં ત્રણ કારણ:– મહાન આત્માના દર્શન હૃદયથી કરવામાં આવે એનું આ પરિણામ આવીને ઊભું રહે છે કે હૈયામાં આનંદ ઊછળવા માંડે છે! અને એ આનંદની પાછળ આંખ, હૃદય અને મન ઉપર ચમત્કારિક અસર થાય છે! ત્યારે કેટલીક વાર મહાન પુરુષના દર્શન થતાં પણ આપણને ખાસ આનંદ ઉપજ્યો, કે આંખ, મન અને હૈયું પ્રભાવિત બન્યું એવો અનુભવ જે આપણે નથી કરતા ત્યારે ત્યાં માનવું પડે કે 'ઠીક ભાઈ! દર્શન તો કર્યા, પણ **અંતર આપણું (૧) કાં શૂન્ય હતું, (૨) કાં બીજી ગડમથલમાં હતું, (૩) કાં સામાની મહત્તાનું ભાન વિનાનું હતું; તેથી ન આનંદ, ન સારી અસર.**' ખુદ પરમાત્માના પણ દર્શન આ ત્રણ કારણે નિષ્ફળ જાય છે. ત્યારે એ કેટલી બધી અફસોસમય

સ્થિતિ ગણાય કે માંડમાંડ મેળવેલા ઉત્તમ માનવભવમાં પરમ પુણ્યના યોગે લાધેલા પરમાત્માના દર્શન કે જેની પાછળ એટલી બધી પુણ્યાઈ તો ખર્ચી છે જ, ઉપરાંત એ દર્શન આત્માને ભવિષ્ય માટે પાછા મહાન લાભોના પાયા નાખી આપે છે; એ એમજ એળે જાય! મંદિરમાં માત્ર ધક્કા થયા એટલું જ ને? કેમ આમ? શું પ્રભુ પ્રત્યે હૃદયમાં પ્રેમ નથી? શું નાસ્તિક છીએ? શું જૈનેતર પૂજારી જેવા છીએ? ના, એવું તો કાંઈ નહિ. પરંતુ શૂન્યતા, કે બીજો રસ કે અજ્ઞાન દશા છે.

૧. ચિત્તની શૂન્યતા ટાળવા શું કરવું? :-દહેરાસરમાં ગયા તો ખરા, કિન્તુ શૂન્ય મગજે. જાણે કે શું અહીંથી લેવાનું નથી! પાયખાનાની દુર્ગંધથી ત્રાસી રસ્તા પર ક્યાંક અત્તરવાળાની દુકાન આગળ જઈ ઊભા, તો ત્યાં તો સુગંધ લેવાની છે, તેથી ઝટ ખરાબર મગજ પરોવી નાકથી સુગંધનો શેરડો ખેંચાય છે, ખુશી ખુશી થવાય છે, અહીં એવા મગજની ખાસ પરોવણી કરીને દુનિયાની પાપમય પ્રવૃત્તિની દુર્ગંધથી ખસી સુગંધીદાર પ્રભુદર્શનનો શેરડો આંખને ખેંચવાની જરૂર નથી લાગતી, એનો અનુભવ નથી થતો! ક્રિયામાંથી કશું લેવા-કમાવાનું નથી એટલે ચિત્ત સુસ્ત છે. શૂન્ય મગજની આ પંચાતી છે. તેથી શુભ ક્રિયામાં **ચિત્તની શૂન્યતા ટાળવા એમાંથી સારૂં ફળ લેવાનો પૂરો ખ્યાલ જાગ્રત રહેવો જોઈએ,**

૨. બીજી ગડમથલ રોકવા શું કરવું? :—ત્યારે, બીજા

મુફલીસ કાર્યમાં ગુંથાયેલા ચિત્તની પણ એવી રાંક દશા હોય છે કે એ રાંકડા ચિત્તને, આ પ્રભુદર્શન જેવા ઉત્તમ કાર્યના ફળની ગતાગમ નથી; વસ્તુનો એ વિવેક નથી કરી શકતું કે શામાંથી મહાન લાભ નીપજવાનો અને શેમાંથી હલકો? 'અનંત અનંત કાળથી આ સંસારનું એનું એ ખાનપાન–લક્ષ્મી–વ્યવહારનું પિંજણ કરતા તો આવ્યા છીએ. તે વળી અહીં શું નવું હતું? નથી કર્યા એવા સાચા પરમાત્માના સાચાં દર્શન. તેની અહીં સોનેરી તક મળેલી ગુમાવીએ, અને મન પેલા કચરાના વધુ વધુ પરિચયથી હજીય વધારે ને વધારે બગાડયે જઈએ?' આમ **બીજી ત્રીજી ગડમથલની અનાદિદૃઢતા અને 'એમાં તો આત્માની ગમા-રિતા છે;' એમ ચિંતવીએ, તો એને રોકી શકાય.**

૩. **અજ્ઞાનદશા ટાળવા શું કરવું** :— ત્યારે ત્રીજું કારણ 'પરમાત્માની કે એમનાં દર્શનની મહત્તાની પિછાણ નહિ;'–એટલે પ્રભુનાં મહામૂલ્ય–દર્શન નિષ્ફળ જાય એ પણ માનવ જેવા ઉચ્ચ પ્રાણીને મળેલી ઉચ્ચ શક્તિઓના હિસાબે ઓછું શરમભર્યું નથી. લાજવાનને તો એમ થવું જોઈએ કે 'ગમે તેવી દુનિયાની લપ માથે હોય, કે ગમે તેવા બાહ્ય માનમર્તબા અને ભોગવૈભવ મળ્યા હોય, પણ પ્રભુનાં દર્શ-નની ક્રિયા આગળ એની શી મહત્તા હતી? કુછ નહિ. એ તો બધા અંતે વિનાશી, અસાર, ને જીવને કેવળ દુઃખની ખીણમાં ધકેલનારા! જ્યારે મારા નાથનાં દર્શન તો મને તારનાર છે, મારા અંતરને અજવાળનાર છે,' આમ દર્શનનું ગૌરવ ઉભું કર્યા પછી જુઓ કે દર્શન કેવાં સરસ થાય છે!

એની પાછળ સોમાની જેમ ચમત્કાર થવાનો. આંખમાં વિકસ્વરતા, મનમાં ધર્મનો ઉછળતો ઉલ્લાસ, શરીરના ગાત્રોમાં રોમાંચ, અને હૃદયમાંથી પાપવૃત્તિનો નાશ, વગેરે સહેજે ઊભું થવાનું.

વિનયવિવેકનું સ્વરૂપ :—જૈનેતર સોમાએ હજી તો સાધ્વીજીનાં દર્શન માત્ર કર્યા છે. એમાં તો એનું ધર્મચિત્ત ઉલ્લસિત બન્યું. હવે કેમ જ શાંત રહી જોયું ન જોયું કરી શકે? તરત જ એણે વિનયપૂર્વક હાથની અંજલિ જોડી સાધ્વીજી મહારાજને બહુમાન સાથે વંદના નમસ્કાર કર્યા. જોને, જૈન નથી એ, છતાં સાધુપુરુષનાં દર્શને અતિ આનંદ અને નમસ્કાર એ આર્ય દેશમાં સહજ વસ્તુ છે. એમાંય નજીકમાં જેનો ભાગ્યોદય થવાનો છે એને તો વળી બીજાં સત્તર કામ પડતાં મૂકી આ બહુ ગમે. ગમે છે ને તમને? તો માનજો કે ભાગ્યોદય નિકટ છે. એની વંદનાની પાછળ સાધ્વીજીએ પોતાના આચાર અનુસાર સકલ સુખને પહોંચવામાં બીજ તૂલ્ય 'ધર્મલાભ'નો આશીર્વાદ આપ્યો. સાધુસાધ્વી પાસે એજ એક મહાન બક્ષીસ છે. તમે સાધુને આવકારો કે તુચ્છકારો, એને ગોચરી વહોરાવો કે ન વહોરાવો, એ મહાત્મા તો એક માત્ર ધર્મલાભની આશીષ આપવા તૈયાર છે. શ્રી જિનેશ્વર ભગવંતોએ કેવી સુંદર સાધુમર્યાદા યોજી છે! ત્યારે એની કલ્યાણ-અસર પણ જુઓ. સોમાને ગુરુણીજી મહારાજ પ્રત્યે ખૂબજ સ્નેહ અને સદ્‌ભાવ ઉત્પન્ન થયો. એણે પોતાના દિલમાં સાધ્વીજીને મહાન માનવંતુ અને અજબ આસ્થાનું સ્થાન દીધું. ધર્મજિજ્ઞાસા હવે સારી જાગી. પણ એમ કાંઈ

રસ્તા વચ્ચે ઊભા રાખીને ધર્મ પૂછાય? ના; તેથી એણે એમનો ઉતારો કયાં છે તે પૂછ્યું; જેથી પોતે અવસર લઈને એમની પાસે જઈ વિનય–પ્રાર્થના–પૂર્વક ધર્મની સમજુતી લઈ શકે. આ વિવેક છે કે ગુરુ પાસેથી કંઈક લેવું હોય તો તે એમની સગવડે લેવાય, આપણી સગવડે અને એમની અગવડે નહિ. ત્યારે બીજી બાજુ સાધ્વીજીની શિષ્યાઓનો વિનય જુઓ કે સ્થાનનું ઠેકાણું પોતે કહી બતાવે છે.

જેનું કાર્ય જે કરે:—'કોનું કયું સ્થાન અને કેટલો કાર્યભાર'–એનો વિચાર જોઈએ. એવા કેટલાક લોકો આવે છે કે જેને સામાન્ય નવકારશી વગેરેનું પચ્ચક્ખાણ જોઈતું હશે તોય તે ખુદ આચાર્ય ભગવંત પાસે માગશે! ત્યારે પાસે બેઠેલા કોક સાધુ પણ એટલો વિવેક નહિ સમજે કે પચ્ચક્ખાણ આપણે આપી દઈએ. સમજવું જોઈએ કે જેનું કામ જે કરે, ગચ્છનાયકનું કાર્ય ઊંચું છે. ત્યાં 'આચાર્ય મહારાજ પાસે જ પચ્ચક્ખાણ લેવું, બીજા સાધુ પાસે નહિ,' એવો જો આગ્રહ સેવાય તો વિનય મર્યાદા કયાં? અને વિવેક કયાં રહેશે? સમજવાની જરૂર છે કે આચાર્ય ભગવંત શાસનની કે શાસ્ત્રની ગહન વાત–વિચારણામાં હોય ત્યાં એમની પાસે બીજે પણ સધાય એવી સામાન્ય બાબત લાવવી, અને એમને એમાં રોકવા, એ બહુ અજુગતું છે. નવકારશી કે એકાશનાદિ એ કાંઈ બહુ મોટું બ્રહ્મચર્યનું કે પાખમણ–માસખમણનું પચ્ચક્ખાણ નથી. એટલે એ તો બીજા સાધુ પાસેથી લઈ શકાય. અહીં સોમાને આગ્રહ નથી

તેમ બીજી સાધ્વીઓ વિવેકવાળી છે. તેથી એમણે જ સોમાને પોતાનો ઉતારો કહ્યો.

ધર્મ એટલે શું :—સોમા ખુશી થઈ નમીને ઘેર ગઈ; પણ સાથે ઇંતેજારી લેતી ગઈ;—'કેવું જીવન હશે સાધ્વીજીનું ? કેમ એમણે સંસાર છોડી દીધો હશે ? તેથી શો લાભ થતો હશે ?' પછી એને ઘરમાંથી જરા કુરસદ મળી કે

એ તરત પહોંચી સાધ્વીજીની પાસે, નમન કરીને વિનયપૂર્વક ધર્મનું સ્વરૂપ પૂછ્યું. સાધ્વીજીએ વીતરાગ–દેશિત ધર્મનો ઉપદેશ આપ્યો. ધર્મ એવો કે જે ધર્મ આપણા આત્મામાં આવી જાય તો કર્મના ઝુંડના ઝુંડ સાફ થઈ જાય ! કર્મવનને બાળી નાખવા માટે ધર્મ અગ્નિ સમાન છે. ઇન્દ્રના વજ્રથી પર્વત ભેદાઈ જાય તેમ સર્વજ્ઞકથિત ધર્મની સાધનાથી કર્મકિલ્લા તૂટી પડે. ધર્મસાધનાએ તો મોક્ષફલને આપનાર કલ્પવૃક્ષ તૈયાર થાય છે.

સોમાને સમ્યક્ત્વ :—સાધ્વીજીના શ્રીમુખેથી સોમાને જિનવાણી સાંભળતાં આંતરિક હૃદયમંથન થયું. એનાં કઠીન કર્મ તૂટ્યા. જિનધર્મ પર શ્રદ્ધા થઈ. સંસાર કારાગૃહ છે તે માલુમ પડ્યું. ત્યાં મિથ્યાત્વ–અંધકાર ટળીને નિર્મળ સમ્યગ્દર્શનનો ઉજાસ થયો. કેટલી દેશનાઓમાં આ ? એણે કેટલા આંટા લગાવ્યા ઉપાશ્રયમાં ? તમે ? આ એક દેશનામાં શ્રદ્ધા પામી ! એને સંસાર એ કારાગૃહ લાગ્યો ! જન્મે જૈન નહિ છતાં પહેલી હિતવાણી સાંભળતાં મિથ્યાત્વનો નાશ ! સમ્યક્ત્વની પ્રાપ્તિ ! સંસાર પ્રત્યે રગેરગમાં અરુચિ ! જેને

હિતવાણી સાચેસાચ ગમી, જેને જિનવાણીની કદર થઇ, એ હવે કોઈ ભયંકર બંધન, કે ભયંકર અંતરાય હોય તો જ એને અમલમાં ન ઉતારે; બાકી તો ઉતાર્યા વિના કેમ રહી શકે ? જો જિનવાણીને અમલમાં ઉતારવા સામે કોઈ તેવા જુલ્મ કે પ્રતિબંધ નથી, તો પછી એનો અમલ ન કરવામાં અને માત્ર કોરું સાંભળ્યેજ જવામાં સાંભળ્યેજ જવામાં તો જિનવાણીની કદર જ નથી એમ ગણાય; એના પર જ્વલંત પ્રેમ નથી એવું કહેવાય. **સોમા એક જ ધર્મશ્રવણના પ્રસંગમાં ધર્મને આત્મસાત્ કરવા બહી થઈ જાય છે !**

આત્મામાં એક પણ દોષ નહિ તે દેવ, જીવનમાં એક પણ પાપ નહિ તે ગુરુ :– અવિધિજ્ઞાની મહર્ષિ અમરગુપ્ત આચાર્ય મહારાજનું ચરિત્ર શરૂ થાય છે, એમાં એ પહેલા ભવમાં સોમા નામની ગૃહસ્થની પુત્રી થયા; ને રુદ્રદેવની સાથે લગ્ન સંબંધથી જોડાયા. એમને બાલચંદ્રગુરુણી મહારાજના સમાગમથી જૈનધર્મની જાણ 'ને' સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થઈ.

સમ્યક્ત્વ એટલે શું ? એવી સચોટ હાર્દિક શ્રદ્ધા કે 'જગતમાં અઢાર દૂષણોથી રહિત જેમનો આત્મા છે, તેજ મારા દેવાધિદેવ પરમાત્મા છે. જીવનમાં સંસારના સર્વ પાપોના ત્યાગ કરવાવાળા એજ મારા ગુરુમહારાજ છે. અને વળી ત્યાગવિરાગમૂલક દાન–શીલ–તપ–ભાવરૂપ સ્યાદ્વાદી ધર્મ તેજ સાચો ધર્મ છે.' આ દેવગુરુધર્મ એ અમુક જ વ્યક્તિ છે

એવું નથી પણ એ વસ્તુતઃ ગુણરૂપ છે. તેથી એવી ગુણસંપન્ન અનેક વ્યક્તિ હોઈ શકે છે, કોઈ વ્યક્તિ અઢારમાંથી એકપણ દૂષણ જો ધરતી હોય તો એ દેવ નહિ. સંસારનું એક પણ પાપ જેના જીવનમાં હોય, એ ગુરુ તરીકે માનવા લાયક નહિ. એટલે જોવાનું આ કે અમારી સામે જે દેવ તરીકે આવે એમનામાં ૧૮ દૂષણમાંનું કોઈપણ દૂષણ તો નથી ને? ગુરુ તરીકે સામે આવે એમનામાં કોઈ પણ પ્રકારનું સંસારનું પાપ તો નથી ને? એમ, ધર્મ તરીકે કહેવાતામાં ત્યાગ વિરાગ, અહિંસા, વિરતિ, તપ વગેરે સલામત છે ને? કંઈ ગોટાળો નથી ને? બસ દેવગુરુધર્મના આ આ ગુણ છે. આ ગુણ ધરનારી વ્યક્તિ અમારા માટે શુદ્ધ દેવગુરુધર્મ તરીકે માનનીય-પૂજનીય છે. કેમકે અમે પણ એવા બનવા ચાહીએ છીએ. 'અમે પણ એવા ધર્મને આરાધી એવા ગુરુના ગુણવાળા બની ઠેઠ એવા દેવની પરમોચ્ચ ગુણની અવસ્થા સુધી પહોંચી જઈએ.' આવો આદર્શ અમે રાખીએ છીએ. તેમજ એ દેવગુરુના ગુણ ખરેખર દુર્લભ અને મહાકિંમતી છે, માટે પણ એ દેવગુરુ એકાંતે માન્ય-પૂજ્ય છે.

વસ્તુ સારી, તો બધાને કેમ ન ગમે?;—

પ્ર૦:—આમાં પક્ષપાતની વાત તો છે નહીં, ગુણની જ વાત છે. તો પછી આખી દુનિયા કેમ નથી સ્વીકારતી?

ઉ૦:—સારી વસ્તુ પર પ્રેમ જાગવા માટે લાયકાત જોઈએ છે. ચીજ સારી છે, માટે બધાને ગમવી જ જોઈએ એવો નિયમ નથી, સારી પણ શિખામણ બધાને ગમવાનો

ક્યાં નિયમ છે? તાવ આવ્યો હોય તો મજેના લાડવા પકવાન્નની તરફ પણ મોઢું બગડે છે ને? શું ચીજ ખોટી છે? કડવી છે? ના, પણ અંદર તાવ છે, તેથી નથી ગમતી, ત્યાં શું થાય? સાકર ગમે તેટલી સારી, પણ કહે છે ને કે ગધેડાને સાકર સારી નથી લાગતી; ત્યાં સાકરની શી ખામી? ઊંચી વિદ્યાના ગ્રન્થો બહુ સારા છે, પણ પરાણે બાળપોથી ભણનાર રમતીયાળ બાળકને એના તરફ રુચિ નથી એમાં વિદ્યાનો કે ગ્રન્થનો શો દોષ? એમ સુદેવગુરુધર્મનાં જે ગુણો છે, ને એમના ઉચ્ચ કોટિના પવિત્ર સ્વરૂપના જે સુંદર લક્ષણો છે, એ બહુ ઊંચા છતાં એમના ઉપર મિથ્યાત્વના તાવવાળા લોકની રુચિ નથી થતી; પ્રીતિભક્તિવાળું મન બનતું નથી. તો સ્પષ્ટ છે કે એમાં વસ્તુનો દોષ નથી, પણ મિથ્યાત્વી આત્માનો જ દોષ છે. મિથ્યાત્વ, કદાગ્રહ, વ્યુદ્ગ્રહ, મૂઢતા વગેરે દોષોનો એ પ્રભાવ છે કે તત્ત્વ રુચવા ન દે; સારું ગમવા ન દે.

સમ્યક્ત્વની જાદુઈ અસર:—રુદ્રદેવને મિથ્યાત્વનો તાવ છે, રંગરાગનો ઉન્માદ છે. તેથી દેવગુરુ–ધર્મની ગમે તેટલી સારી વાત પણ એને જરાય ગમતી નથી; ઉલ્ટું એને ગમતી કરનારી સોમા ઉપર દ્વેષ થવાનો છે! ત્યારે સોમાને મિથ્યાત્વનો તાવ નાબુદ થઈ ગયો; સમ્યક્ત્વનું મહા–આરોગ્ય પ્રાપ્ત થયું. શ્રી જિનેશ્વરદેવે ભાખેલો ધર્મ એને ભાવ્યો, રુચ્યો; એના રોમેરોમમાં પરિણમ્યો! એનું પહેલું ચિહ્ન શું? એજ કે સંસારરૂપી કેદખાના પરથી એનું ચિત્ત ઊઠી ગયું. સંસારની કોઈ પ્રવૃત્તિ, કોઈ તત્ત્વ, કે કોઈ

પદાર્થમાં એને સારરૂપતા કે મહત્તા દેખાતી નથી. એમાં એને અસારતા, તુચ્છતા, અને આત્મવંચના ભાસે છે. અલબત હજી એણે સાંસારિક જીવન ત્યજી દીધું નથી; પરંતુ 'સ્વરૂપે જ્ઞાનસ્વભાવી આત્માને જડની આ ગુલામી શી ? જડની આ પલેવણ અને આ સાસરવાસરની વેઠ શી ?' એમ એના દિલને દુઃખ થાય છે. એ બહિરાત્મા મટી અંતરાત્મા બની. એટલે એની નજર સામે પોતાની જાત તરીકે કાયા નહિ, પણ આત્મા તરવરે છે.

આત્માનું સાચું સ્વરૂપ કેવું ? અનંતસુખમય, ને અનંતજ્ઞાનમય ! પણ હમણાં તો આત્મા સંસારના મહા-દુઃખમાં શેકાય છે, ને અજ્ઞાનમાં અથડાય છે. આપણા માથા પાછળ શું છે, એ પણ આપણને દેખાતું નથી. જરાક જોવું હોય તો આંખ પાસે ભીખ માગવી પડે છે. આ છે અનંત-જ્ઞાનસ્વરૂપી આત્માની કફોડી કરુણ હાલત ! ત્યારે આત્માનું સ્વરૂપ અનંતસુખમય છતાં વર્તમાન દુર્દશા કેવી ? સુખના એક બિંદુ માટે ભારે કષ્ટ ! જુઓ તો ખરા એક ભજિયાં ખાવાં છે, તેની પાછળ કેટલી જહેમત ? ૩ કલાક તેલ કાઢે ! દાળ લાવ્યા, એને વળી સાફ કરો. એનો પીસાવી લોટ કર્યો, વળી એમાં મસાલો પાણી નાખી વેસણ તૈયાર કર્યું. ચૂલો પેટાવ્યો તેલ કકડાવ્યું. ડપકા તેલમાં નાખ્યા. તૈયાર થઈ બહાર કાઢયા ત્યાંયે ભજીયાં ! બોલો કેટલી મહેનત ? હવે એને જીભ પર રાખ્યું–ત્યાં માત્ર અડધી મિનિટ સુખ, પછી પાછું એ જ ભજીયાનું સુખ ગયું ! કેમકે હવે એ

મોંમાં લોટ જેવું થઈ ગયું. હવે એને જલદી નીચે ઉતારી દેવાય છે; નહિતર મોંમાં ખરાબ લાગે છે. અડધી મીનીટ થઈ ન થઇ પાછા નવા ભજીયાં, નવાં કેરી–ટૂકડા, નવા લાડુના સુખની ખળતરા ઊભી જ છે. મહેનત કેટલી કરી ? કલાકોની, પૈસા કમાવવા દિવસોની. છતાં સુખ એક કલાક પણ નહીં. એટલું બધું કરવા છતાં જીવનના અંતે આત્માના હાથમાં શું ? કેવળ પાપનાં પોટલાં !

સોમાનો લુકૂખો સંસાર :—સોમાને આત્માની ઓળખ પડવાથી સંસારની ઓળખ પડી. સંસાર આત્માના સાચા સુખનો લોપક છે, એટલે સંસાર આત્મા માટે મહેલ નહીં, જેલ છે. સંસાર શાહુકાર નહિ, લૂંટારો છે. સંસાર આત્માનું આરોગ્ય નહિ, રોગ છે. એવી સાચી ઓળખ થવાથી એ સંસાર હવે અકારો લાગે છે. ઝેર જેવો લાગે છે. હવે તો મોક્ષજ ગમે છે, અને મોક્ષ દેવરાવનાર માત્ર સુદેવ–ગુરુ–ધર્મજ છે. માટે ઘરબાર, પૈસાટકા કે કુટુંબપરિવાર પરથી રાગ ઊઠીને હવે રાગ **સુદેવાદિ** ઉપર જામી પડયો. **સોમા** સાધ્વીજી પાસેથી ઘરે ગઈ, પણ હવે દિલ ફરી ગયું છે. ખાવાપીવાનું એણે છોડી દીધું નથી. પરંતુ હવે અહીં કયાંય રસ નથી, જડની રમત ગમતી નથી. સંસારનાં કાર્યો કરે છે ખરી, પરંતુ ખાનપાનમાં, ભોગસુખમાં કયાંય દિલ નથી, ઉત્સાહ નથી. જીવન વૈરાગ્યમય બની ગયું છે. મોહના ચેનચાળા છોડી દીધા છે. સંસાર એનો લુકૂખો થઈ ગયો છે. એકનો એક ડાહ્યો પ્રેમાળ પુત્ર મરતાં માને કેવું થાય ?

પતિ જુએ છે કે 'આને શું થઈ ગયું ? આ પહેલાં જે મોહની વાતચીતમાં મજા લેતી હતી, એનામાં હવે એમાંનું કંઈ દેખાતું નથી ! જાતેય ઉદાસ, અને મનેય ઉદાસ કરી રહી છે....' શું થયું પતિને ? ધ્યાન રાખજો, એ સંસાર-સ્નેહી છે, ધર્મસ્નેહી નહિ. તેથી ખેદ કરવામાં એને સોમાની દયા નથી, પણ પોતાને હવે ફાવતું નથી આવતું. પોતાના મોહચેષ્ટાના સુખ લૂંટાઈ ગયા લાગે છે. સોમા પોતાની સાથે હાવભાવ અને લટકા કરીને બોલતી નથી. એને જે જોઈતું હતું, એ હવે એમ કરતી નથી. તેથી એ હવે સોમા પર દ્વેષિલો થઈ ગયો. હવે એને એ અકારી લાગવા માંડી. પરંતુ પાછાં સુખ તો એની પાસેથી લૂંટવા છે, તે એમને એમ એને પડતી મૂકવે કેમ પાલવે ? તેથી સોમાને પૂછવા લાગ્યો કે,

" હમણાં હમણાં કેમ તું બદલાઈ છે ? લગ્નથી માંડીને આજ સુધી ભોગવિલાસમાં મજા લૂંટતી હતી, મનેય આનંદ દેતી હતી. તે એ બધું હવે કેમ ભૂલી ગઈ ? તને શું થઈ ગયું છે ? "

સોમાએ ખુલાસો કર્યો કે " કશું ખરાબ થયું નથી. માત્ર આત્માની અને ધર્મની સમજ આવી છે. એટલે હવે એ અજ્ઞાનચાળા ગમતા નથી, ઠીક નથી લાગતા."

રુદ્રદેવ આ સાંભળી કમ્મૂલી શકે ? એ તો ધર્મના નામથી ધુંઆંપુઆં થઈ ગયો. ઊકળી ઉઠ્યો, " કોણે તારામાં

આ ભૂત ઘાલ્યું ? ધર્મે તો ફોગટ ભોગસુખમાં અંતરાય કરી દીધો. તને ધર્મે આ શિખવાડ્યું ? છોડી દે, છોડી દે એને. મૂર્ખ ન થા, મજા કર, આનંદ કર. વિષયસુખની મળેલી સામગ્રીને વેડફી ન નાખ.'' બહુ બાઉઘરાને ભયંકર રોગ થયા હોય ત્યાં વૈદે આપેલી કડક ચરી (પરેજી) એને મિજબાન પાર્ટીમાં વિઘ્નરૂપ લાગે છે, દ્વેષ્ય બને છે. તેવી રીતે મોહ અને અજ્ઞાનમાં ફસેલા આત્માને ધર્મ વિઘ્નરૂપ ભાસે છે, ધર્મ ઉપર દ્વેષ થાય છે. કેમકે એને મન પેલા ગમાર રોગીની જેમ ખાવું, પીવું, રંગરાગ ખેલવા, એમાંજ જીવનની શાબાશી દેખાય છે. મૂઢ, એ બિચારાને એ ખબર નથી કે 'સારૂં સારૂં ખાઈ–પી તો લીધું, ભોગવી લીધું, સૂઈ લીધું; પણ એની લપમાં પાપો કર્યે ગયાથી અને કુવાસનાઓ દૃઢ બનાવ્યાથી પરિણામમાં આત્મા પર કેટકેટલું અને કેટલો કાળ વીતશે ? કેટલું દુઃખ આવશે ? દુર્ગતિના ભવોમાં કેટલી ભારે દુર્દશા થશે ?' આની કયાં ખબર છે ? વર્તમાનમાં જે અનેક પ્રકારે દુઃખ, ઉપાધિ અને અણગમતી ઢગલો વાતો અનુભવાય છે તે શાથી ? કહો પૂર્વના ધર્મહીન જીવનથી. અહીં જે ઇન્દ્રિયાસક્તિ અને કાયાલાગણીઓ સહજ જેવી છે તે શાથી ? કહેવું જોઇશે કે પૂર્વના તેવા ભવોભવના અભ્યાસથી. તો અહીં પણ ઇન્દ્રિય–વિષયોનો જે આનંદ કરાઈ રહ્યો છે, રાગ–દ્વેષ–મદ–માયા સેવાઈ રહ્યા છે, તેના ભાવી પરિણામમાં કઈ દુર્દશા આત્મા પર નહી ઝીકાય ? આપણી આંખેજ જોઈએ છીએ કે કીડા ને પશુવર્ગ કેટકેટલો દુર્દશાગ્રસ્ત અને દુઃખી છે ? શાથી ? પૂર્વે ધર્મની ઉપેક્ષા કરેલી માટે, સંસાર

લીલામાં મગ્ન થઈ પાપ ભૂણ કરેલા તેથી. નહિતર આવી કફોડી અવસ્થા કેમ થાય ?

સોમાનો વિવેકી ઉત્તર :—રુદ્રદેવની વિષયસુખોમાં વિઘ્ન કરનારા ધર્મને ત્યજી દેવાની સલાહના જવાબરૂપે સોમા કહે છે કે 'જવા દો ગોઝારા વિષય–સુખોને. એમાં શું માલ છે ? જીવન અતિ ચંચળ છે; એમાં વળી વિષયોની ભૂલભૂલામણીમાં ભૂલા પડી જવું, વિષયોની માયાજાળમાં ફસાયેલા રહેવું, એનું પરિણામ સમજો છો ? અતિ ભયંકર વિપાક છે ! એમનાં નાદાન મનને અહીં મઝા તો લાગે, પણ ભવાંતરે જીવના ડૂચા નીકળી જાય છે. એવી ભોગવિલાસની ગુલામીને તો અહીંજ મૂકી દેવા જેવી છે.'

સોમાની કેવી સરસ વિવેકભરી અને માનવતાને છાજતી વાણી છે ! જરા નિર્મલ દૃષ્ટિએ જોઈએ તો દેખાય કે **જડ-પદાર્થોની માયા અને એનાં મીઠાં લાગતાં સુખોજ જીવનને નરવસ(Nervous શક્તિહીન) અને પરવશ બનાવે છે. અનેક પ્રકારની અતાત્વિક અને તામસી વિચારણામાં રચ્યોપચ્યો રાખે છે** રુદ્રદેવને આ કયાં જોવું છે ? એને તો આ ભ્રમણા લાગે છે. રુદ્રદેવ કહે છે કે "ધર્મનું ધતીંગ આ કયાંથી ઘાલ્યું ? ખરેખર તું ઠગાઈ ગઈ છે. તને કોણે આ ધર્મનું પૂછડું પકડાવી દીધું ? જે રુડાં વિષય–સુખ આંખ સામે છે, અહીં પ્રત્યક્ષ અનુભવાય છે, એને છોડીને જે આંખની સામે નહીં એવા ઉપર શ્રદ્ધા ન કર. એમાં આનંદ ન માન. સંસારના સુખ તો અનુભવસિદ્ધ છે. ધર્મનાં ફળ કોણે જોયાં ?"

શું કહે છે? પરલોક છે એની શી ખબર? વળી ત્યાં અહીંના ધર્મનું ફળ મળશે એની શી ખાતરી? હમણાં તો ખાવાથી પ્રત્યક્ષ આનંદ થાય છે, કિંતુ તપ ધર્મ કરવાથી કોઈ આનંદનો પ્રત્યક્ષ અનુભવ નથી. બજારમાંથી પૈસા લઈ આવ્યા, સિલિકમાં તિજોરીમાં ભરી રાખ્યા; તો એની મીઠી હુંફનો-આનંદનો અનુભવ કરીએ છીએ; પણ દાન દીધું કોઈને આપણું ધન એમજ આપી દીધું, એમાં તો ઉલટા આપણે ઘસાઈએ છીએ, ઓછા થઈએ છીએ ત્યાં સુખ શું? એવું લાગે છે. આપણી ધર્મની શ્રદ્ધા ચકાસવા જેવી છે. મનને પૂછો, શું કહે છે. 'ધર્મનું સુખ પ્રત્યક્ષ તો કશું દેખાતું નથી; પરંતુ મર્યા પછીની વાત કરે છે. શો વિશ્વાસ કે પ્રત્યક્ષ સુખ છોડીને પરલોકમાં સુખ મળશે? પરલોકજ ક્યાં દેખાય છે? પરલોકમાંથી કોના સગાના સમાચાર આવ્યા?' રુદ્રદેવની માન્યતા જો જો. પણ એકલા રુદ્રદેવની સમજતા નહિ. આપણા હૃદયને ય તપાસજો, કે એમાં ધર્મના પ્રત્યક્ષ સુખ તરીકે મહાશાન્તિ દેખાય છે? ઊંડે ઊંડે હૃદયમાં રસવાળી ઝંખના કઈ રમે છે? દાન કરવાની, કે સંઘરો કરવાની? હૃદયમાં ટાઢક શેની વળે છે? રસ અને આહારની કે ત્યાગ અને તપની? મિજબાનીમાં કે તપસ્યામાં? આત્મા મસ્ત ક્યાં બને છે? આનંદ ક્યાં? બ્રહ્મચર્યમાં કે ભોગસુખમાં? ઠીક ક્યાં પડે, વ્રત-નિયમમાં કે કોઈ પણ પ્રકારની નિયમ બાધા વિનાના છૂટાપણામાં? ભલે આમ કહીએ કે અમે ધર્મમાં માનનારા છીએ. પરંતુ હૈયાનાં વલણ, અને ઇચ્છાઓનો ઝોક તપાસવા જેવો છે. ઊંડાણમાં ઉતરીને એ જુઓ કે આંતર

ધગશ શી ચાલી રહી છે ? અંદરખાને તો વિષયો, ધનમાલ અને માનપાનજ સારા મજેના લાગે છે ને ? તેથી બિમારી અગવડ આદિના કારણે ધર્મતક ચાલી ગઈ તો તેવું કાતિલ દુઃખ નથી થતું ને ? ઉલટું બજારમાં ગયા; ધનલાભની કોઈ તક કે બાજી હાથમાંથી સરકી ગઈ, તો ત્યાં આઘાત લાગે છે ! ધર્મ તક આવી તો વધાવવાનો ઉમળકો નથી. અર્થકામની તક આવી તો એને ઝટપટ વધાવી લેવા કૂદકો મરાય છે ! શું કારણ ? કહો, આ લોક જેટલી પરલોક પર આસ્થા નથી.

એક શ્રાવકની પરલોક પર દૃષ્ટિ :—શ્રી સિદ્ધગિરિ ઉપર પરમાર્હત્ રાજા કુમારપાળ સંઘ કાઢીને આવ્યા. સંઘની ઈંદ્રમાળ પહેરવાનો હક પોતાનો છે; પરંતુ દેવદ્રવ્યની વૃદ્ધિ થાય એ માટે ઉછામણી બોલાવી. શું આ ? માનાકાંક્ષાથી આત્માનો બચાવ, અને દેવભક્તિનો મહા ઉછરંગ. એ સમજ છે કે '**જગતમાં બીજી ત્રીજી રીતે માન તો ઘણાં મેળવ્યા, પરંતુ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, વગેરે જિનભક્તિના પ્રસંગ મહાદુર્લભ છે ! તો એવી જિનભક્તિની તક શા માટે જતી કરું ?**' વિચારને એમાં પોતાનેય રકમ બોલવી પડે ને ? તો સંઘનો ખર્ચો તો ક્યો પાછો ઉપર આ ખર્ચ ? **પણ કહો કે જેને પરલોકની જ દૃઢ જાગૃતિ હોય ત્યાં પરલોકના પુણ્યને સદ્ધર કરનારી પ્રભુભક્તિ કેળવવામાં તથા એમાં ખર્ચ કરવામાં અપાર હર્ષ રહે.** આ કુમારપાળની ધગશ ! હવે

બીજા એક શ્રાવકની ધર્મધગશ જુઓ. માળાની બોલી ચાલી પડી. કેવી ? લાખોએ આંકડો પહોંચ્યો ! ત્યાં એક નરરત્ન પ્રાયઃ મહુવાના શ્રાવકની ભાવના ઊછળી પડી. બોલીમાં એ એકદમ ઊંચી સવાક્રોડ રૂપિયાની રકમ બોલ્યો. હવે કોણ વધે ? કુમારપાલ સુદ્ધાં સૌ ઠંડા પડી ગયા ! હૃદય સમજી શકે છે કે આટલી રકમ બોલનારે ધર્મતક કેવી ઓળખી ? શું એમ ન થાય કે એકલી ઈંદ્રમાળામાં એવડી મોટી રકમ ખરચવા કરતાં એટલામાં તો હું પાંચ સંઘ ન કાઢું ? પણ એને એમ ન થયું. કેમકે એ જાણે છે કે સંઘ તો કયારેય કાઢું ? તેમાં ય કુમારપાળ જેવો સંઘ હું કયાંથી કાઢી શકવાનો હતો ? અને આ તો સહેજે સહેજે કુમારપાલની ઉદારતાથી આવા મહાન સંઘ-યાત્રાની અનુમોદનાનો અપૂર્વ લાભ મળે છે. **વળી ધર્મમાં લક્ષ્મી ખરચવાનો મૂળ ઉદ્દેશ શો છે ? આત્મામાં ઉચ્ચ ભાવોલ્લાસ જગાવવાનો. એનું ફળ સમજો છે ? અપૂર્વ પુણ્યોપાર્જન અને અદ્ધળક પાપક્ષય !** કહો, આવા મહાન લાભમાં એમ કેમ ન થાય કે "આ લાભ હું ન ચૂકું."

પ્ર૦-શું એ ઉછામણીમાં સંઘ જેટલો મોટો લાભ મળે ?

ઉ૦-હા, હૃદયના તારને ઝણઝણાવનારા સંગીન ભાવના અહીં કર્યા બરાબર લાભ મળે છે. ભાવ પોલા ન જોઈએ. શકય ભોગ આપવા સાથેના જોઈએ. આ વણિક્પુત્ર એવા પ્રબળ શુભ ભાવને સેવે છે. કેમકે ધર્મના એને પરલોકમાં મળતા મહાન ફળની શ્રદ્ધા છે. ધર્મને એ જીવનમાં શ્રેષ્ઠ ગણે છે. એને એમ થાય છે કે પરમાત્માની આજ્ઞાનુસાર

કોઈના સંઘ ઉપર આવી ઉમદા ઈન્દ્રમાળ પહેરવાનો અવસર કયાંથી પ્રાપ્ત થાય? **પૈસા તો કેઇકવાર મળ્યા અને ગયા! તેમ અહીંના પણ ચાલી જવાના. પરંતુ એ ચાલી જાય એ પહેલાં ધર્મ સાધી લઉં જેથી ભવિષ્ય ઉજ્વળ થઈ જાય. ક્ષણિક લક્ષ્મીનો ધર્મમાર્ગે ભોગ આપવામાં અનંત લાભ જોઇ લીધો.** ધર્મથી તમને ભલે હમણાં પ્રત્યક્ષ લાભ ન દેખાય, પણ પછીનો ઘણો મોટો લાભ એની દૃષ્ટિ સમક્ષ આવી ગયો! અરે, પ્રત્યક્ષમાં પણ પ્રભુભક્તિ કર્યાનો આનંદ કયાં ઓછો છે? એણે સવાકોડની ઉછામણી સહર્ષ સ્વીકારી. કુમારપાલને એના દેદાર જોઈને જરા શંકા પડે છે, કે આ આટલી રકમ દઈ શકશે કે કેમ? પણ આ ચકોર વણિક છે; તે તરત સમજી ગયો. ઝટ સવાકોડનું રત્ન કાઢી આપે છે. એને કાંઈ કુમારપાલ કરતાં સવાયું માન નથી લેવું. કારણ કે એ સમજે છે કે માન તો ક્ષણિક છે, એની કોઈ કિંમત નથી; પણ **પરલોકની મહાન સદ્ધર સ્થિતિની કમાઇ થઇ જાય એ બહુ મહત્વનું છે, એની આગળ સવાકોડનું રત્ન શું વિસાતમાં છે? પરલોકની દીર્ઘદૃષ્ટિવાળા આત્માઓ પ્રત્યક્ષ સુખને તુચ્છ દેખે છે.**

પણ સોમાના પતિ રુદ્રદેવની એવી દીર્ઘદૃષ્ટિ નથી; તેથી પત્નીને એ કહે છે કે "શું આ? પ્રત્યક્ષ સુખને છોડી પરલોક કે જેનો કોઈ પત્તો નથી એની પૂંઠે કાં લાગી? આ તને કોણે ઠગી? શા સારૂ પ્રત્યક્ષ-સુખથી વંચિત રહે છે!"

રુદ્રદેવની ઉંમર મોટી છે, પણ હૃદય નાનું છે. એમાં કયાંથી મોટી વિચારણા સ્થાન પામી શકે? તમારે પણ ઉદાર વિચારણા કરવી હોય તો પ્રત્યક્ષ સુખની પરવા છોડી હૃદય મોટું બનાવો.

નાના નાગકેતુએ અઠ્ઠમ કર્યો ! નાનું બાળક, હજુ જન્મ્યાને વર્ષ તો શું પણ ૫–૧૦ મહિના નહિ થયા હશે, ત્યાં પર્યુષણાપર્વ અને અઠ્ઠમની વાત સાંભળી અઠ્ઠમ લગાવી દીધો ! અતિ નાની વયમાં હૃદય કેટલું મોટું ? શું સમજતો નહોતો તે દૂધપાનનાં પ્રત્યક્ષ સુખ છોડયા ? મોટી સમૃદ્ધિવાળું ઘર છે, નોકર–ચાકરો અનેક છે. સુખમાં શી કમીના છે ? પણ જાતિસ્મરણથી બુદ્ધિમાન થઈ ગયો ! **હાથ–પગ વગેરે શરીરના અવયવો હજુ કામ ન કરી શકે એવા નાનુંક છે, પણ જ્ઞાનથી એ પ્રૌઢ થઇ ગયો !** આ લોકની સુખ-સામગ્રીની વસ્તુની કાંઈ કિંમત ન કરી; એક માત્ર પરલોક સુધારવાની ઇચ્છા કરી. એણે વિચાર્યું કે " એક અઠ્ઠમની ભાવનામાત્ર કરવામાં આવા ઊંચા શ્રીમંત કુળમાં માનવનો અવતાર મળ્યો, તો અઠ્ઠમની ખુદ આરાધના કરવામાં કેવા વિશાળ ફળ નીપજે !" આવું ચિંતવન કરે તો પ્રત્યક્ષ વિષય-સુખો શું આકર્ષી શકે ? કહે છે 'સાધુને બહુ કષ્ટ !' શાનું કષ્ટ, ભાઈ ? સાધુને જાણે એવા સમજે છે કે " એમને કવડી પાસે નહીં, જરા કાંઈ જોઈએ તો ભીખ માગવા જવું પડે ! વગેરે વગેરે દુઃખ ને ?" પણ તમને ખબર છે ? તમારા ઘરમાં ચાંદે પરિમિત હશે; પણ સંતના ચરણે ઢગલો

ધરાય છે. જો કે સાધુ એને સુખરૂપ ગણતા નથી. પણ આ તો તમે જે માની લીધું કે અમે પ્રત્યક્ષ સુખ ભોગવીએ છીએ, ત્યાં પ્રશ્ન છે કે **તમારા સુખમાં ભલીવાર શો છે?** તમારી પાસે શી બહુ **છોળાછોળ છે** ? રહેવાનું મકાન મુંબઈમાં જુઓ તો 'આઠ બાય બાર ની રૂમ ! ખાવાપીવાનું કેવું ? મામુલી રસકસવાળા અનાજ, ઘી, દૂધ ! એમાંય પાછું ડાલ્ડા ! એમાં શો માલ છે ? કાંઇ નહિ.

છતાં આવા તકલેદી સુખ માટે કેટકેટલી-માનસિક ગરીબી, કેટકેટલી દીનતા અન વિહ્વલતા વેઠો છો ?

ત્યારે પ્રત્યક્ષ સુખમાં નહિ ઠગાનારા મુનિઓને છે કોઇ તમારા જેવી હાયવોય ? દુનિયાના ચમરબંધીથી એ નહિ અંજાય. વિષયો અને માનસન્માનના પ્રત્યક્ષ સુખોની પરવા મૂકયા પછી તો આત્માનાં તેજ એટલા બધા વધી જાય છે કે એમાં ધર્મનાં પ્રત્યક્ષ સુખોનો ઢગલો થાય તો ય આત્માને ભલભલાની શરમ નથી નડતી. વર્તમાન કાળે ઇતરમાં બનેલો એક પ્રસંગ સાંભળ્યો છે;

વર્તમાનનો એક પ્રસંગઃ-

'વેશ્યા રુઠી તો ધર્મ બચા':—એક સંન્યાસીએ યજ્ઞ કરવાની યોજના કરી. યજ્ઞ મોટા ખર્ચે કરાવવાનો હતો. એમાં એમનો ભક્ત એક મોટો શેઠિયો લાખેક રૂપિયા જેવી મોટી રકમ ખર્ચવા તૈયાર થયો. સંન્યાસીને કહે છે.

"મહારાજ આટલો ખર્ચ હું કરીશ. એટલો લાભ મને આપો." કેવી ઉદારતા ! એ 'લક્ષ્મી જવાની'–સમજાય તો કઠિન નથી, વાત તો સ્વીકારી લેવા જેવી હતી. એની રકમ પર તૈયારીઓ પણ જોરદાર ચાલી. અવસર પામીને આ દાનવીર કહે છે.

'મહારાજ ! પણ ખર્ચનો હિસાબ મને મળવો જોઈએ. શામાં શામાં કેટકેટલો ખર્ચ થયો, તેના આંકડા આવવા જોઈએ.'

સંન્યાસીએ શું કહ્યું, જાણો છો ? એણે રોકડું પરખાવ્યું કે,

'જો ભાઈ તારે ખર્ચનો હિસાબ જોઈએ તો તારા માણસને રૂપીઆની થેલી લઈને બેસાડજે. અમે કહીએ તે તે રીતે એ ખર્ચ કરે, અને હિસાબ રાખે.'

શેઠે આનાકાની કરી. એના પર સંન્યાસીએ સંભળાવી દીધું :

'હું તારો ગુલામ નથી, કે આટલો ખર્ચ કેમ થયો, કે ચાર આના આમાં ખર્ચાયા અને પાંચ આના આમાં ખર્ચાયા, એની વહી રાખું. મેં કહ્યું છે, પૈસા અમને ન આપતો, તારો માણસ રાખ. એ પૈસા ખર્ચે અને હિસાબ રાખે."

શેઠીઓ મનમાં સમજે છે કે મારા વિના આ લોકો શું કરી શકશે; તેથી આગ્રહે ચડીને પૈસા ન આપવાનું

કરીને રીસાઈને ચાલ્યો ગયો. એને ગુરુ આગળ સેવકભાવે કામ નહોતું કરવું. એ જોઈને સંન્યાસીએ એની જરાય પરવા ન કરી. સંસારના પ્રત્યક્ષ સુખ છોડનારને શી એની પરવા હોય ? આગળ પાછળના લોકોએ કહ્યું,

" મહારાજ ! અવસર દેખી લો. આવડી મોટી રકમ કોણ ખર્ચનાર છે ? એને રીસાવ્યો કામનો નથી."

સંન્યાસી કહી દે છે " **तुम लोक जानते नहि हो पसे अभिमानी पापी लोक रीस करके दूर रहे, वही अच्छा है, वेश्या रुठी तो धरम बचा** " સંન્યાસીના બીજા પણ ભકતો હતા. કાર્ય તો થઈ ગયું. પણ આખા શહેરમાં **'વેશ્યા રુઠી તો ધરમ બચ્યા'** (**ધર્મ બચ્યો**) એ કહેતી ચાલુ થઈ ગઈ. ગલીગલીમાં છોકરાઓ જેવાય એ બોલવા લાગ્યા ! શેઠિયાનો ઘમંડ કયાં રહ્યો ? બદનામ થયો ! લક્ષ્મીના પ્રત્યક્ષ સુખ છે એમ તમે કહો છો ને ? શું સુખ એણે દેખ્યું ? ચારે કોરના એ અપકીર્તિના અવાજથી એનું હૃદય કેટલું શરમાયું હશે ! આ શેઠિયા જેવા કેટલાય માણસો હોય છે. દાન કરીને મદમાં ચડે છે. 'હું સંઘપતિ છું....મેં આટલો ખર્ચ કર્યો છે....મેં આ ધર્મનું કાર્ય કર્યું ? આજે કોણ કરનાર છે ?....' વગેરે વગેરે.

અજ્ઞાન માણસો બિચારા એમજ આત્માને અધમ લાગણીઓમાં રગદોળી જીવન પૂરું કરે છે. આપણી વાત શી ચાલે છે ? રુદ્રદેવના માનસની, ધર્મનું પ્રત્યક્ષમાં શું સુખ ? દુનિયાના વિષયોનું સુખ પ્રત્યક્ષ છે. દૂધપાકની કટોરી પીધી

બસ ! તરત ટેસ અનુભવાય છે.' એવું માનનાર એને સોમા મૂર્ખ થઈ ગઈ લાગે છે. 'પ્રત્યક્ષ જે દેખાય છે તેને છોડી પરલોકની વાત પાછળ કેમ પડી ગઈ ?' એમ એને થાય છે.

એથી એ સોમાને કહે છે, "તું ઠગાઈ ગઇ છે. પ્રત્યક્ષ છોડી પરોક્ષને ન વળગ."

સોમા કહે છે. "આમાં શું પ્રત્યક્ષ સુખ છે ? વિષયના ઉપભોગ તો પશુ-સાધારણ છે. પશુઓય એમાં રકત છે. ગધ્ધા-ગધ્ધી કુત્તા-કુત્તી પણ એ કરે છે. સાદી રોટલીમાં ગોળ નાખ્યો. ગળી થઇ, એને તો કીડીઓ ય વધારે ચોંટે છે. એમાં શો વિવેક છે ? જોતા નથી એવા વિષયોની ગુલામી પાછળ જીવો કેવી કેવી દુર્દશા અને દુઃખો પામે છે ? ત્યારે ધર્મના શુભ ફળ તો પ્રત્યક્ષ અનુભવાય છે. એને અદૃષ્ટ ન જોયેલા કેમ કહેવાય ?" સોમાનો ધર્મ-વિશ્વાસ જુઓ. કોરો વિશ્વાસ નથી હોં; હજી ધર્મ તો હમણાં પામી છે; પણ એમાં એ ધર્મના શુભ ફળનો પ્રત્યક્ષ અનુભવ કરી રહી છે. ત્યારે પૂછો ને કે,

પ્ર૦-ધર્મના પ્રત્યક્ષ શુભ ફળ શા શા ?

ઉ૦-૧. પહેલા નંબરમાં આત્માને મહાન આશ્વાસન, કે 'હાશ ! પાપની લપ ગઈ; પ્રભુ હવે પ્યારા થશે.' અને

૨. બીજું, મહાન આલંબન. 'અહો ! આવો ધર્મ મળ્યા પછી મને કોઈ દુઃખ નથી ! મારે કોઈ ચિંતા નથી.'

૩. ત્રીજું શુભ ફળ એ કે **જગતની સાચી ઓળખાણ.** આનાથી પણ આત્મા ઘણી અજ્ઞાન પ્રવૃત્તિથી બચી જવાથી આનંદમસ્ત રહી શકે છે.

૪. ચોથું એ કે **ખરા દેવગુરુતત્ત્વની સાચી ઓળખાણ,** એનાથી આત્માની સુખશાંતિ તૃપ્તિ વગેરેનાં જુદા હિસાબ ધોરણ ઘડાય છે. સુંદર જીવનના માર્ગ મળે છે.

બાકી જીવને વિહ્વળતા ટળીને સ્વસ્થતા, દુર્ધ્યાન ટળીને શુભ ધ્યાન, કુવિકલ્પો મટીને પવિત્ર વિચાર-ધારા, ચમર-બંધીની બેપરવાહી વગેરે અનેક પ્રત્યક્ષ શુભ ફળો છે. સોમા વિરાગી થઇ ગઈ હતી. એના વૈરાગ્ય-નીતરતા બોલે રુદ્રદેવ વધુ દ્વેષિલો બન્યો. ઘોર મિથ્યાત્વનો ઉન્માદ ગુણની કદર નહિ પણ દ્વેષ જગાડે છે! એણે સોમા સાથેનો સંબંધ છોડી દીધો. આવાજ પ્રસંગમાં ધર્મી આત્માએ સાવધ રહી આવા આત્માની દયા ખાવા જેવી છે કે, **બિચારાનું આ પાપે થશે શું?**

હવે તો રુદ્રદેવને નવી પત્ની કરવાની તાલાવેલી જાગી. તેથી હવે નાગદેવ નામના સાર્થવાહની **નાગશ્રી** નામની કન્યાને પસંદ કરી. એણે પોતાની સાથે એના લગ્ન કરવા માટે સાર્થવાહની આગળ માગણી મૂકી. **જો જો ધર્મને વળગતાં કસોટી આવે છે. એમાં પાર ઊતરવાની તૈયારી હોય તો ધર્મ ટકે.** એટલે ધર્મ ગમતો હોય ટકા-વવો હોય તો પહેલાંથી સમજી રાખો કે કષ્ટ આવશે જ; અને એ વેઠીને પણ હું ધર્મ ટકાવીશ, વધારીશ, ઉન્નતીશ.'

નાગદેવને સોમાના પિતા ઉપર બહુમાન છે; એટલે આમ રુદ્રદેવનું ઘર સારૂં છતાં, એણે સોમા ઉપર શોકય તરીકે પોતાની કન્યા આપવા ના પાડી, મિત્રનું દાક્ષિણ્ય કેવું ! પોતાની કન્યાને મિત્રની કન્યાની છાતી ઉપર ગૃહરાણી બનાવવાની વાત નહિ. આવા ગુણો માનવતાને ખીલવનારા છે. ત્યારે સ્વાર્થમાં અંધ બની સ્વજનસ્નેહીને આપત્તિમાં મૂકવાનો દુર્ગુણ માનવ ખોળીયે પશુતાને વિકસાવનાર છે. બીજાને સુખ આપવા વધારવાની વાત તો દૂર છે; પરંતુ કમમાં કમ બીજા ફ્લેશમાં મૂકાય એવું તો નજ કરીએ ને ? આટલુંય જો ન બને, તો આપણે માનવ તરીકે ઊંચા જીવ શાના ?

પુણ્ય–પાપનાં મિશ્રણ :– હવે કર્મની વિચિત્રતા જુઓ કેવી છે. એક બાજુ સોમાના પુણ્યના ઉદયે નાગદેવે કન્યા આપવા ના પાડી. ત્યારે બીજી બાજુ સોમાના પાપના ઉદયે પતિ વિચારે છે કે 'જ્યાં સુધી આ સોમા જીવતી છે ત્યાં-સુધીજ બીજા લગ્ન નહિ થાય. નાગદેવને કાંઈ પોતાની કન્યા નાગશ્રી મને નથી દેવી એવો એનો વિચાર નથી. પણ એને સોમા ઉપર શોકય તરીકે નથી દેવી. તો એનો સીધો રસ્તો એ કે સોમાને પરલોક પહોંચાડી દેવી.'

કેટલો આ ક્રૂર વિચાર ! આર્યદેશમાં આ ? હા. ભોગની ભૂખ ભૂંડી છે ! કામના બાણ કારમા છે ! વિષયની લાલસા વિષભરી છે ! મોહની ચેષ્ટા મદિરાની લત જેવી છે ! ભોગનો ભૂખ્યો, કામથી વિંધાયેલો, વિષયનો લાલચુ અને મોહચેષ્ટાનો ભવૈયો ભયાનક કાર્યવાહી કરે એમાં નવાઈ નથી. રુદ્રદેવ

રૌદ્ર પરિણામમાં ચઢી સોમાને મારવાની પેરવીમાં પડ્યો. આમાં સોમાના પાપનો ઉદય કામ કરી રહ્યો છે. પુણ્યનો ઉદય સ્થગિત થઈ ગયો, અટકી ગયો; અરે કહો કે નાગદેવે કન્યા ન આપી એના પર જ આ પાપોદય જાગ્યો! પુણ્ય અને પાપ જીવને અથડાવ્યા કરે છે. જીવની જાણે કોઈજ કિંમત નહિ. એવા પુણ્ય પાપના શા બહુ હિસાબ ગણવા? એમાં ભૂલા પડી ધર્મ શા માટે ચૂકવો? કેમકે એમાં જીવને આશ્વાસન હોય તો ધર્મનું છે, તો ચિંતા ધર્મની જ કરવા જેવી. પુરુષાર્થ ધર્મનો જ કરવા જેવો. સોમાને ધર્મનું આશ્વાસન મળ્યું છે. અહીં એક પ્રશ્ન ઉઠે છે,

પ્ર૦–તે વખતે કાંઈ છૂટાછેડાની કોર્ટ ન હતી, તેથી પતિ મારવાનો વિચાર કરે છે. તો એની અપેક્ષાએ આજની ડાયવોર્સ કોર્ટની પદ્ધતિ સારી ને?

ઉ૦–શું સારી? જીવતી મારી નાખવાનું તો કદાચ હજાર દસહજારે એકાદ માણસ કરે; પરંતુ જો છૂટાછેડાની પદ્ધતિ કાયદેસર ચાલુ થઈ, તો ઘેરઘેર એ વસ્તુ બનવા માંડે એનું શું? મારવાની બુદ્ધિમાં તો કુલવટ, કાયદો વગેરે આડે આવે છે. પણ છૂટાછેડામાં શું આડે આવવાનું હતું? છૂટા-છેડામાં, ખરી રીતે, એ વિચારો કે અંદરખાને વિષય-લંપટતા કેવી જોર કરી રહી છે! અને એનું આગળ કેટલું ભયાનક પરિણામ આવવાનું.

મારવા માટે સર્પ :–

પતિએ સોમાને મારવાનો વિચાર કર્યો. એ માટે એક-

વાર બહારથી કયાંકથી ઘડામાં જીવતો સર્પ લઈ આવ્યો. એ ઘડાને અંધારીયા ઓરડાના એક ખુણામાં રાખી દીધો. સોમા ઘરના કામકાજમાં લાગી હતી. એને તો આની કાંઈ ખબરજ ન હતી. સૂર્યાસ્ત થઈ ગયો. દીવો હજુ પ્રગટાવ્યો નહોતો ત્યાં પતિએ એને કહ્યું,

"જોને, પેલા ઓરડામાં ઘડાની અંદર ફૂલની માળા પડી છે; તે લાવને."

સોમા આમેય ભલીભોળી હતી; અને પાછી ધર્મ પામેલી. એટલે એને પતિ પર અણવિશ્વાસ કરવા જેવું લાગ્યું નહિ. ત્યારે શું પતિએ સંબંધ છોડી દીધો હતો એ પરથી એને કાંઈ અસર નહિ? પણ વસ્તુ એ છે કે એથી તો એને એમ થાય કે 'ભલે પતિને ધર્મ નથી ગમતો; પણ મારા ધર્મમાં અંતરાય કરવાનું તો રાખ્યું નથી ને?' એને તે સારૂં છે. પતિનું દિલ ફરી ગયું છે, એવી એને કાંઈ ખબર નથી. પણ ખબર હો કે ના હો, પતિ જેવો નિકટનો સગો શું કરવા તૈયાર થયો છે?

જગતને ઓળખો :—દુનિયાના જે સગાસ્નેહી છે તે અંતે એવાજ ને? પોતે રંગરાગમાં ફસેલા હોઈ એના દલાલ છે. તમે રંગરાગનો વેપાર કરવા તૈયાર હો તો એ તમને વધાવવા તૈયાર; પણ તમે ધર્મ કરવાનું કહો તો એને એ ન ગમે. પછી તમારા ઉપર માણાપપણાની રૂએ, પતિપણાની, પુત્રપણાની, ભાઈપણાની રૂએ, એ તમને દબાવવા તૈયાર છે! કલિયુગ છે; અહીં જન્મ થઈ ગયો; માતાપિતાની સાંકળ

લાગી ગઈ; માતાપિતા હવે જાણે તમારા આખા આત્માના માલિક બની ગયા. ત્યાં દાદાદાદી ય બાજુએ બેસી રહે. એ તો કહેશે "એમના છોકરાનું એ જાણે. આપણું કશું ચાલે નહિ." આવા શબ્દો બોલે ને ? પણ આ કયાં સુધી ? પરણે નહિ ત્યાં સુધી એના માલિક માબાપ. પરંતુ પરણે એટલે પતિ પત્નીનો માલિક, અને પત્ની પતિની માલિક ! વધારામાં મામા-ફોઈ-કાકા-કાકી વગેરેય થોડી માલિકી બજાવે છે. પણ કયાં ? ધર્મની આડે આવવામાં. સંસારવૃદ્ધિના કર્મ કરવામાં કોઈ બોલશે નહિ. પછી એમાં કોઈ બહાના હેઠળ માબાપને તરછોડો તોય વાંધો નહિ. માત્ર તમે ધર્મ કરવાની જ્યાં વાત કરો કે ઝટ કહેશે 'હજી નાના છો, ઉતાવળ ન કરો. તમારૂં શરીર જુઓ, સંયોગ જુઓ....'વગેરે વગેરે કહેશે, અને નથી ને સાધુ થવાની વાત કરો તો એ બબડશે 'હું જાણું છું સાધુ-સાધ્વીને ! રહેવા દો, રહેવા દો દીક્ષાની વાત ! ઘરમાં રહીને ધર્મ કયાં નથી થતો ?' તરત એની સામે ચોંટ લગાવે છે. કેમ જાણે સંસારની જન્મસિદ્ધ દલાલી ! અને ધર્મનું જન્મસિદ્ધ વૈર !

સંસારમાં જુઓ તો શું છે ?—જૂઠી માયા, જૂઠી કાયા, જૂઠા સંબંધ, જૂઠો વ્યવહાર, બધું જ જૂઠું ! કેમ જૂઠું ? જુઓને નિકટનો પણ સગો કોઈ જો મરી જાય તો શોક ચાર દિવસ, આઠ દિવસ....પછી કેમ ? વાર તહેવારે શીરાપુરી ખાય કે નહીં ? કોઈના લગ્નાદિના લહાવા લે કે નહિ ? તો માયા-મમતા કયાં ગઈ ? જૂઠી માયા એનું નામ. કાયા કેવી જૂઠી ? ઘડીકમાં સારી, ઘડીમાં રોગી ! દુનિયાની

આવી પરિસ્થિતિ છે; ત્યાં પાછું આવા ઉચ્ચ માનવકાળમાં એનું એજ પિંજણ! અરે જીવને કહો કે 'એના એ ભૂસા કૂટવામાં શું નીકળવાનું હતું? દેવગુરુ-ધર્મની સાધના ખૂબ ખૂબ કરો, પરમાત્માનું મુખ પાંચ મિનિટ જોતા હો તો દસ મિનિટ જુઓ, બે વાર જોતાં હોય તો પાંચ વાર જુઓ. ગુરુની જે સેવા કરતા હો એમાં દિનપ્રતિદિન વધારો કરો. દાન-શીલ-તપ-ભાવનાધર્મમાં એવા રચ્યાપચ્યા રહો કે એમાં વૃદ્ધિ થતી જ જાય. વધારે ને વધારે અરિહંતનો જાપ, નવકારવાળી, સામાયિક, શાસ્ત્રસ્વાધ્યાય, ધ્યાન વગેરે કરો. આવું કરશો તો જૈન માનવભવ સફળ થશે. બાકી તો અંતે મીંડું છે.'

સોમા કુલની માળા લેવા જાય છે:—શુદ્ધ સ્વરૂપમાં આત્મા બિલકુલ નિષ્પ્રપંચ છે, નિષ્કષાય છે. છતાં આત્માની અનાદિકાળથી જે કુપ્રવૃત્તિઓ છે, અનાદિકાળના કષાયોનો જે કુઅભ્યાસ છે, તેના પરિણામે આવો સુંદર મનુષ્યભવ પ્રાપ્ત કરવા છતાં આપણામાં કામ-ક્રોધાદિ એનું એ જ અનાદિકાળથી ચાલી આવતું તોફાન કરે છે! ત્યાં વિચારો કે 'ગુસ્સો કે દ્વેષ કરવાનો મારો સ્વભાવ છે કે કુટેવ છે?' જેમ કોઈ કુળવાનનો છોકરો ઊંધા રસ્તે ચઢી ગયો હોય, પણ હોય વિવેકી તો એ શું વિચારે? "મારા કુળમાં આવા આડે માર્ગે ચાલવાનો રીવાજ છે? ના, નથી. મારા પિતા, દાદા બધા સારા માર્ગે ચાલનારા અને પ્રતિષ્ઠાવાળા હતા. તો આ તો હું જ મોટો દુર્ગુણી થયો છું ને?" શું છે આ? એ સાવધાની કે આડા માર્ગે જવાની પ્રવૃત્તિ એ ઉચ્ચ-ખાનદાન કુળોનો આચાર ન હોય. પરંતુ જીવ જો બાળપણથી બૂરી

આદતોમાં સંડોવાઈ ગયેા, તેા પછી મેાટેા થવા છતાં એ બુરાઇઓ કર્યે જ જાય છે. એવી જ રીતે આત્માની બાબતમાં વિચારવું જોઈએ કે "સિદ્ધશિલા પર અનંતા સિદ્ધ ભગવાનોના પણ આત્માઓ છે, તેમનામાં કોઈ પ્રપંચ કે કોઈ દુર્ગુણ નથી; કેમકે એ પ્રપંચ કે દુર્ગુણ આત્માના અસલી સ્વરૂપમાં જ નથી ! પણ હું મારા આત્માની દશા જોઉં તેા એ કેઈ જન્મેાથી બૂરી આદતમાં ચાલ્યેા આવે છે; તેા હવે એ આદત કયારે ટળશે ?...." રુદ્રદેવને આવેા કોઈ ખ્યાલ નહેાતેા. એણે તેા ઘડામાં સર્પને પૂરીને, ઘડેા અંદરના અંધારિયા ઓરડામાં મૂકી દીધેા હતેા. એ સાંજ પડયે પત્ની સેામાને કહે છે કે "અંદરમાંથી જરા પેલી ફૂલની માળા લાવેાને. ઘડામાં મૂકેલી છે...." ભેાળેભાવે સેામા તેા બિચારી ગઈ અંદર, અને ઘડાનું ઢાંકણ ઉઠાવી લઈ તરત જ નિઃશંકપણે હાથ નાખ્યેા અંદર !

૨ : દેવ–નારક, ૩ : હાથી–પેાપટ

સેામાને સર્પદંશ અને પતિનેા દંભ:—સેામા કેાણ છે ? અવધિજ્ઞાની અમરગુપ્ત મહર્ષિનેા જીવ. એ જ અમરગુપ્ત આચાર્ય મહારાજ કહે છે, "ફૂલની માળા હાથમાં આવતાં મેં તેા અંદરમાંના સાપને હાથથી પકડયેા ! પરંતુ એને પકડીને કયાં ઊભી રહી શકું ? સર્પે જોરથી મારા હાથ પર ડંખ લગાવી દીધેા. આખા શરીરે ઝનઝનાટી વ્યાપી ગઈ; હાથ ખેંચી લીધેા, પણ આખા શરીરમાં ઝેર વ્યાપી ગયું. હું દોડતી પતિની પાસે પહેાંચી ગઈ.... બૂમ પાડીને કહ્યું 'મને સાપે કરડી...." મારું શરીર કંપી રહ્યું હતું.

અવાજમાં ખૂબજ દર્દ હતું. આંખે ચક્કર આવતા હતા. ધબ દઈને પડી નીચે. પરંતુ પતિ રુદ્રદેવ કે જેણે સમજીવિચારીને જ આ કામ કર્યું હતું તેણે હોહા કરી મૂકી. 'કોઈ સર્પનું વિષ ઉતારવાની કોશિશ કરે એ પહેલાં જ હું મરી જાઉં' એ માટે એણે ફોગટનો કોલાહલ મચાવી મૂક્યો. આ બાજુ ઝેરની ઘેરી અસરથી મારું શરીર શિથિલ પડી ગયું. આખું મકાન ચકર ચકર ફરી રહ્યું હોય તેમ મને દેખાવા લાગ્યું. અંદરના જ્ઞાનતંતુઓ–નસો વગેરેમાં એવી જાલિમ પીડા શરૂ થઈ કે હું જમીન પર બેહોશ ઢળી પડી... એવી અસહ્ય પીડામાં પણ એક મહત્ત્વની વાત એ હતી કે મેં સાધ્વીજી મહારાજ પાસેથી જે સમકિત મેળવ્યું હતું, તેના પ્રતાપે શુભધ્યાનમાં મરીને પહેલા સૌધર્મ દેવલોકમાં મારો જન્મ થયો. ત્યાં હું એક પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો.

ત્યારે રુદ્રદેવ મને મારીને ખુશી ખુશી થઈ, તેમજ વિષય લંપટતાના ઘોર પાપ સેવી, અંતે મરીને નરકમાં ગયો ! બંને ય આયુષ્ય પૂર્ણ કરી, અહીં જંગલમાં હું હાથી તરીકે, અને એ પોપટ તરીકે અવતાર પામ્યા. 'આ અમારો ત્રીજો ભવ.' અહીં જુઓ કે પોપટને પૂર્વના વિશ્વાસઘાતના કુસંસ્કાર કેવા જાગ્રત્ થઈ પાછો એને પાપમાં પાડે છે ! ત્યારે સોમા નિષ્કપટભાવમાં આગળ વધે છે ! માનવજન્મમાં નાખેલા સારા–નરસા સંસ્કારના આગળ ફલાસ વધે છે.

અહીં બે ત્રણ વસ્તુ ખૂબ ધ્યાનમાં રાખવાની છે.

(૧) એક તો જગતમાં વિશ્વાસઘાતની કેવી સુલભતા છે.

(૨) બીજું આવા કારમા દુઃખની પીડા વખતે પણ મનમાં સમાધિ કેવી શકય છે, અને એનું કેવું ઊંચું ફળ છે!

(૩) ત્રીજું, એવો મહાન ઉપકાર કરનારા સદ્‌ગુરુની કેવી બલીહારી છે!

૧. વિશ્વાસઘાતની સુલભતાઃ—

પહેલું જુઓ રુદ્રદેવે કરેલો વિશ્વાસઘાત એના મનુષ્યપણાને લજવનારો હતો. અપેક્ષાએ વિચારો તો। વિશ્વાસઘાતી પશુ કરતાં પણ વધારે નીચ કોટિનો વિશ્વાસઘાત માણસ કરે છે. બિલાડી અંધારામાં છૂપાઈ રહીને ઉંદરને તાકે છે, ત્યાં ઉંદર નિર્ભયતા સમજી બહાર નીકળે છે અને બિચારો બિલાડીનો ભોગ બને છે! પરંતુ અહીં એટલું છે કે બિલાડી ઉંદરને એમ સમજાવવા નથી જતી કે આમંત્રવા નથી જતી કે 'તું ખુશીથી બહાર નીકળ અહીં તને સારો ખોરાક મળશે. અમે તો તારા હિતૈષી હોઈ તને મારીએ નહિ...'આવું કાંઈ બિલાડી ઉંદરને સમજાવતી નથી. પરંતુ રુદ્રદેવે તો જાણે એવું સમજાવ્યું કે 'હું તારો હિતૈષી પતિ હોઈ તને મારું નહિ;' અને મોંઢે કહ્યું કે 'ઘડામાં ફૂલની માળા છે તે લઈ આવ.' બિલાડી અંધારામાં છૂપાઈ છે ખરી, પણ ઉંદરને તાણતી નથી. ઉંદરને આવવું હોય તો પકડવા તૈયાર છે. પણ ન આવવું હોય તો કાંઈ એના દરમાં પેસતી નથી. વળી ઉંદર દરમાંથી કદાચ બહાર નીકળે તો શંકા ય ખાય કે રખે ને અંધારામાં દુશ્મન ન હોય. અહીં તો રુદ્રદેવ સોમાને તાણે છે અને એટલી બધી દંભી બોલવાની ઢબમાં વિશ્વાસ આપે છે કે સોમાને શંકા આવાનું સહેજે ય ન રહે.

તો મનુષ્યપણાની જેટલી ઉચ્ચતા ગણાય એટલા પ્રમાણમાં બિલાડી વગેરે વિશ્વાસઘાતી પ્રાણીઓ કરતાં ય વધુ નીચતા કેળવવાની? પરંતુ માણસ જ્યારે સ્વાર્થની પ્રબળ લાલસાવાળો બને છે ત્યારે એને નીચતાનો કોઈ સીમાડો અને અફસોસ રહેતો નથી. એને એ ભાન નથી કે અનાદિના ભયંકર મેલા સંસ્કારોને ભૂંસી નાખી મહાન પવિત્ર સંસ્કારોથી, પવિત્ર ભાવનાઓથી, અને પવિત્ર આદર્શોથી હૃદયમંદિરને શોભાવી દેવાનો અણમોલ અવસર અહીં મળ્યો છે. જગતના સંયોગો તો લોભાવનારા છે. ત્યાં ગુસ્સો, અહંકાર, ઈર્ષ્યા વગેરે દુર્ગુણોમાં ફસાવું સહેલું અને સુલભ છે. એટલે વિશ્વાસઘાતના પાપમાં પડવાનું સુલભ જ હોય ને? માટે જ સંયોગોથી ચેતવાનું છે. રખે ને એ આપણને દુર્ગુણના ભોગ ન બનાવી જાય! સંયોગ તો કર્મના જ અનુસારે મળવાના. આપણે એ પુરુષાર્થ જાગતો રાખવો છે કે એવા સંયોગમાં પણ દુર્ગુણને વશ ન બનીએ. દિવસની ચોવીસેય કલાકની જીવન-ચર્યામાં આટલું સાચવ્યે જઈએ કે સંયોગો ગમે તે વર્તો, પણ આપણે ક્રોધ, ને ઈર્ષ્યા, ને રાગ, ને તૃષ્ણા, ને પ્રપંચ...એવા એવા દુર્ગુણોને આપણા મનમાં પણ હવે જરાય સ્થાન ન આપીએ. સંયોગો ગમે તે વર્તો, પણ હવે આવા ઉચ્ચતાની ટોચે આવેલા માનવભવને પામીને અસત્ય, અનીતિ, દુરાચાર, કલેશ, કુસંપ, ક્ષુદ્રતા, સ્વાર્થાંધતા વગેરે દુષ્કૃત્યોને જરાય ન આચરીએ. શું? તપાસ્યા કરજો જીવનમાં, આવું આવું મેલું ઓછું કરાય છે? કે હજી વધારે ને વધારે મેલું ભેગું કર્યે જવાય છે?

આત્માની ટકાવશક્તિ–Resisting power:–દુર્ગુણો અને દુષ્કૃત્યોની સંસ્કારધારાનું કટીંગ કરવા માટે, એ ધારાને કાપવા માટે માનવ અવતાર એ સુવર્ણ અવસર છે. તમે તો આત્માનું મહત્ત્વ સમજતા લાગતા નથી. એનામાં અજબ રેઝીસ્ટીંગ પાવર છે. ! સોનું હોય છે ને ? તેની આગળ અગ્નિના તાપ ગમે તેવા મૂકો, પણ ઝાંખું પડવાની કે નાશ પામવાની વાત નહિ. પાણીમાં કે માટીમાં એને એક હજાર વર્ષ દાટી રાખો, છતાં જરાય કહોવાની, ઘસાવાની કે બગડવાની વાત નહિ. કેમ વારૂ ? એનામાં, અંગ્રેજીમાં જેને રેઝીસ્ટીંગ પાવર (Resisting Power) કહે છે. અર્થાત્ વિરોધી સંયોગોની સામે ટકવાની શક્તિ જે કહેવાય છે, તે હોય છે. કુદરતના એવા ઘણા પદાર્થોમાં ઘણી જાતની ટકવાની શક્તિ હોય છે. એવી રીતે આપણા આત્મામાં ક્રોધ-અભિમાનાદિ દુર્ગુણો ને અસત્ય-અનીતિ આદિ દુષ્કૃત્યોની સામે કે એના સંયોગો સામે રેઝીસ્ટીંગ પાવર યાને ટકાવશક્તિ છે; કે જેથી આત્મામાં વિકાર ન થાય. પરંતુ એ શક્તિ ખીલવવાની છે. સંયોગો ચાહ્ય તેવા હોય પણ એ આપણા આત્મામાં દોષોના વિકાર (બિગાડો) ઉત્પન્ન ન કરી શકે, એટલું મન પાકું કરવાનું છે. મુંઝાશો નહિ કે 'દુર્ગુણ અને દુષ્કૃત્યો નહિ સેવીએ તો આપણે લૂંટાઈ જ જઈશું ! તો આપણું બધું નાશ પામી જશે ! તો મહાન દુઃખમાં પડી જઈશું !' આવો આવો ભય રાખશો નહિ. ત્યાં પુણ્ય પાપના હિસાબ ઉપર શ્રદ્ધા રાખજો; ધર્મસાધનામાં આગળ વધવાથી પાપો તૂટી જ રહ્યા છે અને પુણ્ય વધી જ રહ્યું છે. એનો અટલ વિશ્વાસ ધરજો. પછી આ

ટકાવ–શક્તિથી ગમે તેવા સંયોગોમાં જરૂર દુર્ગુણ દુષ્કૃત્યોને અટકાવી શકાશે.

વિશ્વાસઘાત કેમ સુલભ? :–આપણી વાત ચાલતી હતી વિશ્વાસઘાતની, એની સુલભતાની. વિશ્વાસઘાત એવી ખરાબ વસ્તુ છે કે (૧) એમાં ઠેઠ સુધી સામાનો સારાપો લઈ શકીએ અને છતાં વિશ્વાસઘાત આચરી શકાય ! ત્યારે સારાપો મળે એવી સ્થિતિમાં એનાથી પાછા હટવું કેટલું બધું મુશ્કેલ ! (૨) બીજી ખરાબી એ, કે એને આચરવા પહેલાં કેટલાય દીર્ઘકાળથી હૈયું મેલું ઘાણ બનતું જ આવે. એનું ફળ ? અતિ દીર્ઘ ભવિષ્યકાળ સુધી એ દુઃખો અને પાપો આપ્યા કરે !

માટે વિચારો કે બિલાડા વાઘ જેવા ક્રૂર પશુઓ એને આચરે એ સહજ છે, કેમકે એને વિશ્વાસઘાતની ખરાબીની ખબર નથી; પણ હું તો સમજદાર; તો અવશ્ય વિશ્વાસઘાત ન કરૂં. રુદ્રદેવે મનુષ્ય ભવમાં કરેલો વિશ્વાસનો ઘાત, એને નરક અપાવ્યા પછી, હવે પોપટના ભવમાં પાછો એ દોષ સેવરાવે છે. એટલે ફરી પાછું સોમાના જીવ હાથી પ્રત્યે રુદ્રદેવના જીવ પોપટને વિશ્વાસઘાત કરવાનું મન થયું. જો જો કે અહીંય એ કેટલો ભયંકર વિશ્વાસઘાત અજમાવે છે. હવે તો આ તિર્યંચ પંખી છે, એને પૂર્વનું કંઈ યાદ નથી છતાં અજ્ઞાનપણે હાથીને ફસાવવા પ્રેરાય છે. પણ માણસ જેવા માણસ જે સજ્ઞાન અને સમજુ ગણાય, તે ભયંકર વિશ્વાસઘાત અને ખૂન કરવા તૈયાર થાય ત્યારે કેટલી દુઃખદ સ્થિતિ ! વર્તમાનકાળે બનેલો એક પ્રસંગ છે :—

વર્તમાનનો એક કરુણ પ્રસંગ :—

એક મોટા શહેરમાં એક કુટુંબ રહે છે. કુટુંબમાં ત્રણ માણસ–પતિ–પત્ની અને એમની એક પુત્રી. ત્રણેય જણા લાયક માણસ હતા. પુત્રી મોટી થઈ અને દૂર દેશમાં પરણાવવામાં આવી. બાપ કાંઇ લાખોપતિ નહોતો. છતાં પાસે બે પૈસા ઠીક હતા; એટલે મનને એમ થયું કે 'આ ય છેવટે છોકરીને જ આપીને જવું છે, તો લાવ ને અત્યારે ય એને થોડું ઘણું આપીએ.' એમ વિચારીને બાપે રૂપિયા પચીસ હજારના દાગીના છોકરીને આપ્યા.

અહીં જ તમને પ્રશ્ન કરવામાં આવે કે બાપે આ ઉદારતા કરી તે સારૂં કર્યું ને ? બીજું, છોકરીનાં ભાગ્ય ઊઘડી ગયા ને ? તો આ બે પ્રશ્નનો ઉત્તર હકારમાં જ આપો ને ? કારણ ? તમે તો તત્કાલ લક્ષ્મીના સુખ જોનારા છો. તમને ક્યાં ખબર છે કે કેટલીય વાર એ લક્ષ્મી જ અનર્થ મચાવે છે ? લક્ષ્મીથી અનર્થ મચ્યા પછી એમ થાય છે કે, 'આના કરતાં લક્ષ્મી ન આપી હોત કે ન મળી હોત તો શું ખોટું ?' ડહાપણ એટલું હોવું જોઈએ કે આ વિચાર પહેલેથી આવવો જોઇએ. બાપ ઉદારતા કરવા ગયો, પરંતુ બાપને ખબર નથી કે આના જ યોગે ભાવી કેવું ભયંકર રચાવાનું છે ! માણસોના ધાર્યામાં શું છે ? એના ધાર્યા મુજબ શું બને છે ? એ તો ફોગટનો પોતાના હાથની, પોતાના કાબુની જે વસ્તુ નહિ, એવી વસ્તુ પાછળ મૂર્ખાઈથી અસત્ય, અનીતિ, ક્લેશ, કંકાસ, વગેરેના ઘોર પાપ આચરે છે.

પતિને ક્ષય :—છોકરી સાસરે રહી છે. ત્યાં થોડા જ વખતમાં એના પતિને ક્ષય રોગ લાગુ પડ્યો. જુઓ કર્મની કઠણાઈ ! માબાપ જાણે કે છોકરીને પરણાવીને સુખી કરી દઈએ ! ત્યારે ભીતરના કર્મ જુદું જ કાર્ય કરે છે ! આ જગતની આવી વિચિત્ર ઘટનાઓ સૂચવે છે કે તમારા હાથનું તમે બધું ભલે શોભાભર્યું કર્યું હોય. પરંતુ કર્મના કોપ આગળ તે બધું જ રદ્દ-બાતલ છે! એટલે સમજ્યા ને ? છોકરીને સંસારના કાર્યમાં બરાબર હોશિયાર બનાવતા હો, એ માટે ક્રમસર દિનપ્રતિદિન કેળવણી આપીને વર્ષો સુધી બરાબર ઘડતા હો; પછી મુરતીઓ (વર) શોધવામાં બરાબર ચોકસાઈ રાખી ચારે કોર તપાસ કરી હોય,—આજ તો તમારે વર શોધવાની જરૂર નહિ. છોકરાછોકરી જ પસંદ કરી લે છે! કેમ ? ખેર ! પણ લગ્ન તો તમારે જ કરાવવા પડે છે ને ? એમાં ય લગ્નવિધિનાં નાનામાં નાની બાબતથી માંડી મોટમોટી બાબત સુધીનું તમે સારામાં સારૂં સાચવ્યું હોય; કેમ એમ ? કારણ કે અહીં તો તમે માનો છો કે "બધું શોભાભર્યું થવું જોઈએ; આવા ટાણાં કાંઈ વારે વારે નથી આવતા. એક પણ વસ્તુ એવી ન થવી જોઈએ કે લોકનો કે વેવાઈનો અપજશ મળે." તે ક્યાં સુધીનું સાચવો ? "જનૈયાને પાણી આપવાના પવાલાં પણ સારાં ચકચકાટ ઊજળાં જોઈએ ....છોકરીનુ કપડું-લત્તું ઘરેણું ભલે કદાચ આપણું તેટલું ગજ્જું ન હોય તો દેવું કરીનેય પણ સારૂં સુંદર આપવું જોઈએ." ઠેઠ ગર્ભથી માંડી અહીં સુધીની તમે આવી બધી ચોકસાઈ રાખી હોય, છતાં આ બધું કર્યાકારવ્યાના માથે

કોપેલાં કર્મ શું કરે છે? એકી કલમે છોકરીને ભયંકર રોગ! કસુવાવડ! પહેલી સુવાવડમાં ગંભીર સ્થિતિ! પતિનો દ્વેષ! સાસુ માથાભારે! નણંદનો ત્રાસ! જેઠાણી-દેરાણી ઝગડાખોર! પતિને ભયંકર રોગ! ધંધો ખતમ! દેવાળું!....સંસારમાં આવું આવું કેટલું? આમાં ફેરફાર નથી ને? ફેરફાર હોય તો કહેજો.

સંસારવ્યવહારના પ્રસંગમાં શિખામણ:—ફેરફાર જો નથી તો આમાંથી કાંઈ શિખામણ લઈ શકો છો? શિખામણ લેવા જેટલું ભેજું છે કે નહિ? શું ખર્ચમાં મફતના તૂટી મરવાનું કે દેવું કરવાનું ડહાપણભર્યું છે? પ્રસંગ કરીને મેં બીજા કરતાં બહુ સારૂં કર્યું એમ ફુલાઈ મરવાનું કાર્ય સારું નહિ એમ નથી લાગતું? આધ્યાત્મિક શિક્ષા આપવાની અગત્યની બાબતો ભૂલીને પવાલાંના ચકમકાટની ફાસકુસી વાતોમાં અટકાઈ મરવાનું, આંગણે આવેલાને આપણા જૈનપણાનો કે આર્યપણાનો કોઈ ભાસ ન કરાવતાં આપણું જગતનું ડહાપણ દેખાડવાનું....વગેરે વગેરે તદ્દન ખોટું છે, એવું સમજાય છે? અરે! આગળ વધીને શું એ વિચારવું જરૂરી લાગે છે કે જ્યારે મારી બધી મહેનત પર કર્મ પાણી ફેરવી નાખે એવો સંશય છે. તો લાવ એના કરતાં છોકરીને એકલા અધ્યાત્મમાર્ગે કાં ન વાળું? ચારિત્ર માર્ગે કાં ન દોરૂં? આમે ય છોકરી કયાં મારૂં ધન છે? કયાં એ મારી સેવા કરવાની છે? ત્યારે એની પાસે પારકાની વેઠ અને પારકાની ગુલામી કરાવવા કરતાં પરમાત્માની વેઠ ગુલામી ન કરાવું?

તમારા માનેલા ભગવાન માટે તમારૂં શું સમર્પિત છે ? :—ત્રણ ખંડના રાજાધિરાજ કૃષ્ણે આ વિચાર્યું હતું. કહો જો એની છોકરીઓ કેવી ? ગોરી ગુલાબી અને સુંવાળી ? કે ભીલણ છોકરીઓ જેવી કાળી અને જાડી ચામડીવાળી ? દેવાંગના જેવી ને ? એને કયાં મોકલી કૃષ્ણવાસુદેવે ? પોતાના માનેલા શ્રી નેમનાથ ભગવાનના શરણે સાધ્વીપણામાં ! તમારે પણ ભગવાન છે ને ? ભગવાન તમારા છે કે ભગવાન ત્રાહિત છે ? તમારા માનેલા ભગવાનને તમારૂં શું સમર્પિત છે ? સંસારને જો બરાબર ભીતરથી જોતાં ઓળખતાં આવડે તો તમારી પાસે ભગવાનને અર્પિત કરવાનું ઘણું હોય. આ તો તમારી દયા આવે એવું છે કે સંસારમાં તમે ખોટા તણાઈ મરી અંતે પાછા મૂર્ખા બનો છો ! બધું તમે મનમાન્યું કર્યા ઉપર જ્યારે કર્મ ઊંધું વાળે છે ત્યાં પછીથી જિંદગી સુધી તમે રોયા કરો છે 'હાય ! હે ભગવાન ! શું થયું આ ?' એની દયા આવે છે.

છોકરો મરે તો દાગીનાનું શું ?:—ચાલો પ્રસ્તુતમાં છોકરીના પતિને ક્ષય લાગુ પડ્યો. એ એવો વધતો ચાલ્યો કે ડાકટરોએ લગભગ આશા મૂકી દીધી. 'કુદરત બચાવે તો બચે.' એમ કહી દીધું. એમને પૂછો કુદરત શું ચીજ છે ? કુદરત શું બચાવતી હતી ? એના પુણ્ય બચાવે તો બચે. પણ આજની કેળવણીવાળાને પુણ્ય-પાપ કયાં માનવા છે ? જો માને તો પોતાના જીવનમાં દેવગુરુ-ધર્મ ભૂલે ? સુકૃત ભૂલે ? આત્માના ગુણો ભૂલે ? એ હૃદયના કઠોર, લોભી, ઈર્ષ્યાળુ અને નાસ્તિક બને ? છોકરાના ક્ષયની આખરી સ્થિતિ જાણી માબાપ વિચારે છે કે "હવે પ્રાયઃ છોકરો મરી જવાનો; એની

વહુ એના બાપના ઘેર જવાની; તે પચીસ હજારનો દાગીનો લઇને જવાની. હવે શું થાય?" દાગીનો કોણે આપેલો ? છોકરીના બાપે ને? શા માટે આપેલો? છોકરીનું ભલું કરવા! હવે જુઓ ભલું થાય છે કે ભુંડુ? સાસુ–સસરા વિચારે છે કે 'છોકરો મરે તો દાગીનાનું શુ ? માટે એવું કાંઇક કરવું જોઈએ કે દાગીનો આપણને પચી જાય.'

દાગીનો પચાવવા શું કરવું ? વિચારો કે છોકરો મરે એનું, અને નાની વહુ વિધવા બને, એનું દુઃખ કયાં છે? દાગીનાનો લોભ લાગ્યો ને ? આ તમારો બુદ્ધિપૂર્વક પકડી રાખેલો સંસાર ને ? બુદ્ધિપૂર્વક નહિ પણ મૂર્ખતાથી પકડ્યો છે, એમ જો સાચેસાચ માનતા હો તો કમમાં કમ એવા સંસારી જીવનમાં દોષ અને દુર્ગુણોને તો જરૂર દૂર રાખો; કલહ અને કપટને નવ ગજના નમસ્કાર કરો. છોકરાના મા-બાપને પચીસ હજારની લક્ષ્મી પચાવવી છે ! પણ તે એમ ને એમ પચે એવું લાગતું નથી. કદાચ છૂપાવી દે, તોય બાપ છોકરીને આગળ કરીને ચાર જણાની સાક્ષીએ દાગીનો માગે ! તો શું જવાબ દેવો? એટલે આ છોકરાના માબાપ વિચારે છે કે 'છોકરાની વહુ જો મરી જાય તો પછી એનો બાપ શું માગવા આવવાનો હતો? તે કાંઈ એમ મરે? રોગી નથી એ. તો કાંઈ જાતે મરે એવી નથી. ત્યારે શું ઝેર અપાય ? તો તો પોલીસ જ ઘુસે ને ? ગમે તેમ પણ વહુને મારી તો નાખવી જ' એવા ક્રૂર વિચાર સુધી એના સાસુ-સસરા પહોંચ્યા !

કેવી કમનસીબી ! બાપની ઉદારતા છોકરીના ભલા માટે? કે, ઉલટું મોત માટે ? મોત પણ જેવું તેવું નહિ, કરપીણ! કોના હાથે ? આર્યના હાથે ! પૈસા ખાતર ને ? પૈસા શું કરાવે ? ધર્મ કે પાપ ? છોકરીને આપેલા પૈસાથી છોકરીએ ય પુણ્ય કર્યાનો લાભ લીધો ? ના ક્યાંથી થાય ? એના પર તો જીવનની આશા બાંધી હોય. રખેને ઘણી મરી જાય, કે દેવાળું કાઢે, કે અળખામણી કરે,....તો પલ્લાના પૈસાથી જીવન નભે–એવી આશા છે. પણ ખબર નથી કે એજ પલ્લું કરપીણ મોતનું પલ્લું પકડાવે છે ! સાસુ–સસરાએ છોકરો મરે એ પહેલાં વહુને પૂરી કરવાનો ઉપાય ઘડી કાઢ્યો ! શો ઉપાય ? વહુને ઘાસલેટ છાંટી બાળી નાખવાનો ! પણ તે એવી સિફ્તથી કે જાણે રસોઇમાં હતી ને આગ લાગી; અગર તો પતિના રોગથી ગભરાઇને ખાનગીમાં આત્મહત્યા કરવા જતે બળી મરી. ઉપાય ઘડ્યો એટલું જ નહિ પણ અમલમાં મૂક્યો ! એમના વિશ્વાસમાં રહેલી એ વહુને એવી ફસાવી કે એ સહેલાઇથી અને બીજા ન જાણે એ ઢબે આમના પ્રપંચનો ભોગ બની ! આમણે એને ખાનગીમાં જીવતી સળગાવી મૂકી ! લોકને ગંધ આવી હશે. પણ અહીં તો કયારનીય વહુ ભયંકર રીતે સળગી મરી. લક્ષ્મીરૂપી નાગણે એના પ્રાણ ખોવરાવ્યા ! એના માબાપની જાણમાં આ આવી ગયું, પણ 'હવે દૂર દેશમાં જઈ વેવાઈ ઉપર શા કોરટ કાગળીયાં કરવા ? છોકરી તો ગુમાવી. હવે વધુ કાંઈ કરવા જઇએ અને એમાં નથી ને વેવાઈના ગુનો સાબિત થાય તો મારી નાખવાની સજા તરીકે એને શું ય મળે ?'

એમ વિચારી વધુ પાપ ન કરવાના ડરથી ને વધુ ઝગડામાં ન ઉતરવાના હિસાબે એ દીકરી ગુમાવ્યાનું દુઃખ મનમાં રાખીને બેસી રહ્યા. આ પણ એક મહાન ગુણ છે કે જૂનાં પાપ ઉપર નવાં પાપ ન કરીએ ! આપણો પ્રસંગ વિશ્વાસ-ઘાત ઉપર હતો. સાસુ સસરાએ વિશ્વાસમાં રહેલી વિનયી વહુને ક્રૂર રીતે બાળી નાખી. કેવી ભયંકર પિશાચી લીલા ! કેવો ઘોર વિશ્વાસઘાત !

૨. સમાધિની સુંદરતા :

ત્રણ બાબતો જોવાની હતી. એમાં એક વિશ્વાસઘાત અંગે વિચાર્યું. બીજી બાબત છે ચિત્તમાં ધર્મસમાધિ રાખ-વાની અને એનાં કેવા સરસ ફળ તે અંગેની.

સમતા અને સમાધિ:–સોમા ઉપર રુદ્રદેવે વિશ્વાસ-ઘાત કરી સર્પનો ડંસ કરાવ્યો. છતાં સોમાએ સારી સમાધિ રાખી ! એના બદલે જો એ અસમાધિમાં પડી હોત, હાય-વોય અને ગુસ્સામાં ચઢી હોત તો દેવલોકમાં જવાનું ન બનત. મહાસતી મદનરેખાએ પણ કમોતે મરતા પતિને સમાધિ આપી બચાવી લીધો. ત્યારે વિચારો કે એવી મરણાંત ઝેરના કષ્ટ વખતે પણ એણે સમાધિ કેવીક ટકાવી રાખી ! શું સમાધિ એટલે ? ચિત્તને આકુળવ્યાકુળ ન થવા દેવું તે સમાધિ. આત્મા કષાયપરવશ ન બને તે સમતા. ચિત્ત દુર્ધ્યાનપરવશ ન થાય તે સમાધિ. આત્મામાં રાગ કે દ્વેષનું વલણ ન થાય તે સમતા, અને મનમાં અમૈત્રી, રીસ, વૈર, અકરુણા (કઠોરતા, નિર્દયતા) ઈર્ષ્યા, વગેરેની ભાવનાઓ ન ઊઠે તે સમાધિ. સોમાએ એ જાળવ્યું. પતિ રુદ્રદેવ પ્રત્યે વૈર, રીસ, કઠોરતા

કે દુર્ધ્યાન ન ઊઠવા દીધું. શાના પ્રભાવે ? ધર્મના. ધર્મનો કેવો મહાન ઉપકાર !

સમાધિનો ઉપાયઃ—ધર્મે એને સમજ આપી હતી કે,

(૧) આપણને જે દુઃખ આપત્તિ આવે તે આપણે જ કરેલા પાપે. ત્યાં બીજાનો વાંક કાઢીએ, તે ખોટો. હજી પણ જો દુઃખ નથી જોઈતું તો પાપ કરવાનું બંધ કરો.

(૨) બીજું એ કે ભાવી મિથ્યા થઈ શકતું નથી. તો એમ સમજો કે અત્યારે દુઃખનું ભાવી છે.

(૩) ત્રીજી વાત એ કે ધર્મ એ એક મહાન અભ્યાસ છે, એમાં પરીક્ષા આપીએ ત્યારે પાસ થઇએ. તો દુઃખ આપત્તિ એ પરીક્ષા છે. એમાં સમાધિધર્મ, સમતાધર્મ ટકાવીએ તો પાસ થવાય. અર્થાત્ આત્મામાં એટલું બળ પ્રગટ થયું ગણાય કે દુઃખની સામે એ હવે ઊંચોનીચો નહિ થાય.

(૪) ચોથી વસ્તુ એ કે આ દુઃખ સમભાવે સહી લેવામાં આપણું જુનું દેવું રદ થાય છે, નવું દેવું ચઢતું નથી, અને ઉપરથી સમતાના મીઠાં પુણ્યફળ કમાવાય છે.

(૫) પાંચમી વસ્તુ એ કે આપણા દેવાધિદેવ અને અન્ય મહાપુરુષોએ પોતે દુઃખ સહ્યાં જ છે, પણ સામે ફરીયાદ કે હાયવોય નથી કરી; તો આપણે એમના સાચા સંતાન હોઈએ તો એ રૂએ પણ સમતા–સમાધિથી સહી જ લેવું ઘટે.

(૬) આત્માનું મોક્ષનું સ્વરૂપ અનંત સમતા–સમાધિનું છે. એનો જેને ખપ છે, એ અવસર આવ્યે મામુલી સમતા-સમાધિ તો કેમજ ગુમાવે ?.... વગેરે વગેરે સમજ પામેલી

સોમાએ સર્પદંશની ઘોર પીડામાં પણ સમાધિ જાળવી. તો એનું ફળ પણ કેવું મહાન ! માત્ર દેવલોક નહિ પણ પછીના જન્મોમાં સમાધિની સુંદર ખીલવટ, ઉચ્ચ ઉચ્ચ સ્વર્ગની પ્રાપ્તિ, અને હમણાં અવધિજ્ઞાન ! આ બીજી બાબત થઈ.

ત્રીજી બાબત છે સદ્‌ગુરુની બલિહારી.

સોમા જે સમાધિ અને એનાં મીઠાં ફળ પામી એનું ખરૂં કારણ એને જે ગુરુણી સાધ્વીજી મહારાજ મળ્યા તે છે. ગુરુણીએ જન્મે આ જૈન નહિ એવી સોમાને સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવના ભાખેલાં સત્ય તત્ત્વોની પ્રેમી બનાવી દીધી ! સંસાર અને વિષયોની રસિક એવી સોમાને એની અરસિક, વિરાગિણી તથા મોક્ષરસિક બનાવી દીધી! અનંત અનંત કાળથી એનું છૂપેલું આત્મહીર આત્મનૂર પ્રગટ કરાવી આપ્યું ! અને એથી સોમા હવે જગત પર દમન નહિ, પણ પોતાની પાશવી વૃત્તિઓ ઉપર દમન કરવા સમર્થ બની ! જગતને નહિ પણ જાતને જોનારી બની ! આવો મહાન, અતિ મહાન ઉપકાર કરનાર સદ્‌ગુરુની કેવી બલિહારી ! ભલે જીવની યોગ્યતા અને પુરુષાર્થ પણ મહાન કારણ છે; કિંન્તુ અહીં જન્મ્યો ત્યારથી જીવ તો એજ હતો છતાં ઉદય નહોતો થયો, આત્મપરિવર્તન નહોતું થયું, તત્ત્વદર્શન નહોતું થયું, કેમ વારૂ ? સદ્‌ગુરુ મળ્યા નહોતા. સદ્‌ગુરુ મળ્યાથી લાઇન બદલાણી, અવસ્થા ફરી; અને ઝડપી ઉદય શરૂ થયો ! એ ગુરુનીજ બલિહારી કહેવાય. ગુરુતત્ત્વનાં આલંબને સોમામાં આગળ વધતાં વધતાં સર્પ-દંશની મરણાંત પીડામાં સમાધિ જાળવવાનું મહાન બળ આવ્યું.

ગુરુ કેવા જોઇએ ? :—ત્યારે આપણી પાસે આજે સદ્‌ગુરુઓ છે કે નહિ ? ધ્યાન રાખજો કે એને ગુરુ ગૌતમ-સ્વામી નહોતા મળ્યા; પણ શુદ્ધ માત્ર મોક્ષમાર્ગ અને જિનોક્ત તત્ત્વોનો જ ઉપદેશ દેનાર આચાર–સંપન્ન ગુરુણી જરૂર મળ્યા હતા. તો આજે શું એવા ગુરુ દુર્લભ છે ? આજે કેટલાકને જીવનમાં કરવું કંઈ નહિ, અથવા થોડું ઘણું કહાય કરનારા હોય, પણ જે વિદ્યમાન ગુરુઓની સાધુ–સાધ્વીઓની નિંદા કરવાની અને એમના દોષો જોવાની કુટેવ પડી છે તે બહુ ભયાનક છે, પોતાના જ આત્માને છતે તરવાના સાધને, ડૂબાડી રહી છે, ભવસાગરમાં રુલવાની સગવડ આપી રહી છે ! ખરી રીતે તો સદ્‌ગુરુ એટલે કે શુદ્ધ આચાર–પાલક અને શુદ્ધ ધર્મ–પ્રરૂપક ગુરુ મળ્યા પછી જરાય વિલંબ કર્યા વિના એમનો ભેટો સફલ બનાવી દેવો જોઈએ, સોમાએ ગુરુણીની પહેલી મુલાકાત અને દેશનામાંથીજ આત્મા પલટ્યો, જીવન ફેરવ્યું, ધર્મ પુરુષાર્થ જગાવ્યો, ધર્મશ્રદ્ધા અને ધર્મ-સમજ આત્મામાં ત્યાં જ વણી લીધી ! આ કર્યું એનું જ નામ ઉદયકાળ જાગ્યો. આજે તો દંભી માનવને આમાંનું કાંઈ કરવું નથી અને કહેવું છે કે 'ઉદયકાળ જાગ્યો નથી તેથી કયાંથી આ બને ?' અરે અજ્ઞાન ! સમજતો જા કે તું સન્માર્ગનો આત્મહિતની વસ્તુનો શ્રદ્ધાળુ બન, સમજદાર બન, પુરુષાર્થ કરનારો બન, તો ઉદયકાળ જાગશે. ઉદયકાળ કાંઈ આકાશમાંથી નથી પડતો. એ તો પાકી ગરજ અને પુરુષાર્થથી જાગે છે. ગુરુ મળ્યાથી આ બને છે. ગુરુનો અનંત ઉપકાર છે.

આપણા બળની સાર્થકતા શી ?:—સોમાને દેવ-

પણું મળી ગયું. ત્યાં જઈને જોયું હશે કે નહિ કે પોતાનો પૂર્વ ભવ કેવો હતો ? અવધિજ્ઞાનથી જરૂર દેખાય કે પતિએ વિશ્વાસઘાત કરી સર્પ કરડાવ્યો. તો હવે એને શિક્ષા કરવી જોઈએ કે નહિ ? આપણી પાસે જો બળ છે, તો એમ થાય છે કે ગુનેગારને શિક્ષા ન કરીએ તો પછી બળની સાર્થકતા શી ? બળ શા કામનું ? પણ અહીં એ જુઓ કે બળ બે પ્રકારનું હોય છે. એક માનવી બળ અને બીજું પાશવી બળ.

(૧) "પાશવી બળનો ઉપયોગ બીજાના પર આક્રમણ કરી વિજય પ્રાપ્ત કરવા માટેનો;

(૨) માનવી બળનો ઉપયોગ પોતાના જ દુષ્ટ આત્મા પર શાસન ચલાવી વિજય મેળવવાનો."

બીજા પર શિરજોરી કરવી, બીજાને દબાવવા, બીજા પર હલ્લા કરવા, બીજાને પીટવા....એ પાશવી બળ છે. જ્યારે આત્માની ઈન્દ્રિયો, ને મન પ્રત્યેની ગુલામી તથા કષાયાધીનતા અને સ્વચ્છંદતાને કાબુમાં લેવી એ માનવી બળ છે. એવા માનવી બળનો ઉપયોગ મહાવીર પ્રભુએ કર્યો, તો ભગવાન બન્યા ! તો કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા !

પાશવી બળ :— ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં બળનો પાશવી ઉપયોગ કર્યો હતો તો સાતમી નરકમાં જવું પડ્યું ! પછી પણ જ્યાં સુધી પાશવી બળનો ઉપયોગ કરતા રહ્યા ત્યાં સુધી સંસારમાં ભટકતા રહ્યા ! કર્મસત્તાને તીર્થંકરદેવના જીવની પણ શરમ નથી પડતી. જો પુણ્યે દીધેલા બળનો પાશવી ઉપયોગ કરો, તો ભવાટવીમાં ફેરા ફરો. નરકમાંથી

નીકળીને સિંહ થયા. ત્યાં પણ શું ? આજ પાશવી બળ પર ઉજાણી કરવાની ! તો ત્યાંથી ચાલો પાછા નરકમાં ! વીર પ્રભુના આત્માને કર્મ ચોથી નરકમાં તાણી જાય છે. પછી છૂટકો ખરો ? ના. પાશવી બળથી પાછા રખડો સંસારમાં ! કેટલું રખડ્યા ? તેનો હિસાબ નથી મળતો. કવિ કહે છે.

"વીસમે ભવે થઈ સિંહ, ચોથી નરકે ગયા;
તિહાંથી ચ્યવી સંસારે ભવ બહુલા થયા...."

માનવી બળ :—જ્યારે એજ પ્રભુ શ્રી વીરે માનવી બળનો ઉપયોગ જે 'પોતાના આત્માને દબાવવાનો' છે, તે પોતાના નંદનઋષિના ભવમાં કર્યો,—શો ઉપયોગ ? એક લાખ વર્ષ ચારિત્ર ! એક લાખ વરસ સુધી લાગલાગટ માસખમણના પારણે માસખમણનો ઘોર તપ ! જરાય ઓછી વાત નહિ ! તો શું પરિણામ આવ્યું ? તીર્થંકર નામકર્મ નિકાચ્યું ! છેલ્લા ભવમાં તો માનવી બળનો સદુપયોગ પરાકાષ્ઠાનો ! ખુદ આજન્મ વિરાગી છતાં ત્રીસ વર્ષની વયમાં ચારિત્ર લઈ નીકળી પડ્યા ! પછી જે ઉપદ્રવો આવ્યા,—દેવ, તિર્યંચ કે મનુષ્ય તરફથી, તેની સામે અદ્‌ભુત, આદર્શ, અતિ અનુકરણીય સહિષ્ણુતાનું માનવી બળ વાપર્યું ! તો દુર્જનનું સહી લેવામાં શું ગુમાવ્યું ? એ કરતાં કરતાં ઘાતીકર્મનો નાશ કરી નાખ્યો ! અને વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બની ગયા !

ગુણો જ ગુણો ? કે ભૂલો જ ભૂલો ?:—હવે એ કહો કે આપણે શું શું કરી રહ્યા છીએ ? આપણામાં બળ છે, શક્તિ છે, તો શું જગતને દબડાવીને એ બતાવી દેવું જોઈએ ?

આખા જગતની ભૂલ હોય તો બધાને આપણે દંડ કરવા તૈયાર છીએ! પરંતુ આપણી પોતાની ભૂલ હોય તો? ત્યારે શું એમ કહો છો કે ભૂલો નથી દેખાતી આપણા જીવનમાં? જન્મથી માંડીને મૃત્યુ સુધી જુઓ કે શું ચાલે છે જીવનમાં? ગુણો જ ગુણો? કે ભૂલો જ ભૂલો? માનવીબળનો ઉપયોગ આપણી ભૂલો સુધારવા આપણા આત્મા પર નિગ્રહ કરવાનો છે.

અહિંયા સૌધર્મ દેવલોકમાં સોમાનો જીવ દેવ તરીકે થયો છે; જ્ઞાન થયું છે. પાસે દૈવી શક્તિ છે, દિવ્ય બળ છે. પરંતુ એનો પાશવી ઉપયોગ કરી પતિને કચરવો નથી. સજ્જને દુર્જન સામે બદલા શા લેવાના? એના પાપ જ એને દંડ કરશે. આપણે દંડ દેવાની જરૂર નહિ.

રુદ્રદેવ નરકે :—ત્યારે હવે રુદ્રદેવનું શું થયું? તે પણ જોવું પડશે ને? એને તો લાગે છે કે વચમાંથી સોમા-રૂપી એક કાંટો ઊખડી ગયો! ઠીક થઈ ગયું! લોકોને કંઈ ખબર ન પડી કે કેવા પ્રપંચનો ભોગ બની સોમા મરી ગઇ. એમાંનો તો ઉપરથી જાણ્યું કે સાપે એને કરડી, અને એ મરી. રુદ્રદેવે નાગશ્રી સાથે લગ્ન કર્યાં. નવી પરણેલી પત્નીની સાથે એટલા રંગરાગ અને ભોગનાં પાપ કર્યાં તેમ પૂર્વનું વિશ્વાસ-ઘાતનું એવું ભયંકર પાપ કર્યું હતું કે એ મરીને પહોંચ્યો પહેલી નરકમાં! થોડા કાળ માટે પ્રપંચ, વિશ્વાસઘાત અને તૃષ્ણા તથા રંગરાગની મનમાની રમત જીવ કરી લે છે, તો એનું પરિણામ શું? અને થોડા કાળ માટે ધર્મનો સ્વીકાર કરી લીધો, તેમાં કદાચ કોઇનો ઉપદ્રવ આવ્યો અને તેને સમ્યગ્ રીતે સહન કરી લીધો, તો શું તકલીફ અને કેવું

ઊંચું પરિણામ.? તકલીફ શાની ? ઈનામ ! જાઓ દેવલોકના ભવમાં એક પલ્યોપમના દેવતાઈ સુખભોગ ભોગવો !

૩ : હાથી–પોપટ

રુદ્રદેવનું નરકનું આયુષ્ય અને સોમાનું દેવલોકનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું. પરંતુ સોમાદેવને ત્યાં કંઈક એવી ગફલત થઈ ગઈ કે આર્તધ્યાનમાં સોમાના જીવે તિર્યંચનું આયુષ્ય બાંધી લીધું ! સમજજો કે આર્તધ્યાન પણ બૂરું છે ! એના પરિણામે પૂર્વની ધર્મની સ્થિતિ છતાં દેવલોકમાંથી ચ્યવીને સોમાનો જીવ એ જ વિજયમાં શુંશુમાર જંગલમાં હાથીનો અવતાર પામ્યો ! સાથે ભવિતવ્યતા જુઓ કે નરકમાંથી નીકળીને રુદ્રદેવનો જીવ પણ ત્યાંજ પોપટપણે થયો. કેમ જાણે સોમાનો જીવ ધર્મ પામ્યો છે માટે હવે સોનાની માફક એની કસોટી કરી કરીને એને વધુને વધુ તેજસ્વી બનાવવી; અને રુદ્રદેવે કરેલી દુષ્ટતાની વધુને વધુ સજા કરવા દુષ્ટતા તાજી રાખનારા સંયોગ આપવા ભવિતવ્યતા સજાગ !

પૂર્વના વૈરની પુનઃ જાગૃતિ :—ભલે, સોમાના જીવને હાથીનો અવતાર મળ્યો પરંતુ આમ તો ધર્મનો પ્રભાવ ચાલી આવતો હોવાથી હાથીના અવતારમાં પણ એને પૌદ્ગલિક સુખ મળી ગયું ! સ્નેહાળ હાથણીઓ એની પાછળ મોહમૂઢ થઈ ભટકવા લાગી ! જેથી હાથી પણ વિષયસુખમાં મગ્ન છે ! ત્યાં શું થયું ? આચાર્ય ભગવાન પોતાનું જ જ્યાન વર્ણવતાં કહે છે કે "એટલામાં રુદ્રદેવનો જીવ જે પોપટ છે, તેણે મને જોઈ લીધો. જોતાં જ એનામાં પૂર્વ જન્મના વૈરના સંસ્કાર જાગ્રત થયા. પૂર્વ જન્મમાં આ વિચાર્યું હતું કે

"ધર્મના ઢોંગ લઈને આ સોમા આવી ત્યારથી મારો આખો સંસાર બગાડી નાખ્યો. જો હવે હું કહું છું તેમ ધર્મ છોડી વિલાસ નથી કરતી તો બીજી પત્ની કરવા આને હું સીફતથી મારી નાખું." કયાં સુધીની સ્વાર્થાંધ ક્રૂરતા આવી ? યાવત્ પ્રાણનું પણ અપહરણ કર્યું ! અહીં આનું જાતિસ્મરણ જ્ઞાન નથી થયું, પરંતુ સોમાના જીવ પ્રત્યે એ સિફ્ત, એ પ્રપંચ-બુદ્ધિ અહિંયા ફરીથી જાગ્રત્ થઈ !

પાપની ભાવના કરી તો સંયોગો ઝટ મળે છે.-

રુદ્રદેવે સોમા ઉપર કરેલ દ્વેષ, કપટ, અને મારી નાખવા સુધીની વૃત્તિના મલિન સંસ્કારે એને પોપટના ભવમાં હાથીના વગર ગુન્હે હાથી પ્રત્યે દ્વેષ, કપટ અને ક્રૂર રીતે મરણાન્ત કષ્ટ આપવાની બુદ્ધિ તરફ પ્રેર્યો. હાથીને ઠગવાનો ઉપાય શોધી રહ્યો છે એટલામાં એક વિદ્યાધર કોઈ એક વિદ્યાધરી કન્યાને ઉપાડીને ત્યાં આવ્યો. કેમ જાણે પોપટને એના ભયંકર અકાર્ય કરવામાં અનુકૂળતા કરવા ન આવ્યો હોય !

પાપકાર્યની ભાવનાની કેવી ખૂબી છે કે એને સગવડ પહેલી મળી જાય છે ! તમે ધર્મકાર્ય કરવા ઊઠો તો સગવડ તો નહિ, પણ ઉલટું અનેક આડખીલીઓ ઊભી થશે; અનેક વિઘ્નો ખડા થશે. એ જાણે કહેશે, 'બેસો બેસો, હમણાં ધર્મકાર્યની ઉતાવળ નથી;' અને જો પાપ કરવા તૈયાર થાઓ તો સગવડ સામગ્રી તૈયાર છે ! આવી સ્થિતિમાં વિચારો કે પાપની વાસના જગાડ્યા પછી અર્થાત્ પાપકાર્ય કરવાની વૃત્તિ ઉઠાડ્યા પછી પાપકાર્ય કરવામાંથી બચવું કેટલું દુષ્કર છે ! સામગ્રી ન મળે તો તો બચાય; પણ અહીં તો ઝટ સામગ્રી મળે છે ! આજે

માણસના દિલમાં જરાક જો અનાચારની ભાવના ઊઠી, તો એને સફળ થવા માટે દુનિયામાં કેટકેટલી સુલભતા છે ! અનાચારની સામગ્રી, જેવી કે બિભત્સ શૃંગાર, બિભત્સ ચિત્રો, અશ્લીલ છાપાની વાર્તાઓ, કામ–ભૂખ્યા નરનારીઓ વગેરે સામે આવી અથડાય છે. રૂપના અનાચાર, સ્પર્શના અનાચાર, શ્રવણના અનાચાર,–એમ અનેક પ્રકારના અનાચાર છે. એનાથી બચાવ તો જ થઈ શકે કે જો ઘરમૂળમાં હૃદય પવિત્ર રાખીને દુષ્ટ ભાવનાની છાયાથી પણ દૂર રહો. આની સાથે એ પણ ચોકસ સમજી રાખવાનું છે કે હૃદય પવિત્ર તો રાખ્યું, છતાં 'ચાલો, આપણું હૃદય સાફ છે ને? સંયોગો શું કરનાર છે?' એમ કહી નરસા સંયોગોમાં ઊતરવાનું નથી. નરસા સંયોગો પવિત્ર પણ મનને મેલું બનાવી દે છે. આજે કેટલાય નીતિમાન દેશસેવકો હોદ્દો હાથમાં આવ્યા પછી અનીતિમાન બન્યા ને? મુંબઈ જેવી નગરીમાં આવી સારા પણ માણસ તેવા તેવા કુમિત્રાદિના યોગે દુરાચારી થાય છે ને?

પોપટને ફાવતું જડ્યું :—વાત એ ચાલે છે કે વિદ્યાધર–વિદ્યાધરી જંગલમાં આવ્યા. તેમાં વિદ્યાધરનું નામ હતું લીલારતિ. વિદ્યાધરીનું નામ હતું ચન્દ્રલેખા. એ હતી મૃગાંકસેન વિદ્યાધરની બહેન. તેને ઉઠાવીને અહિંયા એ લીલારતિ આવ્યો હતો. એણે આ પોપટને જોયો; અને એને કહ્યું કે "જો, પોપટ! મારું એક કામ કરવાનું છે. હું આ પર્વતની નીચે જે ઝાડી છે, ત્યાં છુપાઈ જાઉં છું. પાછળથી અહીં કોઈ એક વિદ્યાધર આવશે. તો એને તારે મારું અહીં આવ્યાનું કહેવું નહિ. પરંતુ એની મેળે એમ જ એ વિદ્યાધર અહિંથી

ચાલ્યો જાય કે તારે મને ખબર કરવી. પછી હું તારા ઉપર પણ એવો ઉપકાર કરીશ.” આમ કહીને એ વિદ્યાધર તો ગયો નીચે પર્વતની ખીણમાં.

હવે મૃગાંકસેન ત્યાં આવીને ચાલ્યો ગયો; અને હાથી હાથણી સાથે ફરતો ફરતો ત્યાં આવ્યો. એને સુખમસ્ત જોઇને અહિંયા પોપટ વિચારે છે કે “શું કરું ? હાં, આ સરસ મોકો છે....હાથીને બરાબર બતાવી આપું.” એમ વિચારી એણે એક યુક્તિ ઘડી કાઢી. જે ઝાડ ઉપર પોતાનો માળો છે ત્યાં નીચે હાથી આવ્યો એટલે પોપટ મેનાને કાનમાં કાંક સમજાવીને હાથીના સાંભળતાં મેનાને પ્રગટપણે મોંઢેથી કહેવા લાગ્યો કે,

‘જો સાંભળ, હું કાલે વસિષ્ઠ ઋષિના આશ્રમમાં ગયો હતો. ત્યાં મેં સાંભળ્યું કે ‘એક સર્વકામિત નામનું પતન છે. તેના પરથી જે ઇચ્છા કરીને કોઇપડે તો તેની તે ઇચ્છા પૂર્ણ થાય છે. ઇચ્છિત સ્થિતિ એ મેળવી શકે છે.”

ત્યારે મેં ઋષિને પૂછ્યું “ભગવન્, તે પતન કયાં આવ્યું ?

ત્યારે તેમણે કહ્યું કે “આ શાલવૃક્ષની ડાબી બાજુએ.”

પોપટ કેવી ગોઠવીને વાત કરે છે ! જાણે સ્વાભાવિક લાગે. ઠગારા માણસો એમજ ઠગબાજી ચલાવે છે. પોપટ હાથીના સાંભળતાં આગળ વધીને મેનાને કહે છે,

“ત્યારે સુંદરી ! આપણે આ ભૂંડા તિર્યંચના અવતારનું શું કામ છે ? ચાલને વિદ્યાધર થવાનું ધ્યાન કરીને ત્યાંથી પછી વિદ્યાધર-વિદ્યાધરી થઈ જઈએ ! તો પછી બસ ! મોજ, મોજ, ને મોજ !”

મેના જવાબ વાળે છે "હા, હા, બહુ સરસ ! તો તો આપણે ત્યાંથી પડીએ."

પત્ની પતિને પાપમાં સહાયક ?:—જુઓ આ પોપટને બાયડી પણ કેવી મલી ? રાગમાં તાલ પૂરે એવી ! સરખે સરખાની જોડી ! પોપટને પ્રપંચ કરવો છે, મેના એમાં ટેકો આપે છે, હવે પોપટ કયાંથી બચે ? જગતમાં આવી અંધ પ્રેમવાળી પત્નીઓનો પાર નથી. પતિને પાપમાં જ સહાયક ! કોક ભાગ્યવાનને પત્ની હિતનું કહેનારી મળે, ઉન્માર્ગથી પાછો વાળનારી મળે; પરાણે પણ સન્માર્ગમાં જોડનારી ટકાવનારી મળે ! સ્ત્રીજાતિને એવી પત્ની બનવા માટે કેવળ કામવાસનાના સંબંધ રાખ્યે નહિ ચાલે. ખરો સંબંધ તો એણે આત્માનો જોડવો જોઈશે. કદાચ અજ્ઞાનતા અને મોહવશ બની પતિ દુર્ગુણી થવા કે અકાર્ય કરવા તૈયાર થાય; ત્યાં આત્માની રાગી પત્નીએ પતિ ઉપર પોતાની લાગવગ, પોતાની શરમ, કે પોતાનો કડપ વાપરીને પતિને દુર્ગુણી બનતાં કે અકાર્ય કરતાં રોકી રાખવો જોઈએ; કહીજ દેવું જોઈએ કે 'આ નહિ બની શકે....' બાકી તો જેને આત્માના સંબંધ નથી એવી પત્નીઓ દાટ વાળે છે. પતિ માર્ગમાં રહેતો હોય, અકાર્ય તરફ ન જતો હોય તોય તેને અકાર્યમાં ધકેલનારી એ પત્નીઓ બને છે ! ત્યાં પછી પતિ પોતે જ બગડતો હોય એમાં ટાપસી પૂરે, ટેકો આપે, સહાયક થાય, એમાં શી નવાઈ ? આવી પત્નીઓ શું નરકની દીવીનું કામ નથી કરી રહી ?

માતાપિતા વગેરે કરતાં પત્ની કેમ વધુ અસરકારક ? :—ઘણે ઠેકાણે પિતા, માતા, ભાઈઓ, બેનો, પુત્રો

વગેરે અકાર્યમાં જેટલા સામેલ નહિ હોય એટલી સામેલ પત્ની બને છે, એ એક જગતની હકીકત છે. દુષ્કૃત્યોની બાનગી મંત્રણા વધારે પત્ની સાથે થાય છે. પતિ પત્ની આગળ પોતાનું હૃદય ખોલી દે છે, અને પત્ની એ ખુલ્લા બનેલા દુર્ગુણી હૃદયને સંમતિનું વહાલું આલિંગન આપે છે, ટેકો આપે છે ! ત્યારે પૂછો,

પ્ર૦—માતાપિતા વગેરે દુર્ગુણો અને અકાર્યમાં એટલો ટેકો કરનારા નહિ, અને પત્ની ટેકો કરનારી બની, એનું શું કારણ ?

ઉ૦—આનો ઉત્તર સરળ છે; પત્નીને કામવાસનાનો સંબંધ છે. અને તે સંબંધની અસર આ જગત ઉપર અજબ ગજબની છે ! માટેજ જે આત્માને કામવાસનાના સંબંધની તેવી અસર નથી એને ધન્ય છે ! અને જેને મુદ્દામ કામવાસનાના સંબંધ જ નથી તેને મહા ધન્ય છે ! કામના સંબંધની ભયંકરતા અવર્ણનીય છે. માણસ જે એકલાપણાનું સ્વાતંત્ર્ય મૂકી પરતંત્ર બને છે, અને આખા સંસારનું પાપ વહોરવા તૈયાર થાય છે તે એની જ પાછળ ને ? ચોવીસેય કલાક પરમાત્માને મૂકી પાપનાં જીવન ઉપાડાય છે તે એનાજ પાયા ઉપર ને ? ઉચ્ચતાની પરાકાષ્ઠાને પમાડી શકનારા ભવ્ય માનવ ભવને બરબાદ કરાય છે તે એનાજ બંધનમાં ને ? એની પાછળ દુનિયામાં શી શી સ્વાર્થ લીલાઓ અને શા શા અનર્થો નથી મચતા ? મંદોદરી જેવી સતી ગણાતી પત્નીએ પણ એ સંબંધથી જેની સાથે સંકળાયેલી છે એવા પોતાના પતિ રાવણને વશ થવા માટે મહાસતી સીતાને વિનવણી કરી ! વાસનાના સંબંધ કેવાં દુષ્ટ !

આજના અનર્થનું મૂળ:–પાછા બાળપણથી માતા-પિતાના પવિત્ર સંબંધના મહિમા ભણાવાતા નથી; ભાઈભાંડુના નિઃસ્વાર્થ સંબંધના મહાગુણો શિખવાડવામાં આવતા નથી; તેથી માણસને કામપાત્રના સંબંધ મળત માણુસાઈ મરી પરવારે છે! આત્માનો એકદમ પલટો થઈ જાય છે. કેવો? બાર મહિના બે વર્ષમાં નવી પત્નીને લઈને માતપિતાથી ને ભાઈઓથી જુદો થાય એવો! ત્યારે, જ્યારે ઉચ્ચ આર્ય સંસ્કૃતિ,–એટલે કે કામવાસનાના સંબંધની છાતી ઉપર પગ મૂકીને ઊભેલી માતાપિતાના અને ભાઈભાંડુના સંબંધોની સંસ્કૃતિ,–જીવંત હતી ત્યારે જુઓ કે સીતાના સામું જોયા વિના રામચંદ્રજીએ પિતાના વચન ખાતર રાજ્યાભિષેક મૂકી વનવાસ સ્વીકારી લીધો! એથી જ સતીઓ સાસુ–સસરાની અદબ જાળવીને પતિની ઉદ્ધતાઈ કે પતિના ઉન્માર્ગને ટેકો નથી આપતી. પણ આજે આ બધું કેટલું જોવા મળે? કેમ નહિ?

કહો, આજની કેળવણીમાં માતાપિતાના અને ભાઈભાંડુના સંબંધોનો મહિમા અને વાસનાના સંબંધોની ભયંકરતા શિખવવામાંજ નથી આવતી. પછી અનર્થોના ઢેર ઘેર ઘેર જોવા મળે એમાં શી નવાઈ? પતિ ઘોર અનીતિ અન્યાય કરીને હજારો લાખો રૂપિયા કમાઇ લાવે, અને એમાંથી પત્નીને હીરાના હાર અને બ્રાન્ડ ન્યુ મોટર મળતી હોય, પછી એને બીજું શું જોઈએ છે? શા માટે એ પતિનું કાંડું પકડે કે "ઊભા રહો, આ પૈસા કેવી રીતે લાવ્યા? અસત્ય–અનીતિથી? મને એની રાતી પાઈ નહિ ખપે. શું કર્યું તમે આ ઉત્તમ માનવના ખોળિયે? પરલોકના પુણ્યને બદલે પૈસા વહાલા કર્યા? પૈસા

તો આજકાલમાં ઊડી જશે, પણ સત્ય અને નીતિ ગુમાવી, પરલોકનું પુણ્ય ન ઉપાર્જ્યું, અને જૂઠ અનીતિ સેવી ભયંકર પાપ ઉપાર્જ્યાં, તેથી નરકાદિની ભીષણ અગ્નિ-ભઠ્ઠીઓમાં તમારા ડૂચા નીકળી જશે ! તે વખતે અમે ય બચાવવા નહિ આવી શકીએ. પરલોક મોટો છે, એની કાળજી રાખી ધર્મ પહેલો સાચવો, ઊંચા ખાનદાન કુળના ગૌરવ સમજી સ્નેહ-સલાહ-સંપ-વિનય-મર્યાદા વગેરે પહેલાં પાળો....” આવું આવું કહેનાર પત્નીઓ આજે કેટલી મળે ? આજ તો આગળ વધેલો યુગ ને ? શામાં આગળ વધેલો ? બોલવા જેવું નથી. પોપટને મેના એવી જ મળી !

હાથી લોભમાં દોડ્યો:—વિચારણા કરી બન્ને મેના પોપટ ઊડ્યાં. આ બાજુ આ બન્નેનો વાર્તાલાપ સાંભળી હાથીને પણ લાલચ લાગી ! જો આ પોપટ કહે છે તેમ વાત સાચી હોય તો આપણે પણ આ હાથીના અવતારમાં શા માટે પડ્યા રહેવું ? ચાલો આપણે પણ જઈએ !....’ પેલો લુચ્ચો પોપટ પણ હાથીને ખેંચી જવો છે માટે ધીરેધીરે ઊડે છે. હાથી પોપટની પાછળ પાછળ દોડવા લાગ્યો. પોપટનું કેવું કારસ્તાન ! હાથીની કેવી લોભ દશા !

લોભ એ જીવની ભયંકર નબળી કડી છે:-લોભ-દશા મહાભુંડી છે. હાથીની સમૃદ્ધિ આગળ પોપટ રંક છે, પરંતુ હાથી લોભી બન્યો છે, તેથી રંકની પાછળ ઘસડાય છે. કહેવત છે ને કે ‘લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે.’ ધુતારા પોપટની જાળમાં લોભી હાથી ફસાય છે. કોણ બળવાન ને કોણ નિર્બળ ? પોપટ કે હાથી ? કહો, લોભ બળવાન અને જીવ રાંકડો.

લોભ એ જીવની નબળી કડી છે. એનો લાભ ધુતારા ઉઠાવે છે. એથીજ આજે પ્રજાના મહાવિશ્વાસના હોદ્દે બેઠેલા કેટલાક અમલદારને લાંચ આપનારાઓ કર્તવ્યથી ભ્રષ્ટ કરી શકે છે, અનીતિખોર બનાવે છે, એવું સાંભળીએ છીએ. જો એ અમલદારોમાં લોભની નબળી કડી ન હોય તો લાંચ દેખાડનારા શું લોભાવી શકવાના હતા ? માણસે ગુણસંપન્ન બનવું હોય, પ્રામાણિક રહેવું હોય, કર્તવ્યનિષ્ઠ રહેવું હોય તો આ નબળી કડીને દૂર કરવી જોઇએ. જીવન-નિર્વાહની ખાસ જરૂરિયાત-પુરતો લોભ રહે એ જુદી વસ્તુ છે. પરંતુ એથી વધારાનો લોભ થાય છે ત્યારે ફસામણી ઊભી થાય છે; તે ફસામણી કાં પાપની કે કાં દુઃખની. લોભિયો કોણિક પિતા શ્રેણિકને કેદમાં પૂરવાના પાપમાં ફસાયો. લોભિયો સુભૂમ-ચક્રવર્તી સાતમી નરકના ઘોર ત્રાસમાં ફસાયો. અહીં હાથી પોપટની પાછળ મરવા જઈ રહ્યો છે. ઇચ્છા છે મરવાની ? ના, ઇચ્છા તો બીજી છે, પણ એ ખોટી લોભદશા છે, તેથી અનિચ્છાએ કમોતે મરવું પડવાનું છે. માટે જ જીવને અને કુટુંબને સમજાવો કે દુઃખ અને પાપથી બચવું હોય તો લોભ પર અંકુશ મૂકો. લોભને આવતાંવેંત ઓળખી લો કે એ દુઃખ અને પાપનો દૂત આવ્યો. નિર્લોભીને જુઓ કે એ કેવો સુખી અને ભાવી પુણ્યની મૂડીવાળો છે! અસ્તુ. પોપટ-મેનાના સર્વકામિત પતન પાસે આવે છે, હાથી પણ આવે છે.

પોપટમેનાનું પતન : પોપટ અને મેના યોજના મુજબ પર્વતની કિનાર તરફ ઊડ્યા. હાથી પણ લોભમાં ઘસડાતો આવ્યો. પેલા બેઉએ કિનારે આવી સંકલ્પ જાહેર

કર્યો કે 'જો આ 'સર્વકામિત' પતનનો પ્રભાવ હોય તો અમે અહીંથી પડીને સારા વિદ્યાધર-વિદ્યાધરી થઈએ.' એમ બોલીને એ તો પડ્યા નીચે ખીણમાં ! પણ એમને પડવાનું શું ? પાંખો છે, તેથી નીચા ઊડ્યા. ઊડીને નીચેની ઝાડીમાં ઘુસ્યા. કયાં ? ન્યાં પેલો વિદ્યાધર બીજાની બેનને ઉપાડી લાવીને છૂપાઈ રહ્યો છે. પોપટ સાથેના સંકેત મુજબ એ તો પોપટની રાહ જોઈને જ બેઠા છે. ત્યાં પોપટને જોઈને હરખિત થઇ ગયા ! થાય જ ને ? મનગમતી વાત કરી લાવનારને જોઈને હરખનું પૂછવું જ શું ? એમાં પોપટે ન્યાં સમાચાર આપ્યા કે 'બેનનો ભાઈ વિદ્યાધર તો આવીને ગયો.' ત્યાં તો આ બે બેચર બેચરીને ખુશી ખુશી ! કેમ ? હવે નિરાંતે રંગરાગની મોજ ઉડાવાશે માટે ! તેમ પોપટ પણ રાજી છે ! કેમ ? હાથીનો કચ્ચરઘાણ કઢાશે માટે.

માનવતાની ઉજાગરણ : ઔચિત્ય-ન્યાયનં તિ-નિઃસ્વાર્થ પરોપકારમાં—જીવને રંગરાગનો,લક્ષ્મીનો અને માનપાનનો જેટલો શોખ છે, એટલો ઔચિત્યનો, ન્યાયનીતિનો અને નિઃસ્વાર્થ પરોપકારનો રસ નથી, એ એક મહાન કમનસીબી ગણાય. જડ પદાર્થોની સગવડ અને શોભા વધારવાનું જે રુચે છે તેવું આત્માની સલામતી અને આત્મગુણો વિકસાવવાનું નથી રુચતું એ હીનભાગી દશા છે. રસ-ઋદ્ધિ-શાતાની જે ભૂખ અને ભારે કાળજી રહ્યા કરે છે તે આત્માની ઉજ્જવલતાની નહિ। જીવની કેટકેટલી કમનશીબ દશા !! નહિતર એ શું સમજી શકે નહિ કે "રસ-ઋદ્ધિ-શાતાના શા બહુ મૂલ્ય આંકવા ? એના વ્યસન તો સૌ જીવને છે.

એનો રસ તો સૂક્ષ્મ કીડાને ય હોય છે. તું મોટો બુદ્ધિમાન માનવ થવા છતાં પણ એમાં જ અટવાઈ રહે, એમાં શી તારી વડાઈ છે? વડાઇ તો તારી ઔચિત્ય, ન્યાયનીતિ અને નિઃસ્વાર્થ પરોપકારમાં ગણાય. માનવતાની ઉજળામણ આમાં છે." પણ વાસનાના હલકટ અને કંગાળ ગુલામી માનસમાં આ ક્યાંથી ઊતરે?

(૧) **ઔચિત્યઃ**—પણ મનને સમજાવી દો કે 'બોલચાલ, વાતવ્યવહાર વગેરે બધે જ ઉચિત રીતે યોગ્ય રીતે વર્તવાનું શીખશો તો લોકમાં ય ઊજળા દેખાશો અને અંતરથી ય ઊજળા બની શકશો. અનુચિત રીતે વર્તવામાં તો લોકોય પાછળથી નિંદા કરે છે, વિરોધી બને છે અને અંતરાત્મા નિર્વિવેકી બને છે.

(૨) **ન્યાયનીતિઃ**—ત્યારે ન્યાયનીતિને બદલે અન્યાય-અનીતિના હિસાબે લોકના વિશ્વાસ ઊઠી જાય છે અને પોતાનું હૃદય કાળું મલીન થાય એ જુદું! પૈસા તો કેટલીય વાર જે અન્યાયના હોય છે તે જાણે બીજા માર્ગે પાંખ કરીને ઊડી જાય છે! બાયડી માંદી પડી, છોકરો માંદો પડ્યો, ચોર મળ્યા, કયાંક આપણે જ ગુમાવી આવ્યા,....આવું આવું બને એ શું છે? બહુ વહાલા કરેલા નાણાંને ઊડી જવા માટેની પાંખો. એટલે પૈસા તો આજ છે ને કાલે નથી. એ ઊડી જશે ચાલ્યા જશે, પણ અનીતિના ઘોર પાપના ગંજ આત્માને માથે રહી જશે! અરે! અનીતિનું તો ખાતાં પણ હૃદય ધ્રૂજવું જોઈએ; શરમાવું જોઈએ. કહો તો ખરા કે ચોર બાતર પાડી કે લૂંટ કરી માલ ઉપાડી જઈ પછી મોટા પાટલે ચઢી

જમવા બેસે એ તમને કેવો લાગે? બૂરો ને? ત્યારે એ તો બૂરો લાગે છે, પણ અહીં જાત બૂરી નથી લાગતી! પેલાએ લૂંટ તો સામે રહીને દેખાઈને ચલાવી, પણ અહીં તમે અનીતિ કરી તે તો સામાને વિશ્વાસમાં રાખીને કરી! કેવી કમનસીબી! વધારે શું બરાબ? એકલું પડાવવાનું? કે વિશ્વાસઘાત સાથે પડાવવાનું? અહીં જોજો, પોપટ હાથીનો વિશ્વાસઘાત કરી કેવા પ્રાણ હરે છે! પણ એટલું ધ્યાન રાખો કે તિર્યંચના અવતારમાં પાપ કરે એ તો ભૂતકાળની ભૂલ નીચે દબાયા કરે છે. પરંતુ અહીં માનવના અવતારમાં કરાય એ તો નવેસરથી એક વિશેષ ભૂત્ર આદરવા જેવું છે. એના પ્રત્યાઘાતો ભયંકર પડશે! જાણે એ ભૂલ પછીથી ફાલવા-ફૂલવા માટે કર્મ કેઈ હલકા દુર્ગતિન. ભવ આપશે.

(૩) પરોપકાર : **અણજ અને અણવું એટલે?** : માટે જ અહી તો જૂની ભૂલો સુધારો, નવી ન આદરો. જીવન એથી ઉમદા બનશે, નવી પ્રજાને પણ બોધપાઠ મળશે. જેવું ઔચિત્ય, જેવી ન્યાયનીતિ, એવોજ નિઃસ્વાર્થ પરોપકાર જરૂરી છે. એ કર્યાથી સામાના દિલને મહાન શાતા મળે છે, અને આપણા દિલને હોંશ રહે છે કે 'હાશ! ચાલો પાપ કરી લાવેલી લક્ષ્મી કંઈક સારા કામમાં કામ લાગી! શું?' પાપનો ભાર ઊતર્યાની હાશ! સ્વાર્થની રમતના અંધકારભર્યા જીવનમાં પરમાર્થનો કંઈક પ્રકાશ લાધ્યો! પોપટ બિચારો અજ્ઞાન તિર્યંચ જીવ! શું આવડે એને? એને તો ઉપકાર નહિ પણ અપકાર કરી ખુશી થવું છે! એ અપકારથી શું પોતાનું પેટ ભરાશે? પટારો ભરાશે? ના, ગમે તેમ પણ

એક ખણજ ઉપડી તે ખણવું જ જોઈએ. એથી ખણજ વધે કે ઘટે? વારંવાર માયા કરવાથી માયાની ચળ વધે છે, ત્યારે હોંશથી પરોપકાર કરવાથી પરોપકારની ખણજ વધે છે. પણ તે તો સારી છે, ઇચ્છવાજોગ છે. જ્યારે, અપકારની કાર્યવાહી કર્યે જવાથી એની ખોટી ચળ વધે છે, તે મહાભયંકર નીવડે છે. સોમાના પતિ રુદ્રદેવને અપકારની એ ચળ ઉપડી છે; તે કેટલાય ભવ ચાલશે! એથી લાભમાં શું? ઘોર નરકના ત્રાસ!! અને પછી પાછી વારેવારે વિશ્વાસઘાતી અપકારની લીલા કરી ભવચક્રમાં નિરાધાર, દુઃખી અને દુર્દશાભર્યા પરિભ્રમણ!

હાથી પડે છે:—અવધિજ્ઞાની અમરગુપ્ત આચાર્ય ભગવાન પોતાનો અધિકાર કહેતાં આગળ કહે છે કે "પોપટ મેના તો ત્યાં છૂપાઈ રહ્યા; અને વિદ્યાધર-વિદ્યાધરી બહાર ઊંચે નીકળી આવ્યા. એમને જોઈ હું હાથી તરીકે ઉપર કિનારે ઊભેલો ચકિત થઈ ગયો! 'અહો! કેવો પ્રભાવ આ પતનનો! કે આ પોપટ-મેના સંકલ્પ કરીને પડવા દ્વારા વિદ્યાધર વિદ્યાધરી બની ગયા! મનને સજ્જડ વિશ્વાસ બેસી ગયો. મનને થયું કે "લાવને ત્યારે, અમારે પણ આવા હલકા તિર્યંચના અવતાર રાખીને શું કામ છે? ચાલો અમે પણ દેવદેવી બનવાના સંકલ્પ કરીને પડી ફક્કડ દેવદેવી બની જઈએ." હાથી કેવો ભૂલો પડ્યો! કેવો મૂર્ખ બન્યો! એટલું ય એ વિચારતો નથી કે 'આ તે સાચેસાચ એમજ બન્યું કે કોઈ માંહી ભેદ છે?' વિચાર કરવા થોભે તો તો કદાચ પોપટ વાર થયા પછી બહાર ઊડી આવતાં ભરમ ખૂલી પણ જાય. તો પાપનો પરપોટો ફૂટી જાય! પણ અહીં તો લોભના ઘેનમાં

વિચાર કરવો જ કોને છે ? કેમ એમ ? કહોને કે પોતાનું માનેલું પ્રત્યક્ષ પ્રમાણ મળ્યું. જીવને સ્વાર્થની લાલચ લાગી કે પછી ફસાયો સમજો. ખોટું પણ સાચું માનશે.

આ પ્રમાણ છે કે ભ્રમણા ?:—આપણે તો આ પહેલેથી સાંભળતા આવ્યા એટલે જાણીએ છીએ કે 'પોપટની આ ગેડ હતી; પ્રપંચલીલા હતી. બાકી પોપટ જુદો છે અને વિદ્યાધર જુદો છે.' પરંતુ અજ્ઞાન હાથીને પહેલેથી વિદ્યાધર છૂપાયાની ખબર જ નથી; સમજે છે કે 'આ તો મેં મારી સગી આંખે પ્રત્યક્ષ જોયું કે પોપટ વિદ્યાધર બની ગયો.' કયાં જોયું ભાઇ ? સામે પોપટ ઊભેલો જોયો હોત, અને ત્યાંજ એ તરત પોપટ મટી વિદ્યાધરના રૂપમાં દેખાયો હોત તો તો જોયું કહેવાત. પણ ત્યાંય વહેમ પડે કે કોને ખબર વિદ્યાધરે વિદ્યાના બલે પોપટને અદૃશ્ય કર્યો હોય અને પોતે પ્રગટ થયો હોય તો ? ત્યારે અહીં તો એવું ય સાક્ષાત્ તો જોયું નથી ને ? છતાં એ સાચું માની લે છે.

આત્માનું પ્રમાણ :—નાસ્તિકો આમ જ 'શરીરમાં જુદું આત્મદ્રવ્ય નથી,' એવી ભ્રમણામાં પડે છે. એ કહે છે "અમે પ્રત્યક્ષ જોઇએ છીએ ને કે પ્રત્યક્ષમાં એકલું શરીર દેખાય છે. મરતાં ય શરીરમાંથી કોઈ બહાર નીકળતું હોય એવું દેખાતું નથી. પછી આત્મા જેવી ચીજ શી ?" પણ જ્ઞાનીની દૃષ્ટિએ આ ભ્રમ છે. પ્રત્યક્ષ પ્રમાણ નથી. દેખીતું પ્રત્યક્ષ ખોટું છે. કેમકે જ્ઞાની પોતે જ્ઞાનચક્ષુથી સ્પષ્ટ જુએ છે કે પહેલો પરભવથી આવીને આત્માએજ આહાર લઈલઈને આ શરીર બનાવ્યું હતું; પછી આજ શરીરમાં એ દૂધપાણીની

જેમ એકરૂપ થઈને રહે છે. પણ એ જુદી વ્યક્તિ છે તોજ જડમાં કયાંય નહિ દેખાતા એવા ગુણો–જ્ઞાન, ઈચ્છા, રાગાદિ લાગણીઓ, સુખદુઃખ વગેરે–આ શરીરમાં દેખાય છે. તો જેમ ભસ્મમાં જો બિનાશ અને ઠંડક દેખાય તો તે ભસ્મની નહિ પણ એમાં ભળેલા પાણીની સમજવાની; તેવી રીતે જીવંત શરીરમાં જ જણાતા જ્ઞાન–ઈચ્છા–સુખ–દુઃખ વગેરે શરીરના પોતાના ધર્મ નથી પણ એમાં ભળેલા આત્મદ્રવ્યના ગુણો છે. ભસ્મમાંથી પાણી સુકાઈ ગયા પછી ભીનાશ ઠંડક નથી દેખાતા. તેમ મરેલા શરીરમાંથી જીવ ચાલી ગયા પછી જ્ઞાન વગેરે નથી દેખાતા. ત્યારે ભસ્મમાંથી પાણી જેમ અદૃશ્યપણે વરાળ થઈ ચાલી જાય છે, એમ શરીરમાંથી જીવ પણ મરણ વખતે અદૃશ્યપણે જ ચાલી જાય છે. તે કેવી રીતે દેખી શકાય ? માટે કહેવાતા પ્રત્યક્ષ પ્રમાણ ખોટા ઠરે છે.

પોપટ કરતાં હાથીનો વધુ લોભ :—હાથી ખોટા પ્રત્યક્ષમાં ભૂલો પડ્યો. અજ્ઞાનથી ભૂલો પડ્યો તો પડ્યો, પણ પાછો વધુ લોભમાં ચઢ્યો. પોપટે તો સંકલ્પ વિદ્યાધર મનુષ્યનો જાહેર કર્યો હતો, પણ આને તો એવા મનુષ્યની ઉપરના દેવ થવાનો મનસુબો થયો ! નથી એને સંતોષ ! નથી એને સમજ ! એને હવે તો એકજ વાત છે, જલદી દેવ બનીએ. કાંઈ વિચારવા થોભવું છે ? "ના બસ ! હવે તો જલદીથી નીચે પડો, અને પછી ? પછી શું મોતને બોલાવો વહેલું ! કેમ ? જલદી દેવપણું મળે !" મળી જશે ને ?

અજ્ઞાનતા અને લોભ માણસને પૂર્ણ વિચારવા દેતા નથી; અને ભયંકર સાહસમાં ઉતારે છે. આ, તમે પણ એટલાજ

કારણે સાહસ કરીને ઘોર સંસારમાં ફસી રહ્યા છો ને ? એ વિચારવું જોઇએ કે અજ્ઞાન તિર્યંચ પશુના જીવનના બધાયે દિવસો પાપમાં ચાલ્યા જાય છે, તો અહિંયા માનવ જીવનમાં એટલું તો જરૂર કરવું જોઇએ કે 'છેવટે એક સપ્તાહમાંથી માત્ર એકેક દિવસ પણ અમે અખંડ ધર્મસાધના કરશું.' બાકી ધર્મસાધના વિના સંસારનો અંત એમજ સંસાર ચલાવ્યે જતાં આવી જાય એમ સમજશો મા. સારોય દિવસ, સારોય માસ અને વર્ષ સંસારની જંજાળમાં અખંડ પડ્યા રહેવાથી તમારો બચાવ કોઈ નહિ સાંભળે ! જીવનમાં કંઈક કમાઈ કરી લેવી હોય આત્મહિતની, તો પાપસમયમાંથી ધર્મનો સમય કાઢી લેવો જોઇએ. લોભ અને અજ્ઞાનતા ઓછા કરી સંતોષ અને સમજ લાવવી જોઇએ. તોજ જીવનમાં જે બિનજરૂરી જ છે, એ અન્યાય, અયોગ્ય વર્તાવ, સ્વાર્થાંધતા ઈર્ષ્યા વગેરે પાપોથી બચી શકાશે.

હાથી મરે છે :—હાથીને મન હવે વિચારવા બેસવાનો કોઈ અવકાશ જ નહોતો. પાપી પોપટથી ભરમાયો. એ બિચારો સંકલ્પ કરીને પર્વતના ઊંચા શિખર પરથી પડતું મૂકી કાળી ઘોર ભયંકર ખીણમાં ગબડી પડ્યો ! વિચારો કે હાથી જેવું પ્રાણી પડે એટલે શું ? જાણે મોટી ડુંગરી પડી ! પડતાંની સાથે પર્વતની શિલાઓમાં ભટકાઈને દંતુશળનાં ચૂરેચૂરા થઇ ગયા ! હાડકાં ભાંગીને જાણે ભૂકા થઇ ગયાં ! પગ ભાંગી ગયા ! સૂંઢ છુંદાઈ ગઈ ! પોપટે જોયું કે હાથી પડ્યો—કે તુરતજ તે તો મોના સાથે બહાર નીકળી ગયો ! પણ હાથીને એના તરફ જોવાની હવે નજર ક્યાં રહી છે ?

અવધિજ્ઞાની મહર્ષિ પોતાની જ સ્થિતિ બતાવી રહ્યા છે; કે હાથીના ભવે મને ધર્મની કંઈ સમજ નહોતી. માત્ર પીડાની રીબામણથી અકામ નિર્જરા કરતો મર્યો. હૃદયની કોમળતાને લીધે એમાં પોપટ પર ગુસ્સો કે તેવું કાંઈ રૌદ્રધ્યાન ન થયું તે અહો ભાગ્ય ! નહિતર મરીને જાત નરકમાં ! ત્યારે એવું ખરાબ આર્તધ્યાન પણ ન કર્યું. તેથી તિર્યંચગતિ પણ બંધ. હૈયાની કોમળતા એ પોતાને મહાન આશીર્વાદરૂપ છે. અહીં કહી શકાય કે હાથીની આ કોમળતા કે જેણે તીવ્ર આર્તરૌદ્રધ્યાનથી બચાવી લીધા, એ સોમાના ભવની ધર્મસાધનાને આભારી હોય.

૪ : દેવ-નારક

જીવનમાં બે પ્રકારની ધારાઓ કામ કરી રહી છે; એક પાપની ધારા, એક ધર્મની. હવે અહિં પ્રશ્ન થાય કે,

પ્ર૦–ધર્મની ધારા શરૂ કરી પરંતુ કોઇ પાપથી પછીનું જીવન દુર્ગતિનું મળી ગયું, તો શું શરૂ કરેલી ધર્મની ધારા ફોગટ ગઈ ?

ઉ૦:–ના, એ પછીથી કામ લાગવાની છે. હાથી મરીને દેવ થાય છે, એમાં એજ વાત આપણને જાણવા મલે છે. સોમાના ભવનો ધર્મ કામ લાગ્યો. માટેજ ધર્મ ખૂબ કરો. કરેલો ધર્મ બધો જ લેખે લાગવાનો છે; એ ઉપદેશ છે. હાથી મર્યો ખરો, પણ પોપટ પર જરાયે રોષ ન કર્યો. જો એ કર્યો હોત તો ? જાત મરીને નરકમાં ! કેમ શું કરી નાખ્યું કે નરકમાં જવાનું ? એ જ, કે સુખનો લાભ મળો કે નહિ, બીજાની હિંસા કરવાના એક ધારાએ વિચાર, મહાજૂઠના

એકાગ્ર ચિંતન, ચોરીનાં ચિકણાં ધ્યાન,.....વગેરે રૌદ્રધ્યાન છે. એમાં જો આયુષ્ય બંધાઈ જાય તો નરકનું જ ! હાથી અકામનિર્જરા કરીને મર્યો અને કુસુમશેખર નામના વ્યંતર નગરમાં વ્યંતરદેવ થયો ! દેવપણામાં વિશાળ ભોગવિલાસમાં આનંદમસ્ત રહે છે. જ્યારે પોપટ કયાં ગયો ? એ મરીને ગયો પહેલી નરકમાં લોહિતામુખ નામના નરકસ્થાનમાં ! બંનેનું આયુષ્ય પલ્યોપમથી કંઈક ઓછું છે. વિચારો કે થોડીક ઠગાઈ કરી પોપટે, તો નરકનું પરિણામ ! અને હાથીએ મનને એવું બગડવા ન દીધું તેમાં દેવલોકનું પરિણામ ! "હાથે કરીને પોતાનું જ ગણાતું મન બગાડો તો માર ખાઓ ભારે ! ન બગાડો તો ઈનામ લો મોટું !" એમ જાણે કર્મ કહે છે.

૫ : ચક્રદેવ–યજ્ઞદેવ

પાંચમે ભવે ચક્રદેવઃ–બને મરીને આવ્યા મનુષ્યલોકમાં. અવધિજ્ઞાની કહે છે કે "મહાવિદેહમાં બીજી વિજયમાં ચક્રવાલપુર નામના નગરે અપ્રતિહતચક્ર સાર્થવાહની સુમંગલા નામની ભાર્યાની કુક્ષીએ હું હાથીનો જીવ ચક્રદેવ તરીકે જન્મ્યો. આ પાંચમો ભવ છે. ઘર સંપત્તિવાળું છે. પરંતુ દ્રોહી પોપટનો જીવ એજ નગરમાં રાજપુરોહિત સોમશર્મા બ્રાહ્મણની નંદીવર્ધના સ્ત્રીના પુત્ર યજ્ઞદેવ તરીકે જન્મ્યો. અમારા બંનેના જીવનનો વિકાસ થતો ચાલ્યો. કુમારભાવ પામ્યા. તેમાં કર્મસંયોગે મારી અને ચક્રદેવની વચ્ચે પ્રીતિ જોડાઈ. પરંતુ મારી પ્રીત સદ્‌ભાવ–સરળભાવથી હતી; ત્યારે પૂર્વજીવનમાં અભ્યાસ કરેલા કર્મદોષના પરિણામે યજ્ઞદેવની પ્રીતિ પોકળ હતી, કપટભરી હતી ! પોકળ તો શું પણ જોખમી

પ્રીતિ હતી ! તેથી સરળ એવા મારા પ્રત્યે એ માયાવી બની મારી સંપત્તિ પર ઈર્ષ્યા કરી ઠગવા માટે છિદ્ર શોધતો હતો. એ પ્રીતિમાં જોતો હતો કે "ચક્રદેવમાં કંઈ ખામી દેખાય છે ? બસ, જો એકાદ ખામી હાથ આવી જાય તો દાવ ખેલી લઉં !" અલ્યા ! પણ કેમ એટલું બધું ? તારૂં એણે કંઈ બગાડ્યું છે ? "ના, મારૂં કંઈ બગાડ્યું તો નથી. પરંતુ મને એ ગમતો જ નથી. બસ, તો એનું નુકશાન કરવું !" કેવું અધમ માનસ ! કેવી બતરનાક માયા અને કેવી ભયાનક એની ચાલું વિચારધારા ! કેમ આમ ?

કસોટીવળી ધર્મભાવનાનો દુકાળ : પાપના અને ધર્મના વિચાર:–હાથીને પોતે પૂર્વભવમાં મારવા પૂર્વે પોતાના મનમાં કેટલી બૂરી ભાવના એણે ભાવી હતી ! "આમ કરૂં કે તેમ કરૂં...." તો એ બૂરી વિચારણામાં નરકનાં અસંખ્ય વર્ષોની અશાતાનું પાપ બાંધ્યું ! એના પરિણામે નરકમાં પરમાધામીઓના હાથે કેટલીયે વાર ઘાત ! કાપ ! માર ! એથી મૃત્યુ થાય તો સારૂં. પણ અહીં ન થાય; અને મૃત્યુ જેવી કારમી પીડાઓ બરી ! કેટલી વાર ? હિસાબ નહિ ! કુવિચારોનું આ ફળ ! વિચારો જો સારા, તો પુણ્યનો બંધ. વિચારો જો પાપના તો પાપનો બંધ. તો હવે માપ કાઢો તમે એક દિવસમાં કેટલીવાર ધર્મના વિચારો કરો છો ? અને કેટલીવાર પાપના વિચાર ? 'હું બીજાને દબાવું', એ વિચાર પાપના ઘરનો, 'હું મારી પાપવૃત્તિઓને દબાવું, એ ધર્મનો વિચાર. 'હું ખાઉં !'–એ પાપનો વિચાર. "હું તપ કરૂં"–એ ધર્મનો વિચાર. 'હું બજારમાં જાઉં'. એ પાપનો વિચાર

'હું મંદિર-ઉપાશ્રયમાં જાઉં' એ ધર્મનો વિચાર. પરંતુ શું થાય? જુલમ તે એટલો બધો કે ધર્મના સ્થાનમાંયે પાપના વિચાર કરવાની છૂટ છે! અને પાપના સ્થાનોમાં ધર્મના વિચારની છાયા સરખી નહિ! એમ ને એમેય નથી થતું કે 'સામે લાખોની લાલચ હોય છતાં જૂઠ ન બોલું, અનીતિ ન કરું. અથવા પૈસા લડી લડી હૈયાં કાળાં કરીને નથી જોઈતા. તુચ્છ લક્ષ્મી ખાતર સગા બાપ કે ભાઈ સાથે ન ઝઘડું...' કસોટીવાળી ધર્મભાવનાઓનો દુકાળ પડવા માંડ્યો! યજ્ઞદેવની પ્રીતિ ઠગાઈભરી છે. જ્યારે ચક્રદેવ સરળ ભાવે પ્રેમ રાખે છે. હજુ બંને ઠગ હોય તો તો એક બીજાને પોત પોતાની ચાલાકી બતાવે. પરંતુ એક સરળ હોય એટલે બીજાને ઠગ-વિદ્યા અજમાવવાનો રસ્તો મળી જાય છે. ત્યારે પૂછો,

પ્ર૦-શું સરળનો જ મરો?

ઉ૦-ના, માત્ર પોતાના પાપના ઉદય હોય ત્યાં સુધી જ સહવું પડે. પણ અંતે તો સરળતાનો જય છે.

"બસ બસ, હું એ ચક્રદેવની શ્રીમંતાઈ સહન નહિ કરી શકું...."-યજ્ઞદેવ ધુંધવાઈ રહ્યો છે; પરંતુ ચક્રદેવના નિર્મળ જીવનમાં એને એકેય ખામી મળતી નથી! છતાં રાત દિ' વલોપાત એનો એજ છે. કેવી કરુણ દશા! પેલો જીવન એવું પવિત્ર જીવે છે કે એક ખામી ન મળે. કેવળ શ્વાસ લેવા ને મૂકવા, પેટ ભરવું કે ભટકવું, અહીં તહીં આંટાફેરા લગાવી રોટલા ઊભા કરવા, ને પોટલા ભરવા, તેનું નામ જીવન નથી. જીવન એ ચીજ છે કે જ્યાં ગુણસંપન્નતા હોય! દુર્જન ગમે તેટલાં ફાંફાં મારે પણ એને એક દોષ પણ જોવા મળે

નહિ ! તો જ મનુષ્ય બીજા જીવોથી શ્રેષ્ઠ ગણાય. ચક્રદેવ ગુણિયલ હતો, તેથી કાંઈ દોષ જોવા ન મળ્યો. પણ સરળ અને સીધો હતો, તેનો લાભ ઉઠાવી યજ્ઞદેવે તેને ફસાવવા એક પાસો ફેંકવાનું વિચાર્યું.

દ્રોહી યજ્ઞદેવનો પાસો:—એજ નગરમાં એક ચંદન નામનો મોટો શ્રેષ્ઠી હતો. યજ્ઞદેવે વિચારી લીધું કે "એના ઘેરથી માલ ઉઠાવું અને એ માલ જઈને બાનગી તરીકે આપું ચક્રદેવને ! પછી હું ગમે તે પ્રકારે જાતે જ જઈને રાજાને બાતમી આપું. રાજા તપાસ કરાવે અને તેમાં ચક્રદેવ ઝડપાઈ જાય ! રાજા ગુસ્સે થઈને તેની સંપત્તિ પડાવી લે. એને જેલમાં નાખે. બસ, તો આપણી ધારણાઓ સફળ થઈ જાય ....." મનુષ્યને મન જુઓ છે ચિંતનની શક્તિવાળું, તો એનો ઉપયોગ આ જ ને ? મનની કેઈ યોજનામાં એ યોજના નથી આવતી કે "અહો હું જન્મે જન્મે ભવચક્રમાં ભટકી રહ્યો છું. તો લાવ, કમમાં કમ પ્રેમીને તો ન ઠગું. વિના-સ્વાર્થના તો પાપ ન કરું. ઉલટું જેનાથી અનાદિકાલીન કર્મશૃંખલાઓ તૂટી જાય, કુસંસ્કારોનાં આક્રમણ થંભી જાય, એવી શુભ વિચારણાઓ ને સુંદર મનોરથો ઘડું." ના, એ આવડત નથી ! મનનો ઉપયોગ શું ? "ચંદનને ત્યાં જાઉં, ધન લૂંટી લાવું, અને આને આપી ફસાવી ભિખારી કરું. બસ, મને એ ચક્રદેવ પર દ્વેષ થાય છે. માટે એને ખોટી રીતે ય પાયમાલ કરી દઉં...." આ કાળી લેશ્યામાં મનને રમાડી રહ્યો છે ! શું જાણે ધાર્યું સફળ થશે !

મનનું શરીર પામી પિશાચી વિચાર યજ્ઞદેવ.

કરી રહ્યો છે! જંગલી પશુ-સુલભ વિચારણામાં અટવાઈ રહ્યો છે! શું સોનેરી માનવજીવનનો આ જ અર્થ છે? જન્મ અને શરીર તો સર્વને મળે છે. પરંતુ એ વિચારવું જોઇએ કે "એના પર મારો કાબુ અજમાવું. કાબુ અજમાવી શકાય છે એજ આત્મા હોવાની સાબિતી છે. તો આત્માના ભલા માટે આ જન્મને બૂરા કાર્યોથી બૂરી વિચારણાથી, ને બૂરા ભાષણોથી હવે તો બગાડવું નહિ. ખાવા-પીવાદિ વાત નવીન નથી, પરંતુ આત્માનું સંશોધન કરૂં, સ્વભાવ નરમ ને નિર્મળ બનાવું. આજ સુધી બગડી ગયેલી પ્રકૃતિને, પાશવી વૃત્તિઓવાળી પ્રકૃતિને, પ્રશાંત ગુણસુવાસિત પ્રકૃતિ બનાવી દઉં. અનંત કાળના ખબર ન લેવાયેલા આત્માની હવે ખબર રાખું. ...."-જીવનનો આ અર્થ છે. 'સોમાએ દુષ્ટાએ મારો સંસાર બગાડી નાખ્યો,'-એ બૂરી વિચારણાના મૂળ પાયા પર યજ્ઞદેવને, ધર્મી સોમાનો જીવ ચક્રદેવ મહાગુણિયલ છતાં અને એવાની સાથે મિત્રપણાનો સંબંધ મળવા છતાં, અજ્ઞાત કુવાસનાના જોરે માનવના ખોળીયે ય પાપ કરવાનું સુઝે છે, તો એ પરથી આપણે, આપણા જીવનમાં જે બૂરો સ્વભાવ, બૂરી કાર્યવાહી વગેરે ઘર કરી બેઠેલું છે, તેના પરથી પૂર્વ જીવનોની બુરાઈનો હિસાબ કાઢવો જોઇએ. એ હિસાબ કાઢીને એ નક્કી કરવું જોઈએ કે "અમે પૂર્વજીવનોમાંથી તો લબકઝૂંટ પાપકર્મોનો સ્ટોક, કુવાસનાનો સ્ટોક લઈને આવ્યા છીએ. હવે જો એને આગળ ન લઈ જવા હોય તો અહીંના જીવનમાં ધરખમ ફેરફાર કરવો જોઈશે જ."

કુવૃત્તિઓ અને કુપ્રકૃતિઓ :—કુવૃત્તિઓ અને

કુપ્રકૃતિઓ આકસ્મિક નથી; પરંતુ કેઈ જન્મોની છે. જીવ જાણે એનું સંગ્રહસ્થાન છે. સંયોગ પ્રમાણે કુપ્રકૃતિ અમલમાં આવે છે. દા. ત. વાઘના ભવમાં ક્રૂરતા; કાગડાને લુચ્ચાઈ.... પણ આ ભવ પછી હવે એને આગળ ન લઈ જવી હોય તો હૃદય કઠિણ કરીને એ બૂરી વાસનાઓ અને પ્રકૃતિઓની સામે ઝઝુમવું પડશે. 'હવે જીવને ધર્મમાંથી ભ્રષ્ટ કરવાવાળો હું મૂર્ખ નથી. મેં વીતરાગનું શાસન મેળવ્યું છે, કે જે શાસનમાં ચક્રવર્તી જેવા, ષટ્‌ખંડની મહા ઠકુરાઈને લાત મારીને નીકળી જનારા, મહાપુરુષોના ભવ્ય દૃષ્ટાંતો પડેલાં છે ! તેમણે ન્યાય-નીતિથી પ્રાપ્ત કરેલું'ય સર્વથા ત્યજી દીધું ! તો જો હું ત્યજું નહિ તો છેવટે તુચ્છ વસ્તુને માટે અસત્ય અનીતિ કરું ? નહિ જ કરું."–કુવૃત્તિની સામે આ કરવું પડશે. "ઉત્તમ પુરુષોએ પોતાના ગુના વિના પણ પરાયા દુર્જનોનું ય ખૂબ ખમી ખાધું ! તો હું મારા ગુનાની ય સજા ન ખમું ? ને ખોટા ઝગડા મચાવું ? ઓછામાં ઓછું પરાયાનું નહિ, તો પણ મારા સગાંસ્નેહીનું ય ન ખમી ખાઉં ? શા માટે ઘરમાં જ કલેશ જમાવું ? કલેશ ઝગડા હરગીજ નહિ કરું...." આવા નિર્ધાર અને અમલ જોઈશે.

ચોરીનો માલ ચક્રદેવને:–આ બાજુ યજ્ઞદેવ મોકો જોઈને ચંદન શેઠના ઘરમાં ઘુસી ગયો; અને ઝવેરાતનો એક ડાબડો ઉઠાવ્યો. ત્યાંથી આવ્યો સીધો ચક્રદેવને ત્યાં.

મનની નીકમાંથી પ્રવૃત્તિનું વહેણ:–કેવો ગઠિયો છે ! માલ ઉપાડવામાં ય હોશિયાર અને કોઈના ગળે ખઝાડવા માંય હોશિયાર ! અહીં એટલું ધ્યાન રાખજો કે પોતાનું મન

બગડે એની કેટલી ખરાબ અસર જીવન પર પડે છે એની જ્યાં કોઈ ગમ જ ન હોય ત્યાં, જીવન મનુષ્યનું એટલે કે ઉચ્ચ પ્રાણીનું જીવન ગણવા છતાં, ખરાબ મનમાંથી પ્રવૃત્તિનો પ્રવાહ મલિન ખરાબખસ્ત વહે એમાં નવાઈ નથી. કૂવાનું પાણી ચોકખું છતાં એમાંથી બહાર કઢાઈને જે નીકમાંથી વહી હવાડામાં આવે છે, એ નીકજ કચરાવાળી ખરાબ હોય તો પાણી પણ હવાડાની અંદર મેલું વહી આવવાનું. એમ ખરાબ મનમાંથી વહી આવેલી પ્રવૃત્તિ પણ ખરાબ સમજવાની. પાછી એક ખરાબ પ્રવૃત્તિને સારાપણાનો વાઘો પહેરાવવા માટે બીજી મલિન પ્રવૃત્તિ ઠઠ્ઠાવવી પડે છે. એમ કરવા માટે ખરાબ મન તો તૈયાર બેઠું જ છે. યજ્ઞદેવનું મન બગડ્યું છે તેથી એક તો ચંદન શેઠને ત્યાંથી ચોરીની પ્રવૃત્તિ કરી. હવે મેલા મનમાં એને ચક્રદેવને શાહુકારી બતાવવી છે અને વિશ્વાસમાં લઈ મહાન નુકશાનના સીસામાં ઉતારવો છે માટે જુઓ વાણીની પ્રવૃત્તિ કેવી મેલી આદરે છે.

ચક્રદેવને કહે છે, "દોસ્ત ! જરા આને કાળજીથી સંતાડી દે."

દુર્જનકી દોસ્તી ઔર....:–અહીં અમરગુરુ આચાર્ય ભગવાન જે પોતે જ પૂર્વે ચક્રદેવ હતા એ કહે છે કે "મને પણ આ અકાલે લઈ આવ્યો હોવાથી શંકા પડી ગઈ. તેથી આમ તો એને રાખવાની ઈચ્છા નહિ. પણ એના તરફ દાક્ષિણ્ય વિશેષ; એટલે ના પાડી શકાઈ નહિ. વગર પૂછ્યે એ માલ મેં છૂપાવી દીધો." જુઓ અંતર ચોકખું છે. તેથી આવા ગરબડગોટામાં પડવાનું મન નહિ. 'ચાલો અવસરે

આપણને ય આમાંથી કાંક ખાવા મળશે' એવી કોઈજ ઈચ્છા સ્વપ્ને ય નહિ. પરંતુ શરમમાં પડી મિત્રની સેવા કરવાના હિસાબે ગોટાળામાં પડે છે. એને કયાં ખબર છે કે આનાથી કેવી મહાન આપત્તિ આવશે. દુર્જનકી દોસ્તી ઔર જીવકા જન. મિત્ર–પરિવાર સજ્જન રાખવો જોઈએ. નહિતર અવસરે આપણું જીવન જોખમમાં મૂકાય. એવાઓની શરમ રાખવી ય ખોટી. ત્યાં તો જે પહેલેથી જરા મન કાઠું કરી શરમ રાખ્યા વિના કહી દીધું કે 'ભાઈ! આ કામની મારી હિંમત નહિ, કે મારા સંયોગ નહિ,' તો ટૂંકે પત્યું સમજો. પછી ભાવી અનર્થની પરંપરા જ બંધ! ચક્રદેવે તો શરમમાં પડી માલ રાખ્યો, અને યજ્ઞદેવ ત્યાંથી ગયો.

ચોરીની ધૂમ:–પરંતુ પછી તો નગરમાં વાત ઉપડી કે ચંદનસાર્થવાહનાં ઘરમાં ચોરી થઈ. વાત શાની છાની રહે? ચક્રદેવને પણ એ વાત સાંભળવામાં આવી, તેથી હૃદયમાં શંકા ઊઠી કે 'આ મારે ત્યાં મૂકી ગયેલો માલ આ ચોરીનો તો નહિ હોય?' આ એક મહાન વિચાર હતો, તેથી હૈયું સળવળ્યું. હવે કેમ જંપીને બેસાય? સત્પુરુષ જાતે તો ચોરી ન કરે પણ કોઈની ચોરીમાં સંડોવાવાનું ય શાનું પસંદ કરે? એ તો ઉપડ્યો યજ્ઞદેવ પાસે.

યજ્ઞદેવની તપાસ : અસત્ય ઉત્તર:–

પૂછ્યું "કેમ ભાઇ! શું બન્યું છે આ? આ તું મારે ત્યાં શા માટે મૂકી ગયો?"

લુચ્ચો યજ્ઞદેવ ઠાવકે મોંઢે કહે છે "દોસ્ત! જરાય શંકા ન રાખ. કોઈપણ બીજો વિચાર લાવીશ જ મા. એ તો પિતાજીના

ભયથી મેં એ તને સોંપ્યો છે. બીજું કોઈ કારણ નથી."

રાજાને ચંદનશેઠની ફરિયાદ:—એવી સફાઈથી જવાબ આપ્યો કે સીધા સાદા ચક્રદેવને ચોરીની શંકા નીકળી ગઈ. યજ્ઞદેવ એને ચોકખો માણસ દેખાયો. તેથી નિશ્ચિન્ત બનીને બેઠો. પણ અહીં તો કિંમતી માલ ચોરાયેલો છે. તેથી માલિક ચંદન શેઠ શાનો શાંત બેસી રહે ? રાજાને ખબર કરી કે

"મહારાજા ! મારો માલ ચોરાયો છે."

"શું શું ચોરાયું છે ?" રાજાએ પૂછયું.

ચંદનશેઠે બધું જણાવ્યું. રાજાએ તે લખાવી લીધું. હવે કેમ ? 'તમને શંકા હોય તેને લાવો અગર તેનું નામ આપો.' એવું નહિ. અથવા 'ઘરના જ માણસોને કે નોકર-ચાકરને ચોરી કબૂલ કરાવવા મારવા-ઝુડવાના;-એમ નહિ.' એ આજનાં તોફાન છે કે કેઇક નિર્દોષનો આટો નીકળે છે; અને ગુનેગારો સો મણ રૂની તળાઈમાં સૂખે સુએ છે ! રાજાએ તો નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે

રાજાનો ઢંઢેરો:—"ચંદન સાર્થવાહના ઘરમાં ચોરી થઈ છે. એનું ધન કોઈ ઉપાડી ગયું છે. તો જેના ઘરમાં કોઈ ગમે તે વ્યવહારના હિસાબે એ પૂરું ધન કે એનો અંશ પણ આવ્યો હોય તે રાજાને ખબર આપો. રાજા ઉગ્ર શાસનવાળા છે, તેથી જો કોઈએ ખબર ન આપ્યા અને પછી એની પાસેથી માલ મળી આવ્યો તો રાજા એનું સર્વસ્વ હરીને એને ભયંકર શારીરિક સજા કરશે; પણ જરાય સહન કરી નહિ લે."

પાંચ દિવસ એમને એમ:—રાજા ન્યાયી છે, પ્રજાનો

રક્ષક છે. ઢંઢેરો પીટાવીને ચલાવી તપાસ. પરંતુ કયાં પત્તો લાગે? આખો માલ જ શાહુકારના ઘરના કોઇ ગુપ્ત ભાગમાં પડયો હોય ત્યાં શું પકડાય? યજ્ઞદેવે પણ પાકી હોશિયારી કરી હશે કે ચંદનશેઠને ત્યાંથી માલ ઉપાડતાં એને કોઇએ જોયો નહિ હોય. અહીં તો સમય પર સમય વીતવા માંડયો. એક દિવસ, બીજો દિવસ, ત્રીજો....ચોથો....પાંચમો: પાંચ પાંચ દિવસ વીત્યા છતાં રાજાને કશી ભાળ મળી નહિ.

યજ્ઞદેવ રાજા પાસે:—પ્રજાનો હિતૈષી રાજા તો ધુંઆપૂંઆ થઈ ગયો છે. ત્યાં હવે યજ્ઞદેવ પહોંચ્યો રાજા પાસે! શા માટે! જાણે અજાણ્યા માણસ તરીકે મુદ્દામાલની ખબર પડી છે તે કહેવા માટે. જુઓ એ રાજાને કેવી સફાઇથી કહે છે! પણ જો જો, આપણે એવું શીખવાનું નથી હોં. પરંતુ અવસરે આપણી આગળ કોઈ શાણો થતો આવે તો સાવધાન બનવાનું છે. રાજાને એ કહે છે.

"મહારાજા! શું કહું? વાસ્તવિક રીતે મિત્રના દોષનું પ્રકાશન કરવું ઉચિત જ નથી. પરંતુ સાથે સાથે એ પણ વાત છે કે, જો મિત્રનું કાર્ય આલોક–પરલોક વિરુદ્ધ છે, તેવી અહિતકર પ્રવૃત્તિ કરીને જો તે પોતે સ્વયં પોતાના આત્માનો શત્રુ બને છે, તો મારો ય શત્રુ બને ને? મિત્ર કેવી રીતે બની શકે? હું એવી મિત્રતા નથી ચાહતો. જે માણસ રાજાના અને પ્રજાના અહિતવાળી વાત જાણતો હોય તેણે એ વાત છુપાવવી ન જોઇએ, એની ઉપેક્ષા ન કરવી જોઇએ. એ સિદ્ધાન્ત અનુસાર, વાત ભલે મારા મિત્રની જ છે, પણ તે છતાં લાચાર છું કે હજુરને એ વાત નિવેદિત કરવાની મને ફરજ પડે છે." કેવો કપટપટુ નાટકીયો!

પશુ-હૃદયની તુલના:—જે વાત કંઈજ તાત્ત્વિક નથી, જરાય સત્ય નથી, યુક્તિપુરસ્સર નથી, તેવી વાત બીજાની સમક્ષ રજુ કરવા માટે મોટી ચાલાકી કરવી પડે છે! એમાં પાછું સજ્જન ઉપર ખોટો આરોપ મૂકવો હોય ત્યારે તો મહાન ખેલાડીપણું અજમાવાય છે. એવા હૃદયની તુલના કયા પશુના હૃદયની સાથે થાય? માણસને બધું ઊજળું અને સીધું ગમે છે; માત્ર પોતાનું હૃદયજ ઊજળું અને સરળ રાખવાની ગરજ નથી. કેવી મહા-મૂઢતા!

રાજા તો યજ્ઞદેવની વાત સાંભળી વિચારે છે કે કોણ હશે એનો મિત્ર! અને આ શું કહેવા માગે છે?' એટલે યજ્ઞદેવને એ કહે છે,

"કહી દે આર્ય! તું શું કહેવા માગે છે? તને હું છૂટ આપું છું કહેવા માટે."

યજ્ઞદેવ જવાબ આપે છે, "મહારાજા! સાંભળો. આપણા નગરમાં જે ચક્રદેવ નામનો સાર્થવાહ-પુત્ર રહે છે, તે મારો મિત્ર છે. એ મિત્રતાને લીધે મારે એની સાથે મળવા કરવાનું સતત રહે છે, તેથી એનો પરિવાર પણ મને પરિચિત છે. અરસપરસનો પરિચય હોવાથી હું એક વખત ત્યાં ગયેલો, ત્યારે ત્યાં બાનગીમાં વાતચીત થઈ રહી હતી કે 'આપણા શેઠે કૃપણ ચંદન શેઠને ઠીક દબાવ્યો! ઠીક પોક મૂકાવી! એનો માલ ઠીક રાખ્યો છે!' આ સાંભળી મને શંકા પડી ગઈ કે પરિવાર જૂઠું તો બોલે નહિ, અને રાજાને તો અહિંયા બહુ કષ્ટની વાત થઈ ગઈ છે! તેથી આપને આ કહેવા આવ્યો છું. મિત્રની

છૂપી વાત કહેતાં લજવાઉં છું. પણ વાત ગંભીર હોવાથી કહેવી પડે છે. હવે આપને ઠીક લાગે તે."

કેવી સીફતથી રજૂ કરે છે. જાણે રાજાને લગાડે છે કે "આપ પ્રજાપતિ કહેવાઓ, પ્રજાના હિતની આપને ભારે ચિંતા હોય. ત્યાં આવા લુચ્ચા માણસ આ ધંધા કરે છે! આપને લાગતું હશે કે પ્રજા જે કષ્ટમાં, તો હું રાજા શાનો ?" રાજા પણ પૂર્વકાળના કેવા ? રાજા પોતાની રાજાપણાની સફળતા શામાં માને છે ? વધુ માન મળે એમાં ? મોટી મિલકત મળી જાય એમાં ? ના રે ના; ત્યારે શામાં સફળતા ? પોતાના સંતાન સમી પ્રજાનું ભલુ કરવામાં. આ રાજાનું હૃદય કેવું ઉમદા છે કે પોતાની પ્રજા–પાલકપણાની જવાબદારીને સમજે છે, તો પણ એક વસ્તુ છે કે કોઈને અન્યાય કરવાની વાત નહિ ! માટે જ યજ્ઞદેવની ચાલાકીભરી વાણી એકદમ માની લેવાની છે નહિ.

રાજાનો યોગ્ય ઉત્તર:—યજ્ઞદેવે તો કહી દીધું કે "માલ એણે ઘરમાં છુપાવી રાખ્યો છે!" રાજાએ સાંભળી લીધું. હવે જુઓ કે રાજાને ખબર છે, કે મારૂં પ્રજાપાલકપણું સુરક્ષિત રહેવું જોઈએ. તેમાં પાંચ પાંચ દિનથી ચોરીનો પત્તો નથી. અહીં પત્તો મળે છે. તો હવે આ સમાચાર મળ્યા પછી શું કરવાનું ? 'પકડી લેવાનો ચોરને; તે પછી સાચો કે જૂઠો; એમ ?' ના, રાજા એવો અન્યાયી નથી. શાંતિથી યજ્ઞદેવનું સાંભળી લઈને એ કહે છે, "આર્ય ! તું આ શું બોલે છે ? ચક્રદેવ જેવો સદ્‌ગૃહસ્થ ચોરી કરે ? અસંભાવનીય વાત છે. એ તો ઉત્તમ કુળમાં જન્મેલો છે, તેથી આવું અત્યન્ત કુળવિરુદ્ધ કામ શાનો કરે ?"

કુળનું મહત્વ : કુલીનનો ખ્યાલ અને બચાવ:— પાંચ દિવસથી જે માલનો પત્તો મળતો નહોતો, તે આજે મળે છે. તો પણ એકદમ એ વાતને રાજા માનવા તૈયાર નથી. માટે એને અસંભવિત કહે છે! કેમકે રાજા કુળનું મહત્વ સમજનારો છે. ચક્રદેવ જે ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છે, તે આવું ઉભયલોક વિરુદ્ધ કાર્ય કરે એ એને સંભવિત લાગતું નથી. વાત પણ સાચી છે. પૂર્વે કુળનું મહત્વ બહુ રહેતું. કુલીનમાં પ્રાયઃ અનુચિત ભયંકર કાર્યો સંભવતા નહિ. અકુલીનમાં માયાચાર, ખૂન કરવું, જૂઠું બોલવું, વગેરે ઉભયલોક વિરુદ્ધ થઈ જાય છે. ધર્મની યોગ્યતામાં કેઈ ગુણ બતાવ્યા છે, એમાં આ એક ગુણ છે કે એ કુલીન હોય. કેમ? એને ભાન છે કે "મેં કેવા સારા કુળમાં જન્મ લીધો છે! મારાથી ખરાબ કાર્ય થાય નહિ, બુરી વાત સરખી ન બોલાય, ન વિચારાય!" કુળનો ખ્યાલ અવસરે પાપથી બચાવી લે છે. રાજાને યજ્ઞદેવની વાતમાં વિશ્વાસ પડતો નથી. તેથી પોતાના સ્વાર્થને અવગણીને યજ્ઞદેવની વાત ઈન્કારે છે.

ત્યારે યજ્ઞદેવ કહે છે, "પરંતુ મહારાજા, શું આપ જાણતા નથી કે સારી ચીજમાં પણ ખરાબ ચીજ ઉત્પન્ન થાય છે? એમાં કુલનો શો દોષ? જે તળાવમાં કમળ જેવું સુંદર સુગંધદાર પુષ્પ ઉગે છે, તેજ તળાવમાં શું કીડા ઉત્પન્ન નથી થતા? એવી રીતે મહારાજા! હું પણ માનતો હતો કે ચક્રદેવ એટલે કુલીન હોવાથી સજ્જન અને શાણો! પણ અજ્ઞાન અને લોભ શું નથી કરાવતા? એને પરવશ પડી ગયા પછી કશું અસંભવિત નથી. લક્ષ્મીનો લોભ અને પરલોકમાં

શું થશે એનું અજ્ઞાન; પછી ચોરીની કાંઈ નવાઈ નથી. જો આ ચક્રદેવમાં સાચે જ હોય તો મારી તો એના પરથી આસ્થા ઊઠી ગઇ છે. હજુ, આપણે એને કયાં ચોર ઠરાવી દીધો છે ? એના ત્યાંથી માલ મળે તો પ્રશ્ન છે ને ? નહિતર તો એ ખરેખરો શાહુકાર છે જ. માટે એકવાર ગમે તે પ્રકારે એની તપાસ તો કરાવો. ”

ચાર પાંચ અગત્યના શિક્ષણ:—અહીં આપણા જીવનને ઉપયોગી કેટલીક બાબતો ધ્યાનમાં રાખવા લાયક મળે છે,

(૧) પહેલું તો રાજા પોતાના સ્વાર્થ કે આવેશને આગળ કરીને ગમે તેના મોંઢેથી ગમે તેવી વાત સાંભળવા બરાબર માની લેવા અને અયોગ્ય પગલું ભરવા તૈયાર નથી, આ શું શીખવે છે ? સાંભળેલા ઉપર પહેલાં ઠંડકથી ઊંડો વિચાર કરવો. ‘કહેનાર કોણ છે ? કોના માટે કહે છે ? કેવી ગંભીર ગુનાની વાત કરે છે ?’....વગેરે વિચારવું જેથી એકદમ જ સાહસ કરવા જતાં, પસ્તાવું પડે એવા જે વચન વર્તાવ આદરાઈ જાય છે તે અટકી જાય.

(૨) બીજું એ છે કે ઢેડ ભંગીના કુળને બદલે ઉત્તમ આર્ય અને જૈનના કુળમાં જન્મવાના ઇનામ મળવા ઉપર લાયકી તરીકે આપણે કુળનું મહત્ત્વ સમજી લંપટ ઇન્દ્રિયો અને લાલચુ મનને ખૂબ કાબુમાં રાખવું; જેથી એ અયોગ્ય સ્થાને દોરાઈ ઘસડાઈ ન જાય.

(૩) ત્રીજી વાત એ છે કે અજ્ઞાન અને લોભ અસંભવિત ગણાતી વસ્તુને ય શક્ય બનાવે છે; જો કે ચાલુ પ્રસંગમાં યજ્ઞદેવનું

તો તૂતજ છે પરંતુ વાત સાચી છે કે આ લોકના રાજદંડ, અપયશ વગેરેનો ખ્યાલ ન રાખે, તેમજ પરલોકમાં ઠેઠ નારકીની ઘોર પીડાના દંડની પરવા ન રાખે, તો એ આ લોક પરલોકના અહિતનું અજ્ઞાન જીવને દુષ્કૃત્યમાં સહેજે ધકેલે છે. એમાં વળી લોભસંજ્ઞાનું જોર, એટલે કેમ ? તો કે 'બસ ! યેનકેન પ્રકારેણ મારે વસ્તુ જોઈએ'--એ ધોરણથી ગમે તેવા હલકટ ધંધા કરતાં આંચકો નહિ. માટે લોભ અને અજ્ઞાન પાપનાં મોટાં કારણ છે; પાપના બાસ દોસ્ત છે; પાપને જરૂર નોંતરી લાવે. પાપનાં જાણે એ બાપ છે. કેમકે પછી ત્યાં કુળ, વિદ્વત્તા કે આબરૂ બેકાર બની જાય છે. એમનું બિચારાનું એ લોભી બનેલા જીવ પર કાંઈ ઉપજી શકતું નથી. માટે જ લોભ અને અજ્ઞાનથી દૂર રહો.

(૪) ત્યારે એ પણ એક વસ્તુ છે કે, અલબત જ્યાં ને ત્યાં વહેમાતા ન ફરવું; છતાં એકદમ વિશ્વાસમાંય ન રહેવું, એય જરૂરી છે. કુળ વિદ્વત્તાદિ હોવા છતાં લોભ અને અજ્ઞાના અવસરે પ્રગટ નહિ સહી તો પ્રચ્છન્ન (છૂપાં) પાપ કરાવી દે છે. તેથી એકદમ વિશ્વાસ મૂક્વા કરતાં કંઈક સાવધાની પણ જરૂરી છે. આના ખ્યાલના અભાવે એવું એવું બને છે કે છોકરો જરા ઠીક બોલકણો અને બુદ્ધિમાન હોય, કંઈક વિનયી હોય એટલે એના પર વિશ્વાસ વધારે પડતો મૂકાય છે, અને એની બીજી તપાસ નથી રાખવામાં આવતી. પરિણામે કેટલીકવાર પ્રારંભે છૂપા દોષોનો એ ભોગ બને છે. પછી એ દોષો પ્રકાશમાં આવે ત્યારે બાપ ચોંકી ઊઠે છે !

(૫) ચાલુ પ્રસંગમાં યજ્ઞદેવ જે ઘોર માયા આચરી રહ્યો

છે, એ માયાથી ખૂબ ચેતવા જેવું છે. માયા એ છૂપો દોષ છે. જગતને ક્રોધાદિ દોષ પ્રગટ દેખાય છે; પણ માયા એક એવો દુર્ગુણ છે કે તેની ખબર જ ન પડે! ક્રોધમાં તો આંખ લાલ થાય, હોઠ ફફડી ઉઠે, અભિમાનમાં છાતી ટટાર રહે. પગ ઠમ-ઠમ કરતો પડે....આ બધાથી ખબર પડી જાય કે આ અભિમાની છે, આ ક્રોધી છે! વાત કરવા બેસે ત્યારે એના મોંઢે એવું કંઈક આવવાનું કે "અરે! આમાં શું? આ તો રમતમાં થઈ જાય....આપણે ખોટું જરાય ન સહીએ....આ લોકો મારી શક્તિ નથી સમજતા...." બધાને મોંઢે પોતાની હોંશિયારી ગાયા કરવાનો! લોભી પણ અજાણ્યો ન રહે! બજારમાં બીજા લોકો છ કલાક જ રહે ત્યારે આ ભાઈ દસ કલાક સુધી જમ્યા રહે! તેવી રીતે ઈર્ષ્યાળુ પણ ખુલ્લો પડી જાય છે; કેમકે એ બીજાનું જ્યાં ત્યાં કાપતો જ રહે! આ બધા દોષોના લક્ષણોથી ખબર પડી જાય છે કે આ દોષ છે. પરંતુ માયા ચીજ એવી છે કે એનું બાહ્ય લક્ષણ જોવામાં આવતું નથી! માયા નામ જ એનું છે કે જે હૃદયમાં હોય પણ બીજાને ઠગી પોતાનો મલિન સ્વાર્થ સાધવા બહાર દેખાવા ન દે; અને દેખાય નહિ તેથી એને શિખામણ કોણ આપે અને કોણ એ દોષ મૂકાવે? એ માટે શાસ્ત્રકારો માયા દોષને ભયંકર કહે છે. તેથી આ બધાનો સાર એ છે કે માયાથી જાતેજ બચો. અર્થાત્ માયા કદી ન સેવો.

શિખામણ નહિ તો શિક્ષાર્થીય દોષ નરમ પડે:- શિખામણ ન મળી કે ન લાગી, તો ય ક્રોધ, માન, લોભ કે કામના જે દોષો છે તેની શિક્ષા થવાનો પણ સંભવ છે. ક્રોધીને કે

અભિમાનીને શેરના માથે સવાશેર મલી ગયો કે બાર વાગી જવાના ! લોભીને એક એવી બજાર-ફજારની ઠોકર લાગે કે ઘરે જ બેસવું પડે ! તેવી રીતે કામની વાતમાં પણ એવી ફરેલ માથાવાળી મળી જાય કે જે દિ ને રાત હૈયું શેકી ખાય ! એમ આ દોષોને શિક્ષા મળી જાય એટલેય દોષ નરમ પડવાને અવકાશ છે, પણ માયાની શિક્ષા કયાં ? અને જે દોષની પાછળ શિક્ષા નહિ, તે દોષ ફૂદકે ને ભૂસકે વધતો જાય છે. માયા તો સુખ અને યશ બેઉ લૂંટે છે. જીવન આખું માયાની જંજાળમાં ચાલી જવાનું; એમાં બીજી છતી સગવડના સુખ નહિ. ત્યારે શું માયા કરવાથી જશ મલે છે ? ના, લાંબે ગાળે અપજશના પોટલાં ! હા, સ્નેહ ન હોવા છતાં ઉપરથી સ્નેહ બતાવે, તો તત્કાલ જશ મલે ખરો; પરંતુ દિલમાં જુદું છે અને બતાવવાનું જુદું ! ત્યાં લોકમાં થોડા વખત માટે કદાચ ચાહના રહે; પરંતુ માયા વધતી રહેવાથી અંતે મહાન અપકીર્તિ, લોકનો અવિશ્વાસ, વગેરે નુકશાન સિવાય કોઈ બીજું સારું પરિણામ નથી આવતું. તેનાથી સંસાર દીર્ઘ થાય એ તો વળી મહાન નુકશાન !

માયા સંસારની માતા :-શાસ્ત્રે માયાને સંસારની માતા, જનેતા કહી છે. આ માતા એટલી પ્રેમાળ છે કે જીવને સંસારમાં એક નહિ પણ કેઈ જન્મ આપે છે, કેમકે માયાના સંસ્કારનો વારસો જન્મે જન્મે સહેલાઈથી નવા દુર્ગતિના ભવની સગવડ કરી દે છે. આનાથી સંસાર-વૃદ્ધિ થાય છે. વળી દેવ-ગુરુની મોંઘેરી સાધના સામગ્રી બાજુએ રહી જાય છે. એટલું જ નહિ પણ દિલમાં જેણે માયા ભરી, ત્યાં દેવ, ગુરુ અને ધર્મને

સેવવાનું તો નહિ પણ ઠગવાનાં એ કાર્ય કરશે. આરાધના તો દૂર રહી, પણ આશાતના અને વિશ્વાસઘાત કરશે ! બીજાનો ય દ્રોહ કરશે.

પારધી અને પંખી :—એક જંગલમાં એક પારધી શિકારે ગયેા. ત્યાં એક ઝાડ પર પક્ષી બેઠેલું હતું. પારધીએ બાણ ચઢાવ્યું, અને નિશાન તાકયું. પક્ષીએ જોયું કે બાણ મારી તરફ તકાયું છે. એટલે એ ઊડીને પારધીની સામે આવ્યું ! પારધી તો આશ્ચર્ય પામી ગયેા. 'આ શું ? મરવા અહીં વહેલું આવ્યું ?' નિશાન ભૂલી ગયેા. પક્ષી એને કહે છે, "જો ભાઈ, તું મને હમણાં ન મારીશ. મારા બચ્ચાં ઘેર છે; હું એને ખાવાનું આપી આવું, એ ભૂખ્યા છે મારી રાહ જોતાં બેઠાં છે. પછી તારી પાસે આવી જઈશ. તે પછી તારે જે કરવું હોય તે કરજે...." પારધીને તો વધુ આશ્ચર્ય થયું ! કેમ વારૂ ? એક વાર છૂટીને ગયા પછી ફરી જાતે ફસાવા આવવાનું કહે છે. આવા પક્ષી તો શું પણ માણસ કેટલા મળે ?

એ કહે છે, "પણ તું નહિ આવે તો ?"

'તો જે પાપ વિશ્વાસઘાતીને લાગે તે પાપ મને લાગશે."

વિચારો કે તે કાળે વિશ્વાસઘાતનું પાપ કેટલું ભયંકર મનાયું હશે કે આ પક્ષી આ પ્રમાણે કહેતું હશે ! આજના શિક્ષણમાં આ આવે ને ? ના ? વિશ્વાસઘાતની ભયંકરતા બાળપણથી શિખવવાની નહિ ? આ નથી શિખવાતું માટે જ વિશ્વાસે વર્ષો સુધી દુઃખ વેઠીને ઉછેરેલા છોકરા તમારો દ્રોહ કરે છે ને ? માટે શિખવો, બચપણથી જ ગુણો શિખવો. શાળામાં આજે કમભાગ્યે આત્મગુણોનું શિક્ષણ ન મળે ! તો પણ

પાઠશાળામાં એના ખાસ પાઠો અને કથાઓ દ્વારા એ શિખવો કે દ્રોહ ન થાય, ઈર્ષ્યા ન કરાય, જૂઠ ન બોલાય, જરા પણ ચોરી અનીતિ ન આચરાય, ધૈર્ય, હિંમત, સહિષ્ણુતા, ત્યાગ-વૃત્તિ, વગેરે ગુણો જોઇએ જ.

પક્ષીને પારધીએ જવા દીધું. એ જઈને પોતાના બચ્ચાને ખાવાનું આપી પાછું પારધી પાસે આવી ગયું ! પારધીના મનમાં તો અધિક આશ્ચર્ય થયું !

એટલે એને કહે છે, "હું તારા પર ખુશ થઈ ગયો છું; તો તું મારી પાસેથી કંઈક માગી લે; માત્ર બાણ ન મારવું, એટલું ન માગીશ !"

પક્ષીય ચતુર છે. બોલ્યું "ઠીક, જો હું કહું તે કરીશ ?"

" હા."

"તો હું એક તારી સલાહ માગું છું. સાચી સલાહ આપીશ ને ?"

" જરૂર. "

"તો તું એ કહે કે હું કઈ દિશામાં ઊડું તો તારું બાણ ન વાગે ? જો જે હોં, હવે તુંય વિશ્વાસઘાત ન કરતો !"

કેવી યુક્તિ ! જો એ કહે 'આ દિશામાં ઊડ, તને બાણ નહિ લાગે., અને પછી પાછો તે જ દિશામાં એના પર બાણ લગાવે તો તો ખલાસ ! વિશ્વાસઘાત થયો !

અનઘડ-સુઘડ યુગઃ—હવે તો પારધી વિચારમાં પડી ગયો કે મારે શું કરવું ? કેમકે આ બાજુ પક્ષીએ પારધીને પાછા આવવાનો વિશ્વાસ આપ્યા પછી વિશ્વાસનો ઘાત નહોતો કર્યો. એ તો અજ્ઞાન અવિવેકી તિર્યંચ કહેવાય તોય વિશ્વાસ-

ઘાતકનું પાપ ન કર્યું ! તો પછી તેનાથી સેંકડો હજારો ગુણો ઊચ્ચ ગણાતો માનવ વિશ્વાસઘાતનું ઘોર પાપ આચરે તો કેવો ગણાય ? તિર્યંચથી ય નપાવટ ને ? જો જો આ પારધી છે પણ પ્રાચીન કાળનો પારધી ! આજના વિલાયતી ડારવીન-થીયરી, Darvin Theory–વાંદરમાંથી મનુષ્ય થયાના સિદ્ધાન્તના પૂજારી જે પ્રાચીન યુગને અણઘડ યુગ કહે છે, એજ ખરેખરો સુઘડ યુગ હતો. અણઘડ તો આજનો યુગ કહેવાય કે જ્યાં, પારધી જેવા હલકા ધંધાવાળા તો શું, પણ ઊંચા ધંધાવાળાને ઘોર વિશ્વાસઘાત કરતા સાંભળીએ છીએ ! ત્યારે, પ્રાચીન યુગમાં પારધીને વિચાર થઈ પડ્યો કે 'મારાથી વિશ્વાસઘાત કેમ કરાય ? ભલે આજ મને શિકાર નથી મળ્યો, પણ આ પક્ષીને તો હવે મરાય જ નહિ.' કેમ આ વિચાર ? પક્ષીની હિંમત અને નેકી જોઇને એ સ્તબ્ધ થઈ ગયો છે.

તિર્યંચની સમજ અને હિંમતઃ—વાત પણ સાચી છે. પક્ષી કબૂલ્યા મુજબ ઘાતકી પારધી પાસે આપમેળે આવીને હાજર થાય છે ! એ એની કમ હિંમત અને કમ વિશ્વાસપાલ-કતા ન ગણાય ! મહાન શૌર્ય અને મહાન વચનબદ્ધતા ગણાય. અહીં એક પ્રશ્ન થશે કે,

પ્ર૦–પક્ષી એવું બોલે જ કયાંથી, તો પછી એવો હિંમ-તનો બનાવ બનવાની વાતેય શી ?

ઉ૦–પક્ષીની ભાષા જાણનારા જગતમાં હોય છે, તો એવોજ કોઈ દાખલો સમજો કે જેમાં એ પારધી પક્ષીની ભાષા જાણે છે. બાકી પક્ષી એની ભાષામાં તો બોલી ય શકે છે અને સમજી ય શકે છે. તેમજ તિર્યંચોની સમજના અને

પરાક્રમના દાખલા પણ જગતમાં બને છે. શ્રેણિકનો સેચનક હાથી હુકમ થવાથી પોતે અગ્નિમય ખાઈમાં કૂદી પડ્યો પણ તે પૂર્વે પોતાના માલીક હલ્લવિહલ્લને બાઈને બહાર નીચે જમીન ઉપર ઉતારી દીધા;—આને શું વિવેકભરી સમજ અને હિંમત નહિ કહેવાય ? મેઘકુમારના જીવે પૂર્વ ભવમાં હાથી તરીકે સસલાના બચાવ અર્થે અઢી દિવસ પગ ઉંચો રાખી મરણાન્ત કષ્ટ વેઠ્યું હતું. એ ઉદારતા, સહિષ્ણુતા અને દયાની સમજ કેવી ? પ્રસ્તુતમાં પણ પક્ષી હિંમતવાન અને બોલ્યું પાળનારૂં બન્યું છે, એ આજે માનવને એવા બનવાની શિખામણ અને પ્રેરણા આપી રહ્યું છે. ગમે તેવું કષ્ટ સહી લઈએ પણ બોલેલું પાળીએ,—આ નિર્ધાર રાખવા ઘટે.

પારધીએ પણ સજ્જનતા વાપરી પંખીને જતું કર્યું. વિશ્વાસઘાત ન કર્યો; અવળી સલાહ ન આપી.

મામુલી વાતમાં ચ માયા !:—યજ્ઞદેવે વિશ્વાસઘાત કર્યો. માયા—જાળ પાથરી. શા માટે ? માત્ર ચક્રદેવને ઠગું એ ભાવના હતી. માયા એવો ભયંકર દોષ છે કે એ કોઈ મોટા લોભમાંજ આચરાય છે એવું નથી, પણ મામુલી બાબતમાંય કરાય છે. દા. ત. પતિને બતાવવું છે કે અમે આખો દિવસ વૈતરૂં કરીએ છીએ. તેમાં પતિની ગેરહાજરીમાં બે કલાક લાંબી બેંચશે પણ દાદરો ખખડતાં ઝટ ઊઠી કામે વળગી જશે ! હવે આટલું સારૂં પતિને ન લગાડ્યું તો શું બગડી ગયું ? એમ જાણત કે આ ઊંઘે પણ છે; પરંતુ બીજી સેવાથી ખૂશ પણ રહેત. તો માયાથી ઉચ્ચ માનવ હૃદયને કાળું કરવાની શી જરૂર ?

યજ્ઞદેવે માયા કરી. રાજાને પણ થયું કે 'આ આટલું કહે છે તો તપાસ તો કરવી.' રાજાનું મંતવ્ય જાણતાં યજ્ઞદેવના દિલમાં ટાઢક વળી ! "હાશ ! હવે શિકાર સાણસામાં...." શું છે આ ? નરકગતિનાં નિર્માણ ! ભયંકર કપાવાની છુંદાવાની પીડા અસંખ્યકાળ સુધી ! પ્રતિસમય કારમી પીડાને કરોડો અબજો વર્ષથી ય વધુ કાળ સહન કરવાનાં ભારે કર્મ ઉપાર્જન કરવાનું. આવાં સર્જન માયાવી પાપ કાર્યથી થાય છે. પાપ-કાર્યની પૂર્વભૂમિકામાં દુષ્ટ વિકલ્પો અને પછી પાપ થવાની અનુમોદના, એ ફળને મોટું કરી દે છે. રાજાએ કારભારીને બોલાવ્યા; કહ્યું કે.

"નગરના મોટા માણસોની સાથે ચંદન શેઠના ભંડારીને લઈને ચક્રદેવને ત્યાં જાઓ અને ચોરી થયેલા માલની તપાસ કરો."

રાજાની આ આજ્ઞા સાંભળીને કારભારીને પણ આશ્ચર્ય થયું "આ અસંભાવનીય શું ? મહાસજ્જન ચક્રદેવને ત્યાં ચોરીની તપાસ !....પરંતુ હા અમે તો આજ્ઞાના તાબેદાર છીએ" એમ કહી આશ્ચર્ય દબાવી, જવાનું નક્કી કર્યું. એને કયાં ખબર છે કે હું શું આશ્ચર્યમાં પડું છું ? ખુદ રાજાને એના પર શંકા નથી; પણ એવા સમાચાર મળવાથી એને તપાસ કરાવવી પડે છે. રાજાની આજ્ઞા લઈ, કારભારીઓએ મોટા માણસોને ભેગા કર્યા. ચંદન શેઠના ભંડારીને પણ બોલાવ્યો; અને બધાને લઈને એક પહોર દિવસ ચઢયો હશે એટલામાં ચક્રદેવને ત્યાં આવ્યા. કોણ છે ચક્રદેવ ? અમરગુપ્ત જ્ઞાની મહર્ષિ. એ કહે છે કે મને પેલાઓ પૂછે છે;–

"સાથવાહપુત્ર ! આજે અમે એ પૂછવા આવ્યા છીએ કે આપને ત્યાં મોટો વેપાર ચાલે છે, તો તેમાં કોઈ પ્રકારની લેવડદેવડના નિમિત્તમાં આપને કોઈ આવો માલ તો નથી આપી ગયું ને !"

મને કાંઈ શંકા ન થઈ. એટલે તરત જ મેં જવાબ દીધો–"ના ના !"

ત્યારે વળી કારભારી હાથ જોડીને કહે છે, "મહાનુભાવ ! અમને મહારાજાનો હુકમ છે કે તમારા ઘરની તપાસ કરવી. તો કૃપા કરી અમારા પર ગુસ્સે ન થતા...."

"ભાઈ, એમાં કોપ કરવાનો અવસર જ નથી. મહારાજાની પ્રવૃત્તિ તો પ્રજાનું રક્ષણ કરવાની હોય છે."

પોતાનું નિર્દોષ જીવનઃ બીજાના મોભાનો ખ્યાલઃ– રાજાનું કર્તવ્ય શું છે, તે ચક્રદેવ બરોબર સમજે છે, તેથી કારભારીને પોતાનું ઘર તપાસવાની ખુશીથી છૂટ આપે છે. આમાં ૩ વસ્તુ છે. (૧) એક:તો નિર્દોષને કોઈ ભય નથી. ભય પાપીને રહે છે. માટે જ અને ત્યાં સુધી ગુનાના પાપના સકંજામાં ન આવવું. (૨)....બીજી વસ્તુ એ છે કે પોતાના અપમાનની ગણના કર્યા વિના સામા માણસનો મોભો બરાબર ખ્યાલમાં રાખવો. આ મર્યાદા પળાય તો વહેવાર સ્વર્ગીય સર્જાય. (૩) ત્રીજી વાત એ છે કે ચક્રદેવને પૂરો વિશ્વાસ છે કે 'આવેલ માલ મિત્ર યજ્ઞદેવનો જ છે, એટલે ચંદનશેઠનો ચોરાયેલો માલ અહીં આવવાનો સંભવ જ નથી.'

રાજપુરુષો નગરના વૃદ્ધ પુરુષો સાથે ઘરની અંદર પેઠા; અને વિવિધ પ્રકારનો માલ જોયો. જોતાં જોતાં ત્યાં દૃષ્ટિ ગઈ

કે જ્યાં ખાસ કાળજીથી યજ્ઞદેવે આપેલો ડાભડો મૂકેલ હતો ! હવે ? હવે શું ? બહાર કાઢ્યો એ. તેના પર નામ લખ્યું હતું "ચંદન શેઠ." તો શું પહેલાં ચક્રદેવે નામ નહિ જોયું હોય ? કદાચ જોયું હશે અને શંકા પણ પડી હશે, પરંતુ મિત્ર પરના વિશ્વાસના યોગે ખાલી બારદાનનું પરાવર્તન સમજી વધુ તપાસ કરવાની જરૂર માની નહીં હોય, અથવા નાના અક્ષરમાં કોતરેલા નામ ઉપર નજર ન પણ પડી હોય એ બને. ગમે તે હો, ડાભડો જોયો; બહાર કાઢ્યો, અને ચંદન શેઠના ખજાનચીને બતાવી પૂછે છે.

"કેમ તમારો છે ?"

ભંડારી પણ લાયક માણસ છે. ચક્રદેવ જેવા મહાશાહુકારના ઘરમાં આ ડાભડો જોઈ ચોંકી ઊઠે છે ! જવાબ શો દેવો ? દુઃખી થઈને એ કહે છે.

"ભાઈ ! ડાભડો લાગે છે અમારાને મળતો પણ નિશ્ચિત રૂપમાં કહી શકતો નથી."

કારભારી કહે છે કે "હશે, તારી પાસે ચોરાયેલા માલનું લિસ્ટ (નોંધપત્ર) છે ને ? તે વાંચ, અને આમાંના માલની સાથે મેળવ કે આની આની નોંધ છે એમાં ? એટલે ખબર પડી જશે."

પૂછોને શાહુકારના ઘરમાં આ ? હા, તપાસ હતી આ તો ! નોંધ વાંચી ખજાનચી લિસ્ટ સાથે ડાભડાનો માલ મેળવતો ગયો. જરા પણ ફેર વિના નીકળ્યો બરાબર ! નગરવૃદ્ધો અને કારભારીઓ ચોંકી ઊઠ્યા ! આના ઘરમાં આ ? હવે શું થાય ? મોટો પ્રશ્ન થઈ પડ્યો જુઓ, કામ બહુ સાવધાનીથી કરે છે,

સજ્જનતાને જાળવીને, અને સામાની શાહુકારીનો પૂરો ખ્યાલ રાખીને. પરંતુ વસ્તુ જ્યાં એજ હતી ત્યાં કારભારીઓ ને નગરવૃદ્ધોની પણ નજરમાં ધડાકા જેવું જ થાય ને ? છતાં ખૂબી એ છે કે હજી કાંઈ એકદમ જ એવો કોલાહલ નથી મચાવી મૂક્તા કે 'હેં તું ચોર, બદમાસ ! આવા ધંધા કરે છે?' ના, આવું કાંઈ જ નહિ. એ તો ખૂબ શાંતિથી ચક્રદેવને પૂછે છે,

"આ તમારી પાસે ક્યાંથી ?"

ચક્રદેવની ઉમદા વિચારણા:–અહીં શો પ્રસંગ છે ? સમરાદિત્યના બીજા ભવમાં સિંહકુમાર ધર્મઘોષ આચાર્ય મહારાજ પાસે ચરિત્ર સાંભળી રહ્યા છે. કયું ? અવધિજ્ઞાની મહર્ષિ અમરગુપ્ત આચાર્ય ભગવંતે પોતે કહેલું પોતાનું ચરિત્ર. એ ચરિત્રમાં એ અવધિજ્ઞાની ભગવંત આગળ વધીને કહે છે છે કે હું ચક્રદેવ તે 'આ વાસણ તમારી પાસે ક્યાંથી' એવા કારભારીના પ્રશ્ન ઉપર વિચારમાં પડી ગયો કે 'મિત્રે મારા પર વિશ્વાસથી રાખીને મૂકેલી થાપણને મારાથી પ્રગટ કેમ કરાય ? જો એ પ્રગટ કરૂં તો ધાડ બધી મિત્રના ઉપર જાય, અને એ બિચારો મારી ગફલતથી મુશ્કેલીમાં મૂકાય. કોને ખબર કે આ માલ એની બિચારાની પાસે પણ એમજ ક્યાંકથી કાં ન આવ્યો હોય ? તેથી મારા પ્રાણ બચાવવાના મોહમાં મિત્રના પ્રાણ જાય એવું મારાથી કેમ જ થાય ?' એમ મનમાં વિચારીને મેં કારભારીને ઉત્તર કર્યો કે 'એ મારો જ છે.' બોલવામાં જરાય ગભરામણ નથી. અહીં ચક્રદેવની ઉત્તમતા જોવા જેવી છે. પહેલા વહેમ લાગતો હતો; પણ એકવાર મિત્રનો

માલ રાખી લીધો એટલે માને છે કે 'આ તો મિત્રે મારા પર વિશ્વાસ મૂકીને આ માલ મને સોંપ્યો છે. તો હવે એ વિશ્વાસનો ભંગ કેમ થાય ?' અહીં પ્રશ્ન થાય કે

પ્ર૦—પણ એ આમ તો પ્રજારક્ષક રાજાની પ્રવૃત્તિને આવકારે છે; તો પછી શું ચોરનો ઢાંક–પિછોડો કરવો વ્યાજબી છે ?

ઉ૦—આ પ્રશ્નને સ્થાનજ નથી. કેમકે અહીં તો પોતે મિત્રને ચોર સમજવાને બદલે મનમાં સમાધાન કરી લે છે કે 'જેમ માલ મારી પાસે મિત્ર તરફથી, તેમ મિત્રની બિચારાની પાસે પણ કયાંકથી વિશ્વાસમાં આવ્યો હશે. મિત્ર કાંઈ ચોરી કરે નહિ. એને વળી કોઈએ ભરોસાથી સોંપ્યો હોય.' આમ વિચારીને મિત્રને નુકશાન પહોંચે એવું પોતાના તરફથી કશું જ કરવા તૈયાર નથી.

આપ ભલા બનો:—આમાં ઘણું શીખવાનું છે. ચક્રદેવ સજ્જન એટલે મિત્રને પણ આવો માલ બઝાડી ગયેલો છતાં સજ્જન તરીકે જુએ છે. કહેવત તો એવી છે કે 'આપ ભલા તો જગ ભલા.' આપણે સજ્જન તરીકે રહીએ વર્તીએ તો જગત પણ આપણા તરફ સજ્જન તરીકે વર્તે. જ્યારે અહીં, મિત્ર યજ્ઞદેવ પ્રત્યે ચક્રદેવની સજ્જન–વર્તણુક છતાં, એ દુર્જનતાથી વર્તી રહ્યો છે. તો પછી 'આપ ભલા તો....' કયાં રહ્યું ? ત્યારે કહો કે,

એનો અર્થ એમ પણ કરવો જોઈએ કે જો 'આપ ભલા' એટલે આપણે દિલના સજ્જન, સરળ અને સદ્‌ભાવવાળા બનીએ તો આપણા દિલમાં 'જગ ભલા' એટલે કે જગત પણ ભલું સજ્જન અને સરળ દેખાય. હવે સામાના કુટિલ વર્તાવનો

હિસાબ ન રહ્યો. એનામાં કદાચ દુર્જનતા હશે, તોય આ સજ્જન દિલમાં એનું સારૂં સમાધાન કરી લેવાશે. સમાધાનના અનેક રસ્તા છે. સામાના વર્તાવ પર નહિ, પણ પોતાના દિલ પર માપ નીકળે છે. પોતે હૈયામાં વાંકી, ચૂકી, આંટીઘુંટીવાળી વિચારણા કરે તો સામામાં વક્રતા હોવાની કલ્પના ઊઠે. દિલ સજ્જન અને સીધું બનાવી દીધા પછી તો એકવાર માનો કે કદાચ મિત્રસ્નેહી વગેરે સામા તરફથી આપત્તિ આવી દેખાઈ, તો પણ એમાં સામા પ્રત્યે વક્રતાનો વિચાર નહિ આવે. એવા પ્રસંગમાંય સામાનું ગૌરવ ઊભું રાખીને કંઇક સમાધાન મન કરી લેશે. આ જો આવડે તો જીવન સુખ અને સદ્‌વિચારોથી મઘમઘતું ! પત્નીએ પતિની કોઈ સગવડ બરાબર ન સાચવી તો સજ્જન પતિ એનામાં ખરાબી વિચારવાને બદલે એવું જ કંઇક માનશે કે 'એ પત્ની ય બિચારી કોઈ ખટપટમાં પડી ગઈ હશે. તે કેટલે પહોંચે ?' પાછું આમ માનશે એટલું જ નહિ પણ સગવડ ન સાચવી શકવા બદલ વિલખી થતી પત્નીને ઉપરથી પોતે આશ્વાસન આપશે કે 'હોય, એમાં શું થઇ ગયું ? તમારી કોઈ કસૂર નથી. બીજાં કામનો ભાર હોય તો બધે તે માણસ કયાંથી પહોંચી શકે ?' આ વર્તાવનું કેવું સુંદર પરિણામ આવે ? પત્નીનો પતિ ઉપર સદ્‌ભાવ કેઈ ગુણો વધી જાય. કુદરતી સદ્‌ભાવ, એથી સુખ અને સદ્‌વિચારણા વધારવાના આવા બધા રસ્તાઓ છે. સજ્જન દિલે સમાધાન કરી લેવું જોઈએ. પણ એનાથી વિપરીત વર્તવું હોય તો પછી સામા પાસેથી સદ્‌ભાવ ને બહુમાનની શી આશા રાખી શકાય ? વાત એકજ છે કે પોતાનું દિલ સજ્જન બનાવો.

જેવી પતિની સજ્જનતા, એવું જ પત્નીની સજ્જનતાનું સમજવું. એનેય પતિ તરફની કોઈ અગવડ દેખાઈ, ત્યાંય મનમાં પતિનું ગૌરવ ઊભું રાખીને પતિને કહે કે 'આપને અમારૂં કાર્ય ધ્યાનમાં તો છે જ. બીજા વધુ અગત્યના કામકાજમાં એ કાર્યનો સમય ન મળ્યો હોય; કે પૈસા ન ય પહોંચતા હોય; તેથી કાર્ય ન થયું હોય. તેમાં આપ શું કરો ?' આવું આવું આશ્વાસન પોતે મનાવે તો સામાનો પોતાના ઉપર કેટલો બધો સદ્‌ભાવ વધી જાય ! પિતાપુત્રના ભાઇભાઇના, માતાસંતાનના, મિત્રમિત્રના ઇત્યાદિ વ્યવહારો પર દિલની આ સજ્જનતાની ખૂબ છાયા હોય તો વ્યવહારો કેવા સ્વર્ગીય બની કેટલા બધા દીપી ઊઠે !

" **આપ ભલા** " બનવામાં મન બહુ ફેરૂં રહે છે; મન પવિત્ર રહે છે. કદાચ કોઈના તરફથી આપત્તિમાં મૂકાયા, તોય ત્યાં સમજવું જોઈએ કે આપણા પોતાના પાપનો ઉદય એમાં કારણ છે. ત્યારે 'રખેને ફસાઈ જઈએ, ફસાઈ જઈએ'– એમ વિચારી વિચારી સ્વજન સ્નેહી પ્રત્યે હરહંમેશ દિલ વહેમાતું અને વક્ર રાખવામાં શો લાભ છે ? પાપનો ઉદય હોય તો ભોગવવું તો પડે જ છે. માનોને કદાચ સામો સાચેસાચ દુર્જન છે, અને કંઈક નુકશાન આપણને કરે છે ય ખરો. પરંતુ ત્યાં એવા કોક પ્રસંગથી ડરીને મનને સતત મલિન શા માટે રાખવું ? થોકબંધ પાપોનું એથી સતત ઉપાર્જન થયા કરે એનું શું ? અહીંનું કોક નુકશાન તો અંતે એમજ ચાલ્યું જશે, પણ (૧) હૈયાના કુટિલ વક્ર સંસ્કાર અને એનાં ફળરૂપ પાપ માથે પડી જશે. (૨) દિલને સ્વજન

સ્નેહી તરફ વહેમાતા, વકે, દુભાતા અને ફરિયાદ કરતા રાખવાથી અરસપરસનાં જીવન ક્લેશમય બની જાય છે. (૩) ન જોઈતી આપદાઓ ઊઠે છે. (૪) સ્નેહી જ પોતાના વિરોધમાં રહે છે. (૫) જરૂર પડયે જિંદગીભરના જુવારા થાય છે. (૬) એકબીજાનું કાપતા ફરાય છે (૭) અરસપરસના સહકારથી નાતજાતમાં જે વટ આબરૂ વધે એમ હોય, સંપત્તિ વધે એમ હોય, અન્યોન્યની સહાયથી સુખસગવડ સારી રહે એમ હોય,–એ બધું અરસપરસના સહકાર તોડી વિરોધ જગાવવાથી ઊડી જાય છે. (૮) પોતાનું મન જિંદગીભર નિરાશા ભર્યું, અને (૯) આગળ વધીને નીચ-હલકટ વિચારોભર્યું બની જાય છે. કેવી દુર્દશા !! આ બધું શાથી ? 'આપ ભલા' ન બનવાથી; દિલ સજ્જનનું સીધું અને ઉદાર ન બનાવ્યાથી !

સજ્જન દિલમાં તો બીજાની સેંકડો ભૂલો કયાંય ઉંડાણમાં ઊતરી જાય છે; અને ઉપરથી એના પ્રત્યેનો નીતરતો પ્રેમ અને સદ્‌ભાવ વધતો રહે છે. અર્થાત્ સામાની ભૂલો એ ક્ષન્તવ્ય લાગે છે. અથવા ભૂલ રૂપજ નથી લાગતી, પણ સંયોગોની પરાધીનતા લાગે છે. એમ થાય છે કે 'એમના સંયોગો જ એવા હતા કે એમને શું, મારેય આવું કરવું પડે.' 'અરે ! હું તો આવું નજ કરું; આ તો એ મૂર્ખાઓ આવું કરે,' એમ પણ જો મનમાં આવે તોય વિચારવું ઘટે કે એમાંય એમની સમજણ નહિ માટે ને ? તો સમજણના અભાવે તો તુંય એવું કાં ન કરે ?

ઉદારતા:—ચક્રદેવનું સજ્જન-દિલ છે; તેથી મિત્ર માટે માની લે છે કે 'એના ગળામાંય આ માલ કયાંકથી આવી

ભરાણો કાં ન હોય ? એની સજ્જનતા મિત્રમાં દુર્જનતા હોવાનું માનવા ના પાડે છે. ત્યારે હવે એ જુઓ કે ચક્રદેવની પાછી ઉદારતા પણ કેટલી બધી ? મિત્ર ખાતર ભોગ આપવાની સાવધાની કેટલી ?

ચક્રદેવના આંગણે રાજાના અમલદારો આવ્યા છે; મહાજન આવ્યું છે; રાજાએ કડક ઢંઢેરો પીટાવ્યો છે; પોતેય જાણે છે કે આમાં દેહાંત દંડની સજા થાય, મિત્રના બચાવ તરફ જોવા જશે તો પોતાની આબરૂ અને પ્રાણ સુદ્ધાં ઉડી જશે ! આ બધા સંયોગોની વચમાં વિચારો કે ઉદારતા રહેવી એ કેટલી મોંઘી છે ! કેટલી બધી અસંભવિત જેવી છે ! ત્યાં મિત્ર ખાતર જાત પર બધું વહોરી લેવા તૈયાર છે, એ એની મહાન વિશેષતા ગણાય. આવી ઉદારતાની વિશેષતા કાંઇ અનાદિકાળથી નથી ચાલી આવતી. કોઇક ને કોઇક ભવમાં મન ન માને તોય એને દબાવીને આવી ઉદારતા કેળવવી જોઈએ છે. ઉદારતાનો કોઈ અમલ કરવો જરૂરી રહે છે. ચક્રદેવના જીવે સોમાના ભવમાં સારો ધર્મપુરુષાર્થ પ્રારંભ્યો છે ! પોતાના વિચારને અનુકૂળ નહિ એવા પતિ પ્રત્યે ય પોતે ગુસ્સે ન થવાની અને સદ્‌ભાવ રાખવાની ઉદારતા કેળવી છે. તેથી તો પતિના વચન પર ઘડામાં એમજ હાથ ઘાલી ફૂલની માળા લેવા ગઈ; પણ સાપથી ડસાઇ, તોય પતિનું બુરૂં ન ચિંતવ્યું. તેથી મરીને દેવ થઈ ! ત્યાંય પતિ ઉપર વૈર લેવા, પતિને હવે ખોખરો કરવા ન આવી ! ઉદારતા વિના આ બધું શું શકય છે ?

એનું આ રુડું પરિણામ છે કે એ ઉદારતાનું વૃક્ષ ફાલેફૂલે છે. એટલે અહીં મિત્રને બચાવી રાખવાની અને જાતે બધું

વેઠી લેવાની ઉદારતા દાખવે છે. આમ જો ઉદારતા કેળવતાં આવડે તો તો દિલ બહારથી સંસારી જીવનું દેખાવા છતાં અંદરથી સંતનું બની જાય છે. એમાં તો કોકવાર જીવનનો ભોગ આપવો પડે તોય કાયરતા કરશો મા. ભૂલતા નહિ કે જીવનની કુરબાની (ભોગ) તો તુચ્છ સ્વાર્થ અને અજ્ઞાનતા પાછળ અનંતી વખત આપ્યા છે. પતંગીયા થઈ થઈને દીવાના ઝગમગાટમાં લોભાઇ, માછલા બની બનીને જળ ઉપરના આવાના લોભમાં તણાઈ, હરણિયાના અવતારે શિકારીના માયાવી સંગીતમાં આકર્ષાઇ, વગેરે વગેરે સ્થિતિઓમાં જીવનના ભોગ કયાં ઓછા આપ્યા છે ? અને એમાં તો પછીથી ય દુર્ગતિના ઇનામ ! ત્યારે નિઃસ્વાર્થ સજ્ઞાન ઉદારતામાં તો ઇનામ સુસંસ્કાર અને પુણ્યાનુબંધી પુણ્યના ખજાનાનું ! સમજવું જોઇએ કે એવા કોઈ પ્રસંગ આવે એ તો ઉદારતા વાપરવાનો બરી રીતે મોકો ઊભો થયો. નહિતર ચાલુ સ્થિતિમાં તો શી મોટી ઉદારતા દાખવવાની હતી ? એવા કોઇ ગાઢ પ્રસંગમાં ખાસ ઉદારતા વાપરવાનો અવસર મળે છે, ત્યાં ચૂક્યા એટલે બજારમાં બરાબર મનગમતો ભાવ આવ્યો છતાં વેપાર કરવો ચૂક્યા બરાબર છે. ઉદારતાદિ ગુણોથી જ દુર્ગતિને તાળાં લાગે છે, અને સદ્ગતિ રાહ જુએ છે.

ચક્રદેવે કહી દીધું કે "આ માલ મારો છે."

કારભારી પૂછે છે કે "તો પછી કેમ આના ઉપર ચંદન શેઠનું નામ લખ્યું છે ?"

"તે હું જાણતો નથી, ગમે તે રીતે બાલી વાસણની ફેરબદલી થઈ હોવા સંભવ છે." ચક્રદેવે ઉત્તર વાળ્યો.

એના ઉપર કારભારી જડતી લેવા કહે છે, "ભલે, તો એ કહો કે આ કેટલી રકમનું વાસણ છે? અથવા આમાં કેટલું દ્રવ્ય ભર્યું છે?"

ચક્રદેવ કહે છે "મને બરાબર યાદ નથી. તમે જ સ્વયં જોઈ લો."

ચક્રદેવે મિત્રના માથે આપત્તિ ન જાય એ માટે બધો ભાર પોતાના માથે લીધો. શું એ જાણતો નથી કે 'તપાસ ચાલશે એમાં જો આપણે જ ચોર તરીકે પકડાયા તો શું પરિણામ?' પણ પરિણામ ગમે તે આવો, કિન્તુ અહીં તો મિત્ર ઉપર ગંધ સરખીય જવા નથી દેવી, એ નિર્ધાર છે.

નોંધ સાથે વાસણને મેળવે છેઃ—પછી કારભારીએ ચંદનશેઠના ખજાનચીને પૂછ્યું, "ચંદનશેઠનું વાસણ કયા નાણાંથી ભરેલું હતું અથવા કેટલી રકમનું હતું? વાંચો કાગળ વાંચો." ચોરાયેલા માલની વિગતનો કાગળ વંચાવ્યો તો એમાં વાસણ, સોનામહોરો સહિત અને દસ હજારની રકમનું લખેલું મળ્યું. પછી વાસણ ખોલાવ્યું. અંદર જોવરાવતાં નોંધના કાગળની વિગત બરાબર મળતી આવી. નગરવૃદ્ધો અને કારભારીઓ તો આશ્ચર્ય પામી ગયા. એમને એમ થયું કે 'અપ્રતિહતચક્ર સાર્થવાહના પુત્ર આ ચક્રદેવમાં આવું કેમ બન્યું હશે?' પાછા એ છે સમજુ, હજી ય ચક્રદેવને એકદમ ચોર માની લઈ પકડી જતા નથી. વળી કાંઈ બીજો ખુલાસો મળે છે? એ હિસાબે ફરી પૂછે છે,

"સાર્થવાહપુત્ર! આ તો રાજાનો હુકમ છે, તેથી ચોકખું જે હોય તે કહે કે આ તારી પાસે કયાંથી આવ્યું?"

અહીં અવધિજ્ઞાની મહર્ષિ એ ભવની પોતાની હકીકત કહેતાં કહે છે કે તે વખતે મને (ચક્રદેવને) પાછો મિત્ર અંગે પૂર્વના જેવો જ વિચાર આવ્યો. શો? એ જ કે વિશ્વાસભંગ કેમ કરાય?....ઇત્યાદિ. તેથી મેં એનો એ જ જવાબ આપ્યો. How much boldness & desire & sacrifice? કેટલી બધી હિંમત! કેટકેટલો ભોગ! કેટલી બધી કુરબાની આપવાની વૃત્તિ! હિંમત તો હજી આવે, પણ ભોગ આપવાની તૈયારી? નાની પ્રજાને કુરબાની આપવાનાં શિક્ષણ અપાય છે?

અહીં વાત નક્કી થઈ ગઈ છે કે માલ જે ચંદનશેઠનો ચોરાયેલો તે જ છે. તો પછી પ્રશ્ન થાય કે

પ્ર૦:—ત્યારે વાસણ જેની પાસેથી આવ્યું તેના માટે પહેલાં અભયદાન માગી લઈને પછી ખુલાસો ન કરી દેવાય?

ઉ૦:—ચક્રદેવ ન કરે. કેમકે એ સમજે છે કે આ તો રાજશાસન. એમાં મિત્રનું નામ બહાર આવતાં એ સંકટમાં મૂકાયા વિના રહે નહિ; પછી ભલેને એની પાસે વળી બીજા કનેથી આવ્યું હોય.

ચક્રદેવનો એકનો એક ઉત્તર સાંભળી નવો ખુલાસો ન મળવાથી નગરવૃદ્ધો અને અમલદારો લાચાર બની ગયા; 'ધિક્કાર હો દૈવને' એમ બોલી ઊઠ્યા; અને હવે તો એમ પણ પૂછે છે કે

"તમારા ઘરમાં બીજાનું કંઈ બીજું પણ નથી ને?"

ચક્રદેવ કહે છે કે "ના કાંઈ નથી."

બીજો પણ ચોરીનો માલ નીકળ્યો!: રાજા

પાસેઃ—ત્યારબાદ તેઓએ ચોરાયેલ માલની નોંધ વંચાવીને વિશેષ ચોકસાઈથી ઘર તપાસ્યું; તો નોંધમાં લખેલો બાકીનો બધો જ માલ નીકળી આવ્યો. હવે નગરરક્ષકોની કયાં સુધી શાંતિ અને ધીરજ રહે? ચક્રદેવ ઉપર ગુસ્સે થઈ ગયા અને એને રાજા પાસે લઈ ગયા. કડક હુકમ કરનારા રાજાને બધી બનેલી વાત કરી.

સહ્યા વિના નૂર ન પ્રગટેઃ—ચક્રદેવ કાંઈપણ બોલે છે? હજીય રાજાને ખુલાસો કરવા તૈયાર છે? ના. કેમ ના? સમજે છે કે આ કસોટીનો સમય છે. કસોટીના સમયમાં ઉથલપાથલ થાય. ત્યાં જ ધીરજ જોઈએ. નિશાળિયા બાર મહિના એમ જ સીધા સાદા કાઢે છે;—રોજ શાળાએ જવું; ઘેર પાછા આવવું; ભણવું; ન આવડે તોય બહુ મોટા ફેર-ફારનું નુકશાન નહિ. પરંતુ વાર્ષિક પરીક્ષા વખતે? મહાન ઉથલપાથલ! જો પરીક્ષા પાસ ન કરે, સફળતાથી પસાર ન કરે, તો 'ફરી બાર મહિના રહો એ જ ધોરણમાં!' માટે પરીક્ષા સારૂ કેટલું વેઠે છે! કેટકેટલી મહેનત કરે છે! બાર મહિનામાં કયારેય ન કરી હોય તેવી અને તેટલી મહેનત! સોનું ય સો ટચનું સાબિત થવા છેલ્લી પરીક્ષામાં ધીખતા અગ્નિની જ્વાળાઓ સહે છે. સહ્યા વિના તો નૂર પ્રગટ કયાંથી થાય? ચક્રદેવ આ સમજે છે; તેથી જ પોતાની હિંમત, ઉદારતા, મિત્ર-વિશ્વાસનું પાલન વગેરે ગુણોને ગમે તે ભોગે અખંડ રાખે છે.

રાજાની મોટાઈઃ—કારભારીએ રાજાને બધી હકીકત કહી એટલે તો એમાં એ પણ કહ્યું જ હોય ને કે 'ચંદન-

શેઠનો બધો માલ ચક્રદેવની પાસેથી નીકળ્યો ! છતાં ચક્રદેવે ઠેઠ સુધી ન તો ચોરીનો ગુનો કબૂલ્યો, કે ન તો એ માલ બીજા પાસેથી આવી જવાનું કહ્યું. ઉપરથી પોતાનો જ માલ છે એમ બોલ્યા કર્યું ! એ સમાચાર રાજાને કહ્યા છતાં જે છેલ્લી સ્થિતિ પર કારભારીઓ ગુસ્સે થઈ ગયા હતા, એને પણ સાંભળીને રાજા ગુસ્સે નથી થતા ! પણ શાંતિથી ચક્રદેવને પૂછે છે. મોટા માણસોની મોટાઈ જોવા જેવી હોય છે. એ એકદમ ઊછળી કે ઊકળી નહિ ઊઠે. કહે છે ને કે અધૂરો ઘડો છલકાય, ભરેલો નહિ. કાંસાની થાળી ખખડી ઉઠે, સોનાની નહિ. મોટાઈ તો જ સચવાય કે જો ગંભીરતા, ઠરેલતા, પીઢપણું, સહિષ્ણુતા વગેરે ગુણો કેળવતાં આવડે. કોઈ કોઈ બાળ-કુમાર-યુવાનોમાં આ ગુણો દેખાય છે, એ પૂર્વ જન્મના સુસંસ્કારનું ફળ હોય છે.

રાજાનો પ્રશ્ન:--રાજા ગુસ્સે થયા વિના ચક્રદેવને કહે છે, "જો સાર્થવાહપુત્ર ! તું તો ઉભય લોકના હિતાહિત માર્ગનો જાણકાર છે. તેથી આવું અ-સાધુ જનને ઉચિત, હલકા જનને છાજતું કાર્ય તારામાં હું માની શકતો નથી. મને એ તારામાં અસંભાવનીય લાગે છે. તેથી એ કહી દે કે આની પાછળ રહસ્ય શું છે ?--અર્થાત્ તું તો હિતાહિત માર્ગનો જ્ઞાતા હોઈ આવું કાર્ય કરે જ નહિ. છતાં તારા ઘરમાંથી આ માલ નીકળ્યો, તો એની પાછળ કોઇ છૂપું રહસ્ય હોવું જોઈએ; તો કહે, એ શું છે ?"

ચક્રદેવ દેશનિકાલ:—અવધિજ્ઞાની મહર્ષિ એ વખતે પોતાની ચક્રદેવના ભવમાં જે સ્થિતિ થઈ, તેને વર્ણવતાં કહે

છે કે રાજાના આ પ્રશ્ન ઉપર વળી પાછા મને તો એજ વિચાર આવ્યા, 'મિત્રના પ્રાણ જોખમમાં કેમ મૂકાય,....'વગેરે એજ વિચારીને પછી તો રાજાની આગળ કાંઇપણ ન બોલતાં મારી આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. હું મનમાં સમજ્યું કે 'અહો ! મિત્રનું નામ બહાર કઢાવવા કેવી ઉપરાપર કસોટી થઈ રહી છે ! તેમજ મારા ઉપર કેવાં અપમાન પરાભવ વરસી રહ્યા છે !' તેથી મારી આંખમાં આંસુ છે, ત્યારે રાજા મનમાં એજ આંસુ જોઈને શંકા ખાય છે કે ' સંભવ છે ચક્રદેવથી આ ચોરીની ભૂલ થઈ ગઈ હોય,' છતાં રાજાને મારા પિતા પર બહુમાન છે તેથી એક પણ અયોગ્ય બોલ મને ન સંભળાવ્યો! મારી કોઈ કદર્થના વિટંબણા ન કરી ! માત્ર પોતાને ન્યાય બજાવવો, તેથી મને દેશ છોડી ચાલી જવા કહ્યું. રાજાના માણસો મને નગરની બહાર લઈ ગયા અને નગરદેવતાના વનની પાસે છોડી દીધો. પછી રાજપુરુષો તો પાછા ફરી ગયા, પરંતુ મને આ બધી પરિસ્થિતિ અસહ્ય થઈ પડી, મને હૃદયવેધી વિચાર આવ્યો કે, "આટલા બધા અપમાનના પાત્ર બનેલા જીવતરને હજી પણ ટકાવવાનું શું કામ છે? તેથી નગરદેવતાના ઉદ્યાનની નજીકના આ વડના ઝાડ પરથી ગળે ફાંસો ખાઈ મારી જાતને લટકાવી દઉં, હવે આત્મહત્યા જ કરી દઉં."

જીવનમાં દ્વિધાવૃત્તિ:—હવે અહીં જુઓ કે ચક્રદેવના પિતા ઉપર રાજાને બહુમાન હોવાથી ચક્રદેવને કોઈ ટોણો ઠપકો ન દીધો; એ એની કદરદાની ! છતાં ન્યાય એ ન્યાય. ચંદનશેઠનો ચોરાયેલો માલ બરાબર ચક્રદેવ પાસેથી મળ્યો;

તેથી એને દેશનિકાલની સજા ફરમાવી. બીજી કોઈ એની નાલેશી નહિ કરતાં માત્ર દેશ છોડી ચાલ્યા જવાનું કહ્યું. જીવનમાં આવી ઘણી દ્વૈધી ભાવની વૃત્તિઓ રાખવી પડે છે. તો જ જીવન યોગ્ય રીતે જીવી શકાય છે. તો જ જુદા જુદા પ્રસંગને ઉચિત ન્યાય આપી શકાય છે. આશ્રિત ઉપર અવસરે પ્રેમ વાત્સલ્ય દાખવવાનું હોય છે, અને અવસરે કડકાઈ બતાવવાની રહે છે. માલિકને જ્યાં પ્રેમ, એના જ ઉપર કડકાઈ, આ દ્વિધાવૃત્તિ કહેવાય; જેને બીજા શબ્દમાં 'ભીમ અને કાન્ત' ગુણ કહેવાય છે. રાજા પણ અપમાન-વિટંબણા કાંઈ નથી કરતો છતાં ચોરીનો માલ નીકળવા ઉપર સજા જરૂર કરે છે. આ દ્વિધાવૃત્તિ થઈ. સમકિતી આત્મા કુટુંબ ઉપર પણ વિરાગી હોય છે. છતાં એના પર દ્વેષ નથી કરતો. પરંતુ ઉચિત રીતે વર્તે છે.

સમકિતી જીવનની બેવડી જવાબદારી:—

જુદી જુદી જવાબદારીઓ અદા કરવા માટે તેને યોગ્ય તેવી તેવી વૃત્તિ-પ્રવૃત્તિ જોઈએ; વિચાર-વર્તાવ જોઈએ. રાજાના માથે પ્રજાના દરેક જણ ઉપર નિષ્પક્ષપાત વલણની અને યથાયોગ્ય રક્ષણ આપવાની જવાબદારી છે. એની રૂએ ચંદન-શેઠની ચોરી થવાની સામે ચક્રદેવને સજા કરી. તેમ રાજાના મસ્તક પર સુયોગ્ય કુળ ઉપર બહુમાનભર્યું વલણ વર્તાવ રાખવાની પણ જવાબદારી છે. તો એને અદા કરવા કોઇ જાતના ટોણાં, ઠપકા ન દીધાં; કે કદર્થના ન કરી. સમકિતી જીવમાં પણ એવું જ છે. એના શિર પર મોક્ષાભિલાષી તરીકેની જવાબદારી છે તેની રૂએ, એ શું બીજા, કે શું કુટુંબ,-કયાંય મમત્વવાળો નથી થતો; કયાંય રસ અને

આકર્ષણવાળો નથી બનતો; પણ વિરાગી રહે છે. જો એ આવો ન હોય તો એણે મોક્ષેચ્છા શી બનાવી? જો પોતે મોક્ષનો ચાહક છે, અને મોક્ષ એટલે 'સર્વ સંયોગોથી મૂકાઈ જવું, છૂટી જવું,' છે, તો એના ચાહક તરીકે સર્વે સંયોગો પ્રત્યે હવે એને આકર્ષણ ન જોઈએ; ચાહે મનગમતી પ્રીતિ કે સેવા કરનાર કુટુંબપરિવાર હોય, તોય શું થઈ ગયું? એ સંયોગની પણ આંતરિક ચાહના ન જ રખાય. એમાં હિત ન જ મનાય. એનું જ નામ વૈરાગ્ય. એવી રીતે બીજી જવાબદારી છે ધર્મી આત્મા તરીકેની કીર્તિ રક્ષવાની. એ માટે સંસારના વ્યવહાર સંબંધથી જોડાયેલા કુટુંબ-પરિવારનું ઉચિત સાચવવાનું કર્તવ્ય આવી રહે છે. આમ જીવનમાં તે તે યોગ્ય જવાબદારીઓને શોભતી તેવી હાર્દિક વૃત્તિ અને કાયિક પ્રવૃત્તિ જોઈએ છે. 'યોગ્ય જવાબદારીઓને શોભતી' એમાં જવાબદારી યોગ્ય એટલા માટે કહેવી પડે છે કે ચોર બાપની પુત્ર પ્રત્યે ચોર બાપ તરીકેની જવાબદારી યોગ્ય નથી. એમાં તો ચોરી કરવાનું શિક્ષણ આપવાનું કુકર્તવ્ય બજાવવાની વાત આવે. તે યોગ્ય નથી.

કુલીનતા અને ગુણિયલતા:--વાત એ ચાલે છે કે રાજાએ પોતાનું બજાવ્યું. અહીં ચક્રદેવની હવે ધીરજ ખૂટી જાય છે. અપમાનભર્યું જીવવા કરતાં આપઘાત કરવાનું એ ઇચ્છે છે. કુલીન આત્માને અપમાન અસહ્ય થઈ પડે છે. નિર્દોષ ગુણિયલ જીવને સતત અપરાધી અને દુર્ગુણી તરીકેની ખ્યાતિમાં બેસી રહેવાનું પ્રાયઃ નથી રુચતું. ચક્રદેવ કાયર નથી એટલે હવે વિચારો વધારવા થોભતો નથી. એ

તો ફાંસો ખાઇ લટકી મરવા ઝાડ તરફ જવા માંડ્યો. પરંતુ ત્યારે અહીં રાજમહેલમાં એક વિચિત્ર ઘટના બની!

રાજમહેલમાં વિચિત્ર ઘટના : દેવવાણી:--તે એ હતી કે રાજાની માતા ધ્રૂણવા લાગી. ઘું....હું....એમ ઘુંકારા હુંકારા કરવા લાગી. તેથી ત્યાં રાજાને બોલાવવામાં આવે છે. એ આશ્ચર્ય પામે છે કે આ શું થયું!

પૂછે છે, "માતાજી! આ શું?"

"હું....ઘું....હવે પૂછવા નીકળ્યો?"

"કેમ માડી? શું ગુનો મારો? ક્ષમા કરો."

"હું....હું....ગુનો પૂછે છે? ઘું....પેલા બિચારા નિર્દોષ ચક્રદેવના પ્રાણ કઢાવી નાખશે?...હું...પછી ક્ષમા માગવાની?"

"શું કહો છો મા! સાચે જ એ નિર્દોષ છે?"

"નહિતર? ગુનેગાર તો લુચ્ચો યજ્ઞદેવ છે. સજ્જન અને ઉદાર એવા ચક્રદેવને ફસાવવા માટે તો પોતે ચોરી કરીને માલ ચક્રદેવને પકડાવીને ચોરી એના માથે ઓઢાડવાનો એણે પેંતરો રચ્યો છે! પણ તને ભાન છે કે ચક્રદેવ આ તારી તપાસ અને સજાનું અપમાન સહન નહિ કરી શકવાથી જંગલમાં આપઘાત કરવાની તૈયારીમાં છે?"

"અરે મા! આ તમને કેમ ખબર પડી?"

"હું નગરની રક્ષક દેવતા છું. અવધિજ્ઞાનથી આવા મહાસજ્જન ઉત્તમ પુરુષ ચક્રદેવ પર એને મરવું પડે ત્યાં સુધીની વિટંબણા થતી જોઈ એના પર મને લાગણી અને ભક્તિ ઉભરાઇ આવી. તેથી આમ તો હું બચાવી લઉં, પણ તને કહેવા આવી છું. ચક્રદેવ પોતાની આ બદબોઈ જોઇને

નગરના ઉદ્યાનની પાસે અમુક વડના ઝાડ ઉપર શાખાએ ગળાફાંસો ખાઈ લટકી મરવા તૈયાર થયો છે; તો જલદી એને તેમ કરતો અટકાવ; અને સન્માનપૂર્વક નગરમાં એને પ્રવેશ કરાવ.

જીવનું કયાં ઊપજે–ન ઊપજે ?:–પુણ્ય શું કામ કરે છે ! તકલીફમાં જીવને ઠેઠ પહોંચવાનું થવા છતાં આત્માની અંદરથી કોક એવો પ્રબળ પુણ્ય–વંટોળ ઊભો થાય છે કે એ બધી તકલીફ––આપત્તિનાં વાદળાંને વિખેરી નાખે છે !'

પુણ્ય–પાપના ખેલમાં માણસનું શું ઊપજે છે ? કંઈજ નહિ. પાપ પ્રબળ હોય તો લાખ પ્રયત્ન કર્યેય કષ્ટ ન ટળે; અને પુણ્ય પ્રબળ બને તો નક્કી જેવી થયેલી ઘોર આપત્તિઓ ય વિના પ્રયત્ને ટળી જાય.

માણસનું ઊપજે છે ગુણદોષ ઉપર, ધર્મઅધર્મ ઉપર. ધારે તો દોષ અને પાપ અટકાવી ગુણ અને ધર્મને સિદ્ધ કરવાનું કરી શકે છે. એ એની હાથની વાત છે. પુણ્ય–પાપના ઉદયનો સામનો કરવાનું એના હાથમાં નથી. ત્યાં કાંઈ એનું ઊપજે એવું નથી. તો ત્યાં મથવાની મૂર્ખાઈ શા સારૂ કરવી ? જ્યાં ઊપજી શકે છે એવા દોષત્યાગ અને ગુણસંપાદનમાં બેપરવાઈ કરવાની શી જરૂર ? અસ્તુ.

સત્યવાળાએ ધીરજ ધરવી પડે:—ચક્રદેવનો પુણ્યોદય જાગ્રત્ થયો એટલે રાજાને ખરી બાતમી જાણવા મળી. રાજા દેવતાના શબ્દ સાંભળી ચોંકી ઊઠ્યો ! એનું હૈયું સળવળી ઉઠ્યું ! એક બાજુ લુચ્ચા યજ્ઞદેવ પર મહા-ગુસ્સો અને બીજી બાજુ પશ્ચાત્તાપ સાથે ચક્રદેવ ઉપર અધિક સ્નેહ;–આવા મિશ્ર રસને અનુભવતો તરત જ ઊઠ્યો.

ત્યાંથી. કેમકે વિલંબ કરવાનો હવે અવસર નથી. ચક્રદેવ કાંઈ રાહ જુએ એવો નથી કે 'મને કોઈ બચાવે.' એ તો મરવાની તૈયારીમાં છે. પણ ગુણપક્ષપાતી દેવતા એમ એને શાનો મરવા દે ? કારભારીઓ કારભારૂ કરીને, નગરના પંચાયતીઓ પંચાયત કરીને, જે સત્ય નહોતા તારવી શકયા તે સત્ય રાજાને દેવતાએ યથાસ્થિત જણાવી દીધું. કહે છે ને અંતે સત્યનો જય. ધર્મ-અધર્મ બેમાં ધર્મનો જ વિજય છે. પાપનો ઘડો ફૂટ્યા વિના રહે ? માત્ર સત્યવાળાએ, ને ધર્મના પક્ષકારે ધીરજ ધરવી જોઈએ. 'ચડ ચૂલા ખીચડી ખાઉં' એમ કાંઈ ખીચડી ચૂલે મૂકયા બરાબર તૈયાર ન થાય. આપણે તો આપણી જાતને એટલું જ સમજાવી રાખવાનું કે 'તું તારે તારૂં ધર્મ-કર્તવ્ય બજાવ્યે જા. એનાથી આત્માને તો એકાંતે સતત લાભ જ થઈ રહ્યો છે. પછી અધીરાઈ શા સારૂ કે મારૂં સત્ય બહાર ન આવ્યું ? પુણ્યની ખામી હોય તો બહાર ન ય આવે. પણ તેથી કાંઈ સત્ય એ સત્ય તરીકે મટી જતું નથી."

રાજા ચક્રદેવને બચાવવા નગર બહાર-રાજાને હવે તલપાપડ ઇંતેજારી થઈ છે. તેથી એકદમ ઊઠીને હુકમ કરે છે, 'અરે ! પકડો પેલા દુરાચારી યજ્ઞદેવને પકડો !' હુકમ કરીને પોતે એકદમ ગભરાટમાં છે, 'હાય ચક્રદેવનું શું થયું હશે ! હેં, ફાંસો ખાધો હશે ? શું મારાથી નહિ બચે....?' વગેરે ગભરામણમાં યજ્ઞદેવ આવ્યાની રાહ ન જોતાં પોતાની મુખ્ય હાથણી ઉપર બેસીને ત્યાં નજીકમાં રહેલા પોતાના માણસોને લઈ પોતે ઝટપટ નગરની બહાર દોડી પોહે છે.

તે ઉદ્યાનમાં પહોંચી ગયો. તો શું એ મરવાને ઉતાવળા થયેલા ચક્રદેવને બચાવી શકશે? કહોને કે બચવા ન બચવાની આપણને ખબર નથી પડતી. એક જ ક્ષણવાર પછી બચવાનું હોય કે મરવાનું હોય તોય માત્ર એક ક્ષણ પૂર્વે એની ખબર આપણને પડી શકતી નથી ! નહિતર માણસ શાનો મોટર આગ–વગેરેના અકસ્માતનો ભોગ બને ? ત્યારે,

ક્ષણ પછીનું ય ન ખ્યાલમાં આવે એ મૂળસ્વરૂપે અનંતાનંત કાળનું બધું જ જોઈ શકવાના સામર્થ્યને ધરનારા આપણા આત્માની કેવી કંગાળ દશા ! કેવી ભયંકર પરાધીન દશા ! આનો બરાબર ખ્યાલ રાખીને માણસે (૧) સદા જ્ઞાની ભગવંતનાં શરણ ધરવાં જોઈએ, પડખાં સેવવાં જોઈએ; એમની વાણીને અનુસરવાનું જ એક માત્ર કર્તવ્ય કરવું જોઈએ; તેમજ (૨) જાતના અહંત્વ, દુરાગ્રહાદિ ન કરવા ઘટે. (૩) આવી દુર્દશાની હાલત વખતે નિશ્ચિતપણે અમનચમનિયાં ઉડાવવાં ન છાજે, મોજબોજ ઊડી જવી જોઈએ.

ચક્રદેવને બચાવી લે છે—રાજા પહોંચે એટલામાં તો ચક્રદેવે શું કર્યું છે ? ઝાડ પર ચઢી પોતાના ઉત્તરાસંગ (ખેસ) વસ્ત્રનો એક છેડો ઝાડની ડાળીએ બાંધ્યો છે. અને બીજા છેડાનો ફાંસો (ગાળો) કરીને એમાં પોતાની ડોક ઘાલી છે; અને હવે એ લટકી મરવાની તૈયારીમાં છે ! એ સ્થિતિમાં દૂરથી રાજાએ એને જોયો. જોતાંવેંત જ એના દિલમાં એકદમ સંભ્રમ ઊઠ્યો; ભડક લાગી, હૃદય વધુ ધબકારા લેવા માંડ્યું. રખેને આ એકદમ પડતું ન મૂકે....એટલે તરત જ બૂમ મારે છે "હે ચક્રદેવ ! સાહસ ન કરજે,

સાહસ ન કરજે.” બૂમો બારતો અને હાથણીને જોરથી દોડાવતો ઝપાટામાં તે ઝાડની નીચે આવી લાગ્યો. રાજા પોતાના હાથે ફાંસો ગળામાંથી દૂર કરીને હાથણી ઉપર જ ચક્રદેવને પોતાના હાથમાં ધરી લે છે. હવે મનનો ગભરાટ દૂર થાય છે, આનંદનો પાર નથી. જાણે કોઈ અપૂર્વ લાભ થઇ ગયો ! વાત પણ ઠીક જ છે. આવા મહાસજ્જન નર-રત્નનો નાશ થઇ જતો અકટચો, એ સહૃદયને મન મામુલી સિદ્ધિ નથી ! મહાન સિદ્ધિ છે ! સહૃદયોના ખરા આનંદ આવા આવા જ હોય છે. રાજા ગળગળો થઈને ચક્રદેવને બહુ જ બહુમાન સાથે કહે છે “અરે, સાર્થવાહપુત્ર ! તને મેં પૂછ્યું છતાં તારે મને અરી વાત ન કહેવી શું યોગ્ય હતી ?”

ચક્રદેવનું પારમાર્થિક દુઃખ—રાજાના આ બોલ પર ચક્રદેવ ચોંકી ઊઠ્યો ! એને એમ થયું કે ‘અરે ! આ શું ? શું કોઈએ મિત્રનું રહસ્ય ખુલ્લું કર્યું હશે ?’ જોજો કે પોતે મરવાની અણી પર હતો એમાં રાજાએ આવીને રોકી બહુમાન સાથે ઉતાર્યો એનો આનંદ નથી ! પણ રાજાના શબ્દો દ્વારા મિત્રનું રહસ્ય પ્રગટ થયાની સંભાવના જાણી એને પારમાર્થિક દુઃખ છે ! સ્વાર્થિક દુઃખ જુદું, અને પારમાર્થિક દુઃખ જુદું ! એમાં પાછું રાજા એટલામાં જ જ્યાં ખુલાસો કરે છે ત્યાં તો એ જોવા જેવું છે કે આ ઉત્તમ હૃદય કેવી ઉદાત્ત સાત્ત્વિક વિચારણા પર ચઢે છે !

રાજા કહે છે, “જો, સાર્થવાહપુત્ર ! તેં તો મને ન કહ્યું, પણ ભગવતી નગરદેવતાએ માતાજીના દેહમાં પ્રવેશ

કરીને મને 'ચક્રદેવ નિર્દોષ છે અને આમાં ગુનેગાર દુરાચારી યજ્ઞદેવ છે.'–એ બનાવ દેવતાએ કહ્યો. તો તું મને ક્ષમા કરજે, કેમકે મને અંદરના રહસ્યની ખબર નહિ હોવાથી મેં તને કદર્થના પહોંચાડી!"

સજ્જન દુર્જનના ભેદઃ—રાજાને પશ્ચાત્તાપનો પાર નથી! ચક્રદેવ જેવા મહાન સજ્જન માણસને કનડગત અને અવહેલના કરી એ બદલ હૈયું સંતાપ અનુભવી રહ્યું છે. ક્યાં પોતાની દુર્જનને દંડવાની અને સજ્જનને સન્માનવાની રાજનીતિની મહાન જવાબદારી? એની સામે પ્રસ્તુતમાં ક્યાં દુર્જનના જ શબ્દને આધારે ચાલી સજ્જનને દંડવાની, તેય દેશનિકાલ સુધીની મહાકદર્થના પમાડવાની કરેલી પાપી પ્રવૃત્તિ? એમ પોતાના દિલમાં બળતરાનો અગ્નિ ભભૂકી રહ્યો છે. સજ્જનના હૈયામાં પોતાનાથી અજાણે પણ કોઈનું બગાડવાની થઈ ગયેલી ભૂલના મહાન પશ્ચાત્તાપ હોય છે. તો જ એ સજ્જન છે. દુર્જનને તો પોતાને ભૂલ જ નથી લાગતી પછી પશ્ચાત્તાપ શા? એને તો બીજાનું બગાડવું એ કર્તવ્ય લાગે છે! ત્યારે સજ્જનના હૈયે 'મારાથી કોઈનું જરાય બરાબ ન થાઓ'–એવી ભલી વૃત્તિ સજ્જન હૈયામાં ઊંડે ઊંડે બેઠી હોઈને ત્યાં બીજાનું ન બગાડવાની સતત જાગૃતિ અને અજાણે બગાડ્યાનો ભારે શોક હોય છે. સજ્જન–દુર્જનના આવા ભેદ હોય છે. સજ્જન સતત બીજાનું ભલું ચાહી ચાહીને પોતાના અંતરને વધુ ને વધુ પવિત્ર અને પ્રકાશવાળું કરી રહ્યો હોય છે. ત્યારે દુર્જન પોતાનો તુચ્છ સ્વાર્થ સાધવા કે મેલી વૃત્તિ પોષવા, બીજાનું બુરું

ઇચ્છી ઇચ્છીને ઉત્તમ માનવભવે પણ પોતાના અંતરને વધારે ને વધારે મલિન અને અંધકારવાળું કરી રહે છે.

હવે જુઓ ચક્રદેવની એ સાંભળીને દશા.

ચક્રદેવના ભવ્ય ઉદ્‌ગાર:–અવધિજ્ઞાની મહર્ષિ પોતાનું ચરિત્ર વર્ણવતાં કહે છે કે રાજાની આ વાણી સાંભળી મને (ચક્રદેવને) દિલમાં ભારે દુઃખ એ થયું કે 'અરેરે ! હવે તો બિચારો યજ્ઞદેવ સંકટમાં આવી પડ્યો !' પણ એને બચાવી લેવા મેં (ચક્રદેવે) રાજાને કહ્યું કે,

"મહારાજા ! આપે મને ક્યાં કશી કદર્થના કરી છે ? પ્રજાનું રક્ષણ કરવામાં તત્પર એવા આપને આ તો રાજ-ધર્મ છે કે કોઈની માલ ચોરાયાની ફરીયાદ હોય તો તેની બરાબર તપાસ કરાવવી. એ હિસાબે જ આપે જે કાંઈ કર્યું તે યોગ્ય જ છે. એમાં આપનો કોઈ જ દોષ નથી. માત્ર મારૂં નમ્રભાવે એટલું જ કહેવું છે કે યજ્ઞદેવની પાસે પણ આ માલ ક્યાંથી આવ્યો એનું મૂળ તપાસાવો. યજ્ઞદેવના વિષે ચોરીની શંકા ન કરશો. કેમકે એ મહાનુભાવમાં આવું અયોગ્ય આચરણ સંભવતું નથી."

ચક્રદેવનો મહા વિવેક અને સજ્જનતા!:— ચક્રદેવનું દિલ જુઓ. સજ્જનતા ઉપરાંત મિત્રભક્તિ કેટલી અસ્થિમજ્જા કરી હોય ત્યારે આવા સંયોગમાંય કે જ્યાં દેવતા પક્ષ કરે છે અને રાજા માફી માગે છે ત્યાંય વિવેક અને સજ્જનતાની રૂએ રાજાને ટોણો મારવાનું મન નથી થતું ! અરે, એમ પણ નથી થતું કે 'બને ! તમે ય માણસ છો. ભૂલ થઈ જાય !' એવો પણ વિચાર કે ઉચ્ચાર નથી !

ઉલ્ટું એમ મનાવે છે કે 'હોય ? ક્ષમા શાની ? આપે તો આપનું કર્તવ્ય બજાવ્યું છે. અર્થાત્ હું હોઉં કે ગમે તે હોય, ગુનાની શંકા થાય તો રાજા તપાસ કરાવી શકે છે. એમાં વળી ઘરમાંથી મુદ્દામાલ નીકળે તો ગુનેગાર ગણી યોગ્ય કરી શકે છે. એમાં રાજાની ભૂલ શાની ? રાજા કાંઈ એક વ્યક્તિનો નથી; એ તો સમસ્ત પ્રજાનો છે. તેથી આખી ય જનતાનું હિત એણે સંભાળવું જોઈએ.' કેવી સચોટ ગણતરીઓ ! કેવા ચોક્કસ ધોરણો ! આ બધું મહા વિવેકને આભારી છે; મહાન સજ્જનતાનો પ્રતાપ છે. સોનાના દાગીના બાવા કામ નથી લાગતા; પણ એનું તેજ ચળકે છે, ને એનામાં મોટી કિંમત સમાયેલી છે, તેથી જ જગતમાં એ ઊંચું અને ચાહવા યોગ્ય ગણાય છે. એવી રીતે ચક્રદેવ જેવો ઊંચો વિવેક અને સજ્જનતા ભલે બાવા કામ ન લાગે, પણ એનાથી આત્માનું તેજ દીપે છે; એમાં દુનિયાને મન મોટી કિંમત સમાયેલી દેખાય છે. તેથી એ ઉચ્ચ ગણાય છે અને પ્રેમપાત્ર બને છે.

ચક્રદેવની ભયંકર મિત્ર ઉપર ભક્તિ : દિવ્ય હૃદય !:—ત્યારે વિવેક ઉપરાંત એની મિત્રભક્તિ મહાન છે. મિત્રે કેવું ભયંકર કાર્ય કર્યું છે ? પાછું એ મિત્રે એમેય નથી કહ્યું કે 'કદાચ સંકટમાં આવે તો મને બોલાવજે; જવાબ આપવાનું મારા પર છોડજે'....વગેરે. ઉલટું એમ કહ્યું છે કે 'આ માલ મારો જ છે,' અને એવી રીતે ધોખામાં રાખીને ચોરીનો માલ એના ગળે બઝાડ્યો છે ! એ સ્થિતિમાં ચક્રદેવને કેટલું વેઠવું પડ્યું ! કેવી વિટંબણા એણે અનુભવી !

નગરમાં હલકાઈ અને દેશનિકાલની સજા! આટલું છતાં મિત્રનું રહસ્ય બહાર પડી ગયું જાણી મનને ભારે દુઃખ થાય છે! અને અહીં રાજા આગળ પોતાના સ્વચ્છ દિલની માન્યતાની રજૂઆત કરે છે!! કેવુંક દિવ્ય આ હૃદય! મિત્ર ધુતારો અને મેંઢો છતાં, હજીય ચક્રદેવના શરદ ઋતુના નિર્મળ જળ જેવા પવિત્ર હૃદયમાં મિત્રની બુરાઈ નથી દેખાતી! 'મારો મિત્ર આવું શાનું કરે? રાજાએ અધુરું જાણ્યું લાગે છે, તેથી એમણે આને ગુનેગાર માન્યો છે.' ઇત્યાદિ કંઈક સમજી વિનવે છે રાજાને, કે યજ્ઞદેવ પાસે ય બીજા પાસેથી આવ્યું હોય, તો મૂળ કોણે ચોરી કરી, અથવા એણે બીજી રીતે કયાંથી મેળવ્યું તેની તપાસ કરાવો! છે મિત્ર પરના વિશ્વાસની હદ? તેય મિત્રે ખોટું લશ્કરમાવ્યાથી આટલા ભયંકર નુકશાનમાં ઊતરવું પડ્યું હોય, છતાં મિત્રની શાહુકારીનો વિશ્વાસ! ચક્રદેવના આ વિશ્વાસને તમે શું કહો? લાયકી કે નાલાયકી? કહેતા નહિ નાલાયકી, હોં. 'મિત્રતાનો સંબંધ જોડતાં પહેલાં માપી લેવું. અથવા બાંધ્યા પછી પણ તપાસી લેવું. પરંતુ એકવાર બાંધ્યા પછી પણ કોઈ અવસર ઉપસ્થિત થતાં એકાએક અવિશ્વાસુ ન થવાય.' ચક્રદેવના આ ધોરણ છે. તેથી મિત્ર ઉપર બરાબર વિશ્વાસ જાળવી રાખ્યો છે. પોતાને શું બન્યું એની પરવા નહિ, એનો વિચાર નહિ. સ્નેહીનું ગૌરવ બરાબર જળવાઈ રહેવું જોઈએ.

સંસારી કે સંત?:—હજી તો અહીં કોડ છે કે મૂળ તપાસાવો. પણ આગળ જો જો કે આનાથી પણ કેટલી બધી વધારે ઉદાસ્તા મિત્રને મૂળ ચોર જાણ્યા પછી પણ

વરસાવે છે! આ તે માનવ કે દેવ! સંસારી કે સંત! પોતાની ઘોર કદર્થના થઇ એનો કોઇ વિચાર નહિ? અને 'મિત્રને ગુનેગાર ન માનો, પણ એનું મૂળ તપાસાવો'–એ ક્ષમા માગતા રાજા પાસે યાચના? આવો ઘોર મિત્ર એ 'મહાનુભાવ?' રાજાને યાચના પણ કેવી ખૂબીથી કરી કે પહેલાં તો ક્ષમા માગતા એવા પણ રાજાને 'કદર્થના નહિ પણ યોગ્ય જ કરનારા' તરીકે ઓળખાવ્યા! એય બનાવટી કથન નહોતું. જેવું પોતાનું દિલ કહેતું હતું તેવું કથન હતું. એના ઉપર મૂળની તપાસની વિનંતિ કરી જેથી પોતાના મનની અભિલાષા પૂર્ણ થાય. પણ અહીં જુઓ કે રાજા એની માગણીને અવગણતો નથી. તેમ મૂળ શોધાવવાની વાતેય નથી કરતો. ત્યારે શું કરે છે?

રાજા કહે છે કે, "મૂળની તપાસ થઈ ગઈ. ભગવતી દેવીએ જ કહ્યું છે કે આ બધું તે પાપીએ જ કર્યું છે." એમ કહીને દેવીએ કહેલ હકીકત રાજાએ કહી સંભળાવી.

યજ્ઞદેવને બાંધી લાવે છે:—એ વખતે ચક્રદેવના મનને એમ થયું કે 'હે ભગવન્! આ અસંભાવનીય શું?' એટલામાં તો જમના દૂત જેવા સિપાઈઓ યજ્ઞદેવને મુશ્કેટાટ બાંધીને ત્યાં લઈ આવી હાજર કરે છે અને રાજાને નિવેદન કરે છે. યજ્ઞદેવના તો હોશકોશ જ ઊડી ગયા છે. રાજાની આગળ પહેલાં શાણો થઇ આવ્યો હતો તે હવે કાંઈ એને પૂછવા માટે રાજા એમને એમ નથી બોલાવતા. કદાચ સિપાઈઓ ભૂલ્યા હોય પણ અહીં તો રાજા ય એને માનભેર પૂછતા નથી. એટલે હવે તો બાપડો 'શું થશે!'

એની ભયંકર માનસિક વ્યથામાં ખૂજી રહ્યો છે. ત્યારે પૂછોને કે

પ્ર૦:--શું એને પહેલેથી એ ભય નહિ હોય કે ચક્રદેવ રાજાને ખરી વાત કહી દેશે તો?

ભ્રમણા કેવી સંભવે:--

ઉ૦:--પણ અહીં એ સમજવા જેવું છે કે માણસ કેટલીય વાર પોતાની બુદ્ધિને બડી માનીને ખોટા વિશ્વાસમાં રહે છે અને હાથે કરીને પોતે પોતાના જ કૃત્યથી ફસાય છે. યજ્ઞદેવે મનમાં એમ ધાર્યું હોય કે "હું પહેલાં જઈને રાજાને ઊંડો ભેદ કહેવામાં શાણો થઈ આવું; પછી ચોર તરીકે પકડાયા બાદ ભલેને કદાચ ચક્રદેવ રાજાને ખરી વાત કહેવા જાય તો ય રાજા માને નહિ. કેમકે રાજા તો એક જ વાત કહે કે 'શું આ જગજાહેર મારા ઢંઢેરાની ખબર નહોતી? પાંચ પાંચ દિવસ થયા, કેમ આવીને મને પહેલાં કહ્યું નહિ? માટે મનમાં હશે કે ઠીક માલ પચ્યો તો! એ તો પકડાઇ ગયા ત્યારે ભાઇસાહેબ બચાવ કરવા નીકળ્યા છે કે આ તો મને યજ્ઞદેવે ફસાવ્યો. એટલે ખરો ચોર જ તું છે,'--એમ રાજાને લાગી જવાનું. પછી ચક્રદેવની વાત પર વિશ્વાસ ન મૂકે અને આપણે બંદા ખરા શાહુકાર અને રાજહિતૈષી ગણાઇશું. તેમ કદાચ ચક્રદેવ તરત જ રાજાને કહેવા જાય કે ચંદનશેઠનો માલ આણે મને ગળે બઝાડ્યો છે, તોય ચક્રદેવને પોતાનું સાચું મનાવવા માટે બહારનો કોઇ સાક્ષી તો મળવાનો જ નથી. પછી કયાંથી એનું સાચું મનાય?".... વગેરે વગેરે વિશ્વાસમાં યજ્ઞદેવ બેઠો હોય પછી ચક્રદેવ રાજાને કહી દે તોય એને શો ભય હોય?

પણ અહીં તો જો રાજા યજ્ઞદેવ પર વિશ્વાસે બેઠો હોત તો તો એને આવી રીતે પકડી મંગાવે નહિ. એટલે હવે યજ્ઞદેવ કળી ગયો છે કે 'આ તો રાજાએ મને જ ખરેખર ચોર માન્યો છે' તેથી કંપી રહ્યો છે કે 'રાજા શી સજા કરશે.'

મદિરાકેફ:—માણસને, ઠેઠ પકડાય ત્યારે કંપ થાય છે! કેવું કારમું અજ્ઞાન! ગુનો કરતાં તો જાણે મગરમસ્તી! 'શું છે? કોના બાપની પરવા છે? કાલ કોણે દીઠી છે? આમાં આપણને શો વાંધો આવવાનો છે?' વગેરે વગેરે બ્રમણાઓના મદિરાકેફમાં અંધ બની ઘોર દુષ્કૃત્યો આચરાય છે! સંસારની નરક અને તિર્યંચ ગતિ એમ જ ફૂલ (પૂર્ણ) ભરેલી રહે છે! આ તો પરલોકની વાત. પણ અહીંય જગતને એવા તરફથી મહાવિટંબણા છે. ત્યારે પોતાને એનો કરુણ અંજામ આવતાં અહીં જ ઘોર ત્રાસ! પાપનો ભયંકર બદલો! વગેરેના ભોગ થવું પડે છે.

યજ્ઞદેવને ભયંકર સજાનું ફરમાન!:—યજ્ઞદેવની એવી જ સ્થિતિ થઈ. જેવો એને બાંધી લાવી રાજા આગળ હાજર કરવામાં આવ્યો કે રાજાએ હુકમ કર્યો કે 'એ? આની જીભ કાપી નાખો અને આંખો ફોડી નાખો.' રાજાની દૃષ્ટિમાં પહેલું તો યજ્ઞદેવે જીભથી જે જૂઠું હંકાર્યું એ એક મોટો ગુનો છે. તેથી જ જાણે એની જીભ કાપી નાખવા કહ્યું. તેમજ આંખેથી યજ્ઞદેવે ચંદનશેઠનો માલ જોઈને ચોર્યો અને મિત્રને સજ્જન, વિશ્વાસુ જોઈ ધોખામાં ઉતાર્યો એટલે જાણે 'એની આંખ ફોડી નાખો' એમ કહ્યું.

યજ્ઞદેવ મિત્ર માટે માફી યાચે છે:—આ ભયંકર

સજા સાંભળીને ચક્રદેવનું કોમળ દિલ ઊછળી ઊઠ્યું ! એમ તો થયું જ હતું કે 'આવા સુમિત્રમાં આવું ચોરીનું કાર્ય સંભવે નહિ. તે અસંભવિત સંભવિત કેમ બની ગયું ? એ વિચારણા ય પોતાની સાત્ત્વિક અને મહા ઉદાર વિચારસરણી. હવે તો વળી એને રાજાએ ફરમાવેલી સજા સાંભળતાં કમકમી આવી ગઇ ! ગમે તે ભોગે મિત્ર ઉપરની દયાથી એને બચાવી લેવા માટે ચક્રદેવ રાજાના પગમાં પડી વિનવે છે કે 'દેવ ! આ મારો ગુનો માફ કરો, યજ્ઞદેવને છોડી દો. (એને સજા ન કરો).'

યજ્ઞદેવના અનેક ગુના:—ચક્રદેવ આ કોને કહી રહ્યો છે ? યજ્ઞદેવની અનેક પ્રકારની દુર્જનતા ઉપર ભયંકર ગુસ્સે થયેલા રાજાને ! પાછું યજ્ઞદેવનો ગુનો હોવામાં સજ્જડ પ્રમાણ રાજાને મળેલું છે ! હવે માને રાજા ? વનદેવતાની દરમિયાનગિરિથી રાજાને સત્ય હકીકતની ખબર પડી છે. તેથી કદાચ ચક્રદેવના સત્ય ધ્યાનથી યજ્ઞદેવ જો પહેલાં પકડાયો હોત તો સંભવ છે કે રાજાને ઓછો ગુસ્સો થાત. તેનાથી ઘણોજ ગુસ્સો રાજાને અત્યારે થયો છે. કારણ કે (૧) જે પ્રસંગમાં દેવતાને દરમિયાનગિરિ કરવી પડી. એ પ્રસંગ કેટલો બધો ગંભીર ગણાય ! બીજું એ છે કે (૨) યજ્ઞદેવે માત્ર ચોરી કરી તેટલોજ ગુનો નથી, પરંતુ (૩) સજ્જન અને ઊંચ કુળના એવા પોતાના મિત્ર ચક્રદેવના ગળે મોટી ચોરીનો માલ બઝાડી જે ચોરપણાનો આરોપ ચઢાવ્યો; (૪) પોતે જ પ્રપંચ રચીને રાજાને જે જૂઠું ભળાવ્યું, તથા રાજાને અજાણમાં રાખી જે એવી સ્થિતિ ઊભી કરી કે ચક્રદેવને દેશનિકાલની સજા થાય.....આ પણ

અનેક મોટા ગુના છે. રાજાને મન યજ્ઞદેવના અપરાધની સીમા દેખાતી નથી. મન ઊકળી ઊઠયું છે ! "અહો આ દુષ્ટે મારી પાસે આવા એક સજ્જન પુરુષની આવી કદર્થના કરાવી ! પોતાના મિત્રને આ બદમાશ ભયંકર આપત્તિમાં ઉતારનારો થયો ! મિત્ર પર ભયંકર કલંક ચઢાવનારો થયો !...." આ સૂચવે છે કે ભૂતકાળમાં રાજાપણાની સ્થિતિએ પહોંચેલા ઉત્તમ પુરુષો સજ્જન પ્રત્યે કંઈ અજુગતું ન થઈ જાય તેની કાળજીવાળા હતા. હજી ગુનેગાર છૂટી જાય એ નભાવી લેતા પણ બિનગુનેગારની હીલના ન થઈ જાય એ ચોકસાઈ ખાસ લેતા. પાછું ચોકસાઈ–ચીવટથી બધું કરવા છતાં, ચોગ્ય માની જે કંઈ કર્યું, એમાં પાછળથી જો દેખાયું કે 'મારે હાથે અયોગ્ય થઈ ગયું !' તો એના ખેદનો પાર નહોતો રહેતો. ને એ પોતાની ભૂલ સુધારી લેવા નમ્ર બનીને ચોગ્ય કરી લેવા ચૂકતા નહિ. આપણા દિલને ઉત્તમ હૃદય બનાવવા આ તૈયારી કરવી પડે.

ચંદનની વિશેષતા:–કોઈપણ સજ્જન, ગુણીયલ અને કુળવાન આત્મા પ્રત્યે આપણાથી કંઈપણ અજુગતું ન થાય, ને એક પણ કટુ શબ્દ આપણાથી ન બોલાઈ જાય, એની સતત સાવધાની જોઈએ. એમાં ખબર પડી કે 'આ તો અજુગતું થઈ ગયું....' તો ત્યાં ઝટ અનુચિત કાર્યથી પાછા ફરી જવું જોઈએ. બચાવ ન જોઈએ કે 'આપણે તો ભાઈ ! બધી તકેદારી રાખીને જ કર્યું હતું. બાકી કોઈ અંદર થોડું જ પેસી નીકળ્યું છે ?' આવો બચાવ કરવામાં પણ હૃદયની હલકાઈ છે. રાજા શું વિચારે છે ? "ઓહો, મારે હાથે અજુગતું થઇ ગયું !....' તો ચક્રદેવની પાસે ક્ષમા માગતાં વાર નહિ ! માત્ર

ક્ષમા જ નહિ, મોટું સન્માન સ્વાગત કરશે ! આ બાજુ યજ્ઞદેવ પ્રત્યે ઉપર કહ્યું તેમ અનેક ભયંકર ગુના પર મહાગુસ્સો છે, એટલે નોકરોને હૂકમ કરી દીધો છે, "જાઓ, એ દુષ્ટની જીભ છેદી નાખો, એની આંખો ફોડી નાખો.' એને વિનવતો ચક્રદેવ સામે ઊભો છે ! ચક્રદેવ એટલે ? કેમ જાણે શીતલ ચંદન ! ચંદનને તમે ગમે તેટલું લસોટો પણ એ શીતલતાજ આપ્યા કરે, તમે એને ગમે તેટલું બાળો, પણ એ સુવાસજ આપ્યા કરે ! એમ ચક્રદેવ ! લાખ કષ્ટની વચમાં દેવતાએ બધી ગુપ્ત વાત જાહેર કરવા છતાં એની ઉત્તમતા તો એની એજ ! કહે છે, "મહારાજા, આટલો મારો અપરાધ ક્ષમા કરી યજ્ઞદેવને છોડી દો." મિત્રનો ગુનો એ જાણે પોતાનો ગુનો છે, મિત્રની કાયા એ જાણે પોતાની જ કાયા છે ! ! માટે મિત્ર વતી ક્ષમા પોતે માગી રહ્યો છે ! ચક્રદેવનાં વચન સાંભળી રાજા તો ચકિત જ થઈ જાય છે ! થાયજ ને ? વિચારો કે આ ચક્રદેવનું તે દિલ શાનું બનેલું ? જે મિત્રની કુટિલતાથી પોતાને કલંક અને વિટંબણા વેઠવા ઉપરાંત આપઘાત કરવાની દશા આવી, તેજ મિત્ર પર વાત્સલ્ય ઉભરાય છે ! જે મિત્ર ખરેખર ગુનેગાર છે, એવું હવે દેવતાના વચનથી સારી રીતે પુરવાર થયું છે, એને ક્ષમા અપાવવી છે ! ત્યારે ચક્રદેવના હૃદયની અગાધ દયા, ઉદારતા, વગેરે ગુણો કેવા !

સાત્વિક અને નિઃસત્ત્વઃ—સાત્વિક હૃદયનાજ આ કામ છે. સત્ત્વહીનનું ગજું નહિ. સાત્વિક હૈયું શત્રુનુંય દુઃખ જોવા સમર્થ નથી. નિઃસત્ત્વ હૈયું શત્રુનું ભલું જોઈ શકતો નથી. નિઃસત્ત્વ હૃદયને, જો પોતાનો કોઇ વિરોધી વિના–સજાએ માફ

કરાતો હોય, તો એ જોવાનું મુશ્કેલ પડે છે. એ જોવાનું એનાથી સહેવાયજ નહિ. અધીરૂં થઇને એ તો બળી ઊઠે કે 'હેં ? આને માફી ? આને તો આવી આવી ભારે સજા થવી જોઇએ'–આવું જેમ સત્ત્વહીન હૃદય વિચારે છે; તેમ સાત્ત્વિક હૃદય એથી ઉલ્ટું પોતાના ગુનેગાર દાંભિક મિત્રને પણ સજા થાય એ જોવાનું સહી શકે એમ નથી. એને તો થાય કે "અરેરે ! આને બિચારાને શા માટે સજા અને દુઃખ ? એને માફી કેમ નહિ ? લાવ, મારૂં ચાલે ત્યાં સુધી એને માફી અપાવું !"–એવું કોમળ અને સત્ત્વપૂર્ણ હૈયું ભાવના ભાવી રહ્યું હોય છે. કઠોર અને કોમળનો કેવો મહાન વિચારભેદ હોય છે ! અરે, કેટલીકવાર તો તો જેને સજા થતી હોય એ માણસ પોતાનો દુશ્મન ન પણ હોય તોય એની સજા માટે કઠોર હૈયાં ખુશ થાય છે ! અને સજા વિના એમ ને એમ જો એને છોડી મૂકવામાં આવ્યો, તો આ કઠોર હૃદયો નારાજ અને આકુળવ્યાકુળ થાય છે ! કેવી જડતા ! સામાને દુઃખ ન આવ્યું એ જોવા માટે પણ જે દિલ સહિષ્ણુ નથી, એ પોતાની જાતે તો પોતાના ગુનેગાર માણસને માફી–દયા બક્ષવા કયાંથીજ તૈયાર હોય ? ચક્રદેવ સાત્ત્વિક અને કોમળ દિલનો છે.

સત્ત્વ અને કોમળતાઃ—(૧) સત્ત્વને લીધે, પોતાને થયેલું આબરૂનું નુકશાન અને વિટંબણા એને મન કોઈ વિસાતમાં નથી. તેમજ શત્રુનું ય ભલું જોવાની તાકાત છે; અને દુશ્મનને માફી થાય એ સહવાની શક્તિ છે. (૨) કોમળતાને લીધે પોતાનાજ જીવલેણ વિશ્વાસઘાતી કુમિત્રની ઉપર ભયંકર સજા વરસે, ને એ બદનામ થાય, એ જોવાં

સહિષ્ણુ નથી. એટલે રાજાને પગમાં પડી વિનવે છે, "દેવ! ક્ષમા કરો મને, અને યજ્ઞદેવને છોડી મૂકો; માફ કરો!" એટલો ગળગળો થઈ વિનવે છે કે રાજા વિચારમાં પડી જાય છે, અને તેથીજ સિપાઈઓ હજી રાજાએ ફરમાવેલ સજાનો અમલ નથી કરી શકતા! ચક્રદેવનું કયું હૃદય! શાનું બનેલું? જીવની કઈ મુખ્ય વિચારસરણી! અને કેવાક આદર્શ! જાણે કોઈ મહર્ષિ! દુશ્મન ઉપર પણ જોરદાર દયા અને પ્રેમનો વરસાદ! આવું કરવાથી શું પોતાનું જીવન મુફલીસ બનતું હશે? અને દુશ્મન પર દાટ વાળનારાનું, શત્રુ પર ભૂખ્યા વાઘ વરુની જેમ તૂટી પડનારાનું જીવન શું માલવાળું હોતું હશે? ના, જરાય નહિ. માલવાળું જીવન તો દુશ્મન પર પણ ક્ષમા-શીલતાનું જીવન હોય. એના અંતરમાં દુશ્મનને ય બચાવી લેવાના કોડ, એ લોભિયાને લાખોનું ધન મેળવવાના કોડ જેવા પ્રબળ હોય છે; અને પછી એ શત્રુ બચ્યાનો આનંદ પણ એટલો બધો ઊંચો હોય છે! કેવું ધન્ય જીવન! કેવું દિવ્ય હૃદય! આપણને આવું જીવન અને હૃદય કયારે મળશે! કોઈ જીવનોના આ માટેના સતત અભ્યાસ જોઈએ, ત્યારે આટલી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય,--એવું આપણી વર્તમાન સ્થિતિ કહી રહી છે ને? માટે જ પ્રભુ પાસે રોજ પ્રાર્થીએ 'પ્રભુ! એવું સાત્ત્વિક અને કોમળ હૃદયવાળું જીવન મને ઝટ આપજે.' મુંઝાશો નહિ, એવા જીવનથી લૂંટાઈ નહિ જઈએ; ઉલ્ટાં સમૃદ્ધ થઈશું. આત્માનું નૂર એમાં ખીલશે; અવિકાર્ય-શક્તિ વધશે. અવિકાર્ય શક્તિ એટલે 'પ્રતિકૂલ કે અનુકૂલ સંયોગો આવે છતાં એમાં આપણે લહેવાઈ જઈએ નહિ, રાગદ્વેષના ફંદામાં

ન ફસીએ; મદ, ઈર્ષ્યા, હિંસા, વગેરે પાપોના મળમાં હાથ ન ઘાલીએ; આત્માને ઝબોળીએ નહિ.' ચક્રદેવે આવું જીવન બનાવ્યું છે. પૂર્વે કહ્યું તેમ એની સહિષ્ણુતા–અસહિષ્ણુતા ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. પોતાને કષ્ટ આવ્યું એની સહિષ્ણુતા કેવી કે ઠેઠ સુધી પરદોષ અંગે મૌન ! ત્યારે પોતાની સામે ભયંકર શત્રુવટ કરનારને પણ કષ્ટ આવતું જોઈ એની અસહિષ્ણુતા કેવી કે એને કષ્ટ પડવાની વાત સહવી અશક્ય ! તેથી પોતેજ રાજાને વિનવે છે ! જગત એમ રડે છે કે 'હાય ! આ અમારૂં દુઃખ અમારાથી સહાતું નથી.' આ સાત્ત્વિક અને કોમળ નરરત્ન એ માને છે કે 'આ બીજાનું દુઃખ અમારા માટે અસહ્ય છે !' ધન્ય છે આવા નરરત્નને ! હવે જુઓ રાજા શું કરે છે.

રાજા સમજાવે છે:–રાજા સમજે છે કે ચક્રદેવનું દિલ અતિશય ઉત્તમ હોઈ દુષ્ટને ય માફી આપવા કહે છે. પરંતુ આ દુષ્ટ એટલો નીચ છે કે એ એને યોગ્ય નથી. તેથી કહે છે "સાર્થવાહપુત્ર ! તારૂં કહેવું ઠીક નથી. આ યજ્ઞદેવ દુરાચારી છે. માટે એને માફી કરવા સિવાય બીજું કાંઈ માગી લે."

ચક્રદેવ જવાબ વાળે છે, "મહારાજા, બીજું માગવાનું કહો છો, તો બીજો મને કંઈ ખપ નથી. જો મારા પ્રત્યે આપને કંઈ પણ બહુમાન હોય તો આપ આ જ કરો." અર્થાત્ આ તો જો આપ મારા પ્રત્યે કંઈ માન ધરાવતા હો તો કહું છું, બાકી કંઈ મારો આપના પર અધિકાર નથી.

મોટા નગરના રાજાના કહેવાનો ભાવ એ હોય કે "તું

આમાં ન પડ; એ મારો કેદી, અને અમે રાજા. એક રાજા તરીકેની અમારી નીતિ સમજી જા. અમારે તો મોટાં રાજ્ય ચલાવવાનાં છે....” તો શું આના પર મન મનાવવાનું ન થાય, કે “શું થાય ભાઈ! રાજાને રાજ્ય ચલાવવું રહ્યું ત્યાં એ ય શું કરે અને આપણે ય શું કરીયે....?” પણ ના, ચક્રદેવને એવા સંતોષ આવડતા નથી. વિચારો કે યજ્ઞદેવ કંઈ ચક્રદેવનો સગો નથી કે નાતીલો નથી. આજે તો સગાભાઈ માટે પણ ધીરજ ધરવી મુશ્કેલ છે. જરાક સગો કોકનું આધું–પાછું કરે તો મનમાં શું ઊઠે? “મરશે....એનાં ભાગ્ય! આડાઅવળા ધંધા કરે ત્યાં આપણે શું કરીએ?....” બચાવ શોધાય ને? પણ ત્યાં ખબર નથી કે તું બચાવ કરે છે ખરો, પણ

ઉત્તમતાનો સોનેરી સમયઃ–હૃદયમાં જ્યારે ઉત્તમતા કેળવવાનો સોનેરી અવસર આવ્યો છે, ત્યારે તું પહેલેથી એના પર તાળાં મારે છે? ઉત્તમત્તા ત્યારે બતાવવાનો અવસર ખરો ઊભો થાય છે કે જ્યારે સામેથી અધમતાનું પ્રદર્શન થતું હોય. એમ નહિ કે સામો માનપૂર્વક લઈ જઈને બાસુંદીના ભોજન કરાવે, તે પછી આપણે પણ બાસુંદીના ભોજન કરાવીયે એ ઉત્તમતા. એ તો સોદો છે. તેમાં શું મોટી નવાઈ? ઉત્તમતા કેળવવાના અવસર વખતે આપણે ધીરજ ગુમાવી દઇએ છીએ. એનો અર્થ એ કે જે વખતે ગુણશ્રેણિ પર ચઢવાનો અવસર મળ્યો હતો તે વખતે ટાંટિયા ઢીલા કરી બેસી ગયા! અવસર વીત્યા પછી ઘણી ભાવના ભાવીયે તેથી શું? આત્માના ગુણ કેવળ ભાવના પર સ્થિર નથી થતા. રોજ ભાવના ભાવીએ દાનની, પણ બે પૈસા દાન કરવાનો

અવસર આવ્યો એટલે કેમ ? તો કે "આપણે તે કયાં આપીયે ? આપણું જ પુરૂં નથી થતું ત્યાં..." આ હોય તો તમને લાગે છે કે દાનગુણ ખીલે ? એવી પોકળ ભાવના હૈયાની કૃપણુતાને હટાવી ન શકે. લખી રાખો, અવસરે દાનના અમલ વિનાની કલાકોના કલાકો સુધી ભાવેલી દાનની ભાવનાઓ હૃદયમાંથી કૃપણુતાને કાઢી ન શકે અને ઉદારતાને કેળવી ન શકે. જેવી દાનની ભાવના તેવું ઉપદેશ–શ્રવણ અંગે સમજવું.

ઉપદેશમાંથી ડહાપણ મેળવ્યું ખરૂં પણ તેને જીવનમાં ઉતારવાની તૈયારી કેટલી છે ? 'ઓહો, શું નવકારનો પ્રભાવ ....' આ સાંભળ્યું ખરું, પણ જ્યારે અમલમાં મૂકવાનું આવ્યું ત્યારે સવારથી સાંજ સુધીમાં નવકારનો એક અક્ષર પણ યાદ ન આવ્યો ! તો શું નવકાર સુતી વખતે જ ગણુવાનો છે ? એ તો ડગલે ને પગલે રટવો જોઈએ. ગુણને સિદ્ધ કરવા માટે તે ગુણને અમલમાં કેટલો ઉતારાય છે, તે જોવું પડે છે. સામેથી અધમતા વરસી રહી છે તેની સામે ઊંચી ઉત્તમતા બતાવવાની ! ચક્રદેવ એ કરે છે, "હું જીવતો રહ્યો છું, અને મિત્ર પર આપત્તિનો અવસર આવ્યો છે તે ઘણુ દુઃખની વાત છે ! પણ એ આપત્તિ ટાળવા બનતું કરૂં."

આટલું ઊંચું હૃદય શાથી છે ? કહો કે મનુષ્ય જીવનના આદર્શ એવા ઉચ્ચ છે. આપણે આ સ્થિતિએ કયારે પહોંચવાના ? આદર્શ જીવન એટલે શું ? માનવતાની ઉચ્ચ ગુણમય સ્થિતિને પમાડનારૂં જીવન. પછી ત્યાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષોનો પણ નિકાલ કરવો ઘટે. એમાં પહેલા નંબરમાં ક્ષુદ્રતા સંકુચિતતાનો અભાવ અને ઉદારતાનો વિકાસ એવો જોઈએ

કે હૃદય સારા વિશ્વ પર વાત્સલ્ય વેરનારૂં હોય. ચક્રદેવ આ આદર્શના માર્ગે પ્રગતિ કરનારો બની દુશ્મનનું કાર્ય કરનાર યજ્ઞદેવ ઉપર ગુસ્સે થયેલા રાજાની મહેર માગે છે!!

ચક્રદેવના દિલનું દર્દ વધુ કિંમતી : પ્રશસ્ત દર્દ ઉપર ઉન્નતિ:—અહીં રાજાને વિષમ સ્થિતિ થઈ પડી. એક બાજુ ચક્રદેવનો યજ્ઞદેવને છોડી દેવાનો આગ્રહ, બીજી બાજુ યજ્ઞદેવે કરેલ ભયંકર ચોરી, પાંચ પાંચ દિવસ ભારે તપાસ છતાં પત્તો ન લાગે તેવી માયાજાળ, સજ્જન ચક્રદેવ ઉપર આરોપ, સજ્જનનો દ્રોહ વગેરે ગુન્હાહિત સ્થિતિ;– આમાં શું કરવું એ વિચારણીય થઈ પડે એવું બન્યું. રાજા દુષ્ટોનો દોસ્ત નથી પણ કાળ છે. એવાઓને ભારે નસિયત કરવી એ એને મન અગત્યની વસ્તુ છે. પરંતુ તેથીય વધુ અગત્યની વસ્તુ સજ્જનતાની પરાકાષ્ઠાની કદર કરવા અંગેની છે. આવા દુષ્ટ ગુનેગારને હાથમાં આવ્યા પછી હવે કેમ છોડું? એ રાજાને મન જેટલું કિંમતી છે એના કરતાં કેઈ-ગુણું કિંમતી ચક્રદેવનું, જીવલેણ દુશ્મન ઉપર પ્રેમનો વરસાદ વરસાવનારૂં જે દિલ છે, તે રાજાના મનમાં લાગે છે. એટલે એ ચક્રદેવની વિનંતિને અવગણી શકતો નથી. વિચાર તો આવે ને કે આ ઉત્તમ આત્માનું દિલ તે કેવું કે જેમાં પોતાના પર વરસેલી આપદાઓનો હવે વિચાર સરખો નથી, અને દ્રોહી એવા પણ મિત્ર ઉપર આફત ઊતરતી દેખી ભારે દર્દ છે? દિલના દર્દ તેય કેવાં! મન તો આપણાં જેવું જ ને? પુદ્ગલનું જ બનેલું ને? છતાં એમાં દર્દ પણ પ્રશસ્ત કોટિનું ઊભું કરવું હોય તો કરી શકાય છે. એવાં દર્દ થવા ઉપર ઉન્નતિનો આધાર છે.

રાજા યજ્ઞદેવને છોડવા કબૂલે છેઃ—વિવશ બનેલો રાજા કહે છે, "જો ચક્રદેવ ! તારૂં વચન મારા માટે અલંઘનીય છે. તું આ દુષ્ટને છોડી દેવાનું કહે છે. તો આમાં હવે તું જાણે."

આ સાંભળીને ચક્રદેવને અપૂર્વ આનંદ થયો ! રાજાના પગમાં પડી કહે છે કે "મહારાજા ! આપે તો મારા પર મોટી મહેરબાની કરી." એમ કહીને એણે યજ્ઞદેવને છૂટો કરાવ્યો.

શું કર્યું રાજાએ ? દિલાવર ચક્રદેવના વચનને ઉલ્લંઘ્યું નહિ. પણ દુષ્ટને માફ કરવા પાછળની જોખમદારી ચક્રદેવના માથે મૂકી. એટલે ? ભવિષ્યમાં પાછો એ દુષ્ટ નર જો ચક્રદેવનો દ્રોહ કરવા ઊભો થાય તો તેનો વિચાર ચક્રદેવને કરવો રહેશે. પણ તેથી ચક્રદેવ થોડો જ ગભરાય એમ છે ? ભવિષ્યમાં તો આપણાં કર્મના ઉદય હશે એવું બનશે પરંતુ વર્તમાનમાં સજ્જનતા બતાવવાનો, ને પરદુઃખના દર્દને અનુભવવાનો જે મોકો મળ્યો છે તેનો લાભ ઉઠાવી લેવા દો. તેથી જ એમાં સફળતા મળતાં આનંદનો પાર નથી ! જાણે પોતાના ઉપર કાંઇ બન્યું જ નથી. આવા ઉચ્ચ કોટિના દાખલા આંખ સામે રાખવાથી કમમાં કમ આપણું જરા જરા બગાડનારા પ્રત્યે પ્રેમ વરસાવી શકાય. આપણી પોતાની આફત કરતાં બીજાની આફત માટેનું દર્દ આપણા દિલમાં ઊભું કરી શકાય.

ચક્રદેવનાં સન્માનઃ—રાજા હવે જુએ છે કે 'દેવ–તાના મુખેથી મેં તો સત્ય વાત જાણી; ચક્રદેવની નિર્દોષતા પિછાણી; પરંતુ જગતમાં એનો પ્રચાર કરવો જ જોઇએ.

તેમ દેવતાની પણ એ સલાહ છે.' કેમ વારૂ ? લોકને એમ ન લાગવું જોઇએ કે એને ગુનાથી દેશનિકાલ કરવામાં આવ્યો હતો અને એ આપઘાત કરવા તૈયાર થયો હતો. ઉદ્યાનમાંથી ચક્રદેવનું સ્વાગત કરવામાં આ ભય હતો. તેથી પહેલાં તો એને મહેલમાં મોકલાવી દીધો. પછી ત્યાંથી મોટા વૈભવપૂર્વક અર્થાત્ હાથીના હોદ્દે કે પાલખી વગેરેમાં બેસાડી રાજપુરુષોના પરિવાર વગેરે ઠાઠ સાથે એને એના મકાને પહોંચતો કર્યો.

લોકવાણી:—આ રીતે વાજતે-ગાજતે રાજમાર્ગ ઉપર થઈ ને લઈ જાય તે કાંઈ છાનું રહે ? લોકો તો ટોળે વળી જોવા મળ્યું. "ઓહો ! શું ચક્રદેવના રાજા તરફથી થતાં સન્માન !" લોકને વસ્તુ સમજાઇ ગઈ. યજ્ઞદેવની દુષ્ટતા અને ચક્રદેવની સજ્જનતા જગજાહેર બની ગઈ. પછી જગતના મોંઢા બંધ કોણ કરી શકે ? લોક તો ચક્રદેવને રાજમાર્ગેથી પસાર થતાં થતાં સંભળાતું જાય એવા મોટા અવાજથી બોલવા લાગ્યું કે "અહો યજ્ઞદેવ કેવો અધમ ! કેવો વિશ્વાસઘાતી !...."

સુકૃત કરી લેવા છતાં અસંતોષ:—અહીં એ જોવા જેવું છે કે હવે તો યજ્ઞદેવને માફી પણ અપાવી દીધી; એટલે કે સજ્જનતાનું મહાન કર્તવ્ય બજાવી દીધું. પછી રાજા મોટા ભપકા સાથે સન્માન-સ્વાગત કરાવે છે. તો એથી પોતાના દિલને સંતોષ થાય કે નહિ ? ખુશી ઉપજે કે નહિ ? અભિમાન તો નહિ, પણ "અહો ! મારાથી એક સુંદર સુકૃત થયું. ચાલો ઠેઠ રાજા સુધી ય એની અનુમોદના પહોંચી. જીવનની એક સફલતા થઈ...." આવું ય મનમાં થાય કે નહિ ?

પણ ના, અહીં તો આખી વસ્તુસ્થિતિ જ જુદી છે. ચક્રદેવના દિલમાં એ બધો આનંદ અને સંતોષ માણવાની વાત તો દૂર રહી, કિંતુ લોક યજ્ઞદેવની જે હલકાઈ ગાય છે, એ વસ્તુ એના સુકોમળ દિલમાં તીક્ષ્ણ બાણની જેમ ભોંકાઈ ઉદ્વેગ કરાવી રહી છે. તે એટલે સુધી કે હવે માત્ર એના પર જ ઉદ્વેગ નહિ, પરંતુ વિશાળ સંસાર કે જ્યાં કેઈ અનુચિત ચાલી રહ્યા છે, અને કેઇ વિચિત્ર કર્મો પોતાનાં વિષમ પરિણામ દેખાડી રહ્યા છે, એવા સમસ્ત સંસાર ઉપર એને અભાવ થઇ જાય છે. જીવોના મન ઊંડી ગુફા જેવા લાગે છે. ખબર જ ન પડે કે એમાં શું ચાલતું હશે!

ચક્રદેવની સંસાર પર અરુચિ:—આ વસ્તુ અવધિજ્ઞાની મહર્ષિના શબ્દમાં જુઓ. પોતાના ચરિત્રને આગળ વર્ણવતાં એ કહે છે કે "હું ચક્રદેવ, મને આ લોકના વચન સાંભળી સંસાર પર તિરસ્કાર છૂટ્યો. મને થયું જુઓ તો ખરા! આવા પણ મિત્રને આવું પરિણામ આવે છે! **अहो! असारता संसारस्य**! ખરેખર! આ સંસાર માલ વિનાનો છે; કોઇ સાર નથી સંસારમાં! **અને विचित्रता कर्मपरिणतेः**। કર્મની સ્થિતિ તો મહા વિચિત્ર! એ શી અકલ્પિત વાત સર્જાવી દે, તેનો પત્તો જ ન લાગે. વિચિત્ર છે કર્મપરિણતિ! અકલ્પિતની ઘટના કરાવે, અને કલ્પિતની શૂન્યતા બનાવે. વળી જનોનાં ચિત્ત દુર્લક્ષ્ય છે! તેમને કળી ન શકાય. તો આ બધામાં ખબર નથી પડતી કે યોગ્યાયોગ્ય શું?

ચક્રદેવને સદ્ગુરુનો સમાગમ:—

"આવી રીતે ન્યારે હું ચિત્તની વિહ્વળ સ્થિતિમાં હતો,

કર્તવ્યમૂઢ હતો, ત્યાં મારા સારા નસીબે શ્રી અગ્નિભૂતિ ગણધર મહારાજ પધાર્યા, અને ઉદ્યાનમાં ઊતર્યા. બહાર ગયેલા એવા મેં એ મહાત્માને જોયા ! જોતાં જ મને તેમના પ્રત્યે બહુમાન થયું. મેં તેમને પ્રણામ કર્યા. તેમણે મને ધર્મલાભ આપ્યો. હું તેમના ચરણ આગળ બેઠો, અને મેં એમને પૂછ્યું.

"ભગવન્ ! જોયો મેં આ સંસાર ! દુઃખથી અને અનુચિતથી ભરેલો ! દુઃખ માત્ર એક પ્રકારનું નહિ પણ કર્મની વિચિત્રતાને લીધે અનેક પ્રકારનું ! તેમાં ખબર નથી પડતી કે શું કર્તવ્ય બજાવીએ કે જેથી સર્વ દુઃખો ટળી જાય. શું એવો ધર્મ કોઈ છે કે જે સર્વ દુઃખોનો નાશ કરી આપે ? હોય તો તે કૃપા કરી મને બતાવો." આ બધું કોણ પૂછે છે ? ચક્રદેવ.

ચક્રદેવના ત્રણ તારણઃ—પૂછતાં પહેલાં એણે મિત્રના પ્રસંગ પરથી ત્રણ જે તારણ કાઢ્યા તે વિચારણીય છે. તેમાં (૧) સંસારની ભયાનક અસારતા, તે દેવતાઈ વૈભવ-વિલાસવાળા સંસારને પણ તુચ્છ ગણવાનું સૂચવે છે; તેમાંય સાવધાન રહેવાનું શિખવે છે; અને શક્ય પ્રયત્ને એમાંથી સર્વથા છૂટી જઈ સર્વદા સ્વસ્થ થવાનું કહે છે. (૨) બીજું તારણઃ- 'કર્મની વિચિત્રતા' આત્મામાં પૂર્વના કેઈ કર્મ છૂપાયેલા પડ્યા હોય છે. તે અણધારી પળે જાગીને કેવા આશ્ચર્યકારી પ્રસંગો સર્જે છે એનો પત્તો લાગતો નથી; એની કલ્પના આવી શકતી નથી. એ વસ્તુ (i) આત્માને સદા નિરભિમાન રાખવા બસ છે. કર્મવશ હોઈ માણસનાં અભિમાન શા કામનાં ?

ક્યારે કર્મ શું કરે, કયાં પટકે, કેવી આપદાના સીસામાં ઉતારે, એનો શો ભરોસો ? બીજું, (ii) નવાં અશુભ કર્મ કરવા સામે લાલબત્તી ધરે છે. (૩) ત્રીજું તારણઃ–'જીવોનાં દુર્લક્ષ્ય ચિત્ત,' તે સંસારી જીવોના સંબંધમાં આવતાં સાવચેતી રાખવાનું શીખવે છે. ઉપરાંત, જે સંસારી સગાં સ્નેહી વગેરેમાં પહોળાં પહોળાં થઈને ફરો છો, એમની ગૂઢ મનોવૃત્તિઓ અને એમાં છૂપાયેલી સ્વાર્થાદિ મલિનતા એવા પ્રત્યે વિરક્ત રહેવાનું સૂચવે છે.

હૈયામાં ઢાળ હોય તો ઉપદેશ અંદર ઊતરેઃ– ચક્રદેવે તારવેલાં આ ત્રણ તત્ત્વોએ એના હૈયામાં એવું સુંદર મંથન કર્યું કે હવે હૈયું મહાત્માનું વચન રત્નોને ગ્રહણ કરવા યોગ્ય બન્યું. મહાત્માઓની દેશના હૃદય પર સારામાં સારી અસર ક્યારે કરે ? એની પૂર્વ ભૂમિકારૂપે હૈયામાં ઢાળ બન્યો હોય. જમીનનો ઢાળ હોય તો એ પર થઈને પાણી નીચે સરોવરમાં આવે પણ જમીન ઢાળ વિનાની હોય, તો પાણી સરોવરમાં ન ઊતરે. તેમ હૈયામાં ઢાળરૂપે જો તત્ત્વની જિજ્ઞાસા થાય કે "હું તત્ત્વ સાંભળું, આત્માનું હિત સાંભળું," વળી સાથે જો દુનિયામાં દેખે કે 'અહીંયાં તો અસાર, વિચિત્ર અને ગૂઢ જ પડેલું છે.એમાં તો અહિતનાજ મામલા છે !' –તો ઉપદેશ હૈયામાં ઊતરે. હૈયામાં આ ઢાળ છે. ચક્રદેવના હૃદયમાં તેવો ઢાળ થયેલો છે.

તે કહે છે, "પ્રભુ, મને સર્વ દુઃખ ટાળે તેવો ધર્મ બતાવો."

ગુરુ ઉપકારી છે; કહે છે, "એવો ધર્મ તો ઊંચામાં ઊંચો જ હોય. સામાન્ય ધર્મ એવું દુઃખ ન ટાળી શકે."

"તો પ્રભુ! હું એ જ જાણવા માગું છું."

ગુરુ ઉચ્ચ ધર્મ બતાવે છે :—"એવો ધર્મ ક્ષમાદિ દસ પ્રકારનો યતિધર્મ છે."

શું ક્ષમાદિમાં કઠિનધર્મ આવ્યો? હા, એમાં કઠિનાઇ છે. એનો સ્વીકાર કર્યા પછી, કોઈ દુશ્મન આપણા શરીરના ચામડા ઉતારી લે, તો પણ ક્ષમા છોડવાની નથી. સારામાં સારા માનના હોદ્દા પર બેઠા હોઈએ, અને કોઈ હલકામાં હલકું કલંક ચઢાવે તો પણ માન-મદની વિહ્વળતા કરવાની નહિ. આ છે યતિધર્મ! ગુરુમહારાજે ક્ષમા-મૃદુતા વગેરે દસેય પ્રકારના યતિધર્મનું બહુ સરસ વર્ણન કર્યું. ચક્રદેવના હૈયામાં નાળ તો થયો જ હતો. ત્યાં આ ઉપદેશે, જુઓ કે, કેવી સરસ અસર કરી!

ચક્રદેવને અસર:—અમરગુપ્ત આચાર્ય મહારાજ કહે છે, "ગુરુનો તે ધર્મોપદેશ સાંભળીને મારા (ચક્રદેવના) દિલમાં પહેલાં તો દેશવિરતિ શ્રાવકધર્મનો પરિણામ જાગ્યો. પરંતુ સાથે સંવેગ ધર્મપ્રેમ વધતો ચાલ્યો અને વધતાં વધતાં સમસ્ત સંસાર પર ઉત્કટ વૈરાગ્ય જાગી ગયો." નવો ધર્મ પામીએ ત્યાં લક્ષ્મીની જેમ જે જ્વલંત રાગ હોય તો તેથી ય વિશેષ અધિક ધર્મના કોડ જાગે. પૈસા નવા કમાતા શું થાય છે? 'હવે આમ વેપાર ખેડું, ને આટલા ટકા બજાર ફરે તો આટલો નફો કરી લઉં....' એવું જ કંઈને? ચક્રદેવને દેશવિરતિ ધર્મના ભાવ જાગ્યા પછી એવું જ થયું.

સંવેગ વૈરાગ્ય વધી ગયા. એટલે હવે ચિત્ત વિચારવા લાગ્યું કે

સંસાર એ ક્લેશ શાથી:—

"જે આવો ક્લેશ કે જે સંસારનું વર્ધન જ આપે છે, તેવા ક્લેશમાં પડી રહેવાથી શું? એને છોડી ચારિત્ર જ લઈ લઉં." શું સમજ્યા? માત્ર કોઈ અમુક પ્રસંગ જ નહિ, પણ સંસારવાસને જ ક્લેશ કહે છે! ઘેર શ્રીમંતાઈ છે; નોકર-ચાકર છે; દુનિયામાં મોટી આબરૂ છે; રાજાનું અત્યંત બહુમાન છે. ત્યાં કયાં ક્લેશ છે? પણ દિલમાં જે વૈરાગ્ય ઉત્પન્ન થયો છે અને સંસારનું આંતરિક ભાન જાગ્યું છે તે બતાવે છે કે 'આ અનુકૂળતા જ કલેશ છે, કેમ વારૂ? જીવ એમાં લલચાય છે; એના પર આસ્થા મૂકે છે; એમાં ખેંચાઈને દિલમાં એની રમણુતા પાછળ અનેક પાપસ્થાનક સેવે છે; ભવભ્રમણ વધારે છે; માટે જ એ ક્લેશ! માટીનું કોડિયું એટલું નહિ ખેંચે પણ ચાંદીના ગ્લાસની અનુકૂળતા હોય તો? મોટો ગ્લાસ નહિ, પણ મંદિરમાં પૂજા કરવાની નાની કટોરી ય તમે ચાંદીની રાખી હોય, ને હાથ ધોવા ગયા અને કટોરી ઊપડી ગઈ, તો શું થાય? છાતીમાં કટારીની જેમ કટોરી પેસી જાય ને? માટે જ એ ક્લેશ.

જે સંયોગ, જે પરિસ્થિતિ આપણા હૃદયમાં દેવ-ગુરુ અને ધર્મની આસ્થા પેસવા ન દે, જામવા ન દે, તત્ત્વ રમણુતા થવા ન દે અને એના બદલે સંસારની વાતો પેસીને રાગાદિનાં તોફાન જગાવે જાય કે પછી નીકળે જ નહિ!, તે ક્લેશ.

સંસાર પરના વૈરાગ્યથી, ને એની આવી ઓળખાણથી એનું દિલ આવું થઈ ગયું છે. સંસારમાં રહેલો વ્રતધારી જીવ આટલે સુધી પહોંચી શકે છે, એટલું જ નહિ પણ શ્રાવકનાં વ્રત ન લીધાં હોય તે પણ સમ્યક્ત્વના બળે આટલે સુધી પહોંચી શકે છે; કે એનું મન કહે છે "આ સુખરૂપ સંસાર પણ ક્લેશ છે." અને મન તેથી ઉદ્વેગ અનુભવે છે. ક્લેશ કેમ? શાન્તિ કેમ નહિ? કહો, અહર્નિશ પાપની-રાગની, દ્વેષની, હર્ષની, શોકની, વગેરે વિચારણામાં રોકી રાખે તે ક્લેશ. અહર્નિશ દેવગુરુ અને ધર્મનું સ્મરણ રખાવે તે શાન્તિ.

અમરગુપ્ત આચાર્ય મહારાજ કહે છે, "મને ભવનો એવો વૈરાગ્ય વધી ગયો, કે આ બધું ક્લેશરૂપ લાગ્યું; તેમાં માત્ર આત્માની વિટંબણા અને ભવની પરંપરા વધવાનું લાગ્યું. આ મારી ભાવનામાં કેટલાંય કર્મનો જથ્થો ગળી ગયો! ને ગાઢ કર્મબંધની સ્થિતિ તૂટી ગઈ! આત્માનું વીર્ય સ્ફુરાયમાન થઈ ગયું! એમ લાગ્યું કે જ્યારે આ બધું ક્લેશમય છે તો એને રાખવાનું શું કામ છે? હૃદયમાંથી બધું કાઢી નાખ્યું, ને સર્વવિરતિનો પરિણામ જાગ્રત્ થઈ ગયો. મેં ગુરુ ભગવંતને વિનંતિ કરી કે—

ચક્રદેવની માગણી : ચારિત્ર-ગ્રહણ:—

"પ્રભુ! આપે મારા પર ઘણો ઉપકાર કર્યો! આ સંસારના પ્રપંચ પરથી મારું ચિત્ત ઊઠી ગયું છે. તો હવે મારે શું કરવું તે ફરમાવો."

ગુરુમહારાજશ્રીએ વિશિષ્ટ શાસ્ત્રબોધના અનુસારે મારા

મનના ભાવ સમજી જઈને કહ્યું, "મહાભાગ! તારે મહાપુરુષોએ આરાધેલ ચારિત્ર આદરવું યોગ્ય છે." મેં ચારિત્ર લીધું અને વિધિપૂર્વક પાળ્યું.

ચારિત્રમાં કષ્ટ?:—

સંસારની ભયાનકતાને પિછાણી ગયેલા અને તેથી જ સર્વત્યાગી બની જગત ઉપર મહા દયાળુ બનેલા સાધુ મહાત્મા સામા જીવને પાત્ર દેખે તો પછી શું કામ બાકી રાખે? મહા દયા કરે તે જ ઠીક ને? પણ પૂછોને,

પ્ર૦—મહા દયા કરવા જતાં સામો જીવ ચારિત્રના કષ્ટ એકદમ જ શી રીતે સહી શકે?

ઉ૦—પણ અહીં જ તમે ભૂલો છો. (૧) એક તો તમે એમ સમજી બેઠા છો કે સંસારમાં લાભ દેખાય ત્યાં કષ્ટ એકદમ જ ઉઠાવવામાં વાંધો તો નહિ; બલ્કે ઉઠાવવા જ જોઈએ. છોકરો ૫–૬ વર્ષનો થાય એટલે રમતગમતની સ્વતંત્ર મઝામાંથી સીધી નિશાળની કેદમાં ગોંધાવાનું જ. ન જાય તો માર ખાઈને જવું પડે. ભણી ઊતરે કે તરત ધંધાનું ધુંસરૂં ઉઠાવવું જ પડે. ધંધામાં કેઈ ગુલામીઓ, ટોણાં, ત્રાસ–બળાપા વગેરેના કષ્ટ એકદમ જ ઉઠાવવા પડે. સંસારનું આ બધું બરાબર! માત્ર ચારિત્રધર્મ કે બીજા ધર્મ જે આત્માને મહા તરણ–તારણ છે, ને પરલોકમાં પરમ આધાર છે, એના માટે કષ્ટ ઉઠાવવામાં અખાડા! એમાં 'એકદમ શે બને?' એવી માયકાંગલી કે માયાવી વાતો! કેવું સ્વાત્મઘાતક અજ્ઞાન!!

(૨) બીજી વસ્તુ એ છે કે મનને કેળવી લીધાથી

ચારિત્રમાં પણ કશું જ કષ્ટ નથી લાગતું. ભવરોગ કાઢવા માટેની એક ચિકિત્સાનો એ આનંદદાયક પ્રકાર લાગે છે. સંસાર ક્લેશના ભાર ઊતરી જવાથી જીવને ત્યાં પરમ શાતા લાગે છે. માત્ર આંતર ચક્ષુ ખૂલવા જોઈએ.

૬ : દેવ-નારક-તિર્યંચ

ચક્રદેવ સ્વર્ગે:—ચક્રદેવે અગ્નિશર્મા ગણધર ભગવાન પાસે ચારિત્ર સ્વીકાર્યું. તેને સુંદર રીતે પાળી યોગ્ય કાળે કાળ કરી નવ સાગરોપમના આયુષ્યવાળા પાંચમા દેવલોકમાં દેવતા થયો. આ તો ઉત્તમ એવા ચક્રદેવની સરળ હૃદયની આરાધનાનું પરિણામ! પરંતુ યજ્ઞદેવ દુષ્ટ છે, પાપી છે. તેથી તે મરીને નરકનો જીવ થયો. ત્રણ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી નરકમાંથી નીકળી તે શિકારી કૂતરો થયો. અહીં એક પ્રશ્ન થશે કે

પ્ર૦—શિકારી કૂતરાના ભવનો અને યજ્ઞદેવના ભવનો શો મેળ?

ઉ૦—ઉત્તરમાં સમજવાનું છે કે યજ્ઞદેવના ભવમાં સામાને અંધારામાં રાખી એના પર હલ્લો કરવાનું જે કર્યું, તે હલ્લા હવે સારા પ્રમાણમાં થાય તેવો ભવ મળ્યો! ઝાડીમાં છૂપાઈ જઈ કોક વાર એકદમ તૂટી પડવાનું! આ કર્મની ગોઠવણ છે! એનો અર્થ એ છે કે જે દુર્ગુણો મનુષ્યભવમાં કેળવ્યા તે બીજા ભવમાં સારી રીતે કેળવી શકાય તેવા ભવ ઝટપટ મળે છે, જીવના લમણે લખાય છે.

કૂતરો મરીને પાછો તે જ નરકમાં ગયો. ત્યાંથી નીકળી

ત્રણ સાગરોપમ સુધી તિર્યંચમાં ભયંકર ભવો કર્યા. ત્યાં સુખ શું મળવાનું? એક એક ભવમાં દુઃખ કેટલું? અસંખ્ય કાળ સુધી અસંખ્ય ભવો થવાના! એ કાળ એણે મહામુશીબતે પૂર્ણ કર્યો અને ચક્રદેવે દેવલોકનો કાળ પૂર્ણ કર્યો. હવે પાછો એનો ભેટો કેવો થાય છે તે જોવાનું છે.

૭ : ચન્દ્રસાર-અનઘક

જન્મ:—અવધિજ્ઞાની મહર્ષિ કહે કે "હું ચક્રદેવના ભવમાંથી દેવ થઇ આયુષ્ય પૂર્ણ થયે આજ મહાવિદેહમાં ગંધિલાવતી વિજયમાં રત્નપુર નગરે રત્નસાગર સાર્થવાહ અને શ્રીમતી નામની એની ભાર્યાના પુત્રપણે જન્મ્યો. મારૂં નામ ચન્દ્રસાર રાખવામાં આવ્યું.....યજ્ઞદેવનો જીવ અમારા જ ઘરે નર્મદા નામની દાસીનો અનઘક નામે પુત્ર થયો." શું અનઘક એટલે? અઘ એટલે પાપ. અનઘ એટલે પાપ વિનાનો. પાપી જીવનું નામ અપાપી પડ્યું! સંસારના ખેલ કેવા! માબાપ નામ તો સારૂં પાડે છે, પણ એ પ્રમાણે નીવડવાનું પુત્ર ન કરે ત્યાં શું થાય? ખુદ માબાપ ન કરાવે ત્યાં શું થાય?

અનઘક કપટી:—ચન્દ્રસાર અને અનઘક બંને ઊછરતા ઊછરતા બાળભાવમાંથી મોટા થયા. ચન્દ્રસારનું ચન્દ્રકાન્તા સાથે લગ્ન કરવામાં આવ્યું. પેલો અનઘક પણ સાથે જ છે. પણ પૂર્વભવના સંસ્કારથી એ ચન્દ્રસારને ઠગવાની બુદ્ધિ છોડી શકતો નથી. બાલી બુદ્ધિ નહિ, પણ ઠગવાના જાગ્રત્ પરિણામ! પરંતુ ચન્દ્રસારને એની કંઈ

ખબર નથી. કેમકે એના પરિણામ ભદ્રક છે. 'સામો આપણી સાથે કેમ વર્તે છે' તે ચન્દ્રસાર જોતો નથી; અને આ અનઘક તો લુચ્ચો! દંભી સ્નેહભર્યા બહારના વર્તાવમાં શા માટે ખામી રાખે?

આચાર્ય:—એક વખતે કલ્પ અનુસાર વિચરતા વિજયવર્ધન આચાર્ય ભગવાન માસકલ્પ માટે ત્યાં પધાર્યા. ચન્દ્રસાર ગુરુમહારાજની દેશના સાંભળવા ગયો. દેશના સાંભળીને શ્રાવકધર્મ સ્વીકાર્યો. આ સ્વીકાર કેવો? શાસ્ત્ર જે યોગ્યતાના એકવીસ ગુણપૂર્વકનો કહે છે તેવો. માટે જ આગળ જોઈશું કે એ ગુણોના લીધે કેવી સુંદર આત્મદશાને અનુભવે છે! આપણે ધર્મી બની ગયા એમ સંતોષ માની લઈએ એ જુદી વાત; બાકી ધર્મપ્રવૃત્તિઓ કર્યે જવા છતાં આત્મગુણો ખીલવ્યા વિના ઊંચી આત્મદશા અનુભવવી મુશ્કેલ છે.

જીવનમાં બંને જરૂરી : ધર્મક્રિયા કેમ જરૂરી?

આ એક ખાસ ખ્યાલમાં રાખવા જેવી વસ્તુ છે; કે આપણા આત્માની દશાને ઉન્નતકોટિની બનાવવા માટે સંસારપ્રવૃત્તિઓ મૂકીને ધર્મપ્રવૃત્તિઓ આચરવાની જેટલી જરૂર છે, તેટલી જ જરૂર આત્મગુણોને જીવનમાં કમાવાની અને સિદ્ધ કરવાની છે. બેમાંથી એકેય વિના ચાલે એવું નથી. અહીં એક પ્રશ્ન કરો,

પ્ર૦—આજના નવા મગજવાળા કહે છે કે આત્માને ગુણવાન બનાવો, બાકી ધર્મની દોડાદોડ કરવાથી શું વળે? બહુ ધર્મક્રિયાઓ તો માણસને અહીંથી કેટલીય ફરજો ચૂકાવે છે. કૌટુમ્બિક ઉપરાંત ઘણીય સામાજિક ફરજો છે.

નાગરિક તરીકેની ફરજો છે. ધર્મ ક્રિયાઓની ઘેલછા શું આ ફરજો તરફ બેદરકાર બનાવતી નથી ?

ઉ૦—આનો ઉત્તર એ છે કે આવું કહેનારાને એ ખબર નથી કે જો માણસમાં આત્મગુણ ખીલ્યા છે તો એની સાથે ધર્મક્રિયાએ સંકળાવું જ જોઈએ. કેમકે જેને આત્મ-ગુણ કહેવાય છે એ પામવાનું કારણ ધર્મક્રિયા છે, તેમ એ પામ્યાનું પ્રતીક પણ ધર્મક્રિયા છે. એનું કારણ એ છે કે આત્મગુણો આત્માની અનંતકાળની અવળી ચેષ્ટાઓને પોષ-નારા દુર્ગુણો કરતાં તદ્દન ઊલટા છે. એથી એ સમ્યક્ પ્રવૃ-ત્તિને પોષે છે. વળી કૌટુંબિક અને સામાજિક નાગરિક વગેરે ફરજો તો આજે બહેકાવી મુકાવેલા જીવનથી ઊભી થઈ છે. પૂર્વના જીવનો જે અલ્પ જરૂરિયાતવાળા અને તદ્દન સાદા હતા, એમાં આજની માનેલી ફરજોની ધાંધલનો સવાલ જ ઊભો નહોતો થતો. બીજું એ પણ હતું કે બાલપણથી માણસ જીવન જ એવું પરમાર્થી જીવતો કે કુટુંબ કે સમા-જને બાધા જ ન પહોંચે. પછી સૌ કોઈને ધર્મપ્રવૃત્તિ કરવામાં ખૂબ અવકાશ અને ઉલ્લાસ રહેતો. અલ્પ જરૂરિયાત-વાળું જીવન બહુધા સ્વાશ્રયી જીવન હોય છે, એમાં બીજા-ઓની બહુ સેવા લેવાની રહેતી નથી. આજના ખૂબ જરૂરિયાતોવાળા અને ફટાટોપ પ્રવૃત્તિઓ તથા (engage-ments) રોકાણોવાળા જીવન બહુધા પરાશ્રયી બની ગયા છે. હવે કહે છે એની ભૂખ સંતોષવા ધાર્મિક માણસે પોતાની ધર્મસાધના ચૂકીને આ કહેવાતી સામાજિક ફરજો બજાવવા નીકળી પડવું ! કેમ એમ જ ને ? ધ્યાનમાં રાખવાની જરૂર

છે કે એવી ઊભી કરેલી મનમાની સાંસારિક ફરજોમાં ઉચ્ચ કોટિના આત્મગુણો નથી કમાઈ શકતા. આત્મગુણો એટલે આત્માના પોષક ગુણો. એ માટે અનાત્માના અર્થાત્ જડના પોષણ–સ્મરણથી બને એટલું દૂર રહેવું જોઈએ. ધર્મ-ક્રિયાઓમાં, ધર્મપ્રવૃત્તિમાં રચ્યા–પચ્યા રહેવામાં આ તાકાત છે કે જડના પોષણ છોડાવી આત્માનાં પોષણ વધારી આપે. આજની માનેલી સામાજિક ફરજો માણસને જડ સુખો અને જડમાં ઓતપ્રોત બનાવે છે. શુદ્ધ આત્મા અને એના વૈરાગ્ય અનાસક્તિ, તત્ત્વરમણતા વગેરે ગુણોનું સ્મરણ પણ આવવા દેતા નથી. એ તો જડ પ્રવૃત્તિઓથી જડના વિકાસ બરાબર સધાયાનો સંતોષ આપે છે. અસ્તુ.

આત્મગુણોની શી જરૂર ? :—આપણી મુખ્ય વાત તો એ હતી કે ધર્મ–પ્રવૃત્તિની સાથે સાથે આત્મગુણોને ભૂલવા જેવા નથી. આત્મગુણો વિનાની ધર્મપ્રવૃત્તિ થોડાં પુણ્ય આપશે, થોડાં દુન્યવી સુખ દેખાડશે, પણ એમાં આત્માની શી ઉચ્ચ દશા થઈ ? અમરગુપ્ત આચાર્ય ભગવાનનો જીવ એવી ઉચ્ચ આત્મદશાને પામ્યો છે કે જે જીવનમાં યશસ્વી કાર-કીર્દિ આપે છે. એ દશાનું મૂળ શામાં છે? આત્મગુણોની કમાઈ અને સિદ્ધિમાં. ઉદારતા, સરલતા, ગંભીરતા, અપકારી ઉપર પણ ઉપકાર વરસાવવાની મહાત્માગીરી, ઇત્યાદિ ગુણો એવા સિદ્ધ કર્યા છે કે એ સહજભાવે પ્રવર્તે છે. એથી જ એમના આત્માની દશા ભવે ભવે ઊંચી ઊંચી જણાય છે. આપણે પણ આ કરવાનું છે. ધર્મક્રિયાઓ, અલબત્ત ખૂબ કરીએ; કરવી જ જોઈએ. પણ સાથે સાથે આત્માના ગુણો

કમાવાનું, કેળવવાનું અને કેળવી કેળવીને આત્મસિદ્ધિ કરવાનું જરાય ભૂલવા જેવું નથી. એવી ચોંટ જોઈએ કે જ્યાં જ્યાં આત્મગુણ કેળવતી તક મળે, પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યાં ત્યાં એને વધાવી લઈ આત્મગુણ કેળવવા. દા. ત. આપણું કોઈએ બગાડયું, એ એક પ્રસંગ ઊભો થયો. એમાં હવે આપણે એક યા બીજી રીતે ઉપકાર કરવાનો આત્મગુણ કેળવી શકીએ; ક્ષમાનો આત્મગુણ અમલમાં ઉતારી શકીએ. ધારો કે પૈસા મળવાનું પ્રલોભન સાથે આવી ઊભું છે; પણ તે અસત્ય અને અન્યાયથી. આ એક તક કહેવાય. શાની ? સત્ય અને ન્યાયસંપન્નતા કેળવવાની. બસ ! બરાબર સાવધાન અને હૃદયના કડક બની ત્યાં સત્ય અને નીતિ-ન્યાય બરાબર સાચવવાના. એમાં પૈસા મળવાનું જાય તો જતું કરવાનું. આ વસ્તુ ન હોય તો, શું લાગે છે કે આત્મગુણને ભૂલી કોરી ધર્મક્રિયાથી આત્માની ઊંચી દશા બનાવી શકાય ? શાસ્ત્રકારો તો આત્મગુણોની એટલી બધી કિંમત આંકે છે કે સમ્યક્ત્વ, શ્રાવકપણું વગેરમાં પૂર્વે અમુક અમુક આત્મ-ગુણોને જરૂરી ગણ્યા છે. ચન્દ્રસારે આવા ગુણો સિદ્ધ કર્યા છે. એના ઉપર ગુરુમહારાજ પાસેથી શ્રાવક ધર્મ લીધો.

ગામમાં ધાડ :—એક અરસામાં કોઈ દીર્ઘ કાલ માટે રાજા દંડયાત્રાએ નીકળી ગયો, અને ચન્દ્રસાર તથા અનધક પણ કાર્યવશાત્ બહારગામ ગયા છે. ત્યાં ગામમાં ધાડ પડી ! ધાડપાડુ ભીલ લોકોએ અને એના ઉપરી આગેવાન વિદ્યુત્કેતુ-એ હલ્લો કરીને લોકોને હત-પ્રહત કરી નાખ્યા; અને એમાંથી કેટલાક જીવતા માણસોને જ ઉઠાવી ગયા ! આ

ઉઠાવી જવામાં એની હોંશિયારી છે ! પરંતુ પહેલું જોવાનું એ છે કે વિદ્યુત્કેતુ છે મનુષ્ય, પણ જીવન કેવું છે ? પશુને ટપી જાય તેવું ! જીવનમાં સુલભ શું છે ? આ જન્મ પામી, પછી પણ જલ્દી મળે એવું શું, અને મુશ્કેલીએ મળે તેવું શું ? મળે એટલે સમજ્યા ? પોતાને ગમે છે અને આદરાય છે. તે એવું સરળ શું છે ? લૂંટવા વગેરેનું પશુજીવન ! આવા જીવનમાં માલ નથી; ખરાબી છે; પછી લૂંટ નાની હો કે મોટી; જંગલી હો કે સફાઇબંધ. બીજાનું પડાવી લેવાની વૃત્તિમાં માનવતા નહિ. ચન્દ્રસારને ખબર પડી ગઈ કે ગામમાં ધાડ પડી. દોડતો ઘેર આવ્યો. ગામ આખું મસાણ જેવું થઈ ગયું હતું ! ઘરમાં માણસોની તપાસ કરાવી. બધા છે; માત્ર પત્ની ચન્દ્રકાન્તા નથી ! બીજે ક્યાંય તો જાય નહિ, એથી લાગ્યું કે જરૂર લૂંટારા ઉપાડી ગયા. શું ? ધન નહિ, માણસ ! તેય નોકર નહિ, પત્નીજ ઉઠાવી ! એથી ચન્દ્રસારના મનને ઉદ્વેગ થયો. પૈસા લઇ ગયા હોત લૂંટારા, અને જે દુઃખ ન લાગતે તેવું દુઃખ પોતાની સુશીલ પત્ની ઉપાડી ગયાનું લાગ્યું.

ચન્દ્રસારને પત્ની ચોરાવા પર મૂંઝવણઃ—એના મનને એમ થયું કે "અરે ! એ બિચારીએ આજ સુધીમાં મારો વિયોગ જોયો નથી. તો આ સ્થિતિમાં એ કેવી રીતે પ્રાણ ટકાવી શકશે ?" શું લાગ્યું ? 'ચંદ્રકાન્તાને આ પહેલવહેલા વિયોગમાં જીવવું મુશ્કેલ બન્યુ હશે.' આમાં કેવળ મોહ કામ કરે છે એવું નથી મન પર અલબત સંસારનો સંબંધ જરૂર છે; પણ સાથેસાથ ધર્મનો પણ સંબંધ છે.

આવી સુશીલ પત્નીને લૂંટારા ઉપાડી જાય તો કેવી સ્થિતિમાં એને મુકાવું પડે એ સ્થિતિની કલ્પનાથી તે ધ્રૂજી ઊઠયો, અકળાઈ ગયો. અકળાઈજ જાય ને ? એક તો જંગલી ભીલો, અને પાછા સ્ત્રીઓને ઉપાડી ગયા ! એને જીવતી રાખે કે મારી નાખે એની કોને ખબર ? કૃત્ય કેટલું જંગલી ! ખોળીયું માનવનું અને આવી લૂંટનું કાર્ય ! માણસ જેવા માણસને આખા ને આખા ઉપાડી જાય એ શહેરીની દૃષ્ટિએ એક ધણું જ અજુગતું કાર્ય દેખાય છે. વાત સાચી છે. પણ જંગલી મનુષ્યોને એનો કાંઇ હિસાબ નથી. એને તો જાણે માણસ અને ઢોર, બેઉ સરખા ! આજેય પાકીસ્તાનીમાં કેવી કારમી હોનારતો બની ગઈ ! મનને દહેશત રહેને કે લૂંટારાઓ પણ કદાચ મારે નહિ, તોય ઉપાડી જવાયેલા આદમીઓને શું લૂંટારા બનાવતા હશે ? મોતનો ભય દેખાડીને એવા બનાવતા હોય તો શી ખબર ? અને ઉપાડી જવાયેલી સ્ત્રીઓનો તો બિચારીનો મરો જ ! શહેરી ગણાતાને પણ જો પરસ્ત્રીના એકાંત મળી ગયા, તો વિહ્વળતા થઈ આવે; ત્યારે અહીં તો જંગલી લોકો ! એ શું સદાચાર સમજ્યા હોય ? પાછી સારા ઘરની સ્ત્રીઓ એટલે રૂપ અને લાવણ્યથી ભરેલી હોય. એને મેળવ્યા પછી એ નાગડાઓ શું ન કરે ? એમાં નથી ને સુશીલ સ્ત્રી પર આક્રમણ આવતાં એ જીભ કચરીને મરે તો ? આવી બધી પરિસ્થિતિમાં ચન્દ્રસારને અકળામણ થઈ જાય એ સહજ છે.

પુણ્ય વધારો :–પરંતુ કહે છે ને કે પુણ્ય બળવાન છે ? ઘોર નિરાશામાં ઉદ્વિગ્ન બનેલાને એકાએક હર્ષિત કર-

નાર પુણ્યનો ઉદય છે. માટે જ માણસ જીવનમાં પુણ્યની વૃદ્ધિ કરે એમાં ડહાપણ કે પાપ વધારે એમાં ? પાપ છોડી પુણ્યના માર્ગે ચાલવું હોય તો અનેક પ્રકારની સમજો અને અનેક રસ્તા છે. એક વાર આત્માને એમ હાડોહાડ લાગી જવું જોઈએ કે' હવે તો હું આ પાપભર્યા અપવિત્ર જીવનથી કંટાળ્યો ! એવા ક્યાંથી મારા અહોભાગ્ય કે પુણ્યના માર્ગ મને જાણવાના મળે ! આચરવાના મળે ! વિષયલંપટતા અને કષાય કુટેવોને પરવશ પડેલું મારું મન મને રાગદ્વેષની, વેરઝેરની, અસત્ય અન્યાયની હોળીમાં બાળે છે ! માનવ થયા પછી પણ આ નહિ મિટાવું તો પછી ક્યાં મિટાવી શકીએ ?' આવું કંઈક લાગી જાય તો પવિત્ર જીવનના રસ્તા ખુલ્લા થઈ જાય. એનાથી પછી પુણ્યના ભંડોળ વૃદ્ધિ **પામે.**

પત્નીનો ભાળ :–ચંદ્રસાર પત્ની ચોરાવાથી અકળાયો છે, પણ પુણ્યના ઉદયે એને ત્યાં તો દેવશર્મા નામના એક બ્રાહ્મણે આવીને કહ્યું, "સાર્થવાહ પુત્ર ! તું સંતાપ ન કર. પૂર્વે પણ આ દેશમાં એકવાર શ્રીસ્થલ નામની પલ્લીના ભીલોની ધાડ પડી હતી તે વખતે પણ તે લોકો આમ જ માણસોને ઉઠાવી ગયા હતા. કિંતુ પછી ઘણુ દ્રવ્ય આપી તે માણસોને છોડવામાં આવ્યા હતા, એમાં જે બાઇઓને ઉપાડી ગએલા એમના શીલને જરાપણ વાંધો નહી આવ્યો." ચંદ્રસારને આશા બંધાણી "તો તો પૈસા લઈને જાઉં; તો મારીય પત્ની મને પાછી મળે. કંઈ વાંધો ના આવે."

વાસનાની સાંકળ :–કેવી એ વિચિત્ર ઘટના છે! ધન તો લોકોએ કયાંક છૂપું દાટી મૂકયું હોય, તો કદાચ હાથમાં ન આવે. પણ આ તો લૂંટારાઓ માણસોને જ ઉપાડી પોતાના નિવાસમાં લઇ ગયા! કેમ? 'પૈસા જોઈએ છે. પરંતુ તે પડાવવા અહીં થોભાવું નથી. તે માટે માણસોને ઉપાડો! મનગમતા પૈસા મળશે!' કેટલી કુનેહ છે! પણ આ પાપની હોંશિયારી છે! નરકમાં લઈ જનારી હોંશિયારી એવી રચી કે બીજા કુટુંબીઓ નહિ, પણ સ્ત્રીઓને ઉપાડી. કેમ? જાણે છે કે આ જગતમાં પતિપત્નીના સંબંધ જ કોઇ જુદા પ્રકારના છે. એ સંબંધની વચમાં કામવાસનાની સાંકળ છે. તે કોઈ અજબ બળ ધરાવે છે! હજી પોતાના આત્મા પાછળ નહિ પણ સ્ત્રીની પાછળ, માણસ જરૂર પડયે, સર્વસ્વનો ભોગ આપી દેશે! એમ તો ધર્માત્મા ધર્મના સંબંધ પાછળ સર્વસ્વનો ભોગ આપવા તૈયાર બને છે. પરંતુ અહીં તો ધર્મ–કર્તવ્યની સમજ વિનાય અંતરના કામનાં આકર્ષણમાત્રથી નાસ્તિક જેવા પણ કૂદી પડવા તૈયાર હોય છે. એટલે જ લૂંટારાઓ સ્ત્રીઓને ઉપાડી જાય છે! એમ સમજીને કે એમના ધણીઓ ખૂબ ધન આપીને છોડાવી જશે.

વધારે શું ખરાબ! શીલની લૂંટ કે પસાની?, પણ એક ખૂબી છે કે જાત લૂંટારાની છતાં, દેવશર્મા બ્રહ્મણ કહે છે કે સ્ત્રીઓના શીલનો એ ભંગ નથી કરતા. શું સમજ્યા? પૈસાની લૂંટ ખરી, પણ શીલની લૂંટ નહિ! વધારે શું ભયંકર? પૈસાની લૂંટ કે શીલની? આ લૂંટા-

રાની જાત છતાં, વધુ ખરાબ એવી શીલની લૂંટ નથી કરતા ! ત્યારે આજે શહેરી ગણાતામાં શીલની લૂંટ ચલાવનારા સાંભળીએ છીએ ! આજની કેળવણી એને અટકાવી શકતી નથી. એટલું જ નહિ પણ સહશિક્ષણ અને સિનેમાઓ જાણ્યે અજાણ્યે માનસવૃત્તિને એવી ઉશ્કેરે છે કે શીલની લૂંટ તરફ માણસના મન અવસરે પ્રેરાય. એટલું સારું છે કે હજી કાયદો અને લોકવ્યવહાર લોકના મન પર સજા અને બેઆબરૂના ભય નાખે છે; તેથી હજી એનો ભયંકર રાક્ષસી યુગ નથી આવ્યો. છતાં આંખેથી રૂપની લૂંટ અર્થાત્ પરસ્ત્રીના રૂપ ચોરવાનું આજે ખૂબ વધી ગયું. આય એક જાતની લૂંટ જ છે ને ? ત્યારે પેલી તો જાત લૂંટારાની; એટલે મહાહલકી, અને શિકાર હાથવેંતમાં; છતાં શીલની લૂંટ કરવાની વાત નહિ ! પૂર્વકાળના લૂંટારાની ય અનેક અધમતાની વચમાં આ કેવી ઉત્તમતા ! અફસોસી છે કે આજના સ્કૂલ કોલેજના ભણતરમાં શીલ સદાચારના જોરદાર શિક્ષણ નથી અપાતા ! ખેર ! તો પછી એ કાર્ય તમારે કરવાનું છે. તમારે છોકરા-છોકરીઓને અવરનવર શીલ-સદાચારનો બોધપાઠ ખૂબ ખૂબ ભાર મૂકીને આપવાનો છે. તેમ સાથે સાથે સિનેમા, નોવેલો, વગેરે બદીઓથી તમારી પ્રજાને ખૂબ બચાવી લેવા જેવી છે.

સંસ્કૃતિની લૂંટ :-આપણી વાત ચાલતી હતી શીલની લૂંટની. પણ તમને ખબર છે ? શીલની લૂંટ કરતાં પણ વધુ ભયંકર સંસ્કૃતિની લૂંટ છે. સંસ્કૃતિ જીવતી હોય તો એ કોઈ દિવસ પણ શીલની લૂંટથી માણસને પાછો

વાળે; શીલની લૂંટ કરતાં અટકાવે. પરંતુ જ્યાં જીવનમાં મૂળભૂત આર્ય સંસ્કૃતિ,–પરમાત્મા પર અનન્ય આસ્થાની અને પુણ્ય–પાપની શ્રદ્ધાની સંસ્કૃતિ–આત્મા–પરલોક વગેરે તત્ત્વોની જીવનમાં મુખ્ય દૃષ્ટિ રાખવાની સંસ્કૃતિ–એ સંસ્કૃતિ જ જો લૂંટાય, તો પછી બાકી શું રહેવાનું ? આજનો ભૌતિકવાદ અને આજની રીતરસમો પવિત્ર આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિની લૂંટ ચલાવે છે.

પાઠ્ય પુસ્તકમાં ધર્મની વસ્તુ જ ન જોઈએ. એ શું છે ?

ઉપરથી માછલીમાં વીટામીન્સ અને ઈંડામાં પ્રોટેઇન વગેરેના શિક્ષણ, એ શું છે ?

'પૂર્વકાળમાં ધર્મના કારણે જ ઝગડા ચાલતા હતા' એવું ઊંધું શિક્ષણ વિદ્યાર્થીના મન પર કઇ અસર કરે ?

સિનેમા વિકાસનો સંસ્કૃતિ પર કેવો કારમો પ્રહાર છે ?

જે હરિજનોને જનધર્મ, જૈનમંદિર અને જૈનદેવ ઉપર કોઇ જ શ્રદ્ધા નથી, એને કાયદાના ડંડાથી જૈનમંદિરમાં ઘુસાડવા, એ સંસ્કૃતિની લૂંટ નથી તો બીજું શું છે ?

દેવના ભક્તોએ પોતાના જ પૈસા દેવભંડારમાં જમા થવા દીધા પછી હવે એનાથી દેવભક્તિ કરવા પર, બીજા મંદિર બંધાવવા કે બીજા મંદિરમાં ઉપયોગ કરવા ઉપર ટ્રસ્ટ એકટનો અંકુશ, એ શું સંસ્કૃતિનો દ્રોહ નથી કરતો ?

છૂટાછેડાની છૂટ; અસંયમ–નિયમનની નહિ, પણ

સંતતિ-નિયમનની પ્રેરણા, એનાં સાધનો વેચવાની છૂટ, ઇત્યાદિ બધું સંસ્કૃતિની ઘોર લૂંટ સમાન છે.

આજ તમે આ બધાની આડે કેટલો હાથ દઈ શકશો ? પહેલું, એટલું તો અવશ્ય કરો કે આજનું આ બધું તોફાન જોતાં, આપણા પવિત્ર ધર્મ ઉપર, દેવાધિદેવ અરિહંત પ્રભુ ઉપર, ધર્મશાસ્ત્ર અને ધર્મગુરુ ઉપર ખૂબ શ્રદ્ધાળુ બનો. ધર્મ એ જ જીવનમાં ખરી ચીજ છે; એ જ રક્ષક છે; એ શ્રદ્ધા અસ્થિમજ્જા કરી શક્ય પ્રમાણમાં સ્વ-પરમાં ધર્મ વધારો.

પૈસા લઈને ચંદ્રસાર જંગલ ભણી:-વાત શી હતી ? લૂંટારા પણ શીલની લૂંટ નહોતા કરતા. અને ચન્દ્રસારે આ સાંભળ્યું, ત્યાં એના જીવમાં જીવ આવ્યો, મનને થયું કે 'એનું શીલ અખંડિત રહેશે ને ? પ્રાણ તો અખંડિત રહેશે ને ? બસ, તો પૈસા જાય તોય વાંધો નહિ !, નોકરને કહે છે, "અલ્યા અનઘક ! ઊઠ, ઊભો થા. ભાતું લઈ લે. અટવીનો માર્ગ છે, લાંબો છે, ખાવાનું સાથે જોઈએ, સાથે પૈસા પણ લઈને જઈએ." લઈને બંને જણા નીકળ્યા. ભીલ લોકો દૂર છે. ત્યાં સુધી પહોંચવાનું છે. પૈસા પણ સાથે વધુ લઈ લીધા કે જેથી પેલા ભીલ લોકો આનાકાની કરે નહિ. અને સીધેસીધું કામ પતી જાય.

અવસરોચિત ન આવડે તો અપજશના પોટલા:- તાકડે જે શુભકાર્ય આવી પડયું તે કાર્ય ઠીકઠીક સાધનોથી જલ્દી અને સારી રીતે બજાવવાનું ધ્યાન જો ન રાખે તો

કાર્ય બગડે. ચન્દ્રસાર વણિક છે. સુશીલ પત્નીને બચાવવાનું મહાન કાર્ય સમજે છે. તેથી ઊંધું લેખું માંડવાની વાત નહિ. હાય ! બધું ધન લૂંટારાને કેમ અપાય' એ :અત્યારે જોવાની વાત નહિ. માટે ઘરમાં સારભૂત જે સોના ચાંદી–જેવા પૈસાની થેલી લઈને ઉપડયા. જો આવી સમયસૂચકતા ન હોય અને બીજો–ત્રીજો હિસાબ માંડવા જાય કે "સમજાવી દઈશું.... હમારી પાસે એટલા બધા પૈસા ક્યાંથી હોય ?.... " તો ? જરૂર પડયે પત્ની બોઈ બેસે ને ? અવસર ન સમજે તે પૈસા ખરચવા છતાં જશ પામી શકતો નથી. કહો છો ને કે જમણવાર મોટી વસ્તુનો કરે, અને શાકભાજી કે એવી વસ્તુ ઓછી કરે. તો બૂમાબૂમ થાય. જમનારાની બીજીવાર માગણી થાય તો કહે 'વાપરો, વાપરો, આવે છે !' ઘી–દૂધની રેલમછેલ કરી પણ ખબર ન પડી કે લોકોને સંતોષ શી રીતે થાય ? એટલે અવસરોચિત ન આવડવાથી અંતે અપજશના પોટલા ! અને પૈસા ખર્ચ્યા જાણે પાણીમાં !

ધર્મવ્યવહારમાં વિશેષ રીતે ચારે બાજુથી ઔચિત્ય જાળવો :-જેવી રીતે દુન્યવી વ્યવહારોમાં જશ લેવા ચારે કોર નજર રાખવી પડે તેમ ધર્મવ્યવહારમાં પણ ચારે કોર નજર રાખવી પડે· વિશેષ રીતે ઔચિત્ય સમજવું જોઈએ. નયસારે ગોચરી વહોરાવી એટલું જ નહિ, પણ સાધુઓને વળાવવા સાથે ગયો. કેમ ? બરદાસ્ત પૂરેપુરી કરવી જોઈ એ. અત્યારે લોકો કલકત્તા બાજુ જાય છે. અને ત્યાંના બાબુઓની ભક્તિ દેખીને ચકિત થઈ જાય છે ! "જમણ-

ભક્તિ તો એજ !" એમ થાય છે. શાથી ? કારણ કે બધું વ્યવસ્થિત ! પાટલા–થાળી–નેપકીન બધુંજ તૈયાર. ચકચકતા લોટા પવાલા ઠંડાગાર પાણીભર્યા તૈયાર. પીરસવા માટે ઘરના મુખ્ય મુખ્ય માણસો ઊભા હોય ! ઉપરથી ભક્તિના શબ્દો મીઠા નીકળતા હોય ! પૈસા ખર્ચવાના એના એ, પણ અવસર કયો ? ભક્તિનો. તો તેના બધાં અંગો સચવાવાં જોઈએ. જમાડવામાં તો સારા ઘી ભર્યા લાડુ જમાડો. થાળી ભરી દો. પણ થાળી ધૂળવાળી કે ચીકણી હોય તે ? બેસવાનું ધૂળ પર હોય તો ? પાણીના પવાલા ન હોય તો ? પીરસનારો એક વખત પીરસી ગયો પછી ભલે એ વસ્તુ બીજીવાર કલાકે આવે કે ન આવે તો ? અથવા લાડુ હોય પણ શાક ન હોય ! દાળભાત ન હોય. દાળ હોય પણ મીઠું ન હોય !....તો ? આ બધુ શું છે ? ખરચ કરવા છતાં થૂ.. થૂ ....થાય ! બસ, એવી જ રીતે, દેવ અને ગુરુની ભક્તિમાં બધું બરાબર સચવાવું જોઈએ. ભગવાનની પૂજાનું કામ છે. કેસર લઈ ને ગયા. પણ એવું પાતળું કે ભગવાનના અંગે રેલા ઊતરે છે. તો શું કહો ? 'એ તો જરા પૂજારીએ ઢીલું ઘસ્યું છે.' એ જ ને ? તો પૂજારીના ગુન્હે સજા ભગવાનને ને ? આ બધું એ સૂચવે છે કે કોઈપણ કાર્યનો અવસર ઓળખતાં ન આવડે, એટલે કરેકારવે છતાં ભોટ ગણાય ! મૂરખમાં ખપે !

નાણાં કાથળી શેઠ પાસેથી નોકર પાસે:–ચન્દ્રસાર હોશિયાર છે. સારભૂત પૈસા લઈ લીધા, કે જે લૂંટારા ભીલને દેખાડતાં ભીલ બીજું બોલે જ નહિ; ઝટ પત્તી સોંપી દે !

એ અને અનઘક નીકળી પડયા. રસ્તામાં વચ્ચે વિસામો કરવા બેઠા. કોથળી બે હતી. એક પૈસાની અને એક ભાતાની! અહીં સુધી તો ચન્દ્રસારના હાથમાં નાણાંની અને નોકરના હાથમાં ભાતું ભરેલી કોથળી હતી. પણ ભાવીભાવ જુઓ કેવા, કે અહીંથી ઊઠતાં ચન્દ્રસારના હાથમાં ભાતાની કોથળી આવી, અને નોકરના હાથમાં પૈસાની! હવે? અનઘકના હાથમાં નાણાંની કોથળી આવતાં તેનું મન ચલાયમાન થવા માંડયું. આમેય પૂર્વજન્મમાંથી સંસ્કાર એવા જ લઈને આવ્યો છે, અને અહિયાં પણ એવા વિચાર ઘોળાયા જ કરતા હતા. ત્યાં આ પ્રસંગ મલી ગયો. માલ મળ્યો! ત્યાં હવે શા માટે છોડવો? પાપનાં ધાડાં ઊતરી પડયાં. "ખૂબ માલ છે! ઝવેરાત ઠાંસીને ભરેલું છે. ઠીક હાથમાં લાગી ગયું છે! હવે બંદાને લહેર થઈ ગઈ! જંગલનો માર્ગ છે. રાડ પડતાંય કોઈ આવી લાગે એમ નથી. મોકો મળતાં શેઠને પૂરા કરી, આપણે આપણા રસ્તે પડી જઈએ!"

કુસંયોગ ભયાનક છે, સારાનેય બગાડે :—જુઓ, વસ્તુનો સંયોગ કેવું કામ કરે છે! અનઘકના હાથમાં પૈસાની કોથળી નહોતી આવી ત્યાં સુધી બુદ્ધિ એટલી બગડી નહોતી. પરંતુ માલનો સંયોગ હાથમાં આવતાં ભયંકર વિચારો સ્ફુર્યા! આમ તો પોતાની બુદ્ધિ પહેલેથી બગડેલી હતી જ. ઠેઠ રુદ્રદેવના ભવથી બુદ્ધિ બગડેલી છે. કિંતુ અહીં એ દેખાય છે કે લક્ષ્મીનો સંયોગ થયા પછી એ દુષ્ટ બુદ્ધિની

જાગ્રતિ અને વિકાસ થાય છે. આનો અર્થ એ છે કે તમે ખરાબ વસ્તુના, બુદ્ધિ બગાડનારી વસ્તુના સંયોગમાં ન આવો, ત્યાં સુધી જ નિરાંત રહેશે, પણ પછી ઊંધી ઉથલપાથલ શરૂ થશે. દૂધને ખરાબ વસ્તુનો સંયોગ થતાં ફાટી જાય છે ને? સારી કેરીઓની વચમાં બગડેલીનો સંયોગ થયેથી સારીમાંનીય બગડે છે ને? જડમાં કુસંયોગ ખરાબ અસર કરી જાય તો ચેતનમાં ન કરે? સદાચારી પણ પર સ્ત્રી પુરુષને એકાંત સેવવાની કે પરસ્પરના અંગોપાંગ જોવાની ના કેમ પાડી? જ્ઞાની ભગવંતો જાણે છે કે કુસંયોગ ભયાનક છે સારાનેય બગાડે.

પુરોહિત : રબારણ :–સાંભળી છે પુરોહિતની માતા કામલતાની કરુણ કથની? સંયોગ માણસને કેવો પાડી દે છે એનો એ દારુણ ઈતિહાસ છે એનો સાર જુઓ એક પુરોહિત રાજમાર્ગ પર ચાલતાં જરા આડું જોવામાં પડ્યો, ત્યાં એક રબારણ સાથે સહેજ અથડાઈ પડ્યો અને અને પેલીની દહીંની મટકી નીચે પડી ફૂટી ગઈ! દહીં ધૂળ ભેગું થયું. કુદરતી આ બનવા પર પુરોહિત પ્રત્યે ભરવાડણ ગુસ્સે થઈ ઝગડો કરે, પણ એ તો ખડખડાટ હસી પડી! પુરોહિત પણ ભૂલને લીધે શરમાઈ જવાના બદલે આ જોઈ આશ્ચર્ય પામ્યો! શું આ? બંનેને તેવા સંયોગની અસર પુરોહિત પૂછે છે,

"આ શું? આટલા નુકસાનમાંય હસે છે?"

પેલી જવાબ દે છે, "હા, બહુ દુખિયાને દુઃખ શું?"

એવાં તે તમારે કેવાંક દુઃખ છે ?"

રમારણ કહાણી કહે છે : બ્રાહ્મણી રાણી બની

"ભાનુએ ઊભા રહો, કહું. આજ ભવમાં હું હતી બ્રાહ્મણપત્ની, નગર પર રાજાની ધાડ પડી. ઘેર નાનું બાળક અને પતિને મૂકી બહાર કૂવે પાણી ભરવા હું ગયેલી ત્યાં તો શત્રુના ભયથી નગરના દરવાજા બંધ કરવામાં આવ્યા. હું ગભરાણી ! દોડી ! બૂમો મારી, પણ કોણ સાંભળે ને દરવાજે કોણ ખોલે ? એટલામાં દુશ્મનના સુભટોએ મને ઊપાડી પોતાના રાજા આગળ ધરી. કેમ ? ઈનામ શાબાશી લેવા જગતમાં વસ્તુના સંયોગ થતાં જ તોફાનો શરૂ થાય છે. રાજાએ પણ મને જોતાં જ હું રૂપાળી એટલે, રાણી બનાવવા ધારી, મને કહ્યું પણ ખરું. કિન્તુ હું માનું શેની ? હું કાંઇ હલકા કુળની નહોતી. ઉત્તમ બ્રાહ્મણ કુળમાં જન્મેલી અને સારા બ્રાહ્મણને વરેલી. પોતે સારી હોય છતાં પતિ હલકો હોય તો એ સારીનેય હલકી કરી દે. કેમકે સંયોગનો પ્રભાવ એવો ! પણ અહીં તો પતિ સારા, છતાં જુઓ કે કુસંયોગ કેવાં ભયાનક કામ કરે છે ? રાજાની બુદ્ધિ તે કેટલી બગડી ? કેમ જાણે હું જ એને એ રાજ્ય જેવી મળી ગઈ, તે લડવા ય ન થોભ્યો, અને મને લઈને થયો પોતાના રાજ્ય ભેગો ! મને ધમકાવી, લલચાવી, ગમે તેમ પણ મને મુખ્ય રાણી બનાવી. હું ય કેવી તરકડી જેવી કે હજી હૃદયમાં બ્રાહ્મણ પતિને ચાહતી છતાં, શીલને સમજતી છતાં, રાજ-મહેલના એકાંતમાં વૈભવી રાજાની કામપ્રેરિત લટપટમાં લપસી, એની સાથે ભોગવિલાસમાં પડી."

સંયોગ શું ન કરે ? સારા સંયોગ તારે અને નરસા સંયોગ મારે; જીવના ડૂચા કાઢી નાખે, આજની સંસ્કૃતિ-નાશની મોંકાણ શાના ઉપર છે ? કુકેળવણીના સંયોગ, સહ-શિક્ષણના સંયોગ, રેડીયો, સિનેમા, છાપાં, ઉદ્ભટવેશ, ઉદ્ભટ રહેણીકરણી, બોલચાલ. કલબ વગેરેના સંયોગના ઉપર. નવી પ્રજાને જેટલી એ સંયોગોમાંથી બચાવશો એટલા એના સંસ્કાર નહિ બગડે.

પતિ મેળવવાનો કિમિયો :–ભરવાડણ આગળ કહે છે, "મને પતિની ચિંતા તો હતી જ 'બિચારા નિર્ધન. પાછો નાનો છોકરો પાળવાનો. શું કરતા હશે ? તેમ આ કુકર્મથી હું કંટાળી હતી. પણ પતિ અહીં કેમ આવે ? હું કેમ છૂટું ?' એટલે મેં દાન દેવું શરૂ કર્યું. પતિ પણ આવ્યા. ધન આપ્યું; ઉપરાંત સંકેત કર્યો કે નગર બહાર અમુક મંદિરમાં સંધ્યાકાળ પછી અમુક દિવસે આવવું. અહીં મેં ય રાજાને કહ્યું કે મેં તમારી બિમારીમાં બાધા રાખી છે, ગામ બહાર દેવીના મંદિરમાં આ સમયે માત્ર આપણે બંને-એ પૂજા કરવા જવાનું છે. રાજા તો મારામાં અંધ હતો. સારો પણ રાજાય ઈચ્છિત કામપાત્રના સંયોગમાં આંધળો ! કુસંયોગો સત્યાનાશ વાળે છે ! (એટલે જ અનઘક હાથમાં નાણાંપાણી આવતાં બગડયો ને ?) કિંમતી ઝવેરાત નાણાં લઈ હું ઊપડી મંદિરે. રાજા સાથે છે. મંદિરમાં પેઠા પછી જુઓ મારી કૂરતા ! મેં વિચાર્યું કે 'આ રાજા કાંઈ એમ ઠગાય નહિ, કે મને છોડે નહિ. તેથી આનો નિકાલ કરું તો જ અહીંથી ક્ષેમકુશળ ભાગી શકાય'

રાજા અને પતિ બેઉ મર્યા ! :–" એમ વિચારી રાજા દેવીને નમસ્કારમાં માથું નમાવી રહેતાં તલવારથી મેં એનું ગળું કાપી નાખ્યું. પછી પતિ ત્યાં આવ્યા છે કે નહિ, તે જોઉં ત્યાં તો એક ખૂણામાં પતિ સુતેલ જોયા. પણ શરીર લીલું પડી ગયેલું અને ઢંઢોળતા ઊઠયા તો નહિ, પણ તપાસ્યા તો મરી ગયેલા લાગ્યા. સમજી કે સાપ કરડ્યો લાગે છે. મનને થયું, અહો કેવી હું મૂર્ખ ! ઉભયથા ભ્રષ્ટ થઈ! કુસંયોગોએ કેવી બગાડી છે કે એમ થયું કે ખેર ! પતિ બિચારા મરી ગયા, પણ હું પાપમાંથી તો હવે છૂટીશ ? એમ પણ ન થયું કે અહો મેં વિશ્વાસુ રાજાને કેવો ભયંકર દ્રોહ કરીને મારી નાંખવાનું ઘોર કૃત્ય કર્યું ?"

આ ય કુકૃત્યના સંયોગનો પ્રભાવ ! કવિવચન છે. " **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः** " વિવેકથી ભ્રષ્ટ થયેલાનું સો બાજુથી પતન થાય છે. અહીં નસીબની પણ કેવી બલિહારી છે ! બ્રાહ્મણીનું ધાર્યું શું થયું ? કંઇ જ નહિ. ઉપરથી પાપ માથે ચઢયું ! રબારણ કહે છે. "પછી તો હું હિંમત કરી માલ લઈ રાજાના ઘોડા ઉપર બેસી નાઠી. બીજા એક રાજ્યમાં પહોંચી ગઈ."

રાણીપણામાંથી વેશ્યા :–કથા તો લાંબી છે. પણ ટૂંકમાં વસ્તુ એ થઇ કે કોઇ વેશ્યાને એની ખબર પડી ગઇ. તે લલચાવી પોતાને ત્યાં લઇ જઈ એને વેશ્યા બનાવી. રબારણ આગળ કહે છે કે "એમાં એક પરદેશી બ્રાહ્મણ ત્યાં આવેલો. એના પર મને સહેજે દિલ આકર્ષાયું. તેથી પૈસાની

બહુ દરકાર કર્યા વિના એની સાથે હું ભોગવિલાસમાં પડી. પ....ણ,

પુત્ર સાથે ભોગ :– "શું પણ ? પાપ કયાં સુધી છૂપું રહે ? અજ્ઞાન જીવને ભાન નથી કે આ જગત પર મોહ તો કરું છું, પણ એની પાછળ કોણ જાણે કેટલાએ અકાર્યો સેવી નાખું છું !' પછીથી ઓળખાણની પૃચ્છા થતાં ખુલાસો કર્યો તો અમે બંને જણે પરસ્પરને એવા ઓળખ્યા કે એ નવજુવાન બ્રાહ્મણ તે મારો પુત્ર જ."

શું થયું આ ? તેવા સંયોગોએ માતા–પુત્રને જ દુરાચારમાં મૂકયા ? બંનેયને ખૂબ શરમ લાગી, તે ત્યાંથી ભાગી જ ગયા. પુત્ર તો કયાંય ચાલ્યો ગયો, આવી વેશ્યાના કામ કરનારી માતા તરફ હવે શો પૂજ્યભાવ રહે ? કે શું સાથે રહેવાનું મન થાય ? પાછો પોતેય લપસેલો. એટલે એકવાર બગડયા પછી તો એવી માતા સાથે ફરી કુકર્મમાં ન પડાય એની ય શી ખાતરી ? દુરાચારનાં લપસણાં બહુ ભૂંડા.

આપઘાતમાંથી રબારી બચાવે છે :–રબારણ કહે છે કે "ગમે તેમ પણ પુત્ર કયાંય નાઠો; અને હું હવે શું કરું ? મારી જાત પર મનેય ભયંકર ત્રાસ છૂટયો ! અરે ! જગતમાં મારા જેવી દુષ્ટા કોણ હશે ? જીવનથી એવી કંટાળી કે ગઇ નદી તરફ ડૂબી મરવા ઊંચા કિનારેથી નદીના પાણીમાં ઝંપલાવ્યું પણ બરું, કિંતુ દૂર રહેલા એક ભરવાડે જોયું. તે આવીને નદીમાં તણાતી મને પાણીમાંથી બહાર ખેંચી લાવ્યો. મૂર્ચ્છિત પામેલી મને પોતાના ઝૂંપડામાં લઈ

ગયો. સારવાર કરી મને સ્વસ્થ કરી પણ મારા રૂપમાં લોભાઈ. મારા પગમાં પડીને મને સ્ત્રી થવા વિનવવા લાગ્યો. જીવનમાં મેં ઘણું જોયું. તેથી મારું હૃદય ખોટું કૂણું બન્યું. કાળાં કામ એક, બે વાર કર્યા પછી એની અફસોસી નથી રહેતી. તેથી જીવ નિષ્ઠુર થઈ જાય છે. ભોગની ઈચ્છાથી નહિ, પણ ભરવાડની દયાથી હું એની પત્ની બની પણ સંયોગ કેવો ? પરપુરુષનો. શું બાકી રહે ? પાછો સંસાર શરૂ કર્યો તે હવે હું ભરવાડણ આ દહીં વેચવા જતી હતી તેમાં તમારો ધક્કો લાગતાં મટકી ફૂટી, દહીં ઢોળાઇ ગયું. પણ આ દુઃખ તે મારે શું વિસાતમાં છે ? જીવનમાં પતિને મૂકી રાજાને વળગી. રાજાને મારીને પતિ સાથે જવા ધાર્યું. પણ પતિ જ બિચારો સાપથી મર્યો. હું વેશ્યા થઇ. એમાં ઠેઠ પુત્ર સુધી પહોંચી ! એ બધું કર્યા પછી આપઘાત કરવા જતાં ભરવાડે બચાવી અને વિનવી. તો હવે, દિલ નફફટ થઈ ગયુતું, તે ફરી કુકર્મમાં પડી. પરલોકમાં તો દુઃખનો પાર નહિ રહે, પણ અહીં પણ પાપ અને દુઃખ જોવામાં શું બાકી રહ્યું ? આટલા બધા દુઃખમાં આ મટકી ફૂટ્યાનું દુઃખ કંઇ વિસાતમાં નથી.”

પુરોહિત સાંભળીને સજ્જડ થઈ ગયો. એમ થયું કે આ હું શું સાંભળી રહ્યો છું ? એય હવે દિલ ખોલીને કહે છે કે એ જ હું તારો અભાગિયો દિકરો કે જે ત્યાંથી નાઠો હતો. ત્યારે તો હું દરિદ્ર જેવો હતો. બંનેને આકર્ષણ તો માતા-પુત્રના સંબંધને લીધે હતું. પણ અજ્ઞાનદશામાં હું જાણું

કે આ તો કોઈ વેશ્યા છે, અને તું જાણે કે આ કોઈ પરદેશી છે. કેમકે કયાં એ મૂળ દેશ હતો ? તેથી પુત્રપણાની કલ્પના જ કયાંથી આવે ? પાછો નાનપણથી મૂકેલો તેમાં શરીરમાંય ફેરફાર થઇ ગયેલા; તેથી પડયો કુકર્મમાં.

અત્યારે બંનેને ઓળખાણ કેમ ન પડી ? કારણ છે, અહીં પુરોહિત દરિદ્ર નથી પણ રાજસેવાથી પાઘડી દુપટ્ટા વગેરેમાં સુસજ્જ ભપકાદાર પંડિતના લેબાશમાં છે. તેથી રબારણને પુત્રપણાની કલ્પના ન ઊઠી, તેમ પુત્રે એને વેશ્યાના વેશમાં જોયેલી. તે ય કદાચ એક જ વાર. ત્યારે અહીં તો તદ્દન જુદો ભરવાડણનો વેશ થઈ ગયો છે; નાક ને કાનમાં લાંબા લાંબા લટકણિયાં. કપડાં જાડા ખદ્ધડ. તેથી બનવા જોગ છે બંનેને એકદમ પૂર્વની ઓળખાણ તાજી ન થાય. પરંતુ હવે તો પુરોહિતે જ પેલીનું બધું સાંભળીને પોતાની એના એ જ પુત્ર તરીકે ઓળખ આપી. હવે તો બંનેને ભારે પશ્ચાત્તાપ થયો. પુત્ર પુરોહિત વિદ્વાન હતો. સદ્‌ગુરુને શોધી બેય ઘોર તપસ્યામાં ચઢી ગયા.

અહીં વસ્તુ એટલી જોવાની હતી કે સંયોગો કેવું ભયાનક કામ કરે છે !

કુસંયોગની અસરથી બચવા પવિત્ર વિચાર પ્રવાહ :

અનઘકને સંયોગોએ બહેકાવ્યો. હાથમાં કોથળી ધનની નહોતી આવી ત્યાં સુધી પાપ કરવા માટે સળવળ્યો નહોતો, તે હવે હાથમાં ધનનો સંયોગ થવાથી સળવળે છે. કુસંયોગ બહુ ભૂંડી ચીજ છે. સારા માણસે પાપના વિચાર માત્રથી

બચવા માત્ર કુસંયોગ તો શું, પણ કુસંયોગની કલ્પનાથી ય દૂર રહેવું જોઈએ. કદાચ અજાણ્યે કુસંયોગમાં અથડાઇ પડયા, તો ત્યાં એકદમ સાવધાન બની દિલમાં પવિત્ર વિચારસરણીનો ધોધ વહેતો કરી દેવો જોઈએ; અને જલ્દીથી કુસંયોગથી બહાર નીકળી જવું જોઈએ. કુસંયોગ એ તો ધર્મરાજાનું શરણું લેનારા ઉપર મોહરાજાની ઠગારી લાલચ છે. એમાં માણસ ફસ્યો કે ઊપડયો ધર્મરાજાને ત્યાંથી મોહરાજાની સેવામાં ! આજના કાળે ઊભા થયેલા અનેક કુસંયોગોથી દૂર રહેવાની જરૂર છે.

આપણી વાત શી હતી ? કુસંયોગો માણસને ભાન ભુલાવે છે. તેથી અનધકના હાથમાં માલ આવતાં બગડયો. તેય કયાં સુધી ? શેઠ ચન્દ્રસારને પૂરા કરી ભાગી જવાનું ધાર્યું.

ચાર ચોર : સ્વાર્થની લાલસામાં માણસ લાંબો વિચાર કરવા રહેતો જ નથી. એને તો "મને લાભ કેમ થાય ?" બસ, તેજ જોવાનું આવડે. ભલે બીજાને ખીચડી મળે, પણ પોતાને લાડુ મળે કે બસ ! ઝાપટી જવાના ! ચાર ચોરની વાત આવે છે ને ? ચાર ચોર ચોરી કરવા ગયા. ચોરી કરીને ચારે જણા તળાવની પાળે આવીને બેઠા. ચારે ભૂખ્યા થયા હતા. એટલે એમાંના બે ચોર ગામમાં ખાવાનું લેવા ગયા, અને બે જણા બેઠા ત્યાંના ત્યાંજ. અહીંયાં બેઠેલાને વિચાર આવ્યો કે 'પેલા બે આવશે તો ચોરીના માલનો ભાગ એમને આપવો પડશે ! માટે સંતલસ

કરે છે કે તે આવે કે સીધા કૂવામાં જ એમને ધકેલી દઈએ !" ત્યારે હવે ગામમાં ગયેલા પેલા બે ગોઠવે છે કે "ચોરીનો માલ ખૂબ છે. મારા વ્હાલા પેલા બે બેઠા છે લહેરથી ત્યાં; ને આપણને ધકેલ્યા ગામમાં આથડવા ! પણ હવે બચ્ચાઓને બતાવી દઈએ. આ લાડુ ઝેરવાળા કરીને આપી દઈએ કે બસ ! બધું ધન આપણને હજમ !" સ્વાર્થનો ટૂંકો વિચાર ! તેમાં જુઓ કે કેવા લેવાના દેવા થાય છે. આગળ તો જોવાનું જ ન હોય ! પછી પોતાના ટાંટિયા પોતાના ગળામાં પેસી જાય એમાં શી નવાઇ ? સ્વાર્થના ટૂંકા વિચારમાં પાપની ઘોર બલા માથે !

પેલા બે ચોર લાડુ લઈને આવ્યા, આવીને કહે છે, "અમે તો ગામમાં થોડા લાડુ સાથે ભૂસું ફાકીને આવ્યા છીએ. તમે તો સાવ ભૂખ્યા છો. માટે જલદી લ્યો આ લાડવા; ને ખાઓ લહેરથી."

આ બે કહે છે, "પણ પાણી....?" ઉસ્તાદ છે ને ? ત્યારે પેલા ય અબુઝ છે; કહે છે,—

"હા, એ પણ લાવી આપીએ...." એમ કહીને પેલા કૂવા પર પહોંચ્યા. ત્યાં પેલા બેએ ચુપચુપ પાછળથી આવી માર્યો ધક્કો ! ગયા સીધા ઊંડા પાણીમાં ! અને આ બે આવીને લાડવા પર જામી પડયા ! પરંતુ ખાઈને કયાં ઊભા રહી શકે ? લહેરથી લાંબા થઈને સૂતા તે સૂતા !

સ્વાર્થાંધતાનો નશો : જો સ્વાર્થ આ જીવનનો લાંબો વિચાર ન કરવા દે, તો પછી પરભવના વિચાર તો

લાંબા હોય જ શાના ? જેને પરભવના લાંબા વિચારનો ખ્યાલ સરખો નહિ, તેના જીવન ઢોર જેવાં સમજવાં. હાથમાં આવેલું ચિંતામણિથી ય અધિક કીંમતી માનવ-જીવન એળે કેમ જાય છે ? પુણ્યયોગે એવી સામગ્રી પ્રાપ્ત થઈ જાય છે કે જેના પર સ્વાર્થાંધતાનો નશો ચઢે છે, 'મારું સાચવી લઉં, મારું પગભર કરી લઉં, મારા ખજાના તર કરી લઉં !' બસ ! આની પાછળ ન આ જીવનની પવિત્રતાનો વિચાર કે ન પરભવના ઘોર દુઃખનો વિચાર ! સ્વાર્થમાં જ અંધ બનતાં પહેલાં વિચારી લેજો કે 'મૃત્યુની હકુમત, શું સ્વાર્થી, કે શું નિસ્વાર્થી, બેઉ પર સમાન છે ! ચોર હો કે શાહુકાર હો; રાજા હો કે રંક હોઃ અંતે તો બંને ય અગ્નિમાં બળી જ મરવાનું ! અંતે માલનો સ્વામી પલટાવાનો અને કાયાની રાખ જ થવાની ! પરભવે રવડી મરવાનું ! આવી રમત અનાદિકાળની ! છતાં હજુ મારી સ્વાર્થાંધતા ન મરે ? ફગાવી દઉં એને.'

સ્વાર્થાંધતા કેમ મરે ? : મન ઉચ્ચતર આદર્શો અને ધોરણો ધરતું થઈ જાય તો સ્વાર્થાંધતા મટાડી પરમાર્થ વ્યસન કેળવી શકાય છે; અને આત્માને ઉજ્જવલ કરી શકાય છે. જો આત્માને ઉજ્જવલ કરવાના રાહને સોમાએ પ્રથમ ભવમાં સ્વીકાર્યો, તો તેના બે ભવ પછી ચક્રદેવના અવતારમાં ત્યાં સુધીનું આત્મબળ વિકસ્યું કે સ્વાર્થવશતા મૂકી વિશ્વાસઘાતી એવા મિત્ર યજ્ઞદેવની ચોરીને પ્રગટ ન કરતાં, પરમાર્થવ્યસનથી, પોતાના પર ચોરીનું કલંક આવ્યું તો, વહોરી લીધું ! દેશનિકાલની સજા પામ્યો ! અને યાવત્

આપઘાત કરવાની સ્થિતિએ પહોંચ્યો ! છતાં મિત્રનું રહસ્ય બહાર ન પાડયું. આટલી સ્થિતિએ જ્યારે દેવતાએ ખરી વાત બહાર પાડીને સત્ય હકીકત રજુ કરી કે "ચોર તો યજ્ઞદેવ છે; તમે કોને દંડી રહ્યા છો ?...." આ સાંભળી રાજાએ યજ્ઞદેવને જ્યારે કડક શિક્ષા કરવા ફરમાવ્યું ત્યારે પણ ચક્રદેવનું હૃદય મિત્રપ્રેમથી કકળી ઊઠયું ! અને ખૂબ આગ્રહ કરી એને છોડાવ્યો ! કહો જો હૃદય ઉપર કયાં સુધીનો અંકુશ મેળવ્યો હશે, કે દુશ્મનનું કામ કરનારો જ્યારે પોતાના જ દુષ્કૃત્યથી સજા પામી રહ્યો છે, ત્યાં પણ પોતાનું ચાલે ત્યાં સુધી રક્ષણ કરવાની તૈયારી ! અને દુશ્મન પર વાત્સલ્યનો વરસાદ !–આ ઉત્તમતા અને આ પરમાર્થ વ્યસન આદરી શકાય છે ! આની મુખ્ય ચાવી અનાદિના દુષ્ટ બનેલા આપણા હૃદય ઉપર કડક અંકુશમાં છે; કે જેથી સુંદર આદર્શો અને ધોરણો રાખી સ્વાર્થાંધતા મિટાવી શકાય.

આપણા આત્મા પર આપણો દિવ્ય અધિકાર :—

આપણું હૃદય ધારીએ તો આપણા કબજામાં જ છે. પરંતુ આપણને જો આપણા આત્માને ઊંચે ચઢાવવાની તૈયારી હોય તો ! નહિતર તો અનાદિની રીતરસમ મુજબ જે ગોટાળાવાળું હૃદય આજ સુધી ચાલી આવ્યું છે, તે અહીંયાં પણ નહિ અટકે; અને આગળ ભવાંતરમાંય નહિ અટકે. સ્વાત્માની એવી ઓળખ જોઈએ કે કદાચ સારા ય જગતનો અમારા પર અધિકાર હોય તો બહારથી; બાકી અંદરથી અમારા હૃદય પર દિવ્ય અધિકાર તો અમારો જ

છે. ગમે તેવા ઉપસર્ગ આવે પણ મલિન વિચારણામાં અમારે અમારા હૃદયને રમાડવું નથી, આ જે નક્કી કર્યું હોય તો તેવી મલિન વિચારણામાં આપણા હૃદયને ઘસડનાર જગતમાં કોઈ સત્તા નથી. મલિન લાગણીઓને આપણે જ પોષીએ છીએ. તેથી વિચારણા સેતાન સરખી ચાલે છે. માત્ર આપણી મોહમૂઢ દશા ! પાપની નિરપેક્ષતા ! પરભવની બેદરકારી ! આ છે. તેથી મલિન લાગણીઓ સહેજે જન્મે છે, નિર્ભય બની સેતાની વિચારો કરીએ છીએ. પછી ભલે મન વાળીયે કે "કેટલું સહન કરી કરીને કરીએ ?" જ્યારે ને ત્યારે આવા આપણા બચાવ તૈયાર હોય છે. પણ અજ્ઞાન કેવું પ્રવર્તે છે ! કે આત્મા વિચારવા નથી થોભતો. "આનાથી જે ભવિષ્યમાં મહાકટુ ફળ ઊભાં થશે તે વેઠવાનું તારું ગજું છે ? તે ભોગવવાની તારી તૈયારી છે ને ? આપણે જે જોહુકમી કરશું તેના ફળનો વાંધો નથી ને ? આપણા હૈયાને સાફ પવિત્ર રાખવું હોય તો જગતનો કોઈ સંયોગ, કોઈ પરિસ્થિતિ એવી નથી કે જે આપણને ચલિત કરી શકે. એ માટે સંતની વિચારસરણી જોઈએ, મહાત્માની ભલી લાગણીઓ જોઈએ. એ તો જ આવે કે જો મોહમૂઢતા કાઢી જ્ઞાની વિવેકી બનીએ, પાપથી ભયભીત રહીએ, પરભવની જાગ્રતિ સદા જાગ્રત રાખીએ. મહાત્માઓ જે થઇ ગયા તેમને ઇન્દ્રોએ પણ હાથ જોડ્યા હતા ! એમ માનીને કે "આપણું બધું બળ હોય પણ આ મહાત્માઓને ચલિત કરવા એ બળ સમર્થ નથી, ભલે આપણી દેવતાની આખી પર્ષદા આવે !" દેવતા શું જોઈને આવું વિચારતા

હશે ? એટલા માટે કે એની સામે મહાત્માઓના આવા આદર્શ હતા કે "દેવતાનો ઉપદ્રવ આવે તો ય શું થઈ ગયું ? જો પોતાની સજ્ઞાન દશા છે, આત્માની ઓળખ છે, પરલોકની પડી છે, એકમાત્ર પાપડર છે. તો પોતાના હૈયાને ચોકખું રાખવા પોતે જ સરમુખત્યાર છે. એને મેલું કરવા દેવતા પણ સમર્થ નથી." આત્મ-અંકુશનો પ્રભાવ ઓર છે ! આપણા આત્મા પર આપણો દિવ્ય અધિકાર છે.

કામદેવ મહાશ્રાવકની ધીરતા :—

મહાશ્રાવક કામદેવને પૌષધમાં રાત્રે દેવતા ઉપસર્ગ કરવા આવ્યો. ત્રણ મોટા ઉપસર્ગ કર્યા. (૧) ભયંકર અજગરનો ભરડો, એથી ભયંકર દૃશ્ય ઉપરાંત હાડકાના કડાકા ! (૨) મોટો ભયાનક પિશાચ ! અને (૩) મોટો વિકરાળ વાઘ ! આ ત્રણે ઉપસર્ગોમાં કામદેવ જરાયે ચલાયમાન ન થયા, તો હવે એમના પિતા-માતાને લાવીને મૂક્યા ! અને અનુકૂળ ઉપસર્ગ શરૂ કર્યા ? પરંતુ જે સમજે છે કે જગતમાં આપણી ચીજ જ કઇ છે કે એની ખાતર પ્રતિજ્ઞા ભાંગીએ ? તો ભલે કાયા પડી જાય તોય શું ? કાયાની રાખ થતાં પહેલાં આત્માની સચોટ સાધના થઈ શકે, તો એવી ધન્ય ઘડી ક્યાંથી !' તેને ગમે તેવા ઉપસર્ગ આવો, હૃદયમાં જરાયે મલિન વિચારણા ઘાલવાની વાત જ નહિ !

અનુકૂળ ઘોર ઉપસર્ગમાં કેમ અડગ ?:—માતા-પિતા કામદેવને વિનંતિ કરે છે, "અરે બેટા ! અરે ભાઈ ! આ અમને મારે છે અને તું જોતો કેમ નથી ? તને શું

અમારી જરાયે દયા નથી ? તું સાવ નિષ્ઠુર થઈ ગયો છે ? અરેરે ! અમે મરી ગયા રે....” કાળો કલ્પાંત અને ચોધાર આંસુ ! કહો, હવે હૈયું બગડે કે નહિ ? ગુસ્સો થાય ને કે ‘આ કોણ છે મારા માતા-પિતાને ત્રાસ આપનાર ? હલકટ મનુષ્ય ?’ એમ થાય કે નહિ ? છતાં કામદેવને કેમ છે ? બસ પોતે ભલો અને પોતાનું ધ્યાન ભલું ! પોતાનું ધ્યાન મૂકવાની વાત નહિ ! આપણી પાસે તો જ્યારે ને ત્યારે બહાનું આ છે, કે “અમારે ધ્યાન તો તેટલું રાખવું હોય પણ આવું ઊભું થાય તેવું ઊભું થાય ત્યાં શું થાય ?” પરંતુ આ મહાન આત્મા એ વિચારતા કે ‘આ મનની જે પવિત્રતા અને નિશ્ચલતા ઊભી કરી છે, આત્માની જે અસંગ દશા જગાવી છે, તેને ધક્કો પહોંચાડવાનો નહિ !’

મન માને નહિ ત્યાંસુધી ધર્મ કરાય :-

કામદેવ ગૃહસ્થપણે છે, અને આટલું સહન કરે છે, પણ પોતાના ધ્યાનમાં ભંગ નથી થવા દેતા ! ઘોર ઉપસર્ગની વચમાં પ્રતિજ્ઞાને અખંડ જીવંત રાખે છે ! એ પ્રતાપ શાનો ? પોતાના અનંત અનંત કાળના ઉચ્છૃંખલ બનેલા આત્મા અને મન ઉપર કડક અંકુશ મૂકયાનો. જેના એ સૂત્ર છે કે ‘ભાઈ ! મન માને નહિ ત્યાંસુધી સારૂં કામ શી રીતે થાય ?’ એ બિચારા પોતાની જાતને જ ઠગી રહ્યા છે. સંસારના સત્તર કાર્ય, મન ન માને તો પણ થાય છે, ત્યારે આત્માના હિતના કાર્યની વાત આવે ત્યાં, મન ન માને ત્યાંસુધી ન કરવા, એ કેટલી ભયંકર મૂર્ખાઈ ? સંસારનો તો અનંતાનંત

કાળનો અનુભવ છે કે એમાં પણ પહેલાં તો કેટલેય સ્થાને મનને બલાત્કારે દાબવું પડે છે. પહેલ પહેલું નથી માનતું: છતાં કાર્ય કર્યે જવાય છે; પછી મન માને છે. ત્યારે જે ધર્મનો એવો કોઈ અભ્યાસ, પરિચય કે પ્રેમ નથી સેવ્યો, એ ધર્મ કરવા માટે શું મન એકદમ માની જશે? ભૂલા ન પડો. આ પણ મનની જ એક ઠગાઈ છે, જે કહેવાનું તમને શીખવે છે કે 'મન માને નહિ ત્યાંસુધી ધર્મ શી રીતે થાય?' સંસારમાં જુઓને, નિશાળે જવાનો અભ્યાસ અનંત કાળનો છતાં અહીં જન્મેલા બાળકને પહેલપહેલું નિશાળે જવાનું ક્યાં મન થાય છે? છતાં તમે એને પરાણે નિશાળે તગડો છો. એમ પોતાના શરીરના રોગ મિટાવવા ઔષધ લેવાનો અનંતીવારનો અભ્યાસ છતાં અહીં રોગ આવ્યે કડવા ઔષધ અને કુપથ્યત્યાગ માટે ક્યાં એકદમ મન માને છે? છતાં મન મારીનેય એનું સેવન થાય છે ને? ઘરનાં માણસ તીખા સ્વભાવના હોય તો કેટલીય વાર રોફ અને ધમપછાડા કરે છે એ સહવાનું દિલ ક્યાં માને છે? છતાં મનને દબાવીને એ સહન કરો જ છો ને? એવી તો કેટલીય પ્રવૃત્તિઓ સંસારની મન વિના પણ થાય, અને ધર્મની ન થાય, એ કયાંનો ન્યાય? કહો મોહ રાજાનો પ્રભાવ છે કેમકે એને ધર્મ નથી કરવા દેવો. તેથી તમારા હાથમાં આ સૂત્ર પકડાવી દીધું, કે મન વિના ધર્મ ન થાય. 'સંસાર તો મન ન હોય તોય કરવો પડે, ન ચાલે. પણ જો મન હોય તો ધર્મ ન કરીએ તોય ચાલે,'—આ શિખામણ મોહની છે; એ આત્માની જ ઘાતક છે. શું મન કે શું આત્મા, એની

પાસે દુર્ગુણો અને દુષ્કૃત્યો છોડાવવા તથા સદ્‌ગુણ અને સુકૃત્યો આચરાવવા માટે એના પર કડક અંકુશથી કામ લેવું પડશે. એમ કાંઇ પહેલપહેલાં એ ઉત્સાહી નહિ થાય. કડક અંકુશ રાખી આત્મા અને મનને શુભ કાર્યમાં જોડાય, પછી તો ધીમે ધીમે એનો રસ લાગીને મન પોતે જ સમજદાર બની જશે અને ચાહીને સારાં કામ કરશે. કામદેવે પ્રભુ ઉપરના અથાગ વિશ્વાસે મનને અંકુશમાં લઈ વ્રતધીરતા અને પવિત્રતા સિદ્ધ કરી છે.

મહાશ્રાવક કામદેવે પોતાના આત્મા અને મન ઉપર કડક અંકુશ મૂક્યો છે. તેથી ઉપસર્ગને ગણકાર્યા વિના ધ્યાનમાં મસ્ત છે. પ્રતિજ્ઞા પાળવામાં ચુસ્ત છે. એવી ધીરતાથી, ને એવી ધર્મશ્રદ્ધાથી ઉપસર્ગને સહે છે કે સવારે જ્યારે પ્રભુ મહાવીર દેવને વંદન કરવા જાય છે ત્યારે પ્રભુ પોતાના સાધુઓને બોલાવીને એમની સમક્ષ કામદેવને પૂછે છે 'કેમ કામદેવ! તેં આજ રાત્રે વાઘ પિશાચ અને અજગરના ઘોર ઉપસર્ગ સહ્યા?' કામદેવને પ્રશંસા ગમતી નથી તેથી મોં નીચું કરે છે અને પ્રભુને હાથ જોડી ઊભો રહે છે. પ્રભુ પછી સાધુઓને ઉદ્દેશીને કહે છે, 'હે આર્યો! જુઓ કે આ એક ગૃહસ્થ કામદેવ કે જેણે હજુ મહા પરાક્રમ કરી સંસાર નથી ત્યજ્યો, તે પણ જો આવા ઘોર ઉપસર્ગ સહન કરે, તો સંસાર ત્યજીને આત્મકલ્યાણ માટે ત્યાગમાર્ગે ચઢેલા સાધુઓએ તો કેટલું ય સહન કરવું જોઈએ?' તીર્થંકરદેવના શ્રીમુખે પ્રશંસાવું એ કેટલી આત્માની ઉચ્ચ

સ્થિતિ ગણાય! એના મૂળમાં શું છે? સ્વાત્મા ઉપર પોતાના મન ઉપર કડક અંકુશ.

પેથડશાહનો પ્રસંગઃ—પણ ખૂબ ધ્યાનમાં રાખવા જેવો છે. મન પર કડક અંકુશ રાખી એમણે રોજની પ્રભુ-ભક્તિનો આખો કાર્યક્રમ બીજા બધા કાર્યોની ડખલથી તદ્દન અલિપ્ત રાખતો હતો. તે એટલે સુધી કે ખુદ્દ રાજા બોલાવે તોય પ્રભુભક્તિના સમયે જવાનું નહિ, અરે! એ તો શું પણ ખુદ રાજા ગુપસુપ ધીમે પગલે મંદિરમાં આવી ગયો તોય એના તરફ દૃષ્ટિ પણ ગઇ નહિ. દૃષ્ટિ માત્ર પ્રભુ ઉપર! એક જ દિલ, એકજ ચિત્ત, માત્ર પ્રભુની ભક્તિમાં. ચિત્તમાં બીજો વિચાર જ લાવવાનો નહિ. સંસારના કાર્યોમાં આત્મા આજસુધી જો આ રીતે એક જ દિલ, એક જ ચિત્ત પરોવી પરોવીને જ એકમેક બન્યો છે, તો કહો, હવે પરમાત્મા સાથે એકમેક શી રીતે બનાય? આ ન્યાયે કે બીજી રીતે? પરમાત્માની ભક્તિ, ગુણગાન અને આજ્ઞાપાલનના કાર્યોમાં જ ચિત્તને તરબોળ કરવાથી કે કાર્ય તો પ્રભુભક્તિ વગેરેનાં ચાલે, પણ ચિત્ત રેઢીયાળ રહે એથી? અનાદિનું મન એમ કાંઈ એક-દમ કબૂલ કરવાનું નથી. એના પર દબાણ કરવું પડશે. એને પસંદ આવે કે કંટાળો આવે, પણ આપણે તો એને ધર્મકાર્યમાં ઓતપ્રોત રાખવાનું. બીજો વિચાર એમાં આવવા જ નહિ દેવાનો. આવી જાય તો તરત એને હટાવી દેવાનો. નહિતર તો પછી સાંસારિક ભાવોમાંજ આત્માની એકમેકતા રહેવાની.

પેથડશાહની ધીરતા :—રોજ જિનેન્દ્રપૂજા વખતે મહામંત્રી પેથડશાહે સત્તર કામ પડતાં મૂકવાની ટેક રાખી છે. એમાં એકવાર રાજાએ પારખું કરવા માટે પોતાનો માણસ મોકલ્યો. ત્યાં દેરાસરના દરવાજે ઊભેલા પેથડશાહના માણસે કહ્યું, "નહિ, હમણાં અંદર નહિ જવાય."

"પણ રાજાએ ખાસ મોકલ્યો છે."

"તો ખાસ કહી દેજે કે પેથડશાહ હમણાં પૂજામાં છે નહિ જ આવી શકે !" માણસ પાછો ગયો, કે રાજા ઊઠીને આવ્યો. તો તેને પણ ચોપદારે કહી દીધું, કે 'નામદાર ! ક્ષમા કરજો, મંત્રીજીની આ વ્યવસ્થા છે. અંદર નહિ જવાય.' પણ રાજા તો ઘૂસ્યો અંદરમાં. ત્યાં જુએ છે તો પેથડશાહ મશગુલ છે ફૂલપૂજામાં ! માણસ પાછળથી ફૂલ આપતો જાય છે, જેવી રચના કરવી છે તેવું ફૂલ આપ્યા કરે ! પેથડશાહ પાછળ હાથ કરીને તે લે; પણ દૃષ્ટિ ભગવાન પરથી ખસતી નથી, કેમકે મનને જેને સાબૂત રાખવું છે, તો કોની તાકાત છે કે તેને ચળાવી શકે ! ફૂલ આપનાર માણસને ઊઠાવી મૂકી રાજા તેની જગાએ ગોઠવાઈ ગયો; અને ફૂલ આપવા શરૂ કરે છે. ત્યાં સુધી પેથડશાહને ખબર નથી પડતી. પરંતુ વચ્ચે ભળતું જ બીજું ફૂલ જ્યાં રાજાએ આપ્યું ત્યાં મંત્રી ચોંકયો ! પાછળ જોયું તો ? રાજા ખુદ છે ! બંને હસી પડ્યા. મન કેટલું બધું નિશ્ચિત અને નિશ્ચલ !

સંયોગના ગુલામ : મંદિરમાંથી બહાર ન નીકળે ત્યાં સુધી બીજી વાત નહિ ! બહાનું ન નીકળે કે "અમારે

લફરાં કેટલાં છે ? ઉપાધિઓ કેટલી છે ? રાજા જપવા કયાં દે છે ?....:' પરંતુ આ બધાં બહાનાં છે. લફરાં મૂકી દે ને, કોણ કહે છે કે રાખ ?

માનવજીવન ઉપાધિ સંભાળવા માટે નથી, આત્મ-હિતની સાધના માટે છે !

પરંતુ તમને એ ઉપાધિ એટલી ગમે છે કે જીવનના પહેલા શ્વાસથી તે છેલ્લા શ્વાસ સુધી એ ઉપાધિ છોડવી તો નથી, ઉલટી વધારવી છે ! પછી છેલ્લી ઘરેડે પણ તે મૂકવાની જીગર નહિ ! પેથડશાહ જુદા છે. ઉપાધિના ગુલામ નહિ. ચક્રદેવ પણ સંયોગોના ગુલામ નથી. પોતાના વિશ્વાસુ મિત્રના આંખ-જીભ કાપી નાખવાનું રાજા સુભટને કહે છે, તો ચક્રદેવ કહી દે છે. " જતો કરી દો જો મારા પર માન હોય તો.

સંયોગોના ગુલામ નહિ એટલે પોતાના સંયોગો તો તે પછી ઘણાં સારા છે, પણ મિત્રના પ્રસંગ પરથી ચક્રદેવે સંસારને અસાર ઓળખી પોતે ચારિત્ર લીધું. "મિત્રની આવી સ્થિતિ ! એ બતાવે છે કે આ સંસાર કે જ્યાં આપણે પૂર્ણ આસ્થા રાખીને બેઠા છીએ તે કેવો છે?" ગમે તેના જીવનમાં અનિષ્ટ પ્રસંગ બન્યો, પણ તેના ઉપરથી જગતનો કયાસ કાઢવો હોય અને સંસારસ્થિતિનું ભાન આપણે કરવું હોય તો કરી શકીએ છીએ. પરંતુ જે માને કે "આ તો તેને બન્યું ને ?....આપણે શું લેવા દેવા ? ...." જે આવું માનવાની મૂર્ખાઈ કરી બિનસાવધ રહે છે, તેને

પરિણામે ઠગાઈને રોવાનું આવે એમાં નવાઇ નહિ. આપણે તો માપ કાઢી લીધું કે 'આજે એના માટે તો કાલે મારા માટે.' એટલે, આજના પોતાના સંયોગો રાજસન્માન સંપત્તિ વગેરેના અનુકૂળ છે, છતાં ચારિત્રનું મહાન પરાક્રમ અચાનક પળે ઊભું થઈ જાય છે! ખૂબી કેવી કે યજ્ઞદેવ ઊંધુ કરવા ગયો તો એ પટકાયો; છતાં એમાં ચક્રદેવ ચારિત્ર લે છે. શું? કંઈ ખબર પડે છે? આત્મા જાગે છે? સંયોગના ગુલામ ન બનો. પાપ યજ્ઞદેવ કરે છે. પણ એથી વૈરાગ્ય પામી સંસાર ત્યાગ ચક્રદેવ કરે છે, એ વસ્તુ મહત્ત્વની છે. ધર્મ કોણે કરવાનો? પાપીએ કે ગુણીએ? પણ કહો કે પાપીને પોતાનાં પાપ પાપરૂપ જ લાગતા ન હોય ત્યાં એને, 'પાપ ધોવા ધર્મની જરૂર છે,'–એવું શાનું લાગે? ત્યારે ગુણિયલ આત્મા તો એવી ઊંચી આત્મ–દશાએ પહોંચેલો છે કે એ તો એ જુએ છે કે,

(૧) આજે પાપ બીજાને ઠગે છે, ફસાવે છે; તો કાલે મને ય કેમ ન ઠગે? વળી,

(૨) 'લક્ષ્મી કમાવવી, ઘર ચલાવવા વગેરે જે દુન્યવી પ્રવૃત્તિ અવસરે આવાં પાપ પણ કરાવે, એના વિશ્વાસ શા રાખી બેસવા?

(૩) 'સારું થયું કે સામાની સાથે સંપર્કમાં આવ્યો છતાં આપણે એના દગાનો પૂર્ણ ભોગ ન બન્યા અને ધર્મ વિના ખપી ન ગયા! તો હવે જીવતા રહ્યાની સાર્થકતા ધર્મથી કરી લેવી!

(૪) 'જો પાપી જીવ બિચારો પોતાનો પાપસ્વભાવ અજમાવી શકે છે તો આપણે આપણો વિવેકસ્વભાવ અને ધર્મસ્વભાવ કાં ન અજમાવવો ? દુર્જન દુર્જનતા કરે છે, તો સજ્જન સજ્જનતા જ દાખવે.

(૫) 'અને એથીય આગળ, આપણે ય કયાં એક નહિ તો બીજા પાપમાંથી મુક્ત જ છીએ ? તેથી ખરું જોતાં જો બીજાનાં પાપ પ્રત્યે આપણને સુગ હોય કે 'આ પાપી જીવ આવાં પાપ કરે છે !' તો આપણી પહેલી ફરજ છે કે આપણે જાતે તો સર્વ પાપથી મુક્ત બનવું જ; પાપ માત્ર છોડી જ દેવાં.

આવી આવી કોઈ ગણતરીનો પ્રભાવ છે કે પાપ કોઈ કરે, હારીને પછાડ કોઈ ખાય, અને એના પરથી બોધ લઇ સુખી થએલો માણસ ધર્મ કરવા લાગી જાય.

હારે રાવણ. અને દીક્ષા વાલી લે ! આ કેમ બને ? બને. વાલી જીત્યા છતાં વિરાગી બન્યા ! ચન્દ્રહાસ ખડ્ગ લઈને રાવણ મારવા આવ્યો, તો વાલીએ સ્વસ્થતાથી તેને આખોને આખો ઊંચકી બગલમાં માર્યો ! ત્યાં શું ચાલે રાવણનું ? રાવણ પાસે સમૃદ્ધિની પુણ્યાઈ હતી. વાલી પાસે બળની પુણ્યાઈ હતી. તો રાવણને બગલમાં ઘાલીને જંબુદ્વીપની આસપાસ ત્રણ રોન માર્યા, અને લાવીને ઊભો કરી દીધો યુદ્ધભૂમિ પર ! પરંતુ રાવણ હવે ગૌરવથી કયાં ઊભો રહી શકે ?

" કેમ, મહાનુભાવ ! કયાં ગયું ચન્દ્રહાસખડ્ગ ? તમારી

પાસે તે છે, અને મારી પાસે એ નથી, એટલે 'લાવ તેના ફુરચા ઊડાવી દઉં.' 'એમ કરી દોડી આવ્યા 'તા ને? હવે ક્યાં ગઈ બહાદુરી?" રાવણ વાલીની ક્ષમા માગે છે. "આપને ઓળખ્યા નહિ! આપ નરોત્તમ છો હું નરાધમ છું," જે વાલીની પાસે આટલું બળ છે કે રાવણ જેવાની પહાડી કાયાને બગલમાં મારે તેને રાવણનું રાજ્ય પડાવી લેવું હોય તો કેટલી વાર? અભિમાનથી આટલે સુધી ડાંડાઈ કરનાર રાવણને કેદમાં પૂરી રાખવાનું મન ન થાય? પણ ના, ઉલટું વાલી કહે છે, "આ ચન્દ્રહાસ ખડ્ગ એટલે જગતની સામગ્રી.–તેના પર વિશ્વાસ રાખી તું દોડ્યો તો માર ખાધો. જગતના પદાર્થો પર વિશ્વાસ રાખી કષાયોના માર્ગે જે દોટ મૂકે છે, તે પાછળથી પસ્તાયા વગર રહે નહિ, 'મારી પાસે મૂડી છે! પૈસા છે! બસ',....એમ કરી તેના વિશ્વાસમાં ને વિશ્વાસમાં મદ પર ચઢે આગળ, તે એક દિ' રોવાનો! માટે ડાહ્યા થઈ જાઓ, વિશ્વાસમાં દોડ્યા ન જાઓ. બલાબલનો વિચાર કરી લેવો જોઈએ." આટલું કહીને વાલી ઊભા ન રહી ગયા. પરંતુ માપી લીધું કે "આ રાવણને જે જગત વિશ્વાસમાં લઈ જઈ નાલેશી અપાવનારું થયું. તો જેવું એનું જગત, તેવું મારું જગત! મનેય એક દિ' દગો દઈ દે!" તો ત્યાં જ જગતને વોસિરાવ્યું; અને રાવણને કહ્યું, "જાઓ, તમારે આ રાજ્ય પર આજ્ઞા ચલાવવી છે ને? તો તેમ થશે.' નાના ભાઈ સુગ્રીવને મુગટ પહેરાવી કહી દીધું કે "તું રાવણની આજ્ઞામાં રહેજે, તારૂં એ પુણ્ય નથી કે તું સ્વતંત્ર રહી શકે! માટે આજ્ઞામાં રહેવાનું." એ પછી

મહાત્મા વાલીએ ચારિત્ર લીધું. ચારિત્રની વાત તો પછી. પણ વાલીની ઉદારતા કેવી ? આત્માની કેટલી ઉન્નતિ સાધી હશે કે આ કક્ષાએ પહોંચી ગયા છે ! પોતાની જીત થયા પછી, સામાનું બથાવી પાડવાની ઇચ્છા થાય ? કે પોતાનું હોય તે પણ આપી દેવાની ઇચ્છા થાય ? તમારે હાઇકોર્ટે બાર વર્ષ કેસ ચાલે, ને જજમેન્ટ એવું તમારી ફેવરમાં આવે કે તેમાં સામાના છાપરાના નળિયાં પણ ઊખડી જતાં હોય, ત્યાં તમને શું થાય ? એમજ ને કે "મારે એના નળિયાં ઊપાડવાં નથી....એના કોડ આપણે પૂરા કરો; આપો એને આપણી મિલ્કતમાંથી" અથવા "બાર વર્ષ ભારે કષાયના પાપ મેં બાંધ્યા, તો એને ધોવાં સામાને માફ કરું; અને ઉપરથી એને હવે કહું, તારો બધો ખર્ચ હું આપું છું," કહેાને કે આ વાત તો અમારા મનમાં પણ બેસતી નથી; તો આચરવાની તો વાત જ કયાં ?

સમ્યક્ત્વનો પ્રકાશઃ— તો સમજી લ્યો કે સમ્યક્ત્વનો પ્રકાશ જ આ છે કે ભલે આદરી ન શકાયું, પણ આદર્શો હૈયામાં ઊંચા રમ્યા કરતા હોય, હૈયાના વલણ ક્ષમા, મિત્રતા અને ભલાઈ વગેરેનાં હોય, રસ્તામાં ચાલતાં કોઈ એની સાથે અથડાઈ પડે તેથી કે બીજા કોઈ કારણે સહન ન થવાથી કદાચ બે અક્ષર સામાને સંભળાવી દીધા, પણ હૈયામાં તો એમ થાય કે " આ અવસરે ખરી રીતે મારે આશ્વાસન આપવું જોઈતું હતું કે ભાઇ !કંઇ મનમાં ન લાવતા. " હૈયામાં ભાવના ઉચ્ચ રમતી હોય. સારા કોઈ ધર્મક્ષેત્રને પોષવાની સ્થિતિ જોઈ, તે વખતે એવા પોતાના સંયોગ ન

ધર્મતા હોય કે પાસેના પચાસે પચાસ રૂપિયા આપી શકે તેથી કદાચ દસ જ આપે છે; તો પણ અંદરમાં ખ્યાલ હોય કે "મારે એવો દિવસ કયારે આવે કે હું એકલો આ બધું ધર્મકાર્ય કરી દઉં!" અંદરમાંથી આ ઉછરંગ ઊઠે! આપણે તો સમકિત એટલે બહુ સસ્તો ધર્મ બનાવી દીધો છે! સમકિત ખરું કે નહિ આપણામાં? એનું પ્રમાણપત્રક જ્ઞાની આપે તેના કરતાં જાતે જ કાઢી લ્યો! શું ભગવાનના ઘરનું સમકિત એવું પાંગળું કે કેટલાયે વર્ષો સુધી તે હોવા છતાં આત્માના અંદરના દેદાર ન ફરે? અશુભ ભાવનાઓને ફટકો ન લાગે? શુભ ભાવનાના કોડ ન જાગે? કદાચ વ્રત પચ્ચકખાણ નહિ, પણ થોડી આમગુણની પ્રવૃત્તિય ન થાય? વર્ષોના સમકિત પછી પણ આત્માના દેદાર તેના તેજ દેખાતા હોય તો, પચીસ-પચાસ વર્ષ પહેલાં જેવા ગુસ્સા, રોફ, લાલચ વગેરે ટેસથી થતાં હતા તેવા જ આજે થતાં હોય પાછળ ભય પશ્ચાત્તાપેય ન હોય તો શો દેદાર ફર્યો? સાચું સમકિત પ્રકાશના ઝબૂકા તો જરૂર લાવે. ખાતી વખતે જો એક વિગઈનો પણ ત્યાગ ન કરી શકતો હોય, તોય હૈયામાં એમ તો જરૂર થાય, કે દિવસ એવો ધન્ય કયારે આવે કે આ પાપી વિગઈયોનું નામ પણ ન લેવું પડે! સમકિત વૃત્તિના ઘરનું છે, ચારિત્ર વૃત્તિ પ્રવૃત્તિ ઉભયના ઘરનું છે, સમકિતીની વૃત્તિ ચોકખી, પણ પ્રવૃત્તિ મેલી. ચારિત્રીને વૃત્તિની સાથે પ્રવૃત્તિ પણ ચોકખી! સમકિતની વૃત્તિથી અંદરના ઉમળકા ઊઠે. દાન ભલે બે પૈસાનું દે પણ ઉમળકા આરસોનું દાન આપવાના થઈ જાય! સમકિતી એટલે જિન-

ના અને જિનધર્મના ઘરનો બની ગયો; જગતનો કે દુનિયાનો નહિ. જગત એટલે કુટુંબ પરિવાર; દુનિયા એટલે વિષયો લક્ષ્મી વગેરે. જગતના અને દુનિયાના માણસોને પણ દુન્યવી ઉમળકા ઊઠે કે નહિ? ભલે બે હજારમાં લગ્ન પતાવતો હોય, પણ હૈયામાં થાય ને કે 'શું કરું? પહોંચતું નથી, નહિતર પચીસ હજારનો માંડવો ઘાલું!.... એ દુનિયાનો છે; તો તેના ઉમળકા જરૂર ઊઠે છે. તો જે જિનનો અને ધર્મનો છે તેને તેના ઉમળકા કેમ ન ઊઠે? તે નથી ઊઠતા, તો પોતાના જીવને કહેવું જોઈએ કે 'હજુ જગતનો તું મટયો નથી; અને જિનનો બન્યો નથી, તો પછી સમકિતના રંગની હજી વાર છે.'

વાદી દેવસૂરિજી મહારાજ :—રાજમંત્રીએ પોતાને રહેવા માટે એક બંગલો બંધાવ્યો; જે વખતે આચાર્ય ભગવાન શ્રીવાદિદેવસૂરિ મહારાજ વિચારતા હતા. જબરજસ્ત વિદ્વાન અને વાદી! પાટણમાં દિગંબરોની સામે વાદમાં એ ઊભા રહ્યા હતા. દિગંબરમાં વાદી કુમુદચંદ્ર સામે હતો. તેણે જઈને સિદ્ધરાજની સભામાં ટેલ નાખી હતી કે "છે કોઇ શ્વેતામ્બરોમાં કે જે એમનું સાચું સાબિત કરે? એ સાબિત કરે તો અમે તેમના; નહિતર તે અમારા; અથવા એ ગુજરાત છોડી જાય" ત્યાં વાદિદેવસૂરિજી મહારાજ આગળ આવ્યા. વાદ મંડાયો. વાદમાં આપણે જીત્યા. કુમુદચંદ્ર તો ભાગી જ ગયો! વાદિદેવસૂરજી મહારાજે મોટો સ્યાદ્વાદ રત્નાકર નામનો વાદોથી ભરેલો મહાગ્રંથ રચ્યો. આજે તો એ ઓછો મળે છે પણ કહે છે ૮૪૦૦૦

શ્લોક પ્રમાણ લખ્યો; જેમાં સ્ત્રીને મુક્તિ હોય તેના પર જ બે હજાર શ્લોક પ્રમાણ લખ્યું. જો સ્ત્રીને મુક્તિ નહિ તો મરુદેવીમાતા, ચંદનબાળા વગેરે કયાં ગયાં ? સ્ત્રીને જો ચારિત્ર નહિ તો ચતુર્વિધ સંઘ કયાં રહ્યો ? સ્ત્રીને ચારિત્ર અને મુક્તિ હોઈ શકે, તેના પર જબરદસ્ત દલીલો કરી કુમુદચંદ્રને એવો નિરુત્તર કરી દીધો કે ત્યાંથી એ રાતોરાત પલાયન થઇ ગયો ! એ ખરી યુક્તિનો જમાનો હતો, સ્ત્રીને કેમ ચારિત્ર નથી ? હલકું સંઘયણ છે માટે ? સ્ત્રી વેદ છે માટે? કપડાં છે માટે ? તો શું કપડાં કેવળજ્ઞાનને રોકે છે ? તો કાયા કેમ નથી રોકતી ? પરંતુ આવા વાદ કે શાસ્ત્રાર્થ આજે નથી. આજે તો છે પથરા ફેંકવાનું !

કહેશે " આત્મા નથી ! "
" કેમ નથી ભાઈ ? "
" દેખાતો નથી. "

" તો તો તારા દાદા પણ દેખાતા નથી, એટલે એય નહોતા. તો પછી શું તું આકાશમાંથી ઊતરી આવ્યો ?

મંત્રી ગુરુનો બોલ્યા ઝીલી બંગલાને...

આપણી વાત હતી સમકિતીના દેદારની. એના પર રાજમંત્રીનો પ્રસંગ છે. વાદી દેવસૂરિજી મહારાજ પોતાના શિષ્યો સાથે રસ્તા પર થઇને જતા હતા. ત્યાં મંત્રી સાથે હતા. વચ્ચે પોતાનો બંગલો આવ્યો. સૂરિમહારાજને તે બતાવતાં કહે છે, " આ બંગલો હમણાં જ બંધાવ્યો...! " સામો ખૂશી થાઓ કે નહિ, પણ પોતે તો બતાવીને ખૂશી

થઈ રહ્યો છે ! આચાર્ય મહારાજ તો કંઈ ન બોલ્યા, પણ સાથેનો એક શિષ્ય, એનાથી ન રહેવાયું ! તે કહે છે કેમ મહેતા તમારે અમારી પ્રશંસા જોઇએ છે ને ? પણ ખબર નથી કે જૈન સાધુની પ્રશંસા બંગલા પર ન મળે ? " મંત્રી સમજી ગયો " એક તો પાપકાર્યનો બંગલો; અને ઉપરથી એમાં સાધુની સંમતિ લેવાની ? " યોગ્ય વિચારી, ત્યાં બીજી જ મિનીટે મંત્રી કહી દે છે' " જાઓ ભગવંત ! આ બંગલો આજથી ધર્મસ્થાન ! " સમકિતનો પ્રકાશ કેવો ખીલ્યો છે! હૃદયના ઊંડાણમાં એ ઝબુકો હતો, કે આ બંગલો નહિ પણ કેદખાનું છે, અને એ પણ એક જીવન માટેનું જેલ-ખાનું નહિ, પણ ભવિષ્યની અનેક ભયંકર જેલો નક્કી કરા-વનારું વિચિત્ર કેદખાનું છે ! તમારે જગતમાં છે ને આવી જેલ ? ના ? અરે ! તમારી સારી-નાની રૂમ પણ જેલ છે ! અહીં તો હૃદયમાં સમકિતનો ઝબુકો છે; તો મુનિના એક ટોણાં પર સમજી ગયા અને કાચી સેકંડમાં ધર્મ ખાતે એ કરી દેતાં વાર લગાડી નહિ. પડિકાનું આ સમકિત નહિ, પણ હૃદયના પ્રકાશનું આ સમકિત છે. સમકિત એટલે આ જરૂરી છે, કે આજ મારા દેવ, ગુરુ, અને ધર્મ. ભગવાને કહ્યાં તે જ તત્ત્વો સાચાં. સંસાર-લક્ષ્મી-વિષયો ભયંકર ! સાથે એ જોવું પડશે કે ' જે તત્ત્વ જેવા રૂપે કહ્યું તેવી પરિ-ણતિ અંદરમાં ઊભી થાય છે કે નહિ ? પાપ અને આશ્રવ હેય કહ્યાં તો હૃદયમાં પરિણતિ તે મુજબ તેના પ્રત્યે ભય તિરસ્કારની થવી જોઇએ, ' મોક્ષ એ જ સાર, સંસાર, એ અસાર જ ' એવું લાગ્યું તો મોક્ષ માટે ગીલગીલિયાં થાય;

ને સંસારમાં રહ્યે પાંજરે પુરાયેલા પંખીની જેમ તરફડિયા મરાય.

હવે આવો મૂળ વાત પર

ચન્દ્રસારની પત્નીને બહારવટિયા ઉપાડી ગયા, તો ચન્દ્રસાર અને નોકર ધનની પોટલી લઇને નીકળ્યા લેવા; સાથે ભાતાની પોટલી પણ લીધી. એમાં જ્યાં વચ્ચે થોડા વિસામા માટે બેઠા, ત્યાંથી ઊઠતાં સહજ રીતે ધનની પોટલી નોકરના હાથમાં આવી અને ભાતાની પોટલી ચન્દ્રસારના હાથમાં છે! નોકર હતો પૂર્વનો વેરી એના દિલમાં એ હતું જ કે "ક્યારે આ શેઠને ફસાવું?" ત્યાં આ ધનની પોટલી હાથમાં આવતાં લોભિયો ખીલ્યો! તરંગ ઘડ્યો કે મોકો આવે કે શેઠને પહોંચાડી દઉં અને ધન લઇને પલાયન થઈ જાઉં' શું આ? ધનના સંયોગની અસર. એમાં ક્યાં સુધી પહોંચ્યો?– 'ધનની પોટલી શેઠ માગે તે પહેલાં શેઠને ઠેકાણે પાડી દઉં' એ વિચારમાં ચઢ્યો. 'અરે પણ તારે ધન જોઇએ તો માગી લેને? શેઠને નુકસાન કરવાની શી જરૂર છે? પાછું એ મર્યા પછી એની પત્નીનું બિચારીનું શું? વગેરે કાંઇ વિચારવાનું ખરું? 'ના, એ તો જે થવું હોય તે થાઓ. આપણે તો ધન સફાઇથી મેળવવું જોઈએ, જેથી ઠેઠ સુધી નિરાંત. ને એમ કાંઈ માંગીને આટલું બધું ધન મળે? મંગાય પણ ખરું? આવી બધી ગણતરીઓએ અનધકને તક શોધવામાં ચઢાવ્યો. માણસ પોતાના જ આત્માનો ભવિષ્યકાળ ભૂલે ત્યાં હૃદય રાક્ષસી બને તેમાં નવાઇ નહિ.

કૂવો : અનઘકની પાપી યોજના :—

ત્યાં દૂરથી એક કૂવો દેખ્યો. એટલામાં સૂર્ય આથમી ગયો; ને સંધ્યા પ્રસરી ગઈ. બરાબર કૂવો જોતાં, ખીલી ઊઠયો. અવસર ઠીક મળી ગયો લાગ્યો; વિચારે છે કે "ઝવેરાત વગેરેની નાણાંકોથળી તો મારા હાથમાંજ છે, અને આ જંગલ નિર્જન છે. કોઈ આવતું કે જતું દેખાતું નથી. પાતાલ જેવો ઊંડો કૂવો નજીકમાં જ છે. તેમ અંધકાર પણ એવું જ પ્રસર્યું છે કે જે અપરાધરૂપી છિદ્રને પણ ઢાંકી દે પણ લોકદૃષ્ટિએ ચડવા ન દે, તો હવે શો વિલંબ? શેઠને આમાં ઠેકાણે પાડી આ સ્થાનથી હું પાછો ફરી જાઉં."

આત્મશક્તિનું ગૌરવ વિચારો :—જોયું ? કેટલી ક્રૂર વિચારસરણી ? શાની પાછળ ? પૈસાના લોભની પાછળને ? શાસ્ત્રકારો જે માનવ ભવને મહા દુર્લભ કહે છે, એ પામ્યા પછી પણ એને એળે ગુમાવરાવનારા લક્ષ્મીના લોભને કેવો કહેવો ? ક્રૂર પીશાચ, યા ખુનસ વાળો દુષ્ટ દુશ્મન કહેવો કે બીજું કાંઈ ? સમજવાની ખાસ જરૂર છે કે માનવ દેહ એ નિર્મળ જ્ઞાનાદિસ્વભાવવાળા આત્માનું પવિત્ર મંદિર છે. એમાં જેટલી વૃત્તિ–પ્રવૃત્તિની ચોકખાઈ અને શોભા કરવા ધારીએ એ શકય છે. એ માટે વિશેષે કરીને મનને સમાલવાની જરૂર છે, એ સારૂ લક્ષ્મી વગેરેની લાલચ ઓછી કર્યે જ છૂટકો છે. ત્યારે તમે પૂછો છો કે 'એ કરવું કાંઇ સહેલું છે ?' પણ સમજો કે જો આપણને આપણા આત્માની અચિંત્ય શકિતનું ગૌરવ હૃદયમાં વસી જાય તો એમ થાય કે 'શું

હું આવો શક્તિમાન તે જડપદાર્થોના પ્રલોભનમાં એવો ફસી જાઉં કે જેથી ગુલામની જેમ મારે કૂડા કામમાં ઘસડાવું ? નહિ, નહિ, હું સમર્થ છું. જરાય ન લોભાઉં. જડની ગુલામી જરાય ન વહોરૂં.'

તારી કિંમતી આત્મશક્તિથી ધન કમાઈ કે ધર્મકમાઈ ? :-અનઘકને તો આ વિચાર જ નથી, બસ એક વાત છે પૈસા મળે એટલે પત્યું. પછી 'ભલે એ પૈસા કદાચ ઘર સુધી પણ પહોંચશે કે કેમ ? એજ પૈસાને લીધે રસ્તામાં કોઈ લૂંટારા બદમાશનો માર ખાવો પડશે તો ?'-એની કોઇ જ વિચારણા કરવાની નહિ ? જીવન તો એ જ મનુષ્ય તરીકેનું. પણ એમાં જગત જ્યારે ધનકમાઇ માટે ધર્મનાશ, ગુણનાશ અને પુણ્યનાશના પંથે ચઢયું છે; ત્યારે વિરલ આત્માઓ કદાચ ધન જાય તો જવા દઈને પણ ધર્મકમાઈ, ગુણકમાઇ અને પુણ્યકમાઈ કરી લે છે. અનઘક ચઢયો છે ધનના તાનમાં.

શેઠને ઠગવા કહે છે "સાર્થવાહપુત્ર ! હું ખૂબજ તૃષાતુર થઈ ગયો છું. આ કૂવામાં પાણી હશે ?"

શેઠને શી ખબર કે આને શાની તૃષા લાગી છે ? એ તો પાણીની તૃષા સમજી કહે છે કે "ઊભો રહે. જોઉં માંહી પાણી છે કે કેમ ?" પેલાને ધન એ ચીજ છે, અને ઔચિત્યધર્મ એ બીજી ચીજ છે ! દુર્જન સજ્જનના આવા ફરક પડવાના.

ચન્દ્રસાર કૂવો જોવા :—ચન્દ્રસાર પાણી જોવા કૂવાના કાંઠે ગયો, ને માંહી જરા નીચો વળ્યો પાણી જોવા.

એને બિચારાને શી ખબર કે અનઘકનો આમાં શો ભેદ છે ? શું આપણા જીવનમાંય આવું નથી બનતું કે બીજાના વિશ્વાસે આંખ મીંચીને કોઇ પ્રવૃત્તિમાં આપણે ઝુકાવતા હોઇએ ? પછી એમાં દગો થાય તો ? તો વળી શું ? વેઠવાનો. પણ કેવી રીતે ? રોઇને નહિ, સામાને ગાળો દઇને નહિ, કિન્તુ એમ સમજીને કે સામાની પાસે દગો કરાવવાનું કામ આપણાં જ પાપકર્મ કરે છે. પણ પાપકર્મ છૂપાં તે ખબર જ ન પડવા દે કે અમે કયારે જાગીએ છીએ. ઠેઠ કૂવામાં વાંકો વળી જુએ છે ત્યાં સુધી ખબર નથી કે ઉંદર પાછળ બિલાડી તાકી રહી છે. એટલેજ,

ગુણ સાધવાની ચાવી :—

અહીં, જ્ઞાનીઓ કહે છે કે, 'ચેતવા જેવું છે. કોથળામાંથી બિલાડું કયારે કેવું બહાર પડશે અર્થાત્ આત્માની કર્મસિલિકમાંથી ભારે પાપકર્મના કેવા ઉદય ક્યે કયે સમયે પ્રગટ થશે એનો પત્તો નહિ ! પછી એવા કપરા અવસરે ઊંચી તો શું પણ સામાન્ય ગુણસાધના અને સામાન્ય ધર્મસાધનાય કરવી મોંઘી થઈ જશે. માટે જ્યાં સુધી હજી સમયની સારાસારી છે ત્યાં સુધી સામાન્ય તો શું પણ ઊંચી ધર્મસાધના કરી લેવી. અત્યારના સંયોગમાં કદાચ જૂઠ ન બોલો કે અનીતિ ન કરો, તો કાંઈ બહુ ન સહવું પડે. પણ નથી ને જો અન્ન અને દાંતને વેરનો પ્રસંગ આવી ઊભો રહે તો ટૂકડો રોટલો મેળવવા કેટલાં જૂઠ અને કૂડકપટ કરવાનું મન થશે ! વિચારણા મહાન જૂઠ કપટની ચાલશે ! એનો

હિસાબ નહિ. જુઓ ભિખારીઓની દશા. ત્રણ–ત્રણ દહાડાના રોટલાના જ વાખા પડયા હશે ત્યાં એવા દુઃખમાં એ ભાવના કયાં રહેવાની કે હજી ભૂખે મરી જાઉં તે હા, પણ જૂઠ કપટ હરગીઝ નહિ સેવું ?' ત્યાં તો એ ઘણું મુશ્કેલ. તેથી કમમાં કમ એવો સંયોગ નથી ઊભો થયો ત્યાં સુધી જો સત્ય અને સરલતા તથા પ્રામાણિકતાની ટેવ પાડી દઈએ, તો એથી કદાચ થોડું વેઠવું પડશે તો હરકત નહિ. આ વિચારણાથી માણસ ઘણા ઘણા દોષોને ટાળી આત્મગુણોને હોંશપૂર્વક કેળવવાનો રસિયો બની જાય. ક્રોધને બદલે ક્ષમા, વૈરને બદલે વહાલ, અહંકારને બદલે લઘુતા, ઇર્ષ્યાને બદલે દયા....ગણો,....આવા તો કેઈક ગુણો કેળવવાની જરૂર છે. ક્ષુદ્રતાને બદલે ઉદારતા, સંકુચિતતાને બદલે વિશાળતા, છીછરાપણાને બદલે મહાગંભીરતા, મિથ્યાત્વને બદલે સમ્યક્ત્વ-વગેરે અપરંપાર ગુણો કેળવવાના છે. તેને સારા સમયે તો જરૂર કેળવી લેવા જોઇએ. નહિતર ઘોર પાપના ઉદયે આપત્તિની આગમાં ઝીકાયા પછી તો એ મુશ્કેલ બની જશે. ત્યારે સારા સમયમાં કેળવેલા ગુણો તો આપત્તિમાં સારા કામ લાગે છે.

ચન્દ્રસારે ગુણો કેળવ્યા છે એટલે હવે જોવા મળશે કે આપત્તિમાં એ કેવા ઝળકી ઊઠે છે. કોણ છે ચન્દ્રસાર ? અવધિજ્ઞાની અમરગુપ્ત આચાર્ય ભગવાનનો જીવ.

વિશ્વાસની પૂંઠેજ મૃત્યુ:–અવધિજ્ઞાની મહર્ષિ પોતે જ પોતાનું ચરિત્ર કહેતો કહે છે કે 'હું (ચન્દ્રસાર) કૂવાના કાંઠે

ગયેા. ત્યાં મને ખબર ન પડે એ રીતે ધીમે પગલે અનધક મારી પાછળ પાછળ આવ્યેા તે એટલે સુધી કે જેમ વિશ્વાસમાં રહેલા જીવેાની અત્યંત નિકટમાં મૃત્યું અચાનક આવીને છૂપું ઊભું રહે છે તેમ અનધક મારી પાછળ ઠેઠ નજીકમાં આવીને ઊભેા. હું તેા વિશ્વાસમાં રહ્યેા. ભાતાની પેાટલી હાથમાં ને હાથમાં ઝાલી રાખીને વાંકેા વળી કૂવામાં પાણી જોઇ રહ્યેા છું, ત્યાં હવે એ શું કામ વિલંબ કરે ?

અવધિજ્ઞાની ભગવંતે અહીં ઉપમા સુંદર બતાવી ! શી ? વિશ્વાસમાં રહેલા લેાક અને સમીપ મૃત્યુની ઉપમા. લેાક એટલે કે જીવેા અતિવિશ્વાસમાં અર્થાત્ ઘડીકમાં મૃત્યું આવશે તેા ? એની લેશ ચિંતા ફિકર રાખ્યા વિના, જાણે મૃત્યું હમણાં કાંઈ આવવા કરવાનું નથી જ એવા પૂર્ણ વિશ્વાસમાં રહીને જીવનમાં કેઇ કેઈ આશાઓ, તરંગેા અને મનેારથેા ઘડયે જ જાય છે ! પણ ભાન નથી આવતું કે 'આ મૃત્યું ઠેઠ મારી પાછળ નજીકમાં આવીને ઊભું હશે તેા, તે મને ગળચીમાંથી પકડી ઊઠાવશે.' એથી એમ થતું નથી કે 'મૃત્યું સુધારી લઉં, પરભવ સુધારી લઉં, અને આવા ઉચ્ચ જીવન અને સંયેાગેા પામ્યા થકી મારા આત્માને ખાસ સુધારી લઉં.' માત્ર ક્રીડા કૂતરાના ભવમાં જે કરી જાણ્યું, શું ? આહાર, વિષય, પરિગ્રહ,નિદ્રા આરામીની વેઠ, એજ વેઠમાં રચ્યા-પચ્યા રહેવાનું સુંદર માનવદેહથી બને છે ! એટલામાં તેા નજીક આવેલેા મેાતરૂપી વાઘ એ જીવ રૂપી બકરાને ઉપાડીને આ ભવમાંથી દુર્ગતિમાં ધકેલાવા માટે ફેંકી દે છે. પછી ત્યાં જીવ સારું શું કરી શકવાનેા ? ધર્મ

ન કરવા સામે, સત્ય, નીતિ ઉદારતાદિ ગુણો ન કેળવવા સામે, જેટલી અગવડના બહાનાં કાઢયાં એના કરતાં અસંખ્યગુણી અગવડો ત્રાસ અને તકલીફ દુર્ગતિમાં ઊભા થાય છે. ડહાપણથી સમજી લેવાની જરૂર છે કે પરભવની ઘોર અગવડો વેઠવાનું ઊભું કરવું, એના બદલે ધર્મસાધના અને ગુણસિદ્ધિ કરવા વર્તમાન થોડી અગવડ વેઠી લેવી, એ સસ્તુ છે. એ માટે હંમેશાં એમ જ ખ્યાલ જોઈએ કે મૃત્યું મારી પાછળ નિકટમાં જ ઊભું છે. એનો ધક્કો લાગતાં ધર્મ સાધવાની ને ગુણ સિદ્ધ કરવાની બધી તક ગઈ! માટે એક ક્ષણ પણ ધર્મસાધના અને ગુણસિદ્ધિ વિના ન જવા દઉં. પણ આ કોને સૂઝે ? સંસારકાળના ઠેઠ છેડે આવી ઊભેલાને; નિકટમાં મહાન ભાગ્યોદયવાળાને એ સૂઝે. બાકી તો જીવ વિશ્વાસમાં મૃત્યુથી આક્રમાય છે; મૃત્યુ ને હુમલાનો ભોગ બને છે !

કૂવામાં ધકેલાયોઃ—

એમ જ ચન્દ્રસારને અનઘક ઠેઠ નજીકમાં આવ્યાની ખબર નથી. ત્યાં અનઘકે ચન્દ્રસારને એકદમ જ પાછળથી જરા ઊપાડી કૂવામાં ધકેલી દીધો ! ચન્દ્રસારને તો આની કોઈ કલ્પના જ નહોતી. પછી કૂવાકાંઠે ઊભા રહેતાં શરીર પણ સહેજે ડોરું રાખ્યું હોય. ત્યાં અનઘકનો સહેજ પ્રયત્ન એને કૂવામાં પાડી દે એમાં નવાઈ નથી. ચન્દ્રસાર તો સીધો પડ્યો કૂવાના પાણીમાં, આવી સ્થિતિમાં મનમાં શું થાય ? નોકરે કૂવામાં નાંખ્યો એ તો બરાબર સમજ્યું, અને પોતાના હાથમાં ભાતાની પોટલી જુએ છે, એટલે પેલાના હાથમાં અવેરાતની પોટલી રહ્યાનો ખ્યાલ આવે છે. તેથી સહેજે

સમજાય કે એના લોભમાં નોકરે આ સાહસ કર્યું. ગમે તેમ પણ પડ્યો એ ચોક્કસ.

અકસ્માત્ બનતું નથી : પુણ્યપાપની અચિંત્ય ઘટનામાં પૂર્વકલ્પના ખોટી :-

પહેલાં કહ્યું છે, કૂવો ખાસો ઊંડો છે. ચન્દ્રસાર એ કૂવામાં ધકેલાયો છે. હવે અહીં એની બચવાની કોઈ આશા ? ત્યારે લૂંટારા જેને ઊપાડી ગયા છે એ ચંદ્રકાન્તાને હવે બચાવનાર કોણ ? એની બચવાની ય કોઇ આશા ખરી ? પુણ્યપાપનાં લેખાં ન માનનારા આવા પ્રસંગે રીતસર ઉત્તર નહિ આપી શકે. એ તો બહુ તો કહેશે કે આમાં કદાચ બચી જાય તો એ ચાન્સ કહેવાય, અકસ્માત્ ઘટના ગણાય. ખરી રીતે 'અકસ્માત્' એટલે 'કસ્માત્ નહિ,' એટલે કે કોઇ કારણથી નહિ, પણ એમ ને એમ કારણ વિના !' પરંતુ આ ખોટું છે. જગતમાં કારણ વિના કાર્ય બનતું જ નથી. તો પછી અ-કસ્માત્ ક્યાંથી બન્યું ? ત્યારે એમને પૂછો ચાન્સ શું ચીજ છે ? તો કહેશે કે 'જેમાં કોઈ હેતુ-સમાધાન ન મળે અને એકાએક અચિંત્ય ઘટના બને એ ચાન્સ.' પરંતુ ખરી રીતે આવું કાંઇ બનતું જ નથી. જ્ઞાનીના ઘરમાં કાર્ય બનવા પાછળ સમાધાન જરૂર છે. અજ્ઞાનીને એની ખબર ન હોય તેથી કાંઈ સમાધાન છે જ નહિ, હેતુ છે જ નહિ,-એવું નથી. સમાધાન પુણ્ય-પાપનું છે. પુણ્ય અને પાપ એવી અદૃશ્ય શક્તિઓ છે કે જે માણસની ધારણા વિના બારોબાર કાર્ય થવાને અનુકૂળ પ્રતિકૂળ સંયોગો નીપજાવી દે છે.

જગતમાં સારૂં–નરસું મળવાનો આધાર પુણ્ય–પાપ ઉપર છે. પુણ્ય જો આપણું પહોંચતું નથી તો લાખ પ્રયત્નેય સારૂં મનગમતું મળી શકે એમ નથી. પુણ્ય જો બળવાન છે, તો છેવટે પાતાળમાંથી સારું આવી મળવાનું છે. એમજ પાપ જો ભમી રહ્યું છે તો લાખ ચોકસાઈ રાખવા છતાં આપત્તિ નિર્વિવાદ આવે છે. આપણું પાપ જો ઉદયમાં નથી, તો દુશ્મનના પ્રયત્ન ભારી છતાં આપણો વાળ પણ વાંકો નથી કરી શકાતો. અઘટિત દેખાતી ઘટનાઓના સર્જનહાર પુણ્ય–પાપ છે. અહીં જો કે ચંદ્રસારનું આ કૂવામાં ફેંકાવું કેવું પુણ્યોદયરૂપ બને છે. માટે તો કોઈ બનાવ ઉપર તત્કાલ ઉપલકિયું ધોરણ બાંધવું એ અજ્ઞાનતાભર્યું છે. બનતા બનાવમાં કેટલીય વાર જાણે કર્મના ગૂઢ સંકેત હોય છે. જાણે પુણ્ય કહે છે, 'ચન્દ્રસાર ! તું અહીં પડે એજ ઠીક છે. મહાલાભ થશે તને.' પણ આ સમજ્યા વિના પહેલાં ખોટી કલ્પના કરવી અને પછીથી લાભ દેખાતા કહેવું કે 'હા, હા, ભૂલ્યા ભૂલ્યા અમે તે ચન્દ્રસારના બિચારાના પાપોદયની કલ્પના કરી ! આ તો જે થયું તે સારું. થયું.' એ કેવીક ઉતાવળ ! શીખી લ્યો આ કે, કર્મના ઉદયથી બનતા બનાવને 'કોઇ સારા માટે એ છે' એમ મનમાં ગોઠવો. એથી મહાકર્મબંધથી બચી જવાશે. હૃદય ખૂબ સ્વસ્થ રહેશે. બીજાની સાથે મનોભેદ, કલેશ વગેરે નહિ થાય.

કૂવામાં ચંદ્રકાન્તા !:–

કૂવામાં ચંદ્રસાર પડ્યો ખરો, પણ ત્યાં નીચે બાજુમાં

એક ખચકા જેવું હતું. એના પર એ ચઢી ગયો. અંધારું છે તેથી કાંઈ દેખાતું નથી. તેથી ભીંતે હાથ ફેરવે છે. ત્યાં તો કોઈ થરથર ધ્રૂજતી બાઈને હાથ અડ્યા. એટલામાં તો એ બાઈએ જ ઝટ કરતાંક મોટેથી 'નમો અરિહંતાણું' પદનું ઉચ્ચારણ કર્યું ! ચન્દ્રસાર તો સાંભળી આભોજ બની ગયો ! કેમ ? 'નમો અરિહંતાણું' સાંભળવા મળ્યું માટે નહિ; પરંતુ આ અવાજ પોતાની પત્ની ચંન્દ્રકાન્તાનો લાગ્યો તેથી ! લાગ્યો શું ? સ્પષ્ટ ઓળખાઈ ગયો એટલે ! એમ થયું કે "અહો ! આ શું અહીં ? આ તો ચન્દ્રકાન્તા જ છે ! અહીં કયાંથી ? પરંતુ એનો વિચાર પછી કરવાનો છે. પહેલાં તો એ ભયમાં 'નમો અરિહંતાણું' બોલી ગઈ, એને નિર્ભય કરનારો ઉત્તર દેવા દે." અહીં બે ચીજ વિચારવા જેવી છે. એક તો કૂવામાં ધકેલાવાનું બને એ પુણ્યોદય કે પાપોદય ? બીજું, ભય વગેરેમાં ઝટ નમો અરિહંતાણું કયારે યાદ આવે ?

કૂવામાં પવન એ પુણ્યોદય ?:–પહેલી વાત કૂવામાં પડ્યો એ પાપોદય કે પુણ્યોદય ? કૂવામાં પડયો તો ચન્દ્રકાન્તા મળી એ પુણ્યોદય ખરો ને ? પહેલેથી ઉતાવળે ધોરણ બાંધી મુકાય કે 'કૂવામાં દુર્જનથી ધકેલાવાનું બને એ પાપોદય,' એ કયાં કામ લાગે ? આપણે જરાક પ્રતિકૂળ બનતાં ધીરજ ખોઈ નાખીએ એ કેટલું અજુગતું છે ! પરિણામ લાભમાં આવ્યું દેખીને મત ફેરવવો પડે છે. ત્યારે, કર્તવ્ય આ છે કે ધીરજ ધરવી, માનવું કે 'આમાં કાંક' કુદરતનો સારો સંકેત છે. 'પણ શરીર બગડ્યું, પૈસા ખોયા' એમાં સારો સંકેત ? હા, આપણું અહંત્વ રોકવું હશે. યા કોઈ

અસદ્ ઉપયોગ અટકાવવો હશે અથવા ભાવી કોઈ વધુ અનર્થથી બચાવવા હશે....વગેરે કોઈને કોઈ શુભ સંકેત હોઈ શકે છે. કમમાં કમ આપણું સત્ત્વ ખીલવવાનો સંકેત તો છે જ. આપત્તિ વખતે ચિત્તની સ્વસ્થતા જાળવી એને સહર્ષ વધાવી લઈએ એમાં સત્ત્વ ખીલે છે. આવડત હોય તો કેઇ પાપોદયના પ્રસંગને પુણ્યોદયરૂપ ગણી શકાય. ચન્દ્રકાન્તા પણ કેવી? ભય જેવું લાગ્યું ત્યાં ઝટ 'નમો અરિહંતાણું!' આ બીજી વાત વિચારવા જેવી. ખરૂં શરણ અરિહંતનું કર્યું હોય ત્યારે આ થાય કે 'નમો અરિહંતાણું' એવું તે કેવું કે રટયું હશે કે 'ઓ બા! 'ઓ બાપા' એવું કાંઈજ નહિ અને નમો અરિહંતાણું? આપત્તિમાં હાર્દિક સાચા જૈનપણાનું આ પ્રમાણપત્રક છે કે 'નમો અરિહંતાણું' સહજભાવે અને સપાટાબંધ યાદ આવે. કેમ, આવે છે ને યાદ? ન આવતું હોય તો એની ખૂબ રટણા શરૂ કરો. આખો દિવસ મનમાં એની ને એની રટણા, એ પદનો કે અરિહંતનો જાપ ચાલવા દો. ચન્દ્રકાન્તાએ એવું કાંઈક રટયું હશે તોજ અત્યારે 'ઓ બા!' મૂકીને ઝટ એ યાદ આવે છે. આચાર્ય મહારાજ પાસેથી ધર્મ પામેલા છે તેનું આ ફળ છે કે જરા ભય જેવું લાગ્યું તો ત્યાં ઝટ અરિહંત ભગવાનને યાદ કર્યા. ત્યારે, આપણે ગાઇએ છીએ તો ખરા કે 'સુતાં બેસતાં ઊઠતાં જે સમરે અરિહંત....' પણ અમલમાં કેટલું? સૂતાં ને બેસતાં કે ઊભા રહેતાં, ખાતાં પહેલાં કે પીતા પહેલાં શું? તો કે 'નમો અરિહંતાણું'! આખો નવકાર તો નહિ પણ માત્ર પહેલું પદ, એને સ્મરતાં કેટલો સમય

લાગે ? કંઈજ નહિ. છતાં કેમ નથી સ્મરતા ? કહો છો યાદ નથી આવતું; પણ યાદ તે શી રીતે આવે? યાદ આવે એવું કરવાની મહેનત કયાં છે? પહેલાં જો એનો મહામહિમા સમજાય અને મનમાં એ નકકી કરાય કે બધા વિના ચાલે, પણ મારે નવકાર વિના ન ચાલે, તેમજ એ પછી ખાસ વારે ને વારે યાદ લાવી લાવીને એની રટણા લગાવી દેવાય તો પછી ખરે પ્રસંગે એ પહેલું યાદ આવે.

નમો અરિહંતાણં' પદનો શો મહામહિમા છે? એજ કે (૧) ચૌદપૂર્વી જેવા મહાજ્ઞાનીઓને પણ અંત કાળે આની રટણા હોય છે; (૨) સર્પ જેવાને ધરણેંદ્રપદ આપ્યા છે; (૩) સર્વ શ્રેષ્ઠ ઉપકાર કરનાર શ્રીઅરિહંતને આમાં નમસ્કાર છે. (૪) એથી સર્વ પાપનો નાશ થાય છે; માટે જ સર્વમંગલમાં પહેલું મંગલ છે આવી અનેક વિશેષતાઓથી એનો મહામહિમા છે. તો એ પદ તે શ્વાસોશ્વાસે વણાઈ જવું જોઈએ.

નમો અરિહંતાણંનો અર્થ :-શુ નમો અરિહંતાણં એટલે ? અર્થ આવડે છે ? 'અરિહંત ભગવાનને નમસ્કાર હો' એમ નહિ. કેમકે 'નમસ્કાર હો,' એમ કહેવામાં તો પ્રાર્થના કરી, માગણી કરી, કે હમણાં હું નમસ્કાર કરતો નથી, પણ ભવિષ્યમાં કરી શકું એવું માગું છું. જેમ કે, 'નમુત્થુ ણં અરિહંતાણં ભગવંતાણં'નો અર્થ લખતાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે લલિત વિસ્તરામાં પ્રશ્ન કર્યો કે,

પ્ર૦—'નમો' એટલું જ ન કહેતાં 'નમોડત્થુ'-'નમોડસ્તુ' કેમ કહ્યું?

ઉ૦—આનો ઉત્તર આપતાં કહ્યું કે અહીં સામર્થ્ય યોગનો નમસ્કાર કરવો છે, જે ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગના નમસ્કાર કરતાં ય ઊંચો અને ઠેઠ સાત ગુણઠાણાની ઉપર અપૂર્વકરણ વખતે જ પ્રાપ્ત થાય છે. 'એ નમસ્કાર કરવાનું હાલ ગજું નથી. અત્યારે એવો દાવો કરી શકાય એમ નથી કે હું સામર્થ્યયોગનો નમસ્કાર કરું છું.' તો તો મૃષાવાદ થાય. પરંતુ ઉત્કંઠા ઘણી છે કે અરિહંત ભગવંતને આવો નમસ્કાર કરી શકું. માટે એની હું પ્રાર્થના કરું છું.'

જે આ પ્રશ્ન–ઉત્તર લખ્યો તેમાં એ અર્થાત્ સૂચવ્યું કે 'નમોઽસ્તુ' ને બદલે એકલું 'નમો' કહેવામાં સીધો નમસ્કાર કરવાનો અર્થ થાય છે. તેથી નમો અરિહંતાણં એટલે હું અરિહંત ભગવાનને નમું છું એવો અર્થ કરવો, પણ નહિ કે 'નમસ્કાર હો,' એવો. અહીં એક પ્રશ્ન થઇ શકે,

પ્ર૦—'અસ્તુ' પદ અધ્યાહારથી શું ન લઇ શકાય? જો લઈ શકાય, તો તો પછી નમોઽસ્તુ એટલે નમસ્કાર હો એવો અર્થ કેમ ન કરાય?

ઉ૦—ઉત્તર એ છે કે અધ્યાહાર લઇ તો શકાય, પણ અહીં લેવાનો નથી. કેમકે આગળ ઉપર 'એસો પંચ નમુક્કારો' એવું સીધું નમસ્કારનું પદ આવે છે, પરંતુ એસો પંચનમુક્કાર–પત્થણા' અર્થાત્ 'આ પાંચ પરમેષ્ઠીને નમસ્કારની પ્રાર્થના' એવું પદ નથી આવતું. એથી સમજાય છે કે નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં વગેરેમાં હું નમું છું એવી સીધી નમસ્કાર ક્રિયા છે. અહીં એટલો પ્રશ્ન ઊઠે કે.

પ્ર૦—તો પછી 'નમુત્થુ'ણં માં જે 'અસ્તુ' ન કહેતાં

સીધો નમસ્કાર કરું છું એમ કહેવામાં મૃષાવાદનો ભય બતાવ્યો, તો તે શું અહીં નહિ લાગે ? અરિહંતને નમસ્કાર કરવાનું આપણું ગજું છે ?

ઉ૦— હા, નમસ્કારની તીવ્ર ધગશથી નબળો પણ નમન કરવાનું ગજું છે. અહીં જો સામર્થ્ય યોગનો પ્રબળ ઉચ્ચ નમસ્કાર કરવાનો દાવો રાખીએ તો મૃષાવાદ લાગે, પરંતુ ઇચ્છાયોગનો નમસ્કાર કરતાં એમ કહીએ કે 'હું નમું છું, તો મૃષાવાદ નથી. કેમકે અહીં નમું છું' એટલે ઇચ્છા યોગથી નમું છું' ઇચ્છાયોગનો નમસ્કાર કરું છું.' અસ્તુ.

ચન્દ્રસારનો પ્રત્યુત્તર :— હવે પ્રસ્તુતમાં આવો. ચન્દ્રકાન્તાએ ભય જેવું લાગતાં ઝટ નમો અરિહંતાણં એવું ઉચ્ચારણ કર્યું. એ સાંભળતાંજ ચંન્દ્રસારે પત્નીનો શબ્દ ઓળખ્યો. જેના માટે એ બહુ ધન લઈ લૂંટારાને આપી દેવા અને એને પાછી લઇ આવવા એ નીકળ્યો છે એ અહીંજ મળી ગઈ તેથી એને સંભ્રમનો પાર નથી ! હૈયું ઊછળવા લાગ્યું. અંગેઅંગ જાણે ઉચ્છવાસ લેવા મંડ્યા !

પણ પહેલું તો સમજે કે 'સ્ત્રી જાતિ એટલે બીએ. પાછી અંધારામાં દેખી શકે નહિ, તેથી ઓળખાણ પડે નહિ માટે પહેલાં તો એને આશ્વાસન અને ઓળખ આપી એનો ભય દૂર કરવો જોઇએ.' એ માટે તરતજ પોતે સામેથી 'અભયં અભયં જિણુસાસણુ–રયાણુ' અર્થાત્ 'શ્રી જિનશાસનમાં રકત આત્માઓને સદા અભય અભય જ છે. કોઇ ભય નહિ.' કેવું સુંદર આશ્વાસન ! તે પણ જિનશાસન ઉપરની અટલ શ્રદ્ધાવાળું ! કેવી સરસ શાસનની ઓળખાણ !

શું કહ્યું ? એ જ ભગવાન જિનેશ્વરનું શાસન જ એવું છે કે આત્માને નિર્ભય કરી દે' પુછોને.

જિનશાસનમાં અભય શાથી ? :-

પ્રશ્ન—એ શી રીતે ? શું જિનશાસન પામેલાને કોઈ તકલિફ વિટંબણા નથી જ ઊભી થતી ?

ઉત્તર એ છે કે થાય, ન જ થાય એમ નહિ પરંતુ

(૧) જિનશાસન સમજાવે છે કે ત્રાસ-તકલિફ પોતાના પૂર્વના પાપકર્મ વિના આવતી જ નથી. તેમ ત્રાસ ખસી દૂર થતાં નથી. એટલે, એવા હઠીલા કર્મકચરાને દૂર કરાવી આપનારી ત્રાસ તકલિફ તો સુજ્ઞને મન ઉત્સવરૂપ છે. એમાં પછી ભય શેા ?

(૨) બીજું જિનશાસન પામ્યાથી એ પણ સમજે છે કે બહારના ત્રાસ તકલિફ આત્માનું કશું લૂંટી શકતા નથી, જો આત્મા સાવધાન હોય તો, માટે ભય શેા રાખવો ? વળી,

(૩) જિનશાસનના પ્રણેતા શ્રી અરિહંત પરમાત્મામાં અચિંત્ય શક્તિ છે કે એમનું સમ્યક્ આલંબન કરનારાના સર્વ ભય દૂર થઇ જાય છે. એટલે અહીં પરિણત ચન્દ્રસાર પોકારે છે કે જિનશાસનમાં રક્ત આત્માઓને સદા અભય છે.

(૪) માત્ર અટલ શ્રદ્ધા જોઈએ કે જિનશાસન જો આપણી પાસે નથી તો મહાભય છે. જિનશાસન છે, તો મહાકલ્યાણ છે. જગતમાં અભય અને કલ્યાણનું સાધન હોય તો તે એક માત્ર જિનનું શાસન. સકલ કલ્યાણ એનાથી મળે;' આવી શ્રદ્ધા હોય તો અવસરે એનો જ પ્રભાવ યાદ આવે,

કૃતજ્ઞતાપૂર્વક એનું જ સ્મરણ થાય. ચન્દ્રસાર કહે છે, જિનશાસને રકતને અભય છે.'

ચન્દ્રકાન્તા રડી ઊઠે છે :—હવે ચન્દ્રકાન્તાએ આ શબ્દો સાંભળી પતિના અવાજને ઓળખ્યો. એટલે એને તો હર્ષ અને આશ્ચર્યનો પાર નથી ! હૈયામાં પ્રેમ એકદમ ઉભરાઈ આવ્યો. તે દુઃખ સંભારી રોવા લાગી. મોટું માણસ પણ દુઃખની આગળ બાળકની જેમ દીન અને રોતડ બને છે. દુઃખ ચીજ જ એવી છે કે ભલભલાના હાંજા ગગડાવી નાખે; અને સંસારમાં કોને દુઃખ નથી આવતું ? માટે જ

(૧) મહાત્માઓ કહે છે કે બીજાના ઉપર દુઃખ વરસી રહ્યા હોય ત્યારે એના દિલની વેદનાને સમજો, એના હાર્દિક રુદનને નિજના અનુભવની આંખે નિહાળો. તો પછી એનો તિરસ્કાર કરવાની વાત તો શી ? પણ એની ઉપેક્ષા કરવાનું ય મન નહિ થાય; બલ્કે એન પ્રત્યે હમદર્દી દાખવી સહાય કરવાનો ઉમળકો રહેશે.

(૨) એવું જ, દુઃખની જોહુકમી ચલાવનારૂં કર્મ આપણને પોતાને આપણા સુખના સારા વખતમાં જાણે શિખામણ દે છે કે 'સમાલીને ચાલજે, ફુલાતો નહિ. ગાફેલ બનતો નહિ. બીજાના પર નવાબશાહી ચલાવતો નહિ. સુકૃત થાય એટલું વધારે વધારે અને વહેલું વહેલું કરી લેજે. નહિતર ધ્યાન રાખજે કે તારા ઉપર પણ એક દિ' દુઃખની ઝડી વરસાવનારો મારો હલ્લો આવવાનો છે. તે વખતે ભારે કરમાવું પડશે ! બીજાઓ તારા પર દ્વિગુણ નવાબશાહી ચલાવશે ! અને તે તને અસહ્ય થશે ! સુકૃત કરવાનો

અવસર દુઃખમાં નહિ રહે કેમકે એની સામગ્રીનો અવસર તો ચાલ્યો ગયો.'

આશ્વાસનઃ—અહીં ચન્દ્રકાન્તા પોતાના દુઃખનું નથી રડતી. છતાં પતિને અચાનક અહીં પડેલા જાણી રડી પડે છે. વિરહિત હૃદય સંયોગ મળતાં ભરાઈ આવે છે. રોતી ચન્દ્રકાન્તાને ચન્દ્રસાર આશ્વાસન આપે છે. "હવે રડે શા સારૂ ? બનાવાનું બની ગયું. હવે તો આપણે ભેગા મળી ગયા. બાકી તો જુદા પડયા હતા તેથી શું ? કેમકે એ આપણુંજ કર્મનાં ફળ છે. એને ભોગવ્યા વિના થોડું જ ચાલે ? અને એ તો શાહુકારી છે કે કર્મનાં દેવાં હરખભેર ચૂકવવા; અસ્તુ. એ તો કહે, તું અહીં શી રીતે આવી પડી ?"

ચન્દ્રકાન્તા કેમ પડી ?:—

ચન્દ્રકાન્તા એનો ખુલાસો કરતાં કહે છે " અરે, હું તો હાથે કરીને પડી ! અમને લૂંટારાઓ ઉપાડીને ઘસડી જતા હતા. ત્યાં બધાએ આ બાજુના નગરની પાસે રાત્રે પડાવ નાખ્યો. ત્યારે મને થયું કે અહીયાં શીલના માથે જોખમ કેટલું ? **સ્ત્રીજાત પાસેથી લાખોનું ઝવેરાત ખોવાઇ જાય તેની જે ખોટ નથી તેનાથી કેઇગુણું કિંમતી શીલ ખોવાયાની ખોટ છે !** તેને બચાવી લેવાની તાલાવેલી ઠેઠ પ્રસંગના પડછાયામાંથી એટલી બધી થવી જોઈએ કે 'સામાના પગલાં કેવાં પડે છે, દુરાચારીનાં કે સદાચારીનાં ? બોલ જે બોલે છે તે કેવા બોલે છે ? બદમાશના કે ડાહ્યાના ?' એ કળી જવું જોઈએ. જો દેખાય કે ભય છે, પાપનો સંભવ છે, દગો છે, ધોખો છે, તો ત્યાં

જ ઉપાય કરી લેવાનો. આ તો લૂંટારાની જાત ! એ એના સ્થાને લઈ ગયા પછી શું ય ન કરે ? એનો કોઈ ભરોસો નહિ. આવીને સીધો હાથ માગેય લગાડે તેટલો પણ અવસર શા માટે જોવો ? ત્યાં મેં આ કૂવો જોયો. મનને થયું કે લૂંટારાના જોખમમાં પડવું એના કરતાં આ કૂવામાં પડવું સારૂં ! પરોઢમાં સૌ કોઈ પોતપોતાના બિસ્તર-પોટલા સંભાળતા હતા ત્યાં મેં આ કૂવો સંભાળી લીધો ! અંધારાનો લાભ લઈ ધીમે પગલે અહીં આવી આમાં પડતું મૂક્યું."

"પણ તને બીક ન લાગી કે પડીશ ને મરી જઈશ તો ?"

"બીક શાની ? મારી નજર સામે તો શીલનાં સાચા પ્રાણ બચી જવાનો આનંદ હતો નહિતર ત્યાં પેલું મારૂં શીલ મરી જાત એનું શું ? શરીર મરી જાત તો ભલે એની રાખ થઇ જાત ! પરંતુ એવું કઈ બન્યું નથી. ચારિત્રને જરાયે વાંધો આવ્યો નથી, ને હજી જીવતી છું."

હિંમત અને ધગશ:—વિચારો, બાઇની હિંમત અને ધગશ કેટલી ? ભાવીમાં પણ શીલ જોખમાવાનો સંભવ નજ આવવો જોઇએ, એની પૂરી ધગશ ! અને શીલ રક્ષવા ખાતર ભયાનક કૂવામાં ઝંપાપાત કરવાની હિંમત ! બંનેય અદ્‌ભુત છે ! ખૂબી તો એ છે કે પહેલાં કહી ગયા છે કે આ લૂંટારાઓ તો માત્ર અપહરણ કરી જાય છે, પણ શીલ ઉપર આક્રમણ નથી કરતા. છતાં એના વિશ્વાસે કોણ બેસે ? તેમ ઠેઠ એની પલ્લીમાં ગયા પછી તો બચવાનો ઉપાય પણ શો ? ચંદ્રકાન્તાને લાગે છે કે 'આ કૂવાની સગવડ અને

બધાઓની ગફલતની સગવડ સારી મળી છે. તો હવે બીજો ત્રીજો વિચાર કર્યા વિના ભગવાનનું નામ લઈ ઝુકાવવા દે કૂવામાં.'

મહાન કાર્યો હિંમત ખેડયા વિના થતા નથી. આ અબળા કહેવાય હાં. પણ એને મન શીલ એટલે પ્રાણ છે. તો એ રક્ષવામાં વીરાંગના છે. અને જાણો છો ને જાન પર વાત આવ્યા પછી હિંમત આવી જાય છે? બાકી તો મરવાથી કે માર ખાવાથી બહુ ડરવું શું? જગતમાં જન્મ-મરણનો કયાં હિસાબ જ છે? ધર્મ અને આત્મગુણની રક્ષા માટેનું મરણ એજ દુર્લભ વસ્તુ છે, આમેય મરવાનું તો છે જ. વહેલું નહિ તો જરા મોડું. પણ ગુણ રક્ષવાની તમન્નામાં મરવું એટલે આત્માને મન ગુણની કિંમત કેઇ-ગુણી ઊંચી જગી જાય છે. મરીને પણ ગુણ રક્ષવાની કાર્ય-વાહી આત્માનું સાત્ત્વિક ઓજસ અપૂર્વ વધારી દે છે. માત્ર કિંમત ગુણની સમજવી જોઈએ. જુઓને સુશીલ સ્ત્રીઓની ગણતરી! જીવનમાં સારૂં ખાધું શું, પીધું શું, એની બહુ વાત નહિ. શીલ બરાબર રક્ષાયું? તો એની મોટી કિંમત, ધર્મ બચાવી શકાય? તો એ ભારે કમાયા!

શીલનું મહત્ત્વ:—શીલ શું ચીજ છે? સઘળા ગુણોને હૃદયથી સ્વીકારવા માટે જરૂરી છે જે હૃદયની પવિ-ત્રતા. એની ચાવી છે શીલ. શીલ કહેતાં સદાચાર. બરાબર મનવચન--કાયાથી.--કાયાનાં સર્વ ગાત્ર અને સર્વ ઇન્દ્રિયોથી, વાણીથી અને વિચારણામાં સદાચાર પાળો, અને તમે પવિ-ત્રતાની તિજોરી ખોલી લો. શીલના બળ ઉપર સ્થૂલભદ્રજીનું

નામ ચોરાશી ચોવિસી સુધી અમર થઇ ગયું સાંભળ્યું છે ને? સુદર્શન શેઠને શીલના પ્રભાવે શૂળીનું સિંહાસન! મહાસતીઓ સુભદ્રા, કલાવતી વગેરેના શીલના પ્રભાવ ઉપર દેવતા દાસ બન્યા હતા! પશુ અને માનવમાં શો ફરક છે? પશુ શીલ શું એ સમજીય શકતું નથી. તો પાળવાની વાતેય શી? માનવ સમજીને પાળી શકે છે. શીલ ગુમાવનાર ભલે આજે માત્ર આંખથી ગુમાવે, પણ ધીમે ધીમે એનું પતન એવું કે હૃદય મહામલિન અને દુષ્ટ વિચારોવાળું બની જવાનું! શીલ એ તો માનવ દેહરૂપી પુષ્પની સુગંધી છે, એની સુવાસથી બીજા અનેક ગુણો અને પુણ્યરૂપી ભ્રમરો ખેંચાઈ આવે છે. શીલ એ માનવ દેહનો સાચો અલંકાર છે; સાચું આરોગ્ય છે. એને ગુમાવનારના દેહનો રાજા જે વીર્ય, તે તૂટી જાય છે. પછી ભાઈની દશા કેવી? ઇન્દ્રિયો નિસ્તેજ, મોં ફિક્કું, મન નબળું અને તામસી; કાયા રોગનો ભોગ; કાર્યમાં નિષ્ફળતા. કહે છે ને

"અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદીય સફલ ન થાય....

પાપસ્થાનક ચોથું વરજીએ" ચન્દ્રકાન્તાનું પગલું શાબાશી-ભર્યું હતું. જીવનમાં સદાચાર રક્ષવાની પ્રવૃત્તિ સાહસવાળી હોય તોય તે જરૂરી છે. હવે ચન્દ્રકાન્તા પતિને પૂછે છે, "પણ તમે આ ભયાનક કૂવામાં કેમ પડયા?"

ચંદ્રસારની કથનીઃ—ઉત્તરમાં ચન્દ્રસાર ઠેઠ પરગામમાં ઘાડનો બનાવ સાંભળી ઝટપટ ઘરે આવ્યો ત્યાંથી માંડીને અહીં પડવા સુધીની હકીકત વર્ણવે છે. એમાં છેલ્લે

શું કહ્યું ?.... "અહીંયા થઈને અમે જવાના હતા. તેમાં અહીંથી થોડા પાછળ રસ્તામાં વિસામો કરી ઊઠ્યા. પછી અજાણતાં મારા હાથમાં ભાતાની પોટલી પકડાઈ. અનઘકે ધનની પોટલી ઊંચકી એ પછી અહીં એ કહે 'મને તરસ લાગી છે.' કોને ખબર 'એને શાની તરસ લાગી હશે ?' પણ હું તો તે માટે જ્યાં આ કૂવામાં પાણી છે કે નહિ તે જોવા લાગ્યો કે એણે મને અંદર ધકેલ્યો." જુઓ એક અહિ પ્રશ્ન ઉઠે છે.

ચંદ્રસારે ગંભીરતા કેમ ન રાખી ? : —

પ્ર૦—હવે પડ્યાનું ન પડવાનું થવાનું છે ? તો આવો ચન્દ્રસાર જેવો સારો માણસ કેમ એવી ગંભીરતા નથી રાખતો કે સ્ત્રીજાતિને નોકરની હલકાઈ ન કહેવી ?

ઉ૦—ઉત્તર એ છે કે આમ તો એ પૂર્વભવે ચક્રદેવ તરીકે મહાન ગંભીરતા કેળવીને આવેલ છે. તેથી અહીં તો એ ગુણ વૃદ્ધિ પામ્યો હોય. એટલે અહીં ગંભીરતા નથી એમ ઉપર ઉપરથી કલ્પી લેવું અનુચિત છે. ખરી રીતે પ્રસંગના ઊંડાણમાં જવું જોઈએ જેથી નોકરનું ધ્યાન સ્ત્રીને કહેવાની પાછળનો હેતુ સમજાય ઊંડાણની સમજ ન પડે તો જરા ધીરજ ધરવી જોઈએ કે આગળ ઉપર શું બને છે તે લાવો જોઈએ. પછી ધોરણ બાંધીએ. અહીં આગળ જણાશે કે નોકર પ્રત્યે ચન્દ્રસારના દિલમાં કેટલો ઉચ્ચ કોટિનો સદ્‌ભાવ છે ! એની કલ્પના તુચ્છ હૈયાવાળાના નીચલા થરમાં રહેનારા તુચ્છ હૈયાવાળાને આવી શકે એવી નથી. બીજી વસ્તુ એ છે કે ચન્દ્રકાન્તાને હુબહુ બતાવવું

છે કે લક્ષ્મી કેટલી બધી ભયંકર છે કે આવા બિચારા નોકરનું મગજ ફેરવી નાખ્યું ! કયા કર્મના સંયોગમાં માણસનું મન ફરી બેસે છે એનો કોઈ ચોકકસ હિસાબ નથી. જીવ એટલો બધો કર્મનો ગુલામ છે; કર્મથી કચડાયેલો છે. પત્નીને કર્મની પરાધીનતા અને સંસારની અસારતા બતાવવાનો આ મોકો છે તે શું કામ છોડે ?

પત્નીનો નોકર પ્રત્યે ખેદ :—ચન્દ્રસારે જ્યાં અંતે બતાવ્યું કે નોકરના ધકેલવાથી નીચે કૂવામાં આવ્યો ત્યાં પત્ની ભડકી ઊઠી. એના મનમાં ઝટ આવ્યું કે 'હેં ! નોકરે આવા ભયાનક કૂવામાં ફેંકી દેવાનું ઘોર કૃત્ય કર્યું ?' ઝટ બોલી ઊઠે છે, 'અરે ! અનઘક આવો દુષ્ટ ? હા ! હા ! બહુ દુષ્ટ કામ કર્યું એણે !'

સંસારકૂવામાં : પાપ કૂવામાં ફેંકાવાનો ભય !:—

ચન્દ્રસાર આની સામે કેવા મહાત્માના ઉદ્‌ગાર કાઢે છે એ જોતાં પહેલાં જરા એ જુઓ કે આવા લૌકિક કૂવામાં ફેંકી દેવાની વાત જેવી ભયંકર લાગે છે, એવી શું પાપ જીવન-રૂપી કે સંસારની ચાર ગતિરૂપી લોકોત્તર કૂવામાં ભડકી જવાય, અને અહીં અનુભવ થાય તોય ભડક નથી આવી ખરૂં ? લોકોત્તર કૂવા આગળ લૌકિક કૂવો તો કાંઈ વિસાતમાં નથી. જુઓને આ બન્નેય કૂવામાં પડયા પણ જીવતા છે. ત્યારે, પાપના કૂવામાં પડયા પછી તો જન્મ -મરણની પરંપરા !! માનવદેહની આંખે પાપનો કૂવો નહિ દેખાય તો શું પશુની આંખે દેખાશે ? ઉચ્ચ માનવભવનાં

હૃદયથી જો પાપ એ ભયંકર કૂવો નહિ સમજાય, તો શું પશુજીવનનાં હૃદયથી સમજાશે ? અહીં તો એવો સચોટ સમજાઈ ગયો હોય કે ઈર્ષ્યા, વૈર, કલહ, આળ, જૂઠ; અનીતિ, દુરાચાર, ઉદ્ભટવેશ વર્તાવ, કૃપણતા, રોષ, રોફ, માયા વગેરે પાપોનો કૂવો તો પોતાના જીવનમાંનો પૂરી દેવાયો હોય; એ કૂવામાંથી જીવને બહાર કાઢી લીધો હોય. પણ સાથે સાથે છકાય જીવના સંહારખાના રૂપી જે ઘરવાસ, તેના કૂવામાંથીય બહાર નીકળી જવાની પેરવી ચાલુ હોય. બારવ્રત એ શું છે ? પ્રભુભક્તિ, દાન, શીલ વગેરે શું છે ? પાપના કૂવામાંથી સદંતર બહાર નીકળી જવાના કૌવતની કેળવણી. એ ચાલુ હોય એટલું જ નહિ કિંતુ પોતાનું ચાલે ત્યાં બીજાને પણ પાપના કૂવામાંથી બહાર કાઢવાનું કરે; પણ નહિ કે કૂવામાં ધકેલવાનું. કૃષ્ણવાસુદેવે છોકરીઓનું શું કર્યું ? કૂવામાંથી બહાર કાઢીને ? ચન્દ્રકાન્તા, નોકરે પતિને કૂવામાં ફેંક્યાનું જાણી, કહે છે 'હાહાહા ! દુષ્ટ કામ કર્યું એણે !'

ચન્દ્રસાર મોટા મનથી કહે છે, "એને દુષ્ટ નહિ, પણ પરમ ઉપકારી કહે. કેમકે આપણા બંનેનો એણે સંયોગ કરાવી આપ્યો. આ ન કર્યું હોત તો હું ક્યાંથી અહીં આવત ?" હૃદયમાં કેવી પવિત્રતા અને મનની કેવી ફોરાશ ! દૃષ્ટિ કેવી શુકલપાક્ષિક ! હૃદયને મલિન નહિ થવા દેવાનો પુરુષાર્થ કેટલો પાકો હશે કે આવા કપરા સંયોગોમાં બીજો વિચાર જ નહિ ! જે થયું તે સારું જ !

દૃષ્ટિ માત્ર ઊજળું જોવાના સ્વભાવવાળી, તે દુષ્ટને ઉપકારી તરીકે દેખે છે, દુનિયામાં રહ્યેય નચિંત અને શાંત

કોણ રાખી શકે ? જેમને દુન્યવી દરેક પ્રસંગમાં પવિત્ર હૃદય ને શુકલપક્ષીય દૃષ્ટિ કેળવતાં આવડે તે. કોઈ આવીને કહે "તમારા માટે પેલો ગાળ દેતો હતો;" તો કહેવાય 'સારૂં થયું જાગતા રહીશું' બીજો આવીને કહે "પેલો તમારા ગુણ ગાય છે" તો કહીએ જીવ છે તે ગાય. પણ અમે પ્રશંસા યોગ્ય નથી; તેથી ગુણ માટે પ્રયત્ન કરશું !" દુનિયાના ગમે તેવા વિકટ પ્રસંગમાંય ઊજળાપણાનું એટલે કે અનુકૂળતાના દર્શન કરતાં આવડે તે નચિંત રહી શકે. અનુકૂળતાનું દર્શન કરવા માટે વાતવાતમાં છંછેડાઈ જવાનું, ચિડાઈ જવાનું, વગેરે બંધ કરવું પડે. છંછેડાવું એ ભયંકર કુટેવ છે. તે મટે નહિ ત્યાં સુધી આવી ઊજળી દૃષ્ટિ અને પવિત્ર હૃદય ન બને. શું છે એ ? જે છે તે સારા માટે છે ! આપણે તો મૂર્ખાઈ કરીને નાહકની ચિંતામાં સુખ બાળી નાખીએ છીએ.

ચન્દ્રસાર પત્નીને કહે છે, "તને ખબર નથી. એ નોકરે તો આપણો સંયોગ કરાવી દીધો. વળી આ કૂવામાં પડવાનું ભાવી હોય તો કોઈ મિથ્યા ન કરી શકે.

શાસનસ્પર્શના એટલે ? :—

શાસન પામવાનો શું કંઇ અર્થ જ નથી ? શાસન પામેલો માણસ શાન્ત, નેકીવાળો, ને દયાળુ હોય, જૂઠ પર નફરતવાળો હોય, ઉદાર અને ઉમદા દૃષ્ટિવાળો હોય, આવો અર્થ ખરો કે નહિ ? કે પછી મંદિર ઉપાશ્રયે જવાનું ખરૂં, બાકી ગમે તેમ વર્તી શકાય ને એમ કરી હોંશથી પાપમાં લીન રહેનારા તે જૈનશાસન પામેલા, શું એ વ્યાખ્યા છે ?

ના, એવી વ્યાખ્યા બીજે હશે. અહીંયાં નથી. અહીં તો તમે ઠેઠ ભલે ઓઘો લઈ લીધો પણ તેટલા માત્રથી શાસન પામેલા નહિ. ઓઘા તો અનંતા લઇ લઇને નવગ્રૈવેયક સુધી પહોંચેલા, પણ શાસન પામેલા નહિ! તેથી અનંત સંસાર રખડ્યાં!

શાસન પામેલો તો ત્યારે કહી શકાય કે જ્યારે સંસાર પર તિરસ્કાર છૂટે, જિનવચનની શ્રદ્ધાનો રંગ રગેરગમાં વ્યાપી જાય, જીવનમાં પુણ્ય-પાપનો નિશ્ચિત વિવેક રહે, દિનપ્રતિદિન નેકી, દયા, વૈરાગ્ય વધતો જાય, કષાયો અને બીજા પાપ શાન્ત પડતા આવે. તો વિશ્વાસ રાખીને કહી શકાય કે આપણે શાસન પામ્યા.

ધર્મની ઊજળામણ કેમ નથી દેખાતી?:—

આ દુનિયામાં કહીયે છીએ કે 'આજે ધર્મની ઊજળામણ નથી દેખાતી.' પણ એ કયાં જોવું છે કે તેનું મૂળ કારણ આપણે છીએ. ધર્મને શરીર નથી, ધર્મીને શરીર છે. લોક ધર્મીને જુવે છે. એના જીવનમાં દેખાય છે કે બાવીસ વર્ષે સંસાર શરૂ કર્યો તેમાં જે માયામમતા, ઈર્ષ્યા-કપટ વગેરે પાપરમત હતી તે આજે બહોતેર વર્ષે પણ છે, તો શું ધર્મ દેખવા મલે? કષાયો-વિષયો, સંસારની ઉપાધી અને માયા-મમતા એની એજ દેખાય તો ધર્મ શો દેખવો? ધર્મીને જો આવું જ દેખાતું હોય તો શું થાય? માટે ધર્મીએ જવાબદારી સમજીને ગુણમય અને ધર્મપ્રધાન જીવન જીવવું જોઈએ. તે જોઈ લોક ધર્મીના ગુણ ગાય તો ગાય, પણ ધર્મના પણ ગુણ ગાય. કેમકે ધર્મ એનામાં જોવા મળ્યો.

બાકી ધર્મી કહેવાતો માણસ લોકો આગળ ધર્મની વાતો મોટી કરે પણ સ્વયં આચરવામાં જે મીંડું હોય, તો લોકને અસર શી પડે ? કહેવત જરા બીજા રૂપે છે, પણ કહેવાય છે ને કે સો શબ્દો અને એક અનુભવ. સો શબ્દથી જે અસર ન થઈ હોય તે એક અનુભવથી થાય. ધર્મ આવો સારો, આવો સારો, એ શબ્દ છે. પણ ધર્મી આત્મા ધર્મનો દાખલો છે. તે દાખલો એટલે ધર્મજીવન. શાસનની સ્પર્શનાવાળો ધર્મી હોય તો એ જીવન જોવા મલે. શું સ્પર્શના એટલે ?... સ્પર્શના એટલે શાસનના અટલ સિદ્ધાન્તોનું વલણ. શાસનનો સિદ્ધાન્ત છે કે લક્ષ્મી અને વિષયો તથા કષાયો સ્વાત્મઘાતક હોઈ ત્યાજ્ય છે.' એનું વલણ એટલે લક્ષ્મી આદિ પ્રત્યે ભય હોય, કષાયો શાંત પડતા ગમે. ભલે ગૃહસ્થ હોય પરંતુ એણે વિષય કષાયોની કાંઈ એજન્સી નથી લીધી. ધર્મી આત્મા એવો કોઈ દિ' બચાવ ન કરે કે "અમે તો દુનિયામાં રહ્યા; તેથી બધું કરવું પડે." ધર્મી તો કપાળે હાથ દે "કેવો અક્કમી હું ! અહીં પણ આ કરી રહ્યો છું ? પામર છું બાકી કરવા જેવું હરગીઝ નહિ." સ્પર્શના થવા માટે આ જરૂરી છે. જૈનશાસન સ્પર્શી જાય તેનું માપ આ કે 'આત્માના દેદાર ફરી જાય. પ્રવૃત્તિ બાવાની હોય તો પણ ઝબુકો તપના કર્તવ્યનો જોઈએ. પ્રવૃત્તિમાં ગુસ્સો કરતો હોય, તો પણ અંદરમાં પરમાત્માની સંગમ પરની ક્ષમાના કર્તવ્યભાનનો પ્રકાશ જોઈએ. કોઈ આપણું કુહાડીથી માથું કેમ ન ચીરે, પણ રાખવી તો ક્ષમા જ જોઈએ, એવું સચોટ કર્તવ્યદર્શન જાગ્રત રહે.

અનઘકે ચન્દ્રસારને કુવામાં ફેંકી દીધો. ત્યાં એમ નથી થતું કે "કૂવામાં સ્ત્રી મલી, તે તો પુણ્યાઈથી; પણ પેલા હરામીએ તો જે ફેંકવાનું કર્યું તે તો ખરાબ કર્યું.... દુષ્ટ! હરામખોર!": આવું મનને જરાય નથી લાગતું. આ તો પરિણામ જોઈને પત્નીને કહે છે કે "ઉપકાર માન એનો કે ઝટ તું મળે એવો મને એણે અહીંયાં ફેંક્યો! એટલું જ નહિ પણ સાથે ધન એણે ઊંચકયું, તો ભાતું મારા હાથમાં રહ્યું! ભાતું ન હોત તો ખાત શું અહીંયા? ઝવેરાત કાંઈ ખાવા કામ ન લાગત." આમાં અનઘકનો ઉપકાર જ માનવાની ચન્દ્રસારની આત્મજાગૃતિ સૂચવે છે કે એ શાસન પામ્યો છે.

ધર્મના મૂળમાં:—શાસ્ત્રકારો જ્યારે શાસન પામવાની પૂર્વે પણ સામાન્ય ધર્મ પામવાના મૂળમાં મૈત્રી આદિ ભાવ આવશ્યક બતાવે છે તો શાસન પામ્યા પછી તો આત્માની સ્થિતિ કેટલી બધી ઉચ્ચ હોવી ઘટે? એ મૈત્રી ભાવનામાં દુશ્મનનું પણ ભલું ચિંતવવાની વસ્તુ આવવાની. અહીં તો ચન્દ્રસારને ને ચન્દ્રકાન્તાને દુશ્મન અનઘકનું કાર્ય અનુકૂળ બની ગયું છે. પછી એમાં એનો ઉપકાર માનવો એ કઠીન વસ્તુ નથી. શાસન પામ્યાની આ વિશેષતા છે કે દરેક પ્રસંગને કર્મબંધમાં નહિ પણ કર્મક્ષયમાં ઉતારી શકે. શાસનના અનુપમ તત્ત્વો, સિદ્ધાન્તો, અને ઉપકાર પ્રત્યે હૃદય એટલું બધું આકર્ષાઇ ગયું હોય કે એ હવે હલકા જીવનને અને હલકી વિચારસરણીને પસંદ જ ન કરે હલકો વિચાર હૃદયમાં સ્ફુરવા સરખો ન દે. એવું કઈ બને

તો વ્રત પામવાની યોગ્યતા ગણાય; તો આત્માની વિશેષ ઉન્નતિ થાય.

દેહનાં લગ્ન કે આત્માનાં ? :—શ્રી સમરાદિત્ય કેવલી મહર્ષિનો જીવ બીજા ભવે સિંહકુમાર રાજપુત્ર થઈ, શ્રી ધર્મ-ઘોષ આચાર્ય મહારાજ પાસે અવધિજ્ઞાની મહર્ષિ અમરગુપ્ત આચાર્યદેવનું ચરિત્ર સાંભળી રહ્યો છે. એમાં, અમરગુપ્ત મહર્ષિનો જીવ ચન્દ્રસાર પત્ની ચન્દ્રકાન્તા સાથે કૂવામાં છે. કૂવામાં અંદર એક બાજુ ટેકરા જેવું હતું તેથી ઉપર બેસાય એવું હતું. ત્યાં થોડી ઊંઘે રાત્રિ વિતાવી. ચન્દ્રકાન્તા અંદર પડી ત્યારથી ભૂખી હતી. પરંતુ રાત્રિ હોવાથી અત્યારે ભોજન નહિ કરવાનું, એ નિર્ધાર છે. જીવનમાં શાબાશી શામાં ? પોતે જે શુભ દરજ્જામાં હોય તે મુજબના આચાર પાળવામાં. આ ચાર દિવસથી ભૂખી છે, અત્યારે સામે જ ભોજન છે. તો પછી અપવાદ જોવો કે નહિ ? ના. સવાર પડતા સૂર્યોદય પછી બે ઘડી વીત્યા બાદ પચ્ચક્ખાણ પારવાની વાત. તે પણ સમય આવ્યે કહે છે પોતાના પતિને કે "તમે જમો નહિ ત્યાં સુધી મારાથી કેમ જમાય ?" સ્થિતિ કપરી છે. પોતે કેટલાય દિવસની ભૂખી છે, છતાં મર્યાદાપાલનની ભૂખ આગળ ભોજનની ભૂખ ગૌણ છે. પહેલાં મર્યાદાનું પાલન, પછી ભોજન ! શું ? કાંઈ સમજાય છે ? આજના જેવા કેવળ દેહનાં લગ્ન કે કહેવાતા સ્નેહલગ્ન સમજતા નહિ. એમાં તો જરા ટાયલાંની પોલીસી રમીને પહેલું પોતે ખાઇ લેવાનું કરાય. "હા ! હા ! શું કરત હું અહીં એકલી ?.... ચાર ચાર દહાડા એમ જ ગયા, એક દાણો કોણે દેખ્યો છે ? ....પણ તમે કોઇ

કેવા સરસ પુણ્યે મળ્યા છો કે અહીં કૂવામાં પણ મારી માટે ભાતું લઈ આવ્યા....તમારો ઉપકાર હું ક્યાં વાળી શકવાની છું ?....” વગેરે વગેરે સવાસલા કરીને એમને એમ બેઠા રાખી પેટ ભરતાં આંચકો ન આવત ! ખાતી જાત અને ઉપરથી પતિ પાસેથી આશ્વાસન પોતે લેતી જાત ! અહીં તો પોતે પતિને આશ્વાસન દે છે. ‘તમે ભોજન ન કરો ત્યાં સુધી મારાથી કેમ જમાય ?’ આ વિવેકની પાછળ હૃદયની વિશાળતા અને સહિષ્ણુતા સાથે વડિલ આગળની લઘુતા તરવરી રહી છે. આવા ગુણો કેળવવાના સોનેરી અવસર આવા પ્રસંગે મળે છે.

મનુષ્ય જીવન શા માટે છે એ ખૂબ વિચારોઃ—

અહીં પરિમિત ભાતું છે; ને કોણ જાણે કૂવામાં કેટલાય દિવસ થાય ? પરંતુ પત્નીના આત્યાગ્રહથી જાણે છે કે ‘આ એકલી નહિ જમે’; તેથી ચન્દ્રસાર થોડુંક પોતે ખાઈ ને પત્નીને ઠીક ઠીક વપરાવ્યું. પછી વિચારે છે કે “સંસાર સમુદ્ર જેવા આ ઊંડા કૂવામાંથી અમે કયા ઉપાયે ઊગરીશું ?” જુઓ, આવા મહાદુઃખ વખતે પણ સંસાર સમુદ્રની ઉપમા વિચારી આ કૂવામાં દુઃખ કરતાં સંસારના વળી અતિ મહાન દુઃખ ખ્યાલ બહાર નથી કરતા ! ધર્માત્માની આ ખૂબી, કે પ્રસંગે પ્રસંગે તાત્ત્વિક દૃષ્ટિ જાગતી રાખે. સાંસારિક સુખ-દુઃખમાં ભવભ્રમણના દુઃખ ન વિસારે. અહીં તો દિવસો ઉપર દિવસો વીત્યા ભાતું ખૂટવા આવ્યું. ભાતુંય બિચારૂં કેટલું પહોંચે ? કેમકે એકલું ખાવાની વાત; ઉમેરવાની

વાત જ નહિ. પુણ્યના ભાતાંની પણ એ જ દશા છે. માટે જીવનમાં ધર્મ બહુ જ જરૂરી છે.

ચન્દ્રસારને ભાતું ખૂટી જતાં જીવિતની આશા જતી રહી. કેમકે રસ્તો જંગલી ! કોણ આવે કે જાય ? ત્યારે ખેદ થાય છે કે "શું આમને આમ જ મરી જવાનું ? જિનશાસન પામીને ચારિત્ર સાધ્યા વિના અકૃતાર્થપણે મરું ?" ચારિત્ર વિના મરવાનું દેખાય છે. એનો એ મહાન પશ્ચાત્તાપ કરે છે. જાણે છે ધર્મથી જ જીતવાનું છે. એક જીવનમાં ધર્મ જો બરાબર સગો કરી લઈ એ, તો પછી ધર્મ આપણી સાથે ભવેભવે સગાઈ માંડે ! "તું જ મારે ગણવા લાયક, સ્મરવા લાયક છે;"-એમ એક જ જીવનમાં ધર્મને હાડોહાડ પ્રવેશેલો કરી લઈ એ પછી ધર્મ આપણો કેડો મૂકે નહિ. આ બંનેને શું વિચાર આવે છે ? "આમ જ શું ચારિત્ર વિના મરી જવાનું ?" એ વિચાર નથી આવતો કે "માલ-મિલ્કત, બંગલા-બગીચા, નોકર-ચાકર શું કરવાનાં ? પૂળો મૂકવાનો એમાં ? પડયા અહીં કૂવામાં ! નોકર બદમાશ !" એવી વિચારણા સરખી નહિ. મનુષ્યજીવન શા માટે છે એ ખૂબ શોચો. બીજા જીવનોમાં જે કદાપિ ન મળે અને જે મળ્યા વિના નિસ્તાર થાય જ નહિ, તેવી ચારિત્રની વસ્તુ માટે મનુષ્યદેહ છે. વિચારો, જીવનમાં સમકિતનો ઝબૂકો કેવો જાગતો હશે ? કેવી ઉમેદો થતી હશે ? કે આવી ઉત્તમ ભાવનામાં એ રમી રહ્યા છે ! એક જ ભાવના—

આત્મજાગૃતિ :—

"હું ? જિનમત પ્રાપ્ત કરવા છતાં પ્રવ્રજ્યા પાળ્યા

વિના અને તેનાથી કૃતકૃત્ય બન્યા વિના મરવાનું ?" સમકિતનો પ્રકાશ શું ? એ જ કે, પાપનો ડર વધે, કષાયો શાંત થતા આવે, વિષયોની લગની કપાતી આવે, જીવન ધર્મમય બનતું જાય;....ટૂંકમાં આત્મા જાગ્રત થઈ જાય; મોહની નિદ્રાને અંકુશમાં લઈ લે. ત્યાં પછી રોદણાં નહિ કે 'અરેરે ! આપણે શું ખાધું–પીધું ? શું ભોગવ્યું ?' મુખ્ય એક જ વાત, આપણે આરાધ્યું શું ?" લક્ષ્મી હોય તોય કે ન હોય તોય એક જ દશા, આત્મજાગૃતિ !

પરમાર્થ, સમતા અને સદ્બુદ્ધિનું ધન વધારવા ધખો અને મથો :—

નહિતર તો લક્ષ્મી હાથમાં આવ્યા પછી પરિણામ શું આવે છે ? ઉન્નતિ કે અધઃપતન ? પરમાર્થ કે સ્વાર્થ ? સુબુદ્ધિ ? શાની સગવડ સધાય છે ? પણ એવા આત્માઓ છે કે જેમની પાસે લક્ષ્મી આવ્યા પછી શુભ ભાવવૃદ્ધિ ધર્મસાધના વગેરે વિકસે છે. પણ એટલું ધ્યાનમાં રહે કે એની જે ભાવવૃદ્ધિ પરમાર્થ અને ધર્મસાધના ખીલે છે તે ખીલવાનું કારણ લક્ષ્મી નથી. પણ અંતરાત્માની જાગૃતિ છે. જો અંતરાત્માની જાગૃતિ છે તો જગતમાં સારા ગણાતા સંયોગોનો જિનશાસનની દૃષ્ટિએ સારામાં સારો ઉપયોગ કરશે. વર્તમાનમાં સત્તા, લક્ષ્મી, ને બુદ્ધિવાળા ઘણા; ઈજ્જત આબરૂવાળા પણ ઘણા; છતાં તેમાંના ઘણા મોહની નિદ્રામાં ઊંઘતા છે. એટલે કે એમને મળેલી ભૌતિક સંપત્તિથી જ આત્મા વધારે દુષ્કૃતમાં પડે છે. માણસને કોડ થઈ જાય છે કે "આટલી સંપત્તિ–ઈજ્જત આબરૂ મલી જાય તો મઝા પડી જાય !" અરે

મહાનુભાવ ! એ તરફ ન જો. એ મળી ગયા પછી સ્વાર્થ, મદ, મમતા, દુર્બુદ્ધિ વગેરે વધશે તેનું શું ? જો એને દુનિયામાં ચાર જણાએ સલામ ભરી, ને 'શેઠ સાહેબ' કહ્યા તેમાં કંઈ વિશેષતા નથી. વિશેષતા તો પરમાર્થ, સમતા, સદ્‌બુદ્ધિ વગેરે વધે એમાં છે. એ વધારવા ધખો અને મથો, ધ્યાન, રાખો, આપણો આત્મા અથડાતો, કૂટાતો જે કંઈ થોડી ય શુદ્ધિને પામ્યો તેને ટકાવવા-વધારવાની કયારે ? મોટા પંચેન્દ્રિય નહિ, પણ નાની કીડી ય પગ નીચે મરે છે તો અંતરાત્મામાં જે કકળાટ થાય છે તે શુદ્ધિ છે. કષાયમાં ધમધમાટ કરે છે, પણ એમાં લિમિટ છે, મર્યાદા છે. "મારી નાખું-કાપી નાખું": આવું જે નથી થતું એ શુદ્ધિ છે. કષાયો વિષયોની સ્પૃહાઓ છે ખરી, પણ અમુક મર્યાદામાં જ કષાયની, વિષયની વિચારણા છે. આ જે મર્યાદિત સ્થિતિ છે, તે સૂચવે છે કે કંઇક શુદ્ધ સ્થિતિ પ્રાપ્ત થઈ છે. એ શુદ્ધિ ટકાવવાના વધારવાના કયારે ? અહીંયાં કંઈક અંશે પણ પુરુષાર્થ હશે તો ને ? ક્ષાયિક પ્રકાશ થાય નહિ ત્યાં સુધી ભરોસો ન કહેવાય કે આ મળેલો પ્રકાશ કયાં ઓલવાયો, ને કયાં પડયા ખાડામાં ! શ્રેણિક-કૃષ્ણને ભય નહિ. કેમકે તેમને ક્ષાયિક પ્રકાશ લાધી ગયો હતો ! માટે ક્ષાયોપશમિક પ્રકાશને ધારણ કરનારે સમકિતને નિર્મળ કરવા મહાપ્રયત્નશીલ રહેવું પડશે. જુઓ દેવપૂજા-શાસનપ્રભાવના વગેરે જે વિવિધ અનુષ્ઠાનો ફરમાવ્યા તેનું પ્રયોજન શું ? ક્ષાયોપશમિકનો પ્રકાશ ઢંકાતા વાર ન લાગે. તે આ ક્રિયાઓ દ્વારા ઊજળો થતો જાય. માટે જ વિચારવું ઘટે કે અહીંથી પૂર્વના ભવો પર

દૃષ્ટિ નાખું, તો દેખાય છે કે પૂર્વ કરતાં આજે સારી શુદ્ધિ છે. તેને ટકાવવા-વધારવા હવે ભગીરથ પુરુષાર્થ કરું. એ માટે અધિક સમકિતની નિર્મળતા, કષાયનો ભય, પરલોકની ચિંતા વધવી જોઈએ. આ બધું કેમ આગળનું આગળ વધે તેનો પુરુષાર્થ જોઇએ.

નેત્ર ફરકવાનું શુભ ચિહ્ન :

ચન્દ્રસાર પોતાને કૂવામાં પાડનારને ગાળ દેતો નથી. કૂવામાં પડયા પછી 'ઘરનું શું થશે ? સારભૂત ધન તો નોકર લઈ ગયો ! હવે શું કરશું ?' એ ચિંતા પણ નથી કરતો. પરંતુ "આવું જૈનશાસન પામ્યા પછી શું ચારિત્ર પાળ્યા વિના, હાય, એમ જ મરી જવાનું ? એમ મરાય જ કેમ ?" એમ ચિંતવે છે. શું શ્રાવકપણાનો ધર્મ નથી કર્યો ? કર્યો છે. પણ ચારિત્રજીવન વિના જીવન કૃતકૃત્ય નથી થયું. 'કૃત-કૃત્ય' એટલે ? કૃત્ય જેણે કરી લીધું છે, તે. ચારિત્ર એટલે અવશ્ય કરવા યોગ્ય કર્તવ્ય. તે કર્યું જ નથી જીવનનું મહત્ત્વ શામાં સમજ્યા હશે ? શ્રાવક જીવન પણ કેવું ઝળહળતું હશે ! પોતે કાંઈ સાધુ નથી છતાં દુશ્મન પર પણ ગુસ્સો કરવાની વાત નહિ ! સંસારી છે છતાં સંસારી વાતોનો લોભ નથી ! શ્રાવક-જીવન છતાં કષાયો પર કાબુ કેટલો ? પાપનો ભય કેટલો ? પાપની પરંપરા પર કાપ કેવો ? જીવનનું મહત્ત્વ આમાં જ છે. સંસારનો ભય છે, તેથી જ ઝંખે છે કે "અરેરે ! ચારિત્ર વિના જો મરું તો જીવન એળે ગયું !" એટલામાં પોતાની જમણી આંખ અને પત્નીની ડાબી આંખ ફરકી ! બંને એક-બીજાને એની વાત કરે છે. પત્ની કહે છે

"આર્યપુત્ર ! મારૂં ડાબુ નેત્ર ફરકયું !" આ કહે છે "મારૂં જમણું નેત્ર ફરકે છે. તો ચિહ્ન સારૂં છે. માટે નિરાશાની જરૂર નથી." એમ કહીને એ પત્નીને આશ્વાસન આપે છે કે 'સુંદરી ! હવે આ વિશેષતાવાળા નિમિત્તોથી આપણે દીર્ઘકાળ આ કલેશમાં રહેવાનું નથી. માટે તારે હવે સંતાપ કરવો નહિ." કેવું આશ્વાસન ! પણ આના કરતાં કેઈગણું ઊંચું આશ્વાસન આત્મગુણો–સમ્યક્ત્વાદિના લક્ષણોના શુભ ચિહ્નવાળાને ગુરુ આપે છે. લેવું છે ?

જંગલમાં સાર્થવાહ : કૂવામાંથી ઉદ્ધાર

એક અહોરાત્ર પસાર થયો એવામાં ભીલ લોકોની જે રાજધાની હતી. ત્યાંથી રત્નપુર નિવાસી નંદીવર્ધન નામનો સાર્થવાહનો રત્નપુર જતો સાર્થ નીકળ્યો ; ને આ કૂવાની બાજુમાં જ એણે થાણું નાખ્યું. પાણી લેવા તેના માણસો દોરડા લઈ કૂવા પર આવ્યા. અહીં તો બંનેની દૃષ્ટિ ઉપર જ હતી ! એમાં પેલાએ પણ આમને જોયા ! અશ્ચર્ય પામી ગયા ! જઈને સાર્થવાહને વાત કરી, અહીં આ બેને આશા બંધાણી. દુન્યવી કૂવામાં જે જાગૃતિ બહાર નીકળવાની હોય છે, તેવી જાગૃતિ સમકિતીને સંસારના કૂવામાથી નીકળવાની હોય. પાણીના કૂવામાથી બહાર નીકળવાની જે ઘગશ અને તાલાવેલી હોય છે, એવી તાલાવેલી કે કોઈ દેખાય તો કહે " ભાઈ બહાર કાઢો, " તે ઘગશ અને તાલાવેલી સમકિતીને હોય. લાગે કે સંસારમાંથી આ કાઢે એવો છે તો હૈયાની અંદરથી પોકાર ઉઠાડી કહે કે "ભાઇ-સાબ ! મરી ગયા સંસારમાં ! હવે કાઢો બહાર !,'

પેલા લોકોએ સાર્થવાહને ખબર આપી. સાંભળીને સાર્થવાહનું દિલ હલી ઊઠ્યું. નોકરોએ કહ્યું "જાઓ, જાઓ, જલ્દી કૂવામાં ખાટલો ઉતારી એમને બહાર કાઢો." માણસો આવ્યા, ને ખાટલો કૂવામાં ઉતારી કહે છે "બેસી જાઓ આના ઉપર; તમને બહાર લઈ લઈએ." બંને તૈયાર જ હતા. બેસીને ઉપર આવી ગયા. સાર્થવાહ પાસે એમને લઇ જવામાં આવ્યા. એણે આમને ઓળખ્યા.

ચમકીને કહે છે, "અરે ! તમે અહીં ક્યાંથી ?"

ત્યાં ચન્દ્રસાર બનેલી હકીકત કહે છે.

સાર્થવાહ વિસ્મય પામી કહે છે "બહુ ખરાબ બન્યું. ખેર ! પણ હવે ચિંતા નહિ. ચાલો મારી સાથે." ખાનપાન કરાવી ચાલ્યા રત્નપુર તરફ. રત્નપુર પહોંચતા પહેલાં જ્યાં જંગલ પૂરૂં થાય તે અગાઉ જ રસ્તાથી જરા દૂર એક બાજુમાં ભયંકર દૃશ્ય ચન્દ્રસારે ને ચન્દ્રકાન્તાએ જોયું.

ધનકોથળી સાથે નોકરનું હાડપંજર :

શું જોયું ? એક ભયંકર ચવાયેલું હાડપિંજર પડ્યું છે. 'અરે ! આ શું ?' જોતાં લાગ્યું કે આ તો આપણા નોકરનું જ મડદું કાં ન હોય ? કેમ ? બાજુમાં જ પેલી ધનની કોથળી અકબંધ પડેલી જોઈ ! 'નક્કી, કોઇ ભૂખ્યો વાઘ કે સિંહ આવીને નોકરને ખાઇને ખતમ કરી ગયો છે. બિચારાની કોથળી કોથળીના ઠેકાણે રહી !' કોથળી મળી અને ઓળખાણ પડી ખરી, પરંતુ આવા દુષ્ટને આપ મેળે શિક્ષા થવા ઉપર અને ઝવેરાતની કોથળી પાછી મળવા

ઉપર આનંદ થવાને બદલે આ દૃશ્ય જોઈ બંનેનો વૈરાગ્ય વધી ગયો.

જીવનમાં કર્તવ્ય દિશા અને આંતરદશા પલટાયા વિના, આ જે ઉચ્ચ ભાવો ઊઠે છે, તે સંભવિત નથી. બોલો તમને આવા પ્રસંગે શું થાય ? અહીં પાછા મળેલા મહાકીમતી ઝવેરાત પર રાગ વધે કે વૈરાગ્ય ? ધનના ચોર પર દ્વેષ વધે કે બીજું કાંઇ ? "ઠીક થયું બદમાસને....એજ લાગનો હતો...." મારવાનું જીગર કદાચ પોતાનું ન હોય પણ 'દુશ્મન એના પાપે મર્યો તો ઠીક થયું,' એમ થાય તો પેલા મારનારનો ભાઈ જ કે બીજું કાંઇ ? પૈસા પાછા પાસે આવ્યા પછી શું શાબાશી ન લેવાય કે 'અમારા ન્યાયના પૈસા ? આમાંનું કશું થતું. નથી ચન્દ્રસારને ઉલટી નોકરની દયા આવે છે. જેનું આપણે પાલનપોષણ કરતા હોઈએ તેવો નોકર દગો દે તેના પર શું ભાવ જાગે ? દગામાંય ઠેઠ કૂવામાં નાખવાનું કર્યા પછી શું ભાવ જાગે ? ખાવાનું ખૂટી જાય તે વખતે શું થાય ? બહાર નીકળ્યા, પછી નોકરની આ દશા દેખાય તે વખતે શું ભાવ જાગે ? વિચારો તો ખરા.

લક્ષ્ય શુદ્ધનું મહત્વ

આપણા જીવનનું મૂલ્ય અંકાય છે તે આવા આવા પ્રસંગે થતા આપણા શુદ્ધ અશુદ્ધ ભાવો પર. એનો આધાર આપણા લક્ષ્ય પર છે. આપણું લક્ષ્ય શું છે? દુનિયાના સંયોગો વચ્ચે તેવા મલિન ભાવો જગાવી ધમધમવાનું ?

આ ચન્દ્રસારનું લક્ષ્ય આત્મકલ્યાણનું છે, મનુષ્યના સારા કર્તવ્યનું છે. એટલે જે સંયોગોમાં બીજાને વૈર, ક્રોધ–માયા–મમતા–શોક–બળાપો થાય, તે સંયોગોમાં આને કષાયો મંદ પડે છે. ક્ષમા દયાદિ ખીલે છે, કૂવામાં નાખનારનો ઉપકાર માનવાનું કરે છે. કૂવામાં પડ્યાનો જે બળાપો થાય છે, તે પણ અમુક ઉમદા વસ્તુ માટે ! જીવનનું લક્ષ્ય ઊંચું બનાવો. પછી ગમે તેવા સંયોગમાં તમે મુકાશો પણ ત્યાં દુર્બુદ્ધિના બદલે સુબુદ્ધિના વિચારો આગળ થશે.

પરંતુ આપણે બચાવ કરીએ છીએ કે "ભાઇ–સાહેબ, પ્રકૃતિ જ એવી વિલક્ષણ પડી ગઇ છે...." આ ખોટું છે. બરી રીતે આપણું ધ્યેય શુદ્ધ બન્યું નથી.ઊંચું લક્ષ્ય હૈયે ચોકસ જ બન્યું નથી. જો તે બન્યું હોય તો જેમ ધનના લક્ષ્ય પાછળ બજારમાં સીઝન દેખાતાં લાખો કમાવા માટે ટેવો ફેરવી દો છો, આઠના બદલે પાંચ કલાકની ઊંઘ; કોઈનું સહન ન કરનારા તમે હવે–મવાલીનું પણ સહન કરો....વગેરે ઘણું ઘણું ફેરવી નાખો છો; તેમ અહીં પણ કુસ્વભાવ વગેરે ફેરવી નખાય. પરંતુ અહીંયાં આપણને લક્ષ્યની ચોંટ નથી એટલે આપણી જે નરસી પ્રકૃતિ છે તે ચાલુ રહે છે; અને જે પ્રસંગોમાં ઉત્તમ ભાવનાઓ મહાત્માઓ ભાવી ગયા ત્યાં આપણું હૈયું નીચ ભાવનાઓમાં રમે છે ! આનું કારણ આપણા જીવનનું ઉચ્ચ લક્ષ્ય નથી તે. લક્ષ્ય એટલે સમજો છો ને? જેને સિદ્ધ કરવાની તમન્ના રહે; જેમાં ફાવટનો સંતોષ રહે; જે સિદ્ધ ન થાય ત્યાં સુધી જંપ ન વળે.

ચારિત્રને યોગ્ય લક્ષ્ય કેમ સિદ્ધ થાય ?:-

ચારિત્રનું લક્ષ્ય એ માત્ર કપડાં કે નામનો બદલો કરવાથી સરતું નથી. એ તો આત્માના જેટલા દોષો છે, તેને નામશેષ કરવાનું લક્ષ્ય ધારી તે મુજબ વર્તાય તો સરે. મોક્ષના લક્ષ્ય માટે સર્વદોશ-નાશ, એ માટે ચારિત્ર; અને ચારિત્રના લક્ષ્ય માટે શ્રાવકપણું. મોક્ષમાં કોઇ જ દોષ નહિ; નિરાહારીપણું, સુખદુઃખની કે રાગદ્વેષની અથડામણી નહિ; જશ-અપજશ નહિ; માન કે અપમાન નહિ. આવું લક્ષ્ય ચારિત્રમાં. એટલે ? જ્યાં કોઈ દોષ નથી, કંઇ માન -અપમાન નથી, શાતા-અશાતા નથી. ત્યાં જવું છે તો તે માટે જીવન તેવું જ જોઇએ. ચારિત્રજીવન શાતા-અશાતાની કિંમત ગણનારૂં ન જાઇએ, માન અપમાનમાં ખેંચાનારૂં ન હોય, રાગદ્વેષમાં ફસાનારૂં ન હોય, કોઈ પણ દોષને પોષનારૂં ન હોય. મોક્ષ માટે જેમ આવું ચારિત્ર, તેમ ચારિત્ર માટે તેવું શ્રાવક જીવન પણ જોઇએ ને ? બિલકુલ વીતરાગ એટલે કષાય વિનાની સ્થિતિએ પહોંચવું છે તો આ જીવનમાં કષાયો પર કાપનું સતત કાર્ય જાઈએ. લક્ષ્ય બાંધ્યું કે 'મારે મોક્ષમાં એટલે કે વિષયના કોઇ સંપર્ક વિનાની સ્થિતિમાં જવું છે' તો વર્તમાન જીવનમાં પણ એ લક્ષ્યને અનુસારે વિષય વિમુખ રહેવાની સતત પ્રવૃત્તિ જોઈએ. પછી કોઈ પણ સંયોગમાં મુકાઓ, પરંતુ મન બગાડવાની વાત નહિ રહે. સારૂં સારૂં ન મળે માન અપમાન વેઠવા પડે, પણ મન નહિ બગાડાય.

પૈસા પર વૈરાગ્યઃ—એ તો નરસું હતું કૂવામાં પડવાનું, પણ કૂવામાંથી બહાર કાઢયા પછી ય 'ચાલો હવે મનગમતું થયું.' એમ કરીને મન બગાડવાની વાત નહિ. આપણને તો બન્નેમાં ય, હાય ને વોય ! માંદગીમાં ય અને સાજાપણામાં ય.; માનમાં ય, ને અપમાનમાં ય,, ધનિકતામાં ય ને દરિદ્રતામાં ય. લક્ષ્યની શુદ્ધિ નહિ એનો ડબલ ભરો છે.

આ ઉત્તમ આત્માઓને તો બહાર કાઢયા તો ખૂશ થઈ ગયા. શા માટે ? લહેર પડશે હવે સંસારમાં એ માટે નહિ, પણ "હાશ, હવે ચારિત્ર લેવાશે !" આગળ વધ્યા ને પૈસા મલ્યા, તો રાગને બદલે વૈરાગ્ય વધ્યો ! "અહો, આ પૈસાએ આ સ્થિતિ કરી ! જરૂર બિચારાને કોઈ પશુએ ફાડી ખાધો હશે." "પાપીને ઠીક સજા મલી !" એવો વિકલ્પ–સરખો નથી. આવું હૃદય શી રીતે બનતું હશે ? માત્ર જપમાળા ગણવાથી નહિ ! દેવને તુચ્છ દર્શન ને તુચ્છ પૂજાથી સમજાવી દેવાથી નહિ ! પણ અભ્યાસ છે. એ અભ્યાસ પૂર્વ જીવનમાંથી શરૂ કર્યો છે, તેનાં આ ફળ છે, "બિચારો નોકર કેટલી ઉમેદે પૈસા લઈને ચાલ્યો હશે, ને આ થયું બિચારાનું ?" એ પૈસા પર તિરસ્કાર વધુ છૂટયો. નોકર પર દયા ઉભરાણી. મનને થયું કે "આ પૈસા એના ય નહિ ને મારા ય નહિ. આ પૈસા જેની પાસે જાય તેનું નિકંદન કાઢે એવા છે !"

ચારિત્રની પાયરીએઃ—**ચારિત્ર મોહનીયકર્મ ત્યાં તૂટવા માંડયું. "આ પૈસા ? આ સંસાર ? આ જીવન ?",** બધા પર નફરત છૂટી. હૈયું એથી ઊભગ્યું. અલિ-

પ્ત થવા માંડયું. કદાચ અત્યાર સુધી "હાય ઘર ! હાય પતિ ! હાય પત્ની ! હાય પૈસા !" થતું હશે પણ હવે "આ ઘર ? આ પૈસા ?" થવા માંડયું. ત્યાં ચારિત્રનો પરિણામ ઉત્પન્ન થઈ ગયો ! પૈસાની કિંમત ગણુવાની નિશાળમાં બરાબર ડીગ્રી મેળવી નહિ હોય ! ! કેમ ? જર-ઝવેરાતની થેલી પાછી હાથમાં આવી છે છતાં રાગનું કિરણ સરખું નથી, ઉપરથી વૈરાગ્ય છૂટે છે ! ધ્યેય માનવજીવનનું લક્ષ્ય એટલું શુદ્ધ અને ઉચ્ચ બનાવી દીધું છે કે આ ચીજો એને ચલાયમાન કરવા સમર્થ નથી. સંવેગ અને વૈરાગ્ય વધવા માંડયો; ને નગરમાં આવી પહોંચ્યાં.

સંસારની બાજી આટોપી લઈ શ્રી વિજયવર્ધન આચાર્ય મહારાજ પાસે ચારિત્ર લીધું. પોતાના જીવનમાંજ વિચિત્રતાઓ જોઈ લીધી. "પરગામ ધન-માલ કમાવા ગયા, માણસ શું કલ્પનામાં હોય ? 'પરગામથી ધન-માલ લાવશું ને ઘેર જઇ મજા કરશું., પરંતુ મજા શું ધૂળ કરે ? વચ્ચેથી પરગામમાં જ સાંભળ્યું કે પત્નીજ ઊપડી ગઇ ! વળી પત્નીને લેવા નીકળ્યો તો અધવચ્ચે નોકરે દ્રોહ કર્યો ?-" આ વિચિત્ર ઘટનાઓએ પોતાના હૈયા પર એવી ઘેરી અસર કરી કે આમાં આપણુ કાંઈ ઊપજે નહિ. મફતના શા સારૂ કૂટાવું ? પળવાર સંસારમાં તે રહી ન શકયો ને તુરતજ ચારિત્ર લીધું.

ચંદ્રસાર ચરિત્ર ભવ-૮ દેવ- નારક

સુંદર રીતે પાળ્યું, અંતિમ સંલેખના કરી. અને કાળધર્મ પામી સાતમાં વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થયાઃ સોળ સાગ

રોપમનું સ્વર્ગીય દીર્ઘ આતુષ્ય. ત્યારે પેલો અનઘક નોકર મરીને ગયો સાત સાગરોપમવાળી ત્રીજી નરકમાં.

એક પૈસા પર પણ નરક સાધી શકાય :—

અનઘકને પૈસાએ શું આપ્યું ? વર્તમાનમાં ભયંકર મૃત્યુ ! અને ભવાંતરમાં દુર્ગતિ પણ એની પાસે ખરાબ પૈસા આવ્યા હતા એટલે આવું થાય. એમ કહેવું છે તમારે ? ના પૈસા જે તમારી પાસે છે, તેવા જ તેની પાસે હતા. પૈસા તો એના એજ, પણ જેટલા પૈસા પરમાર્થમાં, દાનમાં ગયા તેટલા સારા, બાકીના જે તિજોરીમાં પુરાઈ રહ્યા કે સંસારમાં વપરાયા તે તો નુકશાન જ કરનારા છે ! એક તાંબિયા પૈસા પર પણ નરક સાધી શકાય ! શું સમજ્યા ! અખતરો ન કરતા કે 'લાવોને જોઈએ એક પૈસા પર કેમ નરકમાં જવાય ! રાજગૃહીનો દ્રમક. ભિખારી ભીખના ઠીકરા પર સાતમી નરકે પહોંચ્યો. એ ઠીકરૂં ભરાવાની બહુ લાલસા ન કરી હોત તો નરકગામી લેશ્યા શું કામ કરત ?

નરકમાં સિંહ

નરકમાં અનઘક નોકરનો જીવ ઘોર છેદન–ભેદનાદિમાં આયુષ્ય પૂર્ણ કરી વિન્ધ્યગિરિ પર સિંહ તરીકે ઉત્પન્ન થયો. કેવા અવતાર મળે છે ? કર્મ જાણે કહે છે " કૂવામાં શેઠને ધકેલી દેવા માટે જે ક્રૂરતા કરી હતી,–હવે તેને યોગ્ય ભવ લેતો પરવાર ! તેથી તને ત્યાં વધુ ક્રૂરતા કરવા મળશે !" કુદરતનું સંચાલન કેવું છે ? હૈયાની જે સારી કે નસરી ઘરેડ તમે અહિં શરૂ કરી તેવા પછીના ભવ મલે. હૈયું કેટલું બધું

અત્તે કેવું કઠોર કર્યું હશે કે ધર્મિષ્ઠ ઉદાર અને વિશ્વાસુ એવા શેઠને કૂવામાં ધકેલવાનું કામ કર્યું હશે? એટલે અહીં જેટલી વધારે નઠોરતા, ક્રૂરતા. પાપની આસક્તિ કરી તેટલા પ્રમાણમાં તેનું પરિણામ પરલોકમાં ભયંકર.

જડ પર પણ કોમળતા રાખો

એવું પણ બને કે જાણે છે કે કેરી સજીવ છે છતાં કેરીની છાલ ઉતારીને એના પર ખૂશ થયા કે, "કેરી આમ છોલાય!" તો આ કઠોર હાર્દિક પરિણામનું પરિણામ કેવું? બીજા ભવે કદાચ જીવતા જીવે શરીરની ચામડી ઉતરાવવાનોય પ્રસંગ આવે. માટે સમકિતનાં સ્વરૂપમાં કહી દીધું કે 'નિર્ઘૃણપણે તે કોઈ પાપ કરતો નથી.' એક સોપારી ભાંગતાં પણ હૈયું કોમળ રાખવું. ભલે જડ હોય, સચિત્ત નથી, છતાં હૃદયમાં કઠોરતાનો અભ્યાસ ન પડી જાય માટે કોમળતાનો ઉપયોગ રાખવો પડે. જ્યારે કોમળતા અહીં સચવાય ત્યારે તે ભવાંતરમાં સગી થાય. અનઘકનાં જીવે જો કઠોરતાને સાચવી રાખી તો નોકર મરીને સિંહ થયો. હવે એ બિચારાના જીવનમાં અનેકાનેક પ્રાણીઓનો સંહાર કરવાનું કુદરતી સ્વભાવમાં જ કોરાઇ ગયું! પરિણામ? ત્યાંથી મરીને પાછો તેજ ત્રીજી નરકમાં રવાના થયો.

કયું પાપ મોટું? ધનમૂર્ચ્છા કે જીવઘાત?

મનુષ્યપણે શેઠને કૂવામાં નાખી પૈસાના લોભમાં નરક ઉપાર્જી તેમ, જે સિંહનો ભવ પામીને પણ ત્રીજી નરક ઉપાર્જી એમાંથી કોનું, કયા ભવનું, પાપ વધે?

ઉત્તર :– મનુષ્યપણામાં એકજ વ્યકિતને એકજ વાર કૂવામાં નાખી, તે પણ મારી નાખી નહિ, અને આ સિંહના જીવનમાં અનેકની હિંસા અનેકવાર! કરપીણ રીતે હરણિયાં મારી ખાવાની વાત! ક્રૂર રીતે હાથી જેવાના ગંડસ્થલ ફાડી નરકવેદનાઓ આપવાની વાત! આવાં પાપથી પણ ત્રીજીજ નરક અને આની સામે પણે શેઠને કૂવામાં ફેંકવાના પાપથી પણ ત્રીજીજ નરક ત્યારે સમજો કે મનુષ્યપણામાં શેઠનો વિશ્વાસ-ઘાત માનવબુદ્ધિએ કર્યો, એ ભયંકર પાપ છે. વળી પૈસાની ગાઢ મૂર્ચ્છા કરી, તેથી જ જે વખતે સિંહ મર્યો તે વખતે રૌદ્રધ્યાનમાં ચઢી ગયો. આવું કંઈ ભયંકર કર્યું હોય જેના યોગે ત્રીજી નરક સાધે તે સ્વાભાવિક છે. પરંતુ એ તો કહો તમને પંચેન્દ્રિયને મારી નાખવો તે જેટલું ભયંકર લાગે છે તેવી પૈસા પર મૂર્ચ્છા કરવામાં ભયંકરતા લાગે છે? અહીં પૈસા પર મૂર્ચ્છા કરી શેઠનો વિશ્વાસઘાત કર્યો તેનું જે પરિણામ, તેજ પરિણામ સિંહની ક્રૂરતાનું! એટલે ન સમજતા કે પૈસા પરની મૂર્ચ્છાનું પાપ ઓછું ભયંકર છે.

વિવેક એનું નામ કે વસ્તુને જે રીતે શાસ્ત્રે ઓળખાવી હોય તે રીતે દેખાય. હિંસાની લોલુપતા રાખવી તે જેટલું ભયંકર છે તેવું પૈસાની લોલુપતા તે પણ ભયંકર છે. આવો હૃદયનો વિવેક જોઈએ! પછી પાપ દેખે ને ગભરાય, પાપની વિચારણા આવતાં કંપે! જેમ ઉંદરને બિલાડીની કલ્પના આવતાં કંપે તેમ કંપે. પાપની કલ્પના એ બિલાડી જેવી છે. જીવ ઉંદર છે. એનાથી એ ગભરાતો રહે? કેવો કે આ જે મનુષ્ય જીવનમાં પાપો છે, જેવાં કે-પૈસાની મૂર્ચ્છા, વિષયોની લાલસા,

વિશ્વાસઘાત, અનીતિ, ઇર્ષ્યા, ઘમંડ વગેરે. એમાં ભવોની પરંપરા દેખાય.

નોકરને પહેલેથી રુદ્રદેવના ભવથી જ ક્રૂરતા લાગી ગઈ છે પૂંઠે. સિંહમાંથી ત્રીજી નરકમાં ગયો ત્યા સુધીમાં બીજા ૧૪ સાગરોપમ પૂરા કર્યા. ત્યારબાદ નરકમાંથી નીકળીને બાકીનાં બે સાગરોપેમ તિર્યંચના ભવોમાં ભટકીને પૂરાં કર્યા. ત્યાં ચંદ્રકાન્તાનું દેવલોકનું ૧૬ સાગરોપમનું આયુષ્ય પણ પૂર્ણ થયું.

૯ : અનંગદેવ અને ધનદેવ

અવધિજ્ઞાની મહર્ષિનું સોમાના ભવથી ચરિત્ર ચાલી રહેલું છે. એમાં સાતમાં ભવે ચન્દ્રસાર મરીને દેવ થયો, તે દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને આજ જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રના રથવીરપુર નગરમાં ગૃહસ્થ નંદીવર્ધન અને સુરસુંદરીનાં પુત્ર તરીકે જન્મ્યો. નામ રાખ્યું અંગનદેવ. નોકર અનઘકનો જીવ એજ નગરમાં સોમ સાર્થવાહની નંદીમતિ પત્નીનો ધનદેવ નામે પુત્ર થયો.

ધર્મ પ્રાપ્તિ : આપકમાઇ : — અંગનદેવ અને ધનદેવની બાલ્યકાળથી મિત્રતા બંધાઈ. પણ ધનદેવની મિત્રતા ઠગાઇભરી. કેમકે જેવું વાવ્યું તેવું લણવાનું ! જેવાં દીધાં તેવાં લેવાનાં ! નરસા સંસ્કારોનું વાવેતર કર્યું એટલે એનાં ફળમાં નીચ ભાવના મળે, બંનેની મિત્રતામાં આકાશપાતાળનો ફરક છે. એકની સરળતાની મિત્રતા છે. બીજાની માયાની ! તેવામાં અનંગદેવને દેવસેન ગુરુસહારાજ મળી ગયા. ગુરુમહારાજે સર્વજ્ઞભાષિત જૈનધર્મનો ધર્મ સમજાવ્યો અનંગદેવને

તે ખૂબ ગમી ગયેા. ગમે જ ને ? પૂર્વ ભવેાની ધર્મ–સાધનાની મહેનત ચાલુ છે.એણે ધર્મ સ્વીકાર્યેા.

એકવાર એ વિચારે છે કે "પિતાજી પાસે ધનમાલ તેા ઘણેા છે, પણ એમાં આપણને શું ? બાપકમાઇ ખાવામાં તેા હીણપત છે. માટે આપકમાઈ કરવા પરદેશ જઇએ." એ વિચાર પિતાજીને જણાવ્યેા. મા બાપે ન જવા ઘણેા સમજાવ્યેા પણ આને તેા જવું જ હતું પરદેશ, તેથી છેવટે રજા મળી. એ કાળે આપકપાઈની લાલસા પણ પછીથી મેાટા પરેાપકાર કરવા માટે રહેતી, નહિ કે માત્ર રંગરાગના સ્વાર્થ પૂરવા,–આ એક વિશેષતા યાદ રાખવા જેવી છે.

ધનદેવની ઠગબુદ્ધિ:—બંને મિત્રેા રત્નદ્વીપે જવા નીકળ્યા; અને પહેાંચી પણ ગયા. ખૂબ રત્નેા કમાયા, અને સારી કમાઈ કરીને પાછા વળે છે. ત્યાં એક નગર આગળ મુકામ કર્યેા. પરંતુ ધનદેવનું ચિત્ત કલુષિત છે, ત્યાં સારી વિચારણા લાવવી કયાંથી ? માત્ર નરસી જ વિચારણા, અને અને કષાયભાવ જ સૂઝે છે. મનમાં સંકલ્પ જાગ્યેા કે "કમાણી ઘણી થઇ છે. એમાંથી આમ તેા આપણને બહુ તેા અડધેા ભાગ મળે. પરંતુ બાકીનેા અડધેા ભાગ પણ કયાં ઓછેા છે? શું એ મિત્ર લઇ જાય ? ના, ના, શાનેા લઇ જાય ? એને તેા હું મારી જ નાખું !" સીધી મારવાની જ વિચારણા ! આશ્ચર્ય કરશેા નહિ.

એ બિચારેા તેા જૈનશાસન સુધી આવેલેા નથી, એટલે આ વિચારણા કરે છે. પણ આપણે તેા જૈનશાસનમાં આવી ગયા છીએ ને ? તેા જે નહિ કરવા જેવી વિચારણાઓ,

તે મનમાં નથી જ ઊઠતી ને? બોલો ઊઠે છે કે નહિ? સામો ભૂલ કરે છે ત્યારે તેની ભૂલ પર ઝટ નજર જાય છે. તો, આપણી જાત માટે તો પરમાત્મા, સદ્‌ગુરુ અને ધર્મનો સંયોગ પામ્યા છીએ, તેને છાજતું જ કરીએ છીએ ને? પૂર્વના શ્રાવકો જેવું જીવન છે ને? ભૂલતા નહિ સામાની ભૂલો જોઈ જોઈને તો કાળના કાળ વીતી ગયા! હવે ય જોવાનું બંધ નહિ? એ અવળી ચર્યાથી આત્માને કંઈ લાભ તો ન થયો પરંતુ મહાનુકસાન થયાં તો હવે એવું દોષ-દર્શન બંધ કરો. આ જીવતો અધમ બની ગયો છે. અજ્ઞાનતાના અંધાપામાં કંઈ દેખાતું નથી કે પૂર્વજીવનમાં કેવા પાપ કરી કેવાં ભયંકર ફળ ભોગવ્યાં છે! વિચારે છે "બસ, અનંગદેવને રત્નો લઈ જવા દઉં નહિ, અને આમેય એ મને ગમતો નથી, જરાયે રુચતો નથી. પછી ભલેને એ મરતો." મિત્ર મહાગુણિયલ છે; પણ આ મહાઅકર્મી છે, ગધેડાને સાકર ન ભાવે, તેમ આને ગુણિયલ એવો પણ મિત્ર ગમતો નથી.

બધું ઊજળું ગમે, મન નહિ!! એ શું :—હવે આંગળ પાપવિચારણામાં ચઢયો, "આમ તો કોઈ મારવાનો ઉપાય દેખાતો નથી, પણ કોઈને ખબર ન પડે તે રીતે મારવો જોઈએ ...પરંતુ હા....આ રીત ઠીક છે...." એમ કરીને એક યોજના ઘડી કાઢી. યોજના સફળ થશે કે કેમ તે નિશ્ચિત નથી. પણ યોજનામાં મન બગડવાનું નિશ્ચિત છે.

નવરા મનનો ઉપયોગ આવો જ ને કે દુનિયાદારીની જ વિચારણાઓ, કે જેમાં કંઈ માલ ન હોય? સારામાં સારી

ધર્મસાધનામાં જોડાયા હોઈએ, ત્યાં પણ મનનો દોર કેવો છૂટો ? પરમાત્માના ચરણની સેવા કરવાના સંયોગ મળ્યા, ત્યાં તો એ ઉત્તમ આલંબન પામીને મનને મહા ઉજ્વલ કરી શકીએ ને ? પણ ક્યાં છે એ કરવાનું ? માણસને કાયા મેલી નથી ગમતી ; તરત સાફ કરવાનું મન થાય છે. કપડાં મેલાં નથી ગમતાં; ધોઈ સાફ બાસ્તા જેવું કરવાનું લક્ષ રહે છે. તો મન કેમ મેલું ગમે છે ? બીજું બધું ઊજળું ગમે, અને મન–આત્મા મેલાં ચાલે, એ શું ! ! એ કઈ સાવધાની ! પ્રભુની પૂજા વખતે મન ચોકખું કરવાની મહાન સગવડ છતાં મનના મેલની કેટલી બધી નચિંતતા કે જો દૃષ્ટિ બીજે ગઈ તો બલાસ ! આંગળી નવ અંગે ફરી જાય તે માફ, બાકી મનની ગડમથલ જુદી જ ચાલતી હોય ! પછી મન ઠેકાણે રહે કયાંથી ? મનને ઠેકાણે લાવવની જ્ઞાનીઓએ બતાવેલી યોજનાઓમાં પણ સ્થિર વિચાર ને પુરુષાર્થ નહિ ત્યાં શું થાય ?

મનમાં સ્થિરતા લાવવા માટે અસ્થિરતા મૂકવી પડે. એ સમજવું જોઈએ કે " કીમતી મન મારી પાસે, તો શું એનાથી ઊંચામાં ઊંચી વિચારણાઓ કરવાની ? કે તુચ્છ સાંસારિક વિચારણાઓ કરવાની ? મન જો હલકટ વિચાર કરનારું, એટલે તો પછી વાણી પણ એવી જ ! તો ઊભો રહે, શું મારી પાસે માલવાળી વિચારણાઓ ખૂટી ગઈ છે કે આવી ખોટી જળોજથા ચૂંથું ?" ખોટી વિચારણાથી મન થાકે. એને નિદ્રા પણ વધુ જોઇએ. વળી એક નવકારની પણ સ્થિરતા ન રહે. એટલે કે મન ફજુલ વિચારોથી બહુ જ નિર્બળ,

અસાર અને અસ્થિર બની જાય છે. માટેજ ધર્મક્રિયા સિવાયમાં પણ મન મુફલીસ વિચારણામાં ન ભટકે તે જોવાનું.

ધનદેવનો દુષ્ટ વિચાર : કેટલા તરંગ નિષ્ફળ ? :—

ધનદેવ અશુભ પૂર્વકર્મનો અભ્યાસ અને આ જીવનની હલકટ મનોવૃત્તિઓથી વિચારે છે, "એને ભોજનમાં ઝેર આપી દેવું. આપણે તો બે કામ થઈ જશે. આ દુશ્મનરૂપ લાગે છે તે ટળશે. અને પૈસા હાથમાં લાગી જશે." શું છે આ ? ફરીથી ભવભ્રમણની તૈયારીઓ ! નગર આગળ પડાવ નાખ્યો. એટલે ધનદેવ કહે છે, "હું ભોજનની તૈયારીઓ કરી આવું." એમ કહીને ગયો. ભોજન તૈયાર કરાવ્યું. એક લાડુમાં ઝેર ભેળવી દીધું. "બસ જઈને લાડુ ખવરાવી દઉં, કે કામ પતી જાય." તરંગી માણસને તરંગની લિમિટ (મર્યાદા) નથી હોતી એ શેખચલ્લીના તરંગ ! લાડુ લઈને આવે છે, ત્યાં વિચારે છે કે "બસ, હું એવો અજાણ્યો બનીને હવે આ લાડુ ખવરાવી દઉં કે મિલ્કત આપણા હાથમાં. પરદેશમાં કોણ પૂછનાર છે કે આ કેમ મર્યો ? અને આ પૈસા તો એટલા બધા છે કે આમાં તો ન્યાલ જ થઈ જવાનું છે! આવા આવા તરંગમાં બે લાડુ લઈને આવ્યો ખરો, પરંતુ એ ભાન ભૂલી ગયો કે કયો લાડુ ઝેરવાળો છે અને કયો લાડુ ઝેર વગરનો છે, પાપકર્મના ઉદય જ્યારે આવી લાગે છે ત્યારે એકબાજુ તો કુમતિથી એ ચમરબંધી ચક્રવર્તી જેવાને પણ એક રાંક જેવો ગણે છે; પણ બીજી બાજુ એ પાપોદય જાણે કહે છે, "કર્યે જા, કર્યે જા તું તરંગ; બધા તરંગની નીચેની એક ઇંટ ખેંચી લઉં કે બધા તરંગ તારા

કડડભૂસ કરી દઉં !" દિવસમાં તરંગ કેટલા ઊઠે ને કેટલા ફેઇલ (નિષ્ફળ) જાય છે? ઘણાને? કે એવો કોઈ નિષ્ફળ તરંગ મનમાં આવતો જ નથી?

ઉન્નતિ અને ઉજ્જવલતાની ચાવીઓ:—

જીવનની જે ઉજ્જવલતા ગણાય અને જે ઉન્નતિ ગણાય તે ક્યારે બને? કે જ્યારે,

૧. જીવન તરંગી ન બનાવાય તો.

૨. હલકી ભાવનાઓને સ્થાન ન અપાય તો.

૩. અપ્રાપ્તની તૃષ્ણા ને પ્રાપ્તની મમતા ઓછી થતી જાય તો.

૪. ખોટા સંકલ્પ-વિકલ્પ જે મન કરે છે તેના પર કાબુ રહે તો.

૫. બધી વિચારણાઓ સાત્વિક અને પદ્ધતિસરની કરવા માટે પૂરી જાગૃતિ હોય તો.

અનંગદેવ માટેનું ઝેર ધનદેવને :—ધનદેવ અનેક વિકલ્પોમાં ચઢ્યો. એક ઊભી કરેલી ખોટી તૃષ્ણા કેટકેટલાં પાપ ઊભાં કરે છે! જેને ચિત્ત નિર્મળ રાખવાની ઈચ્છા હોય, તેણે જગતના પદાર્થોની અન્યાયી અનુગતી લાલસાથી દૂર રહેવું જોઈએ. જ્યારે આ દુષ્ટ ધનદેવ તો ક્યાં સુધીની પાપ વિચારણામાં ચઢ્યો? "આ અનંગદેવને ઝેર આપી દઉં...." માત્ર વિચારણા કરીને અટક્યો નહિ પણ ઝેરવાળો લાડવો લઈને આવ્યો. મનમાં સંકલ્પ છે કે આ લાડવો એને આપી દઈશ પણ તરંગમાં એ ભૂલી

ગયો કે બેમાંથી કયો લાડવો ઝેરવાળો છે. એ તો આવીને સીધો હોંશે હોંશે અનંગદેવને ઝેર વગરનો લાડવો પોતે લઈને હોંશે હોંશે ખાવા બેઠો ! પછી હોંશે હોંશે ઝેર મારે ને ? મનમાં શું હતું ? "બચ્ચા, ખાને લાડવો, હમણાં તને ખબર પડી જાય છે. તું ધન શાનો લઈ જાય ? આજે ઠીક ઘાટમાં આવ્યો છે. ખાઈ લે ! બસ, પછી મોટી રત્નોની કમાણીના બંદા માલીક થઇ જવાના ! ..." તરંગ પર તરંગ ચાલ્યા. ખબર નથી કે આ તરંગનો વિપરીત ભોગ હું જ બનવાનો છું !

દુર્જનોની દુર્જનતા સામે સજ્જનોના પુણ્યકામ ન કરતા હોય તો તો દુર્જનોનું સામ્રાજ્ય આવે ને ? પુણ્ય એક એવી અટલ સત્તા છે કે સામેની ભલભલા ચમરબંધી પોલીસીબંધ આક્રમક યોજનાઓ પણ રદબાતલ થઇ જાય ! ત્યાં પેલાને નીપજતું કાંઈ નથી, અને પોલીસી વગેરેનું પાપ માથે ચઢે છે. ધનદેવ તરંગમાં ચઢી ક્યાં સુધી પહોંચ્યો ? તો કે પોતાના લાડુનું ઝેર પોતાને જ અંદર પરિણામ પામી ગયું ત્યાં સુધી ! વિષની ઉગ્રતાથી એને ચક્કર આવવા લાગ્યા, દુનિયા ભમતી લાગી, નસો તણાવા માંડી. ત્યાં થોડી જ વારમાં એ નીચે પટકાઈ પડ્યો. મૂર્છિત જેવો થઈ ગયો. ખબર પડી ગઈ કે ઝેરનો લાડવો પોતાને જ ખાવાનો આવ્યો ! પરંતુ હવે બાજી હાથમાં નહોતી, ઝેરની અસર આરપાર પહોંચી ગઈ. પૂરો બેભાન થઇ ગયો. અહીં અવધિજ્ઞાની મહર્ષિ પોતાના અનંગદેવ તરીકેના ભવની હકીકત કહે છે કે 'ધનદેવની આ સ્થિતિ જોઇ હું

(અનંગદેવ) તો હેબતાઈ જ ગયો ! "આ મરવા પડ્યો ? ભોજન તો અમે બંનેએ હમણાં જ કર્યું ! એટલામાં આને આ શું થઈ ગયું ? હવે મારે શું કરવું ?" એમ વિચાર કરું છું ત્યાં તો ધનદેવ તીક્ષ્ણ ઝેરની કારમી વેદનાથી મરી ગયો.

શલ્યનો ઉદ્ધાર એક મહાન કાર્ય !:—જોવાની ખૂબી એટલી જ છે કે હવે પોતાને સમજાઈ જવું જોઈએ કે "ઝેર અનંગદેવને ખવરાવવાનું કર્યું, તે ઝેરે મારા જ પ્રાણ લીધા. અહા ! કેવી ખરાબ ભૂલ મેં કરી ? વળી એનું ફળ પણ મેં તત્કાળ ભોગવ્યું ! કેવો હું અધમાધમ ! લાવ. હવે ઠગાઈ છોડી દઉં....મારા દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ કરી લઉં. ...."આવો કોઈ વિચાર ધનદેવને નથી. એટલે જ શાસ્ત્ર કહે છે– "હૃદયમાં પડેલાં પાપશલ્યોનો ઉદ્ધાર કરવો ઘણો જ કઠીન છે." શ્રી મહાનિશીથસૂત્રમાં શલ્યોદ્ધારનું એટલું બધું વિવેચન કર્યું છે કે એકજ જીવનમાંય શલ્ય કેટલાયે સેંકડો હજારો વર્ષો સુધી નડ્યા કરે છે. પછી એ અનેક જીવનો સુધી ભયંકર દુર્દશા સર્જે છે. તે ઉપરથી આત્માએ સમજવું જોઈએ કે આ જીવનમાં એ તત્ત્વની સમજ મળી છે, તો શલ્યનો ઉદ્ધાર કરી લેવો ખાસ જરૂરી છે. અનાદિની અજ્ઞાન વિટંબણામાં જીવે કેવાં કેવાં પાપ સેવ્યાં હશે તે કરપી લઈ આ જીવનને નિષ્પાપ બનાવવાનો પુરુષાર્થ કરવો જોઈએ. અહીંયા મળેલી અનુપમ જિનવાણીમાં ખૂબ જ સરળતાપૂર્વક તત્ત્વની ઓળખ પ્રાપ્ત થાય છે. જો પાપને ઓળખવાનું મળે છે, તો જ પાપથી પાછા હટવું સહેલું

છે. ઓળખ નહિ ત્યાં શું થઈ શકે? આની સ્થિતિ ઓળખની શકયતા સામે પાપવૃદ્ધિની છે. પૂર્વના ભવમાં સિંહે ફાડી ખાધો છતાં સદ્‌બુદ્ધિ જાગી નહિ. પાપબુદ્ધિ મૂકવી મુશ્કેલ છે! એજ જીવનમાં કરેલાં દુષ્કૃત્યોનો–વિશ્વાસઘાતનો –ચોરીનો, અને અન્નદાતા શેઠ જેવા પંચેન્દ્રિય મહાત્મા માનવને કૂવામાં ધકેલવાનો ભયંકર કિમિયો કર્યો. તેનું આ ફળ કેમ ન હોય કે હજી પણ પાપની ઓળખ નહિ! અહીં પણ ઝેરથી મરે છે છતાં પણ દુર્બુદ્ધિનું મૃત્યુ નહિ! આયુષ્યનો અંત ખરો પણ પ્રપંચનો નહિ! કેવી કમનસીબી!

૧૦ : દેવ : નારક

રુદ્રદેવના ભવથી ભવે ભવે મારવાની બુદ્ધિ સમાન, અને મારવાનું કાર્ય પણ એક સરખું દેખાય છે. તો સજ્ઝમાં ફરક કેમ?

ધનદેવ મરીને 'પંકપ્રભા' નામની પૃથ્વીમાં નવ સાગરોપમના આયુષ્યવાળા નારક–જીવ તરીકે ઉત્પન્ન થયો. વધુને વધુ નીચી નરક કયારે સંભવે? દુર્બુદ્ધિની ઉગ્રતા વધુને વધુ વધતી જાય ત્યારે જ ને? દેખાવામાં તે માત્ર દેખાય કે બધે "આને મારૂં," આટલી બુદ્ધિ કરી. પરંતુ તેમાં એક વખતે પહેલી નરકમાં, બીજી વખત બીજીમાં, અને આ વખતે ચોથી નરકમાં ગયો! મારવાનો વિચાર બધે સરખો છે પણ નરક તો વધતી જાય છે! તો પ્રશ્ન થાય છે કે મારવાની જે બુદ્ધિ કરી એ બુદ્ધિમાં શો ફરક પડી ગયો કે સજ્ઝમાં ફેરફાર થતાં, નીચી નીચી નરક સાધે છે? હા,

એ વાત નક્કી છે કે દુર્બુદ્ધિ સમાન હોય તો ફળ સમાન આવીને ઊભું રહે. દા. ત. ચાકુનો ઘા એક સરખો થતો હોય તો એક પ્રહારે જે છેદ થયો, તેવો છેદ બીજા પ્રહારે પણ થાય. પરંતુ બીજો ઘા જો ઊંડો પડયો છે, તો સમજવું પડે કે પ્રહાર ભારે હોવો જોઇએ. તેમ અહિંયાં નરક મોટી મોટી થાય છે, તો દુર્બુદ્ધિ જરૂર વધુ ઉગ્ર હોવી જોઇએ.

પાપના અભ્યાસથી દુર્બુદ્ધિ ઉગ્ર :—

દુર્બુદ્ધિને ઉગ્ર બનાવનાર છે પાપનો અભ્યાસ. જે પાપનો અભ્યાસ વધારે થવા માંડે, તેના માટેની દુર્બુદ્ધિ—માનસિક ખોટી લાગણી—વધુ ઉગ્ર બનતી જાય છે. રુદ્રદેવનો જીવ મારવાની કાર્યવાહી લેતો આવે છે ! તો એ અંગેની બુદ્ધિ, બગડતી આવે છે ! પ્રપંચ ખેલવાનો અભ્યાસ કરતો આવે છે, તેથી પ્રપંચની દુર્બુદ્ધિ વધતી આવે છે. આ સમજી રાખો કે હિંસા, જૂઠ, માયા, અનીતિ, કામ, લોભ ઇત્યાદિનો જેમ જેમ અભ્યાસ વધે, તદનુસાર દુર્બુદ્ધિ અંદરમાં વધારે વિકસવાની. માટે જ સમકિતી જીવ સંસારથી ગભરાતો હોય કે "જેમ જેમ હું આ સંસારનો વધારે અભ્યાસ કરીશ, તેમ તેમ મારી દુર્બુદ્ધિ વધારે પ્રબળ થતી જશે." કહોને સંસારમાં તમારે શાનો અભ્યાસ વધારે છે ? દુકાને જઇને સામાયિકની ભાવના જ ઝુકાવે રાખો છો ને ? અને બૈરાઓ તો ઘરના કામકાજમાં જીવરક્ષાની પૂંજણીઓ જ લઇને ફરતી હશે ને ? જીવનમાં જેમ જેમ દિવસો પસાર થાય છે, તેમ તેમ પાપનો અભ્યાસ વધે છે કે ઘટે છે ? એક પાપને અનેકવાર સેવવું તે તેનો અભ્યાસ ! આ અભ્યાસથી અંદરની

દુર્બુદ્ધિ જોરદાર થવાની. કદાચ તેનો જોશ ખરેખરો અહીં નહિ દેખાય પણ ભવાંતરમાં એ જોરદાર દેખાશે.

એટલા માટે સમકિતી અહર્નિશ ઝંખે છે "હે પ્રભુ! આ પાપના અભ્યાસથી ક્યારે છૂટો થાઉં?" અરે પાપના અભ્યાસનો ભય તો ખરો જ, પણ એના સાધનભૂત પાપનાં અધિકરણ જે ઘરવખરો સુદ્ધાં, તેનો ય ભય હોય છે. આ જીવનમાં ચારિત્ર લેવાની ભાવના રાખી હોય પણ જ્યાં સુધી અધિકરણોના ઉપયોગથી પાપનો અભ્યાસ ચાલુ છે, ત્યાં સુધી તે ચારિત્રની ભાવના માટે ઉપકારી નથી જ. કોઇ રાખ્યા હોય કે, "મોટા થઈને ખૂબ ચારિત્ર પાળી લઇશું." પણ ચાલુ જીવનમાં આરંભસમારંભ, પરિગ્રહ, સ્વ કે પરના વિષય-સુખની કાળજી, ક્રોધાદિ લાગણીઓ વગેરેના અભ્યાસ પેલા કોડને કોડમાંજ રાખે છે. "પર્યુષણાં ગયા તો હવે ખૂબ ખાઇ પી લઈએ! વળી નવાં પજ્જુસણમાં તપનું જોઇશું." આમ કરીને જેમ જેમ પાપના રુચિપૂર્વકના અભ્યાસ વધે છે, તેમ તેમ મલિન લાગણીઓ વધવાની. માટે ભાવનાઓ એવી જાગવી જોઈએ કે જીવનમાંથી પાપ સદંતર નીકળી જાય.

વિકથામાં વિનાશ! :—આ અવધિજ્ઞાની મહર્ષિના જીવન ચરિત્રમાં દુશ્મન રુદ્રદેવના ભવોમાં આ વાત બરાબર જોવા મળે છે. દુર્બુદ્ધિ અને બરાબ લાગણીઓ વધુ ને વધુ ઉગ્ર બનતી જાય છે એ નિશ્ચિત છે. કેમકે એને વધુ વધુ ઘોર નરકો ઘસડનારી થાય છે. તો એ પરથી આપણે આપણા જીવનમાં પહેલી તકે આ કરવા જેવું છે કે, જ્યાં સુધી

બધાં પાપ ન છોડી શકીયે ત્યાં સુધી ય બિનજરૂરી પાપો તો નીકળી જ જવાં જોઈએ દા. ત. નવરા પડયા તો મનને જે થાય છે કે લાવ ૧–૨ કલાક ગામગપાટા મારી આવું ત્યાં બરી રીતે તેમ થવું જોઇએ કે આ વિકથાનાં પાપ એવાં રસવાળાં હોય છે કે એથી દુર્બુદ્ધિની ઉગ્રતા વધે છે; કુમતિનું જોર વધે છે. એમાંથી આત્મવિનાસ સર્જાય છે. નિંદા– કુથલી કરવામાં હૈયે સુમતિ નથી, કુમતિ છે. એ પ્રવૃત્તિ ચાલુ રાખવામાં કુમતિનું જોર વધે છે. પછી ભલે આપણે કસાઈનું કામ હાથેથી ન કર્યું, પણ વાત–ચીતમાં એ પ્રસંગ લઈ આવ્યા કે 'સામ્યવાદીઓ આવા હતા, ને અમેરિકાએ એનો બરાબર ખોડો કાઢી નાખ્યો !'–આ પાપકથા છે. વાત શી કરી? "સામ્યવાદીઓ જોરમાં ઊઠયા હતા પણ અમેરીકાએ ઠીક ખોડો કાઢી નાખ્યો" ઠીક ખોડો એટલે ? અમેરિકાએ જે કતલ કરી નાખી તે બરાબર થઈ ગયું ! શું નીકળ્યું આમાંથી ? જાતે કતલ ન કરી, પણ કતલને સારી માની ! એટલે 'મનુષ્યની કતલ તે ભયંકર બુરી ચીજ છે,–એ જાતની દયાની લાગણીનું ખૂન થઈ ગયું ! બિચારા જીવમાત્ર સુખને ચાહે છે એને દુઃખ ન આવો. –આ દયાની ભાવના મરી પરવારી અંતરમાં હિંસાની કુમતિ વધી. આજે એવા સુકુળમાં જન્મ્યો છે કે એ કાયાથી હિંસા નહિ કરે પણ આ વિકથામાં જ એવું આયુષ્ય બાંધી લેશે કે એ મનુષ્ય જાણે નોટીસ આપી દેશે કે "જાઓ, અહીંયાં જે હિંસાની મતિ કેળવી છે તેને નરકાદિમાં વિકસાવો !"

અનંગદેવ ઘર તરફ :—નિંદા–વિકથા બિનજરૂરી

પાપ છે. તેને વહેલી તકે દૂર કરવાની જરૂર છે. કેમકે એમાં કુમતિનું જોર વધે છે. એ કયાં સુધી લઈ જાય ? ભવાંતરમાં એવો ભવ આપી દે કે જ્યાં દયાનું નામ-નિશાન નહિ ! બિલાડીનું મોઢું એજ શસ્ત્ર ! એનો અવતાર એટલે ક્રૂતાનો જ અવતાર ! પૂર્વે વધારેલી કુમતિનું એ ફળ છે. પાપના અભ્યાસથી કુમતિનું જોર વધે છે. તે જાણી પાપનાં અભ્યાસ ઓછાં કરવા માટે બધાં બિનજરૂરી પાપોને દેશવટો દઈ દેવો જોઈએ. ધનદેવને પાપનો અભ્યાસ પૂર્વેના ભાવોથી વધતો ચાલે છે. એટલે આ ભવમાથી ગયો ચોથી નરકના ભવમાં ! અનંગદેવ સજ્જન છે. તો એને મિત્રને મરેલો જોઈ ભારે દુઃખ થયું ! કારણની ખબર નથી. અહાહાહા ! આ મિત્રને શું થઇ ગયું ? અરેરે, આવો સારો મિત્ર મરી ગયો ? પાયખાનું પોતાની દુર્ગંધ ગમે તેટલી ફેલાવે પણ પાસેનાં મોગરાનાં ફૂલ પોતાની સુવાસ નહિ મૂકે એમ આ સજ્જન અનંગદેવ પોતાની સજ્જનતાની સુવાસ નથી મૂકી દેતો, ભલે ધનદેવ તો ગમે તેવો હતો. એનું મૃતકાર્ય કરી ઉદ્વિગ્ન દિલે એ પોતાને નગર પાછો આવ્યો. આવીને ધનદેવના કુટુંબીઓને કહે છે, "મિત્ર તો મરી ગયો, પરંતુ એનો આ હિસ્સો તમે લ્યો, એય એના હિસ્સા કરતાં પણ અધિક લ્યો." એમ કહી ઘણું ધન એના કુટુંબીઓને આપ્યું અને પોતાની પાસે વધેલાં રત્નો સન્માર્ગે ખર્ચી નાખ્યા.

ધનદેવના મૃત્યુ ઉપર અનંગદેવની વૈરાગ્ય ભાવના:—

આપકમાઈ શા માટે કરવાની ? આવા દાનના પરાક્રમ કરવા માટે ! પૂર્વે એની હોડ ચાલતી હતી કે "હું કલાણા

કરતાં વધુ દાન આપું.” ‘એની પાસે બંગલો છે, તેવો હું બાંધું’–એમ નહિ, પણ ‘પરમાર્થ વધુ કરું, એમ હોડ કરે. અનંગદેવે કમાઇ લાવેલાં રત્નો સન્માર્ગે ખર્ચી નાખ્યાં એટલેાજ પરમાર્થ નહિ, પણ ખરૂં તો મિત્રનો આવો કરુણ પ્રસંગ જોઈ વિચારે છે “ મિત્રે મારી સાથે બધી ધાંધલ આપ કમાઈ માટે કરી, ને પૈસા કયાં રહ્યા ! અને એ કયાં ગયેા ? એને અંતે શું મળ્યું ? કેવળ પાપનાં સ્થાનક સેવીને પાપકમાઈ! ” દુનિયાની બધી ધાંધલ કર્યાનું પરિણામ શું ? માલ બીજા ખાય ! ને માર તમે ખાઓ ! એજ કે બીજું કાંઇ ?

કરે તેજ ભરે:—જાતે જેટલી અઢાર પાપસ્થાનકની ધાંધલ કરવામાં આવે છે, તેટલો પોતાનાજ માથે ભાર વધે છે. ‘કરે તે ભરે,–આ દુનિયામાં દેખાય જ છે. મિત્રની જે પૈસા પર આવી સ્થિતિ થઇ તેવા પૈસાને શું કરવાના ? સન્માર્ગે જોડી દો ! પાપસ્થાનક સેવીને, નવાં પાપ ઉપાર્જી, તથા વટાવાતાં પૂર્વપુણ્ય ખુટાડી પૈસા લઇ આવ્યા; અને પાછા એ પૈસાને પાપમય સંસારમાં જોડયા ! ! એટલે પાપની સીમા રહેવાની ? પુણ્ય ઉદયમાં આવી સિલિકમાંથી ખૂટવા તૈયાર હોય તોજ પૈસા મલે. તેવા પૈસા પાછા સંસારમાર્ગે ખર્ચાય એટલે નવા પુણ્ય વધવાને બદલે પાપના સ્ટોક વધવાના.

અનંગદેવે પૈસાની બાજી જોઈ લીધી, સન્માર્ગે પૈસા જોડી દીધા; અને મિત્રના મૃત્યુ પ્રસંગથી પોતે બાકીના સંસારના સુખ પ્રત્યે પણ દુર્ભાવવાળો બની ગયેા. શું ? મિત્રના થયેલા અકસ્માત્ મૃત્યુથી પોતાના ચિત્ત પર વિરાગની એટલી

બધી ઊંડી અસર થઈ ગઈ કે કમાઈ લાવેલાં રત્નો ઉપર મૂર્ચ્છા જાગી નહિ અને સમસ્ત સંસાર સુખો પર પ્રીતિ પણ રહી નહિ ! આ બેય વસ્તુ જીવનમાં થવી દુર્લભ છે. રત્નો પરથી મૂર્ચ્છા ટાળીને પિતાના ઘરનાં બાકીનાં સુખોને પણ નકારવા માટે સાત્ત્વિકતા જોઈએ. અનંગદેવનો ત્યાં ભાગ્યનો સિતારો ચમકયો અને દેવસેન નામના આચાર્ય મહારાજ પધારતાં એ સંસાર ત્યજી અણગાર બની ગયા !

દારૂની બોળખમાં દારૂથી દૂર રહેવું જોઈએ:— મોક્ષ તરફની નિકટતા કેમ સધાય ? સંસારમાં બનતી ઘટનાઓ પરથી વસ્તુના પરમાર્થનો તાગ કઢાય. વસ્તુતત્ત્વની ઓળખાણ થાય અને એને અનુરૂપ જીવન બનાવાય તો નિકટતા થાય. ધારો કે આપણે જોયું તો બરૂં કે "આ માણસ દારૂ ઢીંચીને પીઠામાંથી નીકળ્યો, અને બહાર આવી કપડાં દૂર ફગાવી દઈ નાગો થઇ નાચવા માંડયો ! ને પછી પડયો ગટરમાં !" આ નજરે જોયું, ને પછી જો આપણે દારૂના પીઠામાં પેસીએ અને દારૂની બે બાટલીઓ મંગાવી લગાવીએ, તો દારૂના સ્વરૂપને શું ઓળખ્યું ? તત્ત્વના સ્વરૂપને શું પિછાણ્યું ? જોયું-પિછાણ્યું તો એ કહેવાય કે " દારૂ પીધા પછી આવા ભયંકર હાલ થાય છે, તો ન જોઈએ એ મારા જીવનમાં" આ સ્વરૂપ સમજીને એવા સ્થળેથી ચાલતો થઈ બનય તો વસ્તુસ્વરૂપ સમજ્યો ગણાય. બસ, અનંગદેવે તે જોઈ લીધું. મોહના અને સંસાર પ્રપંચના નશાથી જીવની કેવી કફોડી સ્થિતિ થાય છે ? માટે મૂકી દઉં એને !, ચારિત્ર લઈ સારી રીતે પાળ્યું, અંતિમ અનશન કરી દસમા દેવલોકમાં ઓગ-

ણીસ સાગરોપમવાળા દેવ થયા.

અનંગદેવ સ્વર્ગે :—અહીં પણ ખૂબી જોવાની છે. જેમ પેલા જીવને પાપનો વધુ ને વધુ અભ્યાસ એ દુર્બુદ્ધિ વધુ મલિન બનાવી એને નીચે નીચી દુર્ગતિમાં મોકલે છે, તેમ આને ધર્મનો અભ્યાસ સદ્‌બુદ્ધિનું જોસ વધુને વધુ ઊંચા ઊંચા દેવલોકમાં પહોંચાડે છે ! પછી આ વસ્તુ પણ સહજરૂપે બને છે કે જગતમાં એકજ એવો પ્રસંગ જોઈ હિતનો માર્ગ પકડી લેવાય ! પૂર્વે જીવનના ચાલી આવતા સુંદર સંસ્કારથી ત્યાગ સહજપણે ગમે છે ! આજે આપણને જો આહાર છોડી તપ કરવા, અને ભોગ છોડી ત્યાગ કરવા માટે જોર કરવું પડતું હોય, મનને પરાણે મનાવવું પડતું હોય, તો તેનું મુખ્ય કારણ, પૂર્વજીવનોનો તેવો અભ્યાસ નથી, તે છે. પૂર્વજીવનોમાં આત્મગુણોનો અભ્યાસ સુંદર થઈ જાય તો પછીના જીવનમાં તે વસ્તુ સરળ બની જાય છે. ત્યાગ–બ્રહ્મચર્ય–દાન–શીલ–ને તપ બધું સહજ. એવા પણ આ દુનિયામાં માણસો છે કે જે દાનશીલ, ત્યાગવ્રત વગેરે નિયમોને હૃદયના આંચકા વિના–મન પર કંટ્રોલ મૂક્યા વગર–સહેજે કરી શકે છે. કદાચ આપણે એ અભ્યાસ કરીયે તો ઉત્તર જીવનમાં સહજભાવે ધર્મની પ્રાપ્તિ થાય તેમ છે, પરંતુ ખૂબ હૃદયના આનંદ સાથે એ ધર્મનો અભ્યાસ કરતા જઈએ તો સારોય સુખમય સંસાર છોડતાં જરાય જોર કરવું પડતું નથી ! સમજી લ્યો કે જીવન આપણે જે રીતે જીવવું હોય તે રીતે જીવી શકાય છે. અનંગદેવનું મન સહજરૂપે એ માર્ગે લાગી જાય છે. છેવટે અનશન કરી

દેહનો ત્યાગ કરતાંય પણ વીર્યોલ્લાસ અપૂર્વ છે. તો મરીને દશમા દેવલોક પહોંચી ગયા.

૧૧ વીરદેવ—દ્રોણક

જંબુદ્વીપમાં ઐરવતક્ષેત્રમાં હસ્તિનાપુર નગરમાં હરિનંદિ ગૃહસ્થની લક્ષ્મીમતી ભાર્યાની કુક્ષીએ અનંગદેવનો જીવ દેવભવમાંથી ચ્યવી વીરદેવ તરીકે જન્મ્યો.

ધનદેવ ચોથી નરકમાં ગયો છે. તે નવ સાગરોપમના આયુષ્યમાં ક્રૂર રીતે કપાવા છેદાવા વગેરેની ઘોર પીડાઓ વેઠી, ત્યાંથી નીકળી સર્પ થયો. અનેક જીવોને મારી-મારીને ઘોર પાપથી પોતાના પિંડને પોષે છે! હવે કહો, પરિણામ કયાંથી સારૂં આવે? વનમાં ફરતો કોઈ જીવોનો ઘાત કરે છે ત્યાં અચાનક એકવાર દાવાનળમાં ફસાઈ ગયો, તેમાં બળીને મર્યો પણ દુર્બુદ્ધિ મરતી નથી કુદરત જાણે કહે છે કે "તું ગમે તે રીતે મર, ઝેર ખાઈને મર, કે કપાઈને મર! પણ રુદ્રદેવના ભવથી કમાઈ લાવેલી દુર્બુદ્ધિ તને છોડવાની નથી!" તે એના પાપે મરીને પાછો એજ ચોથી નરકમાં પહોંચ્યો. કંઈક ન્યૂન એવા દસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, ત્યાંથી નીકળી, એણે અનેક તિર્યંચના ભવ કર્યા; અને પાછો વીરદેવ જ્યાં જન્મ પામ્યો છે, તેજ હસ્તિનાપુર નગરમાં મનુષ્યનો અવતાર પામ્યો. જુઓ ભવિતવ્યતા! વૃદ્ધ ઈન્દ્રશેઠની નંદીમતી પત્નીનો દ્રોણક નામે પુત્ર થયો.

પ્રીતિ-કપટ :—એક બાજુ વીરદેવ અને બીજી બાજુ

દ્રોણુક,–બંને ઊછરવા માંડયા ! કળાઓ શીખ્યા. બને વચ્ચે પ્રીતિ થઈ પણ વીરદેવની પ્રીતિ સાચી અને દ્રોણુકની પ્રીતિ કપટભાવની ! એવામાં એક વખત માનભંગ નામના સાધુ મહારાજ હસ્તિનાપુરમાં પધાર્યા. જિનેશ્વરદેવનો માર્ગ પ્રરૂપ્યો. વીરદેવે એમની પાસે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. આથી દ્રોણુકને થયું કે "આ વીરદેવે ધર્મ સ્વીકાર્યો અને હું નહિ સ્વીકારું તો એને મારા તરફ એટલું આકર્ષણ નહિ રહે. તો હું પણ વ્રત લઉં જેથી એનો પ્રેમ વધે." એમ વિચારી પોતેય ઊભો થઈ ગયો અને આચાર્ય ભગવંત પાસેથી દ્રવ્યથી, બાહ્યથી ધર્મ સ્વીકારી લીધો ! અર્થાત્ ભાવથી નહિ, અંતરથી નહિ.

ધર્મની કદર:—પરિણામ એ આવ્યું કે મિત્ર દ્રોણુકે ધર્મ સ્વીકાર્યો એ જોઈ, અવધિજ્ઞાની મહર્ષિ કહે છે કે 'મને (વીરદેવને) એના પર ધર્મપ્રેમને લઈને પ્રીતિ વધુ સ્થિર થઈ ગઈ !' પરંતુ એનું પરિણામ શું ? કપટીની કપટલીલા આ ધર્માત્માને વધુ ધોખામાં ઉતારનારી થશે ! પાછો વીરદેવ પ્રીતિ વધારીને બેસી ન રહ્યો; ઉપરથી એને પોતાના ઘેર બોલાવી, "આ તો મારો સાધર્મિક ભાઈ !" એમ કહી ઘણું દ્રવ્ય આપ્યું, પૈસાની ગઠડી બાંધી આપી, કહ્યું 'લઈ જા આ ધન, એનાથી અનિંદનીય માર્ગે વ્યાપાર કરજે.' દ્રોણુક શ્રીમંત નહોતો. સામાન્ય સ્થિતિનો હતો. તેથી ધર્મના અનુરાગી વીરદેવને એ સ્વાભાવિક જ લાગે કે "મારો આ સાધર્મિક શા માટે એવી સામાન્ય સ્થિતિમાં રહેવો જોઇએ ?" માટે એણે ધર્મબંધુને ધન આપી ઊંચે

લાવવા સગવડ કરી આપી. પોતે ધર્માત્મા છે એટલે પૈસા આપવા સાથે એ સાવધાની આપી કે "આનો અનિંદનીય માર્ગે ઉપયોગ કરજે, પણ નિંદનીય માર્ગે નહિ. હલકી કોટિના કે અનીતિના વ્યાપાર ન કરતો, કે લોકમાં અધમ ગણાતો ઉપયોગ ન કરતો."

ધર્મરાગનું પ્રતીક શું ? : દુશ્મનનો પણ ધર્મ ગમે :—

અહીં વીરદેવનો ધર્મરાગ જોવા જેવો છે. દ્રોણક ધર્મ સ્વીકારે છે એટલા માત્રથી વીરદેવ એને અઢળક દ્રવ્ય આપે છે. આપણે આપણી જાત માટે વાત તો ખાસી મઝેની કરીએ છીએ કે 'અમને ય ધર્મપ્રેમ છે; અમે કાંઈ અધર્મી નથી; અમેય ધર્મના રાગ વિનાના નથી.'–પરંતુ આ આપણો દાવો કેટલે અંશે વ્યાજબી છે એ ખૂબ ખૂબ વિચારણા માગે છે. આપણા ધર્મરાગનું પ્રતીક શું છે ? જે વસ્તુ પર પ્રેમ છે એનો ગમે ત્યાં ય વિકાસ થાય; પણ તેથી આપણને જો પ્રેમ ન ઊભરાય તો એ વસ્તુ પર પ્રેમ શાનો ? આપણે કહીએ કે 'પ્રભુભક્તિ ઉપર અમને પ્રેમ છે; પણ જો બીજાને ત્યાં પ્રભુભક્તિ વિકસતી દેખાઈ તો તે ખમાતી નથી, તો શુદ્ધ પ્રભુ–ભક્તિના પ્રેમી આપણે કયાં રહ્યા ? જો શુદ્ધ પ્રભુભક્તિનો પ્રેમ છે તો તે ગમે ત્યાં દેખાય–આપણા દુશ્મનમાં પણ દેખાય,–તોય એ મારા નાથની ભક્તિ છે' એમ સમજી એ પ્રભુભક્તિ ઉપર પ્રેમ જ થવો જોઈએ. અરે ! એટલું જ નહિ પણ એ પ્રભુભક્તિ ગમવાની રુએ એને આચરનારા પ્રત્યે દુશ્મનાવટ ભૂલાઈ જવી જોઈએ.

કાંતો પ્રભુભક્તિ ઉપર તેવો પ્રેમ નથી. એટલે અંતરમાં પ્રભુભક્ત ઉપર દુશ્મનાવટ તેટલી જ ખડી રહે છે, અથવા દુશ્મનાવટના અંધાપામાં આપણે એની મહાકીંમતી જેવી ચીજને બહુ માનવા તૈયાર નથી. તેથી કેટલીકવાર આપણા ઉદ્‌ગાર નીકળી પડે છે કે "હવે જોઈ જોઈ એની પ્રભુભક્તિ! જોયો જોયો એનો તપ! લુચ્ચાએ અમારી સામે કેટલું કર્યું છે! શું છે આ? પ્રભુ ભક્તિનો અનાદર.

ધર્મસંસ્થા ધર્મની ઈર્ષ્યા કરી? :—વીરદેવનો વ્રતસ્વીકાર જોઈ પ્રેમ વધી ગયો. તેમાં એને પહેરામણી કરી. અહિ બીજા ધર્મીના ધર્મની ધનલોભ આપીને કદર કરવાનું થાય છે; ત્યારે આજે કેટલાક સ્થળે દેખાય છે કે એક પ્રભુભક્તિ કરનાર ભજનમંડળી બીજી તેવી ભજન–મંડળી ઉપર ઈર્ષ્યા કરે છે. શાસ્ત્રો ભણેલો એક વિદ્વાન શાસ્ત્રો ભણેલા બીજા વિદ્વાન ઉપર ખાર રાખે છે. દયાદિ પરોપકારના કાર્ય કરનારી એક સંસ્થા બીજી સંસ્થાનું ઘસાતું બોલે છે, આમ, "પ્રભુ-ભક્તિ શાસ્ત્રજ્ઞાન અને પરોપકાર એ બધી જીવોને આશીર્વાદભૂત વસ્તુઓ છે. તો ગમે ત્યાં વિકસો. એ જોઈને મને ખુશી થાય છે, એ વસ્તુ કયાં રહી? આવા આત્મોપકારક પદાર્થો પરના શુદ્ધ પ્રેમનો એ મહિમા છે કે એ અવશ્ય તે પદાર્થોની અનુમોદના કરાવે. જો અનુમોદના નથી તો વિચારવું પડે કે શુદ્ધ પ્રેમ હશે કે કેમ? અથવા આપણી વસ્તુ કરતાં પ્રભુએ ફરમાવેલી હિતકરણી વધુ ગમે છે કે કેમ?

જેની પાછળ આપણે છતી શકિતએ ભોગ આપવા તૈયાર નથી એ આપણને કેટલું ગમ્યું ગણાશે? જેની ખાતર

ઘસારો વેઠવા મન નથી ઊછળતું એ આપણને કેટલું ગમ્યું કહેવાશે ? દુનિયામાં જુઓ, છોકરી પર પ્રેમ છે તો જમાઈ પર પ્રેમ થાય છે, એના છોકરા ઉપર પ્રેમ થાય છે, અને એ બધાની ખાતર ઘસારો વેઠાય છે. એજ પ્રમાણે જો ધર્મ પર ખરેખર પ્રેમ છે તો ધર્મના સંબંધીઓ પર પ્રેમ અને એની પાછળ ભોગ કેમ ન અપાય ? ઘસારો કેમ ન વેઠાય ? ત્યાં પછી બહાના કાઢીએ તો એનો અર્થ એ છે કે,

'ધર્મ ઉપર અમને પ્રેમ છે ખરો, પણ આટલી આટલી શરતે.' શી શરત ? એજ ને કે 'ધર્મ આચરનારો અમારો મિત્ર જોઇએ,અથવા અમારા ગુણગાન કરનારો જોઇએ ?' ....વગેરે, બસ અહીં જ પ્રેમને બદલે સોદો ઠરે છે. બહાના શરત વિનાના ધર્મરાગમાં તો એની પાછળ ભાવ-ભક્તિમાં તૂટી પડાય; ભારે ભોગ આપવા ઊમળકા હોય; અને કદાચ એ ન બન્યું તો કેટલોય ખેદ થાય કે 'અરેરે ! હું કેવો અકર્મી કે ધર્મના રાગની પાછળ આટલોય ભોગ નથી આપી શકતો ?' અસ્તુ. એ પણ જોજો કે વીરદેવે પૈસા આપવા સાથે દ્રોણકને એ પણ કહ્યું કે 'આનો અનિંદ્ય માર્ગે ઉપયોગ કરજે. અર્થાત્ તેવા કઠોર ધંધા કે અનીતિ આદિના ધંધા કરતો નહિ.' જીવનમાં પોતાને ધર્મ રુચ્યાનું અને સામા પર સાચી હિતબુદ્ધિ ધરવાનું આ પરિણામ જોઈએ કે અનીતિ, કઠોરતા વગેરે ત્યજી સદ્વ્યવહાર નજર સામે રહે.

ધનના નિમિત્તથી બુદ્ધિ બગડે છે :— દ્રોણકે વેપાર શરૂ કર્યો. એમાં પુણ્યના યોગે નફો ખૂબ કર્યો. પણ એથીજ હવે એ પૂર્વકૃત કર્મની વાસનાનો ભોગ બન્યો.

વીરદેવને ઠગવાનું મન વધ્યું. જોને પૂર્વની વાસના અશાંતિનું કામ તો કરે છે, પણ પૈસા હાથમાં ન આવ્યા ત્યાં સુધી શાંતિ હતી. હવે જ્યારે પૈસાનું નિમિત્ત હાથમાં આવ્યું, તો દ્રોણુકની બુદ્ધિ બગડી. દુર્બુદ્ધિ કરાવનારા નિમિત્તો ભયંકર હોય છે. એ મળ્યાથી દુનિયામાં ભલે બીજી રીતે શાબાશી ગવાતી હોય કે સુખસગવડ મળતી હોય, પણ પશુતાના સિક્કા જેવી અને દુર્ગતિની દૂતિસમી દુર્બુદ્ધિ કરાવે ત્યાં પછી એની કોઈ કિંમત રહેતી નથી. જીવનમાં શાબાશી કે સુખસગવડની જે કિંમત નથી તે સદ્બુદ્ધિની છે. સુખ ન હોવાની જે નુકસાની નથી, તે દુર્બુદ્ધિ હોવાની છે. મોંઘેરા માનવભવનું મૂલ્ય સમજતા હો તો આ બહુ ધ્યાનમાં રહે કે 'શું હું અનંતકાળથી દુર્બુદ્ધિથી આવો ને આવો ખરડાયેલો જ રહું ? ના, ના એની અપવિત્રતા હવે મને ન આભડે.' કુલીન સ્ત્રીને શું થાય છે ? 'અશીલની અપવિત્રતા મને સહેજ પણ ન આભડે.' એવું ધર્મી જીવને દુર્બુદ્ધિને દૂર રાખવાની સાવધાની હોય. પામર દ્રોણુક બનાવટી ધર્મી છે. તેથી દુર્બુદ્ધિનો એને કોઈ ડર કે અફસોસ નથી. પૈસા તો વધ્યા, પણ ખરી રીતે તિજોરીમાં વધ્યા. આત્મામાં તો દુર્બુદ્ધિ વધી ! ત્યારે,

જાતનું બગાડી જડનું સુધારવાનું ?:—

માણસ કેટલો મૂર્ખ છે કે દુર્બુદ્ધિ દ્વારા પોતાના આત્માને બગાડીને પણ તિજોરીનું સુધારી રાખવા ખડે પગે સાવધાન છે ! બસ ડાહ્યો તે, કે જે આત્માથી પર એવા જડનું સુધારવા ને જડ જેવા સ્નેહીનું સુધારવા પોતાના આ-

ત્માને, મનને અને હૈયાને ન બગાડે. અહીં વીરદેવે તો ધર્મ-રાગથી દ્રોણકને ધન આપ્યું હતું. પણ જુઓ કે આમાં એ હિસાબ ક્યાં રહ્યો કે માણસને આપણે અનુકૂળતા કરી આપીએ તો એની બુદ્ધિ સુધરી જાય? કહો છો ને કે "માણસને આપત્તિ હોય ત્યાં બિચારાને શી રીતે સારી બુદ્ધિ જાગે? સગવડ-અનુકૂળતા હોય તો સદ્‌બુદ્ધિ જાગે." પણ ખરી રીતે એમ નથી. ખરી રીતે ખાસ જરૂરી ધર્મભાવના અને પવિત્ર દિલ છે. એનો થોડો પણ અંશ નહિ હોય તો બીજી સગવડ ઊલટું પાપ વધારશે, નહિતર તો આ દ્રોણકને સગવડ તો કરી આપી, તેથી હવે તો સદ્‌બુદ્ધિ જાગે ને? ના, આને તો ઠગાઈની બુદ્ધિ વધતી ચાલી!

દ્રોણકના કુવિકલ્પ

વિચારે કરે છે કે "પૈસા તો હું કમાયો, પણ અમારા બંને વચ્ચેનો યથાસ્થિત વ્યવહાર શો થયો છે તે કોઈ જાણતું નથી. તેથી શું કરું? મને મૂળ મૂડી વીરદેવે આપી છે. એટલે એ જરૂર ભાગ માગશે. કેમકે એ વખતે એણે ફોડ નહોતો પાડ્યો કે 'જા તને આ પૈસા આપી દીધા. એનો જે નફો આવે તે તારો.' એટલે હવે એ સામે આવીને ઊભો રહે ત્યાં લોકની વચમાં મારાથી જૂઠું બોલાય નહિ; અને બોલું તો લોકનો એના પર વિશ્વાસ હોઈને મારૂં જૂઠું નભે નહિ."

પરંતુ વાસ્તવિક આવું કંઈ હતું જ નહિ! વીરદેવે તો સાધર્મિક જાણીને પહેરામણી કરી હતી. પણ આ દિલનો

હલકટ, તે ઊંધો જ વિચાર કરે છે કે "મહેનત મેં કરી અને પૈસા એને આપવાના?" કુવિકલ્પની જાળ જ એવી છે કે એક કુવિકલ્પનું ગૂંચળું મનમાં ભરાયું કે બીજા પાંચ ગૂચળાં તૈયાર જ હોય. એક ઊંધો રસ્તો લીધો એટલે કેમ? તો કે બીજા અનેક ઊંધા રસ્તા પકડાઈ જાય, અને મૂળ રસ્તાથી આઘો ને આઘો થતો જાય. એક ખોટા મનોરથના ચીલે ચાલ્યા કે બીજી અનેક ખોટી માન્યતાઓમાં ભૂલા પડી જવાય. માટે એક પણ ઊંધો રસ્તો કે ખોટો મનોરથ ધરવા જેવો નહિ.

જુઓ એના વિકલ્પના મણકા કેવા વધતા જાય છે! ભાઈ! મૂડી તો એની છે એટલે ભાગ માગશે તો?" આ મથાળુ બાંધ્યું, હવે આગળ ચાલે છે! "મહેનત આપણે કરીએ અને એ શાનો નફો માગે? એની પાસે કયાં ઓછું છે? અને એમ આપી દઈએ તો આપણે લુખ્ખા થયા પછી આપણી કિંમત શું? આમે ય આપણને એ નજરે જોવો ય ગમતો નથી; તો બસ! એને હું ઠગી નાંખું! અરે ભલું પૂછવું ભાઈ? પૈસા એણે આપ્યા છે, ને હવે એ બહાર જઈને વાત કરે કે 'ફલાણાને ઊંચે લાવનાર તો હું છું. પૈસા મેં ધીર્યાંતા અને હવે એ નફો કે મૂડી કશું આપતો નથી.' હાય! તો લોકો મારા માટે કેવું માની લે? વળી, એ રહ્યો પ્રતિષ્ઠિત....એનું કહ્યું બધા સાચું માને. હું જૂઠું કહું....તે કંઈ ચાલે નહિ. અરેરે! તો મારે હવે શુ કરવું?...." ચડયો વિચારમાં.

કુવિકલ્પનાં ગૂંચળાં:—મહાપુરુષો જે આ ચરિત્ર

લખે છે, તે કેવું લખે છે ? જાણે આપણા મનના ફોટા લઈને ચરિત્ર ન લખ્યાં હોય ! તે મન પછી કોઈને કદાચ પૈસા અંગે વલોપાતમાં ન હોય તો માન-પાન અંગે હોય; એ નહિ તો વળી બીજી વસ્તુ અંગે, પણ કંઈ ને કંઈ ગૂંચળાં મનમાં ચાલતાં જ હોય છે. ત્યાં આ દ્રોણકની વાત વિચારતાં આશ્ચર્ય લાગે છે; હાસ્યાસ્પદ જણાય છે, બરૂં ને ? પણ તે વખતે આપણે આપણી જાતનો વિચાર કરવો ભૂલી જઈએ છીએ, કે આપણે કયાં ઓછાં ગૂંચળાં વાળીએ છીએ ? આપણું મન એટલે જાણે સિનેમા પિક્ચર્સ-'પ્રોડ્યુસર ! સિનેમાના ચિત્રોનું સર્જનકાર ! કુવિકલ્પનાં ગૂંચળા વાળવામાં પૈસા-માન-પાન-ઇજ્જત-આબરૂ.-તેમાંનું કંઈજ વધતું નથી. બલ્કે વધે છે માત્ર હાય ને બળાપો ? શોક ને અરતિ ! દ્વેષ ને ઈર્ષ્યા ! સત્ત્વ હણાય છે., અંતરનું ઓશિયાળાપણું ને દીનતા વધે છે.

દ્રોણક આગળ વધે છેઃ-" બસ, બસ, એ જરૂર મને ફજેત કરવાનો. વળી ત્યાં આપણો કોણ સાક્ષી ? માટે સીધો રસ્તો એક છે કે એને બીજું કંઈ કર્યા વિના બતમ જ કરી નાખવો ! પછી તો લોકમાં હું જેમ કહીશ તેમ ઊપજશે." શાથી આ વિચાર આવ્યો ? પૂર્વની પાપ-વાસનાથી અને ધનનું નિમિત્ત મળવાથી, મૂઠી એણે આપી છે એ નથી જોતો, પણ પોતાની મહેનત જુએ છે. તેથી 'મહેનત મારી અને એ ભાગ શાનો માગે ?' એમ વિચારે છે.

સ્વાર્થરુચિના મંડાણ ઉપર દોષવૃદ્ધિઃ—જ્ઞાની ભગવંતોએ લાગણીઓ અને વિચારોનાં કરેલાં વર્ણન સાંભ-

ળતાં આપણને જાણે એમ લાગે છે કે આપણાં જ ભાવો એ વર્ણવી રહ્યા છે. ખરી રીતે જેમ જગતમાં જો કડવી લિંબોડી વાવો, તો એમાંથી અમુક અમુક કમે કડવા લીમડાની વસ્તુ-ઓનું ઉત્પાદન થવાનું; અને આંબો વાવો તો એની વસ્તુ-ઓનું સર્જન થવાનું. બસ, એવું જ આપણા હૃદયમાં બીજ-રૂપે રહેલી સ્વાર્થ કે પરમાર્થની રુચિ ઉપર અશુભ કે શુભ લાગણીઓનાં તથા વિચારોનાં સર્જન થાય છે. અલબત એમાં માણસ માણસ વચ્ચે એ લાગણીઓ–વિચારોમાં અમુક તફાવત હોય પણ મુખ્ય રૂપક સરખું રહે છે. કદાચ એને આપણે સ્વયં બુદ્ધિથી વિચારવા બેસીએ તો એમ જ જણાય એટલે,

પ્રગતિનો આ માર્ગ છે :—

(૧) આવા આવા શુભાશુભ પરિણામે આપણા દિલમાં થતા જોઈને એમાં કારણભૂત રુચિને ઓળખી લેવી જોઈએ.

(૨) એમાં સ્વાર્થની રુચિ જે જે દેખાય તેને તેને જેમ બને તેમ મંદ કરી નાખવી ઘટે.

(૩) પરમાર્થની પ્રીતિને વધુ ને વધુ વિકસાવવી જોઈએ એમ,

(૪) આત્માના દોષોનો તિરસ્કાર, અરુચિ વધવા જોઈએ. કદીય એ દુર્ગુણોની રુચિ, આસ્થા, કે નિર્ભયતા થવા દેવા નહિ.

(૫) માત્ર આત્મગુણની રુચિ દિનપ્રતિદિન વિકસ્વર બનાવવી જોઈએ.

ઉચ્ચ એવા માનવભવમાં મનને નક્કી થઈ જવું જોઈએ કે 'જેમ જગતના પામર મનુષ્યો અને બીજા જીવોને બાન-

પાનના, રંગરાગના, ને આરંભ-પરિગ્રહના જીવન હોય છે, એવી રીતે આપણે માટે દુર્ગુણનિકાલ અને ગુણોપાર્જનનું જીવન જોઇએ. શું સમજ્યા ? દોષનિયંત્રણ અને ગુણવિકાસનું જીવન જોઇએ. અચેતન જેવા જણાતા ચંદન, શેરડી, આંબા વગેરેનાય સ્વભાવ દેખાય છે કે એને જેમ વધુ પીડીએ, તેમ એ પોતે વધુ પરમાર્થ કરી બતાવે છે. તો પછી આપણે તો મહાચેતન જેવા; તે શું પાછા પડીએ ? આવું કોક પ્રશસ્ત ગુમાન જાગ્યા વિના સત્ત્વ કયાંથી ખીલે ?

જાતે જાગ્રત બની રહો :— વીરદેવનું સત્ત્વ ખીલેલું છે. દ્રોણક વ્રત લઈને સાધર્મી બને છે, એટલા નિમિત્ત માત્રથી લક્ષ્મીની મૂર્ચ્છા ઓછી કરી નાખીને સાધર્મિકભક્તિનો ગુણ વિકસાવે છે. સત્ત્વ આકાશમાંથી નથી પડવાનું; આપણેજ ખીલવવાનું છે. એ ખીલવીને દોષહ્રાસ ને ગુણવૃદ્ધિના ઉદ્યમમાં આપણી જાતે જ જાગ્રત રહેવાનું છે. જાતે જો જાગ્રત નહિ રહ્યા તો તો આપણા પૂર્વના કુસંસ્કાર અને અહીંના પ્રલોભક સંયોગો, બેઉ ભેગા થઈને કુમતિ અને કુપ્રવૃત્તિ તરફ આપણને ઘસડી જશે.

પૈસાની કરુણ કથની :—વીરદેવ ઉપકારી છે, દ્રોણકને પૈસા આપીને ઊંચો લાવનારો છે. છતાં તેને પણ મારી નાખવા સુધીની બુદ્ધિ દ્રોણકને જાગી ! દ્રોણક જાગ્રત્ નથી. પૂર્વની વાસના પગભર થવામાં નિમિત્ત કોણ બન્યું ? પૈસા ! પૈસાની તો કરુણ કથની છે.

સારામાં સારા ઉપકારના બનેલા પ્રસંગને અપકારથી નવાજવાનું કરાવે આ પૈસા !

સારામાં સારી સેવા કરનારને લાતે મારવાનું કરાવે આ પૈસા!

મહાનમાં મહાન ગણાતા દેવાધિદેવને ભુલાવાનું અને આચાર્ય-ભગવંત જેવાને પણ તુચ્છકારવાનું કરાવે આ પૈસા!

એવા એ પૈસાની આવી ઓળખાણ કરી લઈ, તે ઓળખાણ હૈયામાં સ્થિર કરવા જેવી છે. જેથી એના નિમિત્તે જીવનમાં કાંઈજ અનુચિત ન બનવા પામે. દ્રોણક વિચાર કરીને અટકયો નહિ, હવે એ એના માટે ઇલાજ ઘડવા માંડયો. પણ ઇલાજ સફળ શી રીતે થવાનો? એણે મનમાં નક્કી કરી લીધું કે "વીરદેવને હમણાં મારા પર પ્રીતિ એવી છે કે હું જે કહીશ તે એ કબૂલ કરશે. માટે દાવ ખેલી લેવાનો અવસર છે." ઠગાઈની કોઈ હદ છે? જાણે છે કે સામાનો મારા પર પૂરો પ્રેમ છે, માટે ઝંખે છે કે ધાર્યું કરી લઉં! શું ધાર્યું એટલે? પશુકરણી!

દ્રોણક પાસે પૈસા હતા. મોટી હવેલી બંધાવી. ઉપલા મજલા પર ઝરૂખો કાઢયો. તે પણ ફોલ્ડીંગ અર્થાત્ વાળેલો કે સીધો રાખી શકાય એવો ઝરૂખો! એટલે ઝરૂખાની નીચે ખીલો ભરાવ્યો હોય તો ઝરૂખો રહે. નહિતર બંધ થઈ જાય. દ્રોણક વિચારે છે. "બસ આ ઝરૂખાની નીચે ખીલો રાખવાનો નહિ. સહેજ અડકણ રાખીને એને ઊભો રાખવાનો; અને ઉપર વીરદેવને રમ્યદર્શનીય અદ્દિ જોવા-કરવાના ગમે તે નિમિત્તે ચઢાવી દેવાનો! ચઢતાંની સાથે જ નીચે! ને.... ખતમ! વળી લોકમાં અપવાદ પણ નહિ થાય. કોઈ કહેશે

નહિ કે આણે લોભથી વીરદેવને માર્યો ! બસ, પછી બંદાને કોણ પૂછનાર છે ?"

દ્રોણુક જાતે જ ઝરૂખે ચઢે છેઃ—

યોજનાનુસાર નૂતન મકાનમાં ગમે તે પ્રકારે મિત્રને જમવા નોતર્યો, વીરદેવ ભોળા ભાવે આવ્યો, જમ્યો. હવે દ્રોણુક કહે છે, "ચાલો ઉપર, મેડી દેખાડું," એમ કરી પોતે આગળ અને પાછળ વીરદેવ, હવે કેમ ? બસ, પોતાની ધારણા બહુજ નજીકમાં આમ સફળ થતી લાગે છે, ચઢાવી દઉં કે કામ પતી જાય !" તરંગમાં ચઢયો પછી દુનિયામાં આપણે નામ જમાવી દઇશું ! અહીંયાં હમણાં આ પડતાં જ હાહાકાર કરી દઈશ.... કોઇને ખબર નહિ પડે...." ઉપર લઇ ગયો. તરંગમાં છે. એટલે એટલું ભાન ભૂલી ગયો કે 'ઝરૂખાની નીચે ખીલી ચઢાવી નથી, પોતે ત્યાં ન ચઢવું જોઇએ સ્મૃતિભ્રંશ થઈ ગયો. આ શું સૂચવે છે ? વિનાશકાળ નજીક હોય અને માણસ તરંગી હોય, એને અવસરે જ મતિ બહેર મારી જાય છે. દ્રોણુક મુખ્ય મુદ્દો જ ભૂલી ગયો. વીરદેવને મહેલની રમણીયતા દેખાડવા માટે આવો, આવો, વીરદેવ એમ કહી ઝરૂખા ઉપર પોતે એકલો પહેલો ચઢયો ! ભૂલભૂલામણીમાં પડી ગયો ને ? પરંતુ આશ્ચર્ય પામતા નહિ, આવું બનવામાં નવાઈ નથી. કોર્ટમાં ઘણી ધારણાઓ કરીને ગયા હોય કે "વકીલને આમ ઉત્તર આપીશ, ને તેમ ઉત્તર આપીશ...." વગેરે ધારી રાખ્યું હોય, પરંતુ મોકો આવતાં જ ઉત્તરમાં ઊંધું મારી બેસે એવું બને છે ને ?

દ્રોણુકને એવું જ થયું. બધી ધારણા કરી રાખી હતી, પણ મોકો આવતાં મુખ્ય મુદ્દો જ ભૂલી ગયો.

વિકલ્પોની ધોંસનો આ પ્રભાવ છે કે માણસ ભૂલભૂલામણીમાં પડી જાય. વિકલ્પોને જગાવનાર કલ્પના છે. જો કલ્પના અસત, તો વિકલ્પો પૂરજોશમાં અસત કોટિના દોડે છે. એક અસત્ કલ્પના મગજમાં ઘાલી કે સમજો કે બાર વાગ્યા. કેમકે એના પાયા પર હવે કુવિકલ્પોની હારમાળા ગોઠવાશે, તપાસજો જ્યારે જ્યારે મન ધોધમાર ખોટા વિકલ્પોમાં ઝીલી રહ્યું હશે ત્યારે ત્યારે મૂળે કોઈ ખોટી કલ્પના થઈ હશે. તો પછી સમજો કે જો કલ્પનાને અસત્ને બદલે સત્ કરી દઈએ તો ઉપરનું આખું મંડાણ કેટલું

સુંદર સારા વિકલ્પોથી શોભી ઊઠતું બને! આજ ખૂબી વાપરવાની છે કે કલ્પનાને ખોટામાંથી સારા રૂપમાં વાળી લેવી દા. ત. શરીરે રોગ–બિમારી આવી ત્યાં કલ્પના થાય છે. 'અરે! કેટલું ખરાબ થયું? પછી એના પર પાપવિકલ્પોની હારમાળા ચાલે છે, એના બદલે જો કલ્પના એવી જ ખડી કરી કે શું? પૂર્વે દયા નહિ પાળેલી, કે અરિહંતદેવને નહિ ભજેલા, તેથી અશુભ કર્મના યોગે બિમારી આવી, હવે આ કલ્પના ઉપર શુભ વિચારોના થોક જન્મી શકે. દ્રોણુકની કલ્પના ખોટી છે. "પૈસા હું મહેનત કરી કમાયો અને વીરદેવને શાનો આપી દઉં?" આના પર હવે ખરાબ વિકલ્પો કેમ ન જન્મે?

ચંચળતા કે નિષ્ફળ વિકલ્પો મનને નબળું કરે છેઃ–

વિચારણા કેટલા વખતથી કરી રાખી છે? ઘણાય વખતથી.

પૈસા મળ્યેથી વેપાર કરી નફો કર્યો ત્યારથી. તે પછી તો ઘર બંધાવ્યું એમાં પાડનારા ઝરૂખાની યોજના કરી. બસ આ બધો વખત મને ગૂંચળા વાળ્યા કર્યા. પણ પરિણામે જો જો કે મીડું ! ત્યારે જેમ શરીર પાસે કરાવેલી ફોગટની દોડધામ માથે પડે છે; તેમ આ મન પાસે કરાવેલી દોડધામ પણ માથે પડે છે. કોઈ સ્વાર્થલાલસાથી ઠગાયેલું મન ચંચળ થઈ જાય છે. પછી અશુભ એવી બહુ વિચારણાઓ મનને એવું ચંચળ બનાવી દે છે કે સારી વિચારણા માટે મન સ્થિર કે સમર્થ રહેતું નથી; અને એ વસ્તુ માત્ર ધર્મમાંજ બને છે, એમ નથી; વ્યવહારમાં પણ એમજ છે. નહાવા બેસે ત્યાં ખાવાના વિચારમાં, ને ખાતાં પૈસાના વિચારમાં ! નિષ્ફલ વિકલ્પોથી ભરેલી મનની સ્થિતિ મનને નબળું બનાવી દે છે; અને તે મન કયારે ને કેવા અનર્થ કરી બેસે, તેનું માપ નહિ ! દુનિયાના મોટા માણસોના મન સાબૂત હોય છે. એમના માથે બીજાને તો મગજ બહેર મારી જાય કે ચિત્તભ્રમ જ થઈ જાય એટલાં લફરાં હોય; પણ પોતાના મન પર કાબૂ એવો રાખે છે કે મફતિયા વિચારોમાં મનને દોડવા નહિ દે.

મનનું બળ કેમ વધે ?:- જે સમયે જે કામની જ-વાબદારી આપણે ઉપાડી, તે સમયે તેની જ ચિંતાને બદલે બીજી ચિંતાઓ કરવામાં ટેવાયેલું મન આત્મહિતના મુદ્દાના, મહત્ત્વના કાર્યમાં તો કયાંથી ભલીવાર રાખશે ? ધાર્મિક-દૃષ્ટિએ આત્મહિતના મહત્ત્વનાં કાર્ય સામાયિક-દર્શન, પૂજા વગેરે છે. તે સાંગોપાંગ ત્યારે પાર ઊતરે કે જ્યારે મનને

ફજુલ વિચારોથી બચાવી લઈએ તો. મન નવરું પડે તો ફજુલ વિચારો કરે ને ? બોટી વિચારણા કરવાનું છોડી મુદ્દાસરની વિચારણા રાખીએ તો મન સ્થિર થાય. એ ન હોય તો 'નમો અરિહંતાણુ" નો જાપ કયાં ઓછો છે? જ્યાં બોટી કે મફતિયા વિચારણા આવી કે 'નમો અરિહંતાણુ" નો જાપ. આત્મા પર પાપનો ભાર એટલો અને એવો છે કે જીવનભર પરમાત્માનો જાપ કરીએ તો પણ ઓછો છે. એથી લાભ બે થાય. સારી વિચારણામાં (૧) પાપક્ષયનો; અને (૨) મનને સાત્ત્વિક બળવાન થવાનો મોકો મળે તે લાભ. જેટલા પ્રમાણમાં બોટા વિચારોથી મનને બચાવીએ તેટલા પ્રમાણમાં મનનું બળ વધે છે. બળવાન મનથી જ્યારે ધર્મની સાધના હાથમાં આવે ત્યારે એ જોરદાર થાય છે. વિકલ્પોવાળા મનમાં દુર્બળતા આવવાથી અવસરે જ મન ભૂલું પડે છે.

૧૨ : દેવ નારક

દ્રોણક–પતન : વીરદેવ–વૈરાગ્ય :–

દ્રોણક રંગમાં ચઢયો છે. પણ ઝરૂખે ચઢી દેખાડવા વીરદેવને બોલાવે છે. ત્યાં તો તે પોતે જ, ઝરુખો બીલાથી અટકાવેલ નહિ હોવાથી ઝરુખો નીચો વળી જતાં, નીચે પટકાઇ પડયો ! માથું નીચે, ને પગ ઊંચા. બોપરી ફૂટી ગઇ !

અવધિજ્ઞાની મહર્ષિ કહે છે "હું વીરદેવ; મારા હૃદયમાં એ જોતાં જ ધ્રાસકો પડયો ! અરે ! આ ઝરુખો બનાવનાર કારીગર કેવો ગફલતવાળો કે બિચારો શ્રાવકમિત્ર આમ પડી ગયો ?" વિચારતાં એકદમ હું નીચે આવ્યો. જોઉં છું

તો ખલાસ થઈ ગયો છે મિત્ર ! હાહાકાર થઈ ગયો ! "અરે ! આ મારા ધર્મી મિત્રને શું થયું ? દ્રોણકનું આવું કુમૃત્યુ જોઈ કાળની વિલક્ષણતા ઉપર મારૂં હૃદય હચમચી ઊઠ્યું. ....મને સંસાર પર વધુ વૈરાગ્ય થયો. મહાન કંટાળો છૂટ્યો ! મને થયું કે અરે ! જીવનના ખેલને ધિક્કાર છે કે જેમાં સંસારની રમતનું આવું કરુણ પરિણામ જોવાનો અવસર આવે છે....સાંસારિક જીવનનું અંતિમ જો એવું જ હોય તો સર્યું એવા સંસારવાસથી. આવા જીવતરને ધિક્કાર છે. એમ ઉત્કટ વૈરાગ્ય પામીને મિત્રનું મૃતકાર્ય કરી એજ માનભંગ આચાર્ય પાસે મેં (વીરદેવે) ચારિત્ર લઈ લીધું."

આત્મદ્રવ્યની કેળવણી :–દ્રોણક ઉપકારી ઉપર પણ કેવા નીચ વિચારોમાં ચઢ્યો હતો ! વીરદેવ અપકારીને પણ ધર્મમિત્ર માની એના કરુણ પ્રસંગમાંથી કેવી ઉચ્ચ સાત્વિક વિચારણામાં રમતો થઈ ગયો ! અલબત પોતે પેલાને અપકારી તરીકે ઓળખતો નથી. છતાં એમ ઓળખતો હોય તો ય શું ? કેટલાય જીવનોનું ધર્મ–અભ્યાસી હૃદય અપકારીનું પણ બૂરૂં ચિંતવવા તૈયાર નથી ! અપકારીને દુષ્ટ અને હલકો માનવા પણ તૈયાર નથી ! આત્માની એવી પ્રગતિ સાધી છે. આત્મદ્રવ્યને એટલું કેળવીને સુધાર્યું છે. આ ચાવી છે. અપકારીને ઊંડે ઊંડે સારો માનવા તૈયાર હોઇએ તો માનવું કે આપણે સારા ધર્મ–અભ્યાસી છીએ. આપણે આપણા આત્મદ્રવ્યને તપાસીએ તો ? શું લાગે છે કે વર્ષોના આપણા દેવ–ગુરુ–ધર્મના પરિચય પછી આપણે આપણા પોતાના ગણાતા આત્મદ્રવ્યને આવું કેળવ્યું-સુધાર્યું છે ? જો ના,

તો પરિચય શું કર્યો? દેવ–ગુરુના પરિચય અને ધર્મના કરણ–કરાવણ–અનુમોદનની સીધી અસર આપણા પોતાના આત્મા ઉપર આ લાવવાની છે કે આત્મામાં સંગીન સુધારો થતો આવે. વાતવાતમાં ઊકળી તપી જનારૂં આત્મદ્રવ્ય હવે શાંત અને શીતલ રહે. ખરાબ વાતાવરણથી લહેવાઈ જાય નહિ. ગુસ્સો કરાવે, ઈર્ષ્યા કરાવે, રોફ કરાવે એવા એવા સંયોગોમાં પણ આત્મા લહેવાયા વિના ખૂબ શાંતિથી સમતા, પ્રમોદ, નમ્રતાને સ્વભાવથી જાળવી રાખે. એ અસર દેવગુરુના પરિચયથી ઊભી થવી જોઇએ. જગતના ચીજભાવને ફેળવવા સુધારવાની રાત ને દિ' ગંજના અને જહેમત ચાલુ છે. પણ એ તો પારકા છે; જ્યારે આત્મા તો પોતાનો છે. એને માટે એવી કાળજી નહિ? એ શું આશ્ચર્ય નથી? શું એ આપણી સરાસર મૂર્ખતા નથી? વીરદેવે તો ખૂબજ આત્મકેળવણી કરી છે. એટલે એ દ્રોણુકના અકસ્માત્ પ્રસંગ પર ઠેઠ ચારિત્ર સુધીના વિચાર અને નિર્ણય કરી લે છે; તરત ચારિત્ર લઇ લે છે.

વીરદેવ ચારિત્રથી ગ્રૈવેયક સ્વર્ગે :– અમરગુપ્ત આચાર્ય મહારાજના જીવનું પૂર્વ ધર્મના બળે જેમ જેમ નવું જીવન આવે છે, તેમ તેમ એમનું એવું આત્મબળ વધે છે કે પૂર્વ કરતાં પ્રબળ આરાધના કર્યા વગર મરવાનું નહિ! અને મરીને, તેથી ઊંચા ઊંચા દેવલોકે જવાનું! અહીં એવી ચારિત્ર ઉપરાંત અંતિમ આરાધના કરીને કાળ કર્યો કે સીધા ગ્રૈવેયકમાં દેવ તરીકે જન્મ્યા. ત્રીજા ગ્રૈવેયકમાં સહેજ ન્યૂન એવા પચીસ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા!

કમસર અભ્યાસ છે ? :– આમ ભવે ભવે કમસર ચઢતી થતી આવે છે. એ સૂચવે છે, ચારિત્રબળ વધે ખરૂં, પણ સામાન્ય નિયમે અભ્યાસથી વધે. એક જ જીવનમાં પહેલવહેલું ચારિત્ર શરૂ કરીને ઈચ્છીએ કે 'મારૂં ચારિત્ર-જીવન એકદમ જ ધન્ના અણગાર જેવું થઇ જાય !' તો તે મુશ્કેલ છે. ત્યાં એમજ કહેવાય કે :" પહેલાં એકડિયાના ધોરણમાં ભણ; પછી પહેલીમાં; પછી બીજીમાં આવજે ! અર્થાત્ અહીં તું અભ્યાસ વધારતો જા; તેમ તેમ ઉત્તરોત્તર ચારિત્રબળમાં વૃદ્ધિ થશે." માત્ર ભાવનાથી કંઇ વળે નહિ. એ તો એનો અભ્યાસ વધારવો જોઇએ. સારી ભાવનાનો પુનઃ પુનઃ અમલ જોઇએ; તો ઉન્નતિ થતી આવે. આ તો અભ્યાસના ઠેકાણાં નથી, અને પરિણામ મહા ઊંચું અને એકદમ જોઇએ છે ! એ કયાંથી મળે ? સવાલ એજ કરીએ છીએ ને કે,

પ્ર૦—'સાહેબ ! નવકારવાળીમાં અમારૂં મન સ્થિર કેમ નથી રહેતું ?'

ઉ૦—સ્થિર એટલે મહામહર્ષિઓનું મન જેવું સ્થિર, એવું ને ? કેવી માગણી છે ? માગણી કરતાં પહેલાં કહો તો ખરા કે કમસર અભ્યાસ છે ? ૧. મન સ્થિર કરવા કાળજીપૂર્વકનો અભ્યાસ કેટલો કર્યો ? ૨. એ પુનઃ પુનઃ અભ્યા-સમાં સ્ખલના થાય તો તે સુધારવા, અને એ ફરી ફરી ન થને એ માટે, એને અટકાવવા માટે દંડ કેટલો ભોગવ્યો ? સ્ખલનાની કોઈ સજા રાખી છે ? ના, સજા ય નહિ અને અભ્યાસે ય નહિ. જે મનને આપણે બહુ ચંચળ કહીએ

છીએ, અનંતીવાર ચંચળ બનેલું સમજીએ છીએ; એને અંકુશમાં લેવા માટે અભ્યાસના કેટકેટલા ભગીરથ પ્રયત્નો હજારો લાખો વાર કરવા જોઈએ ? આત્માના ન્યાય નીતિ, સત્ય, દયા, પરોપકાર, વગેરે ગુણોને પણ સિદ્ધ કરવા માટે કેટલા ય અભ્યાસ કરવા જોઇશે ? જીવન જ એવું બનાવી દેવું જોઈએ કે એમાં, 'કેટલું કમાયા ? શું ખાશું, શું પીશું ?' વગેરેની વિચારણાનું જોર નહિ; પણ 'દયા, પરોપકાર, નીતિ વગેરે ગુણોને કેળવવાનો અવસર ક્યાં ક્યાં મળે છે,'—એની લગનીનું જોર હોય. આ લગનીનું જોર પૂર્વે નથી બનાવ્યું એટલે તો નિરાધારપણે સંસારના ભવો કરવાની દુર્દશા આજ સુધી ચાલુ છે. પણ આ જન્મ એટલો બધો સુંદર છે કે આમાં એ લગની જોરદાર કરી શકાય. કરશો ને ?

દ્રોણુક નરકે :—દ્રોણુક દુઃખદ પીડાએ મરીને પાંચમી નારકીમાં બાર સાગરોપમના જંગી કાળ સુધી નરકના દુઃખ વેઠવા ગયો. દ્રોણુક જે જે ગુહ્યા કરે છે, તેનાં કડવાં પરિણામ અહીં તો ભોગવે જ છે; ઉપરાંત ભવાંતરમાં તો તેના અતિશય ભયાનક નતીજા ભોગવતો જાય છે ! પાંચમી નરકમાંથી નીકળી સ્વયંભૂરમણ સમુદ્રમાં મોટો માછલો થયો. મોટો મગરમચ્છ એટલે પાપ કરવાની મોટી સગવડ ! દરીયામાં પડ્યા પડ્યા શું કરવાનું ? સામાયિક, વ્રત પચ્ચક્ખાણ વગેરે નહિ. જે કાયા ત્યાં મોટી મળી છે, તો સામે જે જે નાના મગરો આવે તેને બિચારાને આખા ને આખા કે ચાવીને ગળી જવાનો જીવનભર ચાલુ ધંધો ! બસ ! એના પર મસ્ત બનવાનું ! પોતાનું સામ્રાજ્ય ! તેમાં ઓછા

બળિયાનું ભક્ષણ !

ખોટા ઉગ્રચિંતને રૌદ્રધ્યાન :–આવા ભવમાં દ્રોણકને કોણ લઈ આવ્યું ? ઠગાઈની બુદ્ધિ, ઉપકારી પ્રત્યે કૃતઘ્નતા, વિશ્વાસુનો વિશ્વાસઘાત, મારી નાખવા સુધીના ઉગ્ર કષાય અને રૌદ્રધ્યાન ! હલકા ભવોમાં આ રીતે કોણ કોણ હેતુઓ લઈ જાય છે તે ખાસ સમજી રાખવાનું છે. તો જ આપણે તેવા હેતુમાં ફસી ન જઈએ. તેમ એ પણ જોવાનું છે કે કેટલીયવાર આપણે રૌદ્રધ્યાન કરીએ છીએ એવું જાણતા નથી, છતાં એ ચાલુ હોય છે. ત્યારે જેમકે, રૌદ્રધ્યાન માત્ર હિંસા અંગે જ નહિ, પણ ચોરી કે જૂઠના ચિંતનનું પણ રૌદ્રધ્યાન હોય છે. તેમ મળેલાને રક્ષી રાખવાના ચિંતનમાં પણ રૌદ્રધ્યાન આવે છે. દુન્યવી સ્વાર્થો સાધતી વખતે કોઈ કોઈવાર મન એવા ઉગ્ર ચિંતનમાં ચઢી જાય છે કે દા. ત. 'બસ ! આ નવો ઈન્કમટેક્ષ ઓફીસર બડો રોફવાળો અને ભારે દંડ કરનારો છે. પણ બચ્ચાને હું બતાવી દઈશ કે ટેક્ષ કેમ લેવાય છે ! એવા બનાવટી હિસાબ રજુ કરી દઉં છું, અને પ્રશ્નોના ખુલાસા એવા ગોઠવીને–ગોઠવીને ! એટલે જૂઠા પણ આબાદ સાચા જેવા–કરી દઉં છું કે એનો બાપ પણ બીજું કાંઇ બોલી શકે નહિ....' આવા ઉગ્ર ચિંતનમાં મન રૌદ્રધ્યાને ચઢી જાય છે. આવા તો જીવનમાં કેઇ પ્રસંગો છે. માટે જ સાવધાન રહી મનને તેવા ખરાબ ચિંતનમાં ચઢવા દેવું નહિ. હૃદય બહુ કોમળ અને મન પાપથી ડરનારૂં રાખવું. મત્સ્યનું જીવન એટલે રૌદ્રધ્યાનભર્યું કોરૂં પાપમય જીવન ! ઘોર પાપ ! જ્યાં જાય ત્યાં પાપ–પાપ ને

પાપ ! મન સહિત પંચેન્દ્રિય પૂર્ણ છે. પણ દુર્લભ ધર્મ-સમજ લાવે કયાંથી ? અહીં તમને ધર્મસમજ મળી છે, પણ એનો ઉપયોગ કરી પાપ ઓછા ઓછા કર્યે જવાનું બનાવવું નથી. પેલો તો ધર્મ–સમજના અભાવે ઘોર રૌદ્ર-ધ્યાનથી મહામત્સ્યના ભવમાંથી મરી પાછો એ જ પાંચમી નારકમાં બાર સાગરોપમના આયુષ્યવાળો નારક થયો. ચોવીસ સાગરોપમ પૂરા કર્યા. વધારાનો કાળ તિર્યંચમાં ભટકયો ! કેમકે વીરદેવનો જીવ ગ્રૈવેયકમાં લગભગ પચીસ સાગરોપમનું દેવ આયુષ્ય અનુભવી રહ્યો છે. તે પછી પાછા બન્ને ભેગા થવાના છે.

૧૩ : અમરગુપ્ત–નંદયંતી

આજ જંબુદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રની આજ વિજયમાં ચંપાવાસ નગર છે.

અધમ દ્રોણુકનો જીવ નંદાવર્ત શેઠને ત્યાં શ્રીનંદા-પત્નીની કુક્ષીએ નંદયન્તી નામે પુત્રી તરીકે જન્મ્યો. જ્યારે ઉત્તમ વીરદેવનો જીવ ગ્રૈવેયક સ્વર્ગમાંથી ચ્યવી માણિભદ્ર શેઠને ત્યાં ધારિણી શેઠાણીનો પૂર્ણભદ્ર નામે પુત્ર થયો. હવે પૂર્ણ-ભદ્ર જ્યારે બોલતો થયો ત્યારે તેણે પહેલો શબ્દ ‘અમર’ એવો કાઢયો, સહજરૂપે પહેલું ઉચ્ચારણ આ કર્યું; તેથી બધા આશ્ચર્ય પામી ગયા. એટલે ‘અમર’ શબ્દ ઉપરથી બીજું નામ અમરગુપ્ત પ્રસિદ્ધ થયું.

‘અમર’ શબ્દનું ઉચ્ચારણ એટલે શું ? સમજાય છે ? એ જગતને અમરતાનો આશીર્વાદ છે. જગતના જીવો

અમર બનેા એ શુભેચ્છા છે, પણ માત્ર પેાતાની જાતની અમરતાની વાત નથી. 'બીજા મરેા પણ હું ન મરૂં.' "આપણે જો અમર બની ગયા તેા દુનિયા ખાંડ ખાય છે, આપણે દુનિયા મરે એની બહુ ચિંતા કરવા જેવી નથી." આવી આવી પેાતાના અમરપણાની ઘેલી ગણત્રી આ 'અમર' ઉચ્ચારણમાં નથી. કેમકે એ સ્વાર્થાંધતાની ગણતરી છે. જગતમાં કેઈ માણસેા એવી સ્વાર્થાંધતાની ગણતરી ધરાવે છે, માણસ ભેાળેા નહિ હેાય પણ ચાલાક હશે તેા કદાચ મેાંઢે આ ગણતરી બેાલી નહિ બતાવે. પણ એનેા વર્તાવ જોઇશું, એની રહેણીકરણીને તપાસીશું, તેા દેખાશે કે ભાઇને જાતની પડી છે; જગતની નહિ. ત્યારે કવિએા ય કહે છે કે એવા કીડા જેવા જીવનથી શું, કે જ્યાં પેાતાનેા સ્વાર્થ સરે એટલે પત્યું. પછી બીજાની ભલી વિચારણાની તેા વાત નહિ પણ ઉપરથી બીજાનું બગડતું હેાય તેા એ જોઇને દયા ય નહિ પણ કલેજે ઠંડક! એના કરતાં જડ જેવા દેખાતા નદીના, આમ્રના, ચંદનના, ઇત્યાદિના જીવન સારા કે જ્યાં જાતના સ્વાર્થની વાત નહિ, પણ ઊલટું જાતને તકલીફમાં મૂકીને પણ જગતનું ભલું કરવાની વાત દેખાય છે. અમરગુપ્તે પૂર્વભવેામાં આ કર્યું છે. તેા શું આપણે પણ આવા ચરિત્રેા વાંચી-સાંભળી આ કરવાનું નથી? મનને એમ થવું જોઇએ કે આવેા મહામૂલેા સમજદાર માનવભવ પામ્યેા તેા શું આ કર્યા વિના મરૂં? ના, હવે તેા જીવનમાં આવું કાંઇક સાધું કે જાતની સગવડેા ભૂલી બીજાને સગવડ કેમ મળે એ જોતેા જાઉં.

નદી જગતના મેલાં પાણી સંગ્રહીને પણ જગતને ચોકખાં પાણી આપે છે; કેઇ ખાડા–ટેકરા સહન કરીને માણસને, ઢોરને, ને ખેતરોને અખૂટ પાણી પાય છે!

આંબાના ઝાડ ઊગવાથી માંડી કેરીના ફળ આવે ત્યાં સુધી શિયાળા–ઉનાળા–ચોમાસાની ઋતુઓના ત્રાસ વેઠી, તેમ બીજુંય કેટલું સહન કરી, યાવત્ કેરી લેવા પથરા મારનારના પથરા પણ સહન કરીને સામી મીઠી કેરીઓ આપે છે!

ચંદનને જેમ બાળો તેમ જાતે બળી બળીને સામે સુગંધની મઘમઘતા આપે છે! જેમ લસોટો તેમ તેમ એ શીતલતા આપે છે!

અમરગુપ્ત અવધિજ્ઞાની મહર્ષિના જીવે પૂર્વ ભવોમાં આવો પરમાર્થ સાધ્યો છે. યાદ હોય તો, ચક્રદેવના ભવમાં ભલે પોતે ઠેઠ ઝાડ ઉપરથી આપઘાત કરવા સુધીનો પોતાનો પ્રસંગ બનાવ્યો, પણ મિત્રનું તો ભલું જ વાંછ્યું! મિત્રને ત્યાં પકડી લાવ્યા તો પોતાને મિત્રની ચિંતા થઈ! રાજા મિત્રને ભયંકર સજા કરવા તૈયાર થયો તો રાજાને પગે પડીને પોતે મિત્રને છોડાવ્યો?, પોતે બચ્યો એની નહિ પણ મિત્ર બચ્યો, એની ખુશાલી માની! શું આ? 'આપણે અમર ન રહી શકીએ એની ચિંતા નહિ. બીજા અમર રહો,'–આ હાર્દિક ઉલ્લાસવાળી ભાવના. એના અભ્યાસનો પ્રભાવ કેવો કે અહીં પહેલું ઉચ્ચારણ કરવાની શક્તિ આવી ત્યાં પૂર્ણભદ્રે પહેલવહેલો શબ્દ 'અમર' એવો કાઢ્યો! એના પર બીજું નામ અમરગુપ્ત' પડ્યું. ત્યારે જૈનધર્મ પણ એને અહીં જન્મથી

મળ્યો છે. કેમકે જૈન-શ્રાવક કુળમાં જ જન્મ છે. પૂર્વના જીવનોમાં તો જ્યારે કોઈ આચાર્ય મહારાજ મળતા ત્યારે જૈનધર્મ પામતા. અહિંયા જન્મથી જ ધર્મ મળી ગયો.

ચંદ્ર-રાહુનો યોગ :—

અમરગુપ્ત ઉંમરમાં આવ્યો. એજ નગરમાં નંદયન્તી પણ ઉંમર લાયક થઈ. ભવિતવ્યતાએ સંયોગ એવો જ લાવી મૂક્યો કે અમરગુપ્તનું નંદયંતીની સાથે લગ્ન થયું ભવિતવ્યતા કેટલી પ્રબળ ? આવું કેમ બનતું હશે ? આવા સજ્જન સાથે એવા દુર્જનનો વારંવાર સંયોગ ? આપણે કેટલીકવાર સાંભળતાં ય કંટાળી જઈએ અને અહીંયાં ભવિતવ્યતા એવો જ સંયોગ લાવીને મૂકે છે ? ગુલાબની આસપાસ કાંટા ઊભા કરી દીધા ! ચન્દ્રની પાછળ નિત્ય રાહુ બગાડી દીધો !

'આપ ભલા તો જગ ભલાનું રહસ્ય' :—

સજ્જનને વારંવાર દુર્જન પૂંઠે લાગે છે એ પણ કુદરતની-ભવિતવ્યતાની અકલ કળા છે. સમજતા નહિ કે આપણે ભલા બનવા માંડ્યા એટલે હવે આપણા પર દુશ્મનાવટ કરનારો કોઈ દુશ્મન ન રહે-અલબત, 'આપ ભલા તો જગા ભલા'ની કહેવત છે. પણ એનો અર્થ એ નથી કે કોઇ આપણી વિરુદ્ધ નહિ વર્તે.

આપણાં પૂર્વોપાર્જિત કર્મ વાંકાં હશે, કે ભવિતવ્યતા વાંકી હશે, તો આપણે ભલા છતાં આપણને દુશ્મન દેખનારા જીવો જગતમાં હશે. પણ આપણે જો ખરેખર ભલા બન્યા હોઈશું તો એની પણ દુશ્મનાવટ આપણી નજરે નહિ ચઢે.

આપણે એને દુશ્મન નહિ દેખીએ. કાંતો આપણે એને દયા પાત્ર અથવા આપણા ઉપકારી તરીકે દેખીશું.

એટલે, આપણી દૃષ્ટિમાં જો એ ભૂંડો નહિ, પણ ભલો દેખાયો તો કહેવાય કે 'આપ ભલા તો જગ ભલા.' બાકી આપણને વિઘ્ન કરનાર, આપણી નિંદા કરનાર, આપણને ત્રાસ આપનાર તો જગતમાં હોય. રાહુ અનાદિ-કાળથી ચંદ્રની પૂંઠે લાગ્યો છે. સુદ–વદમાં ચંદ્ર ઓછો વધતો કેમ દેખાય છે? નિત્ય–રાહુના યોગે. જેમ પર્વ રાહુથી ગ્રહણ થાય છે, તેમ આ નિત્યરાહુથી ચંદ્રની કળામાં વધઘટ થાય છે. ચંદ્રને તો નિત્યરાહુનો આ જુલ્મ રોજનો માથે પડ્યો. પણ તેથી શું? પોતાને પોતાનું સજ્જનતાનું કાર્ય બજાવ્યે જવાનું. લોકમાં પણ એથી જ વડાઈ છે. બાકી દુર્જનો હોવાની ચિંતા નહિ કરવાની. અમરગુપ્તના જીવની આ વિશેષતા છે. તો દુર્જન દુશ્મન ભલે જીવનમાં એમને અથડાઈ પડશે, પણ પોતે સત્ત્વશીલતાથી સજ્જનતાના માર્ગે ધપાવ્યે જશે. આચાર્ય મહારાજ સંસારી ગૃહસ્થપણે પણ સામો માણસ દુર્જન છે છતાં, એની દુર્જનતાનો પોતે ખ્યાલ નથી કરતા! પેલાની દુર્જનતા સહજરૂપે કાર્ય કરે છે! નંદયન્તી પરણીને સાસરે આવી, સ્નેહ પણ કરે છે. પણ પાછા પૂર્વનાં ખોટા કર્મ, તે ખોટી વાસના! એના આધારે અમરગુપ્ત પર પાછી ઠગાઈની બુદ્ધિ! 'કેમ એમને બનાવું....' એમ માયાથી વર્તે છે.

ઉત્તમતા–અધમતાનું માપ : કેવી વાતો પર લક્ષ :–

અમરગુપ્તે તો પોતાની સારસાર વસ્તુઓ નંદયન્તીના

હાથમાં સરળ ભાવથી આપી દીધી. ઉમદા દાગીના વગેરે ઝવેરાત પણ એને સોંપ્યું. પરંતુ નંદયંતીનો વ્યવહાર બધો જ માયાવી! અમરગુપ્ત સમજતો નથી, પણ પરિવાર-વર્ગ સમજી જાય છે કે શેઠાણી જરૂર માયા રમે છે! એટલે આવીને અમરગુપ્તને કહે છે– "આપ તો મોટા દિલના છો. પણ એમનો (શેઠાણીનો) વ્યવહાર અમને ઠીક લાગતો નથી. બાનગી ગરબડગોટા ચલાવ્યા જ કરે છે." પરિવારનું આવું આવું કથન સાંભળવા છતાં આ પૂર્ણભદ્ર એવો મોટા મનનો છે કે નોકરોની વાત પર લક્ષ નથી આપતો. કેવી વાત પર લક્ષ દેવું કે ન દેવું એ બધાનો આધાર પોતાના સંસ્કારના ઘડતર પર છે. ઉત્તમ સંગીન સંસ્કારનું ઘડતર ન હોવાથી મામુલી વાત પણ કોઈ કહી જાય તો આપણને અસર કરી જાય છે; ને ઘડતર એવું સંગીન હોય તો કોઈ મહત્ત્વની વાત રહી જાય, તો પણ કાંઈ ન થાય. આપણા હૃદયમાં કેટલી ઉત્તમતા કે અધમતા છે એનું માપ આના પર નીકળે છે કે જો સંગીન સંસ્કારના ઘડતરથી દિલ ઉત્તમ હોય તો આજુબાજુની કેટલીયે વાતો તો એમજ દરગુજર થાય! જીવનમાં એવો એક શિરસ્તો જોઇએ કે 'હું કયાં જે તે વાતો પર લક્ષ દેવા નવરો બેઠો છું?' એથી જીવનમાં પોતાના આત્માને ઉજ્જવલ નહિ બનાવતી, ઉન્નત નહિ બનાવતી કેટલીય વાતો પર ધ્યાન નહિ દેવાય. દુન્યવી જીવનમાંય એ લાભકારી છે. આજે કેટલાંક કુટુંબો સીધાં નભે છે, તે કોના પર? મોટાઓની ઘણું તો દરગુજર કરવાની ઉદારવૃત્તિ પર. અહીં નોકરો શેઠાણીની વાત શેઠને કરે છે; છતાં અમરગુપ્ત એને દરગુજર કરે છે. એના

પર વિશ્વાસ નથી મૂકતો. એ તો સમજે છે કે–"નોકરો તો કહે; નોકરોની દૃષ્ટિ કેટલી પહોંચે!...."

કુંડલ ખોવાયાં! :—પણ એ અરસામાં એકવાર નંદયન્તી રોતડ મુદ્રાએ કહે છે–"શું કરું...." પૂર્ણભદ્ર કહે છે–"પણ રોવાનું શું કામ છે? કારણ તો કહે રોવાનું."

"આપણા બધા ઘરેણામાં સારભૂત જે બહુ કીંમતી અવેરાતના કુંડલ હતાં તે ખોવાઇ ગયાં." ગપ્પું જ છે! સરાસર જુઠું જ છે! સારસાર દાગીના પૂર્ણભદ્રે નંદયંતીને સોંપ્યા છે. તેમાંથી એ કુંડલને પોતે જ ઉઠાવી લઇ આકુલવ્યાકુલતા બતાવી રહી છે. છતાં એ સંબંધમાં બીજું પૂછ્યા ગાચ્છ્યા વિના પૂર્ણભદ્ર આશ્વાસન આપે છે, "સુંદરી, એમાં શું મોટી વિસાત હતી? આટલો ઘોંઘાટ શા સારૂ? ગભરાઇશ નહિ; બીજી કુંડલ જોડી કરાવું છું." હજારોની કિંમતના કુંડલ ખોવાવા છતાં 'કેમ ખોવાયા?' વગેરે કાંઈ તપાસ કરવાની પણ દરકાર કરતા નથી. શાથી? આત્માને એવો ઘડીને આવ્યા છે કે દરકાર બીજી કોઈ વસ્તુની છે, આવી તુચ્છ જડની નહિ.

ઘરબારને ઠીક ઠીક કર્યાની શી કિંમત છે? જીવનમાં આત્માનું ઘડતર કરવાની મોટી વિશેષતા છે. બુઢ્ઢા બનીને જીવનના કાંઠે આવી ઊભેલા વૃદ્ધ બાપને એમ થાય છે કે 'છોકરાઓ માટે વહુરો; દુકાન વગેરે તો બરાબર કરી આપ્યા, પણ હવે છેવટે આટલું ઘર ઠીક બંધાવી આપું,' અથવા 'ઘર ઠીક કર્યું તો વેપાર–ઘરાકો વગેરે બરાબર કરી આપું,' જેમ ડોસાને આવું આવું થાય છે, એમ મનુષ્ય જીવને ખરી રીતે બાળપણથી એમ થવું જોઈએ

કે આજ સુધીના અનંતાકાળમાં બીજું બધું તો ઘણું ઘણું ઠીકઠાક અને બરાબર કર્યું, પણ હવે મારા આત્માને બરાબર કરતો જાઉં. ઘરબાર, ધંધો ને દુકાન, માલ ને મિલ્કત, કાયા ને કુટુંબ–એ બધું બરાબર કર્યું, ઠીકઠાક બનાવ્યું, એની જે કિંમત નથી એથી અનંત–ગુણી કિંમત આત્માને ઠીકઠાક કરવાની છે. કેવી રીતે થશે એ ? આત્માને ઘડવાથી. બચપણ અવસ્થાથી સંતાનને શિખવતા જાઓ કે જુઓ, આપણે ખાવા પીવાનું, ને પહેરવા ઓઢવાનું ઠીક ઠીક કરીએ એની બહુ કિંમત નથી. પણ કિમંત આપણા આત્માને ઘડીને ઠીક બનાવીએ એની છે. પૂર્વના લાંબા કાળથી આપણો જીવ ઊંધો ઘડાયો છે. તેથી અત્યારે આપણા જીવના ભલીવાર નથી. સ્વાર્થ સરતો હોય ત્યાં જૂઠું બોલવું ગમે છે, અનીતિ કરવી ગમે છે., તેમ બીજાનું દેખી ઈર્ષ્યા થાય છે, વાતવાતમાં જાતને માટે અભિપ્રાય, હુંપદ આવે છે, એ આત્માનું ખરાબ ઘડતર સૂચવે છે. હવે એ મિટાવવાનું છે. એ માટે લાંબા કાળ સુધી સતતપણે આત્માને ઘડવો પડશે.

ઘડતરમાં શું શું કરવાનું ? જાણો છો ? :—પહેલાં એ સમજી રાખો કે ઘડતર કેવું કરવાનું છે. કેવું એટલે કેવા પરિણામવાળું ? આગળ આપણે જોયું કે પૂર્ણભદ્ર એટલે કે અમરગુપ્ત મહાકીંમતી કુંડલ ખોવાયાને સામાન્ય ગણે છે. ત્યારે નંદયંતી માયાના ઘોર પાપ કરીને ય એવા કુંડલની બીજી જોડ મળે એને મહાન લાભ ગણે છે.

નંદયંતીનું ઘડતર જ એવું થયું છે કે તુચ્છ વસ્તુને અગર પાપાચરણની ભયાનકતાવાળી વસ્તુને પણ મહાન ગણે.

અમરગુપ્તનું ઘડતર એવું થયેલું છે કે એ કીંમતી કુંડલના ખોવાઈ જવાને નગણ્ય માને છે.

બસ! ઘડતરનું આવું પરિણામ લાવવાનું છે, અર્થાત્ ઘડતર આવું કરવાનું છે કે જેમાં જગતની વિનશ્વર સંપત્તિ સગવડો આપણને સાફ ન–ગણ્ય લાગે, અને આપણે આત્માની પવિત્રતાને અને ઉચ્ચગુણો દ્વારા ઉત્તમતાને બરાબર રક્ષી શકીએ. આ ઉપરથી સમજાશે કે ઘડતરમાં શું શું કરવું જોઈએ. કહો કે એવું એવું જ કરવાનું કે જેનાથી આત્મા પવિત્રતા અને ઉત્તમતા સિદ્ધ કરતો જાય.

પવિત્રતા માટે :—ત્યારે સમજો કે પવિત્રતાનું ઘડતર કરવા માટે ઘણી ઘણી મેલી પ્રવૃત્તિઓને અટકાવી દેવી જોઇએ. દા. ત. જાતનો સ્વાર્થ સાધવા જે માયા કપટ રમાય છે, તે હવે બંધ થઇ જવું જોઇએ. એટલુંજ નહિ પણ કેટલીય વાર અજ્ઞાન માણસ, કશું ન વળવાનું હોય છતાં, મનમાં ને મનમાં અસત્યના, અનીતિના, દુરાચારના વગેરે વિચારો કર્યે જાય છે. એથી શું બને છે? આત્મા અપવિત્ર રહે છે. મેલો ને ગંદો રહે છે. જેના વિચાર મેલા એનું મન મેલું. જેનું મન મેલું એનો આત્મા મેલો. હવે તો એ સમજ કરી લેવી જોઇએ કે ગંદા વિચારો કરવાથી શું વળવાનું હતું? પેલો રુદ્રદેવ, યજ્ઞદેવ, અનઘક, દ્રોણક, ગંદા વિચારથી શું ખાટી ગયા? વિચારો બગાડવાથી સારા સજ્જન પણ સ્નેહીના સુલભ એવા લાભ ઊઠાવી શકતા નથી, કેમકે બગડેલા મનથી આપણે એમને પ્રતિકૂળ સમજી-એ છીએ. ત્યારે વિચારો બગાડવાથી પૌદ્ગલિક પદાર્થોનો ય

નિશ્ચિન્ત અને સંકલેશ વિનાનો ઉપભોગ કરી શકતા નથી, કહે છે ને કે મન ઊંચું તો બધું લુખ્ખું. મલિન વિચારો તો આગળ જીવનસરણી પણ બગાડી દે છે.

તો પછી મારા વિચારો, મારૂં મન, અને મારો પોતાનો આત્મા મેલો કેમ કરૂં? હવે એ મેલ કાઢી નાખું; કાઢી નાખીને જપું. એ માટે બાહ્ય રોષ, રોફ, પોલીસી, પ્રપંચ વગેરેની પ્રવૃત્તિ અને આંતરિક એવી એવી વિચારણા સદંતર અટકાવી નાખું, અને એના સ્થાને સત્ય, ન્યાય, નીતિ, સરળતા, સદાચારના ભરપૂર વિચારો પૂરજોશમાં વહેતા રાખું. પ્રવૃત્તિ પણ એને યોગ્ય બનાવી દઉં.'

ઉત્તમતા માટે :—ત્યારે ઉત્તમતા માટે પણ અધમ પ્રવૃત્તિઓ અને વિચારણાઓ અટકાવવાની છે. એના સ્થાને ઉત્તમ આચરણા અને ઉત્તમ વિચારસરણી ગોઠવવાની છે, અમલમાં વહેતી રાખવાની છે. ક્ષુદ્ર માનસ, ક્ષુદ્ર વર્તાવ, અને ક્ષુદ્ર બોલ હવે બંધ થઇ જવા જોઇએ. ધ્યાનમાં રાખજો; અહીં માત્ર બાહ્ય ક્રિયા નહિ પણ અંદરનું ઘડતર કરવાની વાત પણ સાથે છે. એટલે આ બધી પવિત્ર અને ઉત્તમ આચરણ અને વિચારસરણી આત્માને સહજ જેવી થઇ જાય, એ પુરુષાર્થ કરવાનો છે. પછી તો સહેજે સહેજે પવિત્ર અને ઉત્તમ ભાવ હૃદયમાં વહ્યા કરશે. જીવનું એવું ઘડતરજ થઈ ગયું, કે જ્યાં મલિન ભાવો સહેજે ન જાગે; અધમ વિચારો સહેજે ન આવે. આ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે, આપણી જે વાત હતી કે દુનિયાના જીવોને મોટી કે કીંમતી લાગતી વસ્તુને પણ મહત્ત્વ ન અપાય, એ વાત

સહેજે બની આવવાની. ઉત્તમતા કેળવવા માટે સ્વાર્થ ભૂલવાની જરૂર છે. આપણે જાતના નહિ પણ જગતના બની જઈએ તો ઉત્તમ બનવાનો યોગ છે. એમાં પછી આપણી જાત પ્રત્યેની અનુકૂલતા પ્રતિકૂલતાની પડી નથી હોતી. જગતને અનુકૂલ કેમ કરી આપું, જગતનું પ્રતિકૂલ કેમ ટાળું એ તમન્ના રહે છે.

જિનશાસન મળ્યું તે સારા ઘડતર માટે :— ત્યારે કહો, નજીવી બાબતોને તો શું પણ મોટી બાબતો કે જે આપણી જાતને સ્પર્શે છે તેને ય દરગુજર કરવી એ શું કઠિન છે? હા, આત્માનું ખૂબ અભ્યાસથી ઘડતર જો નથી કર્યું, તો કઠિન બને. પણ ઘડતર કરાય તો પછી કઠિન નહિ. જંબૂકુમારનો આત્મા પૂર્વભવોમાં ઘડતર કરીને આવેલો હતો. તો એને અહીં નવાણું કરોડની સંપત્તિ અને આઠ અપ્સરા જેવી નવોઢા પત્નીઓ મન પરથી ઊતારી મૂકી દેતાં વાર ન લાગી. આજે જુઓ કે એવા પણ તૃપ્ત શ્રીમંત માણસો કે શ્રીમંતના છોકરાઓ છે કે જેને પોતાની મોટરમાં પણ બહુ ફરવાનો, મોંઘા ખાનપાનનો, કે કીંમતી કે ભપકાદાર પહેરવેશનો શોખ જ નથી. એને મન એનું મહત્ત્વ નથી. ત્યારે એવા તો કેઈ મધ્યમ લોકો કે ગરીબો છે કે જેને મન એટલું તો શું પણ એનાથી નીચી કિંમતનાય ખાનપાન, વસ્ત્ર–અલંકાર અને સગવડના સાધનના ભારે શોખ છે; એનું એને મન મોટું મહત્ત્વ છે; શું છે આ? ઘડતરની ભિન્નતા.

ઘડતર પૂર્વ ભવોથી જો ઊંચું કરીને આવ્યા તો

અહીં કીંમતી ચીજનું ય બહુ મહત્ત્વ નહિ લાગે. જીવનમાં નજીવા બનાવ ઉપર ચર્ચામરચાં કરવાનું તો આજે ઘેર ઘેર દેખાશે. ત્યારે થોડા જ માણસો એ રીતરસમથી દૂર રહેનારા દેખાશે. ઘડતર પર બધો આધાર છે. જીવન ઉચ્ચ માનવ ભવનું, તેય ભગવાન શ્રીજિનેશ્વર દેવના શાસનવાળું પામ્યા પછી તો ઘડતર ઊંચું કરી જ લેવું જોઈએ. એ જુઓને કે જો દુન્યવી વાત વસ્તુઓના સંયોગ વિનશ્વર છે, અનિત્ય છે, તો એની પાછળ શું તૂટી પડવું ? અમરગુપ્ત સર્વ ઘરેણામાં સારભૂત એવા પણ કુંડલ ખોવાયા ઉપર મહત્ત્વ નથી આંકતો; એના પર તૂટી નથી પડતો કે 'ચાલો તપાસ કરો, ક્યાં ખોવાયા ? ક્યારે ગયા ? કેમ ગુમાયા ?....' વગેરે. આવું કશું કરવાનું નહિ. મોટી કિંમતનાં કુંડલ ખોવાઈ ગયાનું સાંભળે છે છતાં દિલ એવું વિવેકી અને ઉદાર છે કે એ સમજે છે–"આ જડ વસ્તુ છે. આનો જે સંયોગ મળ્યો, તેમાંથી કઇ આઘુંપાછું થાય એમાં મન શા માટે ડહોળાવા દેવું ? પુણ્ય સાબૂત હશે તો બીજું મળશે, પણ બાકી આપણે શોક ને પોક જોઈએ નહિ." એટલે જ પત્નીને આશ્વાસન આપે છે કે "હું એવું બીજું કુંડલનું યુગલ કરાવી આપીશ" બસ ! હવે કેમ ? હવે શું પૂછવાનું ? સાંભળીને નંદયંતી ખૂશ ખૂશ ! અમરગુપ્તે પણ કહ્યા મુજબ બીજી કુંડલજોડી કરાવી આપી. નંદયંતી શું વિચારે છે ?– "ફિકર નહિ ! સરસ થઇ ગયું. એક કુંડલજોડી આપણને પચી !"

જગતમાં એ તો નક્કી છે કે આયુષ્ય પહોંચે ત્યાં સુધી

જીવવાનું છે; અને આયુષ્ય ખૂટયે અવશ્ય મરવાનું છે. સજ્જન દુર્જનને આ ધ્યેય સમાન છતાં જીવન જીવવાની પદ્ધતિમાં આકાશ પાતાળના અંતર પડે છે. એના એજ કુંડલ પર જ્યારે નંદયંતી જૂઠ હાંકે છે, ત્યારે અમરગુપ્ત 'કાંઈ નહિ' કહી ઉદારતા દાખવે છે; કેમકે પોતે સજ્જન છે, મહાસજ્જન છે. નંદયંતી અનેક ભવોથી નિઃશંકપણે દુર્જનતા આચરતી આવી છે. એને અહીં કોણ ફેરવી શકે? હજીય ગુરુઓ કે કલ્યાણમિત્રો ફેરવી શકે. પણ પોતાને એ દુર્જનતા ફેરવવી જ કયાં છે? દુનિયામાં સદાને માટે અગ્નિ તે અગ્નિ; અને પાણી તે પાણી એ ખરૂં, પણ માણસ અગ્નિ જેવો મટીને પાણી જેવો શીતલ ઠારનારો બની શકે છે. એ સિદ્ધ હકીકત ઉપર જ આપણે આપણા ઘડતર સુધારવાના છે. મરવાનું નકકી છે અને મર્યા પછી ઘડતર શકય નહિ એ સમજી રાખી મરવા પૂર્વે સજ્જનતાના ગુણો પ્રગટ કરવાના છે.

મન હીરાથીય વધુ કીંમતી કેમ ? :—અમરગુપ્તે જીવને જીવને એ કાર્ય કર્યું છે. તેથી જ અત્યારે એટલી બધી ઊંચી સ્થિતિએ પહોંચી ગયેલ છે કે કુંડલ ભલે કીંમતી હતાં, પણ એની ખાતર એથી પણ વધુ કીંમતી એવા મનને ડહોળાવા દેવાનું એને પોષાતું નથી ! ખપતું નથી ! જાણો છો ખરા કે મન આપણું હીરા કરતાંય વધુ કીંમતી છે ? શાથી કીંમતી ? હીરાથી બજારમાં જેટલું ખરીદી શકાય એના કરતાં મનની શુભ ભાવનાથી કેઈ ગુણ ખરીદી શકાય છે. માટે મન મહા કીંમતી છે. થોડી ક્ષણ પણ શ્રીઅરિ-

હંત પ્રભુના ધ્યાનમાં પરોવેલું મન પલ્યોપમોના સ્વર્ગીય સુખ સર્જી શકે છે, તેથી મન તો ઘણું ઘણું કીંમતી છે.

વિનશ્વર ખાતર મન ન ડહોળાવા દેવું :— એને જો જગતની વિનશ્વર વસ્તુ ખાતર ડહોળાવા દીધું તો એનું એ મન કર્મબંધન દ્વારા ભાવતરના દુઃખો જ સર્જી આપશે ! વિચાર તો એ કરવો જોઈએ કે શું મનની ડહોળામણથી વસ્તુ સુધારી શકાય છે ? જગતની વિનાશી વસ્તુ ખાતર મન ડહોળાવા દેવાને બદલે અવિનાશી એવા પોતાના શુદ્ધ આત્મા ખાતર મનને કાર્ય કરતું રાખવું જોઇએ.

જે જગત ઉપર આપણો સાંગોપાંગ અધિકાર ચાલી શકતો નથી, જે આપણા કહ્યામાં કે કબજામાં નથી, જે આપણા ગુણદોષની હાનિવૃદ્ધિ સાથે વસ્તુગત્યા સંબંધ ધરાવતું નથી, એવા જગતના પદાર્થોથી આપણું મન શા માટે ડહોળાવું જોઇએ ? આ મન ડહોળાય છે માટે જ પછી ખોટા વિકલ્પોની હારમાળા ચાલે છે; અને અનિચ્છનીય વાણી–વર્તાવ પ્રવર્તે છે. નવી પ્રજાને નાની ઉંમરથી જ જો એવા ઘડતર શીખવાડયા હોય કે 'આપણા આત્માથી પર એવી વસ્તુના ફેરફાર ઉપર મનને ડહોળાવા દેવું નહિ,' તો પછી એના ચાલુ અભ્યાસથી મોટી ઉંમરે એ કઠિન ન પડે. પણ આ તો મુશીબત એ છે કે નાની પ્રજાના સામે મોટા વડિલો જ વારંવાર ડગલે ને પગલે પોતાના મન ડહોળાઈ જતા દેખાડતા હોય, ત્યાં એ નાની પ્રજા પણ એવું જ શીખે ને ? સારૂં કયાંથી શીખે ? રામચંદ્રજી, હરિશ્ચંદ્ર અને નળ રાજા જેવા બહુ ગંભીર બાબત બની છતાં મન સ્વસ્થ

રાખીને રહ્યા ! એવી જ એમની સુશીલ પત્નીઓ હતી કે જેમણે જો કે મહેલવાસમાંથી વનવાસ સેવવા જેવો મહાગંભીર અને મહાદુઃખદ પ્રસંગ ઉપસ્થિત થયો અને વનવાસને સેવવો પડયો તોય મન ડહોળાવા દીધું નહિ. માણસની માણસાઈ શું ? પશુથી ઉચ્ચતા અને શાબાશી શી ? એજ ને કે આપણને સંપૂર્ણ આધીન નહિ એવી દુન્યવી ઘટનાઓ પર મનને ડહોળાવા દેવું નહિ ?

અમરગુપ્તે તો મન સ્વસ્થ રાખ્યું છે. પણ નંદયંતીનું મન બિમાર છે. હજી આગળ જુઓ કે એ ખોવાયેલા ગણાતા કુંડલ પકડાશે ત્યારે કેટલા ક્રૂર વિચારમાં ચઢે છે. અત્યારે તો એણે જૂનાં કુંડલ પોતાના અંગત ડાબડામાં છૂપાવી રાખ્યા છે.

એ સમજે છે કે પતિને એ ડાબડો જોવાનો અવસર જ કયાં છે ? તેથી પતિ એ સમજમાં રહે કે જૂના ખોવાયા તે ખોવાયા.

બાપથી ખાનગી જમાવટ કેમ ? :—નંદયંતી કોણ છે ? અમરગુપ્તની અત્યંત નિકટની સગી. છતાં જીવન કપટવાળું પોતાના પતિની જ સામે ! કેમ ? જગતની વિનશ્વર સંપત્તિ ખાતર ! તો આ પરથી આપણે સાવધાની એ રાખવાની કે કોઇના પણ સ્નેહી ગણાયા પછી તેની સાથે દાવપેચ ખેલનાર ન બનીએ. સ્નેહી બન્યા પછી દાવપેચ ખેલવામાં વિશ્વાસઘાતનું પાપ લાગે છે. કેમકે ત્યાં સામાને આપણા પ્રત્યે શંકાશીલ બનાવીને પેંતરો રચાતો નથી ! સગો દિકરો હશે, ને દાવપેચ કરતો હશે, તો દેખાવ એવો કરશે કે જાણે

હું તમારો જ છું ! તેથી બાપ દિકરાને દુકાન સોંપે છે. પણ ભાઇ શું કરવાના ! જુદી જમાવટ ! કમાણીમાં બાપને ઓછું બતાવવાનું. કેમ ? (૧) "હા, નથીને અવસરે બાપ સાથે ઝઘડો પડે અને જુદા થવું પડે, તે વખતે જો આપણે જુદું જમા કરીને સદ્ધર થયા હોઇએ તો વાંધો ન આવે ! અથવા (૨) 'બાનગી સટ્ટામાં અવસર બારીક આવી લાગે તો પહોંચી વળવા કામ લાગે". અથવા (૩) એમ થાય કે પત્નીને આપણે વહાલા લાગીએ. અગર એને દબાવીને રાખી શકીએ. કેમકે પત્ની ય આખર તો મનુષ્ય છે ને ? એ ય પૈસાથી અંજાય, આકર્ષાય, અને દાસી જેવી થઈને રહે. પૈસા બાપની પાસે હોય તો આ ક્યાંથી બને ? અથવા (૪) મનને એમ થાય કે "આપણી સ્થિતિ સદ્ધર હોય તો કામનું. જેથી બીજાના ઓશિયાળાં કરવા ન પડે.... સામી છાતીએ ઊભા રહી શકીએ...." આ શું છે ? બાપની પ્રત્યે વિશ્વાસઘાતનું પાપ. હજીય કદાચ પરાયા સાથે આવો પ્રસંગ ઓછો બને; પણ સ્નેહી સાથે જલ્દી બને; માટે જ આ સાચવવાનું કે "સામો સ્નેહી છે, તો આપણે એવા સ્વાર્થમાં ન પડીએ કે જેથી તેની સાથે દાવપેચની રમત કરવી પડે."

નંદયંતી પકડાઇ:—મનમાં જુદું અને બહાર બતાવે જુદું, એ ઘોર દ્રોહ છે. નંદયંતી તેવો જ દ્રોહ કરી રહી છે. પરંતુ કહેવત છે કે "પાપ પીપળે ચડીને પોકારે !" બસ. અહીંયા પણ એવું બને છે. જોગાનુજોગ નંદયંતીએ પોતાના દાબડામાં વીંટી મૂકી છે, તે અમરગુપ્ત પોતાની વીંટી લેવા ભદ્રકભાવે તે પેટી ખોલી જુએ છે. તેમાં વીંટી ઉપરાંત પેલું

કુંડલ દેખાયું ! ત્યાં સામાન્યતયા એના મનને થાય છે, "શું કુંડલની જોડ જડી ગઈ લાગે છે?" પરંતુ એટલામાં નંદયંતી જાણે ભયભીત બનીને ત્યાં આવી પહોંચી. પતિનાં હાથમાં વીંટી જોઈ. એ પરથી કળી ગઈ કે દાણડામાં કુંડલ જોયા હશે. એથી નંદયંતી વિલખી પડી ગઈ ! અમરગુપ્ત આચાર્ય મહારાજ કહે છે–"મેં એના મોં પર સંકોચનો ભાવ જોઇ લીધો. એના મનને કોઈ વધુ સંકોચ ન થાય, એટલા માટે જલદીથી હું ઘરની બહાર નીકળી ગયો. હું તો સારા હેતુથી ઘરમાંથી બહાર નીકળ્યો,પણ એને (નંદયંતીને) લાગ્યું કે "એમણે કુંડલ જોયા. તો હવે શું કરવું ? કેમકે મારી હલકાઈ દેખાઈ. વળી પાછા એ અહીંથી ભાગી ગયા. હવે જરૂર મારી વધુ હલકાઈ થવાની. કેમકે સગા–સંબંધી-ઓને જો કહેતા ફરે કે શું કરૂં... ઘરનું માણસ જ ચોર.... ને આવડી મોટી ચોરી...' વગેરે વગેરે તો જરૂર મારી બદબોઈ થશે. પરંતુ ના, એમ થાય તે પહેલાં જ એમને મારી નાંખુ. ઉપાય સીધો છે. ઉગ્ર કામણનો પ્રયોગ કરી દઉં." સીધી મારી નાંખવાની જ વાત ! શું કર્યું આણે ? પૂર્વ જીવનોમાં જેનો બહુ અભ્યાસ કર્યો છે, તેથી જ તો. પતિને મારવાનું સૂઝયું ! ઊઠીને શીઘ્રઘાતી કામણ તૈયાર કર્યું. ધણીને ખવરાવે કે તાબડતોડ પહોંચી જાય સ્વર્ગલોકમાં ! શીઘ્રતાથી મૃત્યુ થાય તેવી અનેક વસ્તુઓ એણે એકલીએ મેળવીને કામણ તૈયાર કર્યું. પતિના મનમાં કાંઇ નથી પણ જેના દિલમાં પાપ હોય તે ઊંધું જ કલ્પે એ સહજ છે. તેથી નંદયંતી ઊંધું કલ્પી હવે મારી નાખવાના વિચારે ચઢી.

મન પર ચોકી :— કેટલી ક્રૂર લેશ્યા છે ? આમાં જો આયુષ્ય બંધાય તો નરક વિના બીજું શાનું બંધાય ? એ પણ મનમાં લેશ્યાની જેટલી ક્રૂરતા, તેટલી જ નરકની ભયાનકતા ! માટે જ મન પર મોટી ચોકી મૂકવાની જરૂર છે. સમજી રાખવાનું છે કે અવસરે કાયાથી પાપ, જો પુણ્ય કાચું હશે તો નહિ પણ બને કેમકે પુણ્યની કચાશથી સામગ્રી નહિ મળે, તેથી કાયાથી પાપ નહિ થાય. પરંતુ મનમાં તે પાપ પેસાડ્યું કે ખાનાખરાબી શરૂ થઇ. શું સમજ્યા ? બહાર પાપ કરવા માટે પણ સામગ્રી મળવાનું પુણ્ય જોઇએ છે. ચોરી કરવા છતાં ધન મળે એવો નિયમ નહિ પુણ્ય હોય તો મલે નહિતર તો વગરભાડાની કોટડી મલે ! કયી ? જેલની. માટે જ માનસિક પાપ માત્ર ફોગટ જાય છે એટલું જ નહિ, પણ ઘોર કર્મબંધ અને કુસંસ્કાર થવાના નુકસાનમાં ઉતારે છે.

નંદયંતીએ પાપની માનસિક ઉગ્રતા કેળવવા માંડી ! એ જે વિચાર કેળવે છે તે કેવો ભયાનક છે, કે ઠેઠ છઠ્ઠી નરકમાં પહોંચી જાય. જુઓ એનો વિચાર "બસ જરા હોઠે અડાડે આ કામણ, કે તરતજ લાંબાપાટ થઈ જાય ! ઊઠવા જ ન પામે. મને બહાર ફજેત કરે ?.... બતાવી આપુ." શું આ ? મનની કેવળ ભ્રમણા ! કોને ખબર ધાર્યું થયું કે નહિ. પણ મનનો ધંધો કે આવી ક્રૂર વિચારણા કરે. કહો, હવે જીવ ઊંચે શી રીતે આવે ? માટે જ મન પર ચોકી જોઇએ. શ્રી કુંથુનાથજી પ્રભુની સ્તુતિ કરતા આનંદઘનજી મહારાજ કહે છે–

" મન સાધ્યું તેણે સઘળું સાધ્યું–" સંસારથી

તરવાની ચાવી આ–કે મનને તમારે વશ સાધી લ્યેા. પરંતુ "અમે મન સાધી લીધું છે." એમ કહ્યા માત્રથી ન માનું. કેમકે મન સાધવાની વાત મેાટી છે. મન લુચ્ચું છે. તે ભાસ કરાવે છે કે "હું તમારે વશ છું. તમારે જે વિચાર કરવા હેાય તે કરેા" પણ વર્તે છે તેા પેાતાની મુન્સફી પર ! એ આપણી પાસે જ નાચ કરાવતું હેાય છે. વાસ્તવિક તેા જેણે મનને સાધ્યું હશે, તેના આત્માના દેદાર જુદા હશે.

"મેં મનને સાધ્યું" એમ કહેવામાં પણ અહંકારવૃત્તિ છે. હવે 'હું બરાબર બળવાન થઈ ગયેા.' આ બેાલવામાં જે 'મેં' અને "હું" આવ્યું, તે અહંકારની વૃત્તિ છે. અને તે વૃત્તિ પણ મનનેા નાચ છે. હવે જો આત્માનેા મન પર કબજો હેાય તેા અહંકાર ન રહે, નાનકડેા અહંકાર પણ ન રહે, કે "હું જ્ઞાની ! હું તપસ્વી ! હું મનને કબજે કરનારેા ...." વળી કવિ કહે છે "ઈમ કહે સાધ્યું તે નવિ માનું–" આવું મેાઢે બેાલ્યે શું કામ લાગે ? મેાઢે બેાલેલું હું ન માનું" એટલે વસ્તુગત્યા જો મનનેા કબજો કર્યો હેાય તેા તેા કહ્યા ન કરે કે હું મનઃસંયમી, બાકી ખરેખર મન વશ કરવામાં આવે તેા એણે બધું જ વશ કરી લીધું !–મુક્તિ આખી વશ કરી લીધી ! આ વાત પ્રતિપળ હૈયે ચેાંટેલી હેાય તેા એ ખ્યાલ રહે કે 'કાયિક રીતે ભલે હું નબળેા હેાઉં–વિચિત્ર સંયેાગેામાં હેાઉં, છતાં મનને નહિ બગડવા દઉં.' દુશ્મનને લાકડી લગાવવાની છે, પણ અંતરમાં દુશ્મનનું બુરું ચિંતવવાની વાત નહિ. મનમાં તેા એ ચિંતવવાનું કે 'એનું ભલું થાએેા. એને સદ્બુદ્ધિ સૂઝેા ! વળી ફટકેા એને તેા શું લગાવું ? મારી

જાત જ ફટકાને લાયક છે. તો એને ન લગાવું ?....' મન પર કાબુ હોય તો અસદ્‌ભાવનાઓ–કુવિકલ્પો અને દુર્ધ્યાનને સ્થાન ન મળે.

(૧) **અસદ્‌ભાવનાઓ** એટલે શુભ ભાવનાઓની જે પ્રતિપક્ષી (વિરુદ્ધ) ભાવનાઓ. દા. ત. પુદ્‌ગલ પર મમત્વની વિચારણા. જગતમાં સંયોગોની કાયમીપણાની વિચારણા, જગતના સંબંધોને મહત્ત્વના માની લેવાની વિચારણા, વગેરે અસદ્‌ભાવના છે.

(૨) **કુવિકલ્પ** એટલે 'પૈસા લઈ આવું. માન મેળવું, આમ થાય તો પછી આમ કરું' વગેરે માનસિક કુવિચારો.

(૩) **દુર્ધ્યાન** એટલે આર્ત અને રૌદ્રધ્યાન. 'અહાહા ! કરોડ મળે તો કેવી મઝા !' 'અરેરે ! દુઃખ કયાં આવ્યું ? 'મિલમાલિક થઈએ તો કેવી મઝા ! જૂઠી સાક્ષી સિફતથી ભરી આવું વગેરે ચિંતન.

જો મન પર ચોકી ન રાખી અને સુંદર ભાવનાઓ મનમાં રમતી ન રાખી, તો પેલી દુર્ભાવના, કુવિકલ્પો વગેરે મનમાં રમ્યા કરવાના.

પતિને મારવા જતાં ફસી ! :–નંદયંતીએ એજ કર્યું. ઝેરનું ઔષધ બનાવ્યું, અને નક્કી કર્યું–એક ઠેકાણે લાવ મૂકી દઉં, કોઈ જુએ નહિ તે રીતે; અને પછી ગમે તે ઠગાઈ કરીને પીવરાવી દઉં !' આ રીતે કાળીલેશ્યામાં ચઢેલી નંદયંતી ઝેરનો વાટકો લઈને એકાંત ખુણામાં મૂકવા ગઈ ત્યાં સહેજે કાગનું બેસવું ને તાડનું પડવું એ ન્યાયે સહેજે આવી ચડેલા એક કાળા ફણિધરે ડફ લઈને એના પગે

ડંસ માર્યો. ઝેરનો વાટકો ત્યાં જ પડી ગયો, ને રાડ પાડીને પડી નીચે! પડતાંની સાથે–

દયાળુ અમરગુપ્તની વિરાગ - ચિંતવનાઃ— આચાર્ય ભગવંત કહે છે—"ત્યાં રુદ્રદેવ નામના પુરોહિતે મારી પાસે આવીને મને સર્પદંશનું કહ્યું, એટલે હું દોડતો ઘેર આવ્યો. ઘેર આવીને જોઉં છું તો નંદયંતીને કાળા સાપનું ઝેર શરીરમાં વ્યાપી ગયું છે, અને એ આયુષ્યને જાણે હવે સમાપ્ત કરતી પડી છે! મને કંઇ કલ્પના ન આવી કે એ શું કરવા ગઈ હશે ને શું થયું હશે? ગમે તેમ પણ હવે એને બચાવવી જોઈએ, એટલા માટે મેં ગારુડિકોને બોલાવવા મોકલ્યા. અહિંયા નંદયંતીને જોઉં છું તો એની ઘડી–બે ઘડી ગણાઈ રહી છે. એની આ સ્થિતિ જોઈ મને વિચાર આવ્યો કે–"ધિક્કાર છે આવા માયાવી ઇન્દ્રજાળ જેવા જીવતરને" અમરગુપ્ત શા માટે આમ વિચારે છે? જેના પર વિશ્વાસ રાખીને આપણે બેઠા હોઇએ એવા જીવતરનું એકાએક આવું પરિણામ આવીને ઊભું રહે છે. માટે તો "અરે! આપણા જીવને આવા વિશ્વાસઘાતી જીવતરો કયાં સુધી!" આવું આપણા મનને થાય છે ખરૂં? આપણને જીવતર મલે, કે ખુશી ખુશી થઈ જઈએ છીએ. પરંતુ ખબર નથી કે એ જીવતર ઉપર જ વિટંબણાઓનાં ઘાડાં! અને અવસરે એજ એવો દગો દેશે કે બધી ધારણાઓ ખતમ!

નંદયંતી મરે છે :— અમરગુપ્ત મહર્ષિ કહે છે કે "પત્નીની આ દશા પર આંખમાં આંસુ સાથે ગદ્‌ગદ્ કંઠે મેં પૂછયું– સુંદરી, તને શું થાય છે?....પણ નંદયંતી બોલી

શકતી નથી. સર્પનું ઝેર ચઢી ગયું છે. હવે તે જીવશે એવી આશા ન રહી. તો પણ 'ગારુડિકો કહે તે પ્રમાણ' એ વિચારમાં ગારુડિકોને જે બોલાવેલા તે આવી ગયા. મંત્રશક્તિને ધરનારા હતા. મેં તેમને કહ્યું–આ ઝેર ઉતારી આપો. પરંતુ નંદયંતીને જોતાં જ એ મારા જેવા ખિન્ન થઈ ગયા. કહે છે 'સાર્થવાહપુત્ર ! ગુસ્સે ન થતા, આને કાળસર્પનો ડંસ છે. એ મૃત્યુનો જ ડંસ છે. એવી રીતનું ઝેર વ્યાપી ગયું છે કે જે મંત્રશકિતનો વિષય નથી. મન્ત્ર માટે પણ અસાધ્ય વસ્તુ છે. અમારે તમારૂં કામ અવશ્ય કરવું જોઈએ; પણ લાચાર છીએ.' એમ કહીને ગારુડિકો ચાલી ગયા. આજુબાજુનો પરિવાર શોક–આકંદ કરવા લાગ્યો. ત્યાં નંદયંતીનું આયુષ્ય પૂર્ણ થઇ ગયું, ને મરીને છઠ્ઠી નરકમાં ૨૧ સાગરોપમના આયુષ્યવાળો નારકી જીવ થયો.

જીવનમાંથી શું સાર કાઢયો ? કલ્પનાની જાળ ને વિકલ્પોનાં કિલ્લા રચવામાં શું મલ્યું ? પ્રત્યક્ષમાં કંઇ નહિ, ને પરોક્ષમાં કલ્પનાતીત ઘોર દુઃખ ! તો આપણે સમજવું જોઈએ કે કલ્પનાઓ ઘણી કર્યે જઈએ છીએ પણ હાથમાં તો કંઇ આવતું નથી. હાથમાં તો જે ભાગ્યની ચિઠ્ઠી મુજબ આવવાનું હશે તે જ આવશે. તો ખોટી ને ખરાબ કલ્પનાઓ કરી કરીને ખાલી મગજને થકવવું તથા આત્માને પાપથી ભારે કરી દીર્ઘ દુર્ગતિના કારમા દુઃખ નોંતરતો કરવો શા માટે ?

ઉંદર સીધો જાતે સાપના મોંમાં સત્તાધીશ કર્મ :—

ભાગ્યની, કર્મની, શિરજોરી જાણો છો ? જીવ અશકય નહિ પણ શકય જણાતી એવી ધારણાઓ કરે તો પણ સત્તા

ધીશ વિપરીત કર્મ ઊંધુ વાળે છે. એક કરંડિયામાં કોઇએ સાપને પેક કરીને રાખ્યો હતો. ઘણા દિવસથી સાપ ભૂખ્યો ડાંસ જેવો હતો ત્યાં એક ઉંદરભાઈ ફરતા ફરતા આવ્યા. કરંડિયાને જોઇને વિચારે છે 'ઠીક માલ ભર્યો લાગે છે. ચાલો સારૂં ખાવાનું મળી જશે ! ને એ મેળવવાનું કામ તો આપણું જ !' એમ કરી કરંડિયાને કોચવા માંડયો. જ્યાં કોચે છે, ત્યાં જ અંદરમાં સાપ મોં ફાડીને બેઠો છે ! સાપને તો ડર લાગે છે કે શું આપત્તિ આવશે ! પરંતુ ઉંદરભાઇ તો હોંશમાં ને હોંશમાં–આખું શરીર પેસે તે રીતે સીધા જ સાપના મોંઢામાં પેઠા ! શું પરિણામ ? ફળ–મેવા ખાવાના કરેલા વિકલ્પો શું કામ લાગ્યા ? આજના હાર્ટફેઇલના કેસો એ શું છે ? કર્મની શિરજોરી. ચાનો પ્યાલો હાથમાં રહી જાય, ને જીવ ગેપ થઇ જાય છે ! ત્યાં જ્યારે ચાનો પ્યાલો હાથમાં છે તે વખતે અંદરમાં શું ગડમથલો ચાલતી હશે ? કયા વિકલ્પો રમતા હશે ? છતાં પરિણામે શું ? કર્મના દોરે દોરાવાનું. ઊંદરડાને જીવન અને ભોજનની સંભાવના છતાં કર્મની શિરજોરીમાં ભોજન તો ન મળ્યું પણ જીવનેય ગયું ! મૃત્યુ મળ્યું ! ત્યારે કર્મની મહેરબાનીમાં સર્પને જીવન–ભોજન બેયની આશા નહિ છતાં, ઉંદરડો સીધો મોંમાં આવ્યો ? અને એજ રસ્તે સાપને કરંડીયામાંથી છૂટકારો મળ્યો !

ખૂબી જુઓ કે પાછા મનોરથો પણ જીવને કેવા સૂઝે છે ? તમે એવા મનોરથો ઘડી રાખ્યા છે ને કે " અહીંથી ૧૧ વાગે જઇશ....આ કરવું છે–તે કરવું છે....ત્રીજી સાલે છોકરીનું લગ્ન કરવું છે....પાંચમે વર્ષે કનૈયો મોટો થશે.

એનું લગ્ન...."વગેરે ? પણ એવા એવા મનોરથો નહિ કે "ચોમાસી બેસે કે–"બ્રહ્મચર્ય લઈ લેવું છે....પછી બારવ્રત લઇ લેવાં છે....પછી સંઘ કાઢવો છે....પછી ઉજમણું ....ને પછી ચારિત્ર !" આવું બરૂં કે નહિ ? "ના, એવું મહારાજ તમને સોંપ્યું. તમે બધું છોડીને બેઠા તે બધું તમને પાલવે...." જો આમ કહેતા હો, તો સમજી રાખો કે પાપ વિકલ્પ ગમે તેટલા કર્યા; પરંતુ કરેલા પાપના વિકલ્પોથી કાર્ય બરઆવવાનું તે નક્કી નહિ, પણ એ વિકલ્પોથી પાપનો ઘરબમ જબ્બો તો અચૂક વધવાનો. માટે જ જ્ઞાની કહે છે "અરે ! કરવાનું તો પછી, પણ ભાવના તો સારી રાખો ! **भावना भवनाशिनी** !"પરંતુ માનસિક કૃપણતા ભાવના નથી ભાવવા દેતી. કૃપણને હાથે જેમ પૈસા ન બર્ચાય તેમ આ સારી ભાવનાઓ માટેનું કૃપણ મન સારી ભાવનાએ ન રમવા દે. ત્યારે આ કેવો સુંદર અવતાર મળ્યો છે કે જ્યાં મનથી સારાં કે નરસાં, જેવાં નાટક રચવાં હોય તેવાં રચી શકાશે. માનવના આ મનથી સારામાં સારૂં ય નાટક રચી શકાય; અને બરાબમાં બરાબ પણ રચી શકાય જુઓ બષાઢાભૂતિએ બાલી નાટક રૂપે દેખાડેલી ભરત ચક્રવર્તીની ભાવનાઓએ પણ પાંચસો રાજકુમારને સંસારથી ઉભા કરી દીધા, સાચા સાધુ બનાવ્યાં.

બષાઢાભૂતિનું નાટક

કોલ–ભંગ–થવાથી :— બાષાઢાભૂતિ બણગાર મટી નાટકિયાની છોકરીઓમાં ફસાયેલા. પરંતુ પાછા જાગ્રત થઈ ગયા ફસાતા પહેલાં છોકરીઓ પાસે બાષાઢભૂતિએ કોલ

લીધેલો કે તમારે માંસ–મંદિરાનો ઉપયોગ નહિ કરવાનો. પરંતુ આ બે છોકરીઓએ એકવાર જાણ્યું કે 'આષાઢાભૂતિ તો નાટક કરવા ગયા છે, તો ચાર કલાક લહેર કરી લ્યો દારૂ પીઓ! માંસ ખાઓ! એમ કરી બંને ખાઈ–પીને પડી મસ્ત થઈને! આષાઢાભૂતિ ગયા' તા તો નાટક કરવા, પણ કારણસર નાટક બંધ રહેલું હોવાથી તુરત પાછા આવ્યા. ઉપર ચઢયા. ત્યાં જુએ છે તો બંને સ્ત્રીઓ ભાન ભૂલી બની છે; પહેરેલા કપડાનાં ઠેકાણાં નથી! મોં પર માંખીઓ બણબણે છે! મદિરાની દુર્ગંધ મારી રહી છે! પાછી કાંઇક ઉલટી થઇ હશે, એમાં માંસ પણ નીકળ્યું હશે. ત્યાં આષાઢાભૂતિ વિચારે છે–"અરેરે! જેનાં પર પ્રેમમાં આંધળો થઈ ભવોભવની પીડ મીટાડી દે તેવા મહામૂલા ચારિત્રને મેં કોરે મૂકયું, તે અભાગિણીઓ આ કોટિની? કે મારૂં એક વચન પણ ન પાળી શકી? અરે! આ તે કેટલી વિશ્વાસઘાતિની અધમ હૃદયની? કેવીક કજાત? ક્યાં રહ્યો એનો મારા પર પ્રેમ? તો હું જ પાગલ કે એના પર પ્રેમ કરૂં છું? આ કજાતોના પનારે પડયો રહ્યો છું? ધિક્કાર છે મને!" વૈરાગ્ય ઝળહળી ઊઠયો માનશો નહિ કે એકલા આષાઢાભૂતિને જ આવો પ્રસંગ આવે, દુનિયામાં ડગલે ને પગલે એવા પ્રસંગો છે, કે જે વિવેકથી વિચાર્યા હોય તો આત્માને વૈરાગ્ય ઉપજાવ્યા વિના ન રહે પરંતુ એ વિચારવા હૈયું સતેજ જોઈએ.

આષાઢાભૂતિનું હૈયું જાગ્રત થઈ ગયું છે, "આ ધંધા કર્યા તમે? આ તમારી કબુલાત? ધિક્કાર છે તમને! જાઓ, હવે હું ચાલ્યો."–એમ કહી ઊતરી પડયો નીચે. જ્યાં નીચે

ઉતરવાનો ધડમડ-ધડમડ અવાજ થયો. ત્યાં કોઈ દિવસ નહિ ને આજે આ રીતે આષાઢાભૂતિને ઉતરતો જોઈ છોકરીઓનો બાપ વિશ્વકર્મા ગભરાઈ ગયો! પૂછે છે-"શું થયું ?"

"શું પૂછો છો ? કજાતની જાત. કહેલું માન્યું નહિ. જાઓ, ઉપર જઈને જુઓ એ તમારી લાડકીઓના રંગ!"

"પણ હું સમજાવું છું...." કહેતોક વિશ્વકર્મા ઉપર ગયો છોકરીઓને લાત મારીને કહે છે. "ઊભી થાઓ ઊભી! અભાગણીઓ! આ ચાલ્યો તમારો કંત! આમ પડી રહેશો તો પતિ ગુમાવશો, અને ભૂખી મરશો તે જુદું,"

બસ, સ્વાર્થ! દરેકને પોતાના સ્વાર્થની વાત. "ભવિષ્યમાં આ આપણને સંભાળનાર છે. માટે રોકો એને." આ સ્વાર્થનો સોદો છે. એમ નહિ કે "ભાઈ ભૂતકાળમાં એમણે અમારૂં ખૂબ કર્યું છે, માટે હવે એમને બેસવા દો. આપણે એમની હવે સેવા કરીયે." ના, એ શાનું ? બીજાનો વિચાર શું કામ કરીએ ? અમારા વિચારમાંથી ઊંચા આવીએ ત્યારેને ?

વિશ્વકર્મા છોકરીઓને તમાચ મારી ભાનમાં લાવે છે. "જાઓ, પતિને પગ પકડીને ઊભો રાખો." છોકરીઓ આવી નીચે.

પગમાં પડીને કહે છે-"ક્ષમા કરો, નાથ! અમારી ગંભીર ભૂલ થઈ ગઈ છે....હાય! કેવી અમારી નાલાયકી!...." એમ કહેતાં કહેતાં તો આંખમાંથી શ્રાવણ ને ભાદરવો! આંસુની ધાર વહેવા માંડી બસ, કરુણ હાવભાવ ને કાલાવાલા શરૂ કરી દીધા! "અરેરે! રાંકડી અમે અમારે તમારો

જ આધાર તમે જશો તો અમારૂં શું થશે?"

પરંતુ આષાઢાભૂતિ કહે છે–"બસ બ્લાસ; કરારનો ભંગ કર્યો, માટે હવે ન રહું."

છોકરીઓએ જોઈ લીધું કે આ જવાના જ તેથી છેલ્લો એક પાસો નાખ્યો, કહે છે "નક્કી જવાના ? તો છેવટે અમારી આજીવિકાનું તો કંઈક કરતા જાઓ!" બંને છોકરીઓ જાણે છે કે આ કલાબાજ છે. એક નાટકમાં નાણાંનો ઢગ થઈ જાય! આષાઢાભૂતિને છેવટના દાક્ષિણ્યથી એમ થયું "ઠીક ત્યારે એક નાટક કરીને જાઉં. પણ એવું નાટક કરૂં કે જે મને અને બીજાને પ્રેરણા આપી જાય!"

નાટક મહાબલેશ્વરનું કે સિદ્ધિગિરિની ભાવનાનું–

આપણી વાત નાટક પર હતી. જેવું નાટક રચવું હોય તેવું નાટક માનવનું મન રચી શકે છે. ઉનાળો છે.... મહાબલેશ્વર જાઉં બંગલો લઉં; હવાં ખાઉં,.... બસ મઝા!" આ દુન્યવી નાટક! આ રીતે સિદ્ધિગિરિ અંગેય માનસિક સર્જન કરી શકાય. " ચાલો સિદ્ધિગિરિ જઈએ....યાત્રાઓ કરીએ.... દાદાને ભેટીએ.... જીવનનો અનુપમ લ્હાવો લઈ લઈએ...." જ્ઞાનવિમલસૂરિજી મહારાજ કહે છે કે

" ઘેરબેઠાં પણ એ ગિરિ ગાવે રે,
શ્રી જ્ઞાન વિમલ સુખ પાવેરે,
નાગર સજ્જન રે કોઈ."

'ઘેર બેઠાં' કેવી રીતે ? " સાક્ષાત્ જાણે સવારે ઉઠીને પહોંચી ગયા તળેટીમાં. આ જાણે સામે દેખાયો ગિરિરાજ....

ચઢવા માંડયા ઉપરને કલ્પે છે કે અહિયાં તો ગણધર ભગવંત શ્રી પુંડરિક સ્વામી સાથે પાંચ ક્રોડ મુનિ કાઉસ્સગ્ગમાં ઊભા છે! ને આ બીજી બાજુ તો દ્રાવિડ ને વારિખિલ્લ દશ ક્રોડ મુનિ સાથે ઊભા છે! અણસણ ઝુકાવી દીધા છે! ....વાહરે વાહ! કેવો સરસ પતિત પાવન ગિરિરાજ!....બસ હું ય બનું સાધુ! અહીં ઝુકાવું અનશન!....” આમ ભાવનામાં તો જો સંઘયણ યારી આપે તો અવસરે ક્ષપકશ્રેણિ લાગી જાય. પરંતુ આ આપણને નથી સૂઝતું! હા, મહાબલેશ્વર સૂઝે છે! સંઘ-સાધર્મિ નથી સૂઝતા, પણ હું, ગોરાણી, ને ગગો! એ સૂઝે છે. આષાઢાભૂતિને થયું કે એવું નાટક રચું કે જે નાટક મને હવે મહાન પુરુષાર્થી બનાવી જાય! બસ, ભરત-ચક્રવર્તીનું જ નાટક ભજવવાનું કે આરિસાભવનમાંથી જ કેવળ લઈને બહાર નીકળાય!” વિશ્વકર્માને કહે છે “એક નાટક ભજવી આપીને જઈશ. રાજાને કહી દો કે ‘ભરત ચક્રવર્તીનું નાટક ભજવવું છે! પાંચસો રાજપુત્ર મદદમાં જોઈએ”

નાટકની તૈયારી :—રાજાને કહ્યું-“આવું આવું મહાન ભરત ચક્રવર્તીનું અલૌકિક નાટક રચવું છે, કે જે આપે અને આપની પ્રજાએ આજ સુધીમાં જોયું ન હોય! પરંતુ તેમાં ચક્રવર્તીના દિગ્વિજય અને દબદબા માટે પાંચસો રાજકુમારો જોઇએ.” રાજા આષાઢાભૂતિને ઓળખે છે કે એ કેવો કલાબાજ કારીગર છે! પાંચસો રાજકુમારો રાજાએ મેળવી આપ્યા. બસ હવે આષાઢાભૂતિનું જ કામ! રોજની તાલિમ આપવી શરૂ કરી દીધી. થોડા વખતમાં તો પાંચસોય

રાજકુમારોને આબેહૂબ પ્રસંગ ભજવનાર અજબ ખેલાડી બનાવી મૂક્યા. અંતિમ રીહર્સલ (પૂર્વ–પ્રયોગ) પણ કરી લીધું. રાજાને નિવેદન કર્યું કે 'નૂતન નાટયપ્રયોગ તૈયાર થઈ ચૂકયો છે. હવે ભજવવાની આપની આજ્ઞા જોઈએ.' રાજા તરફથી દિવસ નક્કી કરાયો. પ્રજામાં જાહેરાત થઈ ચૂકી કે 'ગજબ નાટયકાર આષાઢાભૂતિ એક અપૂર્વ જ નાટક બતાવનાર છે, તેનું નામ છે ભરતચક્રવર્તી.

જો જો આ કોનું નાટક છે? ચક્રવર્તીનું. એટલે સરંજામ બરાબર તૈયાર કર્યો છે. રંગમંડપ મોટો ઊભો કર્યો છે. વિશાલ મંચ પર અનેક પ્રકારે ભપકાદાર ચિત્રોનાં પડદા ગોઠવી દીધા છે. બીજા પણ કેટલાય રોનકદાર દેખાવોના પડદા તૈયાર રાખ્યા છે કે જે વચમાં વચમાં નાટકના પ્રસંગને અનુરૂપ રચના આબેહૂબ કરી શકે. વળી બધી જ જાતના પ્રસંગો બરાબર ભજવી શકાય એ માટે રાજકુમારોને નિષ્ણાત બનાવી દીધા છે. પ્રેક્ષકવર્ગમાં રાજા, રાણી, અમલદાર અને પ્રજાજન યોગ્ય સ્થાન ગોઠવાઇ ગયાં છે, ત્યાં હવે આષાઢાભૂતિ નાટક ભજવવાનું શરૂ કરે છે.

નાટકના પ્રસંગો : ભરતનો દિગ્વિજય :—

એક પછી એક પ્રસંગો રજુ થવા માંડયા. ચક્રવર્તી ભરતની કુમારાવસ્થાનો કાળ, બાહુબલ સાથે ગંગાની રેતીમાં ખેલવું, બાહુબલ રમતમાં દડાની જેમ ભરતને ઊંચે ઉછાળે છે, ને પાછો ઝીલી લે છે....એક પછી એક પ્રસંગો ભજવાતા ચાલ્યા. લોકોને જોવામાં રસ ઘણો છે. પછી તો ભરત વગેરે સૌ ભાઇઓના જુદા જુદા રાજ્ય પર રાજ્યાભિષેક

થયા. આમાં ભરતને પછીથી ચક્રરત્ન ઉત્પન્ન થયું. તે ચાલ્યા, હવે ભવ્ય તૈયારી સાથે દિગ્વિજય કરવા માટે. ચક્રરત્ન આગળ છે; પાછળ મોટા લશ્કર સાથે ભરત છે. ગજદળ, હયદળ, રથદળ, પાયદળ, એમ ચાર પ્રકારનું સૈન્યનું પ્રયાણ ધરતી ધ્રુજાવી રહ્યું છે! જ્યાં છાવણી પડે ત્યાં એક દેશ જેવો દેખાવ બને છે, છ ખંડ જીતવાના છે. વૈતાઢય પર્વતની આજુબાજુના ત્રણ ખંડ અને પેલી બાજુ ત્રણ ખંડ, પહેલા આ બાજુના એકેક રાજ્યોને જીતતા ચાલ્યા. કયાંક તો સામેથી રાજા નમતા આવે છે. કયાંક લડાઈ આપે છે. એવા ભિન્ન ભિન્ન પ્રકારના દૃશ્યોમાં અંતે ભરતની હકુમત સ્થાપિત થાય છે એમ કરતાં વૈતાઢય પાસે આવીને દેવની આરાધના કરી ગુફા ખોલાવે છે. એમાં થઈને બીજી બાજુએ જઈ ત્રણ ખંડ જીતે છે. એ બધા ભરતના વૈભવ પરાક્રમના દૃશ્યો શા માટે બતાવાય છે? આગળ અંતે ખરૂં તો એ બતાવવું છે કે 'આવા વૈભવી-પરાક્રમી આત્મા પણ જીવનની દિશા કેવી બદલે છે! આવાઓ પણ જીવનની સફલતા શેમાં ઉતારે છે! મહાવૈભવ અને મહાપરાક્રમના પુણ્યોદયવાળા પણ જો મહા-વૈરાગ્યમાં ચઢે, જો મહાત્યાગી બને, તો સામાન્ય સ્થિતિવાળાએ તો જરૂર ત્યાગ વૈરાગ્ય લેવો જ જોઈએ. એવાને ત્યાગ વૈરા-ગ્ય ખૂબજ શકય છે. આવું આવું કંઈક બતાવવું છે તેથી પૂર્વ ભૂમિકામાં ભરતના મહાવૈભવ પરાક્રમ દેખાડે છે.

૯૯ ભાઇઓનો સંસારત્યાગ : રાજ્યાભિષેક : વૈરાગ્ય :— હવે ભરત છ ખંડ જીતીને અયોધ્યામાં પાછા આવે છે. પણ ત્યાં ચક્રરત્ન શસ્ત્રશાળામાં પેસતું નથી, બહાર

ઊભું રહે છે. મંત્રી કારણમાં કહે છે 'આપના નવાણું ભાઈઓ આપની આજ્ઞા નીચે નથી માટે આજ્ઞા મનાવો, એ વખતે ભરત ઘસીને ના પાડે છે. 'ભાઈઓ સાથે મારે ઝગડવું નથી.' ત્યાં મંત્રી યુકિતથી ભરતને સમજાવી લે છે કે આ તો એ અભિનંદન કરવા નથી આવ્યા એટલે એમને વિનય-વિવેક શિખવવાનો છે, તેથી ભાઈઓ પર દૂત મોકલે છે, 'મોટા ભાઈના મહાન દિગ્વિજયના ઉત્સવમાં આપે હાજર રહેવું જોઈએ. નિકટના સગા કુટુંબીઓની હાજરી ન હોય તો દુનિયામાં કુળનું કેટલું ખરાબ દેખાય !... વળી પિતાજીની ગેરહાજરીમાં મોટાઓએ નાનાઓ ઉપર પિતા જેવો વાત્સલ્યભાવ દેખાડવો જોઇએ. તેમ નાનાઓએ મોટાની આજ્ઞામાં રહેવું જોઈએ....' વગેરે વગેરે કહેતાં આજ્ઞા માનવાનો આદેશ આપી દીધો. ત્યાં અઠ્ઠાણું ભાઈઓ રાજ્યત્યાગ અનેસંસારત્યાગ કરી જાય છે. ત્યારે નેવાણુંમા બાહુબલ સાથે ભરતનો મહાન સંગ્રામ મચે છે. એમાં પણ બાહુબલ જીતમાં છતાં યુદ્ધ વચ્ચે સાધુ બને છે. ભરત પગમાં પડી ખમાવે છે. તે પછી ચક્રવર્તી તરીકે ભરતનો બાર વર્ષનો રાજ્યાભિષેક ચાલે છે. ત્યાં પછી રોજ રાજદરબારે સાધર્મિકો ભરતચક્રીને સંભળાવે છે. 'તમારો આત્મા (મોહથી) જિતાયેલો છે. (ભવવૃદ્ધિનો) ભય વધે છે. (પોતાના આત્માને) હણો નહિ, હણો નહિ !' આના પર ચક્રવર્તી વૈભવવિલાસમાં મનમાં વૈરાગી રહે છે. એક પછી એક ચમત્કારિક અને કદી નહિ જોયેલા ભવ્યતાભર્યા પ્રસંગો જોઈને રાજા ને પ્રજા ખુશ ખુશ થઇ ગયા છે.

ભરત આરિસાભવનમાં:—ત્યાં તો હવે ભરત ચક્રવર્તીનો વેશ ભજવનાર આષાઢાભૂતિ ચક્રવર્તીના પૂર્ણ ઠાઠમાઠ સાથે ૫૦૦ મુકુટબદ્ધ રાજાઓની પંક્તિની સલામી ઝીલતા આરિસાભુવનમાં જઈ રહ્યા છે. ૫૦૦ રાજકુમારોને પણ એમ જ લાગી રહ્યું છે કે 'અમે ખુદ ચક્રવર્તીની જ તહેનાતમાં છીએ!' આરિસાભવનની રચના થઈ ગઈ છે, ચક્રવર્તી ભરત ત્યાં પહોંચી આરિસામાં પોતાની શોભાને નીરખી રહ્યા છે. ત્યાં એક આંગળી પરથી વીંટી સરકી પડી! વીંટી વિનાની આંગળીને ચક્રવર્તીએ આરિસામાં જોઈ. એથી ચોંકયા!

અરે! આ શું આંગળી કેમ સાવ બેડોળ દેખાય છે? ઓહો! આ એક વીંટી નીકળી ગઈ, તેમાં આંગળી આવી ફિક્કી લાગે છે! તો શું આ શરીરની પોતાની કોઈ શોભા નહિ? આ બધી શું ભારૂતી શોભા? લાવ જોઉં એકલું શરીર કેવું'ક લાગે છે!' એમ કરી શરીર પરથી એક એક આભૂષણ ઉતારતા જાય છે, અને એના વિના અંગોની થતી નિસ્તેજતા જોતા જાય છે, સાથે વૈરાગ્ય ભાવનાના અંતરના ઊંડા સંવેદનો પ્રગટ કર્યે જાય છે. દુઃખિત હૃદયે બોલે છે, "ઓહો! આ તો બધું નકલી જ દેખાય છે! બધું અનિત્ય અને વિશ્વાસઘાતી?....મારી તો કોઈ શોભા જ નથી દેખાતી! જેની શોભા દેખાય છે તેય વિનશ્વર! તો, અરે મૂર્ખ જીવ! અવિનાશીને મૂકી તું આ વિનાશીમાં ફસાઈ ગયો? પુદ્ગલના અનિત્ય રંગમાં તું નિત્ય એવો આત્મા કયાં ફસાઈ પડયો!!" પાંચસો રાજકુમારોને એવી સ્થિતિમાં લાવી મૂકયા છે કે એમને તો સાચે જ એમ લાગે છે કે 'ઓહો!

આ ચક્રવર્તી શું ખોટું વિચારે છે ? વાત ખરી છે ગમે તેવો મોટો વૈભવ, પણ એક દિ' એણે કે આપણે ઊડી જવાનું !' ભરતની ભાવના એકીટસે રાજકુમારો એવા ભાવમાં ચઢી સાંભળી રહ્યા છે, " અરે મૂરખ જીવડા ! તને એમ લાગતું હોય કે હું બધા પર હકુમત ચલાવી દઉં ! તું શું હકુમત ચલાવતો' તો ? તારા પર ઘણા દુશ્મનો હકુમતો બજાવી રહ્યા છે. મહાન કર્મસત્તા, મોહની સેના, શરીર, ઇન્દ્રિયો વગેરેની હકુમત છે. આ બધા જડ સંયોગો પુણ્યને જાણે કહી રહ્યા છે કે 'પુણ્ય ! તું ચક્રવર્તીને શું ઊંચે ચઢાવતો હતો, અમે તેને જોતજોતામાં નીચે પટકી દઈએ તેટલી વાર છે !' જીવ ક્ષણભર પણ પરલોકને સુધારવાની યાવત્ આત્માના સામ્રાજ્ય સર કરવાની કોઈ વિચારણા કરતો નથી ! ને આ સ્નેહીથી બીજો સ્નેહી, આ ખાનપાનથી બીજું ખાનપાન, આ દેહથી બીજો દેહ,....કૂતરાની જેમ હડિયો કાઢે છે ! આરંભ-પરિગ્રહના પાપમાં જીવન બરબાદ કરે છે ! એકી કલમે જ્યાં બધું સાફ, ત્યાં નિરાંત શી ? શું મારું ? આ કાયા પણ મારી નહિ. કોની સાથે આસંગ–આસક્તિ કરું ?...' એકેકી ભાવના એવી લલકારવા માંડી કે ત્યાં રાજકુમારો તો વૈરાગ્ય –તરબોળ જ થઈ ગયા. કેમ જાણે ભરતને મહાવૈરાગ્ય થઈ ગયો; કેવળજ્ઞાન થયું અને ઉપરથી દેવો ઊતરી આવ્યા ! વેષ આપ્યો !....આષાઢાભૂતિ – ભરતે તે પહેર્યો, અને એ તો નીકળ્યા બહાર ! ત્યાં પાંચસો રાજકુમારો ય સાધુ બની ચાલ્યા આષાઢાભૂતિની પાછળ ! ત્યાં રાજા ઊભો થઈ ગયો. રાજકુમારોને કહે છે, ' અરે ! એ તો નાટકિયો

એટલે જાય, પણ તમે ?....” પાંચસો કહે છે “હોય નહિ, એ નાટકિયા નથી. એ તો ખરેખરા સાધુ છે! અમે એમની પાછળ જ સાધુ છીએ. જેવું ભજવ્યું તેવા બન્યા છીએ.” આપણી વાત હતી કે મન બન્ને પ્રકારનાં નાટક રચી શકે છે. આષાઢાભૂતિના સંસર્ગમાં એવી ભાવના રાજકુમારોના મને ખેલી કે એ સાચા સાધુ બની ગયા! કહે છે કે ત્યાર પછી એ નાટક ફરી ભજવવાનું બંધ કરાવવામાં આવ્યું.

નંદયંતી નરકે : અમર અમર :—સર્પદંશથી નંદયંતી માયાના પાપમાં મરીને છઠ્ઠી નરકમાં ગઈ. પતિ પૂર્ણભદ્ર (અમરગુપ્ત) શુભવિકલ્પોને કરનારા છે. તો એમને જીવન પર તિરસ્કાર છૂટ્યો; અને મોક્ષની એવી અભિલાષા વધવા માંડી કે સંસાર ઘોર, અસાર લાગવા માંડ્યો. જેના પરિણામે એમણે સ્નેહીઓને કહી દીધું કે “જુઓ, જેવી આ નંદયંતીની દશા, એવી આપણી પણ કેમ ન થાય? માટે હું તો જાઉં છું....” એમ કહીને અમરગુપ્તે બહાર નીકળી જઈ ચારિત્ર લીધું. ઘોર તપ-સંયમ-સ્વાધ્યાયની સાધના કરી, ગુરુસેવાની સાધના કરી, અને આચાર્ય બન્યા. આગળ વધીને એમના અવધિજ્ઞાનાવરણ તૂટ્યાં; અવધિજ્ઞાન પ્રગટ થયું! અને એ જ હવે અવધિજ્ઞાની મહર્ષિ અમરગુપ્ત આચાર્ય મહારાજે પર્ષદામાં પોતાના ભવ કહ્યા.

રાજા અને લોકોના મનમાં પણ આ સાંભળી વૈરાગ્ય પ્રગટ થઈ ગયો. રાજાનું હૈયું ગદ્‌ગદ્‌ થઈ ગયું. એટલે પૂછે છે, “ભગવંત! આગળ પર શું થશે?” અવધિજ્ઞાનીએ કહ્યું, “નંદયંતીનો જીવ છઠ્ઠીમાંથી નીકળી અનંતકાળ સંસારમાં

ભટકશે ! ઘોર વિટંબણા પામશે ! અનંતકાળ પછી સંયમ પામી–પાળીને કેવળજ્ઞાન પામશે ! મારો આજ જીવનમાં મોક્ષ થશે.” શું ? અમરગુપ્ત અમર બની જશે. આ સાંભળીને એજ પર્ષદામાં રહેલા ધર્મઘોષને વૈરાગ્ય વધવાથી તેમણે અનેક નગરજનો સાથે ચારિત્ર લીધું. આગળ વધીને આચાર્યપદ પામ્યા. એજ ધર્મઘોષ આચાર્ય મહારાજ સિંહકુમારને કહે છે–“આ મારૂં વૈરાગ્ય પામવાનું કારણ છે.”

સમરાદિત્ય કેવળી મહર્ષિ બીજે ભવે સિંહકુમાર રાજપુત્ર તરીકે આ રીતે અવધિજ્ઞાની અમગુપ્ત મહર્ષિનું ચરિત્ર સાંભળી લે છે. એથી એમને શી અસર થાય છે તે આગળ જોઈએ.

અમરગુપ્ત આચાર્ય મહારાજનું જીવન સંપૂર્ણ

* * *

પ્રકરણ ૧૦ :
સંસારમાં સુખ છે ?

સિંહકુમારને વૈરાગ્ય :—ધર્મઘોષ આચાર્ય મહારાજને વૈરાગ્યમાં જે નિમિત્ત હતું, તે અમરગુપ્ત આચાર્ય ભગવંતનું ચરિત્ર સાંભળીને સિંહકુમાર કહે છે–“ ભગવાન્ ! આપના નિર્વેદનું કારણ ઘણું સુંદર !” પહેલાં સિંહકુમારને જે લાગતું હતું કે આવી નાની ઉંમરમાં અને પુણ્યશાળી સ્થિતિમાં સંસાર કેમ છૂટે ? તે હવે સોમાના ભવથી માંડી ચક્રદેવ, અનઘક, અનંગદેવ વગેરે....યાવત્ અમરગુપ્તના ભવ

સુધીની રોમાંચક કથની સાંભળી લાગે છે કે, "બરાબર છે, સંસાર વૈરાગ્ય આવે તેવો જ છે." પોતાના દિલમાં વૈરાગ્યની આ વસ્તુ બરાબર ઠસી ગઈ.

જેને સાચા સમજદાર જીવ કહીએ તે જીવો અભણ હોય ત્યાં સુધી જિજ્ઞાસા રાખે. પણ જિજ્ઞાસાને તૃપ્ત કરતાં તેવો ખુલાસો–વિચારણા જો મળે, તો પછીથી એનો સ્વીકાર એવો કરી લે કે પૂર્વગ્રહ ખત્મ ! કોઈ કુતર્ક કરવાની વાત નહિ. જે સાચા સમજુ હોય તેની આ રીતિ હોય છે. પણ જે અજ્ઞ–સુજ્ઞની વચ્ચેની દશામાં છે, તેને તમે સમાધાન આપો એટલે એના પર એને પથરો ફેંકવા જોઈએ ! કેવી રીતે કુતર્ક લગાવે, ખબર છે ? એમ કહેશે "શું આ ચરિત્ર સાંભળીને એકદમ દીક્ષા લઈ લેવી ? હા, કોઈકના જીવનમાં તેવું બને. પરંતુ એવું કયાં ચરિત્રમાં આવ્યું કે, ધર્મ જાણ્યો કે તેજ વખતે દિક્ષા લઇ લેવી ? એ તો પહેલા ગુરુ મળ્યા ....ધર્મ મળ્યો....શ્રાવક બન્યા....સંસારમાં રહ્યા ને પછી દીક્ષા લીધી....અને તમે તો કહો છો ચરિત્ર સાંભળીને તુરત જ વૈરાગ્ય થઈ ગયો ! પણ એ કેમ બને ?" આવા આવા કુતર્કો ઉઠાવનારા ઘણા મળે. પણ સિંહકુમારે એ ચરિત્ર સાંભળ્યું ને વૈરાગ્ય થયો.

સિંહકુમારના પ્રશ્ન :—

સિંહકુમાર આગળ પ્રશ્ન કરે છે—

ભગવંત ! જે ચારગતિ રૂપ સંસાર છે તે ગતિઓ કયી કયી છે ?

'તેમાં કેવાં શારીરિક ને માનસિક સુખદુઃખ છે ?

'અને એવા સંસાર કારાગારમાંથી છોડાવવા માટે કયો ધર્મ સમર્થ છે?'

ત્રણ પ્રશ્નો છે. એમાં પહેલો ગતિઓ અંગેનો; બીજો એની સ્થિતિનો, અને ત્રીજો સમર્થ ધર્મનો. શું?

ધર્મ સંસારથી છોડાવવા સમર્થ જોઈએ. નહિતર જગતમાં ધર્મો તો ઘણા છે. બીજા બજારોની જેમ ધર્મોનો પણ બજાર છે. શું એમ કહેવાય કે જેનું નામ ધર્મ તે સંસારથી છોડાવે જ? ના, જેનું નામ લાડુ તેનાથી ભૂખ મટે, એવો નિયમ ખરો? ના, ધૂળનો જ લાડુ બનાવ્યો હોય તો? જેનું નામ રૂપિયા તેના ૧૬ આના આવે? ના, નકલી સીસાનો રૂપિયો હોય તો ન આવે. એવી રીતે જેનું નામ ધર્મ, તે સંસારથી છોડાવી મોક્ષ અપાવે જ એવો નિયમ નહિ. ઊલટું એવો કોઈ નકલી ધર્મ હોય તો અવસરે સંસારને લાંબોલચક કરી આપે! સાચો ધર્મ જ મોક્ષ અપાવવા સમર્થ હોય છે. આજના સમાનતાવાદીને બધા ધર્મો સરખા કરવા છે! બની શકે જ નહિ સરખા. કાચ અને હીરા સરખા થાય? સાચી વસ્તુની નકલો હોય, તેમાં ખરી કિંમત અસલની જ હોય, નકલની નહિ. માટે સમર્થ ધર્મ કયો હોય તે માટે સિંહકુમાર પ્રશ્ન પૂછે છે.

ત્રણેના ઉત્તરમાં ધર્મઘોષ આચાર્ય મહારાજ કહે છે "સાંભળ, વત્સ! પહેલા પ્રશ્નના ઉત્તરમાં તો નરક, તિર્યંચ, મનુષ્ય, ને દેવ એ ચાર ગતિઓ છે.

સંસારમાં સુખ થોડું ય છે?:—

"પણ બીજા પ્રશ્નમાં 'આ જગતમાં પ્રાણીઓ કેવા પ્રકા-

રના સુખદુઃખ ભોગવે છે,' તે પ્રશ્ન અણસમજનો છે. કેમકે વચ્ચે 'સુખ' જે ઘાલ્યું, તે શું તું સંસારમાં સુખ જુએ છે? જે સંસારનાં જન્મ, જરા, ને મૃત્યુની કાયમી પીડાઓ છે, ચમરબંધીને પણ આ પીડા જે અનુભવવી પડે છે;–'હમણાં ક્ષણ પૂર્વે ઈન્દ્ર! કરોડો દેવતા એની હકુમતમાં! ક્ષણ પછી પણ મરવાનું નક્કી!' અને બીજે જનમવાનું નક્કી! જન્મીને ઘરડા થવાનું નક્કી! આ પીડા જ્યાં માથે બેઠેલી જ છે, ત્યાં સુખ? વળી રાગાદિ દોષોથી જ્યાં જીવ જકડાયેલો છે, કોઈ ને કોઈ દોષ પ્રતિપળે જીવમાં જાગ્રત્ હોય છે, રાગ નહિ તો દ્વેષ, લોભ નહિ તો રતિ, રતિ નહિ તો શોક....આ બધા દોષો જ્યાં જીવને મજબૂત રીતે કોટે વળગેલા છે, આવી સ્થિતિમાં તું સુખ માને છે? અને જગતના વિષયોરૂપી ઝેરથી જેની ચેતના ઊડી ગઈ છે, એવા જગતના જીવોને તું સુખી હોવાની વાત કરે છે? **न किंचि सुहं** સુખનું તો નામનિશાન નથી, ને દુઃખનાં પોટલાં પડેલાં છે! જન્મ, જરા અને મૃત્યુની કારમી પીડાઓ વચ્ચે સુખ શું?

પ્ર૦—જન્મ પછી મૃત્યુ આવે તેના વચલા ગાળામાં તો સુખ ખરૂં ને?

ઉ૦—"ના, જેમ કોઈ માણસને નવેંબરની પહેલી તારીખે ફાંસીની સજા ફરમાવાઈ હોય કે 'ડીસેમ્બરની પહેલી તારીખે ફાંસી થશે," પછી તે નવેંબરના વચલા ગાળામાં પકવાન્ન વગેરે લહેરથી ખાઈ શકે ખરો? ભલે મોટો શ્રીમંત હોય, બંગલા–બગીચા બધું હોય પણ જો રાજદ્વારી ગુનામાં

સપડાઈ ગયો ને ફાંસીની સજા થઈ; તો હવે શ્રીમંતાઈ ભોગવવા પર આનંદ હોય? ના, ભય છે આગામી ફાંસીનો બસ, તેવો ભય અહીંયા લાગી જાય, જન્મ થયો કે મૃત્યુની ફાંસી નક્કી થઈ ગઈ! અરે એમ માનો કે આ શહેર પર પાકિસ્તાની સર્જાઈ, ગુંડાઓ માણસોને કાપવા માંડ્યા છે, તો શું આપણે નિરાંતે બેસી શકીએ? કતલ ચાલુ છે, રોજ ૫૦-૧૦૦ની કતલ થઇ રહી છે. તો? હોશકોશ બધા ઊડી જાય ને? તો આજે દુનિયામાં ય રોજ કેટલાયના ઉપર મૃત્યુ તૂટી પડે છે. તો એવા મોતના ભયમાં આપણને સુખ શુ?"

જ્યાં વાસના છે, વિકાર છે ત્યાં સુખ નથીઃ—

પરંતુ, એવાય જેણે હૃદય કઠોર કરી દીધાં છે કે 'આવશે ત્યારે જોયું જશે!' તે પૂછે છે કે તે વચ્ચેના ગાળામાં તો સુખ ખરૂં ને? ના, રાગાદિ દોષોએ જેને જકડી લીધો છે તેને શાનું સુખ? રાગાદિ દોષોમાં તો હૈયાહોળી છે. ખરી રીતે વિષયોમાં સુખ નથી, પરંતુ રાગ સુખનો ભાસ કરાવે છે. કિન્તુ રાગ કર્યો માટે જ દુઃખને નોંતરું મળે છે. જ્યાં રાગ કર્યો ત્યાં વાંધો-વચકો આવી દુઃખ કરે છે. સુખ તો તેને છે કે જેને વાસના કે વિકારો નથી; રાગ કે દ્વેષ નથી, ભોગ કે રોગ નથી; લોભ કે ક્રોધ નથી. જેને વાસના છે તેને લોલુપતા છે, "સારૂં સંઘરી લઉં!" સારૂં-મીઠું ખાઈ લઉં! સારૂં ભોગવી લઉં!" આવી જેને તૃષ્ણા છે તેને સુખ નહિ પણ વિકલ્પોની વિટંબણા અને ભારોભાર હાયવોય હોય છે!

પ્રકૃતિ : વિકૃતિ :-

મહાત્માઓને ઉપસર્ગ આવ્યા. મારાઓ એમને કહે છે 'અમારા રાજાની આજ્ઞા છે માટે તમારી જીવતાં ચામડી ઉતારી લેવી છે; તો એ મહાત્મા સારું માને છે. કહે છે "તારે ચામડી જોઇએ ? ખુશીથી લઈ જા ભાઈ ! તારો રાજા તો ભાઇ કરતાં ભલેરો ! કેમકે અમને પૂર્વના પાપથી છોડાવનારો બન્યો." આજે મુંબઈમાં કરોડોપતિ ઘણા છે ને ? પણ એમાંથી નિવૃત્ત કેટલા ? કોક. મોટો ભાગ હજી દોડધામવાળા ! કેમ ? કહો વાસનાના પાપે ! જાગતો કાળ બધો હાયવોયનો ! સૂતા પછી ભાગ્ય હોય તો શાંતિ, નહિતર ઊંઘમાંય લવે ! "હાય, ઈન્કમટેક્ષવાળાની ધાડ છે...પેલું આમ બગડી ગયું...." વાસના છે ત્યાં હાયવોય છે; ને વિકાર છે ત્યાં લોલુપતા છે, ભારે ચિંતાઓ છે. વિકાર છે એટલે આત્માની અસ્વસ્થતા છે. આત્માની સ્વસ્થતા તેને 'પ્રકૃતિ' કહેવાય,ને અસ્વસ્થતાને 'વિકૃતિ' કહેવાય. સ્વસ્થતામાં શાંતિ, તત્ત્વચિંતન અને આત્મરમણતા આવે. અસ્વસ્થતામાં અતત્ત્વની ગડમથલ આવે. હર્ષને શોકના વિકાર આવે. મદિરા પીધેલાના ચાળા તે વિકાર, હેં હેં હેં હુહુહુ....કરે ! ભલે જેન્ટલમેન હોય. પણ દારૂ પીને કરે છે શું ? એ જ ! નાચવાનું ને કૂદવાનું. એ ચાળા એટલે વિકાર. તેમ અહીં મોહના દારૂ પીધેલાના પ્રેમના, દ્વેષના હર્ષના ઉદ્વેગના, ખડખડ હસવાના-પોક મૂકીને રોવાના, વિકાર-ચાળા હોય. આમાં સુખ ક્યાં ? પછી મૂઢતાને લઈ દુઃખને સુખ માને એ કાંઈ પ્રમાણ નથી, બાકી વાસના અને વિકારમાં સુખ નથી.

મહેમાનને વળાવવા :—

શ્રાવક આ સમજતા હોય છે. તેથી ગંભીર પ્રસંગમાં પણ ચિત્ત સ્વસ્થ રાખે છે. એક પ્રસંગ બનેલો છે. મહારાજે વ્યાખ્યાનમાં મોડા આવેલા એક ભાઈને વ્યાખ્યાન પછી પૂછયું "કેમ મહાનુભાવ ! આજે કંઈ મોડા ?"

શ્રાવક કહે, "સાહેબજી મહેમાનને જરા વળાવવા ગયો તો !" પચીસ વર્ષનો જુવાનજોધ છોકરો મરી ગયેલો. તેને સ્મશાનમાં અગ્નિસંસ્કાર કરીને પછી નાહી-ધોઈને વ્યાખ્યાનમાં આવેલા; તેથી સહેજ મોડું થયેલું. પરંતુ આંખમાં એક આંસુનું બિંદુ પણ નહિ; અને વ્યાખ્યાનમાં આવી બેઠેલા ! કેમ ? જિનવાણી સાંભળવા. વિકારી હૈયાને, કષાયથી સળગી ઊઠેલા હૃદયને આજે વીતરાગની વાણીના અમીછાંટણાં નહિ જડે ! પરંતુ ઉપરથી બેસવા આવેલા બીજા વિકારીઓથી પીરસાતી થોકની થોક લાહ્યો જડે છે. બળતા પર ગ્યાસતેલ ! આવેલાં શું કહે ? "છોકરો મરી ગયો ? આહા ! છોકરો તો રતન જેવો હતો....આંધળાની લાકડી...." એમ કરીને ઓછું રોતાને પોકેપોક મુકાવે. પાછું આ એક ઊઠીને જાય કે બીજા ચાર ભેગા થાય ! કેમ આવ્યા છો ? "બેસવા !" બેસવા કે રોવડાવવા ? એથી સામાના હૃદયમાં સળગેલી કષાયની અગ્નિમાં ગ્યાસતેલ નાખવાનું થાય ! એટલે પછી શું થાય ? ભડકા ! આ વિકાર છે. હસો તે પણ વિકાર ! રાજી થાઓ તેય વિકાર ! ને નારાજ થાઓ તે પણ વિકાર ! ફૂલો તેય વિકાર, અને કરમાઓ તે પણ વિકાર ! આ વિકારની જાળમાં સપડાયેલો જીવ માને કે હું સુખી'

તો શું એ ખરેખર સુખી છે ? વિષયના વિષથી જેનું ચૈતન્ય હણાઈ ગયું છે, તે શું સુખી ? આપણામાં ચેતના છે તે તોજ ખીલે કે જો વિષયનું ઝેર પીવા ન લઈએ તો. વિષય એટલે દુનિયામાં ઇન્દ્રિયને પસંદ કોઈ પણ કીંમતી કે મામુલી પદાર્થ. તે લીધો કે ચૈતન્ય ખલાસ ! એક ભમરીનો ડંસ લાગતાં પણ "ઓહ" થાય છે. તે 'ઓહ' થતાં જ બધુ ભુલાય છે ! દશ લાખની કેશ ગણી રહ્યો હોય; ગણવામાં મસ્ત હોય, પણ પાછળથી ડાંસનો ચટકો લાગતાં ક્ષણવાર બધું જ ડૂલ ! તેમ અહીં જીવ જ્યાં વિષયમાં ચૈતન્ય ગુમાવી દે કે પોતાના સાચા સુખની ઝાંખી દૂર. પછી અહીં દુઃખ છતાં માને કે હું સુખી. તો શી રીતે સુખી ? "મન હી મેં વૈરાગી ભરતજી." કોણ ભરત ? જેની પાસે લાખો ઘોડાઓ છે, લાખો હાથીઓ છે, કરોડો ગામ, ને કરોડોનું પાયદળ લશ્કર છે એવા તે ભરતજી વિરાગી હતા કેવી રીતે ? તે સમજતા હતા કે "આ જગતના પદાર્થો અમારા આત્મામાં સોંસરૂં ઝેર નાખી નાખીને શુદ્ધ ચેતનાનો નાશ કરી દે છે." જેમ કોઈ અબજપતિને ઝેરી જીવ કરડતાં ઝેર ચઢે છે, તો તે વખતે તે સુખી ખરો ? ન કહેવાય સુખી. તેમ ખાતાં ટેસ આવે છે, રેડીયો સાંભળવાની મઝા આવે છે તે વખતે અંતરનું ચતન્ય હણાય છે, તો સુખી ગણાઈએ ?

સુનંદામાં લુબ્ધ :—રૂપસેનનો જીવ સાપ થઈને સુનંદા રાણીની સામે આવ્યો. સુનંદાને દૂરથી જોઈ કે ખુશ ખુશ થઈ ગયો. અલબત એને એ ખબર નથી કે "આ દેખાય છે તે પેલી જ સુનંદા, કે જેણે મને નોંતરૂં આપેલું

'તું આવજે, આપણે મઝા કરશું' તો પોતે મળવા નીકળ્યો હતો. પણ વચ્ચે ભીંત તૂટી પડી ને પોતે મર્યો હતો." આ વાત કંઈ યાદ નથી. પણ મરતાં પહેલાં એક વાત યાદ રહી ગઇ હતી કે 'કેવું સરસ એનું માખણ જેવું મુલાયમ અને ગુલાબ જેવું ગુલાબી મુખ! બસ, દેવાંગના જેવું રૂપ! અને હું એને સ્પર્શી શક્યો નહિ!' આ દુર્ધ્યાન મરતાં થયું, તો મરીને સીધો ગયો એજ સુનંદાના ગર્ભમાં! ત્યાંથી મરીને થયો સર્પ! અને આવ્યો સુનંદા સામે ભેટવા. તો હવે કહો કે સુનંદાનું સુંદર રૂપ જોઈને રૂપસેનના જીવ સર્પને આનંદ થયો કે નહિ? તો એટલું તો સુખ ખરૂં કે નહિ? શું રાખનુ સુખ? મોં સારૂ લાગ્યું કે થયું 'હવે આના ખોળામાં ભરાઈ જાઉં!' એમ કરીને દોડયો સામે. સામેથી સાપ દોડતો આવતો જોઈ રાજકુમારી ગભરાઈ ગઇ. ને ધૂમ પાડી ઊઠી. પહેરગીરો ઉઘાડી તીક્ષ્ણ તલવાર લઇને દોડી આવ્યા પરંતુ સાપને તેનું ભાન જ નથી! એને તો ભાન છે માત્ર "કેવું સરસ રૂપ! એના ખોળામાં ભરાઈ જાઉં; અને એ મને વહાલથી પંપાળે." આ શું છે? એક રૂપની ઘેલછામાં પોતાના ચૈતન્યને હણી રહ્યો છે. ભાન ગયું કે ઉઘાડી તલવારને જોવાનું ગયું! તેથી આંખ મીંચીને દોડવાનું! ત્યાં તરત જ ખટ કરતો પહેરગીરે ઝટકો લગાવી દીધો! સાપના બિચારાના એક ઝટકો ને બે ટૂકડા! કહો વચલા ગાળાનું સુખ ખરૂં?

જગતનાં પદાર્થો આત્મામાં એવી મોહિનીના ઝેર નાખે છે કે એમાં ચૈતન્ય હણાઈ જાય છે. તેથી માનવજીવનનાં

કર્તવ્ય વિસ્મૃત થઈ જાય છે, અને જંગલી પશુની જેમ જગતના પદાર્થો પાછળ દોટ મુકાય છે ! કર્તવ્યાકર્તવ્યનું ભાન નથી રહેતું.

આજના કાળે પરમાત્માના અબોડ શાસનની અને ધર્મધુરંધર સદ્‌ગુરુઓની પ્રજાને પિછાન ન રહી તેથી એક જ વાત પ્રજાના માનસમાં ભમી રહી છે. 'જગતના પદાર્થો કેમ ખૂણ લઈ આવવા ખૂણ ભોગવવા ....તે લાવતાં ભોગવતાં જે કરવું પડે તે કરવાનું !' આ શું છે? ચૈતન્ય લુપ્ત, નિશ્ચેતનપ્રાયઃ તેના આ ચાળા સૂઝે છે. એટલે આચાર્યમહારાજ સિંહકુમારને કહે છે "જે સંસારમાં જન્મ-જરા-મૃત્યુની અનંતી-પીડાઓ છે, રાગદ્વેષની પીડાઓના ભયંકર તોફાન છે, જડ પદાર્થોના ઝેરના સંસર્ગથી ચૈતન્યનો નાશ થાય છે, તે સંસારમાં શું સુખની વાત કરે છે ? એમાં સુખ કાંઈ નથી ને દુઃખના પોટલાં ભરેલાં છે?' ત્યારે પૂછો ને કે,

પ્ર. :—'આમ લાગે છે તો બરાબર; પણ પાછું દુનિયામાં અનુભવ જોવા જઈએ છીએ ત્યાં ધારો કે એક માઇલ ચાલ્યા .. થાક લાગ્યો, ત્યાં કોઈની મોટર મલી ગઈ ! એણે આપણને એમાં બેસાડ્યા ને જ્યાં જવું હતું ત્યાં પહોંચાડ્યા ! તે પણ 'શેઠ સાહેબ' કહીને માનપૂર્વક પહોંચાડ્યા. ત્યાં હૈયે હાશ ! થાય છે. અથવા ધારો કે ભૂખ લાગી હતી....બબર હતી કે ખીચડી-દૂધ મળશે. પરંતુ તેના બદલે બાસુદી-પુરી મલી ગયા તો મહાઆનંદ સાથે ગળે લપલપ ઊતરી પડે છે! ભાઈસાબને બજારમાં પાંચ રૂપિયા મળવાની માંડ આશા હતી,

પણ પાંચ લાખની લોટરી લાગી ગઈ તો ત્યાં અવર્ણનીય આનંદ ઊભરાય છે !' આ બધું જોતાં શું સંસારમાં સુખ નથી ?

ઉ. :—આ પ્રશ્નનો ઉત્તર આચાર્ય મહારાજે સિંહકુમારને આપેલા એક દૃષ્ટાન્તથી સમજાશે.

સંસારમાં સુખની ઘેલછાનું એક દૃષ્ટાન્ત :— એક માણસ ખૂબ દરિદ્ર દશામાં આવી ગયેા. પૈસા ખોવાઈ ગયા. આમાં નવાઇ નથી. પૈસાને લાવવા માટે બહુ પરિમિત ધંધા મળે છે; પરંતુ જવા માટે ઘણા રસ્તા છે ! વ્યાપારમાં લોહી ઉકાળી ઉકાળીને પૈસા ભેગા કર્યા હોય ત્યાં એક તરફ કનૈયાને ટાઇફોઇડ લાગુ પડયેા, બીજી બાજુ નોકર ઘરમાંથી ધાપ મારીને રવાના થયેા, ત્રીજી તરફ દેશમાંથી મનિઓર્ડર મંગાવે છે ! ચેાથી તરફ ઘરમાં જ આગ ફાટી !.... પૈસા જતાં શી વાર ?

પેલેા માણસ દરિદ્રતાથી કંટાળી ગયેા. તેને થયું કે, 'ચાલ આ દેશને જ મૂકવા દે. અહીં ભીખ પણ કેમ મંગાય ?' એમ વિચારી, સારામાં સારેા દેશ નક્કી કરીને નીકળ્યેા. પરંતુ નસીબ બે ડગલાં આગળ તે વચ્ચે માર્ગ ભૂલ્યેા. એવેા કે ઘીચ જંગલમાં જઈ ચઢયેા. મોટમોટાં જંગી ઝાડ ! ભયાનક અટવી ! એટલું જ નહિ પણ ત્યાં પાછા વિચિત્ર ચિચિયારી પાડતાં શિકારી પશુઓ ! વાઘ–વરુને ચિત્તા !.... આમેય આ દરિદ્ર તેા હતેા જ, તે ભૂખ–તરસથી પીડાયેલેા છે; ફાંફાં મારતેા આગળ જઈ રહ્યેા છે. ચાલેલેા ઘણું, થાક ઘણેા લાગ્યેા છે. પરસેવાથી રેબઝેબ થઈ ગયેા છે. અધુરામાં પુરૂં ચારેકેાર નજર નાંખે છે ત્યાં કેાઈ દિશા સૂઝતી નથી.

સૂરજ પણ વાદળમાં છુપાઈ ગયો છે. આશામાંને આશામાં આગળ ચાલે છે. પરંતુ ત્યાં અચાનક પાછળ જુએ છે તો ભયંકર મોટો હાથી, રંગે કાળો વાદળ જેવો, ગર્જારવ જોરદાર કરતો આવી રહ્યો છે; જંગલના પશુ-પંખીઓને ત્રાસ પમાડી દે એવી ગર્જના ! એ સૂંઢ ચારેકોર ઉછાળતો આ માણસની પાછળ ધસી રહ્યો છે. એ દરિદ્ર ગભરાઈને મૂઠીઓ વાળીને દોડયો. એમ કરીને આગળ દોડે ત્યાં તો એક ભયંકર રાક્ષસી જોઈ. હાથમાં તલવાર, વિકરાળ મોં, જીભડી મોટી બહાર કાઢેલી; ક્રૂર અટ્ટહાસ્ય કરે છે ! આ માણસને આ જોઈને મૃત્યુનો ભયંકર ભય લાગી ગયો ! તેથી બીજી દિશા તરફ દોડતો દોડતો જાય છે. ત્યાં દૂર એક વડનું ઝાડ જોયું. ઓહો ! પાછળ પેલો હાથી છે, એક બાજુ રાક્ષસી છે....બચવું શી રીતે ? મૂઠી વાળી જેટલું જોર હતું તે કાઢીને દોડયો. વડના ઝાડ નજીક આવી પહોંચ્યો. વડનું ઝાડ ઊંચું છે. ઉપર ચઢી શકાય એમ નથી; આ ચિંતામાં તેણે એક વસ્તુ જોઈ કે આ વડના ઝાડ પાસે એક કૂવો છે, કૂવામાં વડની ડાળીઓ નમેલી છે. બસ, તે પકડી લઉં ઠેકડો મારીને ! તો બચી જવાશે. એમ વિચાર કરતાં જ એ તો કૂદ્યો. કૂવામાં કૂવાની વચ્ચે લટકતી ડાળીઓને વળગી પડવા. એક ડાળી હાથમાં આવી તો ખરી, પણ હવે કૂવામાં નીચે જુએ છે તો એના હોશકોશ ઊડી ગયા ! કૂવામાં ચાર સાપ ભીંતોમાંથી ફણાને ધુણાવતા ભયંકર ફૂત્કાર કરી રહ્યા છે; ઝેર ઉડાડે છે; જીભના લપકારા કરે છે. ઝેરની અસર ઉપર પહોંચે છે. તેમાં વળી બીજો એક મોટો અજગર પડયો છે. એ તો એનું જંગી મોંઢું

ફાડીને પડયો છે કે 'ક્યારે આ પડે ને એને ગળી જાઉં !' એની રાહ જ જોઈ રહ્યો છે ! ઉપર જોયું તો જે ડાળીએ પોતે લટકયો છે તે ડાળીને બે ઉંદર કાતરી રહ્યા છે. એક ધોળો ઉંદર છે ને બીજો કાળો ઉંદર છે. અધુરામાં પુરૂં જ્યારે ડાળીને પોતે વળગ્યો ત્યારે ડાળી પરનો મધપુડો હાલી ઊઠયો અને માખીઓ ગુસ્સે થઈને આને ચટકા મારવા માંડી !

હાથી કાંઠે આવીને ઊભો છે. ને વિચારે છે કે 'શિકાર હાથમાંથી ગયો. પણ એમ શાનો જવા દઉં ?' એટલે એણે ઝાડના મુખ્ય થડને સૂંઢમાં ઘાલીને ઝાડ હચમચાવવા માંડયું ! ત્યાં તો પેલી રાક્ષસી પણ આવી પહોંચી ! આ બધા દુઃખો વચ્ચે પણ એક સુખ થયું ! પેલા મધપુડામાંથી મધનું બિંદુ ટપકતું આ માણસના હોઠે આવ્યું. આણે પણ જીભ કાઢીને સ્વાદ લીધો, 'બહુ મીઠું હોં !' એમ મનમાં થયું !

અહીં ધર્મઘોષ આચાર્ય મહારાજ સિંહકુમારને પૂછે છે, "બોલ સિંહકુમાર, આ માણસને સુખ ખરૂં કે નહિ ?" સિંહકુમાર કહે છે " પ્રભુ, અમને તો એની કલ્પના આવતાં જ કંપારી છૂટે છે ! ત્યાં કોઈ મધનું ટીપું તો શું, પણ મધના કુંડેકુંડ પીવરાવવા આવે તો પણ અમે કહી દઈએ કે આના કરતાં તો ભાઇ ! તારાથી બને તો અમને આ દુઃખથી બહાર કાઢે તો જિંદગીનો ઉપકાર માનશું !" પરંતુ આ માણસ તો જીભડીના લપક લે છે !

અહીં તો ગ્રંથકાર વૃક્ષને જ મોક્ષની ઉપમા આપે છે. પણ બીજે વિદ્યાધરનું વિમાન બતાવ્યું છે એ હિસાબે ત્યાં એક વિદ્યાધર-વિદ્યાધરીનું વિમાન આવ્યું. વિદ્યાધરીને

દયા આવતા વિદ્યાધરને કહે છે કે "આ માણસને બચાવો." વિદ્યાધર કહે છે–" આ અયોગ્ય છે."

"ના ના, તમારે બચાવવો નથી માટે આયોગ્ય કહો છો."

" સારૂં, તારે જેવું હોય તો જો.' એમ કહી વિદ્યાધર વિમાનને પેલા માણસની નજીક લાવી કહે છે, "મહાનુભાવ ! આ વિમાનનાં તારા પગ મૂકી દે. તને અમે સારા સ્થાનમાં લઈ જઈએ."

ત્યાં પેલો માણસ કહે છે. "ભાઈસાબ, તમારી વાત તો ખરી છે. પણ આ જે મધનો સુંદર સ્વાદ આવે છે, તે હમણાં ચાખી લેવા દો. હમણાં આ છોડવાની મારી ભાવના નથી." ઘોર દુઃખની વચ્ચે એક બિંદુનું સુખ એવું એને ગમી જાય છે કે બીજી લાખ સારી વાતો આવે, પણ તેને પેલું બિંદુનું સુખ લાવી આપનાર વિટંબણાના પોટલા છોડવા પાલવતા નથી !

બસ ! આવો ગમાર જીવ તેજ સંસારી જીવ. દરિદ્ર પુરુષ એજ આપણો જીવ ! સંસાર અટવીમાં ભૂલો પડયો છે. તે ભૂલો પડયા પછી, તેની પાછળ મૃત્યુરૂપી હાથી પાછળ પડયો છે; અને જરાવસ્થારૂપી રાક્ષસી પણ આક્રમણ કરી રહી છે. વડના ઝાડ ઉપર યા વિમાનના શરણથી દુઃખમાંથી મોક્ષ છે. પણ તે મોક્ષના વૃક્ષ પર ચઢવા વિષયાસકત માણસો સમર્થ નથી. મનુષ્યપણું એ કૂવો છે; અને ચાર કષાયરૂપી ચાર સર્પો તેમાં રહેલા છે. એ સર્પોનું ઝેર જેને ચઢે તેની શુદ્ધિ બુદ્ધિ ન રહે ! કાર્યાકાર્યનો વિવેક ન રહે. નીચે અજગર તે દુર્ગતિ છે. વિષયમગ્ન જીવ મરે કે ગળવા તૈયાર. કેમકે

વિષયના વિષમાં મોહી ગયેલાને તે વિના બીજી સારી ગતિ જ નથી ! પેલી વડવાઈ તે આયુષ્ય છે. તેના પર બેઠેલા કાળા પોળા ઉંદર તે શુકલ-કૃષ્ણપક્ષો છે. એ ઉંદરો સતત આયુષ્યને કાપી રહ્યા છે. શરીરે ચટકા ભરતી ભમરીઓ તે આધિ-વ્યાધિઓ છે, અને પેલું મધનું ટીપું એ ઇન્દ્રિયોના વિષયના તુચ્છ સુખો છે. એ ભોગવવા દરિદ્ર જીવ મસ્તાન છે ! આવી સ્થિતિમાં સપડાઈ ગયેલો ડાહ્યો હોય તો એ મધના ટીપાનું સુખ લેવા ઊભો રહે ? કે ઝાડ પર ચઢી જાય ? કે વિમાનમાં બેસી જાય ?

ઉપદેશ :—માટે આચાર્ય મહારાજ સારાંશ કહેતાં કહે છે—"હે સિંહકુમાર ! વિષયના સુખોને ચપળ સમજીને, ભયંકર સમજીને અને મનુષ્ય જીવનને વિજળીના ઝબૂકા જેવું સમજી, સ્વજનોના સુખ અતિ ચંચળ જાણીને, યુવાનીને અસાર જાણીને,—સુખના નિધાનભૂત એક ધર્મ વિષે જ દૃઢ મતિ રાખ. નહિતર જો ફસાઈ જઈશ તો ઊંચો નહિ આવી શકે. સંસારનાં સુખો મધુબિંદુ જેવાં છે. મૂઢ જીવ એ તુચ્છ સુખના લોભમાં આજુબાજુની પીડાઓ ય ભૂલી છેવટે ભયંકર પીડામાં પડે છે. માટે એક ધર્મને જ આરાધી લેવા જેવો છે."

પ્રશ્ન બીજો : ધર્મ કયો સમર્થ છે :—આવા સંસારમાંથી, તેના ત્રાસ-દુખમાંથી છોડાવવા આ સાધુ ધર્મ જ સમર્થ છે, એ કહી પછી સાધુનો સુંદર ક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ બતાવ્યો. એમાં તપના ભવ્ય બાહ્ય-અભ્યંતર

ભેદ બતાવ્યા. સંયમના સત્તર ભેદ બતાવ્યા. હિંસાદિ પાપોનો ત્યાગ, ક્ષમાદિ દ્વારા ચાર કષાયોનો વિજય, મન વચનને કાયાના અશુભ વ્યાપારોનો ત્યાગ,... વગેરે વિસ્તૃત રીતે કહી બતાવ્યું. એ સાંભળીને સિંહકુમાર ઊભો થઈ ગયો ! પૂછે છે,

"પ્રભુ, અદ્‌ભુત વાણી ! આપે અપૂર્વ તત્ત્વોનો સુંદર પ્રકાશ આપ્યો ! પરંતુ, ભગવંત ! આટલા ઉચ્ચ યતિધર્મ સુધી પહોંચવાની શક્તિ ન હોય તો બીજો કોઈ રસ્તો છે? બીજી કોઈ રીત છે ?"

આચાર્ય ભગવાન કહે છે, " હા છે. સમ્યક્‌ત્વમૂલક બારવ્રતનો ધર્મ છે." એમ કહીને સમ્યક્‌ત્વ અને બાર વ્રતોને સમજાવ્યા.

ત્યાં હાથ જોડીને આ સમરાદિત્યનો જીવ બીજે ભવે સિંહકુમાર કહે છે "કૃપા કરીને ભગવંત ! મને એ સમકિત-મૂલક બાર વ્રતો આપો." શું છે આ ? પહેલો જ પ્રસંગ, ને એક જ દેશના, છતાં બાર વ્રતો લઈ લીધાં ! ધ્યાન રાખજો જો મનમાં 'સંયમ લેવું જ જોઈએ' એ બેસતું નથી તો સમકિત પણ નહિ. મોક્ષનો અંતિમ માર્ગ માત્ર ચારિત્ર, એ જો મનમાં બેસતું નથી ને વૈરાગ્ય વધતો નથી તો સમકિતમાં ફાંફા છે ! સમકિત એટલે વિષયો પ્રત્યે હાર્દિક વૈરાગ્ય ! ઝળહળતો વૈરાગ્ય ! સિંહકુમારમાં એ છે; તો તુરત વ્રતો અંગીકાર કરી લીધાં. લઈને, ગુરુમહારાજની સેવા ભક્તિ કરીને સિંહકુમાર ઘેર ગયો.

* * *

પ્રકરણ ૧૧ : અગ્નિશર્મા પુત્ર તરીકે

રાજમહેલમાં જઈને પત્ની કુસુમાવલીને સિંહકુમારે બધો બનેલો અધિકાર કહી સંભળાવ્યો. એટલે ? સંસારના ચૌદ રાજલોકના કૂવામાં ફેંકવા માટે સંબંધ બાંધેલો નથી લાગતો. પણ ચૌદ રાજલોકના શિખરે ચઢાવવાનો સંબંધ બાંધ્યો લાગે છે. તો જ આવી વાત કહી શકાય. સાંભળીને કુસુમાવલીએ પણ પતિની સમક્ષ વ્રતો ઉચ્ચરી લીધાં.

બંને પતિ–પત્ની રોજ ગુરુમહારાજ પાસે જાય છે; ને દેશના સાંભળે છે. એક માસમાં તો હૈયાને જિનધર્મથી સારૂં ભાવિત કરી દીધું !

ધર્મથી ભાવિત એટલે ? :—કસ્તુરીના ડાબડામાં મૂકેલો કપડાનો ટૂકડો–તેના કેટલા તાંતણા હોય ? પાછી દરેક તાંતણે રૂંવાટી કેટલી ? પરંતુ તેમાંની એક પણ રૂંવાટી એવી શોધવી મુશ્કેલ પડે કે જેમાં કસ્તુરીની વાસ ન હોય ! રૂંવે-રૂંવે કસ્તુરીની વાસ લાગી ગઈ. તેમ આ પતિ–પત્નીના આત્માના પ્રદેશે પ્રદેશે જૈનધર્મની ભાવના લાગી ગઇ. આંગળીનો એક અગ્રભાગ પણ પોકાર કરતો હોય કે " મારો **જૈનધર્મ** ! "

દુનિયાના હિસાબ પડતા મૂકયા અને શાસનના હિસાબ અને તત્ત્વો હૈયે વસાવાય તો આ વાત બની આવે કે પ્રદેશે પ્રદેશે ધર્મનો રંગ ચઢી જાય ! નહિતર જો સંસાર તમારો સલામત, તો ધર્મની સુવાસ પ્રદેશે–પ્રદેશે તો નહિ, પણ એક ભાગના એક ખૂણામાં ય ધર્મનો રંગ ન ચઢે ! સિંહકુમારને કેટલામાં બન્યું આ ? એક જ દેશનામાં !

માનવજીવનનું ઇસેન્સ :—સિંહકુમારના પિતા પુરુષદત્ત રાજાએ અમિતતેજ નામના ગુરુમહારાજ પાસે ધર્મ સાંભળીને સંવેગી બની સિંહકુમારને રાજ્યગાદીએ સ્થાપી મહારાણી શ્રીકાન્તા સાથે મોક્ષમાર્ગ ચારિત્ર અંગીકાર કર્યું. માનવજીવનનું ઇસેન્સ (અર્ક) આ કાઢયું કહેવાય કે ચારિત્ર સિદ્ધ કરાય. એ વિના તો સારામાં સારો ગુલાબ જેવો માલ પણ એળે ગયો ગણાય. બજારમાંથી ધારો કે પાંચ પચીસ હજાર તાજાં ગુલાબ ખરીદી લાવ્યાં; પણ લાવીને ઘરમાં મૂકી તમે કંઈક બહાર ગયા. ત્યાં છોકરાઓએ એને આખા મકાનમાં પાથરી ખુશબો લીધી પણ એમાંથી અર્ક–અત્તર કાઢયું નહિ. તમે બહારથી આવી જુઓ છો તો ગુલાબ ચિમળાઇ ગયાં છે; ઉકરડે ફેંકી દેવા લાયક બની ગયાં છે. તમને શું થાય ? 'અરેરે ! રૂપિયા સો પાણીમાં ગયા ! આમાંથી ઇસેન્સ કાઢયો નહિ !' એવું થાય ને ? એમ ગુલાબ જેવા આ મનુષ્યભવમાંથી ચારિત્રરૂપી ઇસેન્સ ન કાઢી લો અને વિષયસુખો રૂપી ખુશબો જ લઈ ભવને ચિમળાઇ જવા દો એ કેટલું દુઃખદાયી લાગવું જોઈએ ? લાગે છે ?

રાજઋષિ :—સિંહકુમાર રાજા બન્યા પછી ધર્મ–અધર્મની બરાબર વ્યવસ્થા પાળવામાં રક્ત છે; પ્રજાના મનને આનંદકારી છે; સામન્ત રાજાઓને પ્રિય છે; અને દિનદુઃખી વગેરેના ઉપર ઉપકાર કરનારા છે. આવા યથોચિત ગુણોથી એ રાજઋષિ બની ગયા ! રાજ્ય ભોગવતાં કેટલોક કાળ નીકળી ગયો.

અગ્નિશર્મા કુસુમાવલીના ગર્ભે :—

એટલામાં અગ્નિશર્મા તાપસ જે વિદ્યુત્કુમાર-દેવ થયેલો તે ત્યાંથી ચ્યવી સંસારમાં ભટકયો; અને કોઇકિ ભવે કંઇકિ અજ્ઞાન તપનું કષ્ટ સહીને પૂર્વકર્મની વાસનાના વિપાકના દોષથી રાણી કુસુમાવલીના ગર્ભે ઉત્પન્ન થયો. વાસના એટલે સંસ્વાર. શા સંસ્કાર છે ? વૈરના, દ્વેષના. એનો પરિપાક થવાથી અહીં આવી ચઢે છે. આમાં સિંહરાજાનો પણ પાપોદય કામ કરે છે. પોતાના પાપોદય વિના તો કષ્ટદાયી ચીજ સાથે અથડામણી થાય નહિ.

ભવિતવ્યતા શું કરે ? :—અહીં એક પ્રશ્ન થાય કે ભલે રાજાનો પાપોદય અને પેલા જીવની વૈરવાસના ખરી; પરંતુ તે તો એ વૈરી બીજે જન્મીને ય વૈર કરી શકે અને રાજા ભોગ બને ને ? તો અહીં જ પુત્ર તરીકે આવવામાં શું કારણ ? આનો ઉત્તર એ છે કે આમાં ભવિતવ્યતા કામ કરે છે. કર્મનું કામ સુખદુઃખ દેવાનું, પણ તે અમુક જ સંયોગમાં; એ સંયોગ ગોઠવનાર ભવિતવ્યતા છે.

હવે અહીં પેલો જીવ ગર્ભમાં આવતાં રાણી સ્વપ્ન જુએ છે. એમાં 'પોતાના પેટમાં એક સર્પ પેઠો અને બહાર નીકળીને તે જઇને રાજાને એવો ડસ્યો કે રાજા સિંહાસન પરથી પડયો નીચે !' આવું સ્વપ્ન જોઇને રાણી જાગી; ગભરાણી; અને અપમંગલ જાણી પતિને કહ્યું નહિ.

ગર્ભની અસર રાજા પર અનાદર :—પરંતુ ગર્ભની અસર એ થઇ કે રાણીને પોતાને ગર્ભના દોષે રાજાના ઉપર

બહુમાન ઘટી ગયું. એટલે હવે રાજાનો આદરસત્કાર કરતી નથી. બહુમાનથી રાજા સાથે વાતચીત કરતી નથી. ગર્ભજીવ રાજાનો વૈરી છે. એ સજ્જન એવી રાણીને પણ રાજા પ્રત્યે અરુચિવાળી બનાવે છે. નિમિત્ત કેવું કામ કરે છે! આમ રાણી સુશીલ, પતિભક્તા, અને પતિ પર બહુ પ્રેમાળ છે, છતાં ગર્ભમાં આવેલ જીવ દુષ્ટ હોવાથી એના નિમિત્તે રાણીનું મન બગડે છે.

સારાને પગલે સારૂં....:—

ઘરમાં એક બરાબનાં પગલાં આખા કુટુંબને ખુવાર કરે છે. તેમ એ પણ બને છે કે ઘરમાં એક પુણ્યશાળી તો આખું કુટુંબ પુણ્યશાળી! ધનાજી ઘરમાં હતા તો કુટુંબનું પુણ્ય ફાલ્યું ફૂલ્યું, પણ ધનાજી ગયા પછી? પુણ્ય પણ ભૂગર્ભમાં પેસી ગયું! કેટલાક કુટુંબોમાં એવું બને છે કે સારાને પગલે સારૂં. ચાર છોકરાની વહુઓ હોય પણ એકાદ વહુ એવા પગલાંની હોય કે એના પગલાં થયાં એટલે જાણે ખુદ લક્ષ્મીનાં જ પગલાં થયાં! આખા કુટુંબના ભાગ્ય ખોલી નાખે! એક જીવ બીજા જીવના પુણ્યોદય પાપોદયમાં નિમિત્ત બને છે. કુસુમાવલી પોતે પતિવ્રતા છે; શ્રાવકધર્મને સમજનારી છે; પણ ગર્ભમાં આવેલો જીવ દુષ્ટ છે. એટલે કુસુમાવલીના મનમાં ખોટી વિચારણા કરાવે છે. શું છે આ? નિમિત્તકારણની બળવત્તા.

નિમિત્ત કામ કરે છે એ સમજીને જ બહુ કાળજી રાખો છો ને? સીડી કેવી રીતે ઊતરો છો? ધ્યાનથી. અંધારામાં કેમ ચાલો છો? સાવચેતીથી. એમ સગાંસ્નેહી ને મિત્રના

સંપર્ક સાધવામાં સાવધાની ખરી ને? હરવા–ફરવામાં અનુચિત સ્થાન અનુચિત વાતાવરણના નિમિત્તમાં ન અથડાઈ જવાય એની કાળજી કેટલી? તો શું તમને નથી લાગતું કે જે એમ કહે છે કે નિમિત્ત કાંઈ કરતું નથી, એ મૂઢ છે? ગર્ભમાં આવેલો જીવ એવો છે કે એના નિમિત્તો કુસુમાવલી રાજા પર અનાદરવાળી બની ગઇ. રાજાને તો સ્નેહ ઘણો છે. રાણીનો પરિવાર રાણીને સલાહ આપે છે "રાજા સાહેબ આપના પર કેટલો પ્રેમ રાખે છે; ને તમે ગણકારતા નથી?"

ત્યાં રાણી કહે છે–"શું કરૂં? આ મારો દોષ નથી, પણ મારા ગર્ભનો આ દોષ લાગે છે. નહિતર આવા ગુણવાન પતિ પર મને અપ્રીતિ કેમ થાય?"

રાણીને ભયંકર દોહદ :–

રાણી ખોટા વિચારમાં આગળ વધે છે. ગર્ભના પ્રતાપે દોહદ થાય છે. તેને થયું કે આજ પતિ–રાજાના આંતરડાનું હું ભક્ષણ કરું. જ્યાં "આ વિચાર સ્ફુર્યો ત્યાં જ રાણીનો આત્મા ચોંકી ઊઠ્યો. "આવો વિચાર મને? અરે! તો આ પેટમાં આવેલો જીવ કેવોક પાપી હશે? તો મારે તેવા જીવની જરાય જરૂર નથી." કીડી પણ મરે એવું ઈચ્છનારી નહિ, તે રાણીને આ વિચાર આવે છે! પરંતુ પોતાના સ્ત્રીસ્વભાવ મુજબ રાજાને દુઃખ લાગશે તેથી તે વિચાર તેણે અંદરમાં જ રાખી મૂક્યો, રાજાને કહ્યું નહીં.

ગર્ભપાતનો પ્રયત્ન :––બીજી બાજુ આવા વિચારનાં મૂળભૂત ગર્ભ પ્રત્યે એનું હૃદય એટલું બધું ઊકળી

ઊઠ્યું કે એ એવા નિર્ધાર પર આવી કે "મારે આ ગર્ભને પાડી નાખવો." એમ નિર્ધાર કરી, મુખ્ય પરિવારની સાથે વિચારણા કરી લીધી અને આ જન્મે તો મહારાજાને મહા-અનર્થ કરે એ હિસાબે પરિવારે પણ પરિણામની ભયંકરતા સમજી ગર્ભ પાડવામાં સંમતિ આપી. બસ ! પછી તો પરિવારે લાવી લાવીને ઔષધ આપ્યાં, અને રાણીએ એનો ઉપયોગ કર્યો, એકદમ સડાવીને ગાળી નાખે તેવાં એ ખારાં કડવાં ઔષધ હતાં, છતાં ગર્ભના જીવનાં નિકાચિત કર્મના દોષથી એના પર કોઈ અસર ન થઈ. ઓગળવાની વાત નહિ ! ઓસડ એટલાં ઉગ્ર હતાં કે પોતાનું શરીર દુર્બળ બનતું ચાલ્યું. પણ ગર્ભને કંઈ થયું નહિ, ધ્યાન રાખજો આ સાંભળતાં 'માળો ગર્ભ કેવો દુષ્ટ કે મરતો નથી ? એવી લેશ્યા ન બગડે. આવા પણ ગર્ભને મરાય નહિ. ગર્ભ મરે તો સારૂ, એમે ય ઈચ્છાય નહિ. રાણીને એક બાજુ પોતાનો દોહદ પૂર્ણ થતો નથી અને બીજી બાજુ આ ગર્ભ સલામત છે. તેથી રાણીનું શરીર ક્ષીણ થતું જાય છે. પરંતુ રાજાને હૃદયની વાત કહી શકતી નથી. એ એની સુશીલતા, પતિવ્રતા પણું અને ખાનદાની સૂચવે છે. ગર્ભને મારવાનું ઈચ્છે છે તે પતિ પરના સદ્‌ભાવને લઈને એને બચાવવા માટે.

તુચ્છ વાતોમાં પાપ :—પણ માણસનું ધાર્યું શું થાય છે ? પોતાની ધારણાઓ ઘણી નકામી જાય છે. અહીં ગર્ભને કંઈ હાની પહોંચતી નથી. કર્મની બલવત્તા સિવાય આમાં બીજો ખુલાસો શો મળે ? એ સૂચવે છે કે એવા કર્મબોદ્ધાને આત્મઘરમાં પેસવા ન દો. એ માટે એને ઘુસાડનારા

ને દ્વેષ, ઈર્ષ્યા ને પક્ષપાત, અસત્ય અને અનીતિ, વગેરે સેવવામાં કોઈ શોભા નથી, બુદ્ધિમત્તા નથી, તુચ્છ ગણતરીના દોષોથી આત્માને બચાવી લો. તો દારુણ કર્મવિપાકથી બચી જશો.

પાપના કરતાં મૃત્યુ સારૂં :—રાણીને અધિકકૃશ થતી જોઇને રાજા પૂછે છે, "શું છે આ બધું ? સુકાવાનું કારણ શું ? કાંઇ ધાર્યું થયું નહિ ? શું કોઇએ તમારી આજ્ઞા લોપી ? અથવા મેં તમારી વિરુદ્ધમાં કાંઇ કર્યું ? કે જેના ખેદથી જેમ થોડા થોડા પાણીમાં પોચણું કરમાતું જાય તેમ કરમાતા જાઓ છો ? કારણ શું ?" રાજાના પ્રશ્નનો ઉત્તર કરતાં કંટાળીને રાણી કહે છે, "શું કરૂં, મારા મનનો ખેદ જ એવો છે ! શું થાય ? મને એમ થાય છે કે હું મારી જાતે આત્મઘાત જ કરૂં." બુઓ હજી રાણી પાપી વિચાર પતિને કહેતી નથી. કદાચ રાજા એમાં કબૂલ થાય તો ? વળી ધર્મી જીવને પાપી વિચાર આવે એનો ખેદ કેટલો બધો હોય છે કે એને થાય છે કે "આર્ત્ત કરતા મૃત્યુ કેમ ન સ્વીકારી લઉં ? પાપના વિચારમાં રમવું પડે, પાપી વિચારમાં રમતાં રમતાં જીવતા રહીએ, એના કરતાં પાપ-વિચારથી છૂટવા મરવાનું ખોટું શું ?"

જીવનમાં જીવને જે પાપની વિચારણા આવે છે એ એક જીવનનો ખેલ નથી; એના પર અનેક જીવનમાં નાટક રચાયાં છે; તે પણ દુઃખનાં નાટક ! પાછી અહીં જો પાપની વિચારણા ચાલુ રહે તો એના પર ભવિષ્યમાં આવાં અનેક દુઃખનાં જીવન આવે, તેથી ધર્મી આત્મા કંપી ઊઠે છે !

માટે પાપની કરણી તો નહિ, વાણી તો નહિ, પણ પાપની વિચારણા-સરખી ન જોઈએ; એવું ધર્મી મન ઝંખે છે.

ચારિત્રધર્મને એક માત્ર મોક્ષસાધક સમર્થ ધર્મ કેમ કહ્યો ? કહો કે વીતરાગતાએ જવાનો રસ્તો એક માત્ર ચારિત્રનો જ છે. ચારિત્ર વડે સર્વથા વિરક્તતા અને વિરતિ કરો, પછી જ વીતરાગતા આવે. પછી તમારી તાકાત ન હોય તો ધીમી ધીમી પગલી માંડવા શ્રાવકધર્મનો દેશવિરતિ માર્ગ છે, પરંતુ છેવટે તો સર્વવિરતિના રાજમાર્ગ પર તો આવવું પડે જ ! એકલું જ્ઞાન નકામું, એકલું સમ્યગ્-દર્શન પાંગળું; એકલાં શ્રાવકનાં વ્રતોથી સિદ્ધિ નહિ, એકલી તપશ્ચર્યાથી સિદ્ધિ નહિ પણ મુખ્યતયા ચારિત્રથી મોક્ષ. માટે તેને શિખરે ચઢાવ્યું. જુઓ સૂત્રમાં મોક્ષસાધનમાં છેલ્લું ચારિત્ર મૂકયું. **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** । ચારિત્રમાં રહીને તપ કરો જ્ઞાન ધ્યાન કરો....બધુ કરો. પણ વિના ચારિત્રે પૂરું વળે નહિ. ચારિત્રની આટલી બધી તાકાત કેમ ? કેમકે જગતમાં એકજ આ સર્વવિરતિ જીવન છે કે જે જીવનમાં પાપની કરણી, વાણી, વર્તાવ કે વિચારણા પણ નથી. ત્યારે કહો જોઉં, મોક્ષ ઝીણામાં ઝીણી પાપની કરણી, વાણી કે વિચારણા બેઠી હોય ત્યાં સુધી મલે ? ચારિત્ર ન હોય ત્યાં સુધી માણસથી પાપ જાતે કરવા, કરાવવા કે અનુમોદવા રૂપે ન થતું હોય તેવું બને ? ઘરમાં અર્થાત્ ગૃહસ્થવાસમાં રહીને કોઈ ધારે કે મારે તેવું જીવન બનાવવું છે, તો બનાવી શકે ? ક્યાંથી બનાવી શકે ? કેમકે આરંભ-પરિગ્રહ વગેરે કેટલાંય પાપ ત્યાં રહેવાના. જૈનશાસનમાં પાપ

એટલે રાતીપાઈનો સંગ્રહ તે પણ પાપ! કોઈ પાસે સંગ્રહ કરાવ્યો તે પણ પાપ! સંગ્રહકરણને અનુમોદે તોય પાપ! એમ પાપ એટલે એક પાણીનું ટીંપુ ય કચર્યું તો અસંખ્ય જીવો કચર્યાનું પાપ! એમ બીજા પાસે કરાવ્યું, કે કોઈથી કચરાતું સારૂં માન્યું તેય પાપ! તેવાં હિંસા પરિગ્રહ બેજ પાપ નથી, કુલ અઢાર પાપ છે. ભલે ઊંચામાં ઊંચો શ્રાવક હોય, પણ એટલો ભેદ તો રહી જવાનો કે આ મારો દીકરો ને આ પડોશીનો દીકરો! એટલે પોતાના દીકરા માટે મમતાનો વિચાર હોય, પોતાનો દીકરો ભૂખ્યો હોય ત્યાં થાય–'એને ચૂલો સળગાવી ચા પાઈ દઉ!' પણ પડોશી માટે ન થાય. આ બધું કયાં ન હોય? ચારિત્રમાં.

રાણીના અંગે દાસીનો ખુલાસો :—

ચારિત્ર નહિ પામેલી કુસુમાવલી સમજે છે કે "મારા પેટમાં પોષાયેલો ગર્ભ રાજાનો દ્રોહ કરે, એ મરતો નથી, તો એ જન્મે એના કરતાં મારે મરવું સારૂં."

રાજા પૂછે છે કે સુંદરી! ખેદ શા માટે?

ત્યારે એ ઉત્તર કરે છે "આર્યપુત્ર! મારા નશીબને પૂછો." પણ રાજાને કંઈ સ્પષ્ટ કહેતી નથી; અને આંખમાં આંસુ ભરાઈ આવે છે, કંઠ ગદ્‌ગદ બને છે. રાજા જુએ છે કે આને વધુ પૂછવામાં દુઃખ વધે છે. છે, માટે વાત ફેરવીને પ્રસંગ ટાળી દીધો.

પછીથી રાજા ખાનગીમાં મદનરેખા વગેરે એના પરિવારને બહુમાન સાથે બોલાવીને પૂછે છે "તમે જે કારણ સાંભળ્યું હોય તો કૃષ્ણપક્ષની ચંદ્રરેખાની જેમ દેવી ક્ષય

પામતી જાય તેની ઉપેક્ષા કરવી શું ચેાગ્ય છે? દેવીનેા શેાક કેાઇ અસાધ્ય વસ્તુ અંગે હેાય. દેવી તેા મારૂં જીવન છે. તેા મારે જીવતે શું અસાધ્ય છે?" રાજા જાણે છે કે રાણી એટલી ધર્મની પરિણતિવાળી છે કે એનેા ખેદ કેાઈ સમર્થ નિમિત્ત વિના હેાઈ શકે નહિ. તત્ત્વની સમજ, ધર્મની શ્રદ્ધા અને વ્યાવહારિક વિવેક હેાય તેા કાંઈ ફેાગટિયા વાતમાં ખેદ થાય નહિ. મહત્ત્વની વાતમાં ખેદ થાય.

મદનરેખા તેનેા જવાબ આપે છે–"જુએા મહારાજા, આપ કહેા છેા તે બરાબર છે, વળી ખેદનું કેાઇ પણ નિમિત્ત હેાય તેા તેને દૂર કરવા આપ આપનું સર્વસ્વ ખર્ચી નાખવા તૈયાર છેા. પણ આમાં જે નડતર છે તે માત્ર સ્ત્રી-જાતિને વરેલેા અવિવેક જ નડે છે. આજ સુધી આપને કહ્યું નથી, હજીય કહેવા જેવું પણ નથી. છતાં બીજો કેાઇ ઉપાય જડતેા નથી ત્યારે હું કહું છું."

રાજા આતુર થઈ ગયેા. સંભ્રમમાં આવીને કહે છે– "કહે, જલ્દી કહે, ઉપાયસાધ્ય તેા તમે કર્યું જ હેાય; પણ બાકીનું નિવેદન કરવુ ઘટે." એટલે એણે દેાહદ ઉત્પન્ન થવાથી માંડીને આજ સુધીની બધી ઘટના કહી સંભળાવી. 'ગર્ભમાં એવેા જીવ આવ્યેા છે કે જેની પાછળ દેઠ ગર્ભ-પાતના ઈલાજ કરવા સુધીની આટલી ધાંધલ થઈ છે."

ગુણ પર આકર્ષણ :—આ સાંભળીને રાજાને કુસુમાવલી પર જે આદર હતેા તે કઇગુણેા વધી ગયેા. "અહેા! આ પત્નીનેા મારા પર કેવેા રાગ! એને પહેલું બાળક જન્મવાનું છે, તેનીય એને પરવા નથી! ઉલટું પતિને જરાયે

કંઇ ન થવું જોઈએ તેની આટલી બધી એ તકેદારી રાખે છે! એણે એની યોગ્યતા મુજબ સાચવ્યું છે. પણ વિચાર હવે મારે કરવો જોઈએ. જો દોહદની પૂર્ત્તિ નહિ કરવામાં આવે તો આ રાણી આમ ઘસાઇને કોણ જાણે કેવીય થઇ જશે. તેમ ગર્ભ પણ કદાચ જોખમાય માટે દોહદની પૂર્ત્તિ થવી જોઈએ." એમ વિચારી 'હું અવસરોચિત કહું તેમ કરવું" એમ કહીને પરિવારને રજા આપી શ્રાવકધર્મને પામેલો આ રાજા છે. એટલે એ વિવેકથી વિચારે છે.

રાજાના આંતરડા આવાના દોહદની પૂર્ત્તિ—

રાજાને મન ન રાણીનું કે ન તો ગર્ભનું બગડવું જોઇએ. તેથી પોતાના મતિસાગર મંત્રીને બોલાવ્યો. રાજાએ બધી વાત મંત્રીને કરી. મંત્રી હોશિયાર હતો. એણે જોયું કે રાણીએ તો યોગ્ય જ કર્યું છે. પણ આમ કાંઇ દોહદ પુરાય નહિ. રાજા-રાણી બન્નેને નુકસાન થાય. એથી બીજો ઉપાય બતાવ્યો; અને રાજાને કહી દીધું કે 'બધું સારૂં થશે' મંત્રી રાણી પાસે આવ્યો; ને રાણીને સમજાવી દીધી કે એના દોહદની પૂર્તિ કરવામાં આવશે.

પરંતુ રાણી કહે છે "ના, મારે દોહદની પૂર્તિ કરવી નથી. એક તો પેટમાં આવેલો જીવ ઘાતક જેવું તો કામ કરી રહ્યો છે, ને હું ઉપરથી પતિ પર એવું કરૂં? ઝેર આપો તો ફાકી જઇશ, પણ આવો દોહદ મારે પૂરવો નથી!'

પરંતુ મતિસાગર મંત્રીએ સમજાવતી કરી કે "મારી પાસે એવી કલા છે કે એ કલાથી રાજાના આંતરડાં કાઢીશું ને રાજાને જરાયે ઈજા નહિ થાય! માટે આપ જરાય ચિંતા કરશો નહિ."

ગર્ભના ક્રૂર સ્વભાવથી રાણીએ તે કબૂલ કર્યું. તે પછી યોજનાનુસાર રાજાને બે–ત્રણ ટંક ભૂખ્યો રાખ્યો. ખાડો પડી ગયેલા પેટ ઉપર કુદરતી લાગે એ રીતે કૃત્રિમ આંતરડાં બંધાવ્યાં. ઉપર એને પાટાથી મજબૂત કર્યાં. હવે એને પલંગ પર સુવાડી રાણીની આગળ એના દેખતાં જ મતિસાગર મંત્રી કપડા નીચે હાથ ઘાલી કાપી કાપીને રાણીને કૃત્રિમ આંતરડાં આપે છે. બધી ઉપરની જ રમત હતી! પરંતુ એમ કરીને રાણીનો દોહદ પૂર્ણ કર્યો! એ વખતે તો ગર્ભના લીધે રાણીને બીજો વિચાર આવ્યો નહિ, કે આ હું શું ભયંકર કરી રહી છું! કેમકે ક્રૂર ગર્ભની એના મન પર અસર છે. પણ પછીથી ભયંકર શોકનો વિચાર આવ્યો કે "અરે, મેં પાપિણીએ આ શું કર્યું? મેં શું રાજાનાં આંતડાં બાધાં?...." એમ કહીને બહુ જ દુઃખ અને પશ્ચાત્તાપ કરવા માંડી પરંતુ ત્યાં જ મંત્રીએ રાજાને પલંગમાંથી સાજો ઊભો કરી દીધો! તેથી રાણીને શાન્તિ થઈ.

પછીથી મંત્રી રાણીને કહે છે કે "પુત્રનો જન્મ થાય ત્યારે પહેલા સમાચાર મહારાજાને નહિ પણ મને આપવા. પછી હું યથાયોગ્ય કરી લઈશ," એણે પણ કબૂલ કર્યું. કાળક્રમે પ્રસૂતિનો સમય આવી ગયો, અને પુત્રનો જન્મ થયો.

રાણી અને મંત્રીની સંતલસ : બાળકને બહાર :–

દુશ્મન અગ્નિશર્માનો જીવ ગર્ભમાં આવતાંની સાથે જ ભયંકર સ્વપ્ન રાણી કુસુમાવલીએ જોયું છે. દોહદ પણ ભયંકર થયો હતો. પોતાનું મન પણ પતિ પર બગડી ગયું

હતું. આ રીતે આ જીવના આગમને જ થતાં ચિહ્નો પરથી રાણીને એના પર જરાયે સદ્‌ભાવ રહ્યો નથી. તેમ મંત્રી પણ સમજે છે કે "આ પુત્રથી રાજા અને રાજ્ય પર કેવું ભયાનક પરિણામ આવે?" એટલે રાણીને કહે છે કે સ્વામિની! મહારાજાને માટે આ જીવ અશુભ જેવો દેખાય છે. માટે આને અહીં રાખીને શું કામ છે? એને તદ્દન જુદા જ સ્થળે ઉછેરાવા દો; જેથી રાજકુળ સાથે એનો સંબંધ ન રહે અને રાજાને કોઇ અનર્થ ન કરી શકે. વળી રાજાને સમાચાર અપાવીશું કે પુત્ર મરેલો જન્મ્યો છે." રાણીને વાત ગમી ગઇ! કહે છે. "એ બરાબર છે. મંત્રીએ તો મારા હૃદયે ધારી મૂકેલું જ વિચાર્યું. ઠીક છે એ." મંત્રીએ માધવિકા દાસીને બોલાવીને બાળકને આપી દીધું. સાથે છુપી રીતે એને અમુક જગાએ લઇ જવાની સૂચના આપીને રવાના કરી.

બાળક સાથે દાસી પકડાય છે :—

દાસી બહાર નીકળી જરા થોડે ગઇ ત્યાં તો, .. વિધિ બળવાન છે. જીવનું ધાર્યું શું થઇ શકે, કે જ્યાં પૂર્વોપાર્જિત કર્મોનું પ્રબળ સામ્રાજ્ય વર્તી રહ્યું છે? રાજાએ દાસીને જોઇ; જોઇને પૂછ્યું, 'શું છે આ?" દાસી ગભરાઇ ગઇ. જેને દાળમાં કાળું છે, હૈયામાં મેલ છે, મનની ચોરી છે, એવા માણસો અકસ્માત્ પકડાઇ જતાં ગભરાઇ ઊઠે તેમાં નવાઇ નથી. આ તો કંપવા પણ માંડી. થોથરાતી કહે છે, "કંઇ .. નથી....મહારાજ ..."

ત્યાં તો બચ્ચું રોવા માંડ્યું! લે હવે છુપાવ! ક્યાં છુપાવે? રાજા રૂપાળું બાળક જોઇ સમજી ગયો, "જરૂર, આ

બાળક રાણીનું જ છે અને આ દાસી એને ગમે ત્યાં મૂકવા લઈ જાય છે." એટલે કહે છે–"અરે પાપિણી ! આ શું કરવા ધાર્યું છે? આટલું સાહસ? બોલ, આ શું ભયંકર કૃત્ય કરવા તૈયાર થઈ?"

વિકસિત માનવતા :—જુઓ રાજાએ પુત્રના જીવની ભયંકરતાના પરચા જોયા છે, છતાં એની વિકસિત માનવતા શું કામ કરે છે ! ચંદન પાસે અગ્નિ એટલે ચંદનની દશા શી? છતાં ચંદન કામ તો સુગંધી દેવાનું જ કરે છે. રાજા પુત્રરક્ષા માટે સજ્જ છે. એના ભારે ધમકીના શબ્દ સાંભળી સ્ત્રીસ્વભાવ મુજબ કાયરતાથી દાસીએ સઘળું કહી દીધું કે "આ પ્રમાણે રાણી અને મંત્રી સાહેબની મંત્રણા હતી; કે બચ્ચાને કયાંક મુકાવી ઉછેરાવવું...." વગેરે છૂપી વાત પ્રગટ થઈ ગઈ. કેમકે તુચ્છ માણસના હાથમાં હતી. દાસી એટલે તુચ્છ પ્રાણી. ઊંચા–નીચા કુળમાં આ ભેદ પડે છે. એ સૂચવે પણ છે કે એવી રહસ્યવાળી વાતમાં તુચ્છ માણસને સામેલ ન કરવા જોઇએ. નહિતર રહસ્ય પ્રગટ થતાં વાર ન લાગે. રાજાએ મનમાં વિચાર કર્યો કે 'આ બાળકને આ લોકોના હાથમાં સોંપવું જોખમકારક છે. આગળ પર સુરક્ષિત રહે તેવો વિશ્વાસ પડતો નથી.' તેથી બાળકને રાજાએ લઈ લીધું. બીજી ધાત્રમાતાઓને બોલાવી, અને બાળકને સોંપ્યું. સાથે સોગન લેવરાવી કહ્યું કે "જો આ બાળકને લેશ માત્ર ઈજા થઇ તો ધ્યાન રાખજો કે તમે જીવતા નહિ રહો." બરાબર કડપ બેસાડી દીધો. બીજી બાજુ મંત્રી અને રાણીને ખૂબ ઠપકો આપ્યો; અને એ બંનેના મન

સાચવવા પૂરતું પુત્રજન્મનું જાહેર વધામણું ન કરાવ્યું, પણ કંઈક ગુપ્ત વધામણું–પુત્રજન્મોત્સવ કરાવ્યો.

આમાં સિંહરાજની ઉત્તમતા દેખાય છે. કેટલી ઉત્તમતા ! પોતાને ખબર છે રાણીના દોહલાની કે આ બાળક ગર્ભમાં હતું ત્યારે રાણીને શું દોહદ થયો હતો. ગર્ભવતી માતાને જે દોહદ થાય છે તે ગર્ભના જીવને અનુરૂપ થાય છે. અધમ જીવ હોય તો અધમ થાય છે. ચેલ્લણા રાણીના ગર્ભમાં કોણિક આવ્યો તો તેને પણ આવો જ દોહદ થયો હતો. કેમકે એ જીવ જ બાપનો દ્રોહી હતો. અહીં રાજા જાણે છે કે "આ ય જીવ સારો નથી. પોતાના ઉપર પત્નીની અગાધ પ્રીતિ–ભક્તિ હોવા છતાં ગર્ભના જીવના લીધે જ એના તરફથી અનાદર વગેરે પણ જોયું છે. સાથે દોહદમાં સુકાઈને રાણી કેવો ભોગ આપવા તૈયાર હતી તે પણ જોયું છે. તો હવે આ એવો જીવ બહાર કયાંક મુકાઈ જવા લઈ જાય છે, તો જવા દો કાસળ !" ના, કેમ આમ નથી થતું ? એટલા માટે કે રાજા પોતે સમજે છે "મારૂં જે થવું હોય તે થાઓ; પણ અમારા ખાનદાન કુળમાં જન્મેલા જીવનું બરાબ થાય તેવું અમારાથી કેમ આચરાય ? અમારા સ્વાર્થ ખાતર, આ જીવ અમને માફક નથી, માટે એને નખાવો ઉકરડે' આવું સ્વાર્થી અને ક્રૂર કામ અમારાથી બની શકે જ નહીં." તો પછી. પ્રશ્ન થાય,

પ્ર. :—ખાનદાન કુળવાળા રાણી અને મંત્રીએ બાળકને બહાર કાઢવાનું કેમ ચિંતવ્યું ?

ઉ. :—પરંતુ અહીં એટલું સમજવાનું છે કે બાળકને બહાર કાઢવામાં રાણી કે મંત્રીને પોતાને અંગત સ્વાર્થ નહોતો. એમણે તો રાજા અંગે અર્થાત્ પરમાર્થની વિચારણા કરી હતી.

રાજા ખુદને આપત્તિ છે, છતાં પોતે જે ઉત્તમતા દાખવે છે એના મૂળમાં આ ઉત્તમ વિચારસરણી છે કે "અમારે અમારા પુણ્યના ભરોસે રહેવાનું. અમારાં પુણ્ય નબળાં હશે અને અમે સારૂં કરવા લાખ પ્રયત્ન કર્યા હશે તોય તે અમારા લાખ પ્રયત્ન રદ્દ-બાતલ થવાના. તો જે વસ્તુ પુણ્ય-પાપને આધીન છે તેને રદ્દબાતલ કરવાના ફોગટ પ્રયત્નો સુજ્ઞજન શા માટે કરે ? હા, અજ્ઞ અબુઝ માણસની દશા એ હોય છે કે દુનિયામાં કોઇ પુણ્યશાળી યશ ખાટતો હોય તો એને સહન નહિ થાય. ઊલટું એમ થશે "આને બરાબર હલકો પાડું ..."અહીં જુઓ, આ આમ ભલે વિચારે, પણ તેમ કરી શકશે એ ચોક્કસ છે ? ના, બહાર ઊંધું બોલવામાં ને ખરાબ બોલવામાં એનું હૃદય નિંદાખોર છે, તેજોદ્વેષી છે, તેમ બીજાને લાગવાનું ! તેથી બીજાનું બુરૂં બોલવામાં પહેલો પોતે જ હલકો પડવાનો, બીજો નહિ ! એ વિચાર એને નથી કે 'સામાનું પુણ્ય તપે છે, ત્યાં તું શું કરી શકીશ ?'

જોવું એ જોઇએ કે જે વાત સામાના પુણ્યને આધીન છે, તેને ઈર્ષ્યાથી રદ્દ-બાતલ કરવા આડાઅવળા ધંધા કરવા તે સુજ્ઞનું કામ નથી. કામ આવડે તો કરવા જેવું એ છે કે આત્માની લેશ્યા ન બગડે એની સાવધાની કરવી. ધ્યાન

'રાખ, 'તારૂં પુણ્ય ન હોય, તો તને ખાસડાનો ય માર મલે ! માટે તું તારે તારા કર્તવ્યના માર્ગે ચાલ્યો જા !" શું છે આ ? આપણે આપણા સત્કર્તવ્યના માર્ગે ચાલ્યા જવાનું, પછીનું કામ પુણ્ય-પાપનું છે. એ પુણ્ય-પાપને જશ આપવો હશે તો જશ આપશે ને અપયશ આપવો હશે તો અપયશ આપશે. આપણે તો આપણું સત્કર્તવ્ય જોવાનું. આનું નામ જ માનવજીવન કહેવાય. નહિતર માનવજીવન છતાં આત્માના ઉપર કાળો-કૂચડો ફરી જાય !

પ્રકરણ ૧૨ : સિંહરાજાની ભવ્ય વિચારણા

પુત્રનું નામ આનંદ : પિતા પ્રત્યે દુર્ભાવવાળો : કેટલોક કાળ વીત્યો. પુત્રનું નામ 'આનંદ' રાખ્યું. પુત્ર ધીરે ધીરે ઊછરતો ગયો. પરંતુ, આટઆટલું કરનાર પિતા પ્રત્યે પણ આ આનંદકુમાર પૂર્વના કર્મને લીધે વિષમ-ચિત્તવાળો, દુર્ભાવવાળો બનતો ગયો. પરિણામ ? રાજની પ્રવૃત્તિમાં ખામી જોનારો થઈ ગયો. રાજા એનું સારા માટે કરે, આ ઊંધું પકડે ! છતાં રાજાએ તો તેને યુવરાજપદે પણ સ્થાપી દીધો !

દુર્મતિ રાજાનું જોર :—એકવારનો પ્રસંગ એવો બને છે કે પોતાના રાજ્યના સીમાડામાં જંગલ સંભાળનાર એક દુર્મતિ નામનો રાજા રાજ્ય જમાવીને રહ્યો છે. આમ તો તે સિંહરાજાનો સામંત રાજા છે, પણ એની પાસે કિલ્લાનું બળ છે. તેનાથી ગર્વિષ્ટ બની સિંહરાજાની સામે માથું ઊચકયું. અહીંથી રાજાએ પોતાનું સૈન્ય મોકલ્યું. દુર્મતિ પોતાની ભૂમિમાં રહીને લડે છે; એટલે સિંહરાજાના

સન્યને હારી જવું પડયું. આ હારના સમાચાર સિંહરાજાને મળ્યા. રાજા ઊકળી ઊઠયો. પરાજયની વાત સહન થઇ શકી નહિ. તેથી સ્વયં તેની સામે ઊપડયો. ત્રણ દિવસના પ્રયાણમાં તે યુદ્ધભૂમિ પર પહોંચી ગયો. જાય છે લડાઈ લડવા માટે. પણ જ્યાં વચ્ચે સિન્ધુ નદીની રેતીમાં સવારી જઇ રહી છે; પોતે મોટા હાથીના હોદ્દે બેઠેલો છે, ત્યાંથી પાણીની નજીક એક મનુષ્યનું ટોળું અરે! અફસોસ' ના પોકાર કરી રહ્યું છે. રાજાએ અવાજ સાંભળ્યો, અને આતુરતાથી પોતાનો હાથી તે તરફ લીધો. ત્યાં તેણે એક વિચિત્ર ઘટના જોઈ.

રાજાને મત્સ્ય ગલાગલ ન્યાયનું દર્શન :-

મહાન કાયાવાળા તથા ભયંકર શ્યામ રંગને ધારણ કરનારા અને ચક્ષુમાંથી નીકળતા વિષની જ્વાળાથી દેદીપ્યમાન એક ઘરડા સાપે મોંમાં એક દેડકાને પકડયો છે. દેડકો ચીસો પાડે છે. ભયાનક પહોળા મોંવાળો તે સાપ તેને છોડતો નથી. પરંતુ પોતે પાછો એક મોટા ટીટોડાથી ગળાઈ રહ્યો છે! એની પાછળ દિગ્ગજની સૂંઢના જેવો જાડો અને વિશાળ કાય એક અજગર વળી આ ટીટોડાને ગળી રહ્યો છે! જેમ જેમ લાલ આંખથી બિભત્સ દેખાતો એ અજગર પેલાને ગળતો જાય છે; તેમ તેમ એ પ્રાણી વળી સર્પને ગળતો જાય છે! પ્રાણ કંઠે આવવા છતાં એ ત્રણેય શિકારને છોડતા નથી. એક બીજા પર આક્રમણ ચાલી રહ્યું છે! સમુદ્રમાં જેમ 'મત્સ્ય ગલાગલ' ન્યાય કહેવાય છે, મોટમોટા માછલાઓ પોતપોતનાથી નાનાઓને ગળે છે, તેમ આ પૃથ્વી પર જોવામાં આવ્યું. કહો આ પ્રસંગ કેવો છે?

જીવનની ચંચળતા, પરાધીનતા છતાં પાપમગ્નતાને બતાવતો આ પ્રસંગ છે. કયારે જીવનનો અંત આવી જાય તેનો પત્તો નહીં ! દેડકો ભોજન કે ભોજની આશામાં જતાં કયાં પટકાયો છે. સર્પને એમ છે કે હું હું એને ગળી જોઉં ! ટીટોડાને વળી એમ છે કે હું સર્પને ગળી જોઉં....જીવનની કયાં સ્થિરતા છે ? કયાં નિષ્પાપતા છે? જે એકબીજાની ક્રિયા છે કે ગળી જોઉં !, એ મૂઢ હૃદયને આનંદ આપનારી છે. પરલોકનો વિચાર નથી. માત્ર આ ભવ મીઠા તો પરલોક કેણે દીઠા ! અહીંયાં ઘરબાર, ને બૈરી-છોકરા મલી ગયા, પછી એની લહેરની સાધનામાં લીનતા ! બીજું શા માટે જોવાનું ? જીવનની છેલ્લી શ્વાસઘરડ સુધી એજ ઘરબારને બૈરી-છોકરાની પલેવણ કરતો મરે એ સુજ્ઞજનને તો ખેદ કરાવનાર છે.

પ્રતિકાર રહિતને શું જોવું ?:

રાજા વિચારે છે કે,-

"અહો. આવું જગતમાં ચાલી રહ્યું છે? આમને બચાવવાનો ઉપાય શું ? કરવું શું ? કોઈ કોઈને મૂકતા નથી. નથી. પોતાનીય ભયાનક જીવલેણ સ્થિતિ થઈ છે; તો પણ આવું ભયંકર અકાર્ય કરવામાંથી પાછા હટતા નથી. આમાં કોને છોડાવવા જઈએ ? જેને છોડાવવા જઈએ તેના ઉપરના પ્રાણીનો નાશ કરવો પડે. તેમ એનો નાશ કરવા છતાં ય છોડાવેલા જીવનો બચાવ તો થવાનો નથી ! તો આવી પ્રતિકાર રહિત વસ્તુને જોવાનીય શી જરૂર !" તરત રાજાએ ત્યાંથી પોતાનો હાથી મારી મૂકયો. વાત સાચી. જ્યાં પોતાનું

કંઈ વળવાનું નથી, ત્યાં શા માટે ઊભા રહેવું ? ઊલટું કોઇની સંહારલીલા જોઈ રહેતાં આપણા દિલ નિષ્ઠુર બની જાય. કે કદાચ છૂપી ઘાતની અનુમોદના લાગે.

પીડામાંય પાપનો પશ્ચાતાપ નહી ? :— કેવું આશ્ચર્ય કે પ્રાણી વિનાશના પંજામાં સપડાયો હોવા છતાં પોતાને સારૂં કરવું સૂઝતું નથી ! 'પાપથી પાછો હટું' તે વાત કદાચ વૈષયિક સુખની ભોલભાલામાં તો ન થાય, પણ પીડિત થવા છતાં ય ન થાય? માનોકે મનમાં ઉભળકો આવ્યો, ને સામાને કઠોર શબ્દ કહી નાખ્યો, જૂઠું બોલી નાખ્યું, આટલું કરવા છતાં કાર્ય તો સિધ્યું નહિ ! તો હવે ખેદ થાય ખરો ? કે "આવા બોલ મેં કયાં કાઢયા ? ....કામ તો બગડી ગયું, ને પાપ માથે ચડયું !" ના, બસ ત્યારે આનું નામ જ જીવના સ્વભાવમાં પાપનીજ મહા ઓતપ્રોતતા. આ પાપના પંજામાંથી બહાર નીકળી જવું મુશ્કેલ છે. આપણે હારીશું, પાછા પડીશું, છતાં પાપ મૂકવાનું મન નહિ થાય ! એટલી બધી જીવની અધમ દશા થઇ છે, શું ! આપણી જાતેજ કરી છે. તો પછી પાપથી ઊભગવાનું કંટાળવાનું કયારે ?

ખોટાં સમાધાન :—કહો, આ દુનિયામાં પાછા પડયા છો કે નહિ ? દુકાન માંડયા પછી, પરણ્યા પછી, બચ્ચાના બાપ બન્યા પછી.... કંઈ કંઈ પાછા પડવાનું બન્યું છે કે નહિ ? પાછા પડયા હશો. છતાં પાપથી પાછા વળવાનું બન્યું ? "ભલે છોકરો લાત મારી જાય, પણ અંતે તેજ આપણને પાળશે.... ભલે દુકાને ખોટ આપી, પણ તેજ કમાઇ

આપશે.” આવાં આવાં સમાધાન કરી લો છો, તે પાપની નીડરતાને લીધે કરો છો. પણ તે પોકળ સમાધાન છે ! પોકળ વિશ્વાસ છે! જેમાં અંતે રોવું જ પડે ! જે એ દુકાન વગેરે પાછળ ગુમાન, ઉગ્રતા, ઈર્ષ્યા, ક્ષુદ્રતા વગેરે પાપો, હિંસા, જૂઠ, અનીતિ વગેરે પાપો, કર્યાં તે માથે પડયાં ! એનો ખેદ, અને હવે એ ન કરૂં એવો નિર્ધાર કર્યાં છે ?

સાવધાનીવાળો એ ખરો સમજદાર :—

માણસ વસ્તુના પરમાર્થને નથી સમજતો, તેથી જીવન પણ બેફામ રીતે જીવે છે. ધારો કે દુનિયામાં કોઇ એવો માણસ હોય કે એની સાથે પ્રસંગ પાડવા જેવો નહિ છતાં પ્રસંગ પાડવો પડે ખરો, પણ એ વખતે આપણે જો સમજદાર હોઈએ છીએ તો જે પ્રસંગ પાડવો પડે તે કેવી રીતે પાડીએ ? વધારે પડતો અનર્થ ન નીપજે તે રીતે ને ? તેમ આ સંસારની ઘટના જોઇને જીવનો વ્યવહાર તેવો સાવધાનીવાળો જોઇએ. ત્યારે શું તમને સંસારની વિચિત્ર ઘટનાઓનો અનુભવ જ નથી ? છે, તો પછી તમારો વ્યવહાર એવો જોઇએ કે એમાંથી તમને અનર્થ નીપજી ન શકે. આ સાવધાની રાખનારો એ ખરો સમજુ છે, ખરો જ્ઞાની છે. પૂર્વે આવા સમજુ વધારે હતા તેથી એ જ જ્ઞાનયુગ કહેવાય.

રાજા હાથી દ્વારા લશ્કર ભેગો થઇ ગયો. લશ્કરને જે સૂચના-સલાહ આપવી હતી, તે મુજબ કરી; રાત્રે પોતે સૂઇ ગયો. સૂતેલો રાજા અર્ધરાત્રિએ જાગ્યો. પરંતુ જાગતાં ‘દુશ્મને આપણો પરાજય કર્યો છે’ તે વાત યાદ નથી કરતો,

પરંતુ રસ્તામાં જોયેલો પેલો અજગરનો પ્રસંગ તેની વિચારણા સમક્ષ હાજર થયો ! હવે જુઓ કે ગ્રન્થકાર મહર્ષિએ કેવી સુંદર વિચારણા અહીં રજુ કરી છે !

રાજાની ભવ્ય વિચારણા ચાલી,—જગતના વિષયો આપાતમાત્ર મધુર છે, પણ તેનો વિપાક કટુ ! એટલે કે વિષયોનો ઇન્દ્રયો સાથે સંપર્ક થાય, તે ક્ષણ પૂરતા જ વિષયો મધુર લાગે છે.પણ પછીની ક્ષણે જ તેનો વિપાક, તેનું પરિણામ વિરસ આવે છે; કટુ આવે છે; અને ભાવીમાં તો એના પાપના ભયંકર માઠાં ફળ હોય છે. આમ વિપાક બે જાતનાઃ —(૧) વર્તમાન વિપાક; (૨) ભાવી વિપાક.

વર્તમાનવિપાક બે જાતના હોય છે:— (૧) એક તો વિષયનો સંપર્ક થયા પછી ક્ષણવાર જે મધુરતા–શાતાનો અનુભવ થાય છે તે વિપાક. (૨) બીજો તેનાથી જીવની થતી જે નિઃસત્ત્વ અવસ્થા, આસકિતની અવસ્થા, વિષયો તરફની ગુલામીની અવસ્થા, તે વિપાક. આ વિપાક અતિ કટુ હોય છે. એટલું સમજી રાખો કે જીવને દુનિયાની સારી વસ્તુ ન મલે ત્યાં સુધી જ તે સખણો; પણ મલ્યા પછી મોટી મોંકાણ મૂકાય છે ! નિઃસત્ત્વતા, આસકિત, ગુલામી વગેરેનો વર્તમાન વિપાક ભયંકર ઊભો થાય છે !

ફકીરનું દૃષ્ટાંત

એક ફકીર ઝુંપડીમાં ધ્યાન ધરતો હતો. રોજ ગામમાંથી લોટ માગી લાવીને પેટપૂર્તિ કરતો. પણ એક દિવસ બન્યું એવું કે ઉંદરભાઇએ ફકીરની એકની એક કફનીમાં કાણું પાડી દીધું ! ફકીરે કફની જોઈ, 'અરે, કફનીમેં કાણા પડ

ગયા ? હાઁ, ઉંદરને પાડા, અબ કયા કરું ?....” ફકીરને એ ચિંતા થઈ પડી કે ‘યહ ચુઆ યદિ ઝુપડીમેં રહ જાયગા તબ સબકો ખતમ કર દેગા ! ઈસ લીયે ચુએા કો હટાના ચાહિએ.’ શું થયું ? આસક્તિનો વિપાક શરુ થયો.

જ્યાં આ વિષયની એક મધુરતા ફકીરના મનમાં પેઠી કે “ઉંદર ન રહે તો સારૂં,” ત્યાં મન થઇ ગયું મુડદાલ ! અત્યાર સુધી અલ્લાહનું ધ્યાન હતું હવે ચુઆને દૂર કરવાનું ધ્યાન ચઢયું ! “બસ, એક બિલ્લી રખની ચાહિએ ! એક બિલ્લી રક્ખી હોવે, તો ફીર ચુઆ નહિ આયેગા. કંતુ બિલ્લી કૈસે રહેગી ?....” બિલાડી થોડી પરમાર્થી છે કે ફકીર એને ખવરાવે નહિ તો પણ એની સેવા કરે ! ના, બિલાડી પણ સંસારનું પ્રાણી છે; એય સ્વાર્થ દેખીને ઝૂકે. માટે ફકીર વિચારે છે “ બિલ્લીકો દૂધ પીલાના હોગા. ઔર વો દૂધ પીવેગી, તબી યહાઁસે જાયેગી નહિ ! તો ફીર ઉંદર આયેગા નહિ !” જોવાને માટે હૈયે જો આંખો હોય તો ફકીરની આ વિચારણામાં કટુ વિપાક દેખાય. નહિતર કેવળ કથા સાંભળી જવાય !

જુએા કે જીવની નબળી કડી કઇ ? નબળી કડી એટલે ? એવી કોઇ ખાસિયત કે જેથી જ બીજાને જલદીથી વશ થાય. બીજાની ગુલામી ઊઠાવે. પરાધીન પડી જાય. તેવી કડી કઈ ! ફકીરે બીલાડીની નબળી કડી પકડી લીધી ! બસ, દૂધની લાલચ આપો કે એ તમારે પરવશ બની રહે ! મન-ગમતાની લાલસા આ નબળી કડી. માટે જેણે જીવનમાં કોઈ જરૂરિયાતો રાખી નથી તેવા જ જીવો જગતમાં બેપર-

વાહ થઈને ફરી શકે છે. નહિતર ચમરબંધીને પણ ગુલામી ઊઠાવવી પડે. પોતાના સ્વાર્થની લાલચ તે નબળી કડીને સલામત રાખી તો સમજી રાખો કે તમારે કોઈને પરાધીન થવું પડશે !

ફકીરે બિલાડીને દૂધ આપીને રાખવાનો વિચાર કર્યો. આગળ ફકીર શું વિચારે છે? આ આસક્તિના કટુ વિપાક જુઓ. "બિલ્લી તો રખુંગા, કિન્તુ દૂધ લાઉંગા કહાંસે? હાં દો ચાર ઘંટા ઔર ભટકેંગે તો દૂધ મિલ જાયગા. લેકિન ઉસમેં ખુદાકી બંદગીકા સમય જાયગા. ઔર જહાં લોટ ભી પુરા મિલતા નહિ, વહાં દૂધકા કટોરા ભી કહાંસે મિલેગા? ક્યા કરના? ઔર એક દિન હોવે તો ઠીક હૈ. લેકિન યહ તો રોજકી બાત હૈ તબ તો ઇસલિયે એક ગૌઆં રક્ખે તો અચ્છા હ!"

ફકીરે ઉંદરને કાઢવા બિલાડીનો વિચાર કર્યો, બિલાડીને રાખવા દૂધનો વિચાર કર્યો ને દૂધને લાવવા હવે ગાયનો વિચાર કરે છે ! પણ પાછી મુશ્કેલી તો ઊભી જ રહી !"ચાર, ગૌ લાના તો ઠીક હૈ કિંતુ કહાંસે લાયેંગે? ઠીક હૈ, રોજ તો હમ છોટે છોટે ઘરમેં ભિક્ષા લેનેકે લીયે જાતે હૈ લેકીન અબ ખુદ બાદશાહ કે વહાં હી જાઉંગા !...." દેખાય છે ખરૂં કે વર્તમાનમાંજ વિષયસક્તિના કેવા કટુ વિપાક ભોગવી રહ્યો છે?

ફકીર સંસારને છોડીને બેઠેલો, પરમાત્માનું જ સ્મરણ કરવાનો ભેખ લઇને બેઠેલો તે કયાં પહોંચ્યો? કફનીમાં કાણું ન પડવું જોઇએ'–તેટલા વિચારે આ ફકીરને કેટલો લપેટામાં લીધો? શાસ્ત્રકાર વારંવાર કહે છે કે–

"સંસાર અસાર છે. અસાર એટલા માટે કે એનું જરાક સુધારવા આપણું ઢગલો બગાડવું પડે! કફનીને પડેલું કાણું–એય સંસાર છે. તે સંસારે ફકીરને ક્યાં ફેંકયો? ઊંચા પરમાત્મ–ધ્યાનમાં વિચરવાનું મુકાવી બાદશાહ પાસે ભીખ માંગવામાં! એ વિચારે છે કે "રાજા તો ખુદ અલ્લાહકા અવતાર હૈ! ઉસકી પાસ જાઉં, આજીજી કરૂંગા.... હરરોજ જાઉંગા....બાદશાહ ખુશ હોગા જાયગા....ગાય માંગ લૂંગા! ....દૂધ નિકાલુંગા....બિલ્લી કો ખિલાઉંગા! બિલ્લી ફિરતી રહેગી. પીછે ચુઆ આયેગા નહિ ....ફીર કફનીમેં કાણા કહાંસે પડેગા?...."

પણ ગાય એમ દૂધ આપે? ગાયની રખેવાળી કરવી પડે; ચરવા જાય તો ત્યાં ભાળ રાખવી પડે; વગેરે કેટલુંય કરવું પડે. હવે ફકીરને આ વિચાર આવ્યો ત્યાં એ ચોંકયો! "અરે મેંને યહ કયા કીયા? કફનીમેં એક કાણું તો કયા સારી કફની ચુઆ ખા ગયા હોતા? તો ભી મુઝે કયા? માંગ લાતે દુસરી. કદાચ ન મિલતી તો મેં લંગોટ પહેનકે રહેતા. કિન્તુ યહ મેંને કહાં તક અધમ ચિંતા કી? કયા યહ ફકીરી ઈસ લીયે લી હૈ, કી ખુદાકે ભજન કે લીયે?" ફકીર કફનીની અખંડતા જેવા તુચ્છ વિષયની આસકિતના વર્તમાન કટુ વિપાક દેખી પાછો ફર્યો.

મમ્મણ શેઠે શા કસાઇનાં કામ કર્યા હતા? પણ ધનની મમત પાછળ ઘોર કર્મ ઊભાં કર્યાં! એનો ભાવી વિપાક કેવો? સાતમી નરકમાં દુઃખ! જગતના સારા દેખાતા પદાર્થો લાલચમાં ક્ષણવાર સુખ દેખાડે; પણ વિપાક ઘણો

ભયંકર. માણસને રૂપિયા લાખ મળી ગયા, તો શું કરે છે? "હાશ!" વળી એ લાખ આવ્યા પછી કેમ? આખું હૈયું એના માટે સમર્પણ! આખી ગડમથલ એ લાખની જ ચાલતી હોય! કલ્પનામાં જ હજાર ચિંતાઓ ભયો વગેરે ઊભા કરે! આ તો વર્તમાન વિપાક. પણ ભવિષ્યનો વિપાક? એમાંથી એવા ઘોર પાપ ઉપાર્જવે છે કે ભવાંતરમાં જીવને દુર્ગતિના દુઃખોની ભઠ્ઠીમાં જ શેકાવાનું! મમ્મણ શેઠે શા કસાઇનાં કામ કર્યા હતાં? કઈ ચોરીઓ ને કઈ બદમાશીઓ કરી હતી? તો એ મરીને સાતમીએ કેમ ગયો? કહો કે વિષયો ક્ષણવાર સુખ આપે છે પણ વર્તમાનમાં ઘોર પાપની વૃત્તિઓ ખડી કરે છે; અને ભવિષ્યના પરિણામે નરકના ઘોર દુઃખની ભઠ્ઠીમાં શેકે છે! હવે જીવનમાંથી માપ કાઢો કે જીવન કેવું જીવી રહ્યા છીએ? ક્ષણિક સુખ પાછળ કેટલું ભમીએ છીએ, ને મન કેટલું બગાડીએ છીએ? વર્તમાન અને ભાવી કેવા કારમા કટુ વિપાક ભોગવવાનું ઊભું કરીએ છીએ?

અહીં આપણને સર્વજ્ઞનો રૂડો ધર્મ મળ્યો અને નિર્ગ્રન્થ ગુરુ મળ્યા! કેવી સુંદર અખંડ ઉપાસના કરવાનો લાભ મળ્યો! ત્યારે એની સામે દુનિયા કેવી મળી? મહા કીંમતી ઉપાસના જ ભુલાવી દે! ત્યારે અહીંથી (ઉપાશ્રયેથી) ઊઠ્યા બરાબર શું ચાલવાનું? સંસાર લુખ્ખો લાગશે? સંસારથી ભાગી જવાનું મન થશે અરે, થાક્યા આ સંસારથી....!" એવું થશે? ના રે ના. આવું થવું કયાં રસ્તામાં પડ્યું છે! વિષયોના અતિ દારુણ વિપાક હૈયાને ચોંકાવે નહિ,

ભડકાવે નહિ ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મ શું કરી શકે ?

મૂર્ખ અને સમજુ કોણ ? :—

સિંહરાજા અર્ધ રાત્રિએ ઊઠીને વિષયના વિપાકની કટૂતા વિચારી રહ્યો છે "આ જગતના આવા તુચ્છ કટુવિપાકવાળા ઝેરસમા વિષયો પર મૂર્ખ જીવને પ્રેમ થાય, સદ્‌ભાવ થાય. સમજુને આવા ઝેરી વિષયોના સંગમાં બેસી રહેવાનું પાલવે નહિ; કેમકે એ સમજે છે કે આ વિષયોની રમત એટલે અહીંના અમૂલ્ય અવસરની બરબાદી! અને ભવાંતરમાં આત્માની કારમી કતલ ! વિચારો, રાજા ત્યાગની ભૂમિ પર નથી બેઠો, ભોગની ભૂમિ પર બેઠો છે. એવો એ રાજા પોતાની જાતને મૂર્ખ ગણે છે ! 'અરે, હું કેવો મૂર્ખ ! કે આવા ઝેરી વિષય પર સદ્‌ભાવ રાખીને હું બેસી રહ્યો છું !

ઝેર ખાઇ જીવતા રહી શકાય ? :— વળી આ જગતમાં આશ્ચર્ય જુઓ કે જેમ કોઈ જીવવાના અર્થે ઝેરને સેવે તેમ આવા ઝેર જેવા વિષયો ખાતર આ સુખના પ્રેમી લોકો પાપને સેવે છે. જાતે માની રહ્યા છે કે આ કરીને અમે સુખ મેળવી લઈએ !" પણ શું ઝેર ખાવાથી જીવવાનું મલે ? ના, એ તો સમજી જ રાખો કે અહીં જે પાપ કર્યું, ઝેરની જેમ તેનું પરિણામ ખતરનાક જ છે ! વિજળીના ઝબૂકા જેવું સુખ જોઇ તો લીધું પરંતુ એ ઝેરી સુખના ખાતર શાશ્વત એવા ધર્મને છોડી દેવાય છે, એ ખૂબજ દુઃખદ છે ! "ભાઇ ! ધર્મ તો થશે, પછી ય થશે, પણ હમણાં તો દુનિયા સંભાળી લેવા દે....કેમકે દુનિયાનું સંભાળ્યા વિના ચાલવાનું નથી. ધર્મને સાચવનાર તો છે ને

સંઘ અને આચાર્ય મહારાજ?" આવું કહેનાર અબૂઝને આપણે કહી શકીયે કે "મૂરખ! ધર્મનું સાચવવાનું તો રહ્યું પણ તું તારા આત્માનું સાચવીશ? ખરી રીતે કહીએ તો તારા આત્માની જ પડી નથી, કે જેથી માનવજીવનની સોનેરી ઘડીઓ આ કથીર જેવા વિષયોમાં પસાર કરી રહ્યો છે." માણસે સમજી રાખવું જોઈએ કે,

દુઃખ એ પાપનું ફળ છે, પાપનો નિકાલ કરનારૂં છે :—

(૧) વર્તમાનમાં દુઃખી છે તો ભૂતકાળનાં પાપ ઓછાં થાય છે.

(૨) વર્તમાનમાં પાપ કરી રહ્યો છે તો ભવાંતરમાં દુઃખી થવાનો!"

આ બેય વાત નજર સામે તરવરે તો (૧) વર્તમાનના દુઃખમાં ગભરામણ કે શોક તો ન થાય; પણ ઉપરથી પાપનાં ઝેર આત્મામાંથી ખસે છે તે બદલ કલેજે શાંતિ રહે. વળી (૨) જીવનમાં વર્તમાનમાં ખોટો શોક, ખોટી તૃષ્ણા, દુર્ધ્યાન, કે દુનિયાને વળગી બીજાં પાપો અને દોષો સેવવાનું જે થાય છે તે અટકે.

બે વાત છે–જુનાં પાપને ખસવા દો; નવાંને આવતાં અટકાવો.

દુઃખ ભોગવનારો પોતાના પાપનો નાશ કરી રહ્યો છે. ત્યારે એમાં તો આત્મા પાપના ભારથી હલકો થવાનો. પછી એણે શોક શા માટે કરવો? ઊલટું ધર્મ–સેવામાં લાગી

જવું જેથી ભવિષ્ય માટે પાપ અને દુઃખ ઊભાં થાય નહિ. આ તો દુઃખીની વાત. તેમ સુખી અહીં પોતાના સુખ–ભોગ વખતે પોતાના પુણ્યને જ ઓછાં કરી રહ્યો છે! તેથી હવે ભવાંતરમાં સ્થિતિ સદ્ધર રાખવા એણે ધર્મમય જીવન કરી દેવું ઘટે. સુખી કે દુઃખી જો સુખદાતા તરીકે ધર્મ ઉપર શ્રદ્ધાવાળા હશે, તો જ આ કરશે. ધર્મથી દુઃખ જાય; ધર્મથી જ સુખ મળે, આ સમજનારે ધર્મનું ઔષધ લેવું જોઈએ; અને ભવાંતરમાં દુઃખી ન થાઉં–માટે નવાં પાપ બંધ કરવા જોઇએ. તેમ શ્રાવકપણાને યોગ્ય જીવનમાં કેટલાંય પાપ ઓછાં કરવા જોઈએ. પાપો રોજ પ્રતિક્રમણમાં બોલો છો ને.

કાળ ગમે તેવો બગડી જાય, ભલે ચિંતા નહિ, પણ શાસ્ત્રે જે કહ્યું કે–પાપનું ફળ દુઃખ માટે પાપનો નાશ કરવા, ચાહ્ય સુખી હોય કે દુઃખી, એણે હમેશાં ધર્મ કરવો જોઇએ. જીવનમાંથી પાપનો નિકાલ કરવા માટે એકજ ઉપાય છે–ધર્મનો. ધર્મનું આલંબન ન રાખે તો સુખી પણ દુઃખમાં પડે છે; અને દુઃખી વધુ દુઃખી બને છે.

બળિયાનો જુલ્મ : અરઘટ્ટ જેવી દુનિયાઃ—

આ કોણ સમજી શકે? ધર્મનાં સુંદર ફળ હૃદયથી સમજે તે. બાકી તો 'મારે તેની તલવારમાં લોક પડ્યું છે. સાપ દેડકાને ગળે તેમ બળિયો નબળાનું પડાવે છે. "નબળાને આપું એમ નહિ. પણ એનું ખેંચી લઉં! મૂડી છે, છે, બજારમાં 'ખેલો' કરી લઉં....રેંગડા–પેંગડા વેપારીઓને હેઠા બેસાડી માલ ઘર ભેગો કરી લઉં." બધું બળ–તાકાતનો ઉપયોગ શું? અરઘટ્ટ જેવી દુનિયામાં અલ્પ–બળવાળા પર

હકુમત બજાવવાની ? અને એની પાસેથી આપણે સ્વાર્થ ચૂસી લેવાનો ? અરે, મોટાની વાત એક બાજુએ રાખો; નાના બાળકોમાં પણ શું છે ? ભલે લાંબી પહોંચ નથી; પણ જેનામાં બળ વધારે, તે બીજાને ઠોંસો લગાવીને ઊભો રહે છે ! એકજ બાપના બે બાળકો હોય, એક ત્રણ વર્ષનો ને બીજો દોઢ વર્ષનો. બે સગા ભાઈ છે ને ? તોય પેલો ત્રણ વર્ષનો સમજશે કે "હું મોટો !" શા માટે ? નાનાને દબાવવા ! આને સંતની દુનિયા કહેવાય કે શેતાનની ? આવી ય દુનિયા, જ્યાં સુધી આપણે શિરજોરી કરી શકતા હોઈએ, ત્યાં સુધી આપણને એ માલવાળી લાગે છે.

પણ સમજવું જોઈએ કે અરઘટ્ટ જેવી દુનિયામાં ચક્ર ફરતું છે. સબળો એ નબળો ને નબળો એ સબળો થાય છે. રંક એ રાજા ને રાજા એ રંક થાય છે. કાળ અને ભાગ્યનું ચક્ર ફરતું છે. આજે આપણે ભલે બળિયા અને ભાગ્યશાળી; પણ કાલે આપણે જ નિર્બળ અને બીજાની દાઢીમાં હાથ ઘાલવો પડે એવા હીનભાગી થઈએ ત્યારે ભારે દેખાશે ! સો દહાડા સાસુના તો એક દિવસ વહુનો ખરો ને ? વહુ નવી નવી આવી હોય, એટલે સાસુ શિરજોરી કરી લે. પણ વહુએ પગદંડો જમાવ્યા પછી સાસુને તોબા પોકરાવે છે ને ! કેમ આટલું બધું ? વારા પછી વારો. મારા પછી તારો ! નાના અને નિર્બળ પાસેથી જેટલો સ્વાર્થ ચુસાય તેટલો ચૂસી લેવો. એ તો કોલુ જેવી ક્રૂરતા છે. કોલુ શેરડી કરતાં બળવાન છે, તો શું કરશે ? બિચારીને જોરદાર કચરી ઘાલશે ! સ્વાર્થની મહાન લૂંટ અને ઉપરથી મહાન

શિરજોરી ! એ આ શેતાની જગતમાં મળેલા બળનું પરિણામ દેખાય છે.

'જીવો જીવસ્ય જીવનમ્' નો સાચો અર્થ :—

રાજા દુનિયામાં વ્યાપક રીતે દેખાતો સિદ્ધાંત તારવે છે–"દેડકા જેવો નિર્બળ અને તુચ્છ જીવ, સાપ જેવા બળવાન પ્રાણીથી ગળાઈ રહ્યો છે, કોળિયો કરાઈ રહ્યો છે !" આ પરથી અજ્ઞાન જીવો '**जीवो जीवस्य जीवनम्**'–નું સૂત્ર ઊંધું લગાવે છે. 'એક જીવ બીજા જીવનું જીવન છે, માટે એને ખાઈ જાઓ–ગળી જાઓ ! જો આજે આપણે બિલાડી છીએ, તો ઉંદરને ખાઓ !' પણ આપણને કૂતરો ખાય એ પાલવું નહિ ગમે. બીજા જીવો આપણા શિકાર; આપણે કોઈના નહિ ! જીવો જીવસ્ય જીવનમ્ એનો અર્થ એ છે કે એક જીવ=એક સજ્ઞાન જીવ, બીજા જીવનું=બીજા અજ્ઞાન જીવનું જીવન છે, અજ્ઞાનને જીવાડવામાં આધાર છે. સજ્ઞાનના આધારે અજ્ઞાન બચે. માતા સજ્ઞાન છે, તો બચ્ચું અજ્ઞાન છતાં ઊછરીને મોટું થાય છે. પણ માતા જ બાળક જેવી અજ્ઞાન હોય તો ? બચ્ચું મરે ! શિક્ષક સજ્ઞાન છે તો બાળક ભણીને શિક્ષિત બને છે. પણ શિક્ષક જ નિશાળિયા જેવો હોય તો ? તેમ ગુરુ જો સજ્ઞાન છે, તો જગતના જીવો માટે જીવનરૂપ બને છે, પણ ગુરુ જ અજ્ઞાની હોય તો ? જગતના જીવો વહેલા મરે ! ગુરુ જો અજ્ઞાન તો જગતનું મોત, ગુરુ જો સજ્ઞાન તો જગતનું જીવન.

સજ્ઞાન એટલે ? જ્ઞાનવાળા. એટલે શાના જ્ઞાનવાળા ?

ચાર પૈસાનું શેર, તો આઠ પૈસાનું બશેર મળે, ને પૈસાનું પાશેર મળે એ જ્ઞાનવાળા ? ચક્રવર્તી વ્યાજ ગણનારો એ સજ્ઞાન ? શું સજ્ઞાન એટલે ? માની બહેનને માસી કહેવાય, તે જાણનારા ? કયા જ્ઞાનવાળા જોઈએ ? પુણ્ય-પાપના જ્ઞાનવાળા, આત્માના હિતાહિતના જ્ઞાનવાળા, કર્તવ્યાકર્તવ્યના જ્ઞાનવાળા, એ સજ્ઞાન.

અજ્ઞાનીનો ઉપદેશ પાપદાયી :— ગુરુ જો અજ્ઞાની હોય તો સામો ધર્મ માગતો હોય, છતાં એને અધર્મમાં પ્રેરે. જગતના ભદ્રક જીવો ધર્મ માગી રહ્યા હોય છે, પણ ગુરુઓ કેટલાક એવાં હોય છે કે જે એને અધર્મના કૂવામાં ઉતારે ! તેમ એવા હિતશત્રુઓ પણ મળે છે કે જે પાપસલાહ દઈ સામાનું નિકંદન કાઢે ! પાપસલાહથી જ દુનિયા આજે ખોટા પાપાચરણમાં રોળાઇ રહી છે; જીવનને ભારે કરી રહી છે ! જ્યારે જિનેશ્વર ભગવાનનું શાસન મોજુદ છે, આગમોની અમૃતવાણી મોજુદ છે, ઉત્તમ વિચારધારા, સુંદર સમાધિની ચાવીઓ આજે પણ મળી શકે એમ છે, ત્યારે એ બધું મૂકીને જગતને ખોટા પાપાચરણના ઉપદેશ કરવા તે શું ચાલ્યું છે ? **जीवो जीवस्य जीवनं नहि, मरणम्**-અજ્ઞાનેતા જીવ બીજા જીવને જમરૂપ બને છે. "મધ્યમ માણસો ભૂખે મરે છે....અને શ્રીમંતોને લહેરથી બંગલાઓમાં રહેવું છે અને મોટરોમાં ફરવું છે...." આમ બોલીને પ્લેટફોર્મ ગજવવાનાં ને ટેબલ પછાડવાનાં ! "આજે લક્ષ્મીવાળાઓને કંઇ પડી નથી....લોકોનાં લોહી ચૂસે છે...." આવું બોલનારને આપણે પૂછીએ છીએ કે " અરે મહાન વક્તા ! આ

તું કોને સંભળાવે છે ? પૈસાવાળાઓને સંભળાવે છે ? તે તો તારી સભામાં હાજર નથી. સુધારવા તો તેને છે ને ? તો તેના બંગલાઓમાં જા તો ખરો સંભળાવવા. કહી દેશે, ઊતરો ઊતરો નીચે, રવાના થાઓ !" પણ ના તવંગરોને સંભળાવવાની વાત નહિ, એ તો ગરીબોને સંભળાવાનું ! એટલે શું પરિણામ ? ગરીબો પાસે શ્રીમંતોને ગાળો દેવરાવવી, ગરીબોના મનમાં ઈર્ષ્યા જગાવવી, દુર્ધ્યાન જગાવવાં.... આ જ ને ? આ ધર્મ આપ્યો કે કષાયો ? આ બધું મોત આપ્યું કે જીવન ?

માટે કોઈને સલાહ આપતાં જોવું જોઈએ કે 'હું સજ્ઞાન છું કે અજ્ઞાન ?' સલાહ આપવા નીકળી પડતાં એ જ્ઞાન ન હોય કે "સામા આત્માનું હિતાહિત શામાં ? મારી વાણીથી એ હિત મેળવશે ?...." અને એમ ને એમજ ગોળા ગબડાવે તો અજ્ઞાની ગણાય. સજ્ઞાન જ એ બીજાને જીવનરૂપ બને; કેમકે એ હિતનું બોલશે. તેવી રીતે, દેવ જો મહાજ્ઞાની હતા તો જગત માટે જીવનરૂપ બન્યા. આ ખરો અર્થ છે. પણ લુચ્ચાઓએ સૂત્ર બનાવી દીધું. એક જીવ એ બીજા જીવનું જીવન યાને શિકાર !' દુનિયામાં બળિયાના બે ભાગ ચાલે છે. ઝટ બીજા પર શિરજોરી કરવાનું મન થાય; સ્વાર્થ લૂંટવાનું મન થાય ! "આપણે શેઠ છીએ, સામો નોકર છે ને ?" બસ ! આપણી બાયડી સામાન્ય માંદી હોય તો આપણે એની પાસે રહીએ. પણ નોકરની બાયડી ભારે માંદી હોય તો ય એણે એને પડતી મૂકી દુકાને આવવું જોઈએ. દુનિયામાં આવા નાટક દેખાય છે.

'મારે તેની તલવાર!' સજ્ઞાન દશા આ માગે છે કે બળ છે છતાં પોતાના સ્વાર્થ લૂંટાવાની વાત! પણ બીજાના સ્વાર્થ લૂંટવાની વાત નહિ, આ શાસનનો માર્ગ છે. લોકનો માર્ગ પેલો છે.

રાજાની તારવણી :—શું દેખાય છે આ દુનિયામાં? એક બીજાને ગળી રહ્યા છે! મીલનો સાત રૂપિયાનો કારકૂન ઘેર બાયડીપર ઠસ્સો રાખે છે! ને બાયડી છોકરા પર ઠસ્સો રાખે છે! છોકરો નાના ભાઈ પર ઠસ્સો રાખે છે! કારકૂન પર એનો અમલદાર રોફ ચલાવે છે, ને અમલદાર પર મીલનો માલિક રોફ ચલાવે છે! સિંહરાજા આવી દુનિયામાંથી તારવણી કાઢે છે કે જો આ જીવલોક આવો છે. તો દુનિયાના પદાર્થ પાછળ લંપટ બનવું, જીભ બહાર કાઢી લાળ પાડતા ચાલવું, તે તો મહામોહનું કારણ છે. પેલો મોટો અજગર એમ માનતો હતો કે 'મને કોઈ ગળનાર નથી.' પણ એનેય ગળનાર જમરાજ બેઠો છે! 'ક્ષણવારમાં તે આવીને ગમે તેવી તારી ભીષણ કાયામાંથી પણ તને બહાર ફેંકી દેશે.' દુનિયાના પદાર્થ પાછળ ઘેલા થવું, એની પાછળ દોટ મૂકવી, તે તો મહામોહનો કિસ્સો છે. રાજા શું તારવણી કાઢે છે? "નબળા પર સબળાની શિરજોરી છે, માટે ઇન્દ્રિયોના વિષય સુખોમાં રાચવું નહિ.

વિષયાંધતામાં બે જ કાર્ય-શિકાર બન કે થા:—

રાજાની તારવણી બરાબર છે. જુઓ,—આ જીવને જે ઇન્દ્રિયના વિષયોની લંપટતા ગમે છે, તે વિષયો શું એમ

ને એમ મળી જવાના ? આંગણામાં કલ્પવૃક્ષ ઉગ્યું છે, એને કહી દો 'આપી દેજે મખમલની શય્યા, ગાંધર્વના સંગીત, અને ઘેબરનાં ભોજન', એટલે ટપ શું એ બધું હાજર થાય ! ના, તો પછી તે લેવા માટે દુનિયામાં જવું પડશે. જ્યારે દુનિયામાં તો પેલું નાટક ચાલી રહ્યું છે,—સબળાની નબળા પર શિરજોરી ! જેનું બળ તેની લૂંટણગીરી ! ત્યાં આપણે આપણું મનગમતું લેવા જવાનું કે એના શિકાર બનવા જવાનું ? ઘરાકને વિશ્વાસમાં રાખી વેપારી એકના દોઢા લઈનેય ભેળસેળ આપવાની શિરજોરી કરે છે. વસ્તુ લઈ ને ઘેર આવ્યા, છોકરાની નજર પડી ગઈ, માગે છે. હવે તમે શિરજોરી કરવાના ! શિરજોરી શા માટે થઈ રહી છે ? જગતના પદાર્થો માટે. જે જગતના પદાર્થો માટે એક બીજાને ગળવાનો ધંધો કરી રહ્યા છે, તેવા પદાર્થો આપણે જગત પાસે લેવા જવાનું, એટલે ! એના શિકાર જ બનવાનું ને ? અને આપણે જો બળિયા છીએ, તો બીજાને શિકાર બનાવવાના ને ? આ બે સિવાય ત્રીજું કાર્ય નથી. (૧) બીજાનો શિકાર કરો એટલે જંગલી પશુ જેવા; અને (૨) બીજાના શિકાર થાઓ એટલે મોટી શોક પોક મૂકતા રાંક ઉંદર જેવા ! ઈન્દ્રિયોને ગમતા જગતના પદાર્થો પાછળ આ બેમાંથી જ ગમે તે સ્થિતિ ને ?

પાપની દુનિયામાંથી જિનની દુનિયામાં :—

દુનિયા પરથી આસ્થા ઉઠાડી લેવાનો આ એક જબરજસ્ત કિમિયો છે. રાજાની આસ્થા ઊઠી ગઈ. "મારે સર્યું આ રાજ્યથી ! જોઈએ નહિ રાજ્ય. રાજા આવ્યો છે શત્રુને.

દબાવવા. સામગ્રી અને સત્તાવાળો છે. એવી અનુકૂળતામાં ય એણે પૂર્વ વિચારણાથી સાર એ કાઢયો કે "જે મોટું રાજ્ય પણ અનેક દુઃખરૂપી ફળોને આપે એવા ઝાડનું બીજ છે; અને જે અધમ પુરુષાર્થના વિકાર જેવું છે, એવા રાજ્યનો મારે ખપ નથી." યોગ્ય સાર ખેંચ્યો છે. રાજ્ય એટલે બળ, સત્તા અને એના પર શિરજોરી. આ સબંધમાં માર્ગ પર જોયેલા એક દૃશ્ય પરથી આ સાર કાઢયો ! જો દુનિયામાં બહુધા આ જ ન્યાયનું ચલણ છે. બળ પર શિરજોરી–ચૂસણી, તો વિષયોની ઘેલછાથી દુનિયાની ચક્કીમાં ફસાવું તે મહામોહનું કારણ છે. કેમ ? સામે બીજું દેવાધિદેવનું જગત ઊભું છે.

જિનશાસનમાં દુનિયા કરતાં જુદો જ ન્યાય છે ! બળ પર શિરજોરી નહિ પણ લઘુતા ને નમ્રભાવ ! મહાવીર ભગવાને એ જ કર્યું હતું, ગોવાળિયો પગ વચ્ચે અગ્નિ સળગાવી ખીર રાંધવા આવ્યો, તો ? ભલે ! " બાળ પગ. શું ભગવાન પાસે બળ નથી ? બળ તો અંગૂઠો અડાડીને મેરુને નચાવવાનું હતું ?

પણ બળ પર શિરજોરીનો રાહ તો પાપી દુનિયા પકડે, જિનની દુનિયા નહિ. સંસારપ્રવાસી પકડે, મોક્ષનો મુસાફર નહિ. જેને દુર્ગતિની મુસાફરી ખપે તેને પોતાના બળ પર શિરજોરી સૂઝે પણ જેને મોક્ષનો રાહ ખપે છે તેને તો સ્વકીય બળ પર વધુ નમ્રતા–લઘુતા ખપે છે. એ ભગવાને સ્વયં સાધ્યું, ને જગત પાસે સધાવ્યું ! " બળ છે તો વધુ ક્રોધી ન થાઓ. વધુ ક્ષમાશીલ બનો. પૈસા છે તો વધુ

લોભિયા ન થાઓ, વધુ દાનેશ્વરી, વધુ ત્યાગી બનો." તાકાત પર નમ્રભાવ અને પરમાર્થ વૃત્તિ દાખવવાનું જૈનશાસનનું જગત સૂચવે છે. 'તમે જો સારી શારીરિક શક્તિવાળા છો, સારી માનસિક શક્તિવાળા એટલે બુદ્ધિમાન છો તો નાનામાં નાના એકેન્દ્રિયાદિ જીવ પર પણ શિરજોરી કરનારા નહિ, કિન્તુ અભયદાન દેનારા થાઓ.' તેથી જ સમજો કે જૈનશાસને ચારિત્રનો માર્ગ કેમ સૂચવ્યો ? આ જગતના શિરજોરીના મારક રાહથી ઊલટો સ્વાત્મનિયંત્રણનો તારક રાહ લેવા માટે તમારે બીજાને અભય આપવાનું; પણ એના પ્રાણ નહિ લૂંટવાના.

રાજ્ય એટલે :

રાજા અંતિમ નિર્ધાર પોતાના હૃદયમાં કરે છે. કે હવે મારે રાજ્ય ખપે નહિ કેમકે,

(૧) રાજ્ય એ દુઃખ પ્રેરક અને અધમ પુરુષાર્થ પ્રેરિત છે.

રાજ્ય અનેક દુઃખના બીજભૂત છે, અને અધમ પુરુષાર્થથી જન્મેલું છે, અને અધમ પુરુષાર્થ કરાવનારૂં એ છે.

(૨) રાજ્ય દુષ્પુર પાતાલ :

(૨) "રાજ્ય ? રાજ્ય એટલે જેને દુઃખે કરીને પૂરી શકાય તેવું જાણે પાતાળ ! પાતાલને કોઈ પૂરવા જાય તો પુરાય ? તેમ રાજ્યની લાલસા પુરાય એમ નથી. આ તો મિંયા મસાલા વિના અટક્યા છે ! કોઈ મૂડી આપીને કહે, 'લગાવ સોદો !' તો જીવ ઝાલ્યો રહે ? લક્ષ્મી શું કે વિષયો

શું, તેની લાલસા પાતાળ જેવી છે. અથવા રાજ્ય એ બીજી કેટલીય વસ્તુ માગે છે, જેની પૂર્તિ કરવી કઠિન. એ હિસાબે પણ રાજ્ય પાતાળ જેવું કહેવાય. સાથે નચિંત બેસવા જેવું નથી.

(૩) **"રાજ્ય પાછું ખંડીયેર મકાન જેવું છે.** એમાં બીલ બાકોરા, અને બખોલ વગેરેને ભારે અવકાશ છે. એમાં દુર્જનોને પેસી જવા માટે બહુ સંભવ; વિકારોને દાખલ થવાની તક ઘણી ! સાપ ને ઉંદરરૂપી કેઇ દોષોને ઘૂસીને સ્થિરવાસ કરવા માટે પણ ઘણા પ્રસંગ મળે. કેવી સરસ ઉપમા ! રાજ્ય અને લક્ષ્મી એ સડયું પડયું ઘર ! વિચારજો કે મમતા-ઈર્ષ્યા-ક્રોધ-અભિમાન વગેરે દોષો શાના પર છે ? જે લાંબી કે ટૂંકી લક્ષ્મીદેવી પાસે બેઠી છે, તેના પર. સાધુ મહારાજ પાસે આ નથી; તો તેને આ દોષો સેવવાના નથી ! વળી,

(૪) **રાજ્ય એ દુષ્ટની સંગત જેવું છે.** દુષ્ટની સંગતમાં પરિણામે ગાંઠનું ખોવાનું ને રોવાનું ! જેની સમાપ્તિ વિરસ હોય. રાજ્ય પાછળ પુણ્યે ખોવાનું, દુર્ગતિમાં રોવાનું.

(૫) **"વળી આ રાજ્ય વેશ્યાના હૃદય જેવું છે.** વેશ્યાનું હૃદય કેવું હોય ? 'પૈસા લાવો ! દિ' ઊગે ને પૈસા લાવો. જો ન હોય તો ઊતરો નીચે.' બસ, રાજ્ય પણ તેવું જ કહે છે, "ભંડારો ભર." પણ કયાંથી લાવું ? 'ગમે તે કૂડકપટ અને જુલ્મકરીને પણ ભર ! પુણ્ય ખૂટે ઊતર નીચે.' વેશ્યાહૃદય જેવું એટલે ? ખોટી મોહિનીમાં ઘસડનારૂં. રાજ્ય એવું છે. અરે એક ઘર-કુટુંબનું રાજ્ય પણ એવું. સદા માગવાનું ચાલુ. વિચારો,

તમારો સંસાર કંઈ માગે ખરો ? હા, તાંબાની તોલડી તેર વાના માગે ! એક તાંબડી માટે તાવેતો ને કડછી, ચૂલો ને હોલો. એવું તો કેટલુંય !

(૬) "**રાજ્ય એ તો મોટો રાફડો છે.** કેમકે એમાં ઘણા ભુજંગો રહે છે. દાવપેચ ખેલનારા ભુજંગો સમાન છે. ને રાજ્ય ખટપટ એ દાવપેચની ખાણ છે.

(૭) "**અરે ! રાજ્ય એટલે અકૃતાર્થ જીવન !** જ્યાં કદી ય કાર્યો પૂરા જ ન થાય એવી જિંદગી જોઇ લ્યો ! અરે સામાન્ય જિંદગીમાં ય કાર્ય પૂર્ણ થતા નથી. તો રાજ્ય-જીવનની વાતેય શી ? દુન્યવી જીવનમાં કાર્યોની સમાપ્તિ થઇ હોય-તેવું દેખ્યું ? ઘણા માણસોના તમે જીવન જુઓ છો. શું તેમાં એવું જોયું ખરૂં કે આને ખાવાનું, આને ઊંઘવાનું, આને પૈસા કમાવાનું, ને કુટુંબ સંભાળવાનું કાર્ય પૂરું થઈ ગયું ? ના, સંસાર એટલે હંમેશા કાર્યની અપૂર્ણતા ! સદા કાર્ય જ્યાં અપૂર્ણ જ ઊભાં રહે તે સંસાર ! ને સર્વ કાર્યો જ્યાં પતી ગયાં હોય તે મોક્ષ ! જેને મજૂર રહેવું ગમતું હોય તેને માટે બધાં કાર્ય ઊભાં રહે તે સારૂં; જેથી મજૂરી કર્યા જ કરે. જીવ એટલે સંસારનો મજૂર. કાંઈ ને કાંઇ કર્યા જ કરે. કહે છે ને સઈનો દિકરો, જીવે ત્યાં સુધી સીવે.

(૮) "**અરે, રાજ્ય તો સાપનો કરંડિયો છે** ! તે કરંડિયો રાખવો હોય તો સાવચેતી જોઈએ. સાપના કરંડિયાનું ઢાંકણ જરાક ગફલતથી ખૂલ્લું થઈ ગયું તો ખલાસ !

એવું રાજ્ય કયાંક જો છિદ્ર પડે તો એમાંથી મહાન અનર્થો જન્મે. કયાંય એના પર વિશ્વાસ કરાય નહિ. નચિંતતાનું નામ નહિ! રાજ્ય હોય ને નચિંતપણે સૂઈ શકીએ, તેવું બની શકે નહિ. રાગીને, ભોગીને, ને સંગ્રહીને ન હોય. એ તો ત્યાગ વૈરાગ્યની વાતો ભણાવનાર જૈનશાસનમાં જ નચિંતતાના પાઠ મળી શકે. નિશ્ચિન્તતા વિરાગીને, ત્યાગીને, નિસ્પૃહીને.

(૯) **"વળી રાજ્ય વેશ્યાના યૌવન જેવું છે.** યૌવનવાળી વેશ્યાને રસ્તા પર જતી જોઈ કેટલાકો તેના પર નજર નાખી, તેની ઈચ્છા કરે છે! તેમ કેટલાય લોકો રાજ્યને જોઈને ઈચ્છા કરે છે કે 'અમને રાજ્ય મલો!' પરંતુ જેમ વેશ્યાના યૌવનમાં ફસાયેલો સર્વસ્વ ગુમાવી દે છે, તેમ રાજ્યસત્તામાં ફસાયેલો સર્વથા નાશ પામે છે. ઉપરાંત,

(૧૦) **"રાજ્ય એ બેડી છે.** જેને શુદ્ધ પરલોક સાધવો છે તેને માટે રાજ્ય બિનજરૂરી ને ઊલટ શૃંખલા સમાન છે. રાજ્ય એ પરલોકના કલ્યાણનું સાધન નથી. શુદ્ધ પરલોકનો માર્ગ નથી. માટે એને છોડી, આ લોક-પરલોકને સુખકારી અને ધીર જનોએ અપનાવેલા ચારિત્ર માર્ગને જ અપનાવી લઉં!"

પ્રકરણ ૧૩ : સાચી મોટાઇ

માણસ સમજ્યો ત્યારે કહેવાય કે જે પ્રસંગ સામે આવ્યો હોય તેને મનમાં તત્ત્વદૃષ્ટિથી પલોટાવે. તમેય જગતમાં કોક પ્રસંગ જોયા તો હશે જ, તો તમને કોઇ દિ'

વિચાર આવે છે કે 'આ સંસાર એટલે સાપનો રાફડો! વેશ્યાનું યૌવન! વેશ્યાનું હૃદય! કાર્યની સમાપ્તિ કદીય ન થાય તેવા જીવનોની ધારા! દુષ્ટની સંગત હજારો દિવસ વીતી ગયા જીવનના, છતાં આવો વિચાર નથી! જ્યારે શાસ્ત્રે તો શ્રાવકને માટે નિરંતર ધર્મજાગરિકાનું વિધાન કરેલું છે! કેમકે આ કર્યે રાખે તો કોઈ દિ' જીવ ઊંચો આવી શકે. રાજાએ નક્કી કર્યું કે "ચારિત્ર લઈ લઉ." "માટે હવે અહિંથી ચાલ્યા જવું. પરંતુ જે કાર્ય માટે આવ્યો છું, તે કર્યા વિના જાઉં તો લઘુતા ન થાય?..." આ વિચાર આવતાં જ, સામે પ્રતિપક્ષી વિચાર તત્ત્વમાં ઝીલતા મનમાં તૈયાર જ હતો...."લઘુતા થશે,—આ વાત જ તુચ્છ છે. કેમકે એ માત્ર એક જીવનની નાની વાત છે. બાકી પરલોકનું એ આપણું શું બગાડી દે છે? અને વિજય મેળવી લઈએ તો આત્માનું શું સુધારી નાખે છે? ત્યારે ચારિત્રની વાત અનેક જન્મો સાથે સંગત છે; ભાવી દીર્ઘકાળને સુધારી દે છે." આ પ્રમાણે વિચારણા કરતાં રાત્રિ પસાર થઇ ગઈ. સવાર પડ્યું અને આવશ્યકકૃત્ય કરી લીધું ત્યાં મન્ત્રીઓનું મંડળ આવી પહોંચ્યું. સંસારમાં 'મત્સ્યગલાગલ' ન્યાય જોઈને સિંહરાજાનો વૈરાગ્ય એટલો બધો વધી ગયો કે જે દુશ્મન પર ચઢાઈ કરીને તે ગયા હતા, તે દુશ્મનને પરાજય પમાડવાની વસ્તુ હવે મનમાંથી કાઢી નાખી. ત્યારે ઉત્કૃષ્ટ વૈરાગ્ય ન હોય તો દુન્યવી રાગ એવી ચીજ છે કે ઈષ્ટની આશામાં તો શું, નિરાશામાંય ભારે ધાંધલ કરાવે. અહીં રાજા બલવાન છે, શત્રુને જીતી શકે એમ છે. હવે ન લઢે તો લોકમાં

આબરૂ જાય એમ લાગે છે. છતાં એક વૈરાગ્યે દિલ ફેરવી નાખ્યું.

દુર્મતિ વશ આવે છેઃ—રાજા પાસે મંત્રીમંડળ આવ્યું–તેની આગળ રાજા લડાઈ પડતી મૂકવા વગેરેની પોતાની વાત મૂકે તે પૂર્વે જ સદ્‌ભાગ્યની બલિહારી જુઓ કે એ કેવોક વિજળી–ઝબૂકો કરી જાય છે ! દ્વારપાલિકા આવીને ખબર આપે છે, 'મહારાજા ! પેલો દુશ્મન દુર્મતિરાજા આપશ્રીને સ્વયં યુદ્ધ માટે નીકળેલા જાણીને અને આપશ્રીની શિક્ષા કેવી ભયંકર કોટિની હોય છે તે વાતને બરાબર સમજીને, આપશ્રીના શાસનનું ઉલ્લંઘન કરવા બદલ ઘણો પસ્તાવો કરતો પોતાનો બધો મદ ત્યજી દઈને હવે કોઈ પણ રીતે આપની પાસે રક્ષણ મેળવવા પોતાના ગળે ફરસી (કુહાડો) બાંધીને કેટલાક પુરુષોના પરિવાર સાથે આવી ગયો છે. અને મહારાજાના દર્શન કરવાનો અભિલાષી તે પહેરગીરની જગાએ ઊભો છે. હવે આપ જે આજ્ઞા કરો તે પ્રમાણ." કહો, જો આમાં માણસનું ધાર્યું શું થાય છે ? અધીરો માણસ ધમાધમ કરવા જાય કે "અરે ભાઈ ! ચારિત્ર તો લેવું છે, પણ આ જે માટે આવ્યા છીએ તે તો પતાવી લ્યો...." આમ કરી ધમાલ કરે પણ ઊલટું એવું ય બને કે સામેથી પ્રત્યાઘાત પડતાં, "અરેરે, મેં કયાં આ ધમાલ કરી એમ પસ્તાવો કરવાનો વખત આવે ત્યાં અણધાર્યું ઊધું થયું કહેવાય. અહીં પ્રયત્ન નહિ છતાં અણધાર્યું સારૂ સવળું બની આવે છે.

શત્રુ રાજા ખુદ સામે ચાલીને આવે છે. સિંહરાજાએ મતિસાગર મંત્રીની સામે જોયું. કુશળ મંત્રીએ રાજાનો અભિ-

પ્રાય જાણી લીધો; ને કહ્યું–"એને પ્રવેશ કરાવો ભલે આવે, શું વાંધો છે? કેમકે રાજાઓ તો શરણાગતવત્સલ જ હોય છે." રોફ કે અભિમાન કરતો હોય તો જરા ચિમકી બતાવી દે એ જુદી વાત; પરંતુ જ્યાં પગે પડતો આવે ત્યાં તો પ્રેમ જ વરસાવનાર હોય છે. રાજાએ અનુજ્ઞા આપી. દ્વારપાલે દુર્મતિને પ્રવેશ કરાવ્યો. દુર્મતિએ આવીને સિંહરાજાને, 'દેવ આ કુહાડો અને આ મારૂં ગળું; કહીને ચરણમાં પડયો.

સાચી મોટાઇના ઉપાય :—

પૂર્વના રાજાઓ એટલે માત્ર જમીનના ટૂકડાના બાદશાહ નહિ; મનના પણ બાદશાહ; અર્થાત્ બાદશાહી મનવાળા! ભયંકર દુશ્મન પણ સુધર્યા પછી મોટા મનથી એને ગુનાની ક્ષમા આપી દે! તેવી ક્ષમા આપવાની તૈયારી ન હોય તો મોટાઈ ન ટકે! પણ એ સાચી મોટાઇનું ભાન હોય ત્યારે. જ્યારે નકલી મોટાઈમાં તો નાના પર જોહુકમી કરવાનું આવડે છે. ગુનેગાર પસ્તાવો કરે તોય ખુનસથી એને કચડી નાખવાનું આવડે છે. 'બસ, કેમ મારી સામે બળવો? ઉદ્ધત!....'નકલી મોટાની બળ-શકિતનો શું ઉપયોગ? શિરજોરી કરવાનો! દંડાબાજી કરવી હોય તો તૈયાર! મોટો કોળિયો પોતાને ભરવો હોય તો તૈયાર! સાચી મોટાઈવાળાને તો પોતાનો કોળિયો નાનો હોય; અને નાનાને મોટો કોળિયો ભરાવે! નાનાને સુખ સગવડ આપે, પોતે કષ્ટ-અગવડ ભોગવે. નાનો ચડભડે તેમ મોટાથી ચડભડાટ ન કરાય, તો મોટાઈ આવે. કરતા નથી ને? કે એના બદલે મોટા છો માટે આંખની કીકી ભમરે ચઢી જાય છે?....ભારે

શબ્દો મોંમાંથી નીકળે છે ?.... રોફને રૂવાબ ચાલે છે ? શું શું ? આ ન ચાલે મોટાઈમાં.

મોટાઈની પાછળ ઘણી (૧) ઉદારતા, (૨) સહિષ્ણુતા, ક્ષમા, વિશાળતા, (૩) ગંભીરતા, અને (૪) મધુરતા જોઈએ. આ ગુણો ખુબ જરૂરી છે.

૧ **ઉદારતા** :—મોટાઇ ગુણની જોઈતી હોય તો પહેલા નંબરમાં ઉદારતા કેળવો. શું ઉદારતા એટલે ? મારૂં જે બધું દેખાય છે, તે મારૂં નહિ પણ મારા સંઘનું, મારા આશ્રિતોનું, મારા જ્ઞાતિબંધુઓનું....શું સમજ્યા ? ઉદારતા માટે પરની વસ્તુમાં તો પોતાનું સ્વત્વ નહિ લઈ જવાય, પણ પોતાની ગણાતી વસ્તુઓમાંથી ય સ્વત્વની ભાવના ઉઠાવી લઈ એમાં પરકીયત્વની ભાવના જમાવવી જોઈશે. જો પોતે વડેરો છે, તો એનો અર્થ એ નથી કે ઊંચી સુખ સગવડો પોતે ભોગવે. પણ એનો અર્થ એ છે કે એ સગવડો નાનડિયાઓ ભોગવે, અને પોતે તો ખૂબ સાદાઈમાં રહે; અવસરે અગવડ પોતે વેઠી લે. એમ જ્યાં જ્યાં પ્રસંગ મળે ત્યાં ત્યાં પોતે બીજાની સેવામાં પોતાના ધનની, મનની, બુદ્ધિની, કાયિક શ્રમની, સમયની વગેરેની ઉદારતા કર્યે જવાની. એવું જ એ કે કોઈએ પોતાનું બગાડ્યું છે, પણ એ આજે પશ્ચાત્તાપ કરે છે તો એનો પૂર્વનો ગુનો જાણે બન્યો જ નથી એ રીતે પોતાના મનમાંથી એ કાઢી નાંખવાનો. મન એટલું બધું સહિષ્ણુ અને ક્ષમાશીલ, તેમ જ દાનવીર કે એજ ગુનેગારને ગુનાની માફી ઉપરાંત ઈનામ આપે. દિલ ડંખિલુ ન હોય તો જ આ બની શકે. અહીં સિંહ રાજા એવી ઉદારતા બતાવે

છે. તો એમનામાં મોટાઇ છે. હજી આગળ પર પુત્ર આનંદ પ્રત્યે મોટી ઉદારતા બતાવશે ! એવી કે પુત્ર દુર્જનતા દાખવતો છતાં એને રાજ્યપ્રદાન ! ઉદારતામાં એમ માને છે કે પોતે તો માત્ર કષ્ટનો અધિકારી ! એ ઉદારતા આપણા માટે મહાન આદર્શરૂપ છે.

૨ વિશાલતા :—હૃદયની વિશાળતા એટલે એવું મોટું મન કે એમાં બધાની ભૂલો સમાઈ જાય. વિશાળ સાગરમાં બધું સમાઈ જાય, તેમ તેના વિશાળ હૈયામાં બીજાની બધી ત્રૂટીઓ સમાઈ જાય ! સમાય એટલે ? બીજાની ભૂલો શોધી શોધીને દિલમાં ધારી રાખે એમ નહિં પણ ભૂલસહજ પિંજણ ન કરે, પણ એ ભૂલોને વિસ્મૃતિના, ઉપેક્ષાના ભૂગર્ભમાં સમાવી દે. દિલ જો વિશાલ નથી તો એ યાદ લાવ્યા કરે છે, વિશાલ દિલ ઉપેક્ષા કરે છે—"હોય ! બાળક છે. ભૂલ થઈ જાય. મેંય કેટલીય ભૂલો કરી છે." સામો જુવાન કે વૃદ્ધ હોય તો વિચારે, "હોય ! જુવાનીનું જોર છે.... અજ્ઞાન છે." આનો અર્થ એ નથી કે અવસરે ભૂલ પર હિતશિક્ષા ન આપે. આપે. પણ પહેલાં વિશાળતા ધરીને પછી કહે. હૈયું એટલું બધું પહોળું હોય કે એમાં સામાની અનેકાનેક ઉજ્જવલ બાજુઓ અને પ્રેમપાત્રતા રમ્યા કરે. પછી ભૂલ પર દ્વેષ નહિ થાય. આવા વિશાલતા ગુણવાળા નાની ઉંમરના પણ મોટા છે ! આવા ગુણ વિનાના મોટા પણ નાના છે ! ત્યારે એ પણ જોજો કે આવી વિશાળતાનો આનંદ ઓર છે ! પ્રત્યક્ષ અને પરોક્ષ બંનેય સ્થિતિમાં આનંદ જ છે ! પરોક્ષમાં એટલે પરલોક માટે અહીં કર્મના લેપ નહિ

લાગવાના, તેનો અપૂર્વ લાભ! અને પ્રત્યક્ષમાં એના મનમાં એવી ચિંતાઓ જ નહિ રહેવાની! "આણે આવું કર્યું . તેવું કર્યું...." એવું કાંઈ નહિ. એ તો છીછરૂં હૃદય વિચારે છે કે "ઘરના કેવા માણસો છે બધા...આપણું કોઈ સાંભળે જ નહિ....આવા સાથે કયાં ફસાઈ મર્યા...." છીછરા વિચારમાં રમતા રહેવાથી નુકશાની કેવી, કે સોનાનું ખાય પણ કથીરનું પરિણમાવે! એટલે કે ખાવા-પીવાનું રૂડું રૂપાળું, પણ એમાં આનંદ કે એનાથી પુષ્ટિ નહિ. વિશાળતાવાળો તો સૂકા રોટલા પર અલમસ્ત રહેશે! શું કામ બળે? ત્યાં,

છીછરો પૂછે છે "ત્યારે શું બધી ભૂલો સહી લેવાની?"

વિશાળ દિલવાળો કહે છે, "હા, દુનિયામાં એકલો જીવ તો શું, એક ચીજ પણ એવી નથી કે જેમાં ભૂલ ન હોય! અને બધું કાંઇ ને કાંઇ વાંધાભર્યું છે પછી હાથ જોડીને બેસી રહેજે. કેમકે તું ખાવા બેસે છે....તે ભોજન શામાંથી જન્મ્યા? ઘઉં વનસ્પતિમાંથી. તે ઘઉં વગેરેમાં કયા પુદ્ગલ ભળ્યા? ખાતરનાય ખરાને? તે ખાતર કેવું?...." આ ઉપર એક રમુજી દૃષ્ટાંત છે.

શૌચવાદી બ્રાહ્મણ:

શુચિવોદ્ર નામે એક શૌચવાદી બ્રાહ્મણ હતો. ચંડાળ પાસે એના પૈસા લેણા હતા; તે એક દિવસ ચંડાળ પૈસા લઈને આવ્યો. ચંડાળે બિચારાએ દૂરથી પૈસા બ્રાહ્મણના ઘરમાં ફેંકયા. ત્યાં જ બ્રાહ્મણભાઈ બરાડી ઊઠયા!

"અરે નાલાયક! તેં આ શું કર્યું? મારૂં આખું ઘર અભડાવી નાંખ્યું? જુલ્મ, જુલ્મ, જુલ્મ!...."

"અરે શેઠજી, પણ મેં શું કર્યું ?" ચંડાળ બિચારો ઠરી ગયો !

"શું, શું કર્યું ? પૈસા પાણીમાં ધોઈને લેવાના હતા, તે એમ જ તારાથી અભડાયેલા ફેંકયા ?"

"શેઠજી, માફ કરજો, એમ તો એ પાણી પણ કયાં ચોકખું ? એને પણ અમારા જેવા દૂર નદીમાં અડેલા તો ખરાજ ને ?"

"બેસ, બેસ, ઉલ્લુ ! પાછો ઉપરથી દોઢ ડહાપણ કરે છે ? હટ, ચાલ્યો જા અહીંથી."

ચંડાળ તો ગયો. પરંતુ ચંડાળના શબ્દોએ વિપ્રના દિલમાં ચોંટ લગાડી,–"હા, એની વાત તો બરાબર છે ! આ હિસાબે તો બધું જ મેલું ! તો તો ચંડાળથી વસેલી આ પૃથ્વી પર પણ ન રહેવાય ! બધું અભડાયેલું ! બસ, તો આપણે એવી ભૂમિ પર ચાલો કે જ્યાં આવા માનવ પશુઓ ન હોય. અહીં તો ધરતી પણ કયાં ચોકખી ? એના પર પણ ભંગી ચાલે, ને હું ય ચાલું !....છી....છી....છી....બસ હવે હરામ આ ધરતી !"

બ્રાહ્મણ ત્યાંથી નીકળી ગયો. દરિયા કિનારે પહોંચ્યો. ભૂખ્યો ને ભૂખ્યો હોં. વહાણમાં બેસી ગયો. સમુદ્રની વચ્ચે એક નિર્જન બેટ આવ્યો. વહાણવાળાને કહે "મને ઉતાર અહીં," એ ય વિસ્મય પામ્યો. પણ વહાણ થોભાવ્યું. ત્યાં બ્રાહ્મણ ઊતરી ગયો. ઊતર્યા બરાબર કપડાં બદલી લીધાં, ને જૂનાં કપડાં દરિયામાં ફેંકી દીધાં. પછી ખૂશ થાય છે "હાશ ! હવે બરાબર શૌચ પળાશે. શાસ્ત્રે શૌચ ધર્મ માટે સાફ

સાફ લખ્યું છે કે જરાયે અપવિત્રતા ન રખાય ! જો બહારનું મેલું તો અંદર મેલું કેમ ન બને?" શું થયું છે આને ? નકલી પવિત્રતાની લગની લાગી ગઇ છે ! ચાલ્યો દ્વીપ પર આગળ. સમય ઘણો થઈ ગયો છે. કકડીને ભૂખ લાગી છે. શું ખાવું ? ત્યાં ફળનું ઝાડ જોયું, "ઓહો ! આ ઝાડ પર ફળ છે ખરાં. અરે, પણ એના પર તો પંખી અડ્યાં હોય.... અશૌચવાળી ચાંચો અડાડી હોય.... આ તો કામ ન લાગે !" એમ કરી ચાલ્યો આગળ. 'ભૂખ તો ભૂખ; પણ મેલું કેમ ખવાય ?' એ લગનીમાં ભૂખ્યો મરવા તૈયાર ! અભડાયેલું ન ખવાય, માટે ભૂખ્યા રહો ? પેલાએ દૂર જમીનના ભાગ પર કંઈક પડેલું જોયું.... " હા, આ બરાબર ! સુંદર ઝાડ મૂકીને પંખી જમીન પર આવે નહિ. પશુ જમીન પર ચાલે ખરા, પણ અહિં પશુ દેખાતા નથી. માટે આ પડેલાં તદ્દન ચોકખા ફળ ખાઈને પેટ ભરશું ! અને ઊંડી વાવડીનાં પાણી પીશું ! બસ, પછી પવિત્રતાને આંચ નહિ આવે !" એમ કરી એ જમીન પર પડેલ ગોળવા ખાવા માંડ્યાં. દિવસ પર દિવસ આનંદમાં જવા માંડ્યા. ત્યાં તો દ્વીપની અંદરમાંથી એક વાર એક બીજો માણસ ભેટી ગયો. એટલે આ બ્રાહ્મણ પૂછે છે, "કેમ ભાઈ, કોણ છો ?"

"હું પરદેશી છું, મારૂં વહાણ ભાંગી ગયું છે, તેથી ફરૂં છું; પણ તમે કોણ છો ?"

"હું ? હું બ્રાહ્મણ છું, શૌચધર્મને પાળવા અહિ આવ્યો છું !...."

"તે તમારા દેશમાં શૌચધર્મ નહોતો પળાતો ?"

"ના, ભાઇ ! ના; આ જુઓને, જ્યાં જોઇએ ત્યાં અપવિત્રતા છે ! નદી-તળાવનાં પાણી ચંડાળથી અભડાયેલ. જે ધરતી પર, વળી ભંગિયા ચાલે તે ધરતી પર આપણે ચાલવું પડે ! ખેતરોમાં અનાજ મેલા ખાતરથી પાકે ! પૈસા ય ચંડાળના અડેલા આપણી પાસે આવે....બધે આભડછેટ."

પેલાને થયું આ કોઈ પાગલનો નમુનો જ લાગે છે ! એટલે પૂછે છે—

"તો શું, તમને અહીંયાં ફાવી ગયું ? "

"હા."

"તો અહીં ખાઓ છો શું ?"

"તમે શું સમજો છો ? હું કાચો નથી, હોંશિયાર છું હા ! ઝાડ પરનાં ફળ ખાઉં તો વળી એ પંખીના બોટેલા હોય ને ? એટલે તે હું ખાતો નથી. નીચે પડેલાં જ ખાઉં છું. જુઓ આ રહ્યાં !" એમ કરીને પોતાની પાસેના ગોળવા બતાવે છે.

"અરરર !.... તમારૂં ભલું થાય ! આ ખાઓ છો ?" એમ કહેતો પેલો તો ખડખડાટ હસે છે !

"કેમ ભાઈ ! કેમ હસો છો ?"

"શું કહું તમને ? તમે જે ખાઓ છો, તે છે તો ગળ્યાં મીઠાં ને ? વાહ ! ખબર છે ? એ તો આ દ્વીપના ઊંડાણમાં જે ઊંટ રહે છે, તે ત્યાંની શેરડી ચાવે છે, તેના આ લીંડા છે લીંડા !"

જુઓ શૌચવાદીની છીછરી વિચારણામાં થયેલી બનાવટ ! જેની દૃષ્ટિ ટૂંકી, અને વાતવાતમાં કચકચને બીજાની ભૂલો

જ જુએ તે પ્રત્યક્ષમાં પણ સુખી નથી! હૃદયની જ્યાં વિશાળતા નથી ત્યાં આમ બને છે. તો ત્યાં સાચી મોટાઈ નથી. વિશાલતા માટે દૃષ્ટિને ખૂબ વિસ્તારો; અને હૃદય એવું પહોળું કરો કે વાતવાતમાં કચકચ નહિ, આનંદ હોય, સંતોષ હોય.

(૩) **ગંભીરતા** :—સાચી મોટાઈ માટે ત્રીજી વસ્તુ હૃદયમાં ગંભીરતા જોઈએ. શું કામ કરે ગંભીરતા? જે કંઈ બીજાનું જાણતો–કરતો હોય તે પેટની અંદર પડ્યું રહે. એનો આફરો ન ચઢે; બહાર ઊછળી ન આવે, જીભે બહાર ન નીકળે.

કુમારપાલનું લશ્કર ફૂટે છે :—

કુમારપાલ મહારાજાને એક વાર યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો; પણ સામો એવો ચબરાક હતો કે એણે જોયું–'આ કુમારપાલ ગુસ્સે થઈ ગયા છે, ને લડાઈમાં એમની સામે હું ટકી શકીશ નહિ.' તેથી એણે નીતિ અજમાવી. કુમારપાલના મોટા મંત્રી સેનાપતિ વગેરેને ફોડી નાંખ્યા! આખું લશ્કર ફોડી નાંખ્યું. એ ફૂટેલું લશ્કર લઈ કુમારપાલ યુદ્ધભૂમિ પર આવ્યા; શું દળદર ફીટે? સંસારના સગાંઓ પણ એવા જ મોહના પક્ષમાં ફૂટેલા છે. તેથી આપણા આત્મહિતના પક્ષમાં ઊભા રહે એવા નથી. કુમારપાલને ય સૈન્ય સ્વપક્ષે નથી. સામાને એમ છે કે "હું હમણાં જીતી લઉં છું!" દિવસ પ્રગટ્યો કે કુમારપાલે ઓર્ડર છોડ્યો–"ચલાવો...." પણ કોણ ચલાવે? કોઇ શસ્ત્ર જ ઊંચું કરતું નથી! તરત સમજી ગયા કે જરૂર દાળમાં કાળું! આજે સૈન્ય આમ શાંત

કેમ ? ખુદ સેનાપતિ પણ એમ જ બેઠો છે.. માવતને પૂછે છે. માવત ફૂટેલો નહોતો. કહે છે,

"મહારાજા બધું ફૂટેલું લાગે છે!"

"તો, નહિ ફૂટેલ કોણ ?"

"આ હાથી ને હું ! આ બેથી જેટલું કરવું હોય તેટલું કરો. આજે બીજાની આશા રાખવા જેવી નથી લાગતી."

કુમારપાલ ગંભીર છે. લશ્કરને કે શત્રુને બીજે કોઈ ભાવ દેખાડતા નથી. અહી ગંભીરતા ન રાખે તો મરે. માવતને કહે છે,

"એમ ? તો ચલાવ હાથીને."

એકલા હાથે લડવાનું છે, પણ બહુ વિચાર કરવાના રહ્યા, કેમકે પ્રભાવ પાડી દેવો છે. હાથી કૂદ્યો, એની સામે દુશ્મને સિંહનાદ કર્યો. હાથી પાછો પડવા માંડ્યો. કુમારપાલે સમયસૂચકતા વાપરી માવતને કહ્યું–"નાખી દે એના કાનમાં ડૂચો કે એ અવાજ ન સાંભળે." હાથીના કાનમાં ખેસ ભરાવી દીધો. હાથી એવો કૂદ્યો કે ઠેઠ દુશ્મનના જ હાથી પાસે જઈને ઊભો. કુમારપાલે એના હોદ્દા પર કૂદીને દુશ્મનને ગળચીમાંથી જ પકડ્યો ! "બોલ, શું કહે છે ?" પેલો તો એના તરંગમાં જ હતો કે "મેં આખું લશ્કર ફોડી નાખ્યું છે....હવે જીત થઈ સમજો...."આ તરંગમાં જ એકદમ જ કુમારપાલે આવીને પટક્યો નીચે ! "બોલ, શું કહેવા માગે છે?" પેલો કહે છે, "જીવતદાન !" કુમારપાલે દુશ્મનને જીતી લીધો, વશ કરી લીધો; અને છોડી મૂક્યો.

પણ ત્યાં લશ્કરને એક અક્ષર પણ કહ્યો નહિ ! જિંદગી સુધી એ માટે ઠપકાનો અક્ષર ન બોલ્યા ! આપણે તે સ્થળે હોઈએ તો મનને શું થાય ? "એવો ટોણો ઠોકી દઉં કે ખબર પડી જાય...." પરંતુ કુમારપાલની કેવી ગંભીરતા ? ક્યારે ય નહિ કહેવાનું કે " કેમ સેનાપતિજી, તે દિવસે યાદ છે ને ?" યાદ જ નહિ કરવાનું. ને એ સમજે છે કે આ માણસો છે, એમના દિલમાં આપણા એકલા હાથના પરાક્રમથી જબ્બર છાપ તો પડી જ ગઈ છે. તેમ ભારે પશ્ચાત્તાપ મનમાં કરતા હશે. એના પર આપણે આગ વરસાવવાની જરૂર શી ? બધા જાણે છે કે કુમારપાલનું બળ જબરજસ્ત ! પુણ્ય મહાન ! કુમારપાલની આ ગંભીરતાનું પરિણામ શું થયું, ખબર છે ? સારાયે લશ્કરનું કુમારપાલ પરનું બહુમાન કૂદકે ને ભૂસકે વધી ગયું ! જો આપણા ગંભીરતા ગુણ પર આપણે સામાના હૃદયમાં આરપાર ઊતરી જઈએ છીએ, તો શા માટે નાહક તીક્ષ્ણ કે માર્મિક ટોણાં મારવા ? ક્ષણવારનો આનંદ કે બીજુ કંઈ ? પણ એ ખબર નથી કે એ ટોણાંઓથી સામા માણસને આપણે આપણાથી ગભરાતો-ચંપાતો કર્યો ! ને આપણા પર એનું આકર્ષણ, પ્રેમ, બહુમાન ઓછું કર્યું ! સાચી મોટાઈ જોઈએ તો દિલની ગંભીરતા જોઈએ. ગંભીરતાથી બધું પચાવતાં આવડે છે. ગંભીરતાના પ્રભાવે આત્માના ઉચ્ચ ગુણો પર લક્ષ ટકાવી શકાય છે. ગંભીરના અભિપ્રાયો જાણવા મુશ્કેલ હોય છે. ગંભીર માણસ વસ્તુના મર્મને પકડે છે, વસ્તુના ઊંડાણમાં ઊતરે છે, ઊંછાછળો નથી બનતો.

(૪) મધુરતા :—ઉપરોક્ત ત્રણે વાતો પર જો ચોથી

વાત ન હોય તો નહિ ચાલે! સામાની ભૂલ પચાવી ખાનાર તો હોય, પણ સ્વભાવ કડવો હોય તો? ના, મધુર સ્વભાવ જોઈએ.' 'આવો ભાઈ, તમારૂં જ બધું છે! તમે નહિ વાપરો તો કોણ વાપરશે?" આ શું છે? મધુરતા! પોતાની વાણી અને મુદ્રાની મધુરતા ખાસ જરૂરી છે; જો મોટાઈ જોઈતી હોય તો. મુખની મુદ્રા મીઠી દેખાડો; શબ્દો મુલાયમ વાપરો; મધુર વ્યવહાર રાખો. તે પણ જ્યારે પોતે સત્તાધીશ છે, ઊંચી પાયરી પર છે, બીજાને સંભળાવા બેઠો છે, તે વખતે તો ખાસ મધુરતા જોઈએ. પણ તે ક્યારે બને? હૃદયમાં સ્નેહ ભર્યો હોય તો.

સિંહરાજા પાસે દુશ્મન કહી રહ્યો છે "હું તો ગુનેગાર છું, તો આપની આગળ આ કુહાડો ને આ મારૂં માથું. આપ મોટા છો, આપને જે યોગ્ય લાગે તે કરો." દુશ્મનના આ ઈકરાર પર સિંહરાજાએ ચરણમાં પડેલા તેને ઊભો કર્યો, ને કહ્યું–"લઈ જા તારો કુહાડો–જા તને અભયદાન છે." આટલું કહીને ઉપરથી તેનો સત્કાર કર્યો, સેવકોને કહ્યું– "જાઓ એમને હાથીની અંબાડી પર બેસાડી પાછા મૂકી આવો. એમની પ્રજાને લાગવું જોઈએ કે આ મોટા રાજાનો સન્માનિત છે." રાજાની આજ્ઞા મુજબ દુર્મતિરાજાને સન્માનપૂર્વક એની રાજધાનીમાં મૂકવામાં આવ્યો. સિંહરાજા જયપુર પાછા આવ્યા.

× × ×

પ્રકરણ ૧૪ પુત્ર દ્રોહ કરે છે.

સિંહરાજાના વિવેકી મંત્રીઓ :—મંત્રી મંડળને ભેગું કરી રાજા પોતાનો આંતરિક અભિપ્રાય તેને કહે છે,–

"જુઓ, આ જગતમાં એકબીજાને ગળવાનો ન્યાય ચાલી રહ્યો છે. વિષયભૂખ્યો જીવ જગત પાસે જાય, તો એ કોઈને ગળવાનો કે સ્વયં ગળાવાનો. માટે એવા જગતને વિષે વિષયના પ્રસંગમાં આવવું મહામોહનું કારણ છે. તો હું એવા જગતથી ફારેગ થવા ઈચ્છું છું."

તે સાંભળી મંત્રી વર્ગ કહે છે–"ઓહો! આ વંશમાં જન્મેલા બીજા રાજાઓ માટે પણ જો આ કર્તવ્ય છે, તો આપના જેવા જિનવચનથી ભાવિત મતિવાળા માટે તો આ ઉચ્ચ કર્તવ્યનું પૂછવાનું જ શું?"

શું કહે છે? સંસારત્યાગ એ ઉત્તમ વંશમાં જન્મેલા બીજાઓ માટે પણ કર્તવ્ય છે, તો જે જિનવચનથી રંગાયેલા છે, તેના માટે તો એ અવશ્ય કર્તવ્ય હોય જ. આ કહેનારા કોણ છે એય ધ્યાનમાં રાખવા જેવું છે. સુયોગ્ય માલિકનો પરિવાર પણ યોગ્ય અને શાણો બની જાય છે. મંત્રીઓ કહે છે કે "આપનું જીવન સફળતાને પામેલું છે! તે માત્ર આ લોકની દૃષ્ટિએ નહિ, પણ ઉભય લોકની દૃષ્ટિએ." શું સમજીને આ કહે છે? ગૃહવાસ દરમિયાન ઉચ્ચ સદાચાર, ઔચિત્ય અને ધાર્મિકતાનું જીવન જીવ્યા ઉપર હવે સંસારત્યાગનું ભવ્ય જીવન જીવવાની તૈયારી કરે છે એના ઉપર. ત્યાં મંત્રીઓ પોતાની જાતને વિષયના કીચડમાં ખદબદતી

જોતાં શી રીતે સિંહરાજાને સંસારમાં રોકી શકે ? એ "રોકવામાં અમે આપને કંઇ સારૂં આપનાર નથી;" એમ માનનારા છે.

મહેમાનને ઘરવાળો રોકી રાખે આગ્રહથી; ને મહેમાન રોકાય, તો શા માટે ? રોટલો ને ભડકું ખાવા રોકાય ? તેમ મંત્રીઓ કહે છે કે "આપને રોકીને અમે આપને શું સારૂં આપી શકીયે ? આપ સુખમાં મહાલો એવી અમે સેવા બજાવીએ; પણ અમારી સેવામાં ય શું સાર છે ? કેમકે આ સંસારના જે વિષયો અને ભોગો છે, જે સુંદર રૂપરસ વગેરે છે, અને સારી રીતે તેને ભોગવવું, ખાવું, પીવું વગેરે, છે બધા સળગતા બળતણ જેવા છે. જીવને પ્રતિસમય બાળનારા છે. કિંપાકફળના કડવા પરિણામે જે દુઃખદ મૃત્યુ, તે કરતાં પણ આ ભોગોનું ભયંકર પરિણામ આવે છે ! માટે આપનો અભિપ્રાય અમને માન્ય છે."

સાચો વિવેક સ્વાત્મરક્ષામાં :-

પ્ર. વિવેક ખાતર તો કહેવું જોઇએ ને કે આપને દીક્ષા લેવી છે તો ભલે લેજો, પણ થોડો સમય રોકાઇ જાઓ ?

ઉ. મંત્રીઓનાં દિલ ઓળખો. બધા સ્વર્ગમાંથી ઊતરી આવેલા દેવ નથી, આ ભૂમિ પર જ જન્મેલા છે. રાત-દિવસ ઉપાશ્રયમાં બેસનાર નથી, રાજકાજમાં રમનારા છે, રંગરાગને ભોગમાં ખેલનારા છે. છતાં અવસરે કેવા અમૃત -બોલ કાઢે છે ! તેનું કારણ, તેમને જિન-વચનનું રસાયણ મળેલું છે, એમાંથી સાચો વિવેક જાગ્યો છે. સિંહરાજાના

મહાપવિત્ર જીવને આમના જીવનો પર છાપ પાડેલી છે. તેથી જીવન ભલે મોટા પ્રધાનનું છે; એમાં ઉપાધિઓ ય છે અને વૈભવો ય છે. છતાં જિનવચનથી ભાવિત બનેલા એય સમજે છે, કે "મનુષ્યભવ જેવો ઉત્તમ ભવ એની ઉત્તમતા શામાં ? પશુજીવનમાં જે કર્યું તેમાં આળોટવામાં નહિ, ક્રોધાદિ કષાયોમાં સળગી મરવામાં નહિ. ઉત્તમતા તો સ્વાત્મરક્ષા કરી લેવામાં છે. હૈયે લખાઈ ગયેલું, ત્યાં રાજા ઊઠીને માગણી કરે "હું આ સંસારથી ફારેગ થવા માગું છું" તેને વધાવી કેમ ન લે ? એ તો તે અટકાવે કે જેને કષાયોની ધાંધલ અને પશુક્રિયા સિવાય બીજી દૃષ્ટિ જ નથી આપણે દુનિયાના ડાહ્યા અને સમજદાર એટલે શું કરવાનું ? ચાર બચકાં, બચુકલાં, અને ચાર દિવાલની કોટડી સાચવવાની ? અને ચારેય કષાયોની આગો સળગાવી એમાં જાતેજ બળ્યા કરવાનું ? આ મંત્રીઓ સાચા તત્ત્વના સમજદાર છે. ઊંચામાં ઊંચો સર્વવિરતિ માર્ગ અને પરમપદ મોક્ષ પમાડનાર આ માનવજીવન ! એને જગતના જડ પદાર્થોમાં અટવાવી દેવું એ મહામૂર્ખતા છે. આ વાતને બરાબર સમજનાર મંત્રીઓ રાજાની વાત વધાવી લે છે. આપણને સ્નેહી એવા મલ્યા હોય કે આપણી સેવા દેવની જેમ કરતા હોય, પણ તેમાં આપણું શું લીલું વળ્યું ? અરે ! પાણી માગીયે છીએ ને દૂધ હાજર કરે છે; પણ પછી અંતે ? તેથી તો જીવને કહેવું જોઈએ "મૂરખ ! વધારે ચેતતો જા ! તારૂં મોત થઈ રહ્યું છે. તને તે સેવાએ જ સાવ ભાનભૂલો કરી દીધો છે. તારા મનમાં જમાવી દીધું કે 'મારે બધું સરસ છે. કોઈ વાતની

ચિંતા નથી. મારામાં કોઈ ખામી નથી!' એટલે જ મૃત્યુ અને પછીના ભાવી અનંત કાળને સુધારવા મળેલી સોનેરી તકનો કોઈ વિચાર નથી.

મંત્રીઓ કહે છે, "દેવદાનવોને પણ જીતનારૂં મૃત્યુ જીવોના મનોરથોને એકાએક જ, કોઈ જાતની નોટિસ વિના ભાંગી નાખે છે. એવા મૃત્યુના ડંડાખોરી સામ્રાજ્ય નીચે રહી કોઈની ધર્મભાવનાની આડે આવવું એ કેટલું ભયંકર સાહસ છે!!"

જોષીઓને તેડે છેઃ—

મંત્રીઓએ રાજાની સદ્‌ભાવનાને બહુમાની. તરત જોષી-ઓને તેડયા. કાલ કોણે દીઠી છે?

રાજા કહે છે, "આનંદકુમારના રાજ્યાભિષેકનો દિવસ જુઓ, કે જેથી એનો રાજ્યાભિષેક કરીને હું તરત છૂટો થઈ શકું."

જ્યોતિષીઓ કહે છે, "આજથી પાંચમો દિવસ સરસ છે."

દિવસ નક્કી થયો. અભિષેકના મંગલ દ્રવ્યો તથા બીજી સામગ્રી મંગાવી રાજ્યાભિષેકની તૈયારી કરી.

રાજા વિચારે છે કે "કુમારને રાજ્યગાદી સોંપી, હું ધર્મઘોષ ગુરુમહારાજ પાસે ચાલ્યો જઈશ." પાંચમા દિવસની રાહ જોઈને રાજા બેઠો છે, સંસારત્યાગ વગેરે મનમાં વિચારી રહ્યો છે; ત્યાં.....

પુત્રનો પિતા પર દ્રોહઃ—

બીજી બાજુ એ જ પિતાનો પુત્ર આનંદકુમાર કે જે

દુશ્મન અગ્નિશર્માનો જીવ છે, તેણે રાજાના અભિપ્રાયને જાણ્યો નહિ. એટલે એણે નવી રમત ચલાવવા માંડી. કોના સહારે ? પેલા દુર્મતિને સાગરિત તરીકે શોધ્યો. તેને કહ્યું કે "જુઓ, આપણને આ કંઈ પસંદ નથી. બાપાજીની બુદ્ધિ બગડી ગઈ છે; ગમે તે માયાજાળ રચીને પિતાજીને પૂરા કરી દઇએ!" હજી સુધી તો એમ સમજે છે કે 'આ પિતા કયાં સુધી રાજ્ય પર ચીટકી રહેશે !' પરંતુ આ ઘટમાળમાં તો એણે સાંભળ્યું કે 'મારો રાજ્યાભિષેક થવાનો છે' તો કહો જો, હવે તો એની બુદ્ધિમાં ફેરફાર થઈ જશે ને ? ના, ઊલટો વિચાર આવે છે! "ખરેખર, આવું એક ધતીંગ રચીને એના બહાના હેઠળ મારો બાપ મને મારી નાખવા માગે છે...."

કેમ આવા વિચારમાં ચઢયો ? કારણ છે, ખોટો અભિનિવેશ–દુરાગ્રહ જાણ્યો છે. પોતાના મનમાં જ પાપ પેઠું છે! વિચારે છે, "મને મારવા ધાર્યો છે.... પણ, હું ઠગાનાર નથી ! અને કદાચ રાજ્યાભિષેકના સમાચાર સાચાય હોય; ને મને રાજ્ય આપી દે; પણ એવા રાજ્યથી શું કે જે એ આપે ને મને મલે ? હું કાયર નથી કે એવું લઉં. હું તો ભુજબળથી રાજ્ય લઇશ. પ્રશંસનીય તો એ કહેવાય કે હું એને મારીને બળાત્કારે રાજ લઉં !" મિથ્યા દુરાગ્રહથી અને પોતાનું ચિત્ત દુષ્ટ થવાથી આનંદકુમાર ઊંધા વિકલ્પમાં ચઢયો છે. રાજાને તો આના આ પાપાચરણની ગંધ સરખી **નથી !**

દુઃખનું નિદાનઃ—માણસ જે હેરાન થાય છે, તે ખોટા દુરાગ્રહથી અને ખોટી કલ્પનાઓથી. નહિતરે વધું કાંઈ નુકશાન થવાનું નથી. અહીંયાં કંઈ નરકનાં દુઃખો નથી કે એના પર એવી હાયવોય કરવી પડે. છતાં પોતાને જાતને શું લાગે છે? "હેરાન થઈ ગયા....! આ તે કેવા માણસ આપણા લમણે લાગ્યા !...." ત્યારે સમજે કે જો આપણા જીવનમાંથી ખોટા દુરાગ્રહ અને ખોટી કલ્પનાઓ કાઢી નાખીયે તો જરાયે દુઃખ કે હેરાનગતિ નથી.

દુઃખનું નિદાન દુરાગ્રહ અને કુવિકલ્પો છે. મનુષ્ય ગમે તેવો સજ્જન હોય પણ તેનો પૂર્વકર્મની સ્થિતિ પર શું અધિકાર છે? જો પોતાના અને સામાના પૂર્વોપાર્જિત કર્મ જ એવાં છે, તેમ સામામાં કુસંસ્કારોનું જ જોર છે, તો પોતાની સારી ભાવના પણ સામા જીવ માટે કારગત નથી નીવડતી. તેમ પોતાની સજ્જનતા છતાં પોતાને વેઠવું પડે એવી ય આ જગતમાં બની આવતી હકીકત છે. પછી શા માટે હઠવાદ તાણવા? શા સારૂ ખોટા વિકલ્પોથી પોતાના જ મનને બગાડવું?

"જાઓ, કુમારને બોલાવી લાવો." રાજાએ કુમારને બોલાવવા માણસ મોકલ્યો. પણ કુમાર આવવાની ના પાડે છે. રાજા તો સજ્જન છે; ઉદાર છે. એટલે કુમારના મનમાં કોઈ ઉદ્વેગ રહે તે ઠીક નહિ, તે ટાળવા માટે અને રાજ્યાભિષેક નક્કી કરવા સામા આવે છે. રાજાને બીજી કોઈ કલ્પના નથી કે આ કુમાર મને મારી નાખવા સુધીના ભયંકર વિચારમાં પડયો છે ! એ તો વિશ્વાસમાં ને વિશ્વાસમાં એક

પહેરેગીરને લઈને કુમારના મહેલમાં આવ્યા. રાજાને આવતો જોઈને કુમાર વિચારે છે કે "આનાથી વધુ સારો અવસર નહિ મલે. આ ઠીક છે!"

માણસ ગમે તેવી ધારણા રાખે, સજ્જનતા રાખે, પણ પોતાના ગુપ્તકર્મ એવી અણધારી તકે એવો દારુણ વિપાક દેખાડે છે કે સજ્જનતા સાથે એનો મેળ મેળવવો મુશ્કેલ પડે! "આ કુમાર એટલે મારો પુત્ર" રાજા આમ સમજે છે. કેમ વારૂ? જેના પર તેની માતા અને મંત્રી અરુચિવાળા હતા, છતાં રાજાએ તેને બચાવીને ઊછેરેલો છે માટે "કુંવર મારો;" કેમ ન થાય? રાજાના મનમાં એમ નથી કે-"ચાલો, આપણે કર્મ ખપાવી દેવાં છે, માટે ઉપસર્ગ સહન કરવા જઈએ!" કારણ કે એમ ઉપસર્ગ ઊભા કરવામાં કંઈ વધુ આરાધના સહેલી નથી. હા, ઉપસર્ગ આવી પડે તો સહન કરવાનું. પણ 'મારે કર્મ ખપાવવાં છે માટે લાવ સિંહના મુખમાં પેસી જાઉં!' આ નહિ. રાજા વિશ્વાસમાં છે કે "કુંવર મારો!" પણ કર્મ એવાં છે એનાં, કે કુમાર એનો થાય એમ નથી! જ્યાં વિશ્વાસ છે ત્યાંથી જ ધોખો આવે! એનું જ નામ સંસારની અસારતા. ગમે તેવા પકવાન્નના સુખ પણ એમાં ઝેરનો કણિયો પડયો હોય તો તમે શું કહો? પકવાન્ન પણ અસાર ને? તેમ આ રંગરાગ અને વિષય સુખોનો સંસાર જીવને મીઠો લાગે છે, તે અસાર છે! સંસારમાં એવું બતાવો કે જ્યાં તમે વિશ્વાસ મૂકવા જાઓ ત્યાં ગરદને ન મરાઓ! તમારો બંગલો, દુકાન, લક્ષ્મી, સગી પત્ની કે દીકરા તરફથી તમને વિશ્વાસ છે કે એનાથી

છૂટું નહિ પડવું પડે ? એના યોગે જ લાગેલા પાપથી પરલોકે પીડા નહિ આવે ! તમે વિશ્વાસમાં રહો અને એક દિ' તમારા ડબ્બા ગુલ ! સંસારનું કોઈ એવું તત્ત્વ નથી કે જે તમને ઉન્નત સ્થિતિ અપાવે, એ તો જ્યાં તમે વિશ્વાસ મૂકો ત્યાં ધોખો !

માતાએ જન્મ દેતા વાર જ તરછોડેલા કુમારને રાજાએ ખાસ ઊછેરેલો છે, પણ તે જ આજે કટ્ટર દ્રોહી થઈને બેઠો છે ! એટલે રાજાને આવતો જોઈ કુમાર તલવાર કાઢીને તૈયાર થઈ જાય છે. પોતાના સહાયક તરીકે સાથે પેલા દુર્મતિને ઊભો રાખ્યો છે.

અજૈન કર્મનો વાંક કાઢે, જૈન પાપની રમતનો વાંક કાઢે :—

રાજા મહેલ ઉપર ચઢે છે. કોનો દોષ આમાં ? ડહાપણ રાખીને બોલજો, આ ઘટનામાં દોષ કોનો ? કર્મનો દોષ તો મિથ્યાદર્શનમાં પડેલા પણ માને છે. જેને આત્મવાદ મળેલો છે, આત્મા–પુણ્ય–પાપ વગેરેને જે માનનારો છે, તેવા અજૈન પણ તકદીરનો વાંક કાઢી આશ્વાસન મેળવે છે. પરંતુ એમ કર્મનો વાંક માનવામાં તો આત્મામાં એક પ્રકારની દીનતા આવે છે. કર્મનો દોષ માનનારને તે કર્મને ટાળી પુણ્યને જગાડી સુખ દેખાડનાર વહાલો હેમ જેવો લાગે છે. એટલે પછી પાછું ગફલતમાં પડતાં વાર નહિ. જ્યારે જૈનદર્શન બતાવે છે કે કર્મના દોષને શું ગણવો' તો ? વાંક તો આપણી પાપની રમતનો છે. અઢાર પાપ–સ્થાનકની રમતમાં પડયા, માટે આ જોવાનો અવસર આવ્યો ને ?

સીતાજીએ દિવ્ય કરી જશ મેળવ્યા પછી, રામ–લક્ષ્મણ વિનવતા આવ્યા 'પધારો અયોધ્યામાં.' લોક પણ પગે પડે છે! ત્યારે પ્રતિષ્ઠાના શિખરે બેસી જગતના સન્માન લેવાનો પ્રસંગ હતો. છતાં અયોધ્યામાં આવવાની સીતા ના પાડે છે! કેમ? રામલક્ષ્મણ અને પરિવાર ઝૂરે છે; સમસ્ત લોક 'જગદંબા' કહે છે! અગ્નીની ખાઈ પાણી છલકાતી વાવડી થઈ ગઈ છે! તેમાં પાછું વચ્ચે પોતે સુવર્ણ કમળ પર બિરાજમાન થયા છે! પાણીનાં વહેણ ઊછળી, લોકને ડુબાડી તાણી જવા જેવું કરશે એવા દેખાયા; તેને ત્યાં સીતાજીએ માત્ર પાણી પર હાથ મૂકયો કે બધું જ શાંત. આવી રીતે જ્યાં દુન્યવી દૃષ્ટિએ પ્રતિષ્ઠાનાં સન્માનનાં ફૂલ વેરાઈ રહ્યા છે, ત્યાં સીતાજી કહે છે "મારે નથી આવવું અયોધ્યામાં." જો કર્મનો દોષ માનતા હોત તો આમ ના ન પાડત. ઠીક છે, જંગલમાં મુકાવુ પડયું ત્યારે રામને ગાળ દેવાનું ન થાય, કર્મને ગાળ દે પરંતુ કર્મ સીધાં થઈ જાય એટલે કેમ? તો કે "હાશ! દુઃખના દહાડા ગયા; હવે ઠરી ઠામ બેસવા અવસર મળ્યો તો મહાલો." પણ સીતાજીએ હિસાબ જુદો કાઢયો હતો. "જેટલી આ ઈન્દ્રિયોના મનગમતા વિષયોની આશામાં હું તણાઉં છું–તેટલી કર્મથી ઠગાઈ હેરાન થાઉં છું. માટે મારે આ વિષયોની તૃષ્ણા જ જોઈતી નથી." આ દિવ્યદૃષ્ટિ છે, અમૃતનું અંજન છે. મહાન કટોકટિની સ્થિતિમાં આત્માને એટલું ઉચ્ચ જોમ આપે કે તક જ શોધતો હોય કે કયારે કુદકો મારૂં!' પણ તે ત્યારે બને કે જ્યારે દુઃખના કારણ તરીકે વર્તમાનની પાપ રમત દેખાય તો; કિંતુ

નહિ કે પૂર્વ કર્મનો જ દોષ જોઇ બેસી રહેવાનું કરાય. સંસારના દુઃખોમાં પૂર્વનાં કર્મ તો મામુલી કારણ. મહત્ત્વનું કારણ તૃષ્ણાથી થતી પાપરમત છે.

દિકરો મરી ગયા પછી રડાઈ પડતું હોય ત્યાં કોઈ અમારા જેવા પૂછે કે "કેમ રડો છો?" ત્યાં 'શું કરીએ? પાપનો ઉદય આવ્યો, છોકરો મરી ગયો',–એમ નહિ. પણ "આ મેં એના પર રાગની રમત કરી, માટે રોવાનો પ્રસંગ આવ્યો. રાગની રમતનું જ પરિણામ આ દુઃખ છે. જો એ વિવેક કર્યો હોત કે 'સારામાં સારો તો ધર્મ!' તો પુત્રનેય એવું શિખવાડી દેત. પણ હું રાગાંધ, એને ધર્મ શી રીતે શીખવું? એ આવ્યો હશે કોઇથી કે–હું શ્રાવકને ઘેર જનમું તો ધર્મ મળશે.' એટલે પૂર્વભવે ધર્મ કરીને ભવાન્તર માટે માગ્યો હશે; પરંતુ મેં એ બધું વિસરાવી પાપમાં રોળ્યો. આવો તત્ત્વદૃષ્ટિનો પશ્ચાત્તાપ થાત.

ધર્મનો વ્યાપાર ચાલતો હોય ત્યાં મૃત્યુની ધાડ આવતાં ધર્મનું બંડલ બગલમાં મારીને બેફિકર થઇને ઇચ્છ્યું કે અહિંથી ચાલ શ્રાવકને ત્યાં! ત્યાં પછી તે બંડલ ખોલીને નવો ધર્મ –વ્યાપાર કરવાનો! આ રીતે આવેલા પુત્રને મોહાંધ મા–બાપ શું કરે છે? બંડલ લઇ લે છે. કેવી રીતે? ઠપકો દઇને,–'લ્યો! ઊઠ્યા ત્યારથી મારે એકાહણું કરવું છે, ને બેહણું કરવું છે! સામાયિક ને પૂજા કરવી છે! ઘરનું કામ સૂઝે છે? ભણવાનું સૂઝે છે? રાગની રમતનો આંધાપો શું આપે? રાગની લ્હાણી કે પુણ્યકાર્યની લ્હાણી? સંસાર–રાગની રમતમાં જાતની કે સામાની ધર્મચિંતા શાની થાય?

સીતાજી એમ વિચારે છે કે "સંસાર માંડવાના રાગ-માંને રાગમાં તણાઇ તો વનમાં ભટકતી થઈને ? ત્યાંથી રાવણને ત્યાં હરાઇ, ને ત્યાંથી છૂટી તો સંસારસુખની ભૂખી થઇને આવી અયોધ્યામાં ! તો પાછી તગેડાઈ વનમાં ! બસ ! બહુ થયું; હવે મારે જોઈએ નહિ એ વિષયોની તૃષ્ણા." ઊભી થઇ ગઈ સીતા ! બાજુમાં જ કેવળજ્ઞાની મહર્ષિ હતા, કેશના લોચ લોકોની વચ્ચે જ તરીને પહોંચી ગઈ ત્યાં. વહાલા, અતિ વહાલા રામ તો મૂર્છિત જ થઈ ગયા ! "ભલે થાઓ, તે તમારી મોહદશાને લીધે છે." કેટલું આત્મ-સામર્થ્ય ! તે કયા વખતે ? અનેક વિટંબણાઓ વેઠયા પછી ઠરીઠામ બેસવાનો અવસર આવ્યો ત્યારે 'તૃષ્ણાથી થતી પાપની રમત એજ દુઃખનું કારણ; આવું જૈનશાસનની દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય તે સમજી શકે. સિંહરાજા તે સમજે છે; તેથી જોને એમની ધીરતા !

પુત્રનો પિતા પર ઘા : પિતાની ઉદારતા :— સિંહરાજા જેવો ઉપર ચઢે છે તેવો પેલો તૈયાર જ ઊભો છે. ઉંદર પર જેમ બિલાડી ત્રાટકે, તેમ પ્રતિહારીને મારી નાખી સીધો સિંહરાજાની નજીકમાં આવતાં જ એમના પર તલવારનો જોરથી ઘા કરી દે છે ! કોના પર ? સગા બાપ પર ! શું બોલતો ? "લે માર....માર...." એટલે જાણે રાજા પોતાના પર મારવા ધસી આવ્યો છે, અને પોતે બચાવ કરવા તલવાર વાપરે છે ! રાજા તો રક્ષણના કોઈ ઉપાયમાં નથી. અત્યંત વિશ્વાસુ ચિત્ત ધરીને આવ્યા છે. તેથી ઘા ખાઇ લે છે. બીજી જ ક્ષણે બહાર ખબર પડી ગઇ. કોલા-

હલ થયેા. નગરમાં અને સૈન્યમાં ખળભળાટ મચી ગયેા ! સૈન્ય વડે ચારે બાજુથી કુમારના મહેલને ઘેરી લેવામાં આવ્યેા. લડાઈ માટેની તૈયારી થઈ ગઈ કેમકે કુમારે થેાડાઘણાને ફેાડયા હશે એટલે એ ઊભેા થઈ ગયેા. પણ રાજાનેા પક્ષ મેાટેા છે. ત્યાં તેનું ચાલી શકે એમ નથી. છતાં એ વખતે સિંહરાજા શું કહે છે ? આખા સૈન્યને રેાકી દે છે. "ઊભા રહી જાઓ." પેાતાના શરીરના સેાગન આપ્યા. કહે છે "લડવાનું શું કામ છે ? આનંદને કંઈ કરશેા નહિ, જો કંઈ કરશેા તેા સમજી રાખેા કે હું જાતે જ મર્યો ! જો મને જીવતેા રાખવેા હેાય તેા ઊભા રહી જાઓ...."અમલદારની આકુળતા-વ્યાકુળતાનેા પાર નથી, છતાં આગળ વધી રાજા કહે છે કે "જાઓ, મુહૂર્ત નજીકમાં છે. એનેા રાજ્યાભિષેક કરેા એ તમારેા રાજા છે."

હૃદયમાં કેટલા ગુણેા :—શું સમજ્યા ? રાજા સંસારત્યાગી નથી, સંસારી છે. પૈસાટકા વિનાના હાલીમવાલી રખડતારામ નથી, રાજાધિરાજ છે. બેઠાં બેઠાં નવકારવાળી નથી ગણી; પણ સત્તાધીશ તરીકે દુનિયાનાં ઘણાં કારભાર કર્યા છે ! છતાં તત્ત્વનેા જાણુ છે ! માત્ર કર્મને દેાષ દેનારેા હેાત તેા તેા કદાચ સૈન્યને ન ય રેાકત વિચારત કે આપણે શું કરીએ ? પુત્રનાં કર્મ હશે એમ થશે. પરંતુ રાજા વિચારે છે કે "કેાણ એવેા બીજો રાજકારભારમાં કેળવાયેલેા છે કે જે આનંદ વિના રાજ્યનું રક્ષણ કરે ? આ હૃદયમાં કેટલા ગુણેા ભરેલા હશે ? હૃદય કેવું ઘડી રાખ્યું હશે ? ઘડતર પણ સામાયિક-પૂજા પૂરતું જ નહિ પણ દુન્યવી જીવનમાં કેવું'ક હશે ? તેાજ એ આ ઉત્તમતા બતાવી શકે છે. પરંતુ પેલેા પાપી તેા

આનો લાભ ઉઠાવે છે. દુર્મતિને કહે છે, "શું ઊભો રહ્યો છે ? બાંધ બાંધ રાજાને, અને નાખી દે કેદમાં. "સામે સમર્થ સૈન્ય ઊભું છે, ને રાજા આમ કહે છે કે એને કંઇ કરશો નહિ." કુમારનું વચન સાંભળવા છતાં રાજાને કંઈ નથી કે, હું સાપને આગમાંથી બહાર કાઢું, ને સાપ મને ડસે છે ?" એ તો ધીર છે. બધું સહવા તૈયાર છે, માણસ ધારે તો પોતાના દિલની ધીરતાને ક્યાં સુધી ચઢાવી શકે ? સહિષ્ણુતામાં કેટલો આગળ વધી શકે ? એટલો બધો કે જેની આગળ પૃથ્વી પણ હરીફાઈ કરી શકે નહિ. રાજા ગૃહસ્થ છતાં આત્માની આ તાકાત ! તત્ત્વ પરિણમ્યાનું આ ફળ છે.

આત્માનો અધિકાર કયાં ? :—

દુનિયાના પદાર્થો કે આપણાં સુખદુઃખ ભલે કર્મના હાથમાં હોય, પણ આપણો આત્મા હાથમાં છે. બહારની પ્રતિકૂળતા–અનુકૂળતા પર આપણો હક નથી; તેથી આપણું ધાર્યું થાય કે ન થાય; પણ આત્મા પર આપણો એવો અધિકાર છે કે ક્ષમા–મૃદુતા–ગંભીરતા–નિસ્પૃહતા–સહિષ્ણુતા આવી આવી ઉચ્ચકોટિની બનાવવી છે, તો બનાવી શકીએ. સાથે એ ભૂલશો નહિ કે તે બનાવવાનો ઊંચામાં ઊંચો અવસર અહીં માનવજીવનમાં જ છે. જડનો વિકાસ આપણા હાથમાં નહિ; તે તો કર્મની વાત. પુણ્ય ધારે તેટલી ધન માલથી તિજોરી ભરી શકે; અને પાપ ધારે તેટલી ખાલી કરી શકે ! તમે તો માત્ર વચ્ચે મજુરિયા ! "જાઓ વલણમાં પચાસ લાખ કમાયા, તો તમે માત્ર ગાંહડા (ગાંસડા) બાંધી લાવો !" જીવ જાણે લક્ષ્મીનો વફાદાર ગુરખો ! લક્ષ્મીના

ગમનાગમનમાં જીવનું કંઈ ઊપજે નહિ. પરંતુ આત્માનો વિકાસ આપણા હાથમાં છે. તો આપણે ધંધો શું છે? જ્યાં આપણું ચાલે એમ નથી ત્યાં કૂદવું છે અને ચાલે એમ છે ત્યાં કાંઇ નહિ કરતાં હાથ જોડીને બેસી રહેવું છે! આપણે મનથી શું ચિંતવવું તે આપણા અધિકારની વાત છે; ત્યાં સારૂં ચિંતવવું નથી. ને જે કુટુંબ–કબીલો–જગત હાથની વાત નહિ, તેને સુધારી દેવા કૂદવું છે, કે જેની વિચારણામાં તો આખું જીવન ગાળ્યે ય પાર ન આવે! પ્રભુનું નામસ્મરણ કેટલું! જરાયે નહિ! પાપથી બચવાની ધગશ અને પ્રવૃત્તિ કેટલી? કશી ય નહિ! કયાં રહી સજ્ઞાનતા? રાજા વિચારે છે કે 'આપણા જીવની સંસાર ખેલવાની પાયાની ભૂલ જ એવી છે કે એમાં આપત્તિ વરસે જ. આપણા કર્મના ઉદય વિના કંઇ બનતું નથી. એમાં ય વિશેષ કરીને આપણી જાતને જો સમજદાર સજ્જન સમજતા હોઈએ તો જેમ એ એની યોગ્યતા મુજબ કરે છે, તેમ આપણે આપણી સમજદાર સજ્જનતાની યોગ્યતા મુજબ કરવાનું. એની યોગ્યતા એવી છે,–જેલમાં નાખવાની–તો તેમ એ કરે; અને આપણી યોગ્યતા એને પ્રજાના રક્ષણાર્થ રાજગાદી પર બેસાડવાની છે, તો આપણે તેમ કરવાનું.

શું છે આ? માત્ર મન વાળવાની વાત છે. દુનિયાને જે વાત મહાકષ્ટમય દેખાય તે વાત તત્ત્વદૃષ્ટિવાળાને મન કંઈ નથી! કર્મ અહીં તૂટશે! જે થયું તે સારૂં થયું!" એમ એ વિચારી શકે છે.

શું આવ્યું? મન વાળવાની ત્રણ વિચારણાઃ—

(૧) આપણને આપત્તિ આવે છે તે આપણી સંસાર-ભૂલને કારણે.

(૨) આપણા કર્મના ઉદયે જ અહીં સારું-નરસું મળે છે.

(૩) આપણી સજ્જનતાને યોગ્ય વર્તવું.

રાજા કેદમાં : કુમાર ગાદી પર :—

હવે આનંદકુમારની આજ્ઞાથી દુર્મતિ સામંતરાજા સિંહ રાજાને બાંધવા આગળ આવ્યો. ત્યાં વચમાં પડતા કુલ પુત્રોને એણે હેઠા પાડયા; ને નગરજનોને ધુત્કારી કાઢયા. પોતાના માણસો પાસે રાજાને બંધાવ્યો.

પ્ર૦—સિંહરાજાની આ ઘેલી ઉદારતા કહેવાય કે નહિ?

ઉ૦—હા, પૂર્વકર્મનો હિસાબ જેની પાસે ન હોય, ત્યાં ઘેલી ઉદારતા દેખાય, પણ જેને પૂર્વકર્મનો હિસાબ સમજાય છે કે 'જન્મ જન્મના કર્મ ઊભાં છે તે એમ ખસે એવાં નથી. એ તો આપત્તિ વેઠવાથી જ ખસશે.' એવો કર્મનો હિસાબ જે સમજે છે, તો વર્તમાન કપરી સ્થિતિને હર્ષથી વધાવી લે છે! આવા સમજુને ઘેલી ઉદારતા ન લાગે. ઘેલછા એ નથી. એને ઘેલછા તો કર્મના ભાર ઉતારવાની લાગી છે. કુમારે પિતાને મુશ્કેટાટ બંધાવીને વિશ્વાસુ માણસના પહેરા નીચે સુરક્ષિત કરી દીધા. પછી શું? પોતાની મેળે બેસી ગયો રાજગાદી પર! રાજાની આણ હતી એટલે કોઇ તેનો સામનો કરી શકયું નહિ. એણે વ્યવસ્થા સ્થાપી દીધી. સામંતરાજાઓને પણ વશ કરી લીધા. બીજી બાજુ વૈરના લીધે રાજાને નરકાગાર જેવા કારાગારમાં નાખ્યા.

એ જેલ કેવી હતી ? અત્યંત ચૂંથાતી વિષ્ઠાની ગંધાતી ગારની દુર્ગંધથી ભરેલી. વળી, એ અંધકારમય હોવાથી એમાં ડાંસ, મચ્છર અને માખીઓનો ગણુગણાટ–ભણુભણાટ ચાલુ હતો. દિવાલો જીર્ણ–શીર્ણ અને વચમાં વચમાં તૂટેલી એવી, કે જેમાં સર્પ જેવા પણ સૂતા હોય. તેમ, દર અને બાકોરાના મોં આગળ ઉંદરની લીંડીઓના ઢગલા પડેલા. કોણ સાફ કરે ત્યાં ? ઠેર ઠેર–કરોળીઆના જાળા ! ઉપરથી સાપની ઊતરેલી કાંચળીઓ લટકતી રહેલી ! ભયંકર–દુષમ કાળિકાળનું જાણે નિવાસસ્થાન ! સાતમી નરકના સીમન્તક પાથડાનો જાણે સહોદર ! સર્વ દુઃખોના સમૂહોની જાણે સભા ! અધર્મની જાણે ક્રીડાભૂમિ કેમ ન હોય ! સર્વ યાતનાનું કુલઘર જોઈ લ્યો ! મૃત્યુને વિશ્વસનીય ભૂમિ સમાન ! અને યમરાજનું જાણે સિદ્ધિક્ષેત્ર ન હોય ! એવું ભયાનક આ જેલખાનું હતું.

મહારાજાને મોટા કેદખાનામાં લઈ જવામાં આવ્યા એવી અંતઃપુરમાં ખબર પડી ગઈ. મુખ્યરાણી કુસુમાવલી સહિત અંતઃપુરને એવો ભયંકર આઘાત લાગ્યો કે કરુણ આક્રન્દ અને ચીસો પાડી ઊઠે છે ! મહેલમાંથી નીકળી જેલ તરફ એ રોતું કકળતું જઈ રહ્યું છે. સતત ધારાબદ્ધ કાજળ વિનાના ચોકખા આંસુ એટલા બધા વહી રહ્યાં છે કે મોટા મોતીઓ જેવા બનીને એ હાર જેવા લાગે છે. રાજા માથેના દુઃખથી રાજા કરમાય, પણ એના બદલે અહીં તો રાણીઓની કાયા મહારાજાને માથે પડેલા દુઃખના શોકથી કરમાઈ ગઈ છે. શોક કલ્પાંતનો પાર નથી.

ખોટા ગુમાન તૃષ્ણા:—વિચારજો સંસારનું સ્વરૂપ. એક વખતની સિંહકુમાર અને કુસુમાવલીના પ્રેમભર્યા સુખની સ્થિતિ ક્યાં ? અને અત્યારની આ વિષમ પરિસ્થિતિ ક્યાં ? જ્યાં એકવાર બંને જણ રાજશાહી સુખના સરોવરમાં ઝીલ્યા છે, એજ જીવનમાં હવે હૃદયનાથ રાજા તલવારનો ઘા ખાવા ઉપરાંત ભયાનક જેલમાં નખાયા છે ! અને પ્રાણપ્યારી પ્રિયતમા ઘોર આક્રંદ કરી બોર બોર જેવડાં આંસુ વહાવી રહી છે ! એક વખત સુગંધિના મઘમઘાટ વચ્ચે, મનોરમ ચિત્રભર્યા રાજમંદિરની સુંવાળી શય્યામાં વીંઝાતા પંખાના પવનની લહેરી સાથે, આરામ કરતા રાજા અત્યારે દુર્ગંધની બદબો વચ્ચે; બિભત્સ ને ભયાનક જેલખાનાની ખાડાટેકરાવાળી કઠોર ભૂમિ પર, અંધારામાં ઘામ સાથે પડયા છે. તો રાણીનુંય કાંઈ ઊપજતું નથી, ને કલ્પાંતનો પાર નથી !

માણસ કદાચ ઠકુરાઇ પર ઘમંડ કરે, પણ આવા વિકટ પરિણામ આગળ એ ઘમંડને ઓગળી જતાં શી વાર ? ત્યારે જેને ઠકુરાઈના કોડ થાય છે, એ જો નજર સામે આ પરિણામ લાવે તો કોડ ક્યાંય સુકાઈ જાય કે નહિ ? સંસારમાં રહ્યે રહ્યે પણ આવા પ્રસંગો આંખ સામે રાખી ખોટા ગુમાન, તૃષ્ણા, ઈર્ષ્યા વગેરે દોષોને તો સદંતર નાબૂદ જ કરી દેવા જોઇએ.

રાણીઓ કલ્પાંત કરતી જેલ તરફ આવી રહી છે. જ્યાં જેલની પાસે દરવાજે પહોંચી ત્યાં દરવાજા પર પહેરગીરો રોકે છે. પણ પોતાના હાથથી એમને બળાત્કારે હટા-

વીને રાણીઓ અંદર પેસે છે. હવે તો ઠેઠ નજીકમાં આવી એટલે દુઃખનો ઉછાળો ભયંકર વધ્યો, તેથી છાતી અને પેટ કૂટવા મંડી ! એમાં વળી આ દુર્ગંધમય અયોગ્ય મુકામની ધરતી પર ચાલવાથી શ્વાસ ભરાઇ આવે છે. આંખ જાણે મહારાજાની અવસ્થા જોવા યોગ્ય નથી એટલે લટકતા અલતાથી જોતી બંધ થઈ જાય છે ! રાજાને એક પશુની જેમ મોટી લોઢાની કાળી બેડીથી જકડીને બાંધ્યો છે. આટલું છતાં રાજા બહુ સ્વસ્થ છે, દીન નથી. પરંતુ રાણીઓ રાજાની આ ભયંકર હાલત જોઈ આસોપાલવના પાન સરખા હાથ વડે છાતીને હારના વહન કરવાથી જાણે થાકી ગઈ હોવાથી કૂટે છે. જાણે એ દર્શાવે છે કે ' આ સંસાર અનુચિત આચરણની બહુલતાવાળો છે.' ત્યાં રાણીઓનું રુદન આક્રંદ વધી પડે છે. એટલે રાજા પહેરગીરો પાસે ખૂબ સમજાવીને આક્રંદ અટકાવે છે. પછી રાજા શિખામણ આપે છે ! કેવી અનુપમ તે વાણી છે, તે જુઓ. કેમકે,

જગતની જે ઘટનામાં અજ્ઞાન પ્રાણીઓ શોક અને આક્રંદ કરે છે, ભારે દ્વેષ અને મત્સર કરે છે, તેજ જગતની ઘટનામાં જિન–શાસન પામેલા વિવેકી વધુ વૈરાગ્ય વિકસાવી સંસારની અસારતાને ખૂબ દૃઢપણે સમજે છે. શોક અને પોકને બદલે સમતા સમાધિમાં ચઢી તટસ્થભાવે જગતનું નાટક નિહાળે છે. આ ટૂંકો હિસાબ છે. ચાલુ ઘટનાને જગત શી રીતે જુએ છે ? જો તેજ રીતે આપણે જોઈએ તો આપણે અજ્ઞાની; ને જૈનદર્શનની રીતે જોઇએ તો આપણે સજ્ઞાન. જોઈને ઉદાસીનભાવે રાગદ્વેષથી દૂર

રહીને સમતા સાગરમાં બરાબર ઝીલતા રહીએ, જરાય એની બહાર ન નીકળીયે; તો આપણે વિવેકી અને સજ્ઞાન.

રાજાની અમૃતવાણી :— રાજા કહે છે, "અરે ! તમે આશું કરો છો ? કેવળ તકલીફ આપે અને મહાન પાપ કરાવે તેમ પાપનો અનુબંધ–પરંપરા ચલાવે. વળી જેમાંથી સારૂં ફળ કશુંજ નહિ, તેવો શોક તમે કેમ કરો છો ? ખબર નથી તમને કે આ સંસાર અતિ અતિ વિચિત્ર સ્વરૂપવાળો છે ? આ સંસારને સર્વ જીવો એ રમવાના રમકડા જેવા છે. જેમાં જીવે પૂર્વે કરેલાં કર્મનો ઉદય પ્રસરવાનું દુર્નિવાર છે. આપણા કર્મનો ઉદય ચાલું થયા પછી વચ્ચે રોકવાની દિવાલ ઊભી કરી શકાય નહિં. લક્ષ્મી, વાદળાંની વચમાંથી નીકળી આવતી વિજળીના જેવી ચંચળ છે, સ્નેહી અને સંબંધીનો સંગમ સ્વપ્ન સમાન છે. રાગની જે રમત કરીયે તેનું આ પરિણામ છે, એ શું તમે નથી જાણુતા ? " રાજાની આ શિખામણમાં કયાંય " કુમાર દુષ્ટ છે... " એવો વિચાર પ્રગટ થતો નથી ! કેમ વારૂ ? કહો, પૂર્વ–સાધના અને અહીં જિનવચનની ઓતપ્રોતતા, બીજાનું ખરાબપણું મનમાંય પેસવા દેતું નથી ! કહે છે,

"કર્મના તોફાનનાં અને રાગની ચેષ્ટાનાં આવા ફળ આવે એમાં નવાઇ નથી. તો પછી અવિવેકી માણસને છાજે એવું આ રુદન કરવાથી શું વળવાનું હતું ? અને તમે ? તમને તો જિનવચનનું અમૃત મળેલું છે કે જે જીવનના મહાન સારરૂપે છે. માટે જિનાજ્ઞાને જ અમલમાં ઉતારો. જીવનનો સાર હાથમાં આવતો હોય તો

એ છોડી વ્યર્થ અવિવેકી ચેષ્ટા કોણ કરે? કરવા યોગ્ય હોય તો તે છે કે જે જિનવચને ભાખ્યું છે. કેમકે જિનવચન સિવાય દુઃખ માત્રનો અંત આણવાનો બીજો કોઇ ઉપાય નથી!"

તલવારથી ઘવાયેલ અને બેડીથી જકડાયેલ નરકાગાર જેવી જેલમાં પડયો પડયો રાજા કેવી સોનેરી શિખામણ દે છે! કેવો મઘમઘતો ઉપદેશ આપી દે છે! એમને અંતરમાં દ્વેષ નથી, ઇતરાજી, અરુચિ નથી. પોતાની અવસ્થા પર કલ્પાંત, દીનતા, કે દુઃખ,–કંઈજ નથી! કેમકે, જિનવચનના રસાયણે આત્મા નવું ચૈતન્ય, નવી સ્ફુર્તિ પામ્યો છે. પ્રભુવાણીએ આત્મામાં માત્ર તત્ત્વચિંતનને વિષે ઉજમાળતા કરી દીધી છે! જ્યાં કર્મતત્ત્વના ભયંકર તોફાન દેખાડયાં છે, તેમાં નાદાન છોકરાની સામાન્ય કસુર શી લક્ષમાં લેવી! જ્યાં મોહ અને કર્મથી જન્ય બીજી વસ્તુના જગતમાં મહાન તોફાન છે, ત્યાં એનો વિચાર છોડી મામુલી વસ્તુ લક્ષમાં લેવી તે ભારોભાર મૂર્ખાઈ છે.

જ્યારે તલવાર ને ભાલા જેવા રાગ દ્વેષ, મહાગુંડાઓ જેવા પૂર્વકર્મ, અને આ જીવનની પિશાચી પાપરમતો આપણો કચ્ચરઘાણ કાઢતી હોય, ત્યાં કહીએ કે "છોકરાએ આમ કર્યું....ફલાણે અમારૂં આ બગાડયું....આ આવું આવું બગડી ગયું...."–એ મહામૂર્ખાઈ છે. રોવાનું ઘણું પડયું છે. આમાં શું રોવાનું? રાગદ્વેષરૂપી લુચ્ચાઓએ, આ મહાન માનવજીવનમાં જ જે ઉત્તમ ચારિત્રરત્ન લઈ શકાય, તે ન લેવા દીધું, અને જીવને માયકાંગલો બનાવ્યો, નિઃસત્વ

બનાવ્યો, તો હવે તેમાંથી પાછા હટવાનું કે પાછું એજ રાગ દ્વેષની લોથ ઉપાડવી! કયું ધ્યાનમાં લેવા જેવું છે? કુમારે રાજ્ય પડાવી લીધું તોય શું? ને ન પડાવ્યું હોત તોય શું? રાજ્ય હોત તોયે મરવું પડત, ને ન હોય તો પણ મરવું પડે. દુનિયાની સંપત્તિ ટકી તો પણ શું વિશેષતા? ને ગઈ તોયે શું ખોટ? જીવ્યાની વિશેષતા એ છે કે આ અસાર સંસારની વેઠ ત્યજી, જિનેશ્વરદેવના ચરણે બેસી જવાય! એ ન કર્યું અને રાગદ્વેષને પંપાળ્યા, તો એક જન્મ જ નહિ–પણ અનેક જન્મના મોત છે!

વિચારો તમારા માથે કયું જોખમ મોટું છે? કયો ભય ભારે છે?:—

રાજાના હૃદયમાં આવું બધું રમ્યા કરે છે, તો આવા દિવ્ય ઉપદેશ આપે છે કે જેની એ અમૃત વાણીથી ભીંજી ગયેલી રાણીઓ કહે છે કે "આપ કહો છો તેમજ છે. કાંઇ ફરક નથી." રાજાના દિલના ઉદ્‌ગાર છે! એ પાછા નિકટના સ્નેહીના છે. વળી જાત પર વેઠીને કહેલા શબ્દો છે એની અસર ભારે પડી! પરંતુ આ કયારે બને? એક માત્ર સારભૂત જિનેશ્વરદેવની વાણી જ પ્યારી લાગે ત્યારે; એ લાગ્યા પછી જીવનનું કર્તવ્ય એ વાણીએ ફરમાવેલું હોય તે જ હાડોહાડ ભાસી જાય ત્યારે! તે પાલન ન થાય ત્યાં સુધી પણ હૈયામાં તેવો જ ખેદ હોય;–"અહો! મારૂં કેવું ઘોર સાહસ! અધમ એવો હું કર્તવ્ય કરવાના વખતે ચૂકી રહ્યો છું. જિનશાસનનો વિવેક ચૂકીને ચાલી રહ્યો છું," જિનશાસનનો કયો વિવેક છે? એ કે 'તમારી સાથે મોટું જોખમ

કયું છે, મોટી નુકશાની કઈ છે, તેનું માપ કાઢો. કોની સાથે તમારા આત્માનો દીર્ઘાતિદીર્ઘ કાળનો સંબંધ છે, તે બરાબર ખ્યાલમાં રાખો.' આ લક્ષમાં રહે તો હાલતું-ફાલતું ઝગડા કે ઊંચા-નીચીમાં જાતે ન બગડે. અરે ! પરમાત્માનું શાસન પામ્યા છો. વિચાર તો તે કરો કે "જો હું સો ટચનાં સોના જેવો છું અને બીજો મને દોષિત કરે છે, તો તેટલા માત્રથી મારા માથે કોઇ મોટો ભય કે જોખમ આવતું નથી. જોખમ તો તે છે કે જો હું ગુસ્સો, ઘમંડ વગેરેથી, તૃષ્ણા મમતા વગેરેથી મન બગાડી રહ્યો છું. ભય તો આવશે કે જો હું પાપની રમત રમી રહ્યો છું. તો પૂર્વ કર્મનાં મોટાં પાપોનું જોખમ મોટું છે. મને એની ખબર નથી તેથી કંઈ હું અકર્મી નથી, છૂપાં કર્મો પડેલાં જ છે. તે મને કયી સ્થિતિમાં મૂકી દે તેનો પત્તો નથી' આની કોઇ ચિંતા નહિ, ને વર્તમાન અસાર વિનશ્વર વસ્તુ પાછળ બરાબ લાગણી-ઓમાં અટવાઈ જવું એ શું ?

મૃત્યુ તો શિકારી ક્રૂતરા છે એણે જરારૂપી ધનુષ્ય રાખ્યું છે; અને એમાંથી વ્યાધિરૂપી બાણો ફેંકે છે. જીવરૂપી મૃગલાં પર એનો શિકાર ચાલુ છે.

પ્રભુ કરતાં ઉંદર વહેલો મોક્ષેઃ—

ધર્મનાથ ભગવાનના સમોસરણમાં એક ઉંદરડો આવ્યો. ઊંચો થઇ થઈને પરમાત્માની વાણી સાંભળે છે.

આ જોઈને ઇન્દ્ર ભગવાનને પૂછે છે "પ્રભુ ! શું આ જીવની બહુ યોગ્યતા છે કે આમ નાચે છે ?"

પ્રભુ કહે છે, "ઇન્દ્ર ! આ જીવ યોગ્ય તે કેવો, કે મારા ને તારા પહેલાં મોક્ષે જવાનો છે !"

શું આ ? પ્રભુના અને ઇન્દ્રના કર્મ હજી લાંબા ચાલે તેવા ! ને ઉંદરના ઝટ પતે તેવા !

કોના છૂપાં કર્મ વધુ છે, તેની કોને ખબર ! એવાં છૂપાં કર્મ મારે ઉદયમાં આવે અને તે વખતે સમાધિનું જોમ ન હોય, સમતા ન હોય, તો મોટું જોખમ છે. માટે લાવ અત્યારથી જ સમતા-સમાધિને ખૂબ અભ્યાસથી સિદ્ધ કરી લઉં." આ થવું જોઇએ. કેમકે એક બાજુ એ છૂપાં પૂર્વ કર્મ અને બીજી બાજુ વર્તમાનમાં સતત વહેતા રાગ દ્વેષ, એના જંગી જોખમો છે, મોટા મેરુ જેવા જોખમ છે. તેને બાજુએ મૂકી તુચ્છ અને નાની બાબતમાં મનુષ્ય ઊંચો-નીચો થઈ જાય છે. ત્યારે તે કેવો પાગલ દેખાય છે ! એને એ ખ્યાલ નથી કે જ્યારે કુસંસ્કારોની સીરિયલ (ધારા) ઊતરશે ત્યારે તને ભારે લપેટામાં લેશે. રાજાનો ટૂંકો પણ ઊપદેશ વિસ્તારથી વિચારીએ તો કલાકોના કલાકો જાય.

રાણીનો હૃદયપલટો :— સારરૂપે રાજાએ એ વાત બતાવી કે " તમને પરમાત્મા શ્રી જિનેશ્વરદેવના અમોઘ વચનો સાંભળવા મળેલા છે. એથી તમે પૂર્વોપાર્જિત કર્મ-સ્થિતિને જાણો છો; અને નવા રાગદ્વેષ તથા હર્ષ કે શોક કરવાનાં કેવાં કટૂ ફળ આવે છે તે પણ જાણો છો. તો પછી શોકની આ નિષ્ફળ રમત શી કરવી'તી ! જીવનમાં જો નક્કર કાર્ય બજાવવું હોય તો પ્રભુના વચન કહે છે તે કરો."

ઉપદેશ સાંભળતાં રાણીઓનું શોકાતુર હૃદય પલટી ગયું. એ કબૂલ કરી લે છે કે "તમે જે કહો છો તે જ બરાબર છે. સંસારની માયાજાળ ખોટી છે; બંધનો કારમા છે; વિષયોના વિપાક ભયંકર છે. માટે સંસારની માયા છોડી હવે અમારે ચારિત્ર જ લેવું છે, તો એ માર્ગે જવાની રજા માગીએ છીએ.

તત્ત્વજ્ઞ રાજાએ સહર્ષ સંમતિ આપી દીધી.

આત્મા મૂઢ, દુર્ગુણી અને ઉચ્છૃંખલ કેમ રહે છે?

રાજાને વધુ ઉપદેશ આપવો ન પડ્યો. માત્ર પોતાના દિલમાં ધર્મનો, તત્ત્વનો, અને સંસારના સ્વરૂપનો જે પ્રકાશ પ્રગટ્યો હતો, તેને અલ્પ શબ્દો દ્વારા રાણીઓ પર ફેંક્યો. બસ, તેટલામાં જ રાણીઓ તૈયાર થઈ ગઇ; અને સંયમમાર્ગે જવા રાજાની અનુજ્ઞા મેળવી લીધી. રાણીઓના તત્ત્વજ્ઞ હૃદયની કોમળતા વિચારવા જેવી છે. અત્યારે સંયોગ કેવો ઉપસ્થિત થયો છે? આવા કપરા સમયે સંસારત્યાગ! શું?

અંતરમાં અધ્યાત્મનાં અજવાળાં પ્રગટે તો જ સમયને ઓળખી કર્તવ્યના કપરા પણ માર્ગે ચઢી જવાય. રાણીઓએ કુમારની રજા લઇ ગંધર્વદત્તા નામના વિદ્યાધર – સાધ્વીજી પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

કુમારની રજા કેમ મળી? કારણ એ હતું કે એમને હવે જીવતરની પણ પરવા નહોતી; તેમ કુમારને એમના પ્રત્યે એવો દ્વેષ નહિ. તેથી કુમાર પાસેથી બળાત્કારે રજા મેળવી શકયા.

હૈયું વિચારક હોય તો એવી વિષમ પરિસ્થિતિ બનેલી

જોયા પછી સંસારમાં જીવવાની પણ માયા મમતા ન રહે એ સહજ છે. આત્મા મૂઢ, દુર્ગુણી અને ઉચ્છૃંખલ કેમ રહ્યા કરે છે! કારણ એ છે કે અસાર સંસારની માયા, ને સંસારી જીવન જીવવાની મમતા હૈયામાં આરપાર વસી ગઇ છે. તેથી સહેજે મૂઢતા, દુષ્ટતા, અને ઉછૃંખલતા કેટે લાગી છે. પછી વિષમ સ્થિતિ ઉપર સદ્વિચાર કરવો નથી. રાણીઓ તો ચારિત્ર માર્ગ સુધી ચઢી.

જીવનમાં ગમે તે પ્રસંગ પામીને પણ આત્મા ધર્મ-માર્ગ પર ચઢી જાય તે જ તેની વિશેષતા છે. પછી ચાહે દુઃખના પ્રસંગને પામીને, કે ચાહે સુખના. કહાપણ એમાં છે કે કોઇ પણ પ્રસંગને આપણા ધર્મનો પ્રેરક બનાવી દેવો.

પ્રકરણ-૧૬. સિંહરાજાનું અનશન

રાણીઓ માટે પ્રસંગ કેવો હતો? ગુણિયલ પતિની પુત્રના જ હાથે થતી મહા વિટંબણા જોવાનો! છતાં એમણે એ પ્રસંગને સ્વાત્મામાં ધર્મનો પ્રેરક બનાવી દીધો!

ત્યારે, રાજાને પોતાના માટે પ્રસંગ કેવો બન્યો? પોતે ગાદી આપવા જેને જાય છે તે છોકરાએ જ તલવારનો ઘા કર્યો! આ કષાય કરવાનો, કલેશ વધારવાનો, ને મનને બગાડવાનો, જે પ્રસંગ કહેવાય, તેજ પ્રસંગને રાજાએ ધર્મનો પ્રેરક બનાવી દીધો. કેવી રીતે? સૈન્ય ને કહી દીધું-" ઊભા રહેજો, એને આંગળી ન અડાડજો." આમાં શું ધર્મ છે? હા, ક્ષમા ને ઉદારતાનો મહાન ધર્મ છે. આપણું અંગત એણે બગાડયું છે ને! હા, તો અંગત બગાડનાર પર વિશેષ ક્ષમા અને શાંતિ રાખવાની.

વળી જુઓ. રાજાને ભયંકર કેદમાં પડવું પડ્યું. કેવો પ્રસંગ છે? મહાન વલોપાત કરાવે એવો પ્રસંગ! બધી સત્તા અને ઠકુરાઈ ભોગવ્યા પછી, સગા દીકરાને હાથે કેદમાં જકડાવાનો! હવે 'કરવા દે પ્રપંચ દ્રોહી પુત્રને ફગાવી દેવાનો." ના, સિંહરાજાએ તો એને ધર્મનો પ્રેરક બનાવ્યો. કેવી રીતે?

કેદમાં અનશન :—

રાજાને કેદખાનામાં પણ રોજ ને રોજ કદર્થના ચાલુ જ છે. છતાં ખૂબી એ કે એ જરાયે ક્રોધવશ ન થતાં વિચાર કરી લે છે કે " હવે મારૂં જીવિત આટલું જ લાગે છે. તો પછી આરાધના શા માટે ગુમાવવી? માટે મારે અનશન કરી લેવું તેજ ઉચિત છે." એમ વિચારી રાજાએ શેષ જીવન માટે અનશન સ્વીકારી લીધું. કહો એવું થાય છે ને કે કોને ખબર ક્યારે દેહ પડી જાય? માટે જ આરાધના કરી લેવાની છે.

દેહ આરાધના વિના જે પડી જાય એનો વાંધો ન હોય તો અહીંયાં માનવ તરીકે શું આવ્યો?

મળેલા મહા દિવ્યકાળમાં જ દિવ્ય સાધના કરી શકાય.–તે ન કરી તો શું જીવ્યો!

જિનવચને રંગાયેલા રાજાના ચિત્તમાં પુત્ર પર કોઇ રોષ નથી. ' છોકરો ખરાબ પાકયો,' તેવું લેશ પણ નથી. તેમ એ પણ નથી 'હાય! રોજ ને રોજ આ માર? આ ત્રાસ?' એટલું જ છે કે "હું ધર્મની આરાધનામાં

રહું–એક સેકંડ પણ મારી ધર્મ વિના ન જાઓ.” ધર્મની હૈયે સ્પર્શના થવાનાં ચિહ્ન વિચારજો. ‘હેં ? શું અમે આ અન્યાય ચલાવી લઈએ ?’ આવા બહાનાં તો ઘણાં આગળ કર્યાં. પણ ધર્મ એ કરાવે છે કે–‘હા, આ અમારી પૂર્વ ભૂલોના વિપાક છે, ને આમાં ભૂલોનું પરિમાર્જન થઇ રહયું છે. માટે નવી ભૂલો ન કરતાં આરાધનામાં રહું.’

આનંદકુમારનો ગુસ્સો :—

રાજા હવે ભોજન લેતા નથી; તેથી પહેરગીરોએ જઇને આનંદ કુમારને આના ખબર આપ્યા. સાંભળતાં જ કુમાર ગુસ્સે થઈ ગયો. દેવશર્મા નામના એક માણસને બોલાવીને કહયું–“ જા, રાજાને ભોજન કરાવ. કહી દેજે કે જો ભોજન નહી જમો તો હું નક્કી મારી નાખીશ.”

એનો એ જ પ્રસંગ ધર્મપ્રેરક કે પાપ પ્રેરક !:—

સમરાદિત્યનો જીવ સિંહરાજા પિતા, અને આનંદ–કુમાર પુત્ર, બંને માણસ છે, પણ કેટલાં અંતર છે. બેમાં ? યુગયુગનાં અંતર દેખાય છે. જે કટુપ્રસંગને સિંહરાજા ધર્મનો પ્રેરક બનાવે છે, તેની જગાએ કુમાર મનમાન્યો પ્રસંગ કરી પાપનો પ્રેરક બનાવે છે ! વિવેકની જ જરૂર છે. સાવધાનીની જરૂર છે. દુનિયા તો એની એજ રહેવાની. જે દુનિયા લાખો કરોડો વર્ષો પહેલાની, તેજ દુનિયા આજની. દરેક જીવનમાં એજ વિષમ જગત મળવાનું; પણ વિવેકનો દીવો હોય તો પ્રસંગ ધર્મનો પ્રેરક બનાવાય; ને વિવેક વિનાના અંધાપાએ એજ પ્રસંગ પાપનો પ્રેરક કરાય. પછી ભલે મોટો ચક્રવર્તી હોય તો વિવેકના અભાવે પણ પાપની

જ લીલા ! પાપમાં જ ઊંચે ચઢે ! એમ વિવેક નહિ હોય અને રંક થઈ જાય તોયે પાપ ! ત્યારે વિવેક હોય, જાગૃતિ હોય, તો ધર્મની મહાપ્રેરણા લેશે. ભિખારી તો રાજગૃહીનો ય હતો, ને ભિખારી સંપ્રતિનો ય જીવ હતો. બંને ભીખ માગવા નીકળ્યા હતા. બંનેને કોઈ આવાનું નહોતું આપતું. પરંતુ સંપ્રતિના જીવે દિશા ફેરવી, પ્રસંગને ધર્મને પ્રેરક બનાવ્યો; તો ઊંચે ચઢી ગયો. ને પેલાએ પ્રસંગને પાપનો પ્રેરક બનાવ્યો, તો ગયો સાતમી પાતાળે!

પાસે બધું છે કે નથી પણ જો ડહાપણ ગયું, તો પાપનો જ વિકાસ થાય.

દેવશર્માની વિનંતિ :—

કુમાર ગુસ્સાથી કહેવરાવે છે. દેવશર્મા ગયો. એ રાજાને જુએ છે તો કદર્થનાથી શરીર કૃશ થઈ ગયું છે. એમને એ હાથ જોડીને કહે છે–"દેવ ! જગતમાં એક દૈવ એવું છે કે એને પરવશ પડેલા પ્રાણીઓની વિષમ સ્થિતિ થાય છે. પછી તો એમની સહેજે વિષમ કાર્યપદ્ધતિ બને છે. મહારાજ ! દૈવની શી વાત કરીએ ? એ કાંઈ વિનયથી આરાધી શકાય નહિ; અર્થાત્ દૈવને ગમે તેવા કાલાવાલા કરો, છતાં એ પીગળે નહિ. ગુણવાનના ગુણો પણ દૈવને વિસાતમાં નહિ ! એવાને પણ એ કનડે છે ! દૈવ ચીજ એવી છે કે એ જીવના મનવાંછિતનો અવસર ન જુએ, ઇચ્છિત ફળવાનો અવસર આવે તે પહેલાં જ એને તોડી નાખે. ખરૂં કહીયે તો લોકોને માટે એ અનર્થકારી છે. ઉન્મત્ત હાથીની જેમ એ સ્વચ્છંદાચારી છે. તેથી ગંગા પ્રવાહની જેમ કયાંક સરળ, ને કયાંક તો કુટિલ

છે. વળી કેમ જાણે, માણસની સામે આવી પડેલું મહાયુદ્ધ તેને પાડવાને તૈયાર હોય, તેમ આ ભાગ્ય એ ઊંચે ચઢેલા જીવને નીચે પાડવા – પછાડવા તૈયાર છે. જેમ ઝેરની ગાંઠ રસોને અનુકૂળ નથી, તેમ આ દૈવ પણ જીવના રસને (ઇચ્છાને) માફક નથી; તેમ જીવની ઝંખનાને પ્રતિકૂળ છે, અને જીવના અણગમતાને એ અનુકૂળ છે ! આમ છતાં ક્ષણ વાર પણ મહારાજા ! આપણે પુરુષાર્થ મૂકી દેવો ઉચિત નથી. કેમકે પૂર્વોપાર્જિત કર્મને દૈવ કહેવાય છે. એટલે એ જ્યારે પૂર્વના પુરુષાર્થથી જ ઉપાર્જાય છે, તો પછી એ જરૂર પુરુષાર્થથી જિતાવા યોગ્ય છે. માટે જો પુરુષાર્થ રાખીએ તો બચી શકાય. નહિતર દબાઇ જવાય. માટે મારી આપને ખાસ વિનંતિ છે કે આપ ઉદ્યમ જરૂર રાખો, અને આહાર લ્યો. જીવતો નર ભદ્રા પામે. માણસ જીવતો હોય તો અવસરે આપત્તિને ઓળંગી સંપત્તિને અવશ્ય પામે છે.”

રાજાનો પરિવાર મહાલાયક છે. સિંહરાજા કેવા છે, તે પરિવાર જાણે છે. એટલે રાજા આગળ જેમ તેમ બોલતો નથી. વિવેકથી બોલે છે ત્યારે સિંહરાજા પણ વ્યંગ કરીને દેવશર્માના શબ્દોનો ઊંધો અર્થ નથી લેતા; એક માત્ર ધર્મની પ્રેરક પ્રેરણા લે છે! પેલાએ જ્યારે આટલું કહી દીધું કે, “તમે પુરુષાર્થ ન ગુમાવો અને આહાર લ્યો. માણસ જો જીવતો છે તો કયારે ય આપતિ ઓળંગી સંપત્તિ જરૂર પામશે. માટે નિરાશ ન થતાં પુરુષાર્થી બન્યા રહો.”

રાજાનો ઉત્તર : યોગ્ય પુરુષાર્થ :—

સિંહરાજા ઉત્તર કરે છે, “ જો દેવશર્મા ! કાળને ઉચિત

પુરુષાર્થ મેં છોડી દીધો જ નથી !" દેવશર્મા કયા પુરુષાર્થની વાત કરે છે, અને રાજા કયો પુરુષાર્થ બતાવે છે ? એ કહે છે, " તારી વાત બરાબર છે. જીવિત છે ત્યાં સુધી યોગ્ય પુરુષાર્થ ન છોડવો. મેં તે જ કર્યું છે. હવે મારે યોગ્ય પુરુષાર્થ દીક્ષાનો છે. તેથી ભાવથી મેં પ્રવ્રજ્યા સ્વીકારી લીધી છે; પરિગ્રહ હિંસાદિ પાપોનો ત્યાગ કર્યો છે. તેથી હવે સંપત્તિ વગેરે પર મને કોઇ ઇચ્છા નથી. વળી એમાં પણ ઉચિત કાળને સમજી મેં હવે જીવન ભરનું અનશન અંગીકાર કર્યું છે. તેથી જ હું આહાર ગ્રહણ કરતો નથી, કરવાનો નથી."

વર્ષોના વર્ષો સુધી આત્માને શ્રીજિનવચનનો કેટલો આરપાર રંગ લગાડ લગાડ કર્યો હોય, તેમજ જીવનમાં સમતાનો કેટકેટલો સચોટ અભ્યાસ હોય, ત્યારે આવા મહાવિકટ પ્રસંગે ચિત્તમાં એક નાનો પણ કુવિકલ્પ ઊઠે નહિ ? કોઇ હાયવોય નહિ ને કોઈ બળાપો-વલોપાત નહિ !

દેવશર્મા મુઝાયો.-'રાજાની પ્રતિજ્ઞા એટલે બલાસ ! ત્યારે બીજી બાજુ પેલા કુમારે કહ્યું છે, 'આહાર નહિ લે તો મારી નાખીશ !' માટે આ કહે છે, "આપ આહાર નહિ લ્યો તો કુમારને ગુસ્સો થશે !"

રાજા કહે છે-" એને ગુસ્સો કરવાનું શું કારણ છે ? મેં પ્રતિજ્ઞા કરી છે, એને હું પાળી રહ્યો છું. કુમાર પણ જાણે છે કે તપસ્વીજનો પોતાની પ્રતિજ્ઞાને યથાર્થ પાળનારા હોય છે માટે ગુસ્સે થવાનું કોઈ નિમિત્ત નથી."

"પણ મહારાજ, આપ એના ચરિત્રને કયાં નથી જાણતા ? રખે ને તે આપનો ઘાત કરે !"

પ્રકરણ ૧૭ કુમારનો ગુસ્સો : રાજાની મૃત્યુ પર તત્ત્વ વાણી.

ક્રૂર-કુમારનું આગમનઃ—દેવશર્મા જ્યાં રાજાને ભોજન લેવા વીનવી રહ્યો છે ત્યાં તો પેલો આનંદ ધુંધવાઈ રહ્યો છે; દેવશર્માને કેમ વાર લાગી ? હા, મારો બાપ માનતો નહિ હોય....દુરાગ્રહી છે....હવે બતાવી આપું....એમ વિચારતો હાથમાં તલવાર લઈ એકદમ તે કેદખાનામાં આવ્યો. આવીને કહે છે,–

"આહાર લેવો છે કે નહિ ? જો નહિ લેવો હોય તો જમરાજની જીભ જેવી આ તલવારથી તમારૂં માથું વાઢી નાખીશ !"

સાંભળ્યા દીકરાના શબ્દો ! કહો, કોણ કોનું જગતમાં ! કોના વિશ્વાસે ચાલવાનું ? વર્તમાનમાં કદાચ આપણે ત્યાં આવું ન દેખાય, પણ જગતમાં આવા અનેક પ્રસંગો બનતા દેખાય તો અનુમાન તો થાય ને કે અંતિમ પરિણામ શું ? બધા ખેલ ખેલી લીધા પછી પરિણામ શું ? સંબંધ તૂટ્યા, કે પછી સાંધા કરવા નકામા. કેમકે સંસાર છે ! એવી સ્થિતિમાં જ્ઞાનીઓ કહે છે કે પરમાત્માનું શાસન પામી જગતની ઓળખ કરી, હૃદયને પ્રકાશમાં રાખવું જોઇએ, અંધકારમાં નહિ. પોતાનું સાચું હિતૈષી કોણ છે, એ વગેરે પોતાની સ્થિતિનો ખ્યાલ કરી તે નકલી હિતૈષીના ખોટા મોહમાં તણાઈ સ્વાત્મહિત સાધના ગુમાવાય નહિ. પરભવની અત્યારથી તૈયારી કરી લેવી જોઇએ. નકલી હિતૈષીઓ અવ-

સરે ફરી બેસે, દુશ્મન થઈને ઊભા રહે ત્યાં આપણને ખેદ કે આશ્ચર્ય, કશું ન થવું જોઈએ. કેમકે એ નકલી જ હતા.

રાજાનો ગંભીર ઉત્તર :— આવો નકલી સ્નેહી આનંદકુમાર જોરદાર ગુસ્સો બતાવી, હાથમાં તલવાર લઈ મારી નાખવાની ધમકી બતાવે છે. ત્યારે સિંહરાજા જવાબ આપે છે,

"હે નરવર ! હે શ્રેષ્ટ પુરુષ ! જીવે દેહમાં કરેલા નિવાસને મરણના કાળ સુધીનો જ જે જાણે છે, એટલે કે મરણ થવા સાથે જ જીવને દેહવાસનો અંત આવી જવાનું જે જાણે છે તે એવા અશાશ્વત અને અસાર દેહવાસને જ્યારે કયારે ય પૂરૂં થવાનો અવસર આવે ત્યારે શોક શાનો કરે ? હા, જે એમ સમજતો હોય કે આ શરીરમાં મારે ટકી જ રહેવાનું છે, ને એમાંથી મને સુખ જ મલે છે, એને વહેલું કે મોડું, ગમે ત્યારે મરવાનું આવે તો દુઃખ થાય. એમાં વહેલું મોત આવ્યું તો તો દુઃખનો પાર નહિ. પણ જે જાણે છે કે આ દેહમાં દુઃખ જ ખીચોખીચ ભરેલું છે, તો તેમાંથી જતાં કોણ દુઃખ કરે ? આ દેહમાં જે આત્મા વસે છે, તેને જમરાજ જાણે કહે છે, 'અડધી પળે ખાલી કરાવીશ !' એમાં પાછું થોડું વસવાનું હોય તો ઠીક, પણ ના, આ તો સાવ પોકળ ! સુખના નામે દુઃખના પોટલાં !"

રાજા કહે છે " હે કુમાર, તું મને તલવારના ઘાથી મારવા માંગે છે, તો મને જરાયે મરણથી ભય નથી. આ જીવે જન્મ્યા ત્યારથી મરવાનું જ કામ કર્યું છે ! મરવું

એટલે આયુષ્યનો ક્ષય થવો તે. તો જન્મથી માંડીને આયુષ્યનો ક્ષય ચાલુ જ છે એવું આવીચિ–મરણ પ્રત્યેક પળે ચાલુ છે. ત્યાં કોઇ માણસ અભિમાન કરે કે 'હું મર્યો નથી, જીવતો છું ! તો એને શું કહેવાય ?

અંજલિમાં પાણી લીધા પછી ટપક ટપક નીચે પડે છે, ત્યાં માણસ જો માને કે 'મારી પાસેનું પાણી નાશ નથી પામતું,' તો તે અજ્ઞાન છે. જન્મ થતાં સમજી જ રાખવું જોઇએ કે 'આ મોત થઈ રહ્યું છે.' બધા જન્મ લેનારાઓ શું કરી રહ્યા છે ! અંતિમ મૃત્યુ અને પરલોક તરફ દોટ મૂકી રહ્યા છે ! કોઇ ટોળું પહેલું, તો કોઈ ટોળું પછી પહોંચે છે. તેમાં ભયભીત થવાની શી જરૂર ? આપણા મનમાં નિર્ધારિત જોઇએ કે મરણ અવશ્ય નિશ્ચિત છે ! અને જીવન અનિશ્ચિત છે, કેમકે આપણે જીવનકાળ જાણતા નથી. એનો અર્થ એ કે એક કતલખાના આગળ પશુને બાંધી રાખ્યું. તેની જેવી દશા, તેવી જીવમાત્રની દશા ! કતલખાના આગળના બકરાને શી ખબર કે ક્યારે છરી ગળા પર ફરી વળશે ? એમ જીવને શી ખબર કે ક્યારે મૃત્યુની છરી જીવ પર ફરી વળશે ? પણ મરવાનું એ નક્કી; જીવવાની આશા નહિ. આ પરિસ્થિતિમાં એવા મૃત્યુથી ડરીને પોતાની સાધના ગુમાવવાનું કોણ કરે ? માટે જ મેં મૃત્યુનો ભય ત્યજી અનશનની સાધના સ્વીકારી છે, તો મહાનુભાવ ! તું સમજી જા, કે આ મૃત્યુ તો શિકારી છે, એણે જરારૂપી ધનુષ્ય રાખ્યું છે; એમાંથી વ્યાધિરૂપી બાણો ફેંકે છે. જીવોરૂપી મૃગલાં પર એનો શિકાર ચાલુ છે. એનો કોઈ પ્રતિકાર

નથી એટલે એને રોકી શકાય એમ નથી. સ્વચ્છંદ રીતે આ મૃત્યુ જગત પર ભમે છે અને મોટા ઇંદ્ર જેવાના ય શિકાર કરે છે! આ સમજીને શાણા મનુષ્યો વારંવારના જન્મ-મૃત્યુથી કંટાળેલા હોય છે. તો એવા ભાગ્યશાળી જીવો જન્મ જરા મૃત્યુથી ખેદ પામી શું કરે છે? આજ કે એના કારણભૂત સંસારરૂપી રોગને જ દૂર કરવા માટે અમૃત જેવા જિનવચનના રસાયણને અનુસરે છે"

ખરેખર! જગતમાં સર્વજ્ઞ વીતરાગ પરમાત્માનો ઉપદેશ એવો ચમત્કારિક છે કે એના અમલથી જન્મ-રોગ અને મૃત્યુના ઝેર હંમેશ માટે દૂર થઈ જાય છે! એ વિશિષ્ટ અમૃત રસાયણ છે. એનું કારણ એ છે કે જિનોપદેશ જન્મનાં મૂળ નિમિત્તને પકડી એને દૂર કરવાના ઉપાય બતાવે છે. જન્મ મટ્યા પછી રોગ અને મૃત્યુ તો આપોઆપ દૂર થઈ જાય છે.

જિનવચન જ કેમ પકડવાં? કારણ એ છે કે સંસારમાં જન્મનાં સાચાં નિમિત્ત શા છે તે જાણ્યા વિના મોક્ષના ભળતા ઉપાય સાધ્યે શું વળે? મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ જન્મનાં નિમિત્ત છે. સિંહરાજા એને નિવારવાના પુરુષાર્થમાં છે, એટલે એમને અહીંના તાત્કાલિક મૃત્યુનો કોઈજ ભય નથી. માટે જ,

રાજા આનંદ કુમારને કહે છે, "જન્મ-મૃત્યુને મૂળથી નિવારનારૂં, અને એટલે જ પરિણામે મહાકલ્યાણને કરનારૂં એવું જિનવચન મને મળ્યું છે, તેથી ક્ષણિક મૃત્યુનો મને કોઈ ભય નથી. જે જનોએ ભવિષ્યના અનંત મૃત્યુ સામે

પ્રતિકાર કરી લીધો છે, પાપમળને જેમણે ધોઇ નાખ્યાં છે, કર્મ બંધનની લોખંડી શૃંખલાઓ જેમણે તોડી નાખી છે, તેવા મનુષ્યોને કાળ મૃત્યુ શું કરી શકે? માત્ર આ જીવનના સમયને મર્યાદિત કરતું આ મૃત્યુ, એટલે એ મૃત્યુ કાંઇ આત્માનો સર્વનાશ નથી; કે આત્માના ગુણોનો સર્વનાશ નથી. આ તો માત્ર આ જીવનની કાળમર્યાદાનો અંત લાવી કારણો મોજુદ હોય તો બીજા જીવનની શરૂઆતની સગવડ કરી આપે છે. આત્માને એમ જ એવા અનેક જીવનમાંથી પસાર થવાનું હોય છે.

"બાકી જેણે તપરૂપી ધન ખૂબ ભેગું કરેલું છે, તેમ આ શરીર પર જેને બિલકુલ સ્પૃહા કે રાગ નથી, સંલેખનાથી જેણે શરીરને કસી લીધું છે; તેવા સચ્ચારિત્રી આત્મા માટે મરણ પણ શ્રેષ્ઠ છે."

ગૃહસ્થપણે મહાત્મા બની શકાય? :— હજી સિંહરાજાએ સંસાર ત્યજી સાધુ જીવન અને ગુરુકુલવાસનો અભ્યાસ કર્યો નથી, છતાં વૈરાગ્યદશા અને તત્ત્વદૃષ્ટિ કેટલી બધી ઊંચી કેળવી છે કે પોતની છતી શક્તિ-સામગ્રીએ સગા દીકરાના હાથે તલવારના ઘા ખાવાની કદર્થના સહન કરે છે! અને તે વખતે દેહ-આત્માનું સાચું ભેદજ્ઞાન તથા વિવેક ધરી અપૂર્વ સમાધિમાં વિહરે છે! ત્યારે શું ગૃહસ્થ વેશમાં મહાત્માગીરી શક્ય નથી? ધારીએ તો એ કેળવવી શું સંભવિત નથી? બસ,

મહાત્મા બનવા માટે સંસારના ભાવોનું સાચું દર્શન, અને અસાર એવા પરપદાર્થો પર નફરત, વૈરાગ્ય, સાથે આ-

ત્મ વિવેક,–આ થવાની જરૂર છે. પછી તો મહાસહિષ્ણુતા, મહાસમાધિ, મહાન વીરતા વગેરે પ્રગટવાને કાંઈ વાર નથી. ત્યારે મનુષ્ય જન્મ જેવી ઊંચી ડીગ્રી–ઉચ્ચ કક્ષા પામ્યા પછી એ દર્શન, વૈરાગ્ય અને વિવેક ન જગાડી શકીએ; ન જગાડીએ તો આ ડીગ્રીની કિંમત શી? સિંહરાજાએ જિન-વચનરૂપી રસાયણને પોતાનાં આત્મામાં એવું ઓતપ્રોત કરી દીધું છે કે એ માનવજન્મની ઉચ્ચ કક્ષાને યોગ્ય ઊંચી આત્મદશા અને તાત્વિક ધોરણ પ્રગટાવી શકયા છે; માટે જ ઘાતકી પુત્રને કહે છે,—

દેહવાસ અસાર–અસ્થિર શાથી ?:—

"જીવે જે આ દેહમાં આવાસ કર્યો તે અસાર અને અસ્થિર જાણી મરણ પર ખેદ કોણ કરે ?

અસાર એટલા માટે, કે જીવ દેહમાં વસીને તો પોતાના અનંત સુખથી વંચિત રહ્યો છે; પોતાની સ્વતંત્રતા અને અનંત સમૃદ્ધિનાદર્શન નથી પામ્યો. કોઈ કેદ પૂરાયેલા રાજાની જેલ–કોટડી ગમે તેવી રંગેલી શણગારેલી અને ગમે તેવા ખાનપાનની સગવડવાળી હોય, છતાં કેદી રાજા એમાં માલ માને ? ના ! કેમ ? કહો કે એ કેદ–કોટડીમાં પુરાવાના યોગે તો પોતાના રાજમહેલના સુખ, પોતાની સ્વતંત્રતા, અને મહાસમૃદ્ધિ,–એ બધાથી વંચિત બન્યો છે. બસ તેવી જ રીતે કાયામાં જીવનો વાસ માલ વિનાનો છે, અસાર છે.

પાછો એ દેહવાસ અસ્થિર એટલા માટે છે કે એ મૃત્યુ સુધી જ છે અને મોત અવશ્યંભાવી છે.

પાછું આ મોત આયુષ્યના ક્ષય રૂપેતો ગર્ભથી માંડીને પ્રતિપળ ચાલુ છે.

પ્ર.– પણ કોઈ વહેલું મરે તો દુઃખ નહિ ?

ઉ.– ના. નહિ, એક જ સાર્થમાં ચાલનારા પૈકીના કોઇ જરા આગળ જાય, એમાં ભયનું શું કારણ ? બાકી કાયામાં જન્મરૂપી કસાઈવાડે બંધાયા પછી મરણ ન આવવાની આશા શી ? મરણ-પારધી મોટા ઇંદ્રને ય છોડે છે ? ત્યારે મરણને પાપનો યા અપયશ થવાનો કે સામાના પ્રતિકારનો ય કોઇ વિચાર છે ? ના વનમાં ફરતા ભૂખ્યા સિંહને મરગલાં ભરખતાં જેમ પાપ, કલંક વગેરેની કાંઈ ગણતરી નથી એવું મરણને જીવનો કોળિયો કરતાં કોઇ વિચાર નથી. પછી ત્યાં જીવ-મરગલો મરણ સામે ફાંફા મારે એ શું કામનું ?

મૃત્યુ-નાગ :—

સિંહરાજા પુત્રને કહે છે "ત્યારે મૃત્યુની બીક રાખ્યે થોડું જ એનાથી બચાય છે ? મૃત્યુ તો કાળા નાગના બચ્ચા જેવું છે ! સતત સરી આવતા રોગો એના ચળકાટનાં કિરણો છે ! અને અનેકાનેક આપદાઓ અને સંકટો એ એની લાંબી દાઢનાં ઝેર છે ! એવો એ નાગ પાછો વિશ્વવિહારી છે. પછી જીવ કયાં ભાગીને એનાથી બચી શકવાનો હતો ? મૃત્યુ આવીને જીવને પકડવા પૂર્વે જ જાણે કેઇ રોગો રૂપી કિરણો ફેંકે છે; અનેક આપત્તિઓરૂપી ઝેર ફૂંકે છે ! આ રોગ-કિરણોનો વિસ્તાર અને એના સંકટરૂપ વિષના વિકાર જીવ પર આગમનથી જ સામ્રાજ્ય જમાવી દે, પછી મૃત્યુને એકી કલમે જીવને ખત્મ કરી દેવામાં શી વાર ? શી મહેનત ?

દુનિયાના કોઈ પણ ખૂણામાં સંતાઈ જાય, મરણ ત્યાં પહોંચી શકે છે ! આવા જીવની સટોસટ લાગી ગયેલા મૃત્યુના આગમન વખતે શોક શો ?"

મૃત્યુ-હાથી :—

સિંહરાજા કુમારને કહે છે. 'મહાનુભાવ ! જો કે મરણ એક જબરા હાથી જેવું છે. એની આગળ સંસારી જીવ એક તુચ્છ પ્રાણી છે. તેથી જ એણે મૃત્યુ સામે લડવું, અથવા મૃત્યુથી છૂટવા દૂર ભાગી જવું કે મૃત્યુથી ગભરાયા ફફડવું એ જરા ય સફલ થાય એવું નથી; શોભાદાયી નથી. ખૂબી તો એ છે કે એ મૃત્યુ રૂપી હાથીની જીવને પકડવાની સૂંઢ દેખાતી નથી કે જેથી એ સૂંઢથી આપણે દૂર રહીએ. છતાં અદૃશ્યપણે જીવને એ એવી દૃઢતાથી ને મજબુતાઈથી પકડે છે કે જીવ કંગાળ એમાંથી શું છૂટી શકે ? જેની સામે યુદ્ધ, પલાયન કે ગભરામણ, કાંઈજ ન ચાલી શકે, કાંઈજ કારગત થઈ ન શકે, એવા મૃત્યુને ઓળખી લીધા પછી, એની પરાધીનતાનો વિચાર કરવાને બદલે, એ મૃત્યુ પછીની સારી સ્થિતિનો જ વિચાર કરવો એ જ ડહાપણ ભર્યું અને સુખદાયી છે. જીવનને સુકૃતોથી અજવાળી દેનાર ભવ્ય જીવ ભાવી સારી સ્થિતિને રજીસ્ટર્ડ કરી દે છે—નક્કી કરી દે છે. મૃત્યુ એ નક્કી કરેલી સારી સ્થિતિમાં દાખલ થવા માટે ખુલ્લો દરવાજો છે. એ દરવાજો જોઈને શોક શું કામ થાય ભાઈ ?

મરણ એ ખેડૂત :—

મહાત્મા સિંહરાજા પુત્રને કહે છે "બાકી ભાગ્યવાન ! જગતમાં જરા નજર નાખ કે ખેતરમાં યોગ્ય સમયે પાક

તૈયાર થતાં પાકી ઊઠેલા હજારો છોડવાઓની કેવી કરુણ દશા ? ખેડૂત અને એનું કુટુંબ તીક્ષ્ણ દાતરડાં લઈને નીકળી પડે છે, અને છોડવાઓને ખચોખચ લણી નાખે છે! હવે ત્યાં કોઈ બહુ સારો પણ છોડવો હાયવોહ કરવા લાગે, કે બચવા ફાંફા મારે, એ કેટલું બધું ફજુલ ? એણે તો નિરાંતે સમજી જ રાખવાનું કે 'જે બધાનું એ આપણું.' એવી રીતે જમરાજ પણ ખેડૂત જેવો છે. 'જે જન્મ્યા તેમને લણી લ્યો.'– આ એનો અનંતકાળથી ચાલ્યો આવતો ધંધો છે. માટે જ ઇન્દ્ર સરખાને એની આગળ હાથ જોડવા પડે. જન્મવું છે અને મરવું નથી એ વાત અનંતકાળમાં નથી બની, નથી બનવાની. પછી શાશ્વત નિયમ મુજબ મૃત્યુ આવે એમાં ડર શો ? આનાકાની શી ? કે એનાથી બચવાના ફાંફા શા ? મૃત્યુની સામે તો ભારે નિડરતા જોઈએ; કે જેથી એનો ભય ન હોવાથી કોઈ પણ શકય ધર્મસાધના કરવામાં સંકોચ ન રહે, કમી ન રખાય. તેમ એના અચાનક આગમન વખતે પણ આત્મા પરમાત્માના અને આત્મસ્વરૂપના ચિંતનમાં સ્થિરપણે મસ્ત રહી શકે."

મૃત્યુ પાશ :—

જે દેવતાઓને વિષે ઘડપણ, ઘસારો, કે રોગવ્યાધિનું બિલકુલ નામ-નિશાન નથી, એવા દેવોને પણ જો સ્વચ્છન્દ પણે ફાંસતાં મોતને વાર નહિ, તો પછી વ્યાધિઓ, વૃદ્ધાવસ્થા, અકસ્માત્, શોક, વગેરે ઉપદ્રવોથી નિરંતર પીડાતા માનવીઓને વિષે તો એ મૃત્યુ–પાશના પ્રચારનું પૂછવું જ શું? વ્યાધિઓ વગરેથી દબાયેલા તો અડધા

મર્યા જેવા થઇ ગયા ! ત્યાં જમરાજને પોતાની લીલા અજમાવતાં શી વાર ? એ તો એક પલવાર પણ જીવ જે જીવી શકે છે, એમાં કાંઈ માણસની શાબાશી નથી; કાંઈ માણસનો મૃત્યુ પર થોડો ય પ્રભાવ નથી. એમાં તો મૃત્યુનો જ પ્રમાદ છે, કે એ આવવામાં જરા વિલંબ કરે છે. નહિતર ખખડધખ મજબૂત કાયાવાળા દેવતાઓને પણ ફાંસવા સમર્થ એવા બળવાન મૃત્યુને રોગ – શોકાદિથી જર્જરિત માયકાંગલા માનવને ફાંસતા શી વાર !

કૃષ્ણ બધા ભય ટાળવા સમર્થ, પણ મૃત્યુભય ?

થાવચ્ચા કુમારની એકેક પત્નીને એકેક કોડનું ધન આપેલું એવી બત્રીસ એની પત્નીઓ. ત્યારે થાવચ્ચાકુમારની પોતાની પાસે વળી બીજું ધન કેટલું ? એવા થાવચ્ચાકુમારને પણ જ્યાં ભગવાન નેમનાથ સ્વામીએ મૃત્યુનો ધર્મ સમજાવી દીધો અને સ્વાત્મરક્ષણ કરવાની ભવ્ય પ્રેરણા આપી દીધી, કે ઊઠયા એ સંસારમાંથી ને ચારિત્રની તૈયારીવાળા બની ગયા ! કૃષ્ણ વાસુદેવ એમના પર ઓવારી જાય છે, એમના ઘેર પોતે આવે છે; અને એમને પરખવા કહે છે,

તું શા માટે સંસાર ત્યજે છે ? તારી પાસે વૈભવવિલાસની સામગ્રીનો પાર નથી; પછી એ છોડવાનું કોઈ કારણ ? હા, તને જો કોઈના પરાભવનો ભય હોય તો હું, લાવ ઢંઢેરો પીટાવી દઉં કે જો કોઇએ પણ થાવચ્ચાકુમાર પર આંગળી ય ચીંધી છે તો વાસુદેવ એની ખબર લઈ નાખશે. તારા માથે વહેતા પવન ઉપર ચાલે એવું નથી. બાકી તને કોઇ-

નોય ભય રહેવા ન દઉં'' થાવચ્ચાકુમારે જવાબ શો દીધો, જાણો છો ? આ—

"હા, હા, મહારાજા ! તો તો મારે દીક્ષા લેવાની જરૂર ન રહે, જો આપ એમ બધા ભય નહિ, માત્ર એક મૃત્યુનો ભય, મૃત્યુનો હલ્લો, મારા માથેથી ટાળી દેતા હો."

વૈદના દૃષ્ટાન્તે મૃત્યુ દ્વેષ ન કરો :—

કૃષ્ણે હાથ જોડયા; કહ્યું, "જા ભાઈ ! જા, મારા મૃત્યુને જ અટકાવવા હું સમર્થ નથી, ત્યાં તારા મૃત્યુનો ભય ટાળી શકવાની શી વાત ?"

જન્મ્યાની બીજી મિનિટે મૃત્યુને આવવું હોય તો આવી શકે છે. એટલે તો થાવચ્ચાપુત્રને તરત જ ચારિત્ર જીવનમાં પેસી જવાની તાલાવેલી જાગી છે, ધીર પુરુષો આંખ સામે એવા મૃત્યુને જોતાં ઝટ આત્મહિતની સાધનામાં લીન બની જાય છે. સાવધાની એ જોઈએ, કે જે ધર્મ હાથમાં આવે એને સાધી લ્યો; કારણ કે મૃત્યુના પ્રમાદે જીવી શકીએ છીએ. સારૂં છે કે મૃત્યુ વિષયસુખની અને વૈભવસમૃદ્ધિની અંતે અસારતા સૂચવે છે, પોકળતા પૂરવાર કરે છે ! તેથી જ માણસ ધર્મને શરણે જાય છે. એવા મૃત્યુ પર દ્વેષ શા માટે ? જે વૈદની કડવી દવાઓ અને લાંબી કષ્ટમય ચિકિત્સાવિધિ એમ સૂચવે છે કે 'સીધા ચાલજો, કુપથ્ય સેવતા નહિ નહિતર મારા પરવશ પડવું પડશે'; એમ કહીને કુપથ્યથી દૂર રાખી આરોગ્યના નિયમો બરાબર પળાવે છે, એવા વૈદ્ય અને એની ઔષધચિકિત્સા ઉપર શું દ્વેષ કરાય છે ? તો પછી મૃત્યુ પર દ્વેષ શા માટે એવા વૈદ્યની જેમ

મૃત્યુ ય જાણે કહે છે પાપ કુપથ્ય સેવતા નહિ. ધર્મના નિયમો મુજબ ચાલજો. નહિતર હું એકી કલમે તમારા બધા ચાળા ભુલાવી દેવાનો છું. ત્યારે પૂછોને,

પ્ર.—પણ દવા કરતાં મૃત્યુમાં ફેર છે. ત્યાં તો આરોગ્યના નિયમો સાચવીએ તો કડવી દવાને પરવશ નથી પડવું પડતું. ત્યારે અહીં તો ગમે તેટલો ધર્મ કરો; પાપ-કુપથ્ય ન સેવો, તોય મૃત્યુ તો પાછું આવે જ છે. એ થોડું અટકે છે ?

ધર્મને મૃત્યુ એ ઉત્સવ

ઉ.—ખરી વાત, પરંતુ એટલું સમજી લેજો કે એ મૃત્યુ-મૃત્યુમાં ફરક છે. ધર્મજીવન પછીનું મૃત્યુ તો દુઃખદ લાગતું જ નથી, ઉત્સવરૂપ લાગે છે. સહજભાવે લાગે છે. વળી મૃત્યુ એ તો નીચી પાયરીમાંથી ઊંચી પાયરીમાં મૂકનારો ટ્રાન્સફર-ઓર્ડર છે. જેમ સારી નોકરી બજાવ્યાથી સરકારી હુકમ આવે કે તમારી સ્મોલકોઝ કોર્ટના જજમાંથી હાઈકોર્ટના જજ તરીકે કરવામાં આવે છે, તો શું એ બદલી હુકમ ઉપર દ્વેષ થાય ? ના. તો બસ, એ જ રીતે મૃત્યુ ઊંચી સ્થિતિએ બદલી કરી આપે છે. એ તો ઊલટું સારૂં કહેવાય એના પર દ્વેષ શો ? એથી ડરવાનું શું ?

પ્ર.-શું મરણ સામે ફાંફા મારવા નકામાં છે ?

ઉ.-હા, નવા જન્મ ન લેવા પડે એ પ્રયત્ન કારગત ખરો બાકી જન્મ એટલે મરણ નક્કી. જન્મ અટકયા એટલે મરણ સહેજે અટકી જાય. ત્યારે એ પણ જોવા જેવું છે કે એકાદ

મરણનું શું બહું દુઃખ માણવું કે જ્યાં અનંતી વાર જન્મવા મરવાનું થાય છે એવા ભવરોગનું જ મોટું દુઃખ છે. તેથી એ ભવરોગ અને જન્મ-મરણની પીડાને મટાડી દેનાર જિન-વચન રૂપી ઔષધ સેવી લેવું જોઈએ.

સિંહરાજા કહે છે, 'એ ઔષધ મેં પીધું છે. હવે મોતનો મને કોઇ ભય નથી.'

પ્ર.– છતાં ભાવીની ચિંતામાં શું મરણનો શોક ન થાય ?

ઉ.– થાય, પરંતુ જેણે જીવનમાંથી પ્રાણાતિપાતાદિ, ક્રોધાદિ, અને રાગદ્વેષાદિના પાપનો મેલ ધોઈ નાખી એને અને નવાં કર્મબંધનને અટકાવી દીધાં છે, સાથે કેઈ પૂર્વ કર્મના બંધન તોડી નાખ્યા છે, એણે તો ભાવી ઉજ્જવળ બનાવી દીધુ ! પછી એને મોતનો ડર શો ?

પ્ર૦– ત્યારે એ બધું છતાં, શું મરણ વખતનો શારીરિક ત્રાસ માણસને ન ગભરાવે ?

ઉ૦– ના, મહાત્માઓએ આ જીવનમાં એક બાજુ તપના વ્યાયામથી શરીરને ઉગ્ર કષ્ટમાંય ખડતલ રહે, સહિષ્ણુ રહે એવું કેળવી લીધું છે, ને બીજી બાજુ શરીર ઉપર પણ નિસ્પૃહભાવ કેળવી લીધો છે, એટલે હવે તો જાણે શરીર કેમ વહેલું ટળે એવી તૈયારી છે. કાયા જેવા કાટમાલમાંથી સોનાની કમાણી કરી લીધી, અને પાછો કાટમાલનો મોહ રાખ્યો નથી; પછી એ નાશ પામીને, બીજી કોઈ નવી સારી જોગવાઈ થતી હોય તો ખોટું શું ? સારી જોગવાઈ એટલા માટે થઈ છે કે તપરૂપી ભાતું, સાધકે, સાથે બાંધી

લીધું છે. પાછો વળી આત્માને તો આ કાયામાંથી છૂટકારો મળવા યોગ્ય કરી દીધો છે. તેથી જ ધીર પુરુષો ધૈર્યની સહાય વડે ભિન્ન ભિન્ન પ્રકારના મનોરથોથી એ છૂટકારાને, અર્થાત્ મૃત્યુને ઝંખી રહ્યા હોય છે. દા. ત. એ ભાવના ભાવે છે કે 'ક્યારે હું ભક્ત પચ્ચક્ખાણ એટલે કે જીવનભરનું અનશન કરી દઉં ? ક્યારે હું ઈંગિની–મરણ એટલે કે અનશન સાથે અમુક થોડીજ જગામાં અને કાયિક થોડીજ ચેષ્ટામાં જીવન સમાપ્ત કરું !' 'ક્યારે હું પાપોપગમન અનશન કરું ! અર્થાત્ વૃક્ષની જેમ જીવનભર નિશ્ચેષ્ટ પડી રહું !' આવા આવા મનોરથ સેવે છે.

શરીરના લીધે જ આત્માના અનંત શુદ્ધ સ્વરૂપમાં બિગાડો હોવાનું જોઈને શરીર ઉપર રાગ ક્યાંથી રહે ! એટલે જ મહાત્માને એવા એવા કોડ થાય છે કે 'ઠેઠ દેહવાસના અંતને કરવાવાળા સુધીના મહાન ઉપસર્ગને હું ક્યારે સહું !' ત્યાં એવા ઉપસર્ગથી પણ આવતું મરણ શોકરૂપ નહિ કિંતુ ઉત્સવરૂપ બને છે. 'માગ્યું મળ્યું' ત્યાં હર્ષ જ હોય ને ?

મરણ એ ઉત્સવ શાથી ? :— આંખ સામે, અનંત કાળનો પટ, એમાં આત્માનું નવનવા જન્મોમાં ભટકવું, અને એના કારણ તરીકે સાચા તપરૂપી ધન વિનાની જીવની દરિદ્ર ચીંથરેહાલ કંગાલ દશા,– આ બધું રમ્યા કરે, તો પછી એવા ચક્કરો મિટાવી દેવા, તપ લક્ષ્મી કમાવવામાં પાકો પુરુષાર્થ લગાવી દેવાય; ને ચિત્ત પણ વધુ ને વધુ પવિત્ર તથા ઉચ્ચ તત્ત્વ–વિચારણામાં રમતું કરી રખાય.

પછી તો આ બેથી અવશ્ય પાપમળ ધોવાઈ જવાનો, અને પરલોક માટે પુણ્યાઇ પણ અવશ્ય ઊભી થઇ જવાની. આવા આત્માને એ ભાવના રહેવાની કે મારૂં મરણ પંડિત મરણથી હો. કેમકે મરણ જો બગડે તો એકવાર તો દુર્ગતિમાં પટકાઈ જવું પડે છે. એટલે પોતાને લાગે છે કે જ્યાં સુધી પોતાના ચિત્તની સ્વસ્થતા છે, ત્યાં સુધીમાં ઇષ્ટ એવું પંડિત મરણ મળી જાય. આવું હોય પછી મરણ એ ઉત્સવરૂપ કેમ ન લાગે ?

પ્ર૦—મરણ આવે એ કરતાં વધારે જીવવામાં ધર્મસાધના વધારે થાય ને ? પછી જીવન જ ન ઇચ્છે ?

ઉ૦—(૧) પહેલાં એ વિચારો કે જીવન એ આપણી ઇચ્છાનુસાર વર્તે એમ છે? (૨) બીજું એ જુઓ કે ત્યાં જીવનનો મોહ છે કે આરાધનાનો પ્રેમ? કે મૃત્યુનો ડર છે? યાદ રહે કે,

ઉચ્ચ ધર્મારાધકને જીવનનો લેશ માત્ર મોહ નથી, તેમ મૃત્યુનો લેશ પણ ભય નથી. એને તો ધર્મ સાધનાના જ રંગ છે. તે સાધના તો પંડિત મરણમાં કાંઈ ઓછી નથી દેખાતી. સાધનાના આધાર એકલા વર્ષો ઉપર નથી. કેટલીકવાર સંયોગ-પરિસ્થિતિ અમુક પ્રકારના ઊભા થઈ ગયા, તો એમાં ઉચ્ચ સમભાવ સાથે ચિત્તની સમાધિની અલ્પકાળમાંય ગજબ સાધના બની જાય છે. પછી એ ઉપસર્ગના અને યાવત્ મૃત્યુના પ્રસંગે ય હોય, તો ય સાધકને ખેદ શાને ? સંતોષ, મહાસંતોષ હોય.

પ્રકરણ-૧૮. અંતિમ ઉપસર્ગ : રાજા સ્વર્ગે

જિનવચનનું મહત્ત્વ — આ બધું જિનવચનરૂપી રસાયન મળ્યાના પ્રતાપે છે એ ખૂબ યાદ રાખવા જેવું છે.

જગતમાં જિનવચનની બલિહારી છે કે,

(૧) જ્યાં ધર્મના નામે અધર્મ નથી, પાપ નથી, ભોગવિલાસના ચેક વટાવવાના નથી, અજ્ઞાન દશા નથી. અસર્વજ્ઞ અને અવીતરાગના વચનમાં આ પંચાતીઓ છે. ત્યારે એમ થાય છે કે,

(૨) 'અહો! જગત ઉપર જિનવચન ન હોત તો જગતનું શું થાય!'

(૩) સંસારની દુર્ગતિઓ અને યાવત્ સંસાર પણ હવે ઊપાડવો ન પડે એવું કરી આપનાર જિનવચન છે.

(૪) આ જીવ ચૌદ રાજલોકમાં બધે ભટકી આવ્યો, બહુ અનુભવી આવ્યો, છતાં કશું નહિ જાણતા એવાને બધું જણાવનાર જિનવચન છે. એટલું જ નહિ પણ,

(૫) એ ભ્રમણ કેમ છે? જીવ-અજીવાદિનું સ્વરૂપ શું છે? ભ્રમણના અને મોક્ષના કારણો તથા પ્રક્રિયા શી છે? ઇત્યાદિનો પ્રકાશ કરનાર જિનવચનરૂપી દીવો છે, સૂર્ય છે.

જિનવચનની દુર્લભતા:—

જિનવચન પામવું બહુ દુર્લભ છે. આજે જગતમાં જોઈએ છીએ ને કે જિનવચન કેટલાને મળ્યું છે? જૈન કુળમાં જન્મથી જિનવચન મળેલાને જિનવચનની દુર્લભતા કે મહત્તા ન સમજાય એ એની ભારે કમનસીબી છે. એમાં

એ પછી કેટલાય દીર્ઘકાળ માટે જિનવચન હારી જાય છે. બધું મળવું સહેલું છે, દેવલોકના દિવ્ય ઠાઠ પણ મળવા સહેલા ! થોડુંક અજ્ઞાન કષ્ટ કરો, ને દેવલોક મળે. પણ જિનવચન મળવું અતિ અતિ દોહિલુ. એ મળવું સહેલું હોત તો તો જગતમાંથી ઘણાનો ઉધ્ધાર થઈ ગયો હોત. માત્ર વર્તમાનકાળ નહિ, પણ અનંતાનંત કાળનો હિસાબ જોવામાં આવે તોય બીજા જીવો કરતાં જિનવચન પામેલા જીવો ઓછા મળવાના. એની સંખ્યા બહુ નાની. એવી બહુ નાની સંખ્યાવાળા ભાગ્યશાળીમાં આપણો નંબર લાગી ગયો છે. હજી તો જગતમાં અનંતાનંત જીવો પડયા છે કે જેને આજ સુધીના કુલ જંગી અનંતા ભૂતકાળમાં જિનવચન મળ્યું જ નથી; અને હજી અનંતા ભવિષ્ય કાળમાં મળવાનું નથી ! ત્યારે આપણને અહીં તે મળી ગયું છે. આ કેવું કે મહદ્‌ભાગ્ય !

જિનવચનથી શું ?

હવે એવા દુર્લભ જિનવચનનો ઉપયોગ શો ? એ વિચારી યોગ્ય કરવાનું છે. જિનવચનનો મોટો ઉપયોગ ભવરોગ, સંસારરોગ કાઢવામાં છે કે જેથી મૂળ ભવરોગ ઉપર જીવને નીપજતી અનેકાનેક નાની મોટી વિટંબણા, પરાધીનતાં, નાલેશી, વગેરેનો અંત આવે. સંસાર છે ત્યાં સુધી આ બધું રહેવાનું. માણસ ફરિયાદ કરે કે 'એમ તો છોકરાને સારી ઉછેર્યો હતો; પણ એ હવે હરામી પાક્યો, ને અમને વિટંબણા દે છે !,' પણ આ ફરીયાદ કરવા પૂર્વે ખરી રીતે એણે સમજવું જોઈએ કે વિટંબણા મૂળ સંસારને

લીધે છે. સંસાર જ એવો છે કે એમાં સ્નેહી વૈરી થાય. સેવા કર્યાના બદલામાં ખાસડાં મળે, આશાના ભુક્કા થાય. માટે હવે તો ડહાપણ એ જોઇએ કે,

આવા મૂળભૂત સંસારરોગને કાઢનારૂં મહા સમર્થ જિનવચન મળ્યા પછી એને આરાધવાનું જ કામ કરૂં. જિનવચન સંસારરોગને એ હિસાબે દૂર કરી આપે છે કે એ સંસારના કારણભૂત મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદને હટાવવાના કિમિયા બતાવે છે; ઉપાય દર્શાવે છે; એ ઉપાય સાધવાનું બળ આપે છે, સાધેલાના દૃષ્ટાન્તો દર્શાવે છે. જીવનની પ્રત્યેક પળ વીતે ને એને જિનવચનની કોઈને કોઈ આરાધનાથી અંકિત કેમ કરતો જાઉં,'—એ તમન્ના જોઈએ, એ પ્રયત્ન જોઈએ; પછી જીવન પણ ઉચ્ચ બને;અને મરણ મનગમતું મળે. માટે જ મહાત્માને મરણ પણ ઉત્સવરૂપ છે.

મહાત્મા સિંહરાજા બહુ પ્રેમથી કહે છે,

કુળને કલંક ન લગાડ :-

"જો ભાઇ! અવશ્યંભાવી મૃત્યુને સુકૃતોથી જ સુધારી શકાય એમ છે. તો પછી તું અધીરા માણસોથી અવલંબતા અપયશને અવકાશ ન આપ. મારી નાખવાની અપયશકારી કરણી એ સુકૃત નથી. એથી આત્માને મૃત્યુ નથી તો એકદમ અટકતું, કે નથી તો સુધરતું ત્યારે બીજી એ પણ વસ્તુ છે કે માણસ કોઇને મારી નાખવાનો અપયશ ન લે, તો ય સામો કાંઈ અમર બની શકતો નથી. મૃત્યુની દાઢથી ચટાયેલાને ઈન્દ્ર પણ

બચાવી શકતો નથી; મૃત્યુદાઢ તરફ આકર્ષાય... પાછો વાળવા માટે મોટો સુરેન્દ્ર પણ સમર્થ નથી, એટલે આપણને એમ લાગતું હોય કે સામેનો માણસ જીવતો ન રહેવો જોઈએ, તો સમજી રાખ કે આમેય એ કાયમ જીવતો નથી જ રહી શકવાનો. પછી આપણે મારવાની ઉતાવળ શા માટે કરવી? મારવાનું કલંકિત કાર્ય શા સારૂ કરવું?"

સિંહરાજર્ષિ કહે છે 'જો મેં તો યાવજ્જીવનું અણસણ એટલે આહારત્યાગ કરીને મૃત્યુ સ્વીકારી લીધું છે. હું હવે મર્યા જેવો થઈ ગયેલો છું. પણ તું મને મરેલાને મારવા માત્રથી હે વત્સ! નિજકુળને કલંકિત શા માટે કરે? મૃત્યુની મારે નવાઈ નથી; લાંબો વિલંબ નથી, પણ તું કુળને કલંક લગાડશે. તું જ કહે, પ્રતિજ્ઞાપૂર્વક ત્યજેલા આહારને હું કેવી રીતે લઉં?"

રાજાની અમરવાણીમાં શું શું? :—

ગૃહસ્થવેશમાં રહેલા સિંહરાજાની આ અમરવાણી છે. એ ખૂબ ધ્યાનમાં લેવા જેવી છે, વારંવાર વિચારવા જેવી છે. એમાં (૧) મૃત્યુતત્ત્વનું મહાજ્ઞાન ભરેલું છે. (૨) અવસરે વનવગડે ચક્રવર્તી છ ખંડ ગુમાવવાનું પણ દુઃખ સહેશે પણ મૃત્યુના દુઃખને બનશે તો દૂર રાખશે. એવા મહાન દુઃખદ મૃત્યુ પ્રત્યે પણ અત્યંત નિડર કેમ બનાય એની ભવ્ય પ્રેરણા આ મહાત્માની વાણીમાં છે. (૩) માણસ, ધારે તો, ગૃહસ્થપણે પણ કેટલી બધી ઊંચી તાત્ત્વિક વિચારસરણી, અને સાત્ત્વિક વલણ સુધી પહોંચી શકે છે! એનો આમાં ખ્યાલ આવે છે. વળી રાજાના ઉપદેશમાં માત્ર મૃત્યુ સામે